શેઠ સોરાબજી જમસેદજી જીજીભાઇ ગ્રન્થમાળા નં. ૨૧.

બ્રિટિશ હિન્દુસ્તાનનો આર્થિક ઇતિહાસ

વિલા[illegible] જો.

नम्र सूचन

इस ग्रन्थ के अभ्यास का कार्य
पूर्ण होते ही नियत समयावधि में
शीघ्र वापस करने की कृपा करें.
जिससे अन्य वाचकगण इसका
उपयोग कर सकें.

[illegible]ी,
, એલ્એલ્. બી.

ગુજરાત વર્નાક્યુલર સોસાઇટી તરફથી
છાપી પ્રસિદ્ધ કરનાર
હીરાલાલ ત્રિભોવનદાસ પારેખ, બી. એ.
આસિ. સેક્રેટરી.

સંવત ૧૯૬૮. સન ૧૯૧૨.

કીમત એક રૂપીઓ.

વડોદરા શ્રી ચિમનાભાઈ ટાવર પાસે વીરક્ષેત્ર મુદ્રાલય પ્રિંટિંગ પ્રેસ. કંપની
લિમિટેડમાં જટાશંકર રવિશંકરે છાપ્યું. તા. ૧ સપ્ટેમ્બર સને ૧૯૧૨
અમદાવાદ, ગુજરાત વર્નાક્યુલર સોસાઇટી માટે

શેઠ સોરાબજી જમસેદજી જીજીભાઇ ગ્રંથમાળા.

ઉપોદ્‌ઘાત.

ઇ. સ. ૧૮૬૪ માં મુંબાઇના મરહુમ શેઠ **સોરાબજી જમસેદજી જીજી**-ભાઇ અમદાવાદમાં પધાર્યા હતા ત્યારે તેમને ગુજરાત જુવાન માણસોમાં બુદ્ધિના કામ કરવાની હોંશ વધારવાને તથા ગુજરાત વર્નાક્યુલર સોસાઇટીના ઉપયોગી કામને પુષ્ટી આપવા સારૂ રૂ. ૨૫૦૦ સોસાઇટીને સોંપ્યા હતા; અને એવી ઇચ્છા જણાવી હતી કે તેની નોંટો લઇ તેના વ્યાજમાંથી પુસ્તક રચાવવાં. તે પ્રમાણે આ ફંડમાંથી આજ સુધીમાં નીચેનાં પુસ્તકો તૈયાર કરાવી સોસાઇટીએ છપાવેલાં છે.

૧	ગુજરાતી ભાષાનો ઇતિહાસ. (બીજી આવૃત્તિ)	કીંમત. ૦–૪–૦
૨	દૈવજ્ઞ દર્પણ.	
૩	ગુજરાતના ભીખારીઓ (ત્રીજી આવૃત્તિ)	,, ૦—૪–૦
૪	ભિક્ષુક વિષે નિબંધ	,, ૦—૮–૦
૫	અર્થશાસ્ત્ર.	,, ૧—૦–૦
૬	સ્ત્રી–નીતિ ધર્મ. (પાંચમી આવૃત્તિ.)	,, ૦—૮–૦
૭	ગુજરાતનો ઉત્કર્ષ થવાનાં સાધન વિષે નિબંધ.	,, ૦—૮–૦
૮	દુકાળ વિષે નિબંધ.	,, ૦—૬–૦
૯	સેવિંગ બેંકની અગત્ય વિષે નિબંધ.	,, ૦—૬–૦
૧૦	સ્થાનિક સ્વરાજ્ય.	,, ૦—૮–૦

૧૧ અર્થશાસ્ત્રનાં મૂળતત્વો. (ત્રીજી આવૃત્તિ) ,, ૦–૧૦–૦

૧૨ જ્ઞાન વચન

૧૩ પ્રાચીન ભરતખંડનો મહિમા. ,, ૦—૮–૦

૧૪ પ્રેસિડન્ટ લિંકનનું ચરિત્ર ,, ૦–૧૨–૦

૧૫ મોહીસીનીનાં નીતિવચનો. ,, ૧—૦–૦

૧૬ માર્કોપોલોનો પ્રવાસ ,, ૦–૧૦–૦

૧૭ જીવતત્વ. ,, ૦—૮–૦

૧૯ નવરાશના વખતમાં મનન અને જ્ઞાન. ,, ૦—૪–૦

૨૦ ખેતર, વાડી અને બગીચાની ઉપજ વધારનારાં
ખાતર વિષે નિબંધ. ,, ૦—૫–૦

૨૧ બ્રિટિશ હિંદુસ્તાનનો આર્થિક ઇતિહાસ ભા. ૨ ,, ૦–૧૨–૦

તા. ૧–૩–૧૯૧૨

પ્રસ્તાવના.



ગુજરાત વર્નાક્યુલર સોસાયટિની આજ્ઞાથી આરંભેલા બ્રિટિશ હિન્દુસ્તાનના આર્થિક ઇતિહાસનો બીજો વિભાગ આજે સમાપ્ત થાય છે. આ ગ્રંથ મહૂંમ મિ. રમેશચન્દ્ર દત્તકૃત "ઇન્ડિયા-ઇન-ધ-વિક્ટોરિયન એઇજ" મહારાણી વિક્ટોરિયાના વખતનું હિન્દુસ્તાન, એ નામના ગ્રંથનું ભાષાન્તર છે. મિ. દત્તનો આ ગ્રંથ, બ્રિટિશ હિન્દુસ્તાનનો આર્થિક ઇતિહાસ સને ૧૭૫૭ થી સને ૧૮૩૭ સુધી, એ નામના ગ્રન્થના અનુસંધાન રૂપેજ હોઇ મેં એને આર્થિક ઇતિહાસ વિભાગ બીજો ૨ એ સંજ્ઞાજ આપી છે.

આ બે ગ્રન્થોમાં મળી મહૂંમ મિ. રમેશચન્દ્ર દત્તે સને ૧૭૫૭ થી સને ૧૯૦૩ સુધીની આપણા દેશની આર્થિક સ્થિતિનું સાઙ્ગોપાઙ્ગ અવલોકન કર્યું છે, અને એ અવલોકનને અંગે, જે જે બાબતમાં ઉક્ત સ્થિતિ રાજ્યકૃત જણાઈ હોય તે તે બાબતને લગતી, અને તેની બરાબર સમજણ પડે તે સારૂ કેટલીક સામાન્ય રાજ્યચર્ચા પણ, મિ. દત્તે દાખલ કરી છે. આપણી આર્થિક ગતિની સમજણ સારૂ રાજ્યચર્ચા જરૂરની છે પરન્તુ રાજ્યચર્ચા એ આ ગ્રંથનો મુખ્ય મુદ્દો નથી; આર્થિક સ્થિતિનો અભ્યાસ એજ આ ગ્રન્થનો મુખ્ય હેતુ છે અને આપણો આર્થિક ઉત્કર્ષ કઇ દિશામાં થયો છે અને તેને વધારવા શું થયું છે, કોનાથી થયું છે અને હવે કોણે શું શું કરવું જોઇએ તે જાણવાનું આ ગ્રન્થ એક મુખ્ય સાધન છે.

સર્વ પ્રજાઓની આર્થિક ઉન્નતિનાં ત્રણ મુખ્ય સાધન છે. ખેતી, ઉદ્યોગ અને વેપાર. પરન્તુ તે બધાને માટે દેશમાં શાન્તિ એ આવશ્યક છે. અત્યારે આપણે આર્થિક ઉત્કર્ષની વાત પણ કરી શકીએ છીએ, તેને માટે આપણે બ્રિટિશ સામ્રાજ્યના પ્રભાવથી સંપાદન કરેલી શાન્તિને ખરી રીતે આભારી છીએ. શાન્તિ હોય ત્યારેજ ઉપર જણાવેલાં દ્વારા પોતપોતાનો ફાળો આપવા શકિતવાનૂ થાય છે.

સર્વ કોઇ જાણી શકે એમ છે કે બ્રિટિશ શાન્તિના પ્રભાવથી આપણા દેશમાં ખેતીનો વિસ્તાર ઘણો વધ્યો છે, એટલુંજ નહિ પણ રેલ્વે અને સ્ટીમરોથી આપણી ખેતીની પેદાશ દુનિયાના દરેક ભાગમાં પહોંચી શકે છે તેથી ખેતીની પેદાશના ભાવમાં પણ પૂર્વના પ્રમાણમાં ઘણો વધારો થયો છે. વળી રેલ્વેને લીધે દુષ્કાળ જેવા પ્રસંગમાં આપણા દેશના એક ભાગની પેદાશ બીજા ભાગના ઉપયોગમાં આવે છે અને, પૂર્વે લાચાર થઇને બેસી રહેવાનો અને પરિણામે જીવ ખોવાનો પ્રસંગ આવતો ત્યાં અત્યારે ઓછું વત્તું પણ જરૂર જેટલું અનાજ દેશના એક ભાગમાંથી બીજા ભાગમાં પહોંચી શકે છે. આપણા દેશના આર્થિક ઇતિહાસમાં આ એક અપૂર્વ બનાવ છે, જેને માટે આપણે બ્રિટિશ સામ્રાજ્યનો જેટલો આભાર માનીએ તેટલો ઓછો છે. રેલ્વેને લીધે આપણો દેશ ઘણા ખર્ચમાં ઉતરી ગયો છે, અને તે ખર્ચથી આપણી વાર્ષિક જવાબદારીઓ વધી પડેલી હોવાથી આપણા કરમાં હમેશને માટે વધારો થયેલો છે, એ આપણી ફરીયાદનું પણ હવે નિવારણ થવાનું શરૂ થયું છે. કેટલાંક વર્ષોથી રેલ્વેની પ્રત્યક્ષ ઉપજમાં પણ નફો દેખાવા માંડયો છે અને તેની સાથે જ્યારે ઉપર જણાવ્યા તે પરોક્ષ લાભનો આપણે વિચાર કરીએ

ત્યારે રેલ્વે એ આપણા આર્થિક ઇતિહાસમાં બહુ અગત્યનું સ્થાન ભોગવે છે એવી પ્રતીતિ થયા વિના રહેતી નથી.

ખેતીનો વિસ્તાર વધ્યો છે, ખેતીની પેદાશના ભાવ વધ્યા છે, દુષ્કાળ જેવા પ્રસંગમાં ખેતીની પેદાશની બ્હેંચણી દેશના તમામ ભાગોમાં જરૂર પ્રમાણે થઈ શકે છે. પણ ખેતીનો આધાર વરસાદ ઉપર છે અને વરસાદની અનિયમિતતાથી કે ઊણપથી ખેતીનો પાક પૂરેપૂરો ઉતરતો નથી તેના ઉપાય તરીકે જલસંગ્રહ અને જલસંચારનાં કામો જરૂર પૂરતાં કરવાં જોઇએ. એ બાબત પણ રાજ્યે ધ્યાનમાં લીધેલી છે. રેલ્વે પાછળ વધારે પડતું ખરચ થાય છે અને જલસંગ્રહનાં અને નહેરોનાં કામો પાછળ જોઇએ તે પ્રમાણમાં ધ્યાન અપાતું નથી એવી આપણી ફરિયાદ હતી અને આ ગ્રન્થમાં મિ. દત્તે પણ એ ફરિયાદની નોંધ વિસ્તારથી લીધી છે, પણ જેમ જેમ એ બાબત સમજાતી ગઇ તેમ તેમ તે ઉપર રાજ્યે પૂરતું લક્ષ આપ્યું છે અને હાલમાં છેલ્લા ઇરિગેશન કમિશને આખા દેશમાં જલસંગ્રહનાં સ્થાનો કયાં કયાં છે તેને કેવી રીતે કેળવવાં જોઇએ તેમાંથી નહેરો કેવી રીતે કાઢવી જોઇએ અને તેની પાછળ કેટલું ખરચ કરવું પડશે અને તેનાથી કેટલી જમીનને લાભ થશે એ બધું નક્કી કર્યું છે; અને પ્રસંગે પ્રસંગે નિયમિત રીતે એ કામ હવે આગળ વધતું જાય છે એ પૂરસંતોષની વાત છે. રેલ્વેથી, પેદા થયેલો માલ દેશાન્તર લઇ જવામાં સરળતા થાય છે અને તેથી દુષ્કાળમાં માલ પહોંચી શકે છે એ લાભ છે, પણ જલસંચારનાં હાથવગાં કામો લીધાથી આપણાં વાસ્તવિક આર્થિક સાધનોમાં સ્થાયી ઉમેરો થાય છે, જમીનમાં નહિ સમાઇ શકતું કરોડો ગેલન પાણી બરબાદ થતું અટકે છે અને અનાવૃષ્ટિને સમયે તે પાણીથી ખેતી થાય છે અને કેટલીક, વધારે પાણી-

નો જેમાં ખપ પડે તેવી પેદાશો, ઉત્પન્ન કરવામાં સામાન્ય વર્ષોમાં પણ સહાયભૂત થાયછે. તે ઉપરાંત જો તે પ્રકારની કાળજીથી બંધાય તો દુકાળમાં નાની મોટી આગબોટોથી દેશની અંદર માલ લઇ જવા લાવવાની પણ સરળ અને સસ્તી યોજના થઇ શકે છે. આ બધી બાબતો ઉપર બ્રિટિશ અધિકારીઓનું ધ્યાન ખેંચાયું છે અને હવે આ દિશામાં ઇષ્ટ સુધારા વધારા વગર વિલંબે થયે જાય છે.

ખેતીના સંબંધમાં ત્રીજી બાબત ખેડુતોની સ્થિતિના સંબંધમાં કેવી વ્યવસ્થા છે તે ઉપર પણ રાજ્યનું ધ્યાન દોરાયું જોઇએ અને હાલમાં વધારે ને વધારે દોરાતું જાય છે, એ પણ આપણે પ્રત્યક્ષ જોઇએ છીએ. આ ગ્રન્થમાં એ બાબતની ફરિયાદોનો એક મોટો સંગ્રહ વાંચનારના ધ્યાન ઉપર આવશે. તે ફરિયાદો પણ જેમ જેમ સમજાતી ગઇ છે તેમ તેમ દૂર થતી ગઇ છે અને જે અવશિષ્ટ રહી છે તે દૂર થશેજ એવી શ્રદ્ધા રાખવી અસ્થાને નથી. દુષ્કાળને પ્રસંગે કરની માફી મુલતવી આકારના નવા ધારા એ આનું એક શુભ દૃષ્ટાન્ત છે. રાજા અને પ્રજાનો સંબંધજ કરગ્રહણની બાબતમાં અન્યોન્ય વિરૂદ્ધ જેવો ભાસે છે અને સ્વાભાવિક રીતે તેમાં મતભેદના પ્રસંગો થોડા કરવા અને બન્નેનાં હિત તપાસી રાજ્યકારભાર ખેડવો એમાં રાજ્યનીતિનું ખરૂં રહસ્ય સમાયલું છે. આવી રાજ્યનીતિ બ્રિટિશ રાજ્ય સંસ્થાઓમાં સાર્વત્રિક છે અને આપણા દેશમાં પણ દાખલ થતી આવે છે. લૉર્ડ મોર્લી અને લૅાર્ડ મિન્ટોએ આ ગ્રન્થમાં નિરૂપણ કરેલા ઇતિહાસના સમય પછી દાખલ કરેલા સુધારાઓ આ દિશામાં ઘણા ફલદ્રુપ થશે એવી આપણને ખાત્રી થાય છે; અને જેમ જેમ વખત જતો જાય છે તેમ તેમ રાજા પ્રજાનાં અન્યોન્ય વિરૂદ્ધ જેવાં ભાસતાં હિતાહિતની વાસ્તવિક એકતા સાધી તદનુસાર

કાર્યભાર ખેડવાનો કાળ આપણા દેશમાં પણ પ્રાપ્ત થયો છે, એ વાત લોકને પ્રત્યક્ષ થતી જાય છે.

ખેતીની સંબંધમાં પ્રસ્તાવનાને અંગે આટલું દિગ્દર્શન બસ થશે. વેપાર અને ઉદ્યોગની બાબત અન્યોન્ય સાથે સંબંધ ધરાવે છે. ઉપર આપણે જોયું છે કે રેલ્વે અને સ્ટીમરોથી આપણો માલ હવે જ્યાં વધારે કિંમત મળે ત્યાં જતો થયો છે અને તેથી પ્રથમ કરતાં આપણી પેદાશના ભાવો વધતા ચાલે છે એ દેખીતો લાભ આપણને પણ પ્રાપ્ત થયો છે. વેપારના છુટાપણાનો આ દેખીતો લાભ આપણે લઇએ છીએ તેની સાથે તેના ગેરલાભો પણ આપણે સહન કરવા પડે છે, અને આ બાબત રાજ્યની નજર તીક્ષ્ણ કરવા માટે આપણે જે ઉપાયો લેવા જોઇએ તે લેવામાં આપણે પ્રમાદ ન કરવો એ જેટલું આવશ્યક છે તેટલું જ આપણે પોતે પણ એ ગેરલાભો જેમ બને તેમ થોડા થાય તેમ વર્તતાં શીખવું જોઇએ એ સહેજ સમજાય તેવી વાત છે. દેશમાં ખીલી શકે તેવા નવા ઉદ્યોગો વ્યવસ્થાપૂર્વક દાખલ કરવા, દેશના જૂના ઉદ્યોગોનો, હરીફાઇના યુગમાં નભી શકાય તેમ હોય તો અને નભી શકાય તેવી નવી રીતોની મદદ લઇને, પુનરૂદ્ધાર કરવો, અને નવા ઔદ્યોગિક યુગને અનુકૂલ થાય તેવા પ્રકારે આપણા જીવનની ઘટના કરવી, એ બધું આ બાબતમાં આપણા પોતાનાજ હાથમાં છે. આપણા દેશની વર્ત્તમાન પ્રવૃત્તિઓમાં આ દિશામાં પણ યોગ્ય ધ્યાન અપાય છે, એ સુપ્રસિદ્ધ છે. આ માર્ગમાં ભૂલો થવાનો પણ ઘણો સંભવ છે. પણ ભૂલો કરતા જઇશું તો ભૂલથી શીખતા જઇશું અને પરિણામે ઇષ્ટ ફળ પ્રાપ્ત થશે, એવી શ્રદ્ધાથી તે તે બાબતોની યોગ્ય ગાહીતી મેળવીને, યોગ્ય

વ્યવસ્થાઓ બાંધીને, ધીમે ધીમે આગળ વધતા જઇશું તો ઘણું સંપાદન કરી શકીશું એમાં કાંઇ સંશય નથી.

હિન્દુસ્તાનના ઇતિહાસમાં આના જેવો શાન્તિનો સમય ઘણે અન્તરે આવ્યો છે અને એનો લાભ આ અને આવી બીજી, વિદ્યાવૃદ્ધિ, કળા કૌશલ્યની જમાવટ, શારીરિક અને માનસિક અભિવૃદ્ધિ વગેરે દિશાઓમાં લેવાને માટે યોગ્ય યોજનાઓ કરવાનું આપણા દેશના વિનેતાઓનું સ્પષ્ટ કર્ત્તવ્ય છે. બહુજ સંતોષની વાત છે કે આપણા દેશના વિનેતાઓની આ કર્ત્તવ્યની સમજણ સચોટ છે. તેઓ છેલ્લાં ત્રીસ ચાળીસ વર્ષથી આ દિશામાં અથાક શ્રમ કર્યે જાય છે અને તેમણે નાંખેલાં આપણા દેશના સર્વતોમુખ ઉત્કર્ષનાં શુભ બીજો ઊંડાં જતાં જાય છે. બ્રિટિશ સામ્રાજ્યની, અનુકૂળ રાજ્યકીય આબોહવામાં એ રોપાઓ ઉછરશે અને દેશને સુખ તથા આબાદી, તથા શારીરિક, અને માનસિક અભિવૃદ્ધિરૂપ ઉત્તમ ફળો ધારણ કરશે એવી સર્વ સ્વદેશહિતચિંતકની સંપૂર્ણ શ્રદ્ધા છે.

આ પ્રસ્તાવના સમાપ્ત કરતાં પહેલાં મૂળ ગ્રન્થના લેખક સદ્‌ગત શ્રી રમેશચન્દ્ર દત્તને હાથે થયેલી સ્વદેશ સેવાઓની નોંધ લેવી જોઇએ. વાંચનાર જાણે છે કે એ પુરૂષે સિવિલ સર્વિસની કઠણ પરીક્ષા પસાર કરી હતી અને બંગાળામાં પોતાનાજ પ્રાન્તમાં વસુલાતી ખાતામાં દાખલ થયા હતા. તેમાં તેઓ પોતાની બાહોશીથી અને કાર્યકુશળતાથી ઉત્તરોત્તર ચઢતો અધિકાર પામ્યા અને એક દેશવિભાગના કમિશનરના ઊંચા અધિકાર સુધી પહોંચ્યા હતા. તેમના સહાધિકારી વર્ગનો તેમજ તેમના ઉપરિઓનો અને એકબીજી એક બંગાળાના લેફ્‌ટેનન્ટ ગવર્નરોનો તેમણે સારો સદ્‌ભાવ સંપાદન

કર્યો હતો. આવી ઉત્તમ પ્રકારની નોકરી બજાવતા હતા તે દરમિયાન તેમણે પોતાનો અભ્યાસ જારી રાખ્યો હતો; અને સાક્ષર તરીકે શુભકીર્ત્તિ સંપાદન કરવાનો તેમને અભિલાષ હતો. પ્રથમથીજ એમને આ વિષયનો શોખ હતો. બંગાળી સાહિત્યનું અવલોકન અંગ્રેજીમાં, બંગવિજેતા અને માધવી કંકણ તથા રાણા પ્રતાપસિંહ, અને શિવાજીના પરાક્રમ સંબંધી ઉમદા ઐતિહાસિક નવલકથાઓ; ઋગ્વેદનું બંગાળી ભાષાન્તર, રામાયણ અને મહાભારતના પ્રસંગોની અંગ્રેજી કવિતા; ભારતવર્ષના પ્રાચીન સુધારાનો ઇતિહાસ:—આ તેમના ગ્રન્થોમાં મુખ્ય ગ્રન્થો છે. તેમના અંગ્રેજી ગ્રન્થની ભાષા, ગદ્ય અને પદ્ય-ઊંચા પ્રકારની-સાદી સરળ અને મનોહર છે. તેઓને બંગાળી સાહિત્ય પરિષદના પ્રમુખ નીમવામાં આવ્યા હતા, અને તેમની આગેવાની નીચે તે પરિષદ ઘણી કિંમતી સેવા બજાવી શકી હતી. સ્વદેશભક્તિ એ તેમના જીવનનું સુકાન હતું અને નોકરીના પ્રસંગમાં કેટલાંક અગત્યનાં રાજ્યકૃત્યોમાં તેમણે આપણા દેશની કિંમતી સેવા બજાવી હતી. એમની સાહિત્યપ્રવૃત્તિ પણ સ્વદેશ ભક્તિમાંથી ઉદ્‌ભવ પામેલી હતી. સને ૧૮૯૭ માં પેન્શન મળી શકે તેટલી મુદત પૂરી કર્યાની સાથેજ નોકરીની નીસરણીમાં ઊંચામાં ઊંચાં પગથીયાં ચઢવાનાં બાકી રાખીને, તેઓ નિવૃત્ત થયા અને સ્વદેશસેવામાં અને સ્વદેશહિતની સાક્ષરપ્રવૃત્તિમાં શેષકાળ ગાળ્યો. આ પુસ્તકના આધારભૂત ગ્રન્થો આ નિવૃત્તિના કાળમાં લખાયલા છે. નિવૃત્તિના સમયમાં તેમને શ્રીમંત ગાયકવાડ સરકારે પોતાના રાજ્યમાં અમાત્યની અને પછીથી દિવાનની પદવી ઉપર નીમ્યા હતા. તે કાળ પણ અમૂલ્ય સ્વદેશ સેવાનોજ હતો કારણકે બ્રિટિશ રાજ્યની નોકરીમાં મેળવે-

લાંબા અનુભવ ઉપરથી બાંધેલા સિદ્ધાન્તો વ્યવહારમાં સિદ્ધ કરવાનો શુભ પ્રસંગ આ નિમિત્તથી તેમને પ્રાપ્ત થયો. વડોદરામાં મ્હેસુલ નીતિમાં તથા રાજ્ય બંધારણમાં કેટલાક ઉત્તમ સુધારાઓનાં બીજ તે પુરૂષને હાથે રોપાયેલાં છે.

સને ૧૮૯૬ માં લખનૌની ઈંડિયન નેશનલ કોન્ગ્રેસના તેઓ પ્રમુખ થયા હતા; અને તે પછી તે સંસ્થાના એક પ્રધાન પુરૂષ તરીકે વખતો વખત તેમણે ઉત્તમ સેવા બજાવી હતી. રાજા અને પ્રજા વચ્ચે થતી ગેર સમજુતીઓના પ્રસંગમાં રાજ્યભક્તિ અને લોકનિષ્ઠાના શુભ સંયોગથી ઘટતો ઉકેલ લાવવામાં યશસ્વી નીવડ્યા હતા. તેઓને અધિકાર સંવિભાગના કમિશનના સભાસદ નીમ્યા હતા અને તે પ્રસંગે પણ તેમણે પોતાની નિષ્પક્ષપાત લોકનિષ્ઠાથી બહુ ઉમદા પ્રતાપ પાડયો હતો.

તેઓ સને ૧૮૪૮ માં જન્મ્યા હતા અને આપણા પ્રાન્તમાં-ગુજરાતના મુખ્ય દેશીરાજ્યની રાજધાનીના નગર વડોદરામાં, થોડા દિવસના માંદવાડમાં સને ૧૯૦૯ ના નવેમ્બરની ૩૦ મી તારીખે નિર્વાણ પદને પામ્યા. પ્રભુ એમના આત્માને શાન્તિ આપો, અને આપણી પ્રજામાં એમના ઉચ્ચ દૃષ્ટાન્તને અનુસરવાની સદ્‌બુદ્ધિ પ્રેરો.

અમદાવાદ.
ઑગસ્ટ ૧૯૧૨.

ઉત્તમલાલ કે. ત્રિવેદી.

અનુક્રમણિકા.

પ્રકરણ.	વિષય.	પૃષ્ઠ.
૧ લું.	કંપનીનો અમલ પૂરો થતાં સુધી દિગ્દર્શન. ...	... ૧
૨ જું.	જમાબન્દી—૧ ઉત્તર હિંદુસ્તાન...	... ૩૨
૩ જું.	વ્યાપાર અને ઉદ્યોગ–ઉપજ અને પાકો માલ....	... ૯૨
૪ થું.	જકાતનો ઇતિહાસ–આમદાની અને રવાનગી. ...	... ૧૪૮
૫ મું.	જલસંગ્રહ અને રેલવે.	... ૧૬૧
૬ ઠું.	રાજ્યવહિવટ.	... ૧૭૧

ગ્રંથ ૨—ખંડ ૨.

૧ લું.	સામાન્ય ઇતિહાસ.	... ૨૨૫
૨ જું.	જમાબન્દી–૧ રયાયી જમાબન્દીની દરખાસ્ત....	... ૨૪૭
૩ જું.	જમીન હક્ક સંબંધી સુધારા–ઉત્તર હિન્દુસ્તાન.	... ૨૬૩
૪ થું.	વેપાર અને કારખાનાં.	... ૩૦૭
૫ મું.	રેલવે અને જલસંચાર.	... ૩૨૭
૬ ઠું.	રાજ્યકોશ અને રાજ્યનું કરજ	... ૩૪૪
૭ મું.	જમીન ઉપરના સ્થાનિક કરો.	... ૩૬૨
૮ મું.	જકાતનો ઇતિહાસ.	... ૭૫૩

ગ્રંથ ૨—ખંડ ૩.

૧ લું. સામાન્ય ઇતિહાસ—લિટન અને રિપન.... ... ... ૩૯૦
૨ જું. જમીન પ્રકરણ—૧ ઉત્તર હિન્દુસ્તાન. ૪૩૩
૩ જું. રિપન અને કર્ઝનના જમીન સંબંધી ઠરાવો. ૪૭૫
૪ થું. વેપાર અને ઉદ્યોગ.... ... ... ૪૮૮
૫ મું. જકાતના દરનો ઇતિહાસ. ૫૧૧
૬ ઠું. રેલવે અને જલસંગ્રહ. ૫૧૯
૭ મું. રોયલ કમિશનઃ હિન્દુસ્તાનના ખરચની બાબતમાં. ... ૫૨૯
૮ મું. ચલણની કમિટિ. ૫૪૩
૯ મું. રાજ્યકોશ અને રાષ્ટ્રીય કરજ. ૫૫૫

બ્રિટિશ હિન્દુસ્તાનનો આર્થિક ઇતિહાસ.

વિભાગ ૨ જો.

પ્રકરણ ૧ લું.

કમ્પનીનો અમલ પૂરો થતાં સુધી દિગ્દર્શન.

ઉપર આપણે જોઇ ગયા છીએ કે લૉર્ડવિલ્યમ બેન્ટિન્કનો અમલ તે શાન્તિ, કરકસર અને સુધારાનો અમલ હતો. તેણે ૧૮૩૫ માં આ દેશ છોડ્યો. ઇસ્ટઇન્ડિયા કમ્પનીના મુલકમાં તેણે શાન્તિનો પ્રસાર કર્યો અને આપણાં બધાં દેશી રાજ્યો સાથે શાન્તિનો સંબંધ રાખ્યો તેણે રાજ્યનું કરજ ઘટાડ્યું. વાર્ષિક ખરચ કમી કર્યું. અને વધારો બતાવ્યો. તેણે જ તે સુધરેલી જમાબંધી ઉત્તર હિંદુસ્તાનમાં શરૂ કરી કે જેથી જમીનદારો તેમજ ખેડુતોનો ઘણો કચવાટ મટ્યો. તેણે ભારત વર્ષની કેળવાયલી રૈયતને ન્યાય અને મ્હેસુલી ખાતાની ઉંચી જગ્યાઓમાં દાખલ કરી. તેણે 'સતી' બંધ કરી અને ઠગી દબાવી દીધી. તેણે હિંદુસ્તાનમાં ઇંગ્રેજી કેળવણીનો વધારો કર્યો અને હિંદુસ્તાનનું

રાજ્ય મુખ્યતાએ હિંદુસ્તાનના લોકોના જ હિતને માટે છે, તે સૂત્ર અમલમાં મૂકવાને પ્રયત્ન કર્યા. એનો ઉત્તરાધિકારી સરચાર્લ્સ મેટકાફ તે જ સંપ્રદાયમાં કેળવાયલો હતો, અને તેણે પણ તેના જ ધોરણ ઉપર રાજ્ય કર્યું; તેણે આપણા દેશને છાપાની છુટ આપી, અને એક કુશળ અને હિતકારી રાજ્યપુરુષ તરીકે તેણે ઊંચી નામના મેળવી.

૧૮૩૪ માં જ્યારે લૉર્ડવિલ્યમ બેન્ટિન્કનું રાજીનામું ગયું ત્યારે કમ્પનીના ધુરંધર મંડળના અધ્યક્ષ હેન્રી સેંટ જોન ટકર હતા. ટકરે પોતે હિંદુસ્તાનમાં નોકરી કરીને નામના મેળવી હતી અને વેલ્સ્લી અને મિન્ટોના વખતમાં કોશાધિપતિ તરીકે કુશળતાથી કામ કર્યું હતું; અને ઇંગ્લંડ ગયા પછી ભારતીય હિતનો તે સાચો મિત્ર રહ્યો હતો. જ્યારે બેન્ટિન્કનું રાજીનામું ગયું ત્યારે એક લાયક ઉત્તરાધિકારી મોકલવાની તેની ઇચ્છા હતી અને મોઉન્ટસ્ટુઅર્ટ એલ્ફિન્સ્ટન જેઓ તરત જ મુંબઇથી પાછા આવ્યા હતા તે અને સરચાર્લ્સ મેટકાફ જે હુંજ બંગાળામાં અધિકાર ભોગવતા હતા તે બે વચ્ચે પસંદગી કરવાની હતી. એલ્ફિન્સ્ટન આ વખતે ઇંગ્લંડમાં આરામ અને ઉપરામનું જીવન ગાળતો હતો; તેને હિંદુસ્તાનના અધિકારનો શ્રમ વ્હોરવાની મરજી ન હતી. અને ધુરંધર મંડળે સરચાર્લ્સ મેટકાફને ગવર્નરજનરલ નીમવાની અધ્યક્ષની દરખાસ્ત મંજુર રાખી. પણ સરકારી મંત્રીઓએ તે કબૂલ રાખી નહિ. કમ્પનીના ધુરંધર મંડળનો ઠરાવ આવતાં નિયન્ત્રણ સભાએ* જણાવ્યું કે કમ્પનીની પસંદગી અસ્થાને છે. એમની અંતરની ઇચ્છા એવી હતી આ મોટી જગા કે કોઇ પક્ષાગ્રહી પુરુષને બક્ષિસ આપવી.

તે પછી રાજ્ય વ્યવહારમાં મોટા ફેરફારો ઉપરા ઉપરી થયા. ૧૮૩૪ ના અંતમાં લિબરલ સંપ્રદાયના જે મંત્રી મંડળે મેટકાફની નીમણુક નામંજુર કરી હતી તેનો કારભાર ઉતર્યો. સરરોબર્ટપીલે ટોરિ સંપ્રદાયનું મંત્રી

*Board of Control

મંડળ ઊભું કર્યું. અને તે મંત્રી મંડળે પણ સરચાર્લ્સ મેટકાફની પસંદગી ન કરતાં પોતાના સંપ્રદાયના એક ઉમરાવને પસંદ કર્યો. ૧૮૩૫ ના જાન્યુઆરીમાં લૉર્ડ હેરિસબરીની નીમણુક થઇ. ફેબ્રુઆરીમાં સરકારે તેની મંજુરી આપી. માર્ચમાં તેમની વદાયગિરીની ગિજબાની પણ અપાઇ ગઇ; જેમાં સર રોબર્ટપીલ ડયુક ઑફ વેલિંગટન અને બીજા ટોરિ સંપ્રદાયના મહાપુરૂષોએ હાજરી આપી હતી. પણ એપ્રિલમાં લૉર્ડ હેરિસબરી ઇન્ડિયા આવવાને ઉપડવાના પહેલાં ટોરિ મંત્રીઓનો કારભાર ટુટયો. તે પછી લિબરલ મંત્રી મંડળ આવ્યું. તેણે ટોરિ ઉમરાવની નીમણુક રદ કરી અને એક લિબરલ ઉમરાવને હિંદુસ્તાનના ગવર્નર જનરલ તરીકે નીમ્યો. આમ લૉર્ડ વિલ્યમ બેન્ટિન્ક પછી કામ ચલાઉ અધિકાર ભોગવનાર મેટકાફ પાસેથી રાજ્યની લગામ આ નવા ઉમરાવ લૉર્ડ ઑકલંડે લીધી. આ બધી હીલચાલમાં કયા સંપ્રદાયને વધારે યશ ઘટે છે તે કહેવું મુશ્કેલ છે, પણ આટલું તો દેખાય છે કે બન્નેના મનમાં હિંદુસ્તાનના હિત કરતાં, સ્વસંપ્રદાયના હિતની લાગણી વધારે હતી.

પણ લૉર્ડ ઑકલંડની નીમણુકમાં વધારે અર્થ સમાયલો હતો. તે અર્થ એ હતો કે હિંદુસ્તાનની પરરાજ્યનીતિ ઇગ્લંડની પરરાજ્યનીતિને અનુસરતી રચાવી જોઇએ. ઇંગ્લંડમાં લિબરલ સંપ્રદાય ૧૮૩૦ માં મોટા વિજયઘોષ સાથે અધિકારમાં આવ્યો હતો, અને ૩૪–૩૫ ના શિયાળાનું એક ટુંકુ વ્યવધાન બાદ કરતાં અગીઆર વર્ષ સુધી તે અધિકાર તેણે ભોગવ્યો. આ વખતના લિબરલ સંપ્રદાયમાં લૉર્ડ પામર્સ્ટન, આ મંડળનો પરરાજ્ય મન્ત્રી હતો. અને લૉર્ડ પામરર્સ્ટનની મ્હોટામાં મ્હોટી ઇચ્છા પૂર્વમાં રશિયા ઉપર અંકુશ મુકવાની હતી. ૧૮૩૮ માં તેણે તુર્કસ્તાનને ટેકો આપી બલવાન બનાવ્યું હતું. પરંતુ ૧૮૪૦ માં તુર્કસ્તાન વિરુદ્ધ હથીયાર સાથે વચમાં પડવામાં ત્રણ યુરોપનાં રાજ્યોની સાથે કરાર કર્યા હતા. ૧૮૪૧ માં તેણે ફરી એકવાર તુર્કસ્તાનની સત્તા નીચે ઇજીપ્ત મૂક્યું. આટલું નક્કી સમજી શકાય કે

લૉર્ડ ઑકલન્ડને હિંદુસ્તાનમાં આવી જ પરરાજ્યનીતિ ચલાવવા સારૂ નીમ્યો હતો.

ઇસ્ટઇન્ડિયા કમ્પનીને બીજાના મુલકો ખાલસા કરવાને અને જીતી લેવાને સારૂ લડાઇઓ કરવાને માટે વારંવાર ઠપકો દેવામાં આવતો હતો. પણ પહેલી અફઘાન લડાઇનો દોષ તેમના ઉપર મૂકી શકાય તેમ નથી. તેમની મંજુરી વિના, તેમની રજા વિના, આ લડાઇ માથે લેવામાં આવી હતી. છેક ૧૮૩૫ ની સાલમાં કમ્પનીના ધુરંધર મંડળના અધ્યક્ષ હેનિસેન્ટ જૉન ટકરે નિયંત્રણસભાને ગળે ઉતાર્યું હતું કે રશીયાના ધસારા ઉપર અંકુશ મૂકવા માટે ઇરાન સાથે જે રાજ્યસંબંધ રાખવાની જરૂર જણાય તે યુરોપીયન રાજ્યનીતિનો સવાલ છે, ઇન્ડિયન રાજ્યનીતિનો નહીં. તેના સંબંધમાં ઇંગ્લંડ અને ઇન્ડિયાની નાણાં પ્રકરણી ગોઠવણમાં એવી વ્યવસ્થા કરવામાં આવી હતી કે ઇરાનના એલચી ખાતાના ખરચના ૧૨૦૦૦ પાઉંડ દર વર્ષે હિંદુસ્તાને આપવા અને બ્રિટિશ એલચી ઉપર અને ઇરાની રાજ્ય પ્રકરણની બાબતમાં સલાહ મસલતનો તમામ અધિકાર કિરીટેશ્વરના મંત્રીમંડળના હાથમાં રાખવો. જ્યારે રશ-ઇરાની સવાલ યુરોપિયન સવાલ તરીકે નક્કી થયો ત્યારે એવું ધારવામાં આવ્યું ન જ હતું કે તેના નિરાકરણ માટે ભારતીય વિત્ત અને ભારતીય શોણિતનો છૂટથી ઉપયોગ થશે.

ઇરાનના બાદશાહના દરબારમાં એલચી તરીકે ડૉ. મેકનીલને નીમવામાં આવ્યા. અને તેઓએ ઇંગ્લંડના પરરાજ્ય મંત્રી લૉર્ડ પામર્સ્ટનની સાથે સીધો પત્રવ્યવહાર શરૂ કર્યો. ૧૮૩૭ માં તેણે લૉર્ડ પામર્સ્ટનને એવી ફરિયાદ કરી કે કન્દહારના પ્રતિનિધિએ રશીઆના એલચીને મુલાકાત આપી પણ ઇંગ્લંડના એલચીને આપી નહીં. અને તેજ માસમાં તેણે પામર્સ્ટનને એવી ખબર આપી કે ઇરાનના બાદશાહ હેરાત ઉપર સવારી લઇ જાય એ ન્યાય પુરઃસર છે. તેણે લખ્યું કે:—

"હેરાત ઉપર ઇરાનનો હક છે તે બાજુ ઉપર મૂકીએ અને આ સવાલ

બે સ્વતંત્ર રાજ્યો વચ્ચેનો છે એમ ગણીએ તો પણ હેરાતની સરકારનો આ બાબતમાં દોષ છે એમ માનવા તરફ મારૂં વલણ છે.

ઇરાને અફઘાનો તરફ દુશ્મનીનું કંઇ પણ કૃત્ય કર્યું નથી; પણ મર્હુમ શાહ બેહસ્તનસીન થયા પછી હેરાતની સરકારે તુર્ક અને હઝારેની સહાય લઇને ઇરાનના મુલકમાં હુમલા કર્યા અને ગુલામ તરીકે વેચવા સારૂ ઇરાનની રૈયતનાં માણસોને કેદ કર્યાં.

આવી પરિસ્થિતિમાં શાહ શાહજાદા કામરાન ઉપર ચડાઇ કરે તો તે સંપૂર્ણ રીતે વાજબી છે એમાં કંઇ પણ શક હોઇ શકે નહિ. ”

ઇરાને હેરાત ઉપર ચડાઇ કરી. અફઘાનિસ્તાનના બાદશાહ દોસ્તમહમ્મદે ઇરાનના શાહને ટેકો આપ્યો. વળી તેણે પંજાબના રણજીતસિંહ પાસેથી પેશાવર લઇ લેવાનો પ્રયત્ન કર્યો હતો. અને કાબુલમાં રશીઅન એલચીઓને આવકાર આપ્યો હતો. દેખાવમાં આ કારણોથી લૉર્ડ ઑકલંડે અફઘાનીસ્તાન સાથે યુદ્ધ જાહેર કર્યું હતું.

લૉર્ડ ઑકલંડના જાહેરનામામાં હિંદુસ્તાનને આવી લડાઇમાં ઉતારવાનાં પૂરતાં કારણો શોધ્યાં જડતાં નથી. રણજીતસિંહ પાસેથી પેશાવર પડાવી લેવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો તોપણ તે પ્રયત્ન નિષ્ફળ ઉતર્યો હતો, અને રણજીતસિંહ પોતાનું રક્ષણ કરવાને સમર્થ હતો. અને જો દોસ્તમહમ્મદે હેરાત ઉપરની ચડાઇમાં ઇરાનને મદદ કરી હતી તો, ડા. મેકનિલના ૧૮૩૭ ના પત્ર પ્રમાણે તે હુમલો પૂર્ણ રીતે વાજબી હતો. પરન્તુ ખરો હેતુ દોસ્તમહમ્મદ જેવા બળવાન શક્તિવાળા અને મિત્રાચારી ધરાવતા રાજાને પદભ્રષ્ટ કરીને અફઘાનિસ્તાનની ગાદી ઉપર બ્રિટિશ સત્તાનું એક પૂતળું બેસાડવું એ હતો. લૉર્ડ પામરસ્ટન જ ખરી રીતે ઇંગ્લંડના પૂર્વ સંબંધી હોટા હરીફ સાથે યુદ્ધ કરતો હતો; અને લોક ઑકલંડે હિંદુસ્તાનના લોક ઉપર નાખેલા કરની ઉપજમાંથી તેનું ખરચ આપવાનું કબૂલ કર્યું. સેન્ટ જૉન ટકર લખે છે કે “ બાલ્ટિક અથવા કાળા સમુદ્ર ઉપર કાફલો મોકલવાને બદલે રશિયા વિરૂદ્ધ

વપરાયલા આ સાહસનો બોજો હિંદુસ્તાન ઉપર નાખવો એ બેશક સરકારનાં મંત્રીઓને બહુ સગવડ ભરેલું છે; પણ હિંદુસ્તાનની સંપત્તિનો આવી રીતે દુરુપયોગ કરવાના દરેક યત્નોની સામે થવાની અમે અમારી ફરજ સમજીએ છીએ."

ઇરાની લશ્કરે હેરાતનો ઘેરો આખરે પડતો મૂક્યો. લૉર્ડ ઑકલંડનું અફઘાનોના વ્યવહારમાં વચમાં પડવાનું દેખીતું કારણ આમ બંધ પડી ગયું. અફઘાન યુદ્ધ, જેનો માત્ર વિચાર જ કરી રાખ્યો હતો તે પડતું મૂકવાનો હજી વખત હતો. ડયુક ઑફ વેલિન્ગટન, જેને શાંતિનો ભક્ત નહિ કહી શકાય, તેણે પણ એવો અભિપ્રાય આપ્યો હતો કે "હું એમ સમજ્યો કે હેરાતનો ઘેરો પડતો મૂકવાથી સિંધુ નદી ઉપર જે સવારી લઇ જવાની હતી તે પણ પડતી મૂકાશે જ. એ સમજણ છોડી દેવાશે તો હું બહુ ખોટું થયુ માનીશ. અફઘાનિસ્તાનમાં બંદોબસ્ત રાખવા સારૂ એકવાર આપણે સિંધુ નદી ઓળંગી તો તે દેશમાં સતત સવારીઓ લઇ જવી પડશે એવું જ પરિણામ આવવાનું."

પણ લૉર્ડ ઑકલંડનું ડહાપણ વધારે હતું. ધુરંધર સભાની ખાસ મંડળીને તેણે લખ્યું કે,

"ઇરાનના શાહે હેરાતનો ઘેરો છોડી દીધો છેઃ તેની સત્તાવાર ખબર મળ્યા છતાં, લડાઇ બંધ કરવાને માટે તે પ્રસંગ અનુકૂળ હતો, તો પણ, આપણો હેતુ હિંદુસ્તાનની પશ્ચિમની સીમાએ સંગીન પાયા ઉપર શાન્તિ સ્થાપવાનો અને તે તરફથી વધારો કરવાના જે પ્રયત્નો થાય તેની સામે અચળ કોટ ઉભો કરવાનો હતો, તેથી, આપણો પ્રયત્ન જારી રાખવાનો મારો નિશ્ચય મેં જાહેરમાં પ્રકટ કર્યો." સાડ વર્ષનો આપણો અનુભવ લૉર્ડ ઑકલંડ સાચો હતો કે ડયુક ઑફ વેલિન્ગ્ટન સાચા હતા તે જણાવી આપે છે. અફઘાનિસ્તાનના આંતર રાજ્યવ્યવહારમાં દરમિયાનગિરી કરવાથી આપણે તે એક અચળ કોટ ઉભો કર્યો છે કે, હતો તે કોટ તોડી પાડી તે દેશમાં સતત સવારી કરવાની સ્થિતિમાં આવી પડ્યા છીએ!

લડાઇ ચાલી. બ્રિટિશ લશ્કર સિંધમાં થઇને ગયું, કારણ કે રણજીતસિંહે પંજાબની પોતાની હદમાં થઇને લશ્કરને પસાર થવા દેવાની ના પાડી. ૧૮૩૯ ના એપ્રિલમાં કન્દહાર લેવાયું; જુલાઇમાં ઘઝની ઉપર બલાત્કાર થયો; ઑગસ્ટમાં કાબુલ સુધી આપણું લશ્કર પહોંચી ગયું. દોસ્ત મહમ્મદ ઓકસસ ઓળંગીને બોખારામાં ભરાઇ ગયો. અને આપણે શાહસુજાને ગાદી ઉપર બેસાડ્યો. ઇંગ્લન્ડ હરખાઇ ગયું; અને બ્રિટિશ સૈનિકો કે રાજ્યપુરુષોએ કદી નહિ હાંકેલી એવી બડાઇઓ વિજય પામેલા સેનાપતિઓ હાંકવા લાગ્યા. ઘઝની સર કર્યા પછી સર જૅન કીન, લૅાર્ડ ઑકલંડને લખે છે કે, 'મારી સરદારી નીચેના લશ્કરે ચિસ્તાળીસ વર્ષની મારી નોકરીમાં જગતની ચારે દિશાઓમાં નહિ થયેલું એવું તેજસ્વી પરાક્રમ કર્યું છે.' લૅાર્ડ ઑકલંડે રહસ્યમંડળ ઉપર 'સરદાર દોસ્તમહમ્મદ ખાનનું પલાયન' અને 'હિઝ મેજેસ્ટી શાહસુજા ઉલમુલ્કનો કાબુલમાં વિજયઘોષ સાથે પ્રવેશ' એ વિષે પત્ર લખ્યો. અને હિઝ મેજેસ્ટિ શાહસુજા ઉલ-મુલ્કે મહારાણી વિક્ટોરિયા ઉપર 'મારાં બાદશાહી ગ્રહેન મારી ઇચ્છાઓને માટે માયાળુ આદર સત્કાર રાખશે એવો મને ભરૂંસો છે' એ પ્રમાણે પેગામ મોકલ્યો. આ ઇચ્છાઓ 'ઇરાનીરાજ્ય' ના કીતાબો સ્થાપવા અને તેના પ્રથમ વર્ગના કીતાબો લૅાર્ડ ઑકલંડ અને સર જૅન કીન વગેરેને બક્ષવા એ હતી.

પહેલા અફઘાન યુદ્ધના ઇતિહાસનું વિવરણ કરવું એ આ ગ્રંથનું કામ નથી. અફઘાન રૈયત પોતાના વ્યવહારમાં પારકાની દરમિયાનગિરી ખમી શકી નહિ. નવા અમીર સાહસુજાને પણ બ્રિટિશ એલચીનો અંકુશ આકરો લાગવા માંડ્યો. કાબુલના મુલ્લાઓએ નવા અમીરને માટે બંદગી કરવાની ના પાડી અને જાહેર કર્યું કે શાહસુજા તેમનો સ્વતંત્ર રાજા નથી. હિંદની ત્રિજોરીમાંથી વહેતા સોના રૂપાના ઝરા ધીમે ધીમે ઓછા થવા માંડ્યા એટલે સરદારો અને મુખી માણસો ઉઘાડી રીતે દુશ્મન થવા લાગ્યા. ૧૮૪૧ ના નવેમ્બરની બીજી તારીખે કાબુલમાં એક બળવો થયો, અને સર એલેકઝા-

ન્ડર બર્ન્સ તેમાં મરાયા. ડિસેમ્બરની ત્રેવિસમી તારીખે દોસ્ત મહમ્મદના શાહજાદા અકબરખાને એક ખુલ્લી મુલાકાતમાં બ્રિટિશ એલચી મેકનોટનને હાર માર્યો. જાન્યુઆરી ૧૮૪૨ માં બાર હજાર પરિચારક સાથેનું ચાર હજાર સૈનિકોનું બ્રિટિશ લશ્કર કાબુલમાંથી ભાગવા માંડયું. આ દુર્દૈવ પ્રેરિત પલાયન વખતે ભયંકર યુદ્ધ થયું. સરદાર અકબરખાને બ્રિટિશ અમલદારનાં સ્ત્રી અને સંતાનો તથા બીજા બ્રિટિશ સૈનિકોને જમાન તરિકે મૂકી જવાની માગણી કરી. અને એના લશ્કરે ગીલ્ઝાઇ પર્વત નિવાસીઓની સાથે મળીને પલાયન કરતા બ્રિટિશ સૈન્ય ઉપર અગ્નિનો વરસાદ વરસાવ્યો. અફઘાનોના મારામાં ચાર હજાર સૈનિકો અને બાર હજાર પરિચારકો મળીને સોળ હજાર માણસનું બ્રિટિશ લશ્કર નષ્ટ થયું. કેટલાક તરત જ મરાયા, કેટલાક જખ્મથી અથવા અફઘાનિરતાનના બરફમાં ટાઢ અને ભૂખથી મરી ગયા. એક ડા. બ્રાઇડન તદ્દન એકલા બચવા પામ્યા.

લૉર્ડ ઑકલન્ડ પછી લૉર્ડ એલનબરો ૧૮૪૨ માં હિંદુસ્તાનના ગવર્નર જનરલના પદ ઉપર આવ્યા. ઇંગ્લંડમાં લિબરલોનો કારભાર ઉતર્યો હતો, અને ટોરિ સંપ્રદાયવાળા અધિકાર ઉપર હતા. નવું મંત્રિમંડળ આ મૂર્ખાઇ ભરેલી અને કમનસીબ લડાઇ માટે જવાબદાર ન હતું. એઓ તે લડાઇનો તમામ દોષ પોતાના પૂર્વાધિકારી ઉપર મૂકી શક્યા; અને એવી આશા પણ રાખવામાં આવી હતી કે વખતે તેઓ હિંદુસ્તાનને તે યુદ્ધના ખર્ચના બોજામાંથી મુક્ત કરવાનો ઇન્સાફ કરશે. પણ બ્રિટિશ મંત્રિઓ, લિબરલ કે ટોરિ ગમે તે સંપ્રદાયના હોય, પણ નિષ્ફળ ગયેલી લડાઇના ખર્ચને માટે પ્રજાજનો પાસે માગણી કરવાની હિંમત કરી શકતા જ નથી. કમ્પનીની કાર્યધુરંધર સભાએ પોતાનો દાવો વેગથી રજુ કર્યો. તેમ જ માલિકોની સભાએ પણ એ જ દિશામાં એટલા જ વેગથી માગણી કરી. હિંદુસ્તાનની પ્રજાને પણ હિંદની સરહદ બહારની લડાઇનું ખર્ચ પોતાને માથે નાંખવાનો ગેર ઇન્સાફ સમજાયો. પણ બધી તકરાર નકામી ગઇ. અફઘાન લડાઇનું ખર્ચ

એક કરોડ પચાસ લાખ પાઉંડ થયું અને તે તમામ ખર્ચ હિંદના રાજ્યકારણને માથે પડ્યું; ઈંગ્લંડે એક રૂપિયો પણ આપ્યો નહિ. ૧૮૪૨ ના ફેબ્રુઆરીમાં એલનબરો હિંદુસ્તાનમાં આવ્યો. એલનબરો પ્રથમ હિંદુસ્તાન બાતાની નિયન્ત્રણ સભાના અધ્યક્ષ હતા અને તે રીતે હિંદુસ્તાનનો રાજ્યતંત્ર ધારણ કરવાની લાયકાત તેમણે મેળવી હતી. હિંદુસ્તાનના આંતર વ્યાપારને બાધ કરનારા 'ચીલાચવેરા' રદ કરવામાં તેણે મદદ કરી હતી. અને હિંદુસ્તાનની નીપજ અને કારીગરીની પેદાશની બાબતમાં તપાસ કરવાને નીમાયલી ખાસ સભાના પ્રમુખ તરીકે પણ તેમણે કામ કર્યું હતું. પણ હિંદુસ્તાનમાં આવ્યા પછી અફઘાનિસ્તાનના પ્રકરણમાં તેને અવિલંબિત ધ્યાન આપવાનું આવ્યું.

જુન ૧૮૩૯ માં રણજીતસિંહ મરણ પામ્યો હતો, એટલે પંજાબ સોંસરા માર્ગે બ્રિટિશ લશ્કર જાય તેમાં કોઇ રહામું થાય તેમ નહોતું. જનરલ પોલોક પંજાબ સોંસરા ગયા અને જલાલાબાદ છોડાવ્યું. તેણે અકબરખાનને હરાવ્યો, અને ૧૮૪૨ ના સપ્ટેમ્બરમાં કાબુલ સર કર્યું, કાબુલનું મોટું બજાર જે એશિઆના સુંદરમાં સુંદર બજારોમાંનું એક હતું તેને દારૂગોળાથી ઉડાવી દીધું; અને તેમના જય પામેલા સૈન્યે બીજાં પણ વેર લેવાનાં કૃત્યો કર્યાં.

૧૮૪૨ ના ઓકટોબરની પહેલી તારીખે, લૉર્ડ ઑકલંડે લડાઇનું જાહેરનામું કાઢ્યું તે પછી બરાબર ચાર વર્ષે, તેના ઉત્તરાધિકારીએ ઢંઢેરો પીટાવ્યો કે વિજય પામેલું બ્રિટિશ સૈન્ય અફઘાનિસ્તાનમાંથી પાછું ફરશે. આમાંનાં કેટલાંક વાક્યો તો ડચુક ઓફ વેલિન્ગટનની કલમને અને લૉર્ડ લૉરેન્સના અમલને લાયક, ત્રિકાલાબાધ છે.

" કોઈ પણ પ્રજા ઉપર તે નારાજ છતાં, કોઈ બાદશાહને બેસાડવો, એ બ્રિટિશ સરકારની નીતિ અને બ્રિટિશ સરકારનો હેતુ એ બેથી વિરુદ્ધ છે; કારણ કે તેનું વલણ પહેલી ચડાઈ જે પુરુષ લઇ આવે તેના હાથમાં લોકની સંપત્તિ સોંપવાની, અને તેની સાથે સંબંધ બાંધવાથી કંઇ પણ ફળની આશા નહિ છતાં તેને ટકાવી રાખવાનો બોજો લોક ઉપર નાંખવાની, દિશામાં છે.

" અફઘાન પ્રજાને પોતાને પસંદ હોય, અને પડોશનાં રાજ્યો સાથે મૈત્રીનો સંબંધ રાખવાની ઇચ્છા અને શક્તિ જેનામાં પોતાને જણાય એવા કોઇ પણ બાદશાહને ગવર્નર જનરલ ઘણી ખુશીથી કબુલ રાખશે.

" પોતાના સામ્રાજ્યને કુદરતે જ જે સીમા અર્પેલી છે તેનાથી સંતોષ માનીને હિંદુસ્તાનની સરકાર સામ્રાજ્ય શાન્તિનું સંસ્થાપન અને તેના રક્ષણ તરફ, તેમજ પોતાના મળતીયા રાજા અને સરદારોના રક્ષણ તરફ, અને પોતાની વફાદાર પ્રજાનાં સુખ અને આબાદી તરફ, પોતાના સર્વ શ્રમનો ભક્તિથી વિનિયોગ કરશે. "

આ એક ઠાલ્લા અને રાજ્યનીતિકુશળ પુરુષના શબ્દો હતા, પણ તે પછી તરત જ એક નજીકના અને આથી વધારે નબળા પડોશી તરફ ચલાવેલી વર્તણુકથી લૉર્ડ એલનબરોએ પોતાની કારકીર્દિ કલંકિત કરી. સિંધના અમીરે બ્રિટિશ લશ્કરને ૧૮૩૮ ની કાબુલની સવારી વખતે પોતાના મુલકમાંથી પસાર થવા દીધું હતું; અને તે દિવસથી સિન્ધના ઇલાકાની કિંમત પશ્ચિમ હિંદુસ્તાનના દરવાજા જેટલી લેખાઇ હતી. અફઘાનિસ્તાન બ્રિટિશના હાથમાં હતું તે વખતે અમીર હિન્દુસ્તાનની સરકારને ઘણી રીતે ઉપયોગી થયા હતા. છતાં અફઘાન લડાઇને અંતે જ અમીરનો મુલક ખાલસા થયો એ વાતની નોંધ લેતાં અત્યંત શોક થાય છે.

મેજર ઉટ્રામ લાંબા વખતથી સિન્ધના પોલિટિકલ એજન્ટ હતા અને તે પોતાની પ્રકૃતિના અંશભૂત વિનય અને કોમલતાયુક્ત દૃઢતા અને બલથી અમીરોની સાથે વર્તતા. ઓક્ટોબર ૧૮૪૨ માં મેજર ઉટ્રામના હાથમાંથી સર્વોપરિસત્તા લઇને સરચાર્લ્સ નેપિયરના હાથમાં મૂકાઇ. નેપિયર બહાદુર અને પ્રખ્યાત સરદાર હતો, પણ મીજાજી અને કજીયાખોર પ્રકૃતિનો હતો. આવા માણસને રાજાઓની સાથે કામ પાડવામાં નીમવા જોઇએ જ નહિ. નેપિયરને કોઇકે ભરવ્યું કે કેટલાક અમીરો બ્રિટિશ સરકાર સાથે

જોઇએ તેટલી વફાદારીની વૃત્તિ ધરાવતા નથી. એટલે તેણે તરત જ તેમની સાથે લડાઇ શરૂ કરી; અને ૧૮૪૩ ના ફેબ્રુઆરી અને માર્ચમાં મિયાની અને હૈદ્રાબાદની લડાઇમાં અમીરોને હરાવ્યાઃ અને લૉર્ડ એલનબરોએ જેમને સુલેહ શાન્તિનો વખારો કરવા માટે મોકલ્યા હતા તેમણે સિન્ધનો મુલક ખાલસા કર્યો.

કોઇપણ ઇતિહાસકારે આ મિત્રાચારીના સંબંધવાળા રાજ્યને, વિના અપરાધે ખાલસા કરવાના પગલાને વાજબી ગણ્યું નથી. ધુરંધરસભાએ ૧૮૪૩ માં એવો ઠરાવ પસાર કર્યો કે સિંધના અમીરની સામે જે પગલાં લેવાયાં તે અન્યાય્ય અનીતિમય, અને હિંદુસ્તાનની સરકારની આબરૂ અને હિત વિરુદ્ધ હતાં; એ તેમને માન આપનારૂ છે. સંભવ એવો છે કે જેમ લૉર્ડ ઑકલંડે અફઘાનિસ્તાનના સંબંધમાં વ્હિગ સંપ્રદાયના પ્રધાન મંડળની મંજુરીથી પગલાં ભર્યાં હતાં, તેમ એલનબરોએ ટોરિ પ્રધાન મંડળની સલાહ પ્રમાણે સિંધના સંબંધમાં કૃત્યો કર્યાં હશે. પણ કાર્યધુરંધરસભાને એલનબરોને અધિકારભ્રષ્ટ કરવાનો હક હતો, અને તેમણે તેને ૧૮૪૪ માં ટોરિ પ્રધાનોના જાહેર વાંધાને નહિ ગણકારતાં એલનબરોને પાછો બોલાવી લીધો.

સિંધને ખાલસા કરવાની વાત સાથે એક બનાવ નોંધવા લાયક છે. પણ તે સાક્ષર દૃષ્ટિબિંદુથી. સિંધને સર કરનાર સર ચાર્લ્સ નેપિયરને વિદ્યામાં તેમજ યુદ્ધકળામાં પણ કુશળ એવો એક ભાઇ હતો. તેનું નામ વિલ્યમ નેપિયર. આ વિલ્યમ નેપિયર ડ્યુક ઑફ વેલિન્ગટનની સરદારી નીચે પેનિન્સુલર લડાઇમાં લડયો હતો; અને તેની લખેલી તે લડાઇની કથા અત્યારે પ્રસિદ્ધ છે. આ બહાદુર સૈનિક અને પ્રખ્યાત લેખક, મેજર ઉટ્રામ સાથેના એના ભાઇના કજીઆઓમાં સામીલ થયો હતો. પેનિન્સુલર વૉરના ઇતિહાસકારે 'સિંધના વિજય' ઉપર એક પુસ્તક લખ્યું અને તેમાં પોતાના ભાઇનો બચાવ કર્યોથીજ સંતોષ ન માનતાં, તેણે મેજર ઉટ્રામની નિન્દા લખી અને

એવાં તહોમત મૂકયાં કે તેનામાં લશ્કરી કુશળતા નથી, તેઓ હિંદુસ્તાનની ઉન્નતિમાં વધારો થાય એવી નીતિની વિરૂદ્ધ છે, અને તેમણે બ્રિટિશ સૈન્ય નાશ પામે એવી હીલચાલો કરવાની હિમાયત કરી હતી. લશ્કરી અને સાક્ષરતાના યશની સમૃદ્ધિવાળા આ બે ભાઇઓએ પ્રમાણમાં નાના અને એક અપ્રસિદ્ધ સૈનિકને પોતાની સપ્રમાણતાના બળથી દબાવી દેવાનો ઉપકાર કર્યો. પણ જેમ્સ ઉટ્રામની કીર્ત્તિ તે પછી ઘણી વધી અને સિંધના વિજેતાની કીર્ત્તિ કરતાં પણ વધી પડી. તેણે પોતાની સાદી શૈલીમાં વિલ્યમ નેપિયરના પુસ્તકનો જવાબ આપ્યો. અને વિલ્યમ નેપિયરનું પક્ષપાતવાળું પુસ્તક જ્યારે ભુલાઇ ગયું છે ત્યારે ઉટ્રામનું આ પુસ્તક હજી વંચાય છે. પોતાની કારકીર્દીના પહેલા જ યુગમાં તે ઊંચી અને રાજ્યભક્તિયુક્ત શીલસંપત્તિ માટે, Bayard of India એવા પ્રસિદ્ધ નામથી ઓળખાવા લાગ્યો, અને ૧૮૫૭ ના સેનાપ્રકોપ વખતે તે ઘણી પ્રખ્યાતિ પામ્યો. ૧૮૫૮ માં એને 'બેરોનેટ' બનાવવામાં આવ્યો, અને જ્યારે હિંદુસ્તાનનો રાજ્યકારભાર કમ્પનીના હાથમાંથી રાણી સરકારના હાથમાં ગયો ત્યારે ઉટ્રામ હિંદુસ્તાનના પહેલા વ્હાઇસરૉય લૉર્ડ કેનીન્ગની કાર્યભાર સભામાં સભાસદ તરીકે વિરાજ્યો.

જેમ્સ ઉટ્રામે સિંધને ખાલસા કરવાના પગલા ઉપર જે નિર્ણય આપ્યો છે તે જ નીર્ણય ધુરંધર સભાનો નિર્ણય છે, અને તે જ નિર્ણય નિષ્પક્ષપાત ઇતિહાસકારોનો પણ છેઃ—

"ગંભીર તહનામાં જેના ઉપર અમીરોની પરાણે સહીઓ લીધી હતી તે રદ્દી કાગળ જેવાં લેખાયાં; આપણા દુઃખના વખતમાં તેમણે જે મિત્રાચારી અને માયાળુપણાનાં કૃત્યો કર્યાં હતાં તે બધાં વિસારી દેવાયાં; ખોટાં તોહમતોનાં તેમના ઉપર ઢગલા કરવામાં આવ્યા; તેમને આપણી સામે થવાને ઉશ્કેરવામાં આવ્યા; અને એક વિશ્વાસઘાતી અને નિર્દય મિત્રની ક્રૂર તલવારે તેમનો વિનાશ પૂર્ણ કર્યો."

૨. હાર્ડિંજ અને ડેલહાઉસી.

ભારતવર્ષનો આર્થિક ઇતિહાસ જ આ ગ્રન્થનો ઉદ્દેશ હોવાથી લડાઇઓ અને પરરાજ્યોને ખાલસા કર્યાના ઇતિહાસનાં સવિસ્તર વર્ણનો કરવાનો અહીં પ્રસંગ નથી. એટલે ટુંકામાંજ લડાઇઓ વગરેમાં શું ખરચ થયું તે નોંધવા પુરતો હેવાલ આપી શકાશે. જ્યારે લૉર્ડ એલનબરોને ૧૮૪૪ માં રાજીનામું આપવાનું ફરમાવવામાં આવ્યું ત્યારે ' સર હેન્રિ હાર્ડિંજને તેના ઉત્તરાધિકારી તરીકે નીમવામાં આવ્યા હતા. અને આ નીમણુક ઘણીજ યોગ્ય હતી. હાર્ડિંજ બહાદુર સૈનિક હતો અને ઘણા સાચા સૈનિકોની પેઠે તેને શાન્તિ પ્રિય હતી. ' પેનિન્સુલર લડાઇમાં નેપોલિયનના સૈન્યની સામે તેણે પ્રશંસનીય ભાગ લીધો હતો, અને ક્રોરૂનાના યુદ્ધમાં જ્યારે સર જૉન મુરને પ્રાણહારક ઘા વાગ્યો ત્યારે તે તેની પાસે હતોઃ તેમજ, આલ્બુરાની લડાઇમાં પણ તેણે ભાગ લીધો હતો, અને વિટોરિયાના યુદ્ધમાં તે ઘવાયો હતો. વૉટરલુની સવારીમાં પણ તે હાજર હતો, અને લીગ્નીના યુદ્ધ સમયે તે માર્શલ બ્લુશરની તેહેનાતમાં હતો. આ વખતે તેનો ડાબો હાથ ગોળી વાગવાથી ચીરાઇ ગયો અને તેથી તે કાપી નાખવાની જરૂર પડી હતી.

નેપોલિયનના યુધ્ધોની પૂર્ણાહુતિ થયા પછી હાર્ડિંજ પાર્લામેન્ટમાં દાખલ થયો, અને વીશ વર્ષ ઉપરાંત પોતાનું સ્થાન સાચવી શક્યો. ૧૮૨૧ માં લેાર્ડ ફેસબરીની બ્હેનની સાથે તેનાં લગ્ન થયાં, અને ૧૮૨૮ માં યુદ્ધમન્ત્રી તરીકે લૉર્ડ પામર્સ્ટનની જગાએ પ્રધાનમંડળમાં દાખલ થયો. તે ટોરિ સંપ્રદાયનો હતો, તે સંપ્રદાયમાં ભક્તિ સાથે કાયમ રહ્યો. સને ૧૮૪૧ માં સર રૉબર્ટ પીલના કારભારમાં વળી યુદ્ધમન્ત્રી થયો, અને આ જગા ઉપર ૧૮૪૪ સુધી તે રહ્યો. તે વર્ષમાં જ્યારે તેની ઉમ્મર સાઠ વર્ષની હતી તે વખતે તેની હિંદુસ્તાનના વાઇસરૉયના પદ ઉપર યોજના થઈ. એના જેવા અધિકાર પામેલા અને કીર્તિમંત મન્ત્રીને માટે આ જગા કાંઇ માનપ્રદ ન કહેવાય;

અને જ્યારે બે વર્ષ પછી સર રૉબર્ટ પીલે એમ કહ્યું કે હાર્ડિંજે વાઇસરૉયની પદવી સ્વિકારીને લોકસેવા સારૂ એક આત્માર્પણ કર્યું છે, ત્યારે તે કેવળ સત્ય વચન હતું.

કલકત્તામાં આવ્યા પછી હજી અઢાર માસ તો પુરા થયા ન હતા તે પહેલાં તેને એક યુદ્ધમાં સામીલ થવાની જરૂર પડી. આ યુદ્ધ તેણે પોતે ઉભું કર્યું નહતું. ૧૮૩૯ માં પંજાબનો તેજસ્વી રાજા રણજીતસિંહ સ્વર્ગવાસી થયો અને જે ભવ્ય સિખસૈન્ય તેણે તૈયાર કર્યું હતું, તે, તેનો અંકુશ અદૃશ્ય થતાં જ ઉન્મત્ત થઇ ગયું. પ્રાચીન રોમના પ્રિટોરિયનગાર્ડની પેઠે તેઓ આ પ્રસંગમાં માલિક થઇ પડ્યા. તેમણે દરેક સેનામાં પંચાયતો સ્થાપી અને તે પંચાયત સિવાય બીજી કોઇ પણ સત્તાનો અંકુશ સ્વીકારવા ના પાડી. એટલું નહિ પણ સત્તાધીશો તરીકે નવા માણસોને તે યોજવા લાગ્યા અને જુનાને પદભ્રષ્ટ કરવા મંડી પડ્યા. આના પરિણામમાં વારંવાર પરિવર્તો થવા લાગ્યા, અને અંધાધુંધી જામી ગઈ. રણજીતસિંહની વિધવા રાણીના ભાઇ ઉપર જ આ લશ્કરી પંચાયતોએ કામ ચલાવ્યું, તેને ગુન્હેગાર ઠરાવ્યો અને એક લશ્કરી ટુકડીએ તેને માર્યો. અને છેવટે ૧૮૪૫ માં આ ભવ્ય પણ દુર્વિનીત સિખસૈન્યે સતલજ ઓળંગી બ્રિટિશ હિંદ ઉપર સ્વારી કરી. આ સૈન્યમાં ૬૦,૦૦૦ સૈનિકો, ૪૦,૦૦૦ હથીયાર બંધ પરિચારકો અને ૧૩૦ તોપો હતી.

સિખસેનાનો સેનાધિપતિ લાલસિંહ રાજદ્રોહી હતો અને વખતે પોતાની સેનાનો નાશ થાય એવી તેની ઇચ્છા હોય, તો હોય પણ ખરી. બ્રિટિશ સાથેના પહેલા જ ભેટામાં મૂડકી આગળ લડાઇની શરૂઆતમાં લાલસિંહ નાઠો, અને એ રીતે પોતાના લશ્કરને હાર ખવરાવી. ફીરોજપુર આગળની બીજી લડાઇ બહુ બહાદુરીથી લડાઇ. એક નજરે જોનાર કહે છે કે સૈનિકોએ બ્રિટિશ તોપોને ભોંય ઉપર નાંખી દીધી; અને દારૂગોળો ઉડાડી દીધો; ખરી

કટાકટીને વખતે બ્રિટિશ ફોજને શેહ આપી, ટુકડીઓની ટુકડીઓને અસ્ત-વ્યસ્ત કરી નાંખી પાછી ફેંકી દીધી; અને છેવટ સૂર્યાસ્ત થયા પછી જ સિખની સેનાનાં સ્થાનકોનો કંઇક ભાગ અંગ્રેજોના હાથમાં આવવા પામ્યો. પુનઃ પ્રાતઃકાળે લડાઇ શરૂ થઇ, પણ લાલસિંહની બદદાનતથી અથવા તેના કાયર-પણાથી થોડાજ વખતમાં તેના આખા સૈન્યને પાછું હઠવાની જરૂર જણાઇ. ત્રીજી અલિવાલના યુદ્ધમાં બ્રિટિશોને પૂર્ણ ફતેહ મળી. પણ નિર્ણાયક યુદ્ધ તો ૧૮૪૬ ના ફેબ્રુઆરીની દશમી તારીખે થયેલું સુબ્રાયનનું યુદ્ધ હતું. આ યુદ્ધમાં સિખ સૈનિકો ધર્મ માટે યુદ્ધ કરતા હોય તેવા જોસ્સાથી અને વીરનિશ્ચયથી લડયા; પણ સિખ સેનાપતિ તેજસિંહ પહેલેજ હુમલે નાઠો અને એમ કહેવાય છે કે પોતાના લશ્કરને નાશી છુટતું અટકાવવા માટે સતલજ ઉપરનો પુલ તેણે તોડી નાંખ્યો. બ્રિટિશોનો વિજય પરિપૂર્ણ હતો; પણ તે તેમને બહુ મોંઘો પડયો. એ હજાર બ્રિટિશ સૈનિકો ઘવાયા કે મરાયા. લૉર્ડ હાર્ડિંજનો પુત્ર જે આ યુદ્ધ વખતે હાજર હતો તે લખે છે કે નદીમાં તરફડતાં માણસોના ઢગલા થઇ ગયા, અને તોપખાનું જે હવે છેક પાણીના કિનારા સુધી લાવવામાં આવ્યું હતું તેણે કતલ પૂરી કરી. થોડા જ નાસવા પામ્યા. કોઇ પણ સિખ શરણે થયો નહિ. સીખ હોકાએ તેમની કોમને પ્રખ્યાતિમાં લાવવાની ઇશ્વરનીમરજીને શરણ થવાની વૃત્તિથી પોતાનું ભાવી માથે ચડાવ્યું.

હારેલી પ્રજાની સાથે સલાહ કરવામાં જે સરતો થઇ તેથી વિજયી પક્ષની વિવેકબુદ્ધિ સાબીત થાય છે. "સીખ રાજ્યને એવી રીતે વિચ્છિન્ન કરી નાંખવું કે જેથી તે ફરીથી બ્રિટિશ સામ્રાજ્ય સામી દુશ્મનાવટ બાંધી શકે નહીં." પણ આટલી સરત સાથે લૉર્ડ હાર્ડિંજે પંજાબની પ્રજાના સ્વાતંત્ર્યનો સત્કાર કર્યો. ૧૮૪૬ ના માર્ચના તહનામાથી સીખ દરબારે બીઆસ અને સતલજ વચ્ચેનો, પૂર્વ પંજાબનો પ્રદેશ છોડી દીધો, પંદરલાખ પાઉંડ અથવા તેટલી કિંમતનો મુલક આપવાનું કબુલ કર્યું. લશ્કરની સંખ્યામાં ઘટાડો કરી પાયદળની

૨૫ ફેાજો, અને ૧૨૦૦૦ ઘોડેસ્વાર લશ્કરથી વધારે ન રાખવાની કબુલત આપી, અને બ્રિટીશ લશ્કર સામી જેટલી તોપો માંડી હતી તે તમામ તોપો બ્રિટીશને સ્વાધીન કરી. સીખ દરબારથી નક્કી કરેલી રકમ આપી શકાય નહીં તેથી વધારાનો મુલક સ્વાધીન કરવાને ઈંગ્રેજો તરફથી માગણી થઇ. આથી કાશ્મીર પંજાબથી છુટું પાડવામાં આવ્યું, અને ગુલાબસિંહે અંગ્રેજને ૭૫૦૦૦ પોણોલાખ પાઉંડ આપ્યા તેના બદલામાં તે પ્રાન્ત તેને સોંપી દીધો.

પણ માર્ચના આ તહનામાથી પંજાબની શાન્તિ નિર્ભય થઇ નહિ. સીખ દરબારે એવી ઇચ્છા બતાવી કે દરબારના રક્ષણ સારૂ લાહોરમાં થોડું કે બ્રિટિશ સૈન્ય રહેવું જોઇએ. તેથી તે જ વર્ષના ડિસેમ્બરમાં એક બીજું તહનામું થયું. રણજીતસિંહની પરાક્રમી પણ ખટપટી રાણીના હાથમાંથી સઘળો અધિકાર પડાવી લીધો, અને ૧૫૦૦૦ પાઉંડનું તેને વાર્ષિક સાલીયાણું બાંધી આપ્યું. અને, દરબારના રાજ્યતંત્ર ઉપર અંકુશ રાખવા અને તેને રસ્તે ચડાવવાની પૂર્ણ સત્તા સાથે એક બ્રિટિશ રેસિડન્ટ નીમી ધુલીપસિંહની સગીર અવસ્થા રહે ત્યાં સુધી આઠ સરદારોની એક રાજ્યસભા સ્થાપી. મહારાજાની સગીર અવસ્થામાં એક બ્રિટિશ લશ્કર પણ પંજાબ ખાતે રાખવામાં આવ્યું. અને આ રીતે કબજો રાખવાના ખરચ સારૂ બ્રિટિશ સરકારને સીખ રાજ્યે વર્ષે ૨૨૦,૦૦૦ પાઉંડ આપવા એવો ઠરાવ થયો.

આ તહનામા ઉપર સહી સિક્કા થયા પછી પાંચમે દિવસે ગવર્નર જનરલે રહસ્યમંડળને લખ્યું કે આ તહનામાથી મહારાજાની સગીર વયમાં બ્રિટિશ રેસિડન્ટને આંતર તેમજ બાહ્ય વ્યવહારની સઘળી બાબતોમાં, અમર્યાદિત અધિકાર પ્રાપ્ત થાયછે, અને ૧૮૪૭ ના ઑગસ્ટની વીસમી તારીખે જે સામાન્ય ઢંઢેરો તેણે પ્રસિદ્ધ કર્યો તેમાં તેણે જાહેર કર્યું કે ગવર્નરજનરલ આ રાજકુમારની કેળવણી અને સંભાળની બાબતમાં એક પિતાના જેટલી લાગણી ધરાવે છે.

જેટલો શૂરો તેટલો માયાળુ અને વિવેકી અમલદાર–મેજર હેનિ્રલૉરેન્સ, તેમને પહેલા રેસિડેન્ટની પદવી મળી. જો લૉર્ડ હાર્ડિંજ હિંદુસ્તાનમાં પાંચ વર્ષ વધારે રહ્યા હોત અને તેટલીજ મુદત હેન્રી લૉરેન્સ રેસિડેન્ટના પદ ઉપર રહી શક્યા હોત તો પંજાબ એક બલિષ્ટ મિત્ર અને સુધરેલું દેશી રાજ્ય તરીકે રહ્યું હોત. પણ ઉપરના જાહેરનામાને છ મહિના પુરા થતાં પહેલાં લૉર્ડ હાર્ડિંજ ગયા અને લૉર્ડ ડેલ્હાઉસી આવ્યા, અને મેજર લૉરેન્સને હિંદુસ્તાન છોડીને જવાની જરૂર પડતાં તેમની જગાએ સર ફ્રેડરિક કરીની યોજના થઈ.

લૉર્ડ ડેલ્હાઉસી.

લૉર્ડ ડેલ્હાઉસી સ્કૉટલન્ડનો એક જુવાન અમીર હતો. ૧૮૩૮ માંજ તે પોતાના પિતાજીનો વારસ થયો હતો. જ્યારે સર રૉબર્ટ પિલ મેલ્બોર્નના પ્રધાન મંડળનો કારભાર ઉતર્યા પછી અધિકાર ઉપર આવ્યો ત્યારે તેણે ડેલ્હાઉસીને વ્યાપાર સભાના ઉપાધ્યક્ષ તરીકે–મિ. ગ્લૅડસ્ટન જે તેનો અધ્યક્ષ હતો તેના હાથ નીચે નીમ્યો હતો. અને તે પછી બે વર્ષ બાદ આ જુવાન અમીર ગ્લેડસ્ટન વાળાજ અધિકાર ઉપર આવ્યો હતો. આ અધિકારમાં ડેલ્હાઉસીને નવી રેલ્વે વગેરેના સંબંધમાં કામ કરવાનું હતું; અને આ વાત ધ્યાનમાં રાખવા જેવી છે કે તેમણે વડાપ્રધાન રૂબરૂ રેલ્વેને રાજ્યના એક ખાતા તરીકે ગણવાની અને સર્વ રીતે રાજ્યના અંકુશમાં રાખવાની એક યોજના રજુ કરી હતી. સર રૉબર્ટ પીલે ઈંગ્લંડને માટે રેલ્વેને રાજ્યના સમગ્ર અંકુશમાં મૂકવાની દરખાસ્ત વાજબી રીતે ન સ્વીકારી. લૉર્ડ જૉન રસલ આ જુવાન અને ઉદ્યોગી અમીર ઉપર પ્રસન્ન થયા હતા; અને જ્યારે લીબરલ પક્ષ અધિકારમાં આવ્યો તે વખતે લૉર્ડ જૉને બહુ ઉદારતાની સાથે ટોરિ સંપ્રદાયના આ અમીરને હિંદુસ્તાનના ગવર્નર જનરલનું પદ સ્વીકારવાનું આમંત્રણ કર્યું. લૉર્ડ ડેલ્હાઉસીએ એ પદવી સ્વીકારી અને સને ૧૮૪૮ માં ૩૫ વર્ષની નાની વયે વૃદ્ધ હાર્ડિંજની ગાદી ઉપર તેઓ વિરાજ્યા.

લૅાર્ડ હાર્ડિંજે પંજાબમાં શાન્તિ અને સુવ્યવસ્થા સિદ્ધ કરવા સારૂ પૂરતી કાળજી રાખી હતી. એક બ્રિટિશ રેસિડેન્ટ નીમી તેને દરેક ખાતા ઉપર દેખરેખ અને અંકુશ રાખવાની સત્તા આપી હતી. મહારાજાના રક્ષણ સારૂ અને દેશની શાન્તિ સાચવી રાખવા સારુ એક બ્રિટિશ લશ્કરનું થાણું લાહોરમાં રાખ્યું હતું. રાજધાનીના રક્ષણ સારૂ અને દેશની શાન્તિ સાચવી રાખવા સારૂ તે રાજ્યમાંના નજરમાં આવે તે કીલ્લા અથવા લશ્કરી થાણાનો કબજો લેવાની બ્રિટિશ સરકારને સત્તા હતી. આ લશ્કરના નિભાવ સારૂ અને બ્રિટિશ રાજ્યને થતું ખર્ચ ભરી આપવા માટે ૨૨૦૦૦૦ પાઉંડ વર્ષે દહાડે લાહોરના રાજ્યે ઈંગ્રેજ સરકારને આપવાના હતા; અને તે ગોઠવણ મહારાજાની બાલ્યાવસ્થા સુધી ચાલુ રહેવાની હતી; અને ૧૮૫૪ ના સપ્ટેમ્બરની ૪ થી તારીખે જે દિવસે મહારાજાને સોળ વર્ષ પૂરાં થાય તે દિવસથી તે ગોઠવણ બંધ થવાની હતી.

મહારાજા, ધલીપસિંહ વાસ્તવિક રીતે બ્રિટિશ સરકારના રક્ષણ નીચે જ હતા. બ્રિટિશ સરકારે, તેનું રક્ષણ કરવાનું, તેના દેશની વ્યવસ્થા અને શાન્તિ સાચવી રાખવાનું માથે લીધું હતું; અને લૅાર્ડ હાર્ડિંજે બ્રિટિશ સરકારે અંગીકાર કરેલું કામ પાર ઉતારવાને જોઇતાં પગલાં લીધાં હતાં. સોળ તોપો સાથે પચાસ હજાર માણસની સેના સતલજની સીમાના રક્ષણમાં સાવધાન હતી. નવ હજાર માણસની જથુકની છાવણીના હાથમાં લાહોર હતું. એટલાં જ માણસની એક ઘોડેસ્વાર પાયદળ અને તોપખાના સાથેની છાવણી ફીરોઝપુર આગળ પડી હતી; ગમે તેવી સ્થિતિ ઉત્પન્ન તોફાન થાય તેનો પ્રતીકાર કરવાની પૂર્ણ તૈયારી સર્વત્ર હતી.

પણ હાર્ડિંજના વિદાય થયા પછી જે મુશ્કેલી ઉભી થઇ તે નિવારવા માટે લખનઉર પગલાં લેવાયાં નહિ. દીવાન મૂળરાજના પિતાએ ત્રીસ વર્ષ સુધી લગભગ સ્વતંત્ર સત્તાથી મુલતાન ઉપર રાજ્ય કર્યું હતું. જ્યારે બ્રિટિશ

રેસિડેન્ટે મૂળરાજને હીસાબ આપવાનું કહ્યું ત્યારે તેણે અનેક બ્હાનાં કહાડ્યાં અને રાજીનામું આપવાનું ગિપ કર્યું. તેના મિષને સાચું માનીને મુલતાન ઉપર બીજો અધિકારી મોકલ્યો, અને તેની સાથે તેના રક્ષણ સારૂ વાન્સ એગ્ન્યુ અને કર્નલ હેન્ડર્સન નામના બે અંગ્રેજોને મોકલ્યા. કીલ્લાનો કબજો પહેલો તો સોંપાયો, પણ તે પછી તરત જ એગ્ન્યુ અને હેન્ડર્સનને કપટથી મારી નાંખવામાં આવ્યા, અને મૂળરાજ કીલ્લો પાછો મેળવી તેનો કબજો કરીને રહ્યો. બ્રિટિશ રેસિડેન્ટે લૉર્ડ ગફને મૂલતાન ઉપર ચડી જઇ કીલ્લો સર કરવાની વિનન્તિ કરી; પણ લૉર્ડ ગફે ના પાડી અને ડેલ્હાઉસીએ ગફના ઠરાવને ટેકો આપ્યો. આથી બળવો ફેલાયો.

એક અંગ્રેજ અમલદારે પોતાની ફરજ ત્વરાથી અને સારી રીતે અદા કરી. બે અંગ્રેજ અમલદારોનું ખુન અને મૂળરાજના બળવાના ખબર સાંભલ્યા તે વખતે લેફ્ટેનન્ટ એડવર્ડ સિંધુ નદીના કીનારા ઉપર એક તંબુમાં હતો. માત્ર ૪૦૦ માણસોની એક ટુકડી સાથે તેણે મુલતાન ઉપર ધસારો કર્યો, પણ મૂળરાજ પાસે ૪૦૦૦ માણસો અને આઠ તોપો હોવાથી તે કંઇ કરી શકયો નહીં. ઉષ્ણકાળના સખ્ત તાપના દિવસોમાં એક બ્રિટિશ અમલદાર જેટલું કરે તેટલું તેણે કર્યું. ભાવલપૂરના રાજ્યમાંથી તેને માણસની મદદ મળી અને મુળરાજને, જુન અને જુલાઇમાં, બે યુધ્ધોમાં હરાવી કીલ્લાનું શરણ લેવા મોકલી દીધો. જે ઉપરી અધિકારીઓએ તેને લાહોર અને ફીરોજપૂરથી મદદ મોકલી હત-જે મદદ મોકલવા ૧૮૪૬ ના તહનામાથી તેઓ બંધાયલા હતા-તો મુલતાનનો બળવો તેણે બેસારી દીધો હોત; અને લેફ્ટેનન્ટ એડવર્ડ કહે છે કે જો મૂલતાનનો બળવો બેસારી દીધો હત તો સિખ લોકનો બળવો કદી પણ જામવા પામત નહિ.

આ સ્થાનિક બળવાને દાબી દેવાને કંપનીપણ પગલાં વખતસર ન ભરાયાં એટલું જ નહિ પણ બ્રિટિશ રેસિડેન્ટને હાથે કેટલાંક એવાં કૃત્યો થયાં કે જેથી

સિખ લોકોમાં સામાન્ય રીતે ત્રાસ ફેલાયો. મહારાજા ધુલીપસિંહની માતા (રણજીતસિંહની વિધવા) ખટપટી સ્ત્રી હતી; પણ તેને રાજ્યકાર્યભારમાંથી કેવળ દૂર કરી, શેખપુરમાં રાખવામાં આવી હતી જેથી આ બાજુથી કંઈપણ ભયનો અવકાશ ન હતો. લેફ્ટેનન્ટ એડવર્ડ્સ કહે છે કે રાણી એની કોમના કોઈપણ મરદ કરતાં વધારે બુદ્ધિશાળી અને હિમ્મતવાન હતી; તે હવે દ્વિઅર્થી વચનો ફેલાવી ફેલાવી અને ઉશ્કેરણી ભર્યા પત્રો લખી લખીને થાકી હતી. હવે પંજાબમાં એક મરદ એવો ન હતો કે જે તેની આજ્ઞાથી બંધુક ઉપાડે. આ પરિસ્થિતિમાં રેસિડેન્ટે એને પંજાબમાંથી બનારસ મોકલી દેવાનો જે હુકમ કર્યો હતો તેની આવશ્યકતા સંશયિત હતી; પણ તે સીખ સૈનિકો ઉપર તેની અસર તાત્કાલિક થઇ. મે ની ૨૫ ને રોજ રેસિડેન્ટ લખે છે કે, "રાજા શેરસિંહની છાવણીમાંથી એવા સમાચાર મળ્યા છે કે મહારાણીને ખસેડવાના ખબર સાંભળીને સિખ સૈનિકો બહુજ ક્ષુભિત થયા છે. તેઓ કહે છે કે તે ખાલસાનાં માતા છે, અને તેને મોકલી દીધાથી, અને બાળક ધુલીપસિંહ આપણા હાથમાં છે તેથી હવે તેમને કોઇનું રક્ષણ કરવાનું બાકી રહેતું નથી."

બાળક મહારાજાનું લગ્ન મુલતવી રાખવાથી પણ કંઈક વિરૂદ્ધ અસર થઇ. લેફ્ટેનન્ટ એડવર્ડ્સ આ વાત સમજી ગયો હતો અને તેથી તેણે જુલાઇ ૨૮ ને રોજ રેસિડેન્ટને લખ્યું કે, અહીંઆં નઠારા માણસોના ફેલાવ્યાથી એવો અભિપ્રાય ફેલાયો છે કે લશ્કરની તાજી ગેરવર્તણુંકને લીધે સરકાર પંજાબને ખાલસા કરી દેવાનો ઇરાદો રાખે છે. મને લાગે છે કે બાળ મહારાજાને પરણાવવાની સરકાર તૈયારી કરવા માંડશે તો લોકના મનમાં આપણી શુદ્ધબુદ્ધિ અને તહનામા પ્રમાણે પ્રમાણિકપણાથી ચાલવાની આપણી વૃત્તિની લોકને સંપૂર્ણ ખાત્રી થશે, અને લોકનાં મન ઘણે ભાગે શાંત થશે." આ ડાહી શીખામણ ધ્યાન ઉપર લેવાઇ નહિ.

વળી સરદાર છત્રસિંહ જેની કન્યા સાથે મહારાજા ધુલીપસિંહનું લગ્ન

થવાનું હતું તેના તરફ ચલાવેલી વર્તણુકથી માણસોનાં મન ઉશ્કેરાઈ ગયાં. છત્રસિંહ હજારા પ્રાન્તનો સુબો હતો, અને આ પ્રાંતમાં હથીયારબન્ધ મુસલમાનો જેઓ યુદ્ધ કુશળ હતા અને જેમને અંકુશમાં રાખવાનું કામ કઠણ હતું, તેમની વસતિ હતી. સને ૧૮૪૮ ના ઑગસ્ટમાં હજારાના પહાડી લોકોએ કેપ્ટન એબ્બટની ઉશ્કેરણીથી રસ્તા બંધ કર્યા; અને છત્રસિંહ રહેતો હતો તે શહેરને ઘેરો ઘાલ્યો. સરદારે ગામના રક્ષણ માટે રાખેલી સેનાને કીલ્લામાં તોપોના આશ્રય નીચે ગામનો બચાવ કરવા સારૂ ઉભી રહેવાનો હુકમ કર્યો, કર્નલ કેનોરાએ શહેર બહાર જવાની ના પાડી, અને જો કોઇ પાસે આવે તો તેને તોપને શરણ કરવાની ધમકી આપી. છત્રસિંહે સીખપાયદળની બે ટુકડીઓ તોપોનો કબજો લેવા માટે મોકલી. કેનોરાએ તેમાંની એક તોપને દીવાસળી અડકાડી, પણ તેની અસર ન થતાં પાયદળમાંના એક જણની બંદુકથી તેનું જ મૃત્યુ થયું. આ બનાવને કેપ્ટન એબર્ટે છત્રસિંહની ઉશ્કેરણીથી કેનોરાનું ખુન થયું એવું સ્વરૂપ આપ્યું. રેસિડન્ટે એને ટપકો આપ્યો, અને લખ્યું કે 'મેં તમને મુલકમાંથી માણસો નોંધવાની અને સૈનિકોનાં પગારદાર જૂથો એકઠા કરવાની સત્તા આપી નથી...એ બહુ દીલગીરીની વાત છે કે તમે છત્રસિંહને તમારાથી છેટા રાખ્યા છે, અને એ પોતે તમારી નજીકમાં રહેવાની માગણી કરતાં તેની તમે સામા થયા છો. કેનોરાના મરણ સંબંધી જે હેવાલો મળ્યા છે તે ઉપરથી તમે એને ખુનનું નામ આપોછો તે વાજબી રીતે આપોછો એમ સમજાતું નથી, તેમજ છત્રસિંહની પૂર્વ સંકલ્પિત ઉશ્કેરણીથી એ ખુન થયું એમ માનવું પણ વાજબી જણાતું નથી.'' ....આમ છતાં ઑગસ્ટ માસમાં એવો હુકમ નીકળ્યો કે "સરદાર છત્રસિંહને પદભ્રષ્ટ કરવો, તેની જાગીર ખાલસા કરવી, એટલે જેની કન્યા સીખલોકના મહારાજાને પરણવાની હતી તે પુરૂષને સીખલોકની દૃષ્ટિમાં હલકો પાડવો.''

આ બધાં અદક્ષ કૃત્યોથી સીખપ્રજા ઉશ્કેરાઇ ગઇ અને મુલતાનનો બળવો ફેલાવા માંડ્યો. છત્રસિંહનો કુંવર શેરસિંહ ૫૦૦ સીખની સાથે

મૂળરાજની કુમકે ગયો, અને બ્રિટિશ સેનાને મુલતાનનો ઘેરો ઉઠાવી લેવાની જરૂર પડી. લગભગ બધા સરદારો બળવામાં સામીલ થયા, અને મેદાનનો તમામ મુલક તેમના હાથમાં આવી ગયો.

૧૮૪૮ ના નવેમ્બરમાં એટલે મુલતાનના બળવાથી સાતે મહીને લોર્ડ ગફ એક મોટા લશ્કરની સાથે ચાલ્યા; પણ ચીનાબ ઉપર રામનગર આગળ જે પહેલું યુદ્ધ થયું તેમાં તેમને શિમળી તેમજ શાદુલપુર એ બે લડાઇઓમાં પણ ફતેહ મળી નહિ. ચીલીયનવાળા આગળની ત્રીજી લડાઇમાં તો હારજ ખાધી. થાકી ગયેલી અને હાંફતી હાંફતી બ્રિટિશ સેનાને હલ્લો કરવો પડયો, અને પરિણામે પાછા ફરવું પડયું. બ્રિટિશ અશ્વદળ જે તોપોના આશ્રયવિના હલ્લો કરતું હતું તેને પણ પાછા હઠવાની અને આખરે નાસવાની જરૂર પડી. ત્રણ ટુકડીઓના વાવટા અને ચાર બ્રિટિશ તોપો સીખના હાથમાં ગયાં અને અધીરા હૃદયના પરિણામમાં ૮૯ અમલદાર અને ૨૩૫૦ માણસોનો ક્ષય થયો. લોર્ડ હેલ્હાઉસીએ જાહેર લેખોમાં આની પણ વિજયમાં ગણત્રી કરી હતી, પણ ખાનગીપત્રોમાં ત્રણે લડાઇઓમાં મળેલી નિષ્ફળતાને માટે દીલગીરી બતાવી હતી.

જ્યારે આ છેલ્લી લડાઇના ખબર ઇંગ્લંડ પહોંચ્યા ત્યારે ધિક્કારનો પાર રહ્યો નહિ. લૉર્ડ ગફને પાછા બોલાવી લેવાયા, અને સર ચાર્લ્સ નેપિયર કમાન્ડર-ઇ-ચિફ તરીકે નીમાયા. પણ તેમના આવતા પહેલાં ૧૮૪૯ ના ફેબ્રુઆરીની ૨૦ મી તારીખે ગુજરાતના યુદ્ધમાં અંગ્રેજે નિર્ણયકારક વિજય મેળવી કંઇક આબરૂ રાખી હતી. મુલતાન તો જાન્યુઆરીમાંજ બ્રિટિશોના હાથમાં ગયું હતું. ગુજરાત આગળ હાર ખાધા પછી શીખ લશ્કર નાસવા લાગ્યું તેથી ગિફર્ડે જે હિંદુસ્તાનનો શ્રેષ્ઠ ઘોડેસ્વાર કહેવાતો હતો તેણે પુંઠ લીધી, અને આખરે માર્ચની ૧૨ મી તારીખે તે શરણ થયું. આમ મુશ્કેલી ઉત્પન્ન થઇ તે પછી એક વર્ષે મુલતાનમાં શાન્તિ ફેલાવા પામી.

૧૮૪૬ ના ડિસમ્બરના તહનામાથી બ્રિટિશ સરકાર પંજાબમાં હુલ્લડ થાય તે દાબી દેવાને અને સગીર મહારાજા દુલીપસિંહનું રક્ષણ કરવાને બંધાઇ હતી. ૧૮૪૮ ના નવેમ્બરમાં લોર્ડ ડેલ્હાઉસીની મંજુરી સાથે જે ઢઢેરો પીટાયો હતો તેમાં બ્રિટિશ લસ્કર લાહોરની હદમાં સુસ્થાપિત રાજ્યના દુશ્મન તરીકે નહીં પણ વ્યવસ્થા અને હુકમનું સંસ્થાપન કરવા સારૂ દાખલ થાય છે એવું જાહેર કરવામાં આવ્યું હતું, પરંતુ જ્યાં વ્યવસ્થા અને હુકમ સ્થાપિત થયાં એટલે તરત જ સુસ્થાપિત રાજ્ય રદ થયું. મહારાજાને પદભ્રષ્ટ કરવામાં આવ્યા, અને પંજાબ બ્રિટિશ મુલકમાં જોડી દેવાયું. ડિસેમ્બર ૧૮૪૬ ના તહનામા પછી નીમાયેલા પહેલા રેસિડેન્ટ સર હેનિ લોરેન્સે આ ખાલસા કરવાના પગલા સામે વાંધો ઉઠાવ્યો અને પોતાની જગાનું રાજીનામું આપ્યું, પણ લોર્ડ ડેલ્હાઉસી એની કિંમત સમજતો હતો, અને તેથી તેણે રાજીનામું પાછું ખેંચી લેવાને તેમને સમજાવ્યું.

આ પછી ત્રણ વર્ષ બાદ લોર્ડ ડેલ્હાઉસીએ વળી એક બીજી લડાઇ જાહેરી. બ્રહ્મદેશમાં યાન્ડોબાના તહનામાને ન ગણકારતાં પરદેશી વેપારીઓ પાસેથી મોટી રકમો લેવામાં આવતી અને બ્રહ્મદેશ સાથે વેપાર કરવામાં ઘણી મુશ્કેલીઓ આવતી હતી. તેથી ૧૮૪૦ ની સાલથી બ્રિટિશ સરકારે આવાની સરકારમાંથી પોતાનો એલચી ખેંચી લીધો હતો. ૧૮૫૨ ના સપ્ટેમ્બર ની ૨૭ મી તારીખે રંગુનના કેટલાક બ્રિટિશ વેપારીઓએ લોર્ડ ડેલ્હાઉસીના તૈયાર થઇ રહેલા કાનમાં કેટલીક ફરિયાદો રેડી. ગવર્નર જનરલે તે ફરિયાદોના ખરાપણા વિષે તપાસ કરવા એક નૌકાસેનાના અમલદારને મોકલ્યો. વેપારીઓને થયેલી નુકસાની બદલ ૯૦૦ પાઉંડ માગ્યા, અને રંગુનના બ્રહ્મદેશી ગવર્નરને નોકરીથી દૂર કરવાની પણ માંગણી કરી. એક વર્ષ ઉપર ગ્રીસમાં માલ્ટાના જુ વેપારીઓને નુકસાન થયાથી લોર્ડ પામ્મરસ્ટને જે પ્રકારની માગણી કરી હતી તેજ પ્રકારની માગણી આ વખતે લોર્ડ ડેલ્હાઉસીએ બ્રહ્મદેશ તરફ પણ કરી, પણ લોર્ડ ડેલ્હાઉસીની માગણીઓ પ્રમાણે કોઇ વર્ત્યું નહિ,

એટલે તેમણે યુદ્ધ જાહેર કર્યું, રંગુન પ્રોમ અને પેગુ ૧૮૫૨ ના ડિસેમ્બરની ૨૦ મી-એ ઇંગ્રેજે પોતાને તાબે કર્યાં, અને લોઅર બ્રહ્મદેશને બ્રિટિશ મુલકમાં જોડી દઇને લડાઇ બંધ કરી.

પણ આ ફતેહો કરતાં વારસને અભાવે આપણાં દેશી રાજ્યોને ખાલસા કર્યાનો ઇતિહાસ–વધારે વિલક્ષણ છે. આપણા શાસ્ત્રમાં એવું છે કે જો ઔરસ વારસ ન હોય તો વારસ તરીકે દત્તક પુત્ર લેવો, અને કાયદામાં ઔરસ અને દત્તક પુત્ર વચ્ચે કંઇ પણ ભેદ મનાય નહિ. મુસલમાની અમલના પાંચ સૈકામાં મુસલમાન બાદશાહોએ હિંદુઓના આ દત્તકવિધાનના કાયદા સંબંધે કંઇ પ્રશ્ન સરખો પણ કહાડ્યો નહતો. કોઇ હિંદુરાજા સદ્‌ગતિ પામે એટલે તેનો પુત્ર ઔરસ કે દત્તક બાદશાહ પાસેથી નવી સનદ લે અને બાપ-દાદાની ગાદી ઉપર બેસે. બીજી તરફથી જે બાદશાહો મુલક વધારવાના જ લોભી હોય તે કંઇ પણ સંકોચવિના પુત્ર ઔરસ હોય કે દત્તક હોય પણ એક પછી એક તાબાનાં રાજ્યો ખાલસા પણ કરતા. બ્રિટિશ સામ્રાજ્યમાં જ્યારે કોઇ હિંદુરાજા દત્તક પુત્ર લે ત્યારે બાદશાહી સનદ લેવાનો રીવાજ દાખલ થયો હતો અને એકવાર આ રીવાજ દાખલ થયો એટલે રાજ્યકાર્યધુરંધર સભાની નજર, જરૂર પડે તો, મંજુરી મોકુફ કરવા ઉપર દોડી હતી. તે મુજબ ૧૮૩૪ માં તે સભાએ લખ્યું હતું કે દત્તક પુત્રનો વારસો મંજુર કરવાનો અમારો અનુગ્રહ અપવાદ તરીકે ગણવો જોઇએ, ઉત્સર્ગ તરીકે નહિ. સને ૧૮૪૨ માં સરકારે એવો નિશ્ચય કર્યો કે "મુલક અથવા ઉપજ વધવાના વાજબી અને માનવંતા પ્રસંગો જવા ન દેવાનો સ્પષ્ટ અને સીધો માર્ગ ન ચુકવામાં સાવધાન રહેવું." આ નિશ્ચયનો અમલ કરવાનું લોર્ડ ડેલ્હાઉસીના હાથમાં આવ્યું, કારણ કે લોર્ડ ડેલ્હાઉસીના વખત પહેલાં એક બે નાનાં અને નજીવાં રાજ્યો સિવાય પૂર્વના વખતમાં કોઇ રાજ્યોના સંબંધમાં આ નિર્ણયનો અમલ થયો ન હતો.

આ નવી રાજ્યનીતિનો પહેલો ભોગ સતારાનું રાજ્યકુટુંબ થઇ પડ્યું.

સતારાની ગાદી મરાઠા રાજ્યના સ્થાપનાર શિવાજી મહારાજના વંશજોના હાથમાં હતી. આ રાજ્ય માર્કિવસ ઑફ હેસ્ટિંગ્સે જ્યારે સન ૧૮૧૮ માં પેશ્વાઇ ખાલસા કરી ત્યારે સ્થાપ્યું હતું. તે પછી ત્રીસ ઉપરાંત વર્ષો થઇ ગયાં હતાં; અને સતારાના છેલ્લા રાજાએ હિંદુશાસ્ત્ર અને પોતાના કુલાચાર પ્રમાણેના પોતાના હકને અનુસરીને દત્તક પુત્ર લીધો હતો. ૧૮૪૮ માં રાજા વિદેહ થયો ત્યારે મુંબઇના ગવર્નર સર જ્યોર્જ કલેર્કે એવી ભલામણ કરી હતી કે તેનો પુત્ર ગાદીએ બેસે તે સરકારે મંજુર રાખવું, પણ તેના મંત્રીઓ તેની વિરૂદ્ધ પડ્યા, અને તેના પછી તે અધિકાર ઉપર આવનારનો મત પણ તેનાથી જુદો પડ્યો. આખરે આ સવાલ કમ્પનીની કાર્ય ધુરંધર સભા પાસે આવ્યો. વૃદ્ધ હેનરી સેન્ટ જોન ટકરે એના રાજ્યને ખાલસા કરવાની વિરૂદ્ધ પોતાનો મત બતાવ્યો પણ પરિણામ એક ક્ષણ પણ સંશયમાં ન રહ્યું. બહુ મતથી તે સભાએ ખાલસા કરવાની વાત મંજુર કરી.

તે પછી કરૌલીના રાજ્યનો વારો આવ્યો. આ રાજ્યનો રાજા તે જ વર્ષમાં મરણ પામ્યો હતો અને તેણે પણ સતારાના રાજાની પેઠે દત્તક પુત્ર લીધો હતો. લૉર્ડ ડેલહાઉસીના મનમાં સતારા અને કરૌલીની વચ્ચે કાંઇ પણ ભેદ ન હતો, અને તે રીતે કરૌલી પણ સરકારે હાથ કરવાનો નિશ્ચય કર્યો. પણ ધુરંધર સભાએ ઠરાવ્યું કે કરૌલીનું રાજ્ય એક રક્ષિત મિત્ર છે. આશ્રયી રાજ્ય નથી, અને તેથી તેને ખાલસા કરવાનો વિચાર મંજુર ન કર્યો. લખે છે કે:—

કર્નલ લૉએ પોતાનો અભિપ્રાય દત્તક પુત્રને મંજુર કરવાના પક્ષમાં આપ્યો છે અને સર ફ્રેડ્રિક કરી તે અભિપ્રાયને પુષ્ટિ આપે છે. પણ ગવર્નર જનરલ મિ. લ્યુશસ તેથી જુદા મતના છે અને તે મુલક ખાલસા કરવાના નિશ્ચય ઉપર આવ્યા છે. ગવર્નર જનરલે બન્ને પક્ષની વાજબી અને અપક્ષપાત તુલના કરી છે, પણ અમે એવા નિર્ણય ઉપર આવીએ છીએ કે નરસિંગપાલના દત્ત પુત્ર તરીકે ભરતપાલને કરૌલીના રાજા તરીકે આપણે સ્વીકારવો જોઇએ. ”

આ બાબતમાં આ ઠરાવ ઉપર આવવામાં અમે સ. ૧૮૪૯ માં સતારાના રાજાના સંબંધમાં જે ધોરણ સ્વીકાર્યું છે તે ધોરણ રદ કરતા નથી પણ અમને એમ જણાય છે કે હકીકતમાં આ બે રાજ્યોમાં ઘણો તફાવત છે અને તેની યોગ્ય નોંધ ગવર્નર જનરલના ખરીતામાં અમારા જોવામાં આવી નથી. સતારા રાજ્ય એક તરતનું જન્મેલું, બ્રિટિશ રાજ્યની ઉદારતાથીજ, બ્રિટિશ રાજ્યથીજ જન્મપામેલું રાજ્ય હતું, પણ કરૌલી તો જૂનામાં જૂના રજપૂત રાજ્યોમાંનું એક છે, અને બ્રિટિશ રાજ્યના આગમનની પૂર્વે ઘણા કાળ પહેલાં રજપૂત રાજ્યની નીચે હતું."

આ પત્રમાં કમ્પનીની સમતોલ નીતિનાં કારણો આપણને દેખાવ દે છે. સતારા એક નજીવું મરાઠા રાજ્ય હતું, અને તેને ખાલસા કરવામાં કંઈ રાજ્યકીય તોફાનનો ભય નહતો. કરૌલી એક રજપૂત રાજ્ય હતું અને તેને ખાલસા કરવાથી આખું રજપૂતાના ચળકે એવો સંભવ હતો. હિંદુસ્તાનના સાચા અને નિઃસ્વાર્થ મિત્ર મિ. ડિકિન્સનના અધ્યક્ષપણા નીચે ઇન્ડિયન રિફોર્મ એસોસીએશને કરૌલીનું રાજ્ય ખાલસા કરવાની અનીતિમયતા ઉપર જનમંડળનું ધ્યાન ખેંચ્યું હતું. હાઉસ ઑફ કોમન્સમાં મિ. બ્લેકેટે એક દરખાસ્ત લાવવાની ખબર આપી હતી અને તે વખતના કાર્યભાર મંડળે એક અધર્મ અટકાવી ગવર્નર જનરલને ખમી ખાવાનો હુકમ કર્યો.

તે પછી મધ્ય પ્રાન્તોનું સંબલપુરનું રાજ્ય ખાલસા થયું. કારણ ત્યાંનો રાજા અપુત્ર અને દત્તક લીધા વિના ગુજરી ગયો, પણ તે પછી ઘણો અગત્યનો અને ઐતિહાસિક મુકદમો ધ્યાનમાં લેવાનું આવ્યું. ઝાંસીના રાજા ગંગાધરરાવ ૧૮૫૩ ના નવેમ્બરમાં ગુજરી ગયા. તેમણે એક પુત્ર દત્તક લીધો હતો, જેણે દામોદર ગંગાધરરાવ એવું નામ ધારણ કર્યું હતું. મરનાર રાજાએ મરતી વખત ઝાંસીના બે બ્રિટિશ અમલદાર પોલિટિકલ એજન્ટ અને બ્રિટિશ લશ્કરના સેનાપતિ રૂબરૂ દત્તક વિધાન જાહેર કર્યું હતું. યોગ્ય અધિકારીઓ ઉપર

પત્રો લખી તેણે આ બે અમલદારોને સોંપ્યા હતા, અને પોતાની વિધવા અને પોતાના દત્તક પુત્રને સરકારની નિશેબાનીમાં સોંપ્યાં. લૉર્ડ ડેલ્હાઉસીએ ઠરાવ્યું કે બાનગી હકકોને માટે આ દત્તવિધાન વાજબી હતું, પણ રાજ્યના હકનો વારસો આપવા માટે નકામું હતું, અને તે કારણથી તેણે ઝાંસીનું રાજ્ય પણ બાલસા કર્યું.

પ્રથમના વખતમાં બ્રિટિશ રાજ્યને ઝાંસીના રાજ્યે ઘણી અને અગત્યની મદદ કરી હતી. ઝાંસીના રાજાએ ૧૮૨૫ માં કાલ્પી બચાવ્યું હતું, અને ૧૮૩૨ ના દરબારમાં લૉર્ડ વિલ્યમ બેન્ટિન્કે તેનાં વખાણ કર્યાં હતાં અને ઉપકાર માન્યો હતો, અને તેણે 'દીદની બાદશાહ જનુની ઇંગ્લિશરતાન' (હિંદુસ્તાનના પ્રતાપી બાદશાહના ભકિતમાન સેવક) એ કીતાબ પોતાના કીતાબોમાં દાખલ કર્યો હતો.

મુલક બાલસા થયા પછી વિધવા રાણીએ બ્રિટિશ સરકારને પોતાના રાજ્યની વફાદારી તરફ ધ્યાન ખેંચીને અપીલ કરી અને ઝાંસીના પોલિટિકલ એજન્ટ મેજર માલકમે તેની હકીકતને ટેકો આપ્યો. તેણે લખ્યું કે, "આપણી સત્તા અત્યારની પ્રતાપી સ્થિતિમાં આવી તે પહેલા ઝાંસીના રાજ્યે ઘણા લાલચોના પ્રસંગોમાં આપણા તરફ જે ભક્તિ અને વફાદારી બતાવી છે તેનું બાબ સાહેબે જરાપણ વધારે પડતું વર્ણન કર્યું નથી અને મહારાણી પોતે પણ બહુ ઉંચા સ્વભાવનાં અને સર્વપ્રિય છે." પણ લૉર્ડ ડેલ્હાઉસી રાજ્યના ઇતિહાસથી કે તાત્કાલિક રાજ્યકર્ત્તાની સ્થિતિ કે સ્વભાવથી જરા પણ પીગળ્યા નહીં.

આ પગલાએ ઝાંસીના મિત્ર અને ભક્તિમાન રાજ્યને કટ્ટું દુશ્મન કર્યું; અને એક ઉંચા શીલવાળી સ્ત્રીને નિર્દય અને ક્રેરી બનાવી. ઝાંસીની રાણીએ ૧૮૫૭ નો બળવો સળગાવ્યો. તેને મદદ કરી અને પોતે તેમાં જોડાઇ. ઝાંસીમાં તે બળવામાં થએલી કતલમાંની અત્યંત ક્રૂર કતલ કરવાની

તેણે મંજુરી આપી. પુરૂષનો પોષાક પહેરી બહાદુરીમાં બ્રિટિશ લશ્કરની સામે તે બાઇ લડી અને બહાદુરીમાં પોતાની કોમમાં એક અનુપમ લડવૈયાનું માન પામીને હાથમાં તલવાર સાથે રણમાંજ પડી. આ ઝાંસીની રાણી જીવી હત તો પોતાના નાના રાજ્યની એક સમર્થ અને સદાચરણી રાજ્યકર્ત્રી તરીકે નામ કહાડવા ભાગ્યશાળી થઈ હત. અર્વાચીન ભારતવર્ષમાં આવી આવી ઘણી સ્ત્રીઓ થઇ છે પણ આ બાઇ માટે અત્યંત કરુણમય અંત નિર્માણ થયો હશે. અર્વાચીન ભારતવર્ષની વીરકથાઓમાં ઝાંસીનાં રાણી જૅન ઑફ આર્કની માફક ચિરંજીવ રહ્યાં છે.

એક પછી એક નાનાં નાનાં રાજ્યો ખાલસા થયેજ ગયાં પણ આ નિર્વંશરિક્થાધિકારના સિદ્ધાન્તનું મોટામાં મોટું ફળ નાગપુરનું રાજ્ય થયું. ૧૮૫૩ ના ડિસેમ્બરની ૧૧ મી તારીખે નાગપુરનો રાજા રાઘોજી ભોંસલે અપુત્ર વિદેહ થયો, તેની એક વિધવાએ એક બાળક સગાને દત્તક લીધો, એને 'આપા સાહેબ' એ નામ આપ્યું. હિંદુધર્મશાસ્ત્રાનુસાર તે દત્તક વિધાન ન્યાય્ય હતું. મિ. મેન્સલ પોલિટિકલ એજંટે હુકમ પ્રમાણે, ન આ કૃત્યને ઉત્તેજન આપ્યું કે ન તેનો પ્રતિબંધ કર્યો; પણ તેણે કરીને આ દત્તક વિધાન મંજુર કરવા ભલામણ કરી. ૧૮૫૪ ના જાન્યુઆરીની ૨૮ મીએ ડેલ્હાઉસીએ આ મોટું અને આબાદ રાજ્ય ખાલસા કરવાનો નિશ્ચય કર્યો.

વળી વરાડનું વિસ્તૃત અને કપાસ પેદા કરનારૂં રાજ્ય બીજા બ્હાનાથી હસ્તગત કર્યું. હાઇદ્રાબાદના નિઝામ સરકારના ખરચે જે સહાયક સૈન્ય રાખવામાં આવ્યું હતું તે અતિશય હતું, અને નિઝામ સરકાર પાસેથી તે બદલ ૭૫૦,૦૦૦ પાઉંડ બ્રિટિશ સરકાર માગતી હતી. ગવર્નર જનરલે એવું જાહેર કરાવરાવ્યું કે વરાડ અને કૃષ્ણા તથા તુંગભદ્રા વચ્ચેનો મુલક પાછલા દેવા બદલ અને ભવિષ્યની જમીનગીરી બદલ સરકાર લેવા ખુશી છે. જ્યારે આ બાબતનો મુસદ્દો નિઝામને બતાવવામાં આવ્યો ત્યારે તેણે દલીલો કરી તે

બધી નકામી નીવડી. સાઠ વર્ષની મૈત્રીનું આ પરિણામ!? એવો એણે પ્રશ્ન કર્યો, અને કહ્યું કે મારા રાજ્યનો ત્રીજો ભાગ આમ આપી દેવાથી મારી રૈયતની નજરમાં હું બહુ હલકો પડી જઈશ પણ તે તકરાર પણ નિષ્ફળ નીવડી. તેણે સંધિપત્ર ઉપર સહી કરી અને તે પછી થોડે કાળે તે બેહસ્તનશીન થયો.

લોર્ડ ડેલ્હાઉસીનું એક બીજું કૃત્ય વર્ણવવાનું રહે છે. તે અયોધ્યાનું પ્રકરણ. તેણે અયોધ્યા પણ ખાલસા કર્યું. અયોધ્યાની અવ્યવસ્થા એ એનું કારણ જણાવવામાં આવે છે અને કહેવું જોઇએ કે આ બાબતના રાજ્ય લેખો અને સ્લીમન અને ઉટ્રામ જેવા અધિકારીઓનાં પ્રમાણો વાંચ્યા પછી આ અવ્યવસ્થાના સંબંધમાં કંઇ શંકા આપણા મનમાં રહેતી નથી. પણ આ અવ્યવસ્થાનો ઉપાય થઇ શકત. ૧૮૪૦ થી ૧૮૫૪ સુધી સર વિલ્યમ સ્લીમન અયોધ્યાના રેસિડન્ટ હતા. તેમણે અયોધ્યાના રાજ્યની વ્યવસ્થા કરવાની યોજનાઓ ઘડીને હિન્દુસ્તાનની સરકાર ઉપર આગ્રહપૂર્વક મોકલી હતી. પણ સુધારો એ ડેલ્હાઉસીનું લક્ષ્ય કદાપિ ન હતું. તેનો તો ખાલસા કરવાનોજ સંકલ્પ હતો. આ બાબતની એક નોંધમાં તે લખે છે કે " બ્રિટિશ સરકાર દેશી રાજ્યને સુધારવાને માટે શ્રમ, જોખમ અને જવાબદારી લે તો ખરચ ઉપરાંતની વધારાની ઉપજ લેવાને તે હકદાર છે. " ખાલસા કરવાના આ દોરથી ડેલ્હાઉસીએ સુધારા દાખલ કરવાનું ધોરણ-જ્યાં સુધી અનિષ્ટતા અસહ્ય થાય ત્યાં સુધી-સ્વીકાર્યું નહિ અને જ્યારે દુર્વ્યવસ્થા ઘણીજ થાય ત્યારે મુલકને ખાલસા કરીને કમ્પનીની હદમાં જોડી દેવાને તે હમેશાં તૈયાર હતો.

અયોધ્યાના સંબંધમાં ડેલ્હાઉસીએ ત્રણ યોજનાઓ કાર્ય ધુરંધર સભા આગળ મૂકી હતી. પહેલું એ કે અયોધ્યાના રાજાએ પોતાનો મુલક નિયમિત સમય સુધી બ્રિટિશ સરકારને સોંપી દેવો; અથવા, તે પંડે બાદશાહી દમામ ભોગવે પણ રાજ્યવ્યવસ્થા કમ્પનીના હાથમાં હમેશને માટે રહેવાદે; અથવા રાજ્ય પૂર્ણ રીતે અને રીતસર ખાલસા કરાય. બેન્ટિન્ક જેવાએ પહેલી યોજના

સ્વીકારી હત. લોર્ડ ડેલ્હાઉસીએ પોતે બીજાની હીમાયત કરી હતી પણ કાર્ય ધુરંધર સભાએ ત્રીજી અંગીકાર કરી. ૧૮૫૫ ના નોવ્હેમ્બરની ૨૧ મી તારીખના પત્રમાં–જે પત્ર બંધાયાવિના લખવાની કળાના મુત્સદ્દીપણાના નમુનારૂપે ગણાયેા છે, તેમાં–તેમણે અયેાધ્યાને ખાલસા કરવાનેા હુકમ આપ્યેા અને તેમાં તેમણે એવેા આગ્રહ કર્યો કે લોર્ડ ડેલ્હાઉસીએ પોતેજ હિંદુસ્તાનના ઉપરાજનું પદ છોડતાં પહેલાં આ પગલું અમલમાં મૂકવું. આઠ વર્ષની અનવરત મહેનતને લીધે લોર્ડ ડેલ્હાઉસીની તબીયત લથડી ગઇ હતી. ૪૩ વર્ષની ઉમ્મરે તેા તે અકાલ વૃદ્ધ થઇ ગયેા હતેા, અને મંદવાડમાં ચાલી પણ શકતેા ન હતેા, તેાપણ તેણે આ કૃત્ય અમલમાં મૂકવાનું માથે લીધું, અને પાર ઉતાર્યું. ૧૮૫૬ ના ફેબ્રુઆરીની ૧૩ મી તારીખે અયેાધ્યાનું રાજ્ય ખાલસા કરવાનું જાહેરનામું નીકળ્યું. તેજ માસની આખરે લોર્ડ ડેલ્હાઉસીએ અધિકાર પણ છોડ્યેા. તેણે વૈદ્યોને કહ્યું છે કે સારૂં છે કે "આ માસમાં ૪કત એાગણત્રીસજ તારીખેા છે. હું અધિકાર ઉપર બે દિવસ પણ વધારે રહી શકત નહિ."

લૉર્ડ ડેલ્હાઉસીનાં પરાક્રમેાનેા ઇતિહાસ ટુંકામાં ઉપર વર્ણવાઇ ગયેા. આઠ વર્ષની કારકીર્દીમાં એણે આઠ મેાટાં દેશી રાજ્યેા ખાલસા કર્યાં અને તેનાં કારણેા ભાતભાતનાં જણાવવામાં આવ્યાં; દેશમાં બળવેા થવાથી પંજાબ, બ્રિટિશ વેપારીઓની ફરિઆદેા ઉપરથી લેાઅર બર્મા (બ્રહ્મદેશ), નિઝામના કરજના બદલામાં બિરાર; અસહ્ય રાજ્યવ્યવસ્થાના કારણથી અયેાધ્યાનું રાજ્ય, બિનવારસી બીલકત હેાવાના કારણસર સમ્બલપુર; અને દત્તકપુત્રેા નામંજુર કરીને સતારા, ઝાંસી અને નાગપુરનાં રાજ્યેા.

આ કૃત્યેાના સંબંધમાં ઉઠેલા વાદ વિવાદેામાં ઉતરવાનું આપણને પ્રયેાજન નથી. ડેલ્હાઉસીની આ નીતિ ન્યાયી હતી એમ કેાઇ પણ નિષ્પક્ષપાત ઇતિહાસકાર કહી શકશે નહીં. ઈંગ્લંડના અત્યંત વિચારશીલ લેખકેામાં ગણવા લાયક એક લેખકે ડેલ્હાઉસીનાં આ કૃત્યેાને પ્રશીયાનાં ફ્રેડરીક ધિ ગ્રેટનાં

કૃત્યો સાથે સરખાવીને કંઈક ટેકો આપ્યો છે. પણ આ સરખામણી યોગ્ય નથી. ફ્રેડરીકનાં યુદ્ધો સમાનકક્ષાના દુશ્મનો સાથે હતાં; અને એના દ્વેષે પોતાની પ્રજાને યુરોપની મહાન્ પ્રજાઓમાં સ્થાન આપવાના ઉંચા લોભથી પ્રેરાયેલાં હોવાથી કંઈક ક્ષન્તવ્ય હતાં, પણ ડેલ્હાઉસીએ અશક્ત ઉપર પ્રહાર કર્યા અને ઇસ્ટ ઇન્ડિયા કંપનીની મોટી બાદશાહતમાં વધારો કરવા માટે એક જુના ધારાનો ખોટો અર્થ કરવા સુધીની હલકાઈ કરી.

લૉર્ડ ડેલ્હાઉસી સ્વરાજ્ય અને સ્વતંત્ર અધિકારનો નાશ કરવાથી જ ભારતવર્ષની ઉન્નતિ થશે એવા બાદશાહી વિચારનો છેલ્લો રાજપુરુષ હતો. હિંદુસ્તાનમાંથી નિવૃત્ત થયા પછી એ થોડું જીવ્યો, પરંતુ તેટલી ટુંકી મુદતમાં પોતાના વિચારો અયોગ્ય ગણાતા તેણે જોયા. ઇસ્ટ ઇન્ડિયા કમ્પની જ નષ્ટ થઇ, અને નિર્વંશરિક્થાધિકારનો સિદ્ધાંત મહારાણી સરકારે પોતે ખોટો ઠરાવ્યો. મહારાણી શ્રીના અપરોક્ષ રાજ્યના આરંભનાં વર્ષોમાં ભારતવર્ષની ઉન્નતિ સારૂ ઉદાર વિશ્વાસની નીતિ પ્રચાર પામી. એ વર્ષોમાં એક કન્ઝર્વેટિવ પક્ષના મંત્રી સર સ્ટેફર્ડ નોર્થકોટે મ્હૈસૂરનું રાજ્ય સ્વદેશી રાજ્યધુરા નીચે મૂકવાનું પગલું ભર્યું અને બીજા કન્ઝર્વેટિવ મંત્રી લૉર્ડ સોલ્સબરિએ વડોદરાના રાજાને અસદ્ રાજ્યવ્યવસ્થા અને ગુન્હાઓના સબળસર પણ ખાલસા કરવાની ના પાડી. મ્હૈસૂરના પ્રાચીન વંશનો ઉદ્ધાર અને વડોદરાની માદી માટે એક નવા યોગ્ય રાજ્યકર્ત્તાની પસંદગી એ બ્રિટિશ મંત્રીઓના હિંદુસ્તાન તરફનાં ઘણાં ઉદાર અને ડહાપણ ભરેલાં કૃત્યોમાં ગણવા લાયક છે. સ્વકીય મહારાજાઓની ધુરા નીચે આ રાજ્યોમાં જેવી રાજ્ય વ્યવસ્થા છે તેવી ભારતવર્ષના બીજા કોઇ પણ ભાગમાં નથી.

પ્રકરણ ૨ જું.

જમાબન્દી–૧ ઉત્તર હિંદુસ્તાન.

લોર્ડ કલાઇવે સ્થાપેલો બંગાળાનો બ્રિટિશ ઇલાકો વૉરન હેસ્ટિંગ્સ અને માર્કિવસ ઓફ વેલ્સલીના અમલમાં ઘણો વિસ્તાર પામ્યો હતો બનારસ અને બીજા કેટલાક પ્રાન્તો ૧૭૭૫ માં અયોધ્યાનો તે વખતનો નવાબ મરી ગયો ત્યારે તેના ઉત્તરાધિકારીની સાથે સંધિ કરીને હેસ્ટિંગ્સે લીધા હતા. અલાહાબાદ અને તેની નજીકના જીલ્લાઓ વેલ્સલીના દબાણથી અયોધ્યાના નવાબે ૧૮૦૧ માં બ્રિટિશને આપી દીધા હતા અને તેનું નામ પણ નિક્ષિપ્ત પ્રાન્તો અથવા અર્પિત પડયું હતું. દિલ્હી, આગ્રા અને ગંગાના પ્રદેશો વેલ્સલીના જ અમલમાં ૧૮૦૩ માં મરાઠાઓ પાસેથી જીતી લીધા હતા અને તેનું નામ વિજિત પ્રાન્તો પડયું હતું.

સને ૧૭૯૫ માં બનારસમાં રાજ્યનો હક્ક હમેશને માટે મુકરર થયો હતો. અર્પિત અને વિજિત પ્રાન્તોના લોકોને પણ ૧૮૦૩ અને ૧૮૦૫ માં એવીજ અચલ જમાબન્દીનું વચન આપવામાં આવ્યું હતું, પણ તે પાળવામાં આવ્યું ન હતું; કારણકે ૧૮૦૮ માં કોકસ અને જોર્જ ટકરે તત્કાલ સ્થાયી જમાબન્દી ઉતરવાના વિચારની સામે થયા હતા પણ છેવટે લોર્ડ વિલ્યમ બેન્ટિન્કે આ વાત હાથમાં લીધી અને નવેસરથી જમાબન્દી કરવાનો ઠરાવ થયો. આ વખતે રાજ્ય હક્કની ૬૬ ટકાની હદ બાંધવામાં આવી હતી અને જમાબન્દીનો પટો ત્રીસ વરસને માટે મુકરર કર્યો હતો.

આ કામ રોબર્ટ માર્ટેન બર્ડસને સોંપવામાં આવ્યું હતું. એમણે શી રીતે કામ કર્યું હતું તે આગળ બતાવવામાં આવ્યું છે. એ જમાબન્દી દસાની લાગણીથી નિશ્ચિત કરવામાં આવી હતી અને તેથી ઉતરાટે હિંદુસ્તાનના

ખેડુત લોકો ઘણી મુઝવણમાંથી મુક્ત થયા હતા. કારણ કે પહેલાં વારંવાર જમાબન્દીઓ થતી અને આકારો બહુ ભારે પડતા. મર્ટિન્સ બર્ડ નવ વરસ સુધી રહ્યો, અને ૧૮૪૨ માં જ્યારે તે દેશ ગયો ત્યારે તે એક સવિસ્તર રિપોર્ટ કરતો ગયો.

અચળ જમાબન્દીનો વિચાર તો માંડીજ વળાયો હતો. તો પણ બર્ડની ઇચ્છા એવી હતી કે જે પ્રાન્તોમાં ઘણીખરી જમીન ખેડાણ થઇ ગઇ છે તે પ્રાન્તોની પોતે નિર્ણીત કરેલી જમાબન્દી અચળ ગણવી. તેના સરળ રિપોર્ટમાંથી નીચેની હકીકત પ્રત્યક્ષ થાય છે.

દિલ્હી વિભાગ.

દિલ્હી વિભાગના જે પ્રદેશમાં ન્હેરો હતી ત્યાં વસતિ સારી અને આબાદ હતી. કેટલાક લોકો ઉપર જમાબન્દી બહુ આકરી પડી હતી; પણ હવે તેની ભીંસ કમતી કરવામાં આવી હતી, અને તે પછી જે જમાબન્દી મુકરર કરવામાં આવી તે વાજબી હતી. બાકીનો જે ભાગ ન્હેરો વિનાનો હતો તેમાં ખેડુતને પૂરતો નફો મળતો નહિ.

"તેથી હું એવા નિર્ણય ઉપર આવું છું કે સરકાર જ્યાં સુધી ન્હેર ન બેાદ્યવે ત્યાં સુધી ફરીથી જમાબન્દી કરતી વખતે દિલ્હી વિભાગમાંથી કંઇ વધારે નફો મેળવવાની આશા નથી." આ વખત ઘઉંનો ભાવ રૂ. ૧) ના ૭૬ રતલ હતો.

મીરત વિભાગ.

સહરાનપુર જીલ્લો. આ જીલ્લામાં કેટલેક ઠેકાણે તો જમાબન્દીનો આકાર અતિશય ભારે પડતો ઠરાવેલો છે. અને જમાબન્દી ઉઘરાવવામાં જે પગલાં લેવાયાં છે તે અત્યંત સખ્ત અને ગેરકાયદે છે. કેટલીક અત્યંત ઉદ્યોગી કોમો પણ નિસ્તેજ થઇ ગયેલી છે. સરકારનું લેવાણ સરખું કરવાને ઘણો

પ્રયત્ન કર્યો અને તેમાં કૃતેહ પણ મળી; પરંતુ હજી ઘણી અસમતા રહી છે. આ જમાબન્દીનો પટો ખલાસ થઇ જાય તે પછી કેટલાક ભાગોમાં સરકારની ઉપજ વધવાનો સંભવ છે. પણ ખેડવાણ જમીનનો પાંચમો ભાગ હમેશાં ગોચરને માટે અને ઘાસ ઉગાડવા સારૂ રાખી મૂકવો જોઇએ. તેમજ તે રીતે જમીનો પડતર રાખીને જમીનનો કસ વધારવાનું પણ બની શકશે. હરદ્વારથી અલાહાબાદ સુધીની ન્હેર તૈયાર થયા પછી સરકારી ઉપજમાં કાંઇક વધારો થવાની આશા રાખી શકાય.

ઘઉંનો સરેરાશ ભાવ રૂ. ૧) ના ૮૦ રતલ હતો.

મુઝફરનગર જીલ્લો. જ્યાં હમણાં બહુ હલકો દર અપાય છે ત્યાં આવતી જમાબન્દીએ કાંઇક વધારો કરી શકાશે. પણ જે ગામમાં ખેડવાણ જમીનનો અડધ ભાગ ખેડાણ થઇ ગયો હોય, અને તેટલા માટે ધોરણસર આકાર ભરાતો હોય ત્યાં જમાબન્દીની રકમમાં વધારો કરવો જોઇએ નહિ.

ઘઉંના સરેરાશ ભાવ રૂ. ૧) ના ૭૫ રતલ હતો.

બુલંદશહર જીલ્લો. આ ભાગ બહુ પછાત છે. આકારનો દર હલકો છે. ન્હેરનું કામ પૂરૂ થયે તેમજ ખેડાણ ભાગ વધ્યાથી અને આકારને દર વધાર્યાથી ઉપજમાં કાંઇક વધારાની આશા રાખી શકાય.

ઘઉંનો સરેરાશ ભાવ રૂ. ૧) ના ૬૬ રતલ.

મીરત જીલ્લો. આ જીલ્લો બહુ સુંદર છે. ખેડાણમાં વધારો થવાથી આવતી જમાબન્દીએ ઉપજમાં વધારો થઇ શકશે. પણ ન્હેરો દાખલ થવાથી આકારના દરમાં વધારો થઇ શકે તે સિવાય દરમાં વધારો કરવાની આશા રાખવી નહીં.

ઘઉંનો સરેરાશ ભાવ રૂ. ૧) ના ૬૬ રતલ.

અલીગઢ જીલ્લો. આ જીલ્લો આબાદ છે, ખેતી સારી છે માત્ર છ પરગણામાં ભવિષ્યમાં જમીનની મહેસુલમાં વધારો થઇ શકે એમ છે.

બીજામાં તો જ્હેરોનાં પાણુ દાખલ થાય તોજ વધે તે સિવાય નહીં. આ ગામના લોકોને ગણોતા વેપારીઓ અને શાહુકારો તરફથી મોટી રકમો ધીરવામાં આવી છે, અને તેથી કરજમાં માંડેલી જમીનનાં વેચાણ વિગેરેમાં ઘણી મુશ્કેલીઓ પડી છે.

ઘઉંનો સરેરાશ ભાવ રૂ. ૧) ના ૭૮ રતલ હતો.

આગ્રા વિભાગ.

આગ્રા જીલ્લો. ભરખેતી અને ભર આકાર છે. આ જીલ્લામાં ગમે તે પ્રસંગે વધારે જમાની આશા રાખવી ન જોઇએ, અને અત્યારે જે દર છે તેજ દરથી તેને અચળ જાહેર કરવી જોઇએ. પેદાશમાં વધારાની કે ખેતીની રીતમાં સુધારાની કે પીતમોલના વધારાની આશા ત્યારેજ રાખી શકાય કે જ્યારે કરેલા શ્રમ અને ખરચનો તમામ બદલો પોતાને જ રહેશે એવી ખેડુતોની ખાત્રી થાય.

મથુરા જીલ્લો. આ જીલ્લામાં પણ ભરખેતી છે. અત્યારના દરેજ જમા અચળ કરવી જોઇએ. જ્યાં સુધી તમામ લાભ પોતાને જ મળશે એવી લોકોને ખાત્રી ન થાય ત્યાં સુધી કાંઇ સુધારા વધારાની આશા નથી.

ફરકાબાદ જીલ્લો. કેટલાક ભાગમાં ભરખેતી છે, પણ બીજા કેટલાકમાં ખેતીના વધવાથી તેમજ આકારમાં વધારો કરીને ઉપજમાં કાંઇક વધારો કરી શકાશે. જ્હેર દાખલ કર્યાથી પણ કાંઇક વધારો થાય.

મીનપુરી જીલ્લો. કેટલાક ભાગોમાં ખેતી પૂર્ણ છે, અને આકાર પણ ભર છે. બીજામાં તેમ નથી.

ઇટાવા જીલ્લો. ભરખેતી, ભર આકાર; જ્હેર દાખલ કર્યા સિવાય ઉપજમાં વધારો થવા સંભવ નથી. એક આ પ્રસંગ બાદ કરતાં અત્યારની જમાબંદી અચળ ગણવી જોઇએ.

રોહિલખંડ વિભાગ.

બિજનોર જીલ્લો, આ જીલ્લામાં પહેલાં આકાર બહુ ભારે હતો, અને જીલ્લાના અમલદારો લોકો તરફ ક્રૂરતાથી વર્તતા. ખરીદદાર અને ગીરોદારો નારાજ હોય તોપણ તેમને જમીનોના કબજા પરાણે અપાય; શાહુકારોની મરજી ન છતાં તેમની પાસેથી પરાણે નાણાં કરજે કઢાવાય; અને ઉજ્જડ થઇ જવાથી અમલદારોના વહિવટ નીચે આવી પડેલાં ગામોમાં ખેતી કરવા સારૂ વેઠીઆ પકડાયઃ આવી રીતે વહિવટ ચાલતો. આ બધાં દૂષણોના હવે ઉપાયો થયા છે. વાજબી મેહેસુલ મુકરર કરી છે, પણ હજી આકારમાં સમતા આવી નથી.

મુરાદાબાદ જીલ્લાના સંબંધમાં કાંઇ પણ માહિતી મળેલી નથી.

બરેલી જીલ્લો. આ જીલ્લામાં પહેલાં મેહેસુલ બહુ ભારે હતી, અને ૧૮૩૭ ના દુકાળમાં એના કેટલાક વિભાગોમાં બહુ જ સંકટ હતું. ભુખે મરતા લોકોએ લૂંટ ચલાવવા ટોળીઓ બાંધી હતી; અને ઘણા ખેડુતો ઘર છોડી ચાલ્યા ગયા હતા. આ વખતે ઠરાવેલી મેહેસુલ સહન થાય તેવી છે.

બદાવન જીલ્લો. " જમાબન્દીને વખતે આ જીલ્લો બહુ સંકટમાં હતો. જ્યારે અતિશય આકારનો રીવાજ ચાલતો ત્યારે જમાબન્દી થઇ હતી. અને તેથી વારંવાર જમાબન્દી ફરી વિચારમાં લેવી પડતી. હજી પૂર્ણ છુટકારો આપવામાં આવ્યો નથી. જો સરકારી અમલદારો અને સરકાર અતિશય જમાબન્દી ઠરાવ્યાથી થતી ભારે નુકસાની સમજે તો મર્યાદાસર આકારનું ધોરણ તેઓ સ્વીકારે જ. આ ધોરણ આ વખતે પહેલ વહેલું અમલમાં મૂકાયું છે. "

શાહાજહાનપુર જીલ્લો. છેલ્લી જમાબન્દી વખતે પણ અતિ આકારમાંથી આ જીલ્લો બચવા પામ્યો હતો. આ વખતે પણ જમાબન્દી હલકી ઠરાવાઇ હતી. અને આબાદ સ્થિતિમાં છે.

પીલીભીત જીલ્લો. પહેલાંની જમાબન્દીમાં આ જીલ્લાના અરધ ભાગ ઉપર આકાર બહુ ભારે હતો; પણ હવે પુષ્કળ છુટ મુકાઇ છે. બાકીના અરધની જમાબન્દી રાજા ગુરૂનામ સિંહની સાથે ઠરાવવામાં આવી છે. આ જીલ્લાના હવા પાણી ખરાબ છે.

ઘઉંનો સરેરાશ ભાવ રૂ. ૧) ના ૫૭ રતલ.

અલાહાબાદ વિભાગ.

કાનપુર જીલ્લો. પહેલાંની જમાબન્દી બહુ આકરી પણ અત્યારે ઠીક. આ જીલ્લાના ઘણા ભાગોમાં ભર આકાર અને ભર ખેતી હતાં; ન્હેરના કારણ સિવાય આ જીલ્લાનું લેવાણ વધારાઇ શકાય નહીં એવું અને યાવચ્ચન્દ્રદિવાકરૌ ઠરાવેલું ગણવું જોઈએ.

ફતેહપુર જીલ્લો. ન્હેરોના કારણ સિવાય આ જીલ્લો પણ હમેશને માટે અચળ આકારનો ગણવો જોઇએ.

અલાહાબાદ જીલ્લો. પૂર્વે અતિ આકારના સંકટમાંથી બચી ગયો છે. ન્હેરના કારણ સિવાય અહીં જમાબન્દીનો આકાર યાવચ્ચન્દ્રદિવાકરૌ ગણવો જોઇએ.

ઘઉંના સરેરાશ ભાવ રૂ. ૧) ના ૫૪ રતલ.

બનારસ વિભાગ.

આઝમગઢ જીલ્લો. ફલદ્રુપ, પાણીવાળો અને સારી ખેતી વાળો જીલ્લો છે. કેટલાક ભાગોમાં ભર આકાર છે, જે વધવા જોઇએ નહિ. બાકીના ભાગમાં આ પટો ખલાસ થઇ જાય તે પછી ખેડાણ વધ્યું હોય તેના પ્રમાણમાં ઉપજ વધારાઇ શકાશે. પણ દરમાં વધારો કરવો જોઇએ નહિ જ.

ઘઉંના સરેરાશ ભાવ ૩. ૧ ૂ ના ૫૯ રતલ.

ગોરખપુર જીલ્લો. ફલદ્રુપ, અને અનુકૂળ પરિસ્થિતિવાળો જીલ્લો છે. અને હવે પછીની જમાબન્દીને વખતે ખેડાણ વધવાથી તેમજ દરમાં વધારો ખમી શકે તેમ છે તેથી ઉપજમાં વધારો થઇ શકશે.

ઘઉંના સરેરાશ ભાવ ૩. ૧ ૂ ના ૬૨ રતલ.

બાકીની જમાબન્દીનો એકંદર અસર નીચેના કોઠા ઉપરથી જણાશે.

વિભાગ	જીલ્લો.	ક્ષેત્રફળ એકર.	ખેડાતી જમીન એકર	જમાબન્દી £
દિલ્લી	દિલ્હી	૩૬૪૫૩૪	૧૭૪૬૦૫	૩૬૩૩૭
	રોહતક	૮૪૪૬૬૬	૪૭૪૪૬૫	૬૨૮૩૧
	ગુરગાવ	૧,૧૬૦૪૩૭	૬૪૭૩૫૩	૧૦૧૪૨૪
	હિસાર	૧,૬૫૭૯૭૫	૬૯૬૧૪૭	૩૮૦૨૦
મીરત	સહરાનપુર	૧૦૧૮૭૦૫	૬૦૬૮૪૭	૧૦૦૫૫૮
	મુઝફરનગર	૬૯૧૭૦૬	૩૯૨૩૭૭	૬૭૨૭૪
	મીરત	૧૭૭૬૪૩૦	૧૦૩૪૦૧૬	૨૮૧૫૬૧
	બુલન્દશહર	૧૦૨૫૦૯૬	૫૯૨૬૩૦	૯૫૧૬૮
	અલીગઢ	૧૧૧૯૨૩૮	૯૦૦૫૬૨	૧૯૬૪૪૮
	બીજનોર	૧૦૨૭૫૩૩	૪૫૯૪૦૯	૧૧૨૨૩૭
	મુરાદાબાદ	નથી	નથી	૬૬૮૭૦

રોહિલખંડ	બુદાયન	૧૪૫૦૪૧૮	૭૫૨૧૦૩	૧૧૦૩૦૬
	પીલીભીટ	નથી	નથી	૩૬૦૪૬
	બરેલી	૧૧૧૬૧૭૪	૬૩૬૫૭૬	૧૨૬૩૪૫
	શાહજહાનપુર	૧૩૦૬૨૧૧	૬૫૧૫૪૬	૧૦૨૭૦૭

વિભાગ.	જીલ્લો.	ક્ષેત્રફળ એકર.	ખેડાયલી જમીન એકર.	જમાબન્દી. £
આગ્રા	મથુરા	૧૦૧૬૧૫૩	નથી	૧૫૫૭૨૮
	આગ્રા	૬૩૫૮૨૫	૬૪૬૮૧૮	૧૩૬૨૬૭
	ફરક્કાબાદ	૧૨૪૭૨૮૮	૬૧૪૨૫૩	૧૪૬૫૭૫
	મીનપુરી	૧૨૮૦૬૨૭	૬૧૩૪૨૨	૧૩૮૨૩૮
	ઇટાવા	૧૦૭૧૭૫૬	૪૭૭૬૦૧	૧૩૧૦૬૩
અલાહાબાદ	કાનપુર	૧૪૬૭૭૬૫	૭૮૨૨૭૬	૨૧૮૧૫૪
	ફતેહપુર	૬૬૦૫૮૪	૫૦૬૬૦૫	૧૪૧૮૬૩
	અલાહાબાદ	૧૭૬૦૨૪૪	૬૬૭૫૦૮	૨૧૫૬૫૦
બનારસ	ગોરખપુર	૪૫૬૦૦૪૬	૧૬૨૭૨૩૪	૨૦૮૩૫૪
	આજમગઢ	૧૬૫૨૨૬૩	૭૭૩૬૧૬	૧૫૧૭૮૮

નવ વરસના શ્રમ પછી માર્ટેન્સબર્ડે પુરૂં કરેલું આ કામ જ્યારે લેફ્ટેનન્ટ ગવર્નરની મંજુરી માટે આવ્યું ત્યારે તેણે એક વિચારશીલ નોંધ–૧૯૪૨ ના એપ્રિલની ૧૫ મી તારીખે કરી. આ જમાબન્દી વિવેક અને વિચારથી થયેલી છે, અને ઉપજ વધારવી એ એનો હેતુ નહતો તે વાતનો તેણે અંગીકાર કર્યો. વસુલ કરવાના ચાર હકૂમત કરવાનું તેણે પસંદ કર્યું. તેમજ હદનાં નીશાન નાંખવાનું અને હીસાબની ચોખવટ કરવાનું તેણે મંજુર કર્યું. પણ પગારદાર પગી રાખવાનું લોકને ગમશે કે નહીં, તે બાબતમાં તેણે સંદેહ બતાવ્યો, અને તાબાના અત્યુત્સાહી અમલદારોએ ન કરી જમીન ખુંચી લેવાનાં જે સખત પગલાં લીધાં હતાં તેની સખ્ત શબ્દોમાં નાપસંદગી બતાવી.

લખે છે કે:—" જમાબન્દી અમલદારોએ નોંધ્યાવગરની ન–કરી જમીનના દસ વીઘાની અંદરનાં પણ કટકાંઓ લઇ લીધાં હતાં. પાછળના એક હુકમથી આવાં કટકાંઓ ખાસ બાતલ કરવામાં આવ્યાં હતાં જો કે આવો હુકમ, ઘણી જમીન એ રીતે લઇ લેવાયા પછી, નીકળ્યો હતો. ફરકાબાદના જીલ્લામાં તો તહનામાના કરારો અને સરકારી હુકમોનો પણ અલ્પ આદર કર્યો હતો; અને સમગ્ર રીતે કહેતાં વોરનહેસ્ટિંગ્સ અને લોર્ડ લેઇક જેવા અધિકારીઓનાં કૃત્યોની પણ અવગણના કરી હતી. "

વંશપરંપરાના જમીનદારોના હકમાં જે રીતની દરમિયાનગિરી કરી હતી તેના સંબંધમાં નાપસંદગીના આથી પણ વધારે જોરદાર શબ્દો વાપર્યા હતા.–મેહેનપુરીના રાજાના ૧૫૮ ગામોમાંથી ૧૨૬ ગામો ઉપરનો હક, સરકારને પુછ્યા વગરજ, તાલુકદારના હકનો અર્થ કરીનેજ ખુંચી લીધો હતો. જ્યારે ૧૮૦૪ માં હોલ્કરના લશ્કરે આ મુલક ઉપર હુમલો કર્યો હતો ત્યારે અચળ વફાદારીથી વર્તી આ રાજાએ કરેલો ઉપકાર સુવિદિત અને સરકારે અંગીકાર કરેલો હતો; અને આ ગામો બ્રિટિશ સરકારનું રાજ્ય આવ્યું તે પહેલાં વંશપરંપરાથી તેને વારસામાં મળ્યાં હતાં.

વળી દરેક ગામમાં જે દરમિયાનગિરી આ અમલદારો કરતા હતા તેના સંબંધે પણ લેફ્‌ટેનન્ટ ગવરનરે ખાસ નાપસંદગીની નોંધ કરી હતી. તેણે લખ્યું છે કે, " દરેક ખેતરની નોંધ રાખવા જવું એનાથી સરકારના કારભારીઓની અસહ્ય દરમિયાનગિરી થશે. " અને સામાન્યરીતે તેના અભિપ્રાય પ્રમાણે આ આખી પદ્ધત એવી તો અવિવેકી હતી કે તેના પરિણામમાં સરકાર અને ખેડુત વચ્ચે કોઇ પણ સત્પાત્ર ઉચ્ચ વર્ગ રહેવા પામે નહિ; અને તમામ જન સમાજ એક સપાટી ઉપર આવી રહે. સ્વદેશના સમૃદ્ધ વર્ગ વિના રાજ્ય અમલ ભોગવવો તે એક બહુ ભયંકર પ્રયોગ છે, તોપણ હું ધારૂં છું કે અત્યારનાં આપણાં કૃત્યોની ગતિ પ્રત્યક્ષ રીતે આ સ્થિતિ આણી મૂકવા તરફ છે.

આ શબ્દો હમેશને માટે કિમતી છે. બર્ડે કરેલી જમાબન્દીની પ્રશંસા થઇ છે, અને ઉત્તર હિંદુસ્તાનના ખેડુતને તેણે જે લાભો આપ્યા છે; તેની ખાતર તે પ્રશંસાને પાત્ર છે. તેણે બ્રિટિશ રાજ્યનાં પહેલાં ત્રીશ વર્ષ સુધી જે અતિશય ભારે અને જુલમી હતી તે જમાને મર્યાદિત કરી; અને લાંબો પટો કરવાથી વખતો વખતની હેરાનગતિમાંથી લોકોનું કાંઇક રક્ષણ કર્યું; તેની સાથેજ સ્મરણમાં રાખવું જોઇએ કે બર્ડનો પ્રકટ ધરાદો આ જમાબન્દી જ્યાં ભર ખેતી અને ભર આકાર હતાં ત્યાં તે સ્થાયી કરવાનો હતો. પછીના રાજ્ય કર્ત્તાઓએ આ ધરાદાની અવગણના કરી હતી; તેમજ જેમ જેમ બીજાં પરગણાંઓમાં ભર ખેતી થતી જાય તેમ તેમ તેજ રીવાજ દાખલ કરવાની તેની ઇચ્છાપણ પાર પડી નહતી એટલુજ નહિ, પણ એથી ઉલટું આ કૃત્યોની અવિવેકિતા જે ૧૮૪૨ માં ટી. સી. રોબર્ટસને નિન્દી હતી તે સાઠ વર્ષ પછી વધારે સ્પષ્ટ રીતે તરી આવી. આજે સરકારનો પગાર ખાનાર પટવારી ગામનો ધણી થઇ પડયો છે. અને ગામનો ધણી અથવા ગામની પંચાયત જે ખરી રીતે ગામના પ્રતિનિધિ છે તેમના હાથમાં જે સત્તા રહેવી જોઇએ તે સત્તા અત્યારે તે ભોગવે છે. જન સમાજને એવી તો એક સરખી સપાટી ઉપર મૂકી દેવો કે સરકાર અને ખેડુત વચ્ચે કોઇ પણ સત્પાત્ર અને સમૃદ્ધ વર્ગ રહેજ નહિ એ નીતિ હિંદુસ્તાનને માટે ડહાપણ ભરેલી નથી.

૧૮૪૩ માં ઉદાર અને માયાળુ સ્વભાવના જેમ્સ ટૉમેસન ઉત્તર હિંદુસ્તાનના લેફ્ટેનન્ટ ગવર્નર થયા, તેમણે દશ વર્ષ સુધી તે પ્રાન્તો ઉપર રાજ્ય કર્યું. જ્હોન લૉરેન્સ રૉબર્ટ મૉન્ટગોમરિ અને વિલ્યમ મૂર જેવા સમર્થ રાજપુરૂષો, જે લોકાનુરાગ અને રાજ્ય વહીવટને માટે હિંદુસ્તાનના ઇતિહાસ ઉપર પોતાની છાપ મુકી ગયા છે, તેઓ તેનાજ હાથ નીચે કેળવાયેલા હતા. ટૉમેસન પંડે હિંદુસ્તાનના મ્હેસુલી ખાતાના સમર્થ રાજપુરૂષોમાંનો એક પ્રસિધ્ધ પુરૂષ હતો. એક તરફથી તેના વખતમાં પ્રથમથી ચાલ્યાં આવેલાં દૂષણો તેણે દૂર કર્યાં, ત્યારે બીજી તરફથી માર્ટેન્સ બર્ડનું અધુરૂં રહેલું કામ પૂરૂ કર્યું અને ૧૮૪૯ માં જમાબન્દી ખલાસ કરી. ચાર વર્ષ પછી જે દિવસે તેમને મદ્રાસના ગવર્નરનો ચડતો દરજ્જો આપવાના હુકમ ઉપર મહારાણી સરકારની સહી થઇ તેજ દિવસે–૧૮૫૩ ના સપ્ટેમ્બરની ૨૭ તારીખે–તેઓ વિદેહ થયા, અને મદ્રાસે એક એવો રાજ્યકર્ત્તા ગુમાવ્યો કે જેની માયાળુ રાજ્યનીતિની તે વખતે તે દેશને અત્યંત જરૂર હતી.

ટૉમેસનનું પહેલું કૃત્ય 'સેટલમેન્ટ અધિકારીઓને માટે સૂચનાઓ' ઘડવાનું હતું. આ તેમણે ૧૮૪૪ માં ઘડી. જમાબંદીના નિયમોનો આ પહેલવહેલો જ પૂર્ણ સંગ્રહ હતો. તેની ૧૯૫ કલમો હતી, જેમાંની થોડીક આ નીચે ટાંકી છે.

"કલમ ૫૨ આવું ઇષ્ટ છે કે જમીનદારની ચોખ્ખી ઉપજના બે તૃતીયાંશથી વધારે સરકારે લેવું જોઇએ નહિ; જેથી ચોખ્ખી ઉપજનો એક તૃતીયાંશ જમીનના માલીકને રહે. ચોખ્ખી ઉપજ એટલે ખેતીનું ખરચ અને મૂડી તથા મજુરી ઉપર વાજબી નફો, એ બાદ કરતાં કુલ ઉપજમાંથી જે બચે તે. જ્યાં જમીન ખેડુતોના કબજામાં હોય ત્યાં તેની સરખેતીના નફા ઉપર આ અંશ ગણવો; પણ ખેતી ન કરતો હોય તેવા માલિકના હાથમાં જમીન હોય અને ચોકસ દરે આસામી પાસે ખેતી કરાવાતી હોય, ત્યાં કુલ સાંથના ઉપર આ અંશ ગણવો.

૧૨૮ ચોક્કસ દરથી ખેડુતોને જમીનનો કબજો ભોગવવાનો હક્ક છે અને જ્યાં સુધી તે દર પ્રમાણેની સાથ તેઓ આપ્યે જાય ત્યાં સુધી તેઓનો કબજો છોડાવી શકાય નહિ. જો કાયદેસર માગી શકાય તે સાથ તેઓ ન આપી શકે તો જમીનદાર તેમના ઉપર ચઢતરને માટે એક તંત્રે ફરિયાદ કરી શકે, અને પોતાના લાભમાં હુકમનામુ મેળવ્યા પછી જો તેનાં નાણાં વસુલ ન થાય તો તે ખેડુતનો કબજો છોડાવવાને અને પોતાને કબજો સોંપવાને અરજ કરી શકે.

૧૨૯ ગણોતીઆ ખેડુતને ખેતીના વરસ ઉપરાંત કબજો રાખવાનો હક નથી.

૧૫૪ જ્યારે એક કરતાં વધારે ભાગદારો હોય ત્યારે તેમાંના એકને પસંદ કરવાનો અને બીજા તેની મારફત સરકારને નાણાં ભરે એવો વહીવટ છે. બધા ભાગદારો માલગુઝાર કે પાટીદારો હોય છે, પણ જેમને સરકારને નાણાં આપનાર તરીકે પસંદ કરવામાં આવે છે, તે સદર માલગુઝાર તરીકે ઓળખાય છે, અને સામાન્ય રીતે તેઓને લમ્બરદાર પણ કહે છે.

૧૫૯. હકપત્ર કેવી રીતે બનાવવું, તે હવે બાકી રહે છે. પત્રક સ્થાયી રહેવાનું. તે એક એવું દસ્તરી પત્રક રહેશે કે જેની મદદ તમામ વર્ત્તમાન હકદાર અથવા ભવિષ્યમાં હક મેળવવાની આશા રાખનાર, લઇ શકે. લોકો સાથે કામ પાડનારા સર્વ સરકારી અમલદારોને કલેક્ટર, મેજીસ્ટ્રેટ અને જજ એ સર્વને માટે તે પત્રક સરળતા કરી આપશે.”

આ ધોરણોમાંના કેટલાંક પાછળથી હિંદુસ્તાનના જુદા જુદા પ્રાંતોના ખેડુતના હકના કાયદાઓમાં સામીલ કરવામાં આવ્યાં છે.

ઉત્તર હિંદુસ્તાનની આ જમાબન્દી ૧૮૪૯ માં પૂરી થયા પછી ધુરંધર મંડળ પાસે આવી. અને ૧૮૫૧ ના ઑગસ્ટની ૧૩ મી તારીખના ખરીતામાં આ મહાન્ કાર્યનું તેમણે અવલોકન કર્યું. માર્ટેન બર્ડની જમાબન્દીમાં પણ તે અધિકારીએ હિંદુસ્તાન છોડ્યું તે પછી નરવી જમીનો

બાદ ઠરવાથી કેટલું ક કમી થયું હતું. ફુરંધર મંડળના આંકડા, ઉપર આપેલા બર્ડના આંકડાથી ઘણા જૂદા પડે છે.

જીલ્લો	કુલ આંકડો £	જીલ્લો	કુલ આંકડો £
સહરાનપુર	૯૦૪૪૩	ફતેહપુર	૧૩૯૭૬૭
મુઝફર નગર	૬૭૨૭૪	અલાહાબાદ	૨૧૮૯૯૫
આગ્રા	૧૫૫૪૦૧	આઝીમગઢ	૧૩૫૭૪૧
ફરક્કાબાદ	૯૨૧૭૩	જુવાનપુર	૧૨૩૧૩૩
મીનપુરી	૧૩૮૨૧૩	બનારસ	૮૧૭૦૬
ઇટાવા	૧૩૧૧૦૩	મીરઝાપુર	૬૭૦૬૮
બીજનૌર	૮૨૭૫૫	દિલ્હી	૩૫૭૯૪
મુરાદાબાદ	૧૩૩૪૬૩	પાણીપત	૮૦૭૭૮
પીલીભીટ	૭૭૫૮૯	હિસાર	૩૮૦૨૦
બરેલી	૧૦૦૭૦૬	રોહતક	૬૨૮૩૧
શાજહાનપુર	૧૦૨૭૦૭	ગુરગાવ	૧૦૮૮૪૮
કાનપુર	૨૧૮૧૫૪		

ઉપરના કોઠાઓમાં પાઉંડ એટલે દશ રૂપીઆ છે.

જે જીલ્લાઓના આંકડા વધારે છે, ત્યાં બર્ડના વખતમાં જમાબન્દી પૂરી નહીં થઇ હોય એવો સંભવ છે.

દશ વર્ષના સરકાર હક અને વાસ્તવિક વસુલાતના આંકડા નીચેના કોઠામાં આપ્યા છે.

વર્ષ	દફતર ઉપર જમા	વસુલ
૧૮૩૮–૩૯	૪, ૫૫૪, ૮૯૯	૩, ૬૩૦૨૧૫
૧૮૩૯–૪૦	૪, ૧૨૦, ૬૬૮	૮, ૫૬૫૨૮૧
૧૮૪૦–૪૧	૩, ૭૬૪, ૨૬૧	૩, ૪૭૦૪૦૧
૧૮૪૧–૪૨	૪, ૧૬૧, ૯૦૩	૩૮૮૩૩૫૭

૧૮૪૨-૪૩	૪, ૩૯૧, ૮૯૦	૪, ૦૪૮, ૮૧૨
૧૮૪૩-૪૪	૪, ૩૪૯, ૪૧૫	૪, ૧૧૦, ૫૧૪
૧૮૪૪-૪૫	૪, ૩૪૫, ૮૮૨	૪, ૧૨૮, ૭૪૪
૧૮૪૫-૪૬	૪, ૩૦૧, ૮૩૭	૪, ૨૦૦, ૩૪૧
૧૮૪૬-૪૭	૪, ૩૦૭, ૭૦૦	૪, ૨૩૨, ૧૨૨
૧૮૪૭-૪૮	૪, ૨૯૨, ૧૬૬	૪, ૨૪૮, ૫૮૨

જમાબન્દીનું રૂડું ફલ તરત જણાઇ આવેછે. આરંભમાં માગણી જબરી ત્યારે પ્રમાણમાં વસુલાત ઓછી; લગભગ દસલાખ પાઉંડની બાકી. અંતમાં માંગણી કમતી, ત્યારે લગભગ બધું વસુલ આવેલું.

આ હકીકત અને આંકડાનું અવલોકન કરતાં ધુરંધર મંડળે હિંદુસ્તાનની સિવિલ સાવસને આ મોટું કૃત્ય પૂર્ણ કર્યા માટે અભિનંદન આપ્યું અને રોબર્ટ માર્ટેન્સ બર્ડનાં ખાસ વખાણ કર્યાં.

બેશક તેમને આ બધું માન ઘટતું હતું. પણ હજુ કામ અરધું જ થયું હતું. આખી ઇમારતનો પાયો હજુ અસ્થિર હતો. આખા પરગણાની વસુલાતનો આંકડો બાંધવો એ હજી અટકળથી જ થતું હતું.

આમ મ્હેસુલનો કર અનિયત હતો એટલું જ નહિ, પણ તે વધારે પડતો હતો. ટોમેસનની સૂચનાઓની (બાવન)મી કલમ ઉપરથી જણાય છે કે સરકારનું લેવાણ ચોખ્ખી ઉપજના બે તૃતીયાંશ જેટલુ હતું. પ્રમાણમાં આ નિયમ કોમળ હતો; કારણ કે ૧૮૨૨ માં સરદારે ૮૩ ટકા અને ૧૮૩૩ માં ૭૫ ટકા મુકરર કર્યા હતા. પણ વાસ્તવિક રીતે આ કર જુલમી હતો, અને જમીનદારોના હાથમાં કંઇ જ સાધન રહેતું નહિ. થોડાંક વર્ષ પછી આ દુઃખદ હકીકત માલુમ પડી હતી.

નવી જમાબન્દી શરૂ કરવાનો વખત આવી પહોચતો હતો. અને ચોખ્ખી ઉપજના સરકાર અને જમીનદારનાં પ્રમાણનો સવાલ પુનઃ ચર્ચામાં

આવ્યો. અનુભવ ઉપરથી સમજાયું હતું કે ૬૬ ટકા બહુ ભારે પડતા હતા. ટોમેસનની પર મી કલમ જુલમી નીવડી હતી, અને જમીનદારોના અને ખેડુતોના હાથમાં જમીનની કિંમત નહિ જેવી થઇ પડી હતી. ટોમેસનની સૂચનાઓ ફરી ધ્યાનમાં લેવાની જરૂર જણાઇ હતી; અને ૧૮૫૫ માં નવા નિયમો ઘડવામાં આવ્યા. આ નવા નિયમો સહરાનપુરની જમાબન્દી માટે કરવામાં આવ્યા હતા, તેથી સહરાનપુરના નિયમો તરીકે તે ઓળખાય છે.

આમાંનો સર્વેથી અગત્યનો નિયમ ૩૬ મો છે. તે નિયમ સરકાર હકક ટકાના કમી કરી ચોખ્ખી ઉપજના અથવા ચોખ્ખી સાંથના ૫૦ ટકા મુકરર કરે છે. આ કલમ આ પ્રમાણે છે.

"કોઇપણ જાગીરની ગુંજાસ કવચિત જ બારીકીથી મુકરર થઇ સકે છે, પણ સરેરાશ ચોખ્ખી ઉપજ, પ્રથમ કરતાં અત્યારે વધારે સહેલાઇથી નક્કી કરી શકાય તેમ છે. આથી વધારે પડતો આકાર બંધાવાનો સંભવ છે. કારણ કે અથવા ૬૬ ટકા લાંબા પટામાં વરસો વરસ વાસ્તવિક રીતે ખેડુતથી અપાઇ શકાય તેના કરતાં ભારે છે તેમાં કાંઇ શક નથી. આટલા માટે સરકારે એવો ઠરાવ કર્યો છે કે સરેરાશ ચોખ્ખી ઉપજના ૫૦ ટકાની મર્યાદા સરકાર હકને માટે બાંધવી. આ ઉપરથી એમ માનવાનું નથી કે દરેક જાગીરની જમા આટલી જ બાંધવી, પણ બીજી બધી બાબતોની સાથે આ બાબત પણ ધ્યાનમાં લેતાં કલેકટરોએ એટલું લક્ષ્યમાં રાખવું કે પૂર્વે બે તૃતીયાંશની આસપાસ સરકાર હક મુકરર થતો તેને બદલે હવે કે અરધ હિસ્સાની આસપાસ સરકાર હક ઠરાવવાનો છે. કલેકટરે ઉપરના પુસ્તકમાં ટોમેસનની સૂચનાઓના ૪૭ થી ૫૨ સુધીની કલમોમાં આપેલી સૂચનાઓ ધ્યાનમાં રાખવી, અને જમાબન્દી મુકરર કરવાની હોય તે જમીનોની સરેરાશ ઉપજની બારીક ગણત્રીઓ કરવામાં વખત ગુમાવવો નહિ."

હાલમાં આ નિયમ જમાબન્દીના ધોરણ રૂપે છે. અર્ધા સૈકા સુધી ભૂલો કર્યા પછી અને ભાર અતિશય નાંખ્યા પછી આખરે સરકારે સરકાર

હકની મર્યાદા ૫૦ ટકે બાંધી, અને જ્યાં જ્યાં જમીનની મહેસુલ યાવચ્ચંદ્ર દિવાકરૌ નહતી, ત્યાં ત્યાં ધીમે ધીમે આ મર્યાદા દાખલ કરી. મધ્ય પ્રાન્તોમાં અયોધ્યામાં, અને પંજાબમાં વખત આવ્યો તેમ તેમ તે મર્યાદા દાખલ થઇ અને આખરે ૧૮૬૪ માં મદ્રાસ અને મુંબઇ જ્યાં ખેડુતો સરકારને પરંપારા જ મહેસુલ આપે છે, ત્યાં પણ એ નિયમ સેક્રેટરી ઓફ સ્ટેટે દાખલ કર્યો.

જમાબન્દી: મુંબઇ.

માર્કવેસ ઓફ હેસ્ટિંગ્સના અમલમાં પશ્ચિમ હિંદુસ્તાનમાં બ્રિટિશ હદ તડાકાની સાથે વિસ્તરવા લાગી અને ૧૮૧૭ માં છેલ્લા મરાઠા વિગ્રહ પછી આખો દક્ષિણ પ્રાન્ત અંગ્રેજ સરકારના હાથમાં આવ્યો. આ નવા પ્રાન્તો સંબંધે સને ૧૮૧૯ અને ૧૮૨૧ માં એલ્ફિન્સટન અને ચેપ્લીને લખેલા કિંમતી અહેવાલો ઉપરથી મરાઠાના અમલ નીચે ખેડુત અને ખેતીની તે વખતે શી સ્થિતિ હતી તે ઉપર ઘણો પ્રકાશ પડે છે.

એલ્ફિન્સ્ટન લખે છે કે દક્ષિણમાં મરાઠા રાજ્યનું પહેલું અને સહુથી વધારે અગત્યનું લક્ષણ એ હતું કે તેમણે તમામ મુલકને ગ્રામ સંસ્થાઓમાં વહેંચી નાંખ્યો હતો "આ સંસ્થાઓમાં એક નાના રાજ્યનાં તમામ સાધનો સમાતાં હતાં, અને તમામ રાજ્યવહીવટ કદાચિત્ ખેંચી લેવામાં આવે તો પણ પોતા રક્ષણ કરવાને તે સંસ્થાઓ સમર્થ હતી." પુનાવાળા કેપ્ટન રોબર્ટ્સન લખે છે કે આ ગ્રામ્યસંસ્થાઓનો મુખી–પટેલ–હજી લોકની સંમતિથી તેમજ સરકારની નિમણુકથી એક મેજીસ્ટ્રેટનો અધિકાર ભોગવે છે. ઇંગ્લંડમાં જેને આપણે એક સંસ્થાના પેટા નિયમો કહીએ તે નિયમોનો તેજ અમલ કરાવે છે પહેલાં આ સંસ્થાના ખરચ માટે તેમજ પોતાની મોટાઇના નભાવ માટે વેરો નાખીને તેજ નાણાં ઉઘરાવતો; એ સંસ્થાના લાભ માટે સુધારાઓ કરવાની તેજ સૂચનાઓ કરતો, અને જાહેર સુલેહ સાચવવા માટે યોગ્ય કરતો.

જે લોકો ગામના વડીલ તરીકે એને પંચાયત સોંપે તેમને માટે તે ધનસાફ કરતો અને હજી કરે છે; પક્ષકારો બીજાઓને પંચાયત સોંપે અથવા પોતે બીજાઓને પંચાયતમાં નાંખે તેમના કામકાજ ઉપર હજી અધ્યક્ષપણું તેનું જ છે.

મરાઠા રાજ્ય નીચેના જનસમાજનું બીજું અગત્યનું લક્ષણ એ છે કે ખેડુત કબજેદારો, મિરાસદાર અથવા વંશપરંપરાના પોતાના ખેતરોના માલીક તરીકે જમીનની ખેતી કરતા. એલ્ફિન્સ્ટન કહે છે કે રૈયત મોટે ભાગે પોતાની જમીનોની માલીક જ છે, માત્ર સરકારને નિયત કર આપે છે એટલું બાદ; તેમની મીલકત વંશપરંપરાની છે, અને વેચી શકાય તેવી છે; અને જ્યાં સુધી કર આપે જાય ત્યાં સુધી તેમનો કબજો છોડવી શકાતો નથી.

કેપ્ટન રોબર્ટસન લખે છે કે " ઇંગ્લંડના ફ્રીહોલ્ડ "થી આ ખેડુતોના જમીનના હક જરાપણ ઉતરતા નથી. ચૅપ્લીન કહે છે કે મિરાસી હક કૃષ્ણા નદીથી ઘાટ સુધી સર્વત્ર સાધારણ છે. વળી ચેપ્લિન ઉમેરે છે કે " કલેકટર વાજબી રીતે મિરાસદારોના હકની હિમાયત કરે છે; તે એ નીતિની બહુ જોરથી ઘણે પ્રસંગે ભલામણ કરે છે, પણ હું ધારૂંછું કે તેમના હક ઉપર હુમલો કરવાનો કોઇનો વિચાર નથી ત્યાં તે વિષયની લંબાણુથી ચર્ચા કરવી નિરર્થક છે. "

આ બ્રિટિશ રાજપુરૂષોના હાથમાં નવો મુલક થોડાં વર્ષ રહ્યો ન રહ્યો એટલામાં આ ગ્રામ્યસંસ્થા અને મિરાસી હક એ બન્ને નષ્ટ થઇ ગયાં. પ્રત્યેક ખેડુત સાથે મહેસુલની નીરાળી ગોઠવણ કરવાથી અને પ્રત્યેક નવી જમાબન્દી વખતે ઘટી વધી શકે એવો તેના ઉપર કર નાખવાથી ગ્રામ્યસંસ્થાઓ નબળી પડી ગઇ અને મિરાસી હક નાબુદ થયો. મરાઠાનાં અનંત યુદ્ધોવાળા રાજ્ય અમલ સાથે, લોકને શાન્તિ અને આબાદી આપનાર બ્રિટિશ અમલની સરખામણીજ નથી; તોપણ આ સ્વરાજ્ય સંસ્થાઓનો નાશ, ખેડુતોના પ્રાચીન હકોનો વિનાશ, અને તેને પરિણામે જમીન ઉપર વધી પડેલો કરનો બોજો; એ બધાં બ્રિટિશ રાજ્યનાં ફળોની, નોંધ શોક સાથે લીધા વિના ચાલતુ નથી.

દેશમાં જન્મ પામેલી સ્વરાજ્યની સંસ્થાઓને નાબુદ કરવી એ રાજ્યનીતિ ડાહી નથી; અને જ્યાં રાજ્યધુરા પરદેશી લોકના હાથમાં હોવાથી પ્રજાના સ્વાભાવિક નેતા અને પ્રતિનિધિ દ્વારા જ તેઓ પ્રજા સાથે સંબંધમાં આવી શકે એવી સ્થિતિ છે, ત્યાં તે ખાસ કરીને ડહાપણ વિનાની જ છે. બ્રિટિશના હાથમાં દક્ષિણનો મુલક આવ્યે પંચાશી વર્ષ થઇ ગયાં, પણ ગ્રામ સંસ્થાઓવાળી સ્વરાજ્યની પદ્ધતિ ગઇ તે ગઇ જ.

દક્ષિણનો મુલક હાથમાં લીધા પછી તરત જ થોડી મુદતને માટે જમાબન્દીઓ થઇ; અને ૧૮૨૪–૨૮ માં પ્રિંગલે પદ્ધતિસર માપણી અને જમાબન્દી શરૂ કરી, પણ તે નિષ્ફળ ગઇ. તે પછી મિ. ગોલ્ડસ્મિડ અને લેફ્ટેનન્ટ વિન્ગેટે ૧૮૩૫ માં ફરી માપણી શરૂ કરી; અને તેમણે મુંબઇની હાલની મ્હેસુલની રાજ્યનીતિનો પાયો નાંખ્યો. ઉત્તર હિંદુસ્તાનમાં જેમ ૧૮૩૩ માં નવી પદ્ધતિની શરૂવાત થઇ તેમ મુંબઇમાં ૧૮૩૫ માં થઇ; અને બન્ને પ્રાન્તોમાં લાંબા પટાના જમાબન્દી પટા થયા.

ગોલ્ડસ્મિડ અને વિન્ગેટની યોજનામાં પણ ગ્રામસંસ્થાઓ અને મિરાસદારના હકોને સ્થાન ન મળ્યું. બ્રિટિશ રાજપુરુષોને દરેક ખેડૂત સાથે જૂદો કરાર કરવો યોગ્ય જણાયો, અને દરેક ખેતર ઉપર પોતાની નજરમાં આવ્યો તે કર મુકરર કર્યો. આ નવી જમાબન્દી પણ થોડી ઘણી અટકળ જ હતી; અને તેથી ઉત્તરહિંદુસ્તાનમાં જેવી અનિયતતા હતી તેવી અનિયતતાને આ પણ પાત્ર હતી. જમાબન્દીના અધિકારી સખ્ત હોય તો સખ્ત અને દયાવાન હોય તો માફકસર જમાબન્દી મુકરર થાય એવી સ્થિતિ હતી. અને વળી એક વખતે સંકટનો કાળ હોય તેથી વખતે માફકસર જમાબન્દી ઠરી હોય, પણ બીજી વખત જરાક આબાદીનાં ચિન્હ જણાયાં તો સખ્ત થવા સંભવ હતો. જ્યાં સુધી જમાબન્દીના અધિકારીઓના હાથમાં પોતાની નજર પ્રમાણે દરેક નવી જમાબન્દી વખતે કરમાં વધારા કરવાની સત્તા હોય ત્યાં સુધી ખેડૂતોની સમૃદ્ધિમાં વધારો થવાની આશા વ્યર્થ જ હતી.

મદ્રાસની હકીકત જાણવાથી આ રૈયતવારી રસમનાં દૂષણો રેવિન્યુની સદર સભાના અને હિંદુસ્તાનની સરકારના સમજવામાં આવ્યાં હતાં. સરટૉમસ મન્રો વિદાય થયા તે પછી મદ્રાસની સ્થિતિમાં અતિશય ગરબડ થઇ આવી હતી. જમીનના આકાર વધારવામાં આવ્યા, ઘટાડવામાં આવ્યા, અને વળી વધારવામાં આવ્યા. અનિશ્ચિતતાના દોષો સાથે અતિશય આકારનાં દૂષણો ઉમેરાયાં. અતિશય જમા વસુલ થઇ શકે નહિ, થઇ પણ નહિ. ખેડૂતો ભોંય ભેગા થયા, અને આખા દેશના ખેડૂતો મહા વિપત્તિમાં આવી પડયા. આ પદ્ધતિ વિરુદ્ધ રેવિન્યુના સદર બોર્ડે પોકાર ઉઠાવ્યો.

સદર બોર્ડના પત્રની એક નકલ મુંબઇ મોકલવામાં આવી એમાં હુમન્રો તો મદ્રાસ ઉપર હતો, પણ ખરી રીતે રૈયતવારી પદ્ધતિની સામે જ હતો. અને ગોલ્ડસ્મિડ અને વિન્ગેટ આ પદ્ધતિ મુંબઇમાં દાખલ કરતા હતા, તેથી તેઓ તેના બચાવમાં ઉભા રહ્યા. ૧૮૪૦ ના ઓકટોબરની ૧૭ મી તારીખના પત્રમાં તેમણે મદ્રાસની સ્થિતિનું કારણ અતિશય કર છે અને રૈયતવારી પદ્ધતિમાં તેવું પરિણામ આવવા કારણ નથી એમ બતાવ્યું. અને, તેમણે દલીલ કરી કે યોગ્ય રીતે વહિવટ થાય તો રૈયતવારી રીત પણ ઉત્તર હિંદુસ્તાનમાં માર્ટેન્સબર્ડે દાખલ કરેલી રીતના જેટલી જ લાભકારક થઇ શકે. આ પત્રમાંથી કેટલાક ફકરા ઉપરથી ઉત્તર હિંદુસ્તાન મદ્રાસ અને મુંબઇ ત્રણે પ્રાન્તોની મહેસુલ પધ્ધતિની માહિતી મળી શકે છે.

"૩. ઉત્તર હિંદુસ્તાનમાં મહેસુલનો આકાર ઘણા ખાતેદારોના કબજાની ઘણી જાગીરો ઉપર સામટો આકારવામાં આવે છે. અહીંઆં પ્રત્યેક ખેતર ઉપર એક જાગીર વખતે એક ગામ હોય, અથવા ગામનો એક ભાગ હોય; અનેક ગામોનો સમૂહ હોય, અનેક ગામોમાં ભાગોનો સમુદાય હોય; અને એક જ વ્યક્તિની મિલકત હોવાને બદલે ઘણું કરીને ઘણા માલિકોમાં વહેંચાયલી હોય, જે બધા સમસ્ત જાગીર ઉપર મુકરર કરેલા સામટા આકાર માટે

સમસ્ત રીતે જવાબદાર રહે. પણ દક્ષિણમાં જમીનના વર્તમાન વિભાગો જ સાધારણ વિસ્તારમાં જુદાં જુદાં ખેતરો છે. સારી સગવડથી એક માણસ ખેડી શકે તેવાં છે. અમારી જમાબન્દીમાં આ ખેતરો જેમનાં તેમ રાખવામાં આવ્યાં છે, અને દરેક ઉપર નિરનીરાળો કર આકારવામાં આવ્યો છે.

"૯. અમને જણાય છે કે જમીનની માલકીનો હક ત્યારે જ નષ્ટ થાય કે જ્યારે તેના ઉપર એવો ભારે બોજો મૂકાય કે જેથી તમામ ઉપજ તણાઈ જાય. પણ જ્યાં સુધી ઉપજમાંથી કંઈપણ અવશેષ રહે ત્યાં સુધી એ અવશિષ્ટ ભાગના પ્રમાણમાં જમીનની કિમ્મત રહેશે. અને તેને લીધે કબજેદાર તે જમીન વેચી શકશે, અને તેથી તે ખરો માલિક ગણાશે. સર ટૉમસ મનોએ ખરા માલિકોના હકની અવગણના કરીને માત્ર કબજેદારોના નામ ઉપર જમીનો ચઢાવી, તેમને જ આકારને માટે જવાબદાર બનાવ્યા, એ વાત ખરી છે કે નહિ તે તપાસવાની જરૂર નથી. પણ અમારા સંબંધમાં તો અમે વગર અનાકાનીએ કહીએ છીએ કે તમામ વિદ્યમાન માલકીના હકોનો અમો અંગીકાર કરીએ છીએ અને પોતાના થકી, નજરમાં આવે તેને ગમે તે સરતે જમીન ખેડવા આપવાનો તેને હક છે, અને તે હક સર્વત્ર ભોગવાય છે.

"૧૧. જે વિભાગોમાં અમારી જમાબન્દી ચાલે છે, ત્યાં અમે નવ વર્ગ પાડયા છે, અને જમીનની જુદી જુદી તરેહ આ નવમાંથી એક વર્ગમાં આવી શકે છે. અમે ધારીએ છીએ કે આથી વધારે વર્ગ પાડવાની જરૂર નથી.

૧૫. ખેડૂત વર્ગની વર્તમાન સ્થિતિ તેમ જ વિશિષ્ટ ગામોની સ્થિતિ, સરકારને વસુલાતની રકમ, ઉપજના ભાવ; આ વગેરેનો વિચાર કરતાં, અને પૂર્વનાં વર્ષોની સ્થિતિ સાથે સરખાવતાં, અમને ચાલતી જમામાં શું વધારો ઘટાડો કરવો તેનો નિર્ણય કરવા માટે સંતોષકારક ધોરણ મળી શકે છે.

૩૯. મદ્રાસની રૈયતવારી જમાબન્દી નીચે તે મૂલકમાં થયેલી દુર્દશાની સાથે ઉત્તર હિંદુસ્તાનની મ્હેસુલ પદ્ધતિમાં તે દેશની આબાદીની સરખામણી

કરીને ગ્રામસંસ્થાના વહીવટની તારીફ રેવિન્યુ સભા કરે છે; પણ અમારો નમ્ર અભિપ્રાય એવો છે કે ઉત્તર હિંદુસ્તાનની અપરિમેય ઉત્કૃષ્ટતા સરકાર હદની યોગ્ય મર્યાદા, એ છે, અને મદ્રાસ પદ્ધતિની સ્વીકારવી પડે તેવી નિકૃષ્ટતા સરકાર હકનો અતિશય અને અનુદાર આકાર, એ છે.

"૪૪. એટલું જ નહિ પણ દક્ષિણમાં જે પદ્ધતિ અમે ચલાવીએ છીએ તેમાં રાષ્ટ્રીય સમૃદ્ધિનાં ઘણાં તત્વો સમાયલાં અમને દેખાય છે. સહન થઇ શકે તેવો અને સરખો આકાર, જેથી માલીક અથવા કબજેદારના હાથમાં ચોખ્ખી પેદાશનો અમુક અંશ બચત રહી શકે; જમાબન્દી ત્રીસ વર્ષને માટેઃ કાયમ જમાબંદીના પટાની મૂદતમાં ગમે તે કારણ હોય પણ રકમમાં વધારો નજ થઇ શકે એવું અભયદાનઃ તેના પરિણામમાં સુધારા કરનારને તે સુધારાનો તમામ ઉપભોગઃ સંયુક્ત જવાબદારી, સંયુક્ત કબજો હોય ત્યાં અથવા સંયુક્ત કુટુંબના ભાગદારોએ અંદર અંદર વહેંચણ કરી હોય ત્યાંજ, એ સિવાય સંયુક્ત જવાબદારીમાંથી મુક્તતા; જમીન ઉપર માલકી હકનો અંગીકાર; પેટા ખેડૂતો પાસેથી સાંથ વગેરે લેવા બાબતમાં અને વેચાણ કરવાની સંપૂર્ણ સ્વતંત્રતા, જમીનના દર, નાના અને આ દેશની સ્થિતિ જોતાં વેચવા સાટવાનું અનુકૂલ પડે તેવડા કટકાઓ ઉપર આકાર ઠરાવવાથી વેચવા સાટવાની થયેલી સગવડ; ખેડાણ જમીન ઉપરજ મ્હેસુલ વસુલ કરવાનો નિયમ, જેથી અમુક વખતે પોતાની પાસે જેટલાં સાધન હોય તેટલાં સાધનના પ્રમાણમાં ખેતીનો વધારો ઘટાડો કરવાનો તેને મળતો અધિકાર; જે અધિકાર આ મુલકમાં ઋતુના ફેરફારોના કારણને લીધે વારંવાર વધઘટ થવાને પાત્ર અને મુદ્દે થોડી જ સાધન સંપત્તિમાં બહુ અગત્યનો ગણી શકાય એવો; આ બધા આ પદ્ધત્તિના લાભો છે."

આ અને આવા બીજા રિપોર્ટોની સહાયતાથી રેવિન્યુ સભાના હુમલાનો જાન વિલ્બોર્ટે બચાવ કર્યો, અને મુંબઇ સરકારમાં લખ્યું. વિલ્બોર્ટે બતાવી આપ્યું કે જમાબંધી આકારવામાં મુંબઇના અધિકારીઓ પણ ઉત્તર હિંદુસ્તાનના અધિ-

કારીઓ જે વિચારોથી દોરાયા હતા તે વિચારોથી દોરાયા હતા. અને વિંગેટનો રિપોર્ટ વાંચ્યાથી પહેલા સંસ્કાર તો એવા જ થાય છે કે મુંબઇની જમાબન્દી અટકળીઆ હતી તો ઉત્તર હિંદુસ્તાનની પણ તેવી જ હતી, તો પણ તેમાં એક મુદ્દાનો ફેરફાર હતો. ઉત્તર હિંદુસ્તાનમાં આકાર એક આખા ગામને અથવા આખી જાગીરને માટે મુકરર કરવામાં આવ્યો હતો, અને ગામના અથવા જાગીરના માલીકો આકારમાં ભૂલ હોય તો એકઠા થઈ, તકરાર કરી શકવાની સ્થિતિમાં હતા; પણ મુંબઇમાં દરેક ખેતરને માટે જુદો આકાર ઠરાવેલો હોવાથી જો અધિકારીએ ખોટી અટકળ કરી હોય તો ગરીબ ખેડૂતને તકરાર કરવાથી કંઇ લાભ થાય તેવી સ્થિતિ ન હતી.

જૂની ગ્રામસંસ્થાઓ અને વંશ પરંપરાના જમીનદારોને નબળા નબળા પણ સાચવીને ચાલનારી પદ્ધતિવાળા પ્રાન્તની અને તેમને ઉખાડી નાંખી દરેક ખેતરના ખેડૂતની સાથે સરકાર પ્રત્યક્ષ સંબંધમાં આવે એવા પદ્ધતિવાળા પ્રાન્તની સ્થિતિ વચ્ચેનો તફાવત સમજી શકાય તેવો છે. ખેડુ અને સરકાર વચ્ચેના જમીનદારોને ભારરૂપ માનવાનો રીવાજ કેટલાક ઉપલકીયા લેખકોમાં પડી ગયો છે, પણ જે વિચારશીલ પુરૂષોએ હિંદુસ્તાનની સામાજીક અને આર્થિક પરિસ્થિતિનો સંગીન અભ્યાસ કર્યો છે તેઓ જુદો અભિપ્રાય ધરાવે છે. તેઓ સ્વીકારે છે કે પરદેશી રાજ્ય અને રાજ્યસભામાં પ્રતિનિધિ વિનાના ખેડૂતવર્ગ વચ્ચે આવા પ્રભાવશીલ વર્ગના નીતિશાસ્ત્રના લાભો ઉપરાંત, દેશના અને લોકના સંબંધ વાળો આવો વર્ગ પોતાના અભિપ્રાય અને પ્રભાવથી રાજ્ય વહિવટને કસદાર બનાવેછે, તેની ભૂલોને સુધારે છે તેના સ્વચ્છંદીપણાને અંકુશમાં રાખે છે અને લોકની સાથે વધારે અનુદત્ત બનાવે છે. ઉત્તર હિંદુસ્તાનનો જમીનનો વહિવટ વધારે કૃતેહમંદ થયો છે. અને જમાના આકાર મુંબઇ અને મદ્રાસના પ્રમાણમાં હલકા છે. તેનું કારણ એ છે કે તે દેશની સંસ્થાઓ અને પ્રભાવવાન અગ્રેસરોએ પોતાની ઇચ્છાઓ સરકારના કાન સુધી પહોંચાડી, વહિવટ ઉપર પોતાનો પ્રતાપ પાડ્યો અને કરને નિયમિત કર્યો. મદ્રાસ

અને મુંબઇમાં શોચનીય ભૂલ એ થઇ કે ગ્રામ સંસ્થાઓ જાગીરવારી અને બીજી ચાલતી સંસ્થાઓ ને રાજ્યવહિવટ સારો કરવામાં ભેળવવાને બદલે વાળી કહાડી.

ગોલ્ડસ્મિડ અને વિન્ગેટે લખ્યું છે કે મહેસુલ માટે સમસ્ત જવાબદારી અને ગામનો એકઠો વહિવટ એ દક્ષિણમાં સર્વત્ર જોવામાં આવે છે પણ સમસ્ત માલિકીનું કંઇપણ નિશાન અમને હાથ લાગ્યું નથી. જો આ ગામ સંસ્થાઓની મારફતનો સહીયારો વહિવટ જે દક્ષિણમાં સાર્વત્રિક હતો તે કાયમ રાખ્યો હત તો સરકારને ઘણો લાભ થાત. વિન્ગેટના જેવા સારા અને મોટા માણસને માટે આપણને ઘણું માન છતાં આપણે આ દુઃખદ સત્ય ભૂલી શકવાના નથી કે તેમણે ગ્રામસંસ્થાઓને સાચવી રાખવાને બદલે દરેક જીલ્લામાં લાખો ખેતરોની સાંથ લાખો ખેડૂતો સાથે જુદી જુદી ઠરાવવામાં મોટી ભૂલ કરી છે. મદ્રાસમાં ૧૮૧૮ માં આજ ભૂલ થઇ હતી ત્યારે મદ્રાસ સરકારે પણ વાંધો લીધો હતો, પણ તે વ્યર્થ ગયો હતો. તે જ પ્રમાણે રેવિન્યુની સદર સભાએ ૧૮૧૮ માં ફરીથી વાંધો લીધો પણ તે પણ રદ જ ગયો.

આ બનાવ બન્યા પછી પંદર વર્ષ વીત્યા બાદ મુંબઇના એક ગવર્નરની લૉર્ડસ અને કૉમન્સની સિલેક્ટ કમિટી રૂબરૂ સાક્ષિ થઇ, અને જેણે હિમ્મતથી જાહેર કર્યું કે જ્યાં જ્યાં રૈયતવારી પદ્ધતિ દાખલ થઇ છે, જ્યાં ગ્રામ સંસ્થાઓ અને વચલા જમીનદારો નષ્ટ થયા છે ત્યાં રૈયત ખેડૂતો અનાથ જેવા થઇ ગમા છે. સર જૅર્જ કલાર્કનો પુરાવો એવો તો સ્પષ્ટ અને સબળ છે કે તેનાં થોડાક વચનો અત્રે ટાંકવા જેવાં છે.

સ. જનસમૂહને વહિવટની કઈ પદ્ધતિ વધારે ફાયદાકારક છે. રૈયતવારી કે જમીનદારી ?

જ. બન્નેના નીરનીરાળા ફાયદા છે, પણ રૈયતવારી રીત દેશને સૌથી વધારે નુકશાનકારક છે.

સ. આપણા મુલકમાં વસતિની સામાન્ય સ્થિતિ અનાથતાની નથી ?

જ. હું એમ તો કહું છું કે જ્યાં રૈયતવારી પદ્ધતિ છે ત્યાંજ.

ઉપરનો પુરાવો ૧૮૫૨ માં લૉર્ડસની કમિટિ રૂબરૂ આપ્યો હતો. વળતા વર્ષમાં કૉમન્સ રૂબરૂ તેજ અધિકારીએ વધારે ખુલાસો કર્યો.

સ. રૈયતવારી પદ્ધતિનું ધોરણ ટુંકામાં મહેરબાની કરીને આપ કહી જશો ?

જ. રૈયતવારી પદ્ધતિમાં જુદા જુદા ખેડૂતોની કબજાની જમીનોના નાના નાના કટકા ઉપર ઘણીજ ઝીણી ઝીણી વિગતો ઉપરથી સીધા સંબંધથી સરકાર મહેસુલ આકારે છે એટલે તે લોકો હજી જેવા હતા તેવાને તેવા અનાથ જ છે. સરકાર અને તેમની વચ્ચે કોઇ જ નથી.

સ. રૈયતવારી રીતના સંબંધમાં તમારૂં માનવું એવું જણાય છે કે સરકાર કે ખેડૂત બેમાંથી કોઇને માટે તે લાભકારક નથી ?

જ. બેશક નહિ. ખેડૂતોને નાણાં જોઇતાં હોય તે માટે તેમના ઉપર ઉપરી જમીનદાર વર્ગ નથી. તે લોકો એવા વર્ગમાંના છે કે જે વર્ગના લોકો કાંઇ પણ દેશમાં ધનની સંગ્રહ કરી શકતા નથી. માત્ર ખેડુતજ...

સ. વાયવ્ય પ્રાંતોમાં મહેસુલની રીત કેવા પ્રકારની છે ?

જ. ત્યાં અમાડી જુદી જ રીતના જમીનદારો સાથે લાંબા પટાથી મહેસુલની આંકણી થયેલીછે, કેટલાક તો આખા ગામના ધણી હોય છે, કેટલાક ગામના મુખીઓ હોય છે.

સ. આ જમાબન્દી બર્ડના ધોરણો મુજબ ઠરવામાં આવેલી છેને ?

જ. હું એમ ધારૂં છું પણ તે ધોરણ કંઇ નવું નહતું. બર્ડ કરતાં તો તે ઘણું જુનું હતું. હિંદુમાં તો તે જમાબન્દીનું ઘણું જુનું ધોરણ છે.

સ. તમારા અભિપ્રાય પ્રમાણે તેની ઘણી સારી અસર થઇ છે ?

જ. હું ધારૂં છું કે જ્યારે ગામના મુખીઓ જોરે જમાબન્દી આકારવામાં કોઇ પણ જમીનદારના હકો ડૂબાવવામાં આવતા નથી ત્યારે હમેશાં તેનું ફળ સારૂં આવેછે.

સ. જ્યારે પાક ન ઉતરે ત્યારે જમીનદારો રૈયતને હમેશાં મદદ કરે છે ખરા કે ?

જ. હા.

સ. કઈ રીતે તેઓ મદદ કરે છે ?

જ. તેઓ તેમને નાણાં ધીરશે, કે બી આપશે કે દાણો આપશે અથવા બળદ આપશે. ગ્રામસંસ્થાની અથવા જમીનદારી જમાબન્દીનો આ ફાયદો છે.

કોબ્ડન અને જોસફ હ્યુમ જેવા પ્રખ્યાત પુરૂષો આ સિલેકટ કમિટિના સભાસદ હતા, અને આ સાક્ષિએ તે ગૃહસ્થોના ખાસ સવાલોના જવાબમાં કરેલા ખુલાસા જાણવા જેવા છે.

કોબ્ડન–તમે એમ કહ્યું છે કે એ મુંબઇની રૈયતવારી પદ્ધતિમાં એ મુશ્કેલી નડે છે કે દેશીઓ સામાન્ય રીતે સર્વત્ર ફરવતીઆ છે અને જ્યાં યુરોપીયનની નોકરી મળી શકતી નથી ત્યાં પ્રમાણિક વહિવટ કરનારા મળવા મુશ્કેલ છે; અને પહેલાં તો તમે હિંદુસ્તાનની વરતી સામાન્યરીતે નીતિમાન અને સત્યવાદી છે એમ કહી ગયા છો. તો આ બે વચનોનો વિરોધ તમે શી રીતે સમાવો છો?

જ. હું નથી ધારતો કે વરતીમાં સર્વત્ર ફરવત છે એવા શબ્દો મેં વાપર્યા હોય. મારો અર્થ એવો હતો કે હલકા પગારના દેશી નોકરો જેમનો આપણે ઉપયોગ કરવો જ પડે તેમના હાથે ઉપજમાંથી આપણે જે નાણાં કાઢીએ તેનો સદુપયોગ થશે એવો અથવા રૈયતવારી રીત ઝીણી ઝીણી બાબતોમાં બરાબર અમલમાં મૂકાશે એવો વિશ્વાસ રાખી શકાય નહીં તેમજ આપણી પાસે વધારે નાણાં નથી કે બીજી તરેહના નોકરો આપણે રાખી શકીએ.

સ. જો જનસમૂહ સત્યપરાયણ અને પ્રમાણિક હોય તો તેમાંથી પ્રમાણિક નોકરો મેળવવાને કંઇજ મુશ્કેલી હોઇ શકે નહિ ?

જ. તમે તેમના ઉપર ભારે ફરજો નાંખો છો, અને તેમનો નિર્વાહ થાય એવો પગાર આપતા નથી.

સ. મિ. હ્યુમ–આપ એમ કહી ગયા છો કે હાલની રૈયતવારી પદ્ધતિથી લોક ભીખ માંગતું થઇ ગયું છે, અને કેટલે સુધી ગ્રામપદ્ધતિ દાખલ કરી શકાય તે બાબતમાં આપ શંકા બતાવો છો ત્યારે મુંબઇના ખેડૂતોની સ્થિતિ સુધારવા માટે આપ કાંઇ પગલાં સૂચવી શકશો ?

જ. હું નથી ધારતો કે ગ્રામપદ્ધતિના સંબંધમાં મેં કાંઇ પણ શક બતાવ્યો હોય. મેં એજ પદ્ધતિની હમેશાં વકીલાત કરી છે અને તેનો જ મેં સ્વીકાર કર્યો છે.

રૈયતવારી પદ્ધતિ મુંબઇમાં ચાલી. જમાબન્દીના નિયમો ૧૮૪૭ માં જોઇન્ટ રિપોર્ટ નામના એક લેખમાં એકઠા થયા છે. એ જોઇન્ટ રિપોર્ટ ઉપર ગોલ્ડસ્મિડ વિન્ગેટ, કેપ્ટન ડેવીસન, એમની સહીઓ છે. આ જોઇન્ટ રિપોર્ટ મુંબઇની જમાબન્દીનો પાયો છે.

આ જમાબન્દીનાં ધોરણો નીચે પ્રમાણે હતાં:–

૧ દરેક ખેતર ઉપર પૃથક્ પૃથક્ જમાબન્દી આકારવી.

૨ ત્રીસ વર્ષના લાંબા પટા કરવા.

૩ ઉપજના અંદાજનું ધોરણ રદ કરી જમીનની ગુંજાસતું ધોરણ જમાબન્દીની રકમ ખેતરવાર નક્કી કરવામાં યોજવું.

" ખેડૂતનો કબજા હક અવિનાશી છે: જ્યાં સુધી તેના ઉપરનો કર તે આપ્યે જાય ત્યાં સુધી. પરંતુ દરેક ખેતર માટે કોઇ એક ખેડૂતની જવાબદારી વર્ષો વર્ષ મુકરર થઇ શકે; અને આમ દરેક ખેતર ઉપર જમાબન્દીનો આંકડો ઠરાવ્યાથી પોતાની સ્થિતિ ઉપર નજર કરતાં તેને જરૂર જણાય ત્યારે તે જમીન વધારી ઘટાડી શકે; એટલે હમેશાં પોતાની સ્થિતિના પ્રમાણમાં જવાબદારી રાખવાની તેને છુટજ રહે. આમ ત્રીસ વર્ષ સુધી ખેતરવાર આંકડા ઠરાવ્યાથી ખેડૂતને ત્રીસ વર્ષના પટાના દરેક લાભો મળે છે, અને જે વર્ષ માટે તેણે કબુલત આપી હોય તેજ એક વર્ષની જમાબન્દી ભરવા સિવાય બીજી કાંઇ પણ જવાબદારી તેના માથા ઉપર રહેતી નથી. લાંબા પટાથી કબજા સંબંધી નિર્ભયતા રહે તે તેને સિદ્ધ થાય છે. અને થોડી મુડી અને બીજી અ-

ચોકસ સ્થિતિને લીધે જે જવાબદારીઓ તે પાર ન ઉતારી શકે તેવી જવાબદારીઓ તેને બાંટતી નથી.

જમીનની ગુંજાસ મુકરર કરવા સારૂ તમામ જમીનના નવ વર્ગ પાડયા હતા. તે આ પ્રમાણે.

વર્ગ.	ગુંજાસ આનામાં	એક સરખી ઝીણી શાકાળીથી ઘેરી ભુંખરી.	એક સરખી જાડી રંગે આછી રતાસ ઉપર.	જાડી–વેરાતી. રંગે જુદી જુદી આછી ભુખરીથી
૧	૧૬	૧$\frac{૩}{૪}$	...	...
૨	૧૪	૧$\frac{૧}{૨}$	૧$\frac{૩}{૪}$	...
૩	૧૨	૧$\frac{૧}{૪}$	૧$\frac{૧}{૨}$	...
૪	૧૦	૧	૧$\frac{૧}{૪}$	...
૫	૮	$\frac{૩}{૪}$	૧	...
૬	૬	$\frac{૧}{૨}$	$\frac{૩}{૪}$	૧
૭	૪$\frac{૧}{૨}$	$\frac{૧}{૪}$	$\frac{૧}{૨}$	$\frac{૩}{૪}$
૮	૩	...	$\frac{૧}{૪}$	$\frac{૧}{૨}$
૯	૨	...	...	$\frac{૧}{૪}$

ખેતરોની વર્ગવારી કર્યા પછી, આખા જીલ્લાને માટે સરકારની જમાબન્દીની રકમ નક્કી કરવાની રહી; એટલે તે રકમ તે જીલ્લાના ગામો ઉપર અને ખેતરો ઉપર ફેલાવી નખાય.

" આખા જીલ્લા ઉપર જમાબન્દી કેટલી નાખવી એ બાબતનો નિર્ણય અત્યંત અગત્યનો અને અત્યંત મુશ્કેલ છે. તેમાં ઘણો વિવેક વાપરવાની જરૂર છે. પહેલાં તો દરેક જીલ્લાના પાછલા વહિવટનું સ્વરૂપ અને તેથી તેના ઉપર થએલી અસર એ બે વાતો નક્કી કરાવાની પૂરી જરૂર છે. આને માટે પાછલાં વર્ષોની વાર્ષિક જમાબન્દીની તપાસ અને મુકાબલા કરવાની જરૂર પડેછે, એટલે પાછલાં જેટલાં વર્ષને માટે વિશ્વાસ રાખવા લાયક આંકડા અને હકીકત મળી શકે તેટલાં વર્ષની તેની સાથે માપણી ચાલતી હોય તે દરમીયાન લોકમાં પુછપરછ કરવાથી પણ આ હકીકત મેળવી શકાય.

વળી, ગામડાંઓની અને પરગણાંઓની આબાદી અથવા પાયમાલીનાં કારણોની તપાસ કરવા માટે જુદાં જુદાં ગામોની વાર્ષિક ઉપજોની હકીકતો પણ મેળવવી જોઇએ.

અને છેવટે આ અગત્યની બાબતમાં પૂરેપૂરી માહિતી મેળવવાનું બની શકે તે સારૂ જમાબન્દીવાળા ગામની સરકારી અથવા ખાનગી ગમે તેવી જમીનમાંથી જે જે પ્રકારની ઉપજો આવતી હોય તે બધા પ્રકારનું વિગત વાર પત્રક ઉપજના આંકડા સાથે તૈયાર કરીને રજુ કરવું જોઇએ.

આવી રીતે મેળવેલી માહિતી અને સ્થાનિક પુછપરછથી મેળવેલી માહિતી એ બેથી પાછળની સ્થિતીનાં કારણો માલુમ પડી આવશે; અને સાથેના જીલ્લાઓની ગુંજાસની સાથે મુકાબલો કર્યાથી અમુક જીલ્લા ઉપર કેટલી જમાબન્દી ઠરાવવી એ બાબતમાં સંતોષકારક નિર્ણય ઉપર આવી શકાશે.

ઉપરના નિયમો ઉપર અધિકારીઓના હાથમાં કેટલી સત્તા રાખવામાં આવતી હતી તે સ્પષ્ટ સમજી શકાશે. વિવેકી અધિકારીને નિયમિત રહેવાને માટે જેટલી સગવડ હતી તેટલી જ અવિવેકી અધિકારીને સખ્ત થવા સારૂ પણ સગવડ આપવામાં આવી હતી. અને લાખો ખેડૂતોનાં ભાગ્ય નિયત અને મામુલી દર ઉપર ન રહેતાં જુદા જુદા અમલદારોના જુદા જુદા અભિપ્રાયો ઉપર રાખવામાં આવ્યાં. વળી પાછલા ઇતિહાસ ઉપર મુકરર કરેલી જમા-

બન્દી આબાદીનો કાળ આવ્યા પછી પાછી અવશ્ય વધવાનીજ. અને તેથી આબાદ થતી ખેતી ઉપર વધતા જતા કરની, ખેતીને પાયમાલ કરનારી અસરથી, સ્થાયી સુધારા થવા અસંભવિત હતા.

જમાબન્દીની પદ્ધતિનું આ નબળું અંગ મુંબઇ સરકારના ખ્યાલ બહાર નહોતું. ૧૮૪૭ ની ૧૬ મી ડિસેમ્બરની મિનિટમાં ગવરનર લખેછેકે:–

અમારે કબુલ કરવું જોઇએ કે અત્યારે તો સુપ્રીન્ટેન્ડેન્ટોના નિર્ણય ઉપર જ અમારો આધાર છે. અને જ્યાં સુધી અમારા રેવિન્યુ કમિશનરો–અમારી અને સુપ્રીન્ટેન્ડેન્ટો વચ્ચેની ટપાલ ઓરીસનું જ કામ કરશે ત્યાં સુધી તે જ પ્રમાણે રહેવાનું. પણ રેવિન્યુ કમિશનરો પોતે પણ આ બાબતમાં અશક્ત હતા. મુંબઇની સભાના સભાસદ ઓ. મિ. રિડ ૧૬ મી મે ૧૮૪૮ ની મિનિટમાં લખે છે કે–સુપ્રીન્ટેન્ડેન્ટના અભિપ્રાય ઉપર આધાર રાખવાની બાબતમાં ગવર્નર સાહેબે જે વિચારો દર્શાવ્યા છે તેમાં મારી પણ સંમતિ છે. આપણે એમના ઉપર આધાર રાખવો પડશે, કારણ કે રેવિન્યુ કમિશનરો અત્યંત સાધારણ દેખરેખ સિવાય બીજુ કાંઇ કરી શકે એમ હું ધારતો નથી. રેવિન્યુ કમિશનરોમાંના થોડાનેજ આ બાબતમાં સૂક્ષ્મ તપાસ કરી શકે તેટલું જ્ઞાન છે; અને કોઇને તે કરવા પૂરતો વખત તો છે જ નહિ."

વિન્ગેટને આ વાત માન આપનારી છે કે તેણે પોતાની સત્તા બહુ વિવેકથી, કળાથી અને કોમળતાથી વાપરી; તેણે જે અડસટ્ટા કર્યા તેમાં બહુ કાળજી અને ઉદ્યમનો ઉપયોગ કર્યો તેની જમાબન્દીથી વીસ વર્ષ સુધી દક્ષિણમાં ચાલતા અવ્યવસ્થા અને જુલમ દૂર થયા અને ખેડૂતોને કંઇક નિરાંત વળી. વિન્ગેટ, મન્રો બર્ડ એમનાં નામો અનુક્રમે મુંબઇ મદ્રાસ અને વાયવ્ય પ્રાન્તોમાં કૃતજ્ઞતાની સાથે યાદ કરાય છે–તનું કારણ એમ નથી કે તેમના કૃત્યોમાં કાંઇ દૂષણો નથી, પણ જ્યાં પ્રથમ કેવળ અવ્યવસ્થા હતી ત્યાં કાંઇક પદ્ધતિ અને ક્રમ દાખલ કરવામાં તેઓ કૃતેહમંદ થયા, એ છે. તેઓ અત્યારે જે પદ્ધતિ ચાલે છે તેનો પાયો નાખનારા હતા.

બ્રિટિશ અધિકારીઓની દેખરેખ નીચે થયેલી જમાબન્દીની અસર નીચેના આંકડા ઉપરથી જણાઇ આવશે. ધ્યાનમાં રાખવાનું છે કે ૧૮૧૭-૧૮ માં પેશ્વાનો મુલક સર કર્યો ત્યારથી તે ૧૮૩૬ માં વિન્ગેટની જમાબન્દી શરૂ થઇ ત્યાં સુધી સરકારના મુલકમાં કાંઇ વધારો થયો ન હતો. છતાં જમીનની મ્હેસુલ તરત જ વધવા માંડી હતી.

વર્ષ	ઉપજ રૂ૦
૧૮૧૭-૧૮	૮૬૮૦૪૭૦
૧૮-૧૯	૧૧૪૩,૦૪૧૦
૧૯-૨૦	૧૦૭૮,૧૬૪૦
૨૦-૨૧	૧૮૧૮,૩૧૪૦

બીજા શબ્દોમાં કહીએ તો ઇંગ્રેજના હાથમાં પેશ્વાનો મુલક આવ્યા પછી ચાર વર્ષમાં જમીનની મ્હેસુલ-બમણી ઉપર થઇ ગઇ.

વિન્ગેટની જમાબન્દી ૧૮૩૬ માં શરૂ થઇ, અને ૧૮૭૨ સુધી ચાલી અને પરિણામમાં જમીનની મ્હેસુલ ૩૦ ટકા વધી. જુદા જુદા જીલ્લાઓના આંકડા નીચે પ્રમાણે.

જીલ્લા.	જમાબંન્દી પહેલાંની ઉપજ રૂ૦	જમાબંન્દી પ્રમાણેની ઉપજ રૂ૦
થાણા.	૧૬૬૨૮૭૦	૨૧૧૦૩૭૦
ખાનદેશ.	૨૧૫૬૪૬૦	૩૦૭૮૬૬૦

રત્નાગિરિ.	૪૬૪૪૦૦	૪૬૫૭૨૦
અમદાવાદ.	૫૩૭૫૨૦	૬૦૪૭૪૦
ખેડા.	૧૪૪૮૮૬૦	૧૮૮૭૫૨૦
સુરત.	૧૭૪૦૮૧૦	૨૪૦૧૩૪૦
ભરૂચ.	૮૮૬૮૪૦	૧૧૨૫૬૪૦
પંચમહાલ.	૪૮૨૫૦	૮૧૫૫૦
કરાંચી.	૧૬૪૦૪૦	૩૧૬૭૬૦
હૈદરાબાદ.	૬૩૩૭૦૦	૭૭૩૫૩૦
શિકારપુર.	૧૨૩૬૩૧૦	૧૫૬૨૬૩૦
મારવાડ.	૧૧૩૦૩૬૦	૧૫૬૫૬૨૦
બેલગામ.	૧૩૦૭૪૪૨	૧૫૭૦૨૬૦
કિસ્નગિરિ.	૩૦૫૫૫૦	૫૮૨૮૩૦
સતારા.	૧૪૩૬૫૬૦	૧૫૮૫૪૩૦
કનારા.	૧૪૮૫૦૦	૨૭૭૮૮૦
કુલ.	૧૫૩૪૭૧૦૦	૨૦૩૨૦૫૧૦

આ આંકડા ૧૮૭૨-૭૩ ના **મદ્રાસ** એડમિનિસ્ટ્રેશન રિપોર્ટ ઉપરથી લીધેલા છે.

૧૭૯૨ માં જ્યારે ઇસ્ટઇંડિયા કંપનીના હાથમાં આ મુલક આવ્યો ત્યારે કેપ્ટનરીડ અને ટૉમસ મનૅાએ આ ઇલાકાના બારામહાલ તાલુકામાં રૈયતવારી જમાબન્દી દાખલ કરી હતી. ધીમેધીમે બીજા તાલુકાઓમાં પણ તે દાખલ કરવામાં આવી હતી. પહેલો આકાર સખ્ત અને જુલમી હતો. પહેલવહેલી, રાજ્યે ખેતરોની અંદાજી ઉપજના અરધ જેટલા ભાગની માંગણી કરી હતી. અને આ તે જમીનની સમગ્ર આર્થિક કિમતના કરતાં પણ વધારે હતી. ટૉમસ મનૅાના સમજવામાં આ વાત આવી ગઇ, અને ૧૮૦૭ માં તેણે આ પ્રમાણે ઘટાડી ઉપજના ત્રીજા ભાગ જેટલી જ જમાબન્દી રાખવાની દરખાસ્ત કરી. મદ્રાસની સરકારે આ દરખાસ્તના વાજબીપણાનો અંગીકાર કર્યો, પણ કંપનીના ધુરંધરો નાણાં માટે દબાણ કરતા હતા તેથી આ ઘટાડો કરી શકી નહિ. ઇંગ્લંડથી એવા હુકમો છુટ્યા કે દરવર્ષ દસલાખ પાઉંડ વધારે મોકલવા નહિ તો નોકરોમાં કાપકુપ કરવાનો સવાલ ધુરંધર સભા પોતાના હાથમાં લેશે. આ કારણથી મદ્રાસની રૈયતને કંઇ છૂટ મળી નહિ.

૧૮૦૮ અને ૧૮૧૮ ની વચ્ચે મદ્રાસ સરકારે પોતાના ઇલાકામાં ગ્રામસંસ્થાઓનો અંગીકાર કરવાની ડાહી યોજના દાખલ કરવાનો આગ્રહ કર્યો. તેમણે એવી દરખાસ્ત કરી કે ભારતવર્ષના પ્રાચીન રીવાજ પ્રમાણે જમાબન્દીના આંકડા આ ગ્રામ સંસ્થાઓ સાથે નક્કી કરવા, અને તેમણે અનુભવ ઉપરથી સાબીત કરી આપ્યું હતું કે જ્યાં જ્યાં અજમાયેશ કરી હતી ત્યાં ત્યાં સમસ્ત જમાબન્દી કુતેહ પામી છે અને વ્યસ્ત જમાબન્દી નિષ્ફળ નીવડી છે. પણ કમ્પનીની સ્વાયત્ત રાજ્યપદ્ધતિમાં પ્રતિનિધિ રૂપ ગ્રામ્ય સંસ્થાઓને માટે અવકાશ ન હતો. અને ધુરંધર મંડળે વચલી સંસ્થાઓ વિના પરબારા ખેડૂતો સાથે વ્યવહાર કરવાનો નિર્ણય કર્યો તે તારીખથી મદ્રાસની ગ્રામ્ય સંસ્થાઓ પડી ભાગવા માંડી.

૧૮૨૦-૨૭ સુધી સર ટૉમસ મનro મદ્રાસનો ગવર્નર હતો. અને તે અરસામાં જ્યાં જમીનદારો સાથે કાયમની જમાબન્દી બંધાઇ ન હતી ત્યાં તમામ તાલુકાઓમાં ખેડૂતો સાથે રૈયતવારી જમાબન્દી મુકરર થઇ. મનro એ પોતે સૂચવ્યું હતું તે પ્રમાણે સુધી જમાબન્દીનો આંકડો ઘટાડવામાં પ્રયત્ન મેળવી, અને તેનાં ડાહ્યાં પગલાંથી અને અથાક દેખરેખથી બીજાં ઘણાં દુઃખો ઓછાં થયાં.

પણ સરટૉમસની ઘટાડેલી જમાબન્દી પણ આકરી માલમ પડી. ઘણા ગામોમાં અને ખેતરોમાં એક તૃતીયાંશ પણ આખી આર્થિક કિમત હતી. શું ઉપજ્યું અથવા શા ભાવ છે તેની દરકાર કર્યા વિના અમુક આંકડા મુકરર કર્યા હતા, અને તે ગામના મુખીઓ અથવા બીજી સંસ્થાઓ મારફત વસુલ ન કરતાં હલકા પગારના કારકુનો મારફત વસુલ કરવામાં આવતા. તેઓની ક્રૂરતા અને બદ્દાનતથી ખેડૂતોના દુઃખમાં ઘણો વધારો થવા લાગ્યો. અને જ્યારે આ વ્યવસ્થાનો ઘડનાર અને બધી બાબતો ઉપર દેખરેખ રાખનાર ટૉમસ મનro ને દૈવાજ્ઞા થઇ ત્યારે આ પદ્ધતિની મુશ્કેલીઓ પ્રથમ કરતાં વધારે સખ્ત જણાવા લાગી. ચાળીસ વર્ષ સુધી મદ્રાસ પ્રેસીડન્સીમાં એવી સખ્તાઇ અને પીડા ખેડૂતોને ખમવી પડી કે તે વખતે પણ હિંદુસ્તાનના કોઇ બીજા ભાગમાં તેનો જોટો નહોતો.

રેવિન્યુ સત્તાવાળાઓ પોતે પોતાની આસપાસ વીંટળાઇ વળેલા દુઃખના સાક્ષિ થયા હતા. તેમના રીપોર્ટોમાંથી આ થોડા ફકરાઓ તેના ઉદાહરણ રૂપ છે.

કડપા જીલ્લો—કલેક્ટરે રેવિન્યુ સભાને ૧૮૨૮ માં લખ્યું હતું કે:- રૈયત આપ ધારી શકે તેના કરતાં વધારે અંશમાં વેપારીઓના હાથમાં છે. ...રૈયત એટલી ગરીબ છે કે તકાવી આવતાં પણ જો તેઓને અસાધારણ નુકસાન ન ગયું હોય તો-પરાણે ખેતી જાળવી શકે છે. પણ જ્યારે ઢોર મરી

જાય અથવા એવા કોઇ કારણથી લોક નુકસાનમાં આવી જાય ત્યારે તકાવી-માંથી મદદ આપ્યા વિના તેમને ઠેકાણે લાવવાનું મુશ્કેલ પડે છે.

બેલારી જીલ્લો.—કલેક્ટર ૧૮૪૫ માં લખે છે કેઃ—"ખેડૂતો સર્વત્ર ખેતી કમી કરવાની રજા માંગે છે, તે જણાવી આપે છે કે ખેતીમાંથી તેમને નફો થતો નથી. જે રૈયત પહેલાં માલદાર હતી, અને સારા ભાવ આવે ત્યાં સુધી ઉપજ વેચવાનું મુલતવી રાખીને પણ કંઈક મુડી જમીન-માં નાંખવાને અને સરકાર હક ભરી દેવાને શક્તિવાન હતી, તે હવે કરજમાં ઉતરી ગઇ છે, ભારે વ્યાજ દેતી થઇ ગઇ છે અને તદન લેણુદા-રોના પંજામાં ફસાઇ ગઇ છે. અને જો કલેક્ટરે પોતાના તાબાના માણસો મારફત તેમને મદદ ન આપી હત તો અત્યારે અરધા અથવા ત્રીજા ભાગની જમીનની માલુરી મળી ગઇ હત. ખેતીનું કામ કુશળતાથી થતું નથી, અને તેથી જમીનની ઉપજ તેની ગુંજાસના પ્રમાણમાં જોઇએ તેટલી ક્વચિત જ આવે છે. પટ્ટાદારોની સંખ્યા વધી છે, પણ તેઓ ઘણા ગરીબ છે, જેમને નિર્વાહ માટે જ, દમ વિનાની છતાં, ખેતીનું શરણ લેવું પડે છે; અને તેઓ પ્રથમના માલદાર ખેડૂતોના પ્રમાણમાં કંઈ હિસાબમાં જ નથી. અન્નવસ્ત્રના સંબંધમાં પણ મોટો ભાગ બહુ કંગાલ હાલતમાં છે અને તેનું કારણ તપાસતાં દરિદ્રતા સિવાય બીજું કાંઇ પણ માલુમ પડતું નથી. આ સિવાય બીજા કોઇ પણ નિર્ણય ઉપર આવવું અશક્ય છે."

રાજમહેન્દ્રીઃ—(ગોદાવરી નદી), ૧૮૪૪ માં સરહેનરી મેાન્ટગેામરીએ કરેલા રિપોર્ટ ઉપરથી જણાય છે કે આ જીલ્લો પાયમાલીની અણી ઉપર હતો. ૧૮૩૦–૧૮૩૧ માં દુષ્કાળ હતો. ૧૮૩૫–૩૬–૩૭ માં ઋતુઓ પ્રતિકૂલ હતી, અને ૧૮૩૮–૩૯–૪૦ માં ભયંકર દુઃખ આપનારી હતી. ૧૮૩૦ માં જે વસતિ ૬૯૫,૦૧૬ જેટલી હતી, તે ઘટીને ૧૮૪૦ માં ૫૩૩,૮૬૬ થઇ ગઇ હતી.

ગન્તુર અને મછલીપટ્ટન. ૧૮૩૩ નો દુકાળ જે ગન્તુરના દુકાલના નામથી ઓળખાય છે, તે સખ્તમાં સખ્ત હતો. કેપ્ટન વૉલ્ટર જેણે એ નજરે જોયો હતો તે લખે છે કે:–"કોરિન્થના ઘેરામાં માણસની ખોપરીઓ કુતરાં ચાવતાં ઇત્યાદિ વર્ણન, સાંજ સવાર અમારે જે અહીંઆં જોવું પડે છે, તેના હિસાબમાં કાંઇ નથી. મનુષ્ય પ્રાણીઓને પ્રસંગને લઇને કેવો દુષ્ટ ખોરાક લેવાની જરૂર પડે છે, તે જોઇને ભય ઉત્પન્ન થાય છે. આ ભુખે મરતા લોકો મરી ગયલા કુતરા અને ઘોડાનું માંસ અકરાંતીઆંની પેઠે ખાય છે; એક દિવસ એક કમનશીબ ગધેડું કીલ્લામાંથી નાસી જતાં, લોકો વરુના ટોળાની પેઠે તેના ઉપર પડયા. તેનાં અવયવે અવયવ ચીરી નાંખ્યા અને ત્યાંને ત્યાંજ ખાઇ ગયા. કૃષ્ણાના પ્રદેશના ગન્તુરના ભાગમાં વસતિનો ત્રીજાથી અડધ ભાગ નાશ પામ્યો. વળતા વર્ષમાં ભયંકર રોગચાળો ફાટી નીકળ્યો, અને સારી તન્દુરસ્તીનો એક પણ માણસ કોઇ ઠેકાણે મળવો મુસ્કેલ હતો.

નેલોર:—દાણાના ભાવ બહુ ઉતરી ગયેલા તેથી રૈયત પાયમાલ થઇ ગઇ હતી. કુલ ખેતીની જમીન જ્યારે ૧૮૦૧ માં ૨૪૪ ૩૧૯ એકર હતી ત્યારે ૧૮૫૦ માં ૩૮૯ ૮૦૨ એકર સુધી પહોંચી હતી; પણ ભાવ ગગડી જવાથી આકાર ભારે પડયા અને તેથી બાગાયત જમીન ખેડાતી બંધ થઇ હતી.

ઉત્તર આર્કોટ:–કલેક્ટર લખે છે કે આ સૈકાના આરંભમાં રૈયતની જે સ્થિતિ હતી, તેના કરતાં અત્યારે તેની સ્થિતિ વધારે ખરાબ છે. ગમે તેમ હોય પણ તેમની અત્યારની દશા નિઃસંશય ખરાબ છે, અને તે સુધારવી જ જોઇએ. મોટો ભાગ નિઃશંક લાચાર છે, તેમને ખોરાક જોઇએ તેટલો મળતો નથી. એટલું જ નહિ પણ જે મળે છે તે પણ જાડો છે. તેમને પૂરતાં વસ્ત્ર નથી અને છે તે બહુ હલકાં છે. તેમનાં મકાન અત્યંત હલકાં છે, અને આ બધાની સાથે પૂરી અજ્ઞાનતાનો યોગ થયો છે.

દક્ષિણ આર્કોટ:—અહીંઆં કલેક્ટર લખે છે કે વસતિમાં વધારો છે, મજુરીના દર વધ્યા છે, અને ગાડામાં, વસતિમાં અને ઘરમાં કાંઇક સુધારાનાં

ચિન્હો માલમ પડે છે પણ ખેતીમાં પછાત છે, કારણ કે જમાબન્દી બહુ ભારે અને સમ વિષમ છે. અને ખેડવાણ જમીનનો ૨ ભાગ પડતર છે.

તંજાઉરઃ—આ જીલ્લામાં જળાશય અને રસ્તાઓમાં સુધારો થયાથી બીજા જીલ્લાઓ જેટલો ખેતીવાડીમાં બગાડો નથી.

કોઇમ્બતુરઃ—૧૮૪૦ માં કલેક્ટર લખે છે કેઃ–છેલ્લાં દશ વર્ષોમાંથી નવ ખરાબ ગયાં છે અને તેથી જમીનની મ્હેસૂલ ગગડી ગઇ છે. જાડા કાપડને મુંબઇ સાથેનો વેપાર કંઇક સુધર્યો છે. પણ ઝીણા કાપડનો વેપાર બ્રિટિશ માલને લીધે નષ્ટ થયો છે. ઉત્તરોત્તર ખરાબ વર્ષો આવવાથી અનાજના ભાવ વધ્યા છે.

સલેમ, મદુરા તિનવેલ્લીઃ—આ જીલ્લાઓમાંથી સુતરાઉ કાપડની રવાનગીમાં ઘણો વધારો થયો છે. ખેતીના વધારાની સાથે મજુરીના દરમાં વધારો થયો નથી. કલેક્ટર લખે છે કે સસ્તા ભાવ હોવાથી મોજશોખની ચીજોનો ઉપભોગ વધ્યો છે.

મદ્રાસની રૈયતની સામાન્ય સ્થિતિઃ—આનું વર્ણન મદ્રાસના એક પ્રસિદ્ધ અમલદાર મિ. ઓર્ડીલનના એક પુસ્તક ઉપરથી મેં આપ્યું છે. તેઓ કલેક્ટરના હોદ્દા ઉપર હતા અને લોકો વિષે બહુ સંગીન અને ઊંડું જ્ઞાન ધરાવતા. તેઓ સરઆથર કૉટનની સાથે પબ્લિક વર્ક્સ કમિશનના એક સભાસદ હતા, જે કમિશને પોતાનો રિપોર્ટ ૧૮૫૨ માં જાહેર પાડયો. તેમણે ૧૮૫૩ માં મદ્રાસની રૈયતના વર્ણનનું એક પુસ્તક લખ્યું છે તે બહુ વિચાર અને વિવેકવાળું છે. તેમાં કાંઇ અતિશયોક્તિ નથી, પણ તેમાં ખેડૂતોમાં ઘર કરીને રહેલી ગરીબાઇનું દુઃખદાયક વિગતોથી ભરેલું વર્ણન છે.

થોડાક ખેડૂતો જેમના આંકડા મુકરર કરવામાં રહેમિયત રાખવામાં આવી હતી, અથવા જેઓને કાંઇપણ કરવેરો ભરવો પડતો ન હતો તેઓ સારી સ્થિતિમાં હતા. અને મહિને ૧૫-૨૦ રૂપિયાની ઉપજવાળા હોય તો તો બહુ સારી સ્થિતિમાં છે એમ સમજાતું. આ વર્ગમાં પણ મહિનાના ૩૦

અથવા ૫૦ રૂપિયા અથવા બાર મહિને ૪૦૦ થી ૬૦૦ રૂપિયાની ઉપજવાળા તો જવલ્લે જ હતા[x].

પણ ખેડૂતોનો મોટો ભાગ તો હમેશાં નિર્ધન જ રહેતો અને સામાન્ય રીતે કરજમાં જ હતો. લખે છે કે "રૈયતવર્ગ હાથમાંથી મોંમાં એમ રહે છે. પોતાની કિરત ભરવા માટે શાહુકારને ત્યાંથી જે પૈસા એ કરજે લઈ આવે તે સિવાય પૈસાનું મ્હોં સરખું પણ જોવા પામતો નથી. બહારના ગામો સાથે આપલેનો વહેવાર બહુ જૂજ છે અને તેમાં પણ ઘણું કરીને દાણા દુણીથી જ વેપાર ચાલે છે. તેમનાં ઢોર બહુ જ નિર્માલ્ય હોય છે; ૩½ થી ૬ રૂપિયાની કિમ્મતનાં; અને તે પણ વખતે પોતાનાં નથી હોતાં કારણ કે એની કિમ્મતનાં નાણાં આપવાનાં કાંતો બાકી હોય છે. એનું હળ–અસલી અને નબળું–જ્યારે નવું હોય ત્યારે બે ત્રણ રૂપિયાની કિમ્મતનું હોય છે. અને એનાં બાકીનાં ખેતીનાં ઓજાર પણ એવાં જ અસલી અને નકામા જેવાં જ જણાય છે. એનું ઘર ગારાનું અને છાપરૂં જનવળીનું, અને તે પણ અત્યંત જંગલી નાનું અને જીર્ણ થઇ ગયેલું. અને તેમાં જેને ઘરનો સરસામાન કહીએ તેમાંનું તો કાંઈ જ નહિ. એમનો અને એમના કુટુમ્બનો ખોરાક, કાંઇક કાંજી, અને કાંઇક ચોખા, સહેજસાજ મશાલાવાળા; અને રસોઇનાં અને ખાવાનાં વાસણો ઘણું કરીને જાડાં માટીનાં; સફાઇમાં ઇંગ્લંડના એક નળી-આથી અથવા ઇંટથી પણ ઉતરતાં. આ વર્ગમાં જો કે પીતળનાં વાસણો નથી એમ નહિ, પણ જવલ્લે જ.

"રૈયતના દરજ્જાવાળામાં પણ એવાં દુબળાં માણસો જોવામાં આવે છે કે જેઓને એકાદ ટુકડો જમીનનો હોય તો પણ ઉછીનાં ઢોર લઇને તે ખેડતો હોય અને નિર્વાહ લાકડાં કાપીને અને વેચીને અથવા ખેતરમાં કોઇ બીજા પ્રકારની મજુરીથી જ થતો હોય.

---

x જેટલી જરૂરીયત હિંદુસ્તાનમાં તે વખતે ૨૦ રૂપિયાથી ખરીદી શકાતી તેટલી ઇંગ્લંડમાં ૧૦ પાઉંડથી ૧૮૪૦ માં ખરીદી શકાતી.

" ખરો મજુર વર્ગ તો આથી પણ દુઃખી છે. આના કરતાં ઘણી ખરાબ સ્થિતિમાં, પણ બે વચ્ચે બહુ ફેર જોવામાં આવે નહિ. ખેતીની મજુરીથી નિર્વાહ કરનારની ઉપજ બાર મહિને વીસ રૂપિયાથી વધારે ગણાય નહિ; જેમાં તમામ ઉપજનો સમાવેશ થાય, અને તે મજુરી નાણામાં નહિ પણ દાણાદુણીથી ચુકવાય.

" એની ઉપજનો ઊંચામાં ઊંચો આંકડો એટલે વીસ રૂપિયા લઇએ તો ઇંગ્લંડમાં એની ખરી કિમ્મત-દશ પાઉંડની ગણાય.

ઈંગ્લંડમાં ખેતીની મજુરીની વર્ષે ૨૮ પાઉંડ કરતાં સરેરાશ ઉપજ ઓછી થતી નથી. અને માલ લેવાના વખતમાં તે સિવાયની ઉપજ થાય તે જુદી. આ ઉપરથી એમ સમજાય કે ઈંગ્લંડના પ્રમાણમાં અહીંના ખેતીના મજુરની ઉપજ ત્રીજા ભાગની છે. "

હવે આ રૈયતવારી પદ્ધતિનું કામ કેવી રીતે ચાલે છે અને તેનાં શાં પરિણામો આવે છે તે બાબતમાં એક બીજા પ્રખ્યાત અમલદારનો પુરાવો આપીશું. જ્યોર્જ કેમ્બેલ-પછીથી સર જ્યોર્જ કેમ્બેલ બંગાળાના લેફ્ટનન્ટ ગવર્નર અને પાછળથી પાર્લમેન્ટના સભાસદ થયા હતા, તેઓ ૧૮૫૨ માં મદ્રાસની પદ્ધતિનું નીચે પ્રમાણે વર્ણન આપે છે.

" એક કલેક્ટર ૧૫૦,૦૦૦, દોઢ લાખ ખેડૂત સાથે કામ પાડે છે એ વાતની જરા કલ્પના કરો, અને વિચારો કે આમાંના એકની પાસે પટો નથી, એને મ્હેસૂલ આપવાની તે એણે ખેડીને પેદા કર્યું હોય તેના પ્રમાણમાં; તેમજ તેનાં ઢોર, ઘેટાં, બકરાં, અને છોકરાંના પ્રમાણમાં; અને તેમાં પણ જો મ્હેસૂલ ઓછી કરવાની અરજ કરે અને તે અરજ વાજબી જણાય તો ઓછી કરવાની પાછી સત્તા. આવી પદ્ધતિ હોય તો ખેડૂતનાં દુઃખોનો ઇંગ્લંડ અથવા બીજા દેશોમાં કેવો મોટો પોકાર ઉઠી રહ્યો હોય. કોઇ ખેડુ એમ કબુલ કરશે કે મારા ખેતરમાં કાંઇ પણ ઉપજ્યું છે, અથવા મારાં ઢોર વિહાયાં છે અને મારી બૈરીએ કાંઈ પેદા કર્યું નથી ? કલેક્ટર જો કોઇ પેગંબર હોય અને પોતાના જીલ્લામાં ચિરંજીવ રહે તોપણ પોતાની પ્રજાને

માટે તે લાયક થઇ શકે નહિ; પણ આતો એક સાધારણ માણસ છે, વળી પરદેશી છે, વખતો વખત બદલાય છે, અને તેમ હોવાથી તાબાના માણસો પોતાની મરજી મૂજબ ન વર્તે અને સત્તા હોયને તેનો દુરુપયોગ ન કરે તો બહુ જ નવાઇ જેવું. તેથી સામાન્ય રીતે સર્વત્ર એમ મનાય છે કે આખી પદ્ધતિનાં દૂષણો અને તેમાં પણ માથીને અંગે થતા અપરાધો અત્યંત ભયંકર છે. દરેક પ્રકારની ખટપટનો સુમાર રહેતો નથી; અને કલેક્ટર ખાતમીદાર ઉપર ભરોસો રાખીને વર્તે છે તેથી કંઇપણ સુધારો થતો નથી."

જે પદ્ધતિએ ગ્રામ સંસ્થાઓનો અનાદર કર્યો, અને ખેડૂતો પાસેથી પરણારીજ અસંભવિત મ્હેસૂલ લેવાનું ધોરણ દાખલ કર્યું તે પદ્ધતિના આ પહેલાં ફળ. વળી આ દરિદ્ર લોકો પાસેથી વખતસર વસુલાત લેવાને માટે જુલમનો પણ ઉપયોગ થતો એ વાતની નોંધ લેતાં બહુ દુઃખ થાય છે. આ ઝેરી રીતની વાતો વિલાયત સુધી પહોંચી હતી, અને ૧૮૫૪ માં ન્યુકાસલ તરફથી પાર્લમેન્ટમાં બેસતા મિ. ગ્લૅડેટે મદ્રાસની મ્હેસૂલ પદ્ધતિ ઉપર એક ચર્ચા ઉડાવવાની દરખાસ્ત પણ આપી હતી. તેણે આ આખી પદ્ધતિને નીચામાં નીચી પદ્ધતિ તરીકે વખોડી કહાડી અને દલીલ કરી કે આવી ભારે મ્હેસૂલ જુલમ કર્યા વિના વસુલ થઇ શકે જ નહિ. નિર્ભયતાને માટે પ્રખ્યાત થયેલા જૉન બ્રાઇટે આ ચર્ચામાં ભાગ લીધો હતો, અને તેમના છટાદાર શબ્દોથી મદ્રાસની પદ્ધતિને માટે તે દેશમાં તિરસ્કાર ઉત્પન્ન થયો હતો. આ ચર્ચા પછી હિંદુસ્તાનની સરકારને કંઇક પગલાં લેવાની જરૂર જણાઇ. પુરાવો લેવા સારૂ એક કમિશન નીમાયું, અને કમિશનને સત્તા આપનારો એક કાયદો પસાર થયો. મદ્રાસની સ્મૉલ કૉઝ કોર્ટના જજ મિ. થૅકરે, મિ. નોર્ટન મદ્રાસના એક બૅરિસ્ટર, અને રૈયતવારી પદ્ધતિનો એક મજબૂત હિમાયતી મિ. સ્ટોકૃસ—એ ત્રણનું કમિશન નીમાયું. આ કમિશને બહુ સાવધાનીથી એક રિપોર્ટ કર્યો. એમણે એવો અભિપ્રાય આપ્યો કે સરકારી મ્હેસૂલ વસુલ કરવા સારૂ જુલમ થાય છે અને એમ

પણ લખ્યું કે આવી રીતના જુલમની લોકને કંઇ દાદ મળતી નથી. પણ તેગણે સાવધાનીથી સરકારના યુરોપિયન અમલદારો ઉપર આ બાબતની કંઇ પણ જવાબદારી નાંખી નહિ એટલું જ નહિ પણ " સરકારના યુરોપીયન અમલદારો આવી રીતના જુલમને ઉત્તેજન આપે છે અથવા સાંખી રહે છે એવું લોકનું માનવું છે, " એવો અભિપ્રાય આપવાને પણ એમની પાસે પૂરતો પુરાવો નથી–એમ નિર્ણય કર્યો.

જુલમની જે તરેહનો ઉપયોગ થતો તે આવી હતી. માણસને તડકે રાખી મૂકવો; જમવા અથવા ઝાડેઝપટે જતાં અટકાવવો; કેદ કરવો; એનાં ઢોરને ચરવા જતાં અટકાવવાં; એના ઉપર મોહશલ મૂકવો; એને નીચો નમાડીને બાંધવો; આંગળીઓ દબાવવી; ચૂંટીઓ ભરવી; તમાચા મારવા; મુક્કીઓ મારવી અથવા અવળા સવળી ચાળકા લગાવવા; કાન મરડવા; હલકી વર્ણના માણસને તેની પીઠ ઉપર બેસાડવો; બેનાં માથાં ભટકાવવાં; અથવા બેના વાળ પાછળથી બાંધવા; હેડમાં પૂરવા; ગધેડાની અથવા ભેંસની પુછડીએ વળ વતી બાંધવા; ગળામાં હાડકાનો હાર અથવા તેવી પાતકી અથવા કંટાળો ઉપજે તેવી ચીજ નાંખવી. ક્વચિત્ આથી પણ વધારે સખ્ત દમનનો ઉપયોગ કરવામાં આવતો હતો.

આ તપાસમાં એક વાત જે સહુથી વધારે તરી આવી તે એ હતી કે જ્યાં મ્હેસૂલ વધારે આકરી હતી ત્યાં આવા જુલમનાં પ્રકરણો વધારે થતાં. કમિશન લખે છે કે " કેનારા અને મલબારમાં જમીનની મ્હેસૂલ હલકી છે, લોક સુખી છે, લોક આકાર સહેલાઇથી અને આનંદથી વસુલ આપે છે, અને હું પહેલો આપીશ એવા પ્રકારની રસાકસી થાય છે. અને કેના ઉપર પહેલી ફરજ પાડવી એવો પ્રશ્ન ઉદ્ભવતો નથી. જ્યાં જમીન વેચાણ થઇ શકે છે, અને પડતર જમીનનાં ખાતાં લોકો આતુરતાની સાથે રસાકસીથી લેછે, ત્યાં ત્યાંની યુરોપીયન વસતિ એમ કહે કે આ ભાગ્યશાળી ભૂમિમાં મ્હેસૂલ વસુલ કરવા માટે દેહદમન અજ્ઞાત છે, તો તેમાં કેને નવાઇ લાગે " ?

અને બેર્ડિલ્લોન-ઉત્તર આર્કટનો કલેક્ટર લખે છે કે 'મ્હેસૂલ વસુલ કરવા માટે કરવામાં આવતા ઇલાણ કયારનાંએ નષ્ટ થયાં હોત–જો મ્હેસૂલ આટલી ભારે નહુત અને વસુલ લેવાની અમુક સરતોમાં કાંઇક ફેરફાર કરવામાં આવ્યો હુત તો. માફકસર દર હુત તો જમીનની કિમ્મત થાત. અને તે સાચવી રાખવાની માણસ અત્યંત કાળજી રાખત એટલું જ નહિ પણ દુઃખના દહાડામાં સરકાર હક આપવાનું પણ તે સાધન થાત. વળી જો મ્હેસૂલ માફકસર હોત તો તેટલી જ વાતથી લોકના સ્વભાવ ઉન્નત થવા તરફ વળત કારણ કે જ્યારે માણસના હાથમાં મીલ્કત આવે છે, ત્યારે તેમને આત્માભિમાન રહુવે છે, અને પોતાને માન કેવી રીતે મળે એ બાબતનું જ્ઞાન થાય છે. અને તે પછી શારીરિક અપમાનને તેઓ તાબે થતા નથી'.

રૈયતવારી પદ્ધતિનાં તમામ દૂષણો જમીન ઉપર સખ્ત આકાર કરવાથી ઉત્પન્ન થાય છે એ હિંદુસ્તાનની સરકાર જાણતી હતી. અને ઉત્તર હિંદુસ્તાનને મુકાબલે આ અત્યંત દૂષિત રીત ઉપર સખ્ત વાંધા બતાવવામાં આવ્યા હતા. ઉપર બતાવ્યા પ્રમાણે રેવિન્યુની મુખ્ય સભાએ મદ્રાસની રીતની નિંદા કરીને એક સખ્ત પત્ર ગવર્નર જનરલ ઉપર લખ્યો હતો. તેમાં તેમણે બતાવ્યું હતું કે " આ રીતમાં હલકા પગારના સરકારી નોકરોને હાથે ઘણો દગો ફટકો થાય છે, અને ખેડૂતના ઘરની સ્થિતિના સંબંધમાં બારીકીથી તપાસ કરવાથી તેને એવી કનડગત થાય છે કે જે ઇષ્ટ નથી. આ રીત નિર્ધનતા અને પરાધીનતાની નીચામાં નીચી પાયરીના લોકોના સંબંધમાં જોવામાં આવી છે. આથી દરેક માણસ પોતાને હલકો ગણે છે, અને સદાની પરાધીનતાની સ્થિતિએ પહોંચે છે. પોતાના શ્રમ ઉપર આધાર રાખનાર માણસની પ્રમાણિક અને મરદાની સ્થિતિ તેને કદી પ્રાપ્ત થતી નથી. પોતાના ઉપરીની કૃપા અથવા અવકૃપાની દરકાર વિનાની માનભરી સ્વાશ્રયતા એ કદી ધારણ કરી શકે નહિ." પણ સદર સભાના આ વાંધા અથવા જીલ્લા કલેક્ટરના રિપોર્ટો, એ કથાથી મદ્રાસની સરકારને પોતાની દૂષણ યુક્ત મ્હેસૂલની પદ્ધતિ સુધારવાનો

ઉત્સાહ થયો નહિ. બર્ડ અને વિન્ગેટ જેવા માણસોએ બીજા ઇલાકાઓમાં મોટા સુધારાઓ કર્યા પણ મદ્રાસમાં તેવા સુધારાઓ કરવા તરફ કોઇનું વલણ થયું નહિ. મદ્રાસના અમલદારો પોતાની રીતને વળગી જ રહ્યા. અને જેમ જેમ કાયમની જમાબન્દીવાળી જાગીરો ફ્રેસ્યુલ ભરવાની અશક્તિને લીધે વેચાતી ગઇ તેમ તેમ આ રીત તેઓની જાગીરોને પણ લાગુ પાડવા મંડી પડ્યા. આ રીત તેઓ બહુ આતુરતાથી ચલાવતા. તે વખતનો એક અમલદાર લખે છે કે, "એક રૈયતવારી કલેકટરને તમે એના ઘરમાં મળો તો તે તમારૂં આતિથ્ય કરતાં કરતાં કબુલ કરશે કે અમુક મોટી જમીનદારી બહુ કુશળતાથી વેચાણ કરાવીને હાથમાં લીધી છે. માલીકને જાણી જોઇને કલેકટરના પંજામાં એવી રીતે ફસવા દેવામાં આવ્યો કે તે નીકળી શકે જ નહીં; ધાર્યું હત તો વેચાણ સહેલાઇથી બંધ કરાવી શકાત અને વખતે તેની જરૂર પણ ન જણાત."* અને લખનારે એવા દૃષ્ટાન્તો આપ્યાં છે કે વાંચવાથી આપણે અત્યંત દુઃખ થાય છે.

રૈયતવારી પદ્ધતિના રચનાર ટૉમસમનો એઓએ આવું પરિણામ આવશે એવું કદી પણ ધાર્યું ન હતું. સને ૧૮૧૩ માં હાઉસ ઑફ કૉમન્સ રૂબરૂ એણે કહ્યું હતું કે, "આ પદ્ધતિનું ધોરણ એ છે કે દેશની તમામ જમીન ઉપર આકાર બાંધવો: તે આકાર કાયમનોઃ ખેતી કરતો હોય તેવો દરેક ખેડૂત એ આકાર આપવાની સરતે જોઇએ તેટલી જમીન પોતાની નજરમાં આવે ત્યાં સુધી રાખી શકે: અને આંકડાના કંઇ પણ વધારા વિના તે તે જમીન હમેશ રાખી શકે."

પણ આકાર બહુ સખ્ત બાંધવામાં આવ્યો અને પરિણામ એ આવ્યું કે સરકાર હક, વરસની સ્થિતિ અને લોકની હાલતના પ્રમાણમાં કમી કરવો પડ્યો. વળી વધાર્યો, વળી કમી કર્યો. આ ઇલાકાના ત્રીસ વર્ષના ઇતિહાસ જમાબન્દીના ફરતા ફરતી હુકમનામાંનો જ છે. દુષ્કાળ અથવા મોંઘવારીને લીધે

* Madras નો દીવાની રાજ્યવહીવટ. લખનાર. પી. બી. રમોલેટ લન્ડન ૧૮૫૦.

આકાર ઘટાડાય, અને આપાદીતું પ્રથમ ચિન્હ જણાય એટલે આકાર વધે. એક મોટી અને ઉદ્યમી પ્રજાને જંચામાં ઊંચી મ્હેસૂલ ઠરાવીને આવી રીતે હેરાન કરી પોતાની સ્થિતિમાં સુધારો કરતી અને કૃષિધન મેળવતી અટકાવવાનો, આવો દાખલો અર્વાચિન ઇતિહાસમાં મળી શકશે નહિ.

૧૮૫૨-૫૩ ની પાર્લમેન્ટની તપાસમાં આ દૂષણો સ્પષ્ટ રીતે જાહેરમાં લાવવામાં આવ્યાં હતાં. માલ્કમ લોચેન-જેણે પચીસ વર્ષ કલેક્ટર જજજ અને કાઉન્સિલના સભાસદના અધિકાર ઉપર કામ કર્યું હતું તેણે જબાની આપી છે કેઃ—

"હું ધારૂં છું કે મ્હેસૂલની પદ્ધતિ સાથે દેશની નીતિને મોટો સંબંધ છે. હું ધારૂંછું કે મદ્રાસની મ્હેસૂલની રીતિ અત્યારે એવી છે કે દેશની નીતિ બગડે છે અને લોક નિર્ધન થતું જાયછે." તેણે ઉમેર્યું છે કે "જે તહસીલદારો તપાસ કરવાને જાય છે તેઓના જ હાથમાં આકારની વસુલાત ઘણું કરીને રહેછે, એટલે જ્યારે આ લોકો કોઇ ગામ ઉપર જાય છે ત્યારે આકાર હલકો કરાવવાને તેમને સંતોખવાનું પગલું પહેલવહેલું ભરાય છે."

જેમ્સવિલ્યમ ડાઇકે—પણ લખાવ્યું છે કેઃ–આ ઇલાકામાં સર્વત્ર આ પદ્ધતિનું મોટું દૂષણ એ છે કે (૧) આકારની અનિયતતા–એટલે જો ખેડુ ખેતી સુધારે તો આકાર વધેઃ (૨) સરકાર સાથેના સંબંધની અનિશ્ચિતતાઃ (૩) મ્હેસૂલના નિયમોનું ખેડૂતોને અજ્ઞાન.

આ ઉપરથી મુંબઇ અને ઉત્તરહિંદુસ્તાનમાં ૧૮૩૫ અને ૧૮૩૩ માં જેવાં પગલાં ભરવામાં આવ્યાં તેવાં પગલાં ભરવાની મદ્રાસની સરકારને ફરજ પડી. એક માપણી કરીને જમાબન્દીનો નિર્ણય કરવાનું નિશ્ચિત કર્યું. આ નિર્ણયનાં બહુ સારાં પરિણામ આવવાની મદ્રાસ સરકારે આશા રાખી હતી. ૧૮૫૫ ના તેઓના હુકમમાં લખ્યું છે કેઃ—

"બારીક સર્વ્હે અને સાવધાન મ્હેસુલનિર્ણયથી આ બધાં દૂષણો દૂર

થશે. દરેક માણસે શું આપવાનું તે નિશ્ચિત થશે. સામાન્ય નિયમ તરીકે માપી કે જેને માટે ખટપટ થાય છે અને રૂશ્વતો અપાય છે તે તદન બંધ થશે. અને તેથી ખટપટ અને રૂશ્વતનો સંભવ ઘણો ઓછો થશે. અને આ રીતથી લોકો પાસેથી હમણાં કરતાં વધારે મ્હેસૂલ આપણે લઇ શકીશું. અત્યારે સરકારી અધિકારીઓને જે રકમો આપવી પડે છે તે રૈયતને બચશે અને મ્હેસૂલનો વિભાગ સમાન થવાથી જેમને અત્યારે વધતો પડતો બોજો છે તે ઓછો થશે, અને જેઓ અત્યારે ખોટી રીતે બચી જાય છે તેમના ઉપર યોગ્ય બોજો પડશે. આટલું જ નહિ પણ આકાર માફકસર અને નિશ્ચિત થવાથી ખેતીમાં પણ જલદીથીવધારો થશે. અત્યારે સીધા અને આડકતરા બોજાઓથી ખેતી બહુ સંકુચિત છે, જ્યારે આ બોજાઓ હલકા થશે ત્યારે ખરો ખેડૂત વર્ગ પોતાની ખેતી વધારશે અને વેપારી લોક પણ ખેતીમાં નાણાં રોકશે.

" વળી એટલું પણ ચોક્કસ છે કે ઊંચા આકાર હોવાથી અને બારીક હિસાબના અભાવથી દગા કટકાનો પ્રસંગ ઘણો છે. વખતો વખત આના દાખલાઓ બહાર આવે છે અને બધા અમલદારો આ વાત જાણે છે. છતાં તાબાના નોકરોને નાણાં આપી ચૂપ કર્યાથી વાત ઉઘાડી રીતે બહાર આવતી નથી. આકાર હલકા કરવાથી આવા દગાના પ્રસંગ ઓછા થઇ જશે, કારણ કે પછી રૂશ્વત આપીને ખરી સ્થિતિ છુપાવવાનું કંઇ કારણ રહેશે નહિ. અને બારીક સર્વે અને ચોખ્ખા અને અદલ હીસાબથી આવું કપટ મુશ્કીલ થશે અને ભયંકર પણ થશે.

" પડતર જમીન ઘણી છે, લોક શાન્ત અને ઉદ્યમી છે, અને ઘર છોડવાને ખાસ રીતે નારાજ હોવા છતાં તેઓ અન્નવસ્ત્રે એટલાં બધાં દુઃખી છે કે નિર્વાહ માટે દરીઆપાર જવાની જરૂર જુએ છે. તો ઘોરી રસ્તાઓને સુધારી અને વધારીને, જમીનના દર હલકા કરીશું તો ખેતી નફો આપનારી થશે અને ખેતીવાડીનો રોજગાર ઘણો વધશે. આ નવી સર્વેને પૂરી થતાં

૧૫–૨૦ વર્ષ લાગશે. અને તેથી વર્ષો વર્ષ મ્હેસૂલના પંદરમા કે વીસમા ભાગના સંબંધમાં જ નવો વ્યવહાર કરવો પડશે. એટલે આ નવાં પગલાંથી જે સુધારો થવાનો સંભવ છે તેને માટે પૂરતો વખત રહેશે. બધું જોતાં અત્યારની હાલતની નબળાઇ ઉપર ધ્યાન આપતાં એમ સમજાય છે કે આ પગલાંના પરિણામમાં ઉપજ વધશે પણ ઘટશે નહિ. અને પ્રજાનું મોટું કલ્યાણ થશે. મ્હેસૂલનો પ્રદેશ હાલ કરતાં ઘણેા તણેા થશે અને પ્રમાણમાં સ્હેલાઇથી અને સુખથી વસુલ થશે. આવેા વિશ્વાસ રાખવેા એ વાજબી જણાય છે. ”

આ નવી સર્વેથી મદ્રાસની મ્હેસૂલ પદ્ધતિનું એક નવું પ્રકરણ ઉઘડયું. તેનેા હેવાલ પછીના પ્રકરણમાં આવશે.

પંજાબની જમાબન્દી.

સને ૧૮૪૬ માં પહેલા શીખ યુદ્ધ પછી લૉર્ડ હાર્ડિન્જે પંજાબનેા કેટલેાક ભાગ બ્રિટિશ રાજ્યમાં જોડી દીધેા. બાકીનેા ભાગ બીજા શીખ યુદ્ધ પછી લૉર્ડ ડેલ્હાઉસીએ સને ૧૮૪૯ માં ખાલસા કર્યો. સં. ૧૮૫૨ ના પંજાબના પહેલા કાર્યભારના રીપોર્ટમાંથી શીખ લેાકના વખતથી અને તે પછીની પંજાબની સ્થિતિનેા સ્પષ્ટ હેવાલ આપણને મળી આવે છે.

મહાન્ રણજીતસિંહ જેણે આ પ્રાન્તને એકત્રિત કરીને એક બળવાન રાજ્ય સ્થાપ્યું હતું, તેના વખતમાં જે નરેાએ શક્તિ અને હિંમતથી નામના મેળવી હતી, તેમને સુબાગીરીની સત્તાઓ આપીને રાજ્યના દૂરના ભાગેામાં મ્હેસૂલની ઉઘરાત સારૂ રાખવામાં આવ્યા હતા. આમાં જનરલ અવીતબળ હરિને પેશાવર અને હરિસિંહને હઝારાની ક્રૂર અને ઉપદ્રવ કરનારી વસતિ ઉપર અમલ ચલાવવાનું સેાંપવામાં આવ્યું હતું. લાહેારની આસપાસના મુલકમાં મ્હેસૂલ ઉઘરાવવા સારૂ કરાધિકારીઓને નીમવામાં આવતા અને તેમનાં અગત્યનાં કૃત્યેા ઉપર લાહેારનું પ્રધાન મંડળ દેખરેખ રાખતું.

આ વખતે લિખિત કાયદો બીલકુલ ન હતો. પણ સાદો અને સીધો ઇન્સાફ કરવામાં આવતો હતો. 'જમીન ઉપર માલકી હક' 'જમીનદાર અને ખેડૂતના અન્યોઅન્ય ઉપરના હકો,' અને ગ્રામસંસ્થાઓની એકત્રિત સત્તાઓનો યોગ્ય સ્વીકાર કરવામાં આવ્યો હતો. સ્થાનિક અધિકારીઓની પ્રેરણા મુજબ લવાદની રીત ઘણે ભાગે અમલમાં મૂકાતી હતી; અને સ્થાવર જંગમ મીલકતના કઠણમાં કઠણ સવાલોના પણ લવાદથી નીકાલ થતા હતા. મહારાજા વખતો વખત પોતાના રાજ્યમાં ફરતા, મુસાફરી દરમિયાન લોકની ફરિયાદો સાંભળતા અને કોઇ મુલાના પ્રાન્તમાં જો ફરિયાદોની સંખ્યા વધી પડતી તો તેના ઉપર ગુસ્સે થતા. દરબારમાં પણ હજુરમાં ફરિયાદો લેતા.

કર ભારે હતો, પણ કેટલાક પ્રસંગોમાં સરકાર એક હાથથી લે અને બીજે હાથે આપે એવી હકીકત થતી. રાજ્યમાં કામદારોની સંખ્યા મોટી હતી; દરેક ગામમાંથી લશ્કરમાં સામેલ થવાને ઉમેદવારો જતા અને તેઓ જે પૈસા બચે તે ઘર આગળ મોકલાવતા. ઘણા ગામોમાં કર ભારે હોય છતાં લોકો લશ્કરી નોકરીની બચતમાંથી કર ભરી શકતા. આમ નાણાની હેર ફેર છૂટથી થતી.

મહારાજા રણજીતસિંહના વખતમાં કાચી ઉપજના અડધ જેટલો જમીનનો મ્હેસૂલી દર ગણાતો; પણ ખરી રીતે ૨ થી ૩ જેટલો ભાગ સરકારને મળતો હતો. જે પ્રાન્તો શીખ લોકોએ તદન જીતી લીધા હતા એટલે જ્યાં ખેતી ઠીક થતી હતી ત્યાં આ પ્રમાણે ચાલતું હતું; અને દિવાન મૂલરાજના પ્રાન્ત સિવાયના બીજા બધા સિન્ધુ નદીની આ બાજુના પ્રાન્તોમાં આજ પ્રમાણ હતું. પણ પેલી બાજુના પ્રાન્તોમાં કાણુ ઓછો હોવાથી, વસતિ જોઇએ તેટલી નહિ હોવાથી–માલની સલામતી ઓછી હોવાથી અને વસતિ આછી હોવાથી, મ્હેસૂલનો દર પ્રમાણમાં હલકો હતો.

જમીનનો જે વેરો લેવાતો હતો તે નાણામાં નહિ પણ ઉપજમાંથી જ લેવાનો વહિવટ હતો. અને તે કારણથી સારાં તેમજ માઠાં વર્ષોમાં જેટલી

ઉપજ આવે તેના પ્રમાણમાં જ લોક ઉપર કરભાર પડતો હતો. આ વહિવટમાં ઉપજ સારી યા માઠી ગમે તેવી હોય પણ અમુક રકમ આપવી જ પડે તેવો નિયમ ન હતો. તેમજ હલકા ભાવના કાળમાં ઊંચા ભાવના ધોરણે મુકરર કરેલી મ્હેસૂલ આપવાની પણ તેમને માથે ફરજ નહોતી.

૧૮૪૬ માં થયેલા તહનામાથી પંજાબનો વહિવટી તેમજ લશ્કરી કારભાર બ્રિટિશ રેસિડેન્ટના કાબુ નીચે ચાલે એવો બંદોબસ્ત થયો; અને હેનરિ લૉરેન્સ પહેલા રેસિડેન્ટ નીમાયા. નામીચા રાજ્યકાર્યભારીઓના આ સમયમાં શાન્તિસુધાકર–હેનરિ લૉરેન્સના જેવો હુંશીયાર રાજપુરૂષ કોઇ નહોતો. તે ૧૮૦૬ માં જન્મ્યો હતો. ૧૮૨૫ માં તો બ્રહ્મદેશના યુદ્ધમાં તેણે ભાગ લીધો હતો. ૧૮૪૨ માં પેશાવરના શીખ સરદારોને તેણે કાબુમાં રાખ્યા હતા અને અફઘાનિસ્તાન ઉપરની પૉલૉકની સવારીમાં મદદ કરી હતી. ૧૮૪૬ માં પહેલા શીખ યુદ્ધનો અંત લાવનાર સુબ્રાઉનની લડાઈમાં તેણે ભાગ લીધો હતો. હેનરિ લૉરેન્સના જેવો શીખ લોકને સમજનારો અને એમના ઉપર લાગવગ તેમના સદ્‌ગુણોને માટે માન અને તેમની સ્થિતિ ગૌરવ અને સ્વતંત્રતાને સાચવી રાખવાને વધારે સાચી ઇચ્છા ધરાવનાર, બીજો કોઇ અમલદાર તે વખતે ન હતો.

રેસિડન્ટ તરીકે નીમાયલો સર હેનરિ લૉરેન્સ ખરી રીતે પંજાબનો બાદશાહ જ હતો. સુધારાના દરેક કૃત્ય માટે તે આઠ સરદારોની બનેલી રાજ્યસભાની મંજુરી મેળવી શકતો. આમાં એક સુધારો એ હતો કે રાજ્યહક ઉપજના અમુક ભાગને બદલે નાણામાં આપવો. આ સુધારો લોકોને ફાયદાકારક ન હતો. રાજ્યહક દેખાવમાં કંઇક કમી કર્યો. પણ બ્રિટિશ અમલદારોની જમાબન્દીથી લોકોને કંઇ પણ લાભ મળ્યો નહિ. આ સિવાય બીજી બાબતોમાં લૉરેન્સ વધારે ફતેહમંદ નીવડ્યો. સરદાર હેનાસિંઘના ઉપરીપણા નીચે પચાસ ગ્રામણીઓની એક સભાએ શીખના રીવાજોનો એક

કાયદો ધડી કહાડ્યો. જુલમી દાણ અને સરકારના અનન્યાધિકારો રદ્દ કર્યા. હેનરિ લૉરેન્સની પસંદગીના હુંશીયાર અને કાર્યદક્ષ અમલદારોએ તેના વિચારોને અમલમાં મૂક્યા, અને જુદા જુદા પ્રાન્તોના રાજ્યવહિવટ ઉપર દેખરેખ રાખી. તમામ સરદારો મુખીઓ અને જમીનદારો અને સામાન્ય લોકો પણ આ વહિવટથી રાજી હતા અને શાન્તિસુધાકર (હેનરિ લૉરેન્સ) ના અમલનો આદરપૂર્વક સ્વીકાર કર્યો.

કમનસીબે જે બે ગૃહસ્થોએ પંજાબને શાન્તિ દેખાડી હતી તે બન્નેએ થોડા વખત પછી હિંદુસ્તાન છોડ્યું. ૧૮૪૭ ની આખરમાં તબીયતના કારણસર હેનરિ લૉરેન્સને હિંદુસ્તાન છોડવું પડ્યું. સને ૧૮૪૮ ની શરૂઆતમાં લૉર્ડ હાર્ડિન્જે લોર્ડ ડેલ્હાઉસીને રાજ્યની લગામ સોંપી દીધી. આ પછી જે મુશ્કેલીઓ ઉભી થઇ અને જેના પરિણામમાં બીજું શીખ યુદ્ધ ઉભું થયું તે પ્રથમ વર્ણવાઇ છે.

આ ફિતુરોના સમાચાર સાંભળી સરહેનરિ લૉરેન્સ ઉતાવળથી હિંદુસ્તાન પાછો ફર્યો; સને ૧૮૪૯ ના જાન્યુઆરીમાં ચિલિયનવાળાની લડાઇ વખતે લૉર્ડ ગફની બાજુએ હાજર હતો. બીજી ગુજરાતની લડાઇથી શીખની સત્તા ભાંગી પડી; અને પંજાબના છેવટના ભવિષ્યનો સવાલ ઉત્પન્ન થયો. હેનરિ લૉરેન્સ ખાલસા કરવાની વિરૂદ્ધ હતો. અને લૉર્ડ ડેલ્હાઉસીએ પંજાબને ખાલસા કરવાનો ઢંઢેરો બહાર પાડ્યો એટલે તરત જ તેણે રાજીનામું મોકલાવી દીધું; પણ લૉર્ડ ડેલ્હાઉસી શાન્તિસુધાકરના કામની કિંમત સમજતો હતો. તેણે હેનરિ લૉરેન્સને રોકી રાખ્યો અને પુષ્કળ સત્કાર્ય કરવાની તમને તક મળશે એમ સમજાવી તેને જ આ પ્રાન્તના રાજ્યતંત્રનું વડપણ આપ્યું. અને તેના ભાઇ જૉન લૉરેન્સ અને ચાર્લ્સ મિન્ઝોલને તેની સહાયકારક સભામાં નીમ્યા સરહેનરિએ રાજ્યકીય પ્રકરણ પોતાના હાથમાં રાખ્યું; મ્હેસૂલી અને બીજુ દીવાની કામકાજ જૉન લૉરેન્સને સોંપ્યું અને મેન્સલ અને તેના પછી આવેલા રોબર્ટ મોન્ટ્ગોમરિને ઇન્સાફના કામ ઉપર દેખરેખ રાખવાનું સોંપ્યું.

પણ આ સભા સરળતા અને એકરાગથી કામ કરી શકી નહિ. હેન્રિ લૉરેન્સને આ પ્રાન્તના સરદારોનું તેમની સ્થિતિને યોગ્ય ગૌરવ સાચવી રાખવાનું યોગ્ય લાગ્યું: જૉન લૉરેન્સ ડેલ્હાઉસીના સાંકડા વિચારનો અમલ કરવાનો– એટલે તેમને નિર્વાહ પૂરતું જ આપવાનો યત્ન કરતો. પ્રજા અને તેમના પરદેશી રાજ્યકર્તાઓ–અંગ્રેજ–એમની વચ્ચે બીજા કોઈની જરૂર નથી એવું ડેલ્હાઉસી અને લૉરેન્સનું મત હતું. હેન્રિ લૉરેન્સ સરદારોને લોકના સ્વાભાવિક અગ્રણી તરીકે સ્વીકારવાને સતત યત્ન કરતો. જૉન લૉરેન્સ જેને મ્હેસૂલનો વહિવટ સોંપેલો હતો તેને બેહૂત ઉપર વધારે કાબુ રાખવાની ઈતેજારી હતી; અને જુના સરદારોનો યોગ્ય અંગીકાર કરવાથી રાષ્ટ્રની વાજબી ઉપજનો ભાગ એમને આપી દેવો પડે છે એમ એ માનતો.

બે ભાઇઓ–જેમને એક બીજાની જાતને માટે ઊંચામાં ઊંચું માન હતું તેમનાં મન અધિકાર પરત્વે જુદાં થયાં અને તેથી વહિવટને નુકશાન પહોંચવા લાગ્યું. ગવર્નર જનરલના સેક્રેટરીને જૉન લૉરેન્સ લખે છે કે હું અને મારો ભાઇ પહેલા કરતાં જરા પણ વધારે સારી રીતે કામ કરી શકતા નથી. અમારી જુદાઇ વધી છે, અમે કદાચિત જ મળીએ છીએ, અને રાજ્યકીય બાબતોની ચર્ચા જવલ્લે જ કરીએ છીએ. હું ધારું છું કે "તેજસ્વી પ્રકૃતના ભિન્ન અભિપ્રાયવાળા અને કામ કરવાની રીત અને આદતોમાં પણ તફાવતવાળા બે રાજપુરુષોને એકઠા રાખવામાં નુકસાન છે."

બન્ને ભાઇઓએ રાજીનામાં આપ્યાં. લૉર્ડ ડેલ્હાઉસીને એમાં પસંદ કરવાનું હતું અને એ પસંદગીમાં બહુ મુશ્કેલી પડે તેમ ન હતું. તેણે રાજ્ય વહિવટી સભા કહાડી નાંખી; જૉન લૉરેન્સને પંજાબનો ચીફ કમિશનર બનાવ્યો અને સર હેન્રિ લૉરેન્સને ઓછી જવાબદારી અને ઓછી ગૌરવવાળી રજપૂતાનના એજન્ટની જગા ઉપર મોકલાવી દીધો.

ડેલ્હાઉસીનો આ નિર્ણય પંજાબ ઉપર વજ્રઘાતની પેઠે પડ્યો. દરેક મુખ ઉપર શોક છવાઇ રહ્યો. ધરડા જુવાન, ગરીબ તવંગર, લડવૈયા

તેમજ નાગરિક, અંગ્રેજ તેમજ દેશી, સર્વને, એક મિત્રને ગુમાવવા જેટલું દુઃખ થયું. હર્બર્ટ એડવર્ડસ જેવા મજબૂત માણસોની આંખોમાં પણ આંસુ ભરાતાં જણાયાં. અને, આખરે જ્યારે ૧૮૫૩ ના જાન્યુઆરીની ૨૦ મી તારીખે હેન્રિ લૉરેન્સે તેની બેન અને પત્ની સાથે લાહોર અને પંજાબની છેવટને માટે રજા લીધી ત્યારે દેશી સરદારોનો મોટો સમુદાય કેટલાક પાંચ, કેટલાક દશ, કેટલાક તો વીસ અને પચીસ માઇલ સુધી તેને વળાવવા સારૂ ગયા. આ માણસોને હવે સર હેન્રિ લૉરેન્સના પંડ પર કંઈ આશા ન હતી; કારણ કે પંજાબ ઉપરથી તે સૂર્ય અસ્ત થયો હતો. પણ તેમનાથી બતાવી શકાય તેવાં નજીવાં ચિન્હોથી, તેઓને તેને માટે પોતાની કદરદાની પોતાની ભક્તિ અને તેના જવાથી પોતાનો થતો શોક પ્રદર્શીત કરવાનો હતો, તેથી લાહોરથી લગભગ અમૃતસર સુધી એક લાંબો જીવંતા માણસની પાછળ પાયદસ્તની સવારી જેવો દેખાવ થઇ રહ્યો. કૅપ્ટન નેપિયર જે હવે લૉર્ડ નેપિયર થયો હતો અને જે હેન્રિ લૉરેન્સને પોતાના ભાઇ કરતાં પણ વધારે વહાલો હતો તે તેનાથી છુટો પડવામાં કેહલો હતો. જે વખતે નેપિયર ભરાયલી છાતીએ લાહોર તરફ મુખ કરીને પાછો ફર્યો તે વખતે હેન્રિ લૉરેન્સે તેની બેનને કહ્યું, 'તેને બચ્ચી કર. બ્હેન! તે મારો, સર્વોત્તમ અને વ્હાલામાં વ્હાલો મિત્ર છે. જ્યારે તે અમૃતસર પહોંચ્યો ત્યારે ડેપ્યુટિ કમિશનર મિ. ચાર્લ્સ સૅન્ડર્સના મકાન આગળ શોગીઆઓનું એક નવું મંડળ અને શોકનો એક નવો આવિર્ભાવ તેની રાહ જોતો હતો. ત્યાંથી તે રજપૂતાના ગયો.

સર હેન્રિ લૉરેન્સનું સ્મરણ આગળ એકવાર હજી આપણે કરવું પડશે. ૧૮૫૭ ના જુલાઇની ૨૨ મી તારીખે જ્યારે ઉગ્ર સેનાપ્રક્ષોભથી હિન્દુસ્તાનનું બ્રિટિશ સામ્રાજ્ય ધાસ્તીમાં આવી ગયું હતું, જ્યારે લૉર્ડ કિનિંગ ના મરણ અથવા રાજીનામાથી હિંદુસ્તાન નાવિક વિનાનું થઇ જવાનો ભય હતો, અને જ્યારે ધુરંધર સભાને આવા અણુચાર્યા પ્રસંગમાં ગવર્નર જનરલ તરીકે ઠોઇણુકની નિમણુક કરી રાખવાનું યોગ્ય જણાયું, ત્યારે તેમની પસંદગી લડાઇના

વખતમાં બહાદુર સૈનિક તરીકે અને શાન્તિના વખતમાં અનુકમ્પાવાળા રાજ્ય કર્તા તરીકે કસોટીમાંથી નીકળેલા, સર હેનિ લૉરેન્સ ઉપર ઉતરી, અને તેમણે તે મતલબનો ઠરાવ પણ કર્યો. પણ આ માન તેને બહુ મોડું મળ્યું. સર હેનિ લૉરેન્સ લકનૌ આગળ જુલાઇની ૪ થી એ પડયો; સર હેનિ લૉરેન્સ, જે કેનિંગને બાદ કરતાં તે વખતે ઉદ્ધારમાં ઉદાર રાજપુરુષ હતો.

હેનિ લૉરેન્સના જીવનની આંતર રસિકતા બાજુ ઉપર મૂકતાં, તેની જાહેર રાજ્યનીતિ હિન્દુસ્તાનના સર્વ રાજપુરુષોને હમેશાં ધ્યાનમાં રાખવા જેવી છે. પોતાના કાળના રાજપુરુષોના એક જુદા જ વર્ગનો તે અગ્રેસર હતો; જે વર્ગ પાછલા જમાનામાં એલ્ફિન્સ્ટન અને મેન્ટિન્કે સ્થાપ્યો હતો, અને જે ઑકલંડ અને ડેલ્હાઉસીની સામ્રાજ્ય ભાવનામાં નષ્ટપ્રાય થયો હતો. જનરલ મેકલાઉડ ઇન્સી કહે છે કે, "આ વર્ગ હિન્દુસ્તાનની રૈયતની લાગણી ઇતિહાસ અને વિચારના પ્રકારોનાં ખાસ ચિંતન કરતો; દેશી રાજ્યોના હકકોનો વાજબી સ્વીકાર કરવાનો આગ્રહ કરતો; અને લોકોના સ્વાભાવિક અગ્રણીઓ તરફ ડહાપણભરી અને ઉદાર વર્તણુક ચલાવવાની જરૂર અધિકારીઓ આગળ આગ્રહથી રજુ કરતો."

લૉર્ડ ડેલ્હાઉસી આ વર્ગને કદી સમજી શકયો નહિ; તેની કંઇ તુલના કરી શકયો નહીં. તે સામ્રાજ્ય ભાવનાનો ભકત હતો. તે એમ માનતો કે હિન્દુસ્તાનના લોકો ઉપર સારામાં સારું રાજ્ય પરદેશી રાજ્યકર્તાઓનું જ રાજ્ય છે. અને મધ્યમાં રહેનારા સરદારો અને અગ્રણીઓ સારા રાજ્ય વહિવટને અને સુધારાને વિઘ્નરૂપ છે. તેણે લોકોના જુના અગ્રણીઓને અને જુની સંસ્થાઓને વિસારે મૂકવાની મોટી ભૂલ કરી; જે ભૂલ તેના પછી વારંવાર બ્રિટિશ રાજ્યાધિષ્ઠાતાઓએ કરેલી છે. સર હેનિ લૉરેન્સને પંજાબમાંથી ખસેડવામાં ડેલ્હાઉસીએ તેની રાજ્યનીતિનો જ નાશ કર્યો. પ્રજાના સ્વાભાવિક અગ્રેસરોને વાળી નાંખ્યા; અને કૃષિકારોની પ્રજાને સરકારના પ્રત્ય-

ક્ષ વહિવટ નીચે લાવીને મૂકી. આ નીતિ જ્યારે જ ડહાપણવાળી નહોતી અને તે પછી જે પચાસ વર્ષ ગયાં છે તેમાં સારા રાજ્ય વહિવટમાં પરિણામ પામી નથી.

પ્રજાની સંસ્થાઓ પ્રજાની જરૂરીયતોનાં જ પરિણામ છે અને તેનાંજ બહારનાં સ્વરૂપ છે. હિન્દુસ્તાનના લોકોએ ગ્રામ સંસ્થાઓને ઉપયોગી કરી હતી; અને તેઓ પોલિગાર, જમીનદાર, જાગીરદાર, તાલુકાદાર, સરદાર અને પંચાયતના તાબામાં રહેતા, કારણ કે તેમને તેમની જરૂર હતી. તેમની સામાજિક વ્યવસ્થા પણ સામાજિક જરૂરીયતોને અનુસરીને જ બંધાયલી હતી. પોતાનો જન્મસિદ્ધ ધરોડરાઓના તાબામાં અથવા ગ્રામ સંસ્થાઓમાં તેઓ નિર્ભયતા માનતા અને સુખી રહેતા. આવી વ્યવસ્થા ભ્રષ્ટ કરવી એ ગમે તે રાજ્યકર્તાને માટે ડહાપણ ભરેલું નથી, અને પરદેશી રાજ્યકર્તાઓને માટે તો લોકની વ્યવસ્થિત સંસ્થાઓને વિસારે નાંખવી એ ખાસ કરીને નુકસાન કરનારૂં છે.

આ રીતે ઉત્પન્ન થયેલી ખામી હજી પુરાઇ નથી. જુની ગ્રામસંસ્થાઓને ઠેકાણે યોગ્ય સ્વરાજ્યવાળી સંસ્થાઓ હજી ઉત્પન્ન થઈ નથી. મદ્રાસ, મુંબઇ અથવા પંજાબની સરકાર આગળ લોકોના સ્વાભાવિક અગ્રણીઓ લોકની ઇચ્છાઓનું નિરૂપણ કરી શકતા નથી. આ સરકારોને લોકમતનો લાભ બંગાળની સરકાર જેટલો મળતો નથી તેમ લોકમત તેના ઉપર બંગાળાના જેટલો અસર પણ કરી શકતો નથીઃ કારણ કે બંગાળામાં લોર્ડ કૉર્નવૉલિસના શુભ પગલાંથી જનસમાજ સ્થિતિભ્રષ્ટ થતાં બચી ગયો છે. ગ્રામ સંસ્થાઓ અને મધ્યસ્થ સરદારોને અભાવે મદ્રાસ અને મુંબઇમાં જમાબન્દી આકરી છે. પંજાબમાં પચાસ વર્ષ ઉપર લોકોના અગ્રણીઓને વિસારે નાંખવાથી ખેડૂતો હજી સુધી આબાદ થયા નથી અને અત્યારે સરકાર નવા વર્ગના અગ્રણીઓ–સટ્ટાબાજો સરાફ અને નાણાં ધીરનારાઓ વગેરે લોકોને બચાવવાના યત્નો કરેછે.

કાંઇક તરેહનું પ્રતિનિધિત્વ, કોઇ પ્રકારનું સ્વરાજ્ય, લોકના કલ્યાણને માટે અને તેમનું હિત સાચવવા માટે એશિયા તેમજ યૂરોપમાં આવશ્યક છે. હિન્દુસ્તાનમાં સ્વરાજ્યનાં જે સ્વરૂપો પ્રચલિત હતાં તે અંગ્રેજને જણીતાં નહતાં પણ તે પોતાનું કાર્ય બરાબર સાધતાં. તે ઉછેરી શકાત, સુધારી શકાત, નિર્દોષ કરી શકાત; પણ તેનો નાશ કરવાથી એક ગાળો પડી ગયો. તેની ખામી અણીના વખતે જણાઇ આવે છે. બ્રિટિશ અમલને જેટલો જોઇએ તેટલો ટેકો મળતો નથી. સામ્રાજ્યભાવનાને પોતાને જ પ્રજાતંત્રનો સ્થિર પાયો મળી શકતો નથી. જનરલ એકલાઉડ ઇન્સ બતાવે છે કે સેના પ્રક્ષોભના સમયમાં સતલજની આસપાસના શીખ લોકો અને મુલતાનના મુસલમાનોએ પોતપોતાના સરદારોના વાવટા નીચે કીમતી સેવા બજાવી છે. પણ પંજાબના, સરદાર વિનાના શીખ લોકો દિલ્હી સર કર્યા પહેલાં કાંઇ કરી શકયા ન હતા. પણ હિન્દુસ્તાનના રાજપુરૂષોને આ ખામી, શાન્તિના સમયમાં પણ જણાય છેઃ-આ ખામી એટલે પરદેશી રાજ્યવહિવટને લોકપ્રિય કરવામાં અને તેના ઉપર અસર કરવામાં લોકની સહાયતાની ખામી.

જૉન લૉરેન્સે ડેલ્હાઉસીની નીતિ અમલમાં મૂકી. તેણે નિકલસનને લખ્યું કેઃ- " જમાબન્ધી હલકી રાખોઃ જેથી જમીનના કબજેદારોને વાજબી અને ઉદાર નફો રહે. તેથી તેઓ ખેતી વધારશે અને આપણી મ્હેસૂલ ઉપર વરસાદ પાણીના અભાવની પણ અસર નહિ થાય. મધ્યસ્થોને કહાડી નાંખો. તે જ્યાં છે ત્યાં દેશના શાપરૂપ છે. "

પણ જમાબન્દી હલકી નહતી. બ્રિટિશના હાથમાં મુલક આવ્યા પછી બીજા પ્રાન્તોની પેઠે અહીં પણ જમાબન્દી એકદમ વધારી દેવામાં આવી. ૧૮૪૭-૪૮ માં પંજાબની મ્હેસૂલ ૮૨૦,૦૦૦ પાઉંડ હતી. બ્રિટિશને હાથ ગયા પછી ત્રણ વર્ષની અંદર તો ૧૦૬૦૦૦૦ પાઉંડ થઇ. હવે લોકને નાણાંમાં જમાબન્દી આપવી પડી તેથી ભાવ ગગડી જવાથી પણ લોકના દુઃખમાં વધારો થયો. ૧૮૫૧ ના વર્ષમાં લોકોની ફરીયાદ બહુ ભારે અને સાર્વત્રિક

હતી.પંજાબના વહિવટના હેવાલમાં લખાયલું છે કે,"ખેડૂત લોકો સામાન્યરીતે ઉપજમાંથી ભાગ આપવાની અને દરેક મોસમે ભાગ પાડવાની અથવા કિંમત આંકવાની માંગણી કરે છે. આ સભાએ આ માંગણી ગણુકારી નથી; પણ જ્યાં ધ્યાન લાગ્યું છે, ત્યાં, જમાબન્દીની વસુલાત મોકુફ રાખવાનું ફરમાવ્યું છે. "

નીચેના આંકડાઓ પંજાબના રાજ્યવહિવટના હેવાલ ઉપરથી ગોઠવવામાં આવ્યા છે.

વિભાગ.	જીલ્લો.	મ્હેસૂલ ૧૮૫૦–૫૧.	મ્હેસૂલ ૧૮૫૧–૫૨.
		£	£
લાહોર	લાહોર.	૩૮૦૬૦	૪૦૬૧૪
	અમૃતસર	૮૬૮૭૨	૧૦૨૪૭૩
	દીનનગર	૮૯૬૨૭	૬૪૦૪૧
	વઝીરાબાદ	૧૦૮૩૩૮	૧૧૪૦૧૮
	શેખપુરા.	૩૧૬૧૬	૩૮૩૨૨
જેલમ	ગુજરાત	૫૬૩૮૨	૫૬૮૫૬
	જેલમ	૬૬૫૪૮	૭૨૦૬૧
	રાવલપિન્ડિ	૮૨૪૮૧	૮૨૦૫૬
	શાહપુર	૪૧૨૩૧	૩૪૩૮૧

બીઆ	બીઆ	૪૮૪૪૪	૫૪૩૫૭
	ખુનગડ	૪૯૫૩૪	૪૮૪૬૩
	દેરાઘાઝીખાન	૪૫૫૭૪	૪૭૨૮૦
	દેરાઇસ્માયતખાન	૪૮૯૬૮	૫૦૬૫૬
મુલતાન	મુલતાન	૫૬૪૩૦	૬૦૩૫૯
	જંગ	૨૭૮૭૮	૩૪૯૬૨
	પકપાટક	૨૫૭૫૭	૩૮૩૧૨
	પેશાવર	૮૯૩૦૭	૭૧૯૨૯
	હજરા.	૧૮૮૫૪	૧૬૮૧૫.
કુલ.	———	૧૦૧૮૫૦૨	૧૦૬૦૯૮૯

જમાબન્દી હલકી રાખવી એ જૉન લૉરેન્સનો જમીનના વહિવટની બાબતમાં મુખ્ય મુદ્દો હતો અને તેને તરત માલમ પડયું કે કચ્ચી ઉપજના ત્રીજા ભાગ જેટલો સરકાર હક્ક અને તે પણ નાણામાં વસુલ કરવાનો, તે ખેડુતના ઉપર જુલમ છે. થોડાં વર્ષમાં પંજાબના રાજ્યવહિવટે આ ભુલ સુધારી, પંજાબમાં જમીનની મ્હેસૂલ કચ્ચી ઉપજનો $\frac{2}{3}$ અને પાછળથી $\frac{5}{6}$

જેટલે આંકી. આ કૃત્યમાં ડહાપણ સમાયલું હતું એ વાત ખેતીના વધારાથી, મ્હેસૂલના વધારાથી અને ભરણાના વધારાથી સાબીત થઇ.

૧૮૫૬-૫૭ ના આંકડા, ઉપરના આંકડાના પ્રમાણમાં બહુ વધારો બતાવે છે અને ભરણાનું પ્રમાણ પણ સંતોષકારક છે.

	સરકાર હકનો આંકડો.	ભરણાનો આંકડો.
૧૮૫૬-૫૭;	૧૪૮૫૦૦૦	૧૪૫૨૦૦૦
૧૮૫૭-૫૮;	૧૪૬૫૦૦૦	૧૪૫૨૦૦૦

પંજાબ ખાલસા થયા પછી તરત જ નિયમસર જમાબન્દી આકારવાનું કામ શરૂ થયું, પણ દરમિયાન ૧૮૫૮માં ઇસ્ટઇન્ડિયા કંપની રદ થઇ. ૧૮૬૦-૭૨ નો વચમાં લાહોર અને અમૃતસરમાં જે જમાબન્દી થઇ તેમાં કચ્ચી ઉપજનો ૬ છઠ્ઠો સરકાર હક્ક તરીકે મુકરર થયો હતો. પણ પાછળના નિયમોથી સાધારણ વર્ષોમાં સામાન્ય ખેડૂતો જે દર આપે તેનો અડધ ભાગ સરકારે રાજ્યહક્ક તરીકે નિર્માણ કર્યો.

હવે આપણે ઉત્તર હિંદુસ્તાન મુંબઇ, મદ્રાસ અને પંજાબનાં પ્રકરણો એક પછી એક પૂરાં કર્યાં. કમ્પનીના રાજ્ય અમલ દરમિયાન હિંદુસ્તાનમાં જમીનની મ્હેસૂલની સ્થિતિના સામાન્ય જ્ઞાનને માટે ૧૮૫૭ માં ઇન્ડિયા હાઉસે પોતે કરેલા રિપોર્ટ કરતાં વધારે સત્તાવાર શું હોઇ શકે ? એના ઉપર ઇન્ડિયા ઑફિસના પરીક્ષણ-અધિકારી જૉન સ્ટુઅર્ટ મિલની પોતાની સહી છે. અને એ સંગ્રહ તેના કારકુને કર્યો હશે તોપણ તેની પર્યવેક્ષક બુદ્ધિ અને અસ્ખલિતતાની પીછીનાં ચિન્હ તેમાં જણાય છે. તેમાંના કેટલાક ઉતારા આ નીચે આપ્યા છે.

હિંદની જમીન-મ્હેસૂલની રીતિઓ ઉપર જૉન સ્ટુઅર્ટ મિલનો અભિપ્રાય.

બંગાળા. બંગાળાના નીચલા ઇલાકાઓમાં, કાયમને માટે મુકરર

કરેલી રકમ આપ્યે જવાની સરતે, જમીનદારોના હાથમાં જમીન છે. અને ૧૮૪૫ ના ૧ લા પ્રબંધ મુજબ જો જમા આપવામાં ભૂલ થાય તો જમીન વેચાવાને પાત્ર છે. સરકારના હાથમાં જે જમીન છે તે માત્ર એટલીજ કે જે આ કાયદા મુજબ સાર્વજનિક હિસાબે વેચાઇ હોય. અહીંયાના જમીન ઉપરના કરનો દર કહી શકાય તેમ નથી, પણ ઘણું કરીને ચોખ્ખી ઉપજના અડધ જેટલો તે દર મનાય છે.

ઉત્તર હિંદુસ્તાન. ૧. વસવાટ લાયકના તમામ મુલકના મહાલ પાડેલા છે. દરેક મહાલ ઉપર વીસ અથવા ત્રીસ વર્ષના પટાથી જમાબન્દી મુકરર કરવામાં આવેલી છે; તે એવી રીતે કે જેથી જમીનની ચોખ્ખી ઉપજ ઉપરાંત કંઇક નફો રહી શકે. અને આ રકમ નિયમસર વસુલ આપવા માટે જમીન હમેશને માટે સરકારને માંડી આપેલી હોય એવી રીતે વર્તવામાં આવેછે.

૨. આ ઉપરનો નફો લેવાને કોણ હકદાર છે તે નક્કી કરવામાં આવે છે. આવી રીતે નક્કી કરેલો હક વારસામાં ઉતરી શકે છે, વેચાણ કરી શકાય છે, અને આ હકદારોને જમીનના માલીક ગણવામાં આવે છે; અને તેમની સાથે વાર્ષિક જમાબન્દી વસુલ લેવાના કરાર થાય છે.

૩. મહાલના તમામ માલિકો મહાલ ઉપર જે જમાબન્દી મુકરર થઇ હોય તેને માટે વ્યસ્ત અને સમસ્ત રીતે જવાબદાર છે. એક કરતાં વધારે માલિક હોય તો નફો તથા ખોટ વહેંચી લેવાના નિયમો મુકરર થાય છે; પણ જો ઘણા માલિકો હોય તો થોડાક સાથે જ કરારો કરવામાં આવે છે. તેઓ એક બીજાના પ્રતિનિધિ તરીકે કામ કરે છે, મહાલનો વહિવટ કરે છે અને જમાબન્દી આપવાનું માથે લે છે.

પ્રથમ જમાબન્દીનો દર દરેક મહાલની ચોખ્ખી ઉપજના બે તૃતીયાંશ ઠરાવ્યો હતો; પણ ત્રીસ વર્ષ પુરાં થયેલાં હોવાથી હવે જે નવેસરથી જમાબન્દી કરવામાં આવશે તેમાં બે તૃતીયાંશને બદલે અડધ રાખવાનો ઠરાવ કરવામાં આવ્યો છે

મદ્રાસ. મદ્રાસ ઇલાકામાં ચાલતી મ્હેસૂલ પદ્ધતિના ચાર પ્રકાર છે. ૧ જમીનદારી. ૨ ગામની મઝીયારી. ૩ રૈયતવારી. ૪ ઉલાન્ગ.

જમીનદારી રીત ઉત્તર સિરકારમાં મોટે ભાગે છે અને મધુરા, જેલોર ઉત્તર આર્કટ વગેરે જીલ્લાઓમાં પણ માલકીની મોટી મોટી જાગીરો છે.

ગામની મઝીયારી રીતમાં ગામવાળાઓ જમીનદારની સ્થિતિમાં ગણાય છે; અને જમાબન્દીને માટે સમગ્ર રીતે સરકારને જવાબદાર રહે છે. આખું ગામ–બધા ગામવાળાઓને અથવા તેમાંના કોઇએક ભાગને અમુક વર્ષ માટે સાંથેલું હોય એમ ગણાય છે, અને તેઓ સરકારને સીધાં નાણાં ભરે છે, પોત-પોતાનો વહિવટ જુદો કરે છે અને ખેતીને માટે જમીન અંદર અંદર વ્હેંચી લેછે.

રૈયતવારી રીત પ્રમાણે દફ્તરે નોંધાયલો દરેક કબજેદાર જમીનનો માલિક ગણાય છે. અને તે સરકારને સીધી જમા આપે છે. પોતાની જમીન બીજાને સાથે આપવાની–તે જમીનને દાન વેચાણ અથવા ધરેણાથી બીજાને કબજે કરવાની, તેને છૂટ છે. જ્યાં સુધી તે મુકરર કરેલી જમા આપે જાય ત્યાં સુધી સરકાર તેને કહાડી શકતી નથી અને વર્ષોવર્ષ પોતાની જમીન વધારવા ઘટાડવા અથવા સમૂળગી મૂકી દેવાની તેને તક મળે છે. ખરાબ વર્ષમાં ઉપજ થોડી આવી હોય અથવા બીલકુલ ન આવી હોય ત્યાં જમામાંથી છૂટ મૂકવામાં આવે છે. જમાની રકમ નાણામાં જ મુકરર કરેલી હોય છે અને આકારથી જમીનને બાગાયત કરવા માટે સરકારી સાધનમાંથી પાણી લેવામાં આવ્યું હોય, ત્યાં પાણી બદલ સરકારને વિશેષ આપવું પડે છે. પણ તે સિવાય આ રકમમાં કાંઇ વધઘટ થતી નથી તેમજ રૈયતે પોતાને ખરચે જે સુધારા કર્યા હોય તેને માટે કંઇ વિશેષ આકાર લેવામાં આવતો નથી. આ પદ્ધતિ મુજબ રૈયત એક સાદા પણ પૂર્ણ હકથી માલિકની સ્થિતિ ભોગવે છે. અને જ્યાં સુધી જમા ભરે જાય ત્યાં સુધી તેને સરકાર કાઢી શકે નહિ, પણ પોતે નજરમાં આવે ત્યારે જમીન છોડી શકે, એમ હોવાથી કાયમના ખાતે-

દારના બધા લાભ એને મળે છે, અને કાંઇપણ ગેરલાભ સહન કરવો પડતો નથી. રૈયતવારી પદ્ધતિ પ્રમાણે વર્ષોવર્ષ આંકણી થાય છે તેમાં બહુ ગેર સમજ થાય છે અને અહીં ખુલાસો કરવાની જરૂર છે કે, રૈયતને પોતાની જમીન ઘટાડવા વધારવાનો જે હક આપેલો છે તેથી વર્ષોવર્ષ આંકણી કરવાની જરૂર પડે છે. તે આંકણીનો હેતુ કેટલી જમીન ઉપર રૈયત દર આપવાને પાત્ર છે તેનો નિર્ણય કરવો, એ છે; નહિકે ફરીથી જમાનો આકાર બાંધવો. જ્યાં રૈયતની જમીનમાં કંઇ ફેરફાર ન થયો હોય, ત્યાં નવેસરથી પટ્ટા કરવાની જરૂર પડતી નથી. આવા આશામીઓને વાર્ષિક આંકણીથી કંઈ અસર થતી નથી, તેમને તેમાં હાજર રહેવાનું કહેવામાં આવતું પણ નથી.

ઉલાંગ-રીત તંજાવર અને તિનેવેલીમાં ચાલે છે અને ત્યાં પણ સાર્વત્રિક નથી. આની વિશેષતા એ છે કે, સરકાર હકનો આધાર દાણાના ભાવ ઉપર રહે છે. આ રીત દાખલ કરવામાં આવી ત્યારે ગામ ઉપર દાણાની અમુક જમા ઠરાવવામાં આવી હતી; અને તેની સાથે એક નીરખ બાંધી તે ભાવ પ્રમાણે નાણાં માગવાનો રીવાજ પાડયો હતો, પણ તેની સાથે જ એમ ઠરાવવામાં આવ્યું હતું કે જો ચાલતા ભાવ દશ ટકા કરતાં વધે અથવા પાંચ ટકા કરતાં ઘટે તો નફા નુકસાનના ધણી સરકાર છે, રૈયત નથી. આ રીતનો ફાયદો એ છે કે સરકારને રૈયતની સાથે, ભાવ ઊંચા થાય તેનો લાભ મળે છે અને ભાવ ઉતરી જાય ત્યારે રૈયત નુકસાનમાંથી બચી શકે છે. પણ વાજબી દર શો એ મુકરર કરવાની મુશ્કેલી એ આ રીતનો ગેરલાભ છે.

મુંબઇ.–મુંબઇ ઇલાકામાં રૈયતવારી રીત ચાલે છે. એટલે જમીનના કબજેદારો સીધા સરકારની સાથે જ જમા નક્કી કરે છે. વચ્ચે કોઇ માણસ નથી તોપણ આખા ઇલાકામાં ઠેકાણે ઠેકાણે એવા દાખલા છે કે જ્યાં આખા ગામની જમાઓ કાંઇ એક વરિષ્ટ ધારણ કરનારા અથવા ભાગદારોએ કોઇના કોઇ નામ અને અધિકારથી સરકાર સાથે મુકરર કરેલી છે.

આજકાલ આખા ઇલાકામાં ફરી આંકણીનું કામ ચાલે છે. જમીનની

મગદુરના ઉપર જમાબન્દી નિયત થાય છે અને તે આંકણી ત્રીશ વર્ષ સુધી કાયમ રહે છે.

પંજાબ–પંજાબમાં એકનો એક માણસ ઘણું કરીને એકલો માલિક અને ખેડૂત પણ હોય, અને વખતે થોડાંક ખેતર કોઇ બીજાને સાંથે આપતો પણ હોય. એને કાંધપણ સાંથ ભરવી પડતી નથી. માત્ર ખેતીના ખરચની અને સરકાર હકની જ એને ચિંતા રાખવાની. બાકીની તમામ ઉપજ એ પોતાના કુટુમ્બના નિર્વાહમાં અને પોતાની મુડીનો વધારો કરવામાં લગાડી શકે છે. પણ આ માણસો પોતાનું પૃથકત્વ સાચવવાની સાથે ગ્રામસંસ્થાઓમાં અંતર્ગત થાય છે. એક ગામમાં જે રૈયત રહેછે, તે બીજા સાથે અસંબદ્ધ નથી પણ ઘણું કરીને તેઓ એક થડમાંથી ઉતરેલા ગોત્રજો હોય છે, તેમનો એક મુખી હોયછે અને સહીયારે કામ કરવાની અને અન્યોન્યને મદદ આપવાની તેમને ટેવ પડેલી હોયછે.

પહેલેથી બ્રિટિશ સરકારે અમુક વર્ષના પટાથી નાણામાં જમીનનો હક વસુલ કરવાનું ધોરણ રાખેલું છે. ખેડુત–માલિકો સરકાર સાથે અમુક વર્ષ માટે અમુક રકમ આપવાની સરત કરેછે; અને આ રકમ જમાબન્દી કહેવાય છે. પણ માલિકો પોતાની જાતથી સરકાર સાથે બંધાય છે એમ નથી પણ આખા ગામનાં ગામ બંધાય છે. આખી બીરાદરી તેના મુખીની મારફત અમુક વર્ષને માટે અમુક રકમ આપવાની બંધણી કરેછે અને તેમ કર્યા પછી તે રકમ તેઓ અંદર અંદર વહેંચી લેછે. પહેલે દરજ્જે દરેક માણસ પોતે જેટલી ખેતી કરતો હોય તેને માટે પોતે જવાબદાર રહે છે પણ આખરે તેના ભાગીદારોને માટે બધાની પરસ્પર જવાબદારી રહેછે ખરી: આમ પંજાબની રીત રૈયતવારી નથી, જમીનદારી પણ નથી પણ ગામવારી છે. ડુંગરી મુલકમાં વખતે જમીનવારી અને મુલતાનની નજીકમાં કંઇક રૈયતવારી રીત પણ માલમ પડેછે પરંતુ અગત્યના જીલ્લાઓમાં ગામવારી રીત પ્રચલિત છે.

એકંદર બંગાળામાં જમીનદાર કાયમને માટે અચલ જમા આપે છે. ઉત્તર હિંદુસ્તાનમાં જમીનદારની જમા, જમાબન્દી ટાંણે વધી ઘટી શકેછે મદ્રાસ અને મુંબાઇમાં ખેડૂત-માલીકો જમા આપેછે અને તે દરેક નવી જમાબન્દી ટાંણે વધે ઘટે છે. પંજાબમાં ગામવારી રીત છે. ગામમાં રહેતા બધા ખેડૂતો માલિક છે, પણ જમા આખું ગામ આપે છે અને તે જમા નવી જમાબંધી ટાંણે ફરી શકે છે.

અને આ બધી ગોઠવણોમાં ધીમે ધીમે જમાનો દર પણ કાગળ ઉપર તો એક સરખો થયો છે. બંગાળામાં ઓગણીસમી શતીના મધ્યમાં ચોખ્ખી ઉપજનો અડધ ભાગ હતો. ઉત્તર હિંદુસ્તાનમાં ૧૮૫૫ ના સહરાનપુરના નિયમોથી અડધનો નિયમ કરવામાં આવ્યો હતો. મુંબઇ અને મદ્રાસમાં ૧૮૬૪ માં સર ચાર્લ્સ વુડે આર્થિક કિંમત (Cemomu vent) નો અડધ મુકરર કર્યો હતો. અને પંજાબમાં પણ સાધારણ ખેડૂતો જે દર સાધારણ રીતે આપતા હોય તેનું અડધ મુકરર કરવામાં આવ્યું હતું.

ત્યારે હિંદુસ્તાનના જમીન હકના સરકાર હકનો આ સિદ્ધાન્ત છે. 'જ્યાં જમીનનો દર કાયમને માટે મુકરર કરવામાં આવેલો ન હોય ત્યાં સરકાર હક તરીકે ખરા અથવા આર્થિક ભાડાનો અડધ ભાગ ગણી શકાય.'

પ્રકરણ ૩.

વ્યાપાર અને ઉદ્યોગ.

ઉપજ અને પાકો માલ.

જ્યારે ૧૮૩૩ માં ઇસ્ટ ઇન્ડિયા કમ્પનીનો પટો નવો કરી આપવામાં આવ્યો, ત્યારે એવો ઠરાવ કરવામાં આવ્યો હતો કે કમ્પનીએ વેપાર

બંધ કરવો અને હિંદુસ્તાનના રાજ્યકર્તા તરીકે જ રહેવું. આ ઠરાવના પ્રાયદા થોડાં વર્ષમાં જ જણાવા લાગ્યા. જ્યારે હરીફાઇ બંધ પડી ત્યારે હિંદુસ્તાનના વેપાર ઉદ્યોગમાં કમ્પનીએ બહુ કાળજી રાખવા માંડી. સને ૧૮૪૦ના ફેબ્રુ-આરીની ૧૧ મી તારીખે તેમણે હિન્દુસ્તાનના ઉદ્યોગોને દાબી દેનાર ગેરવા-જબી દાણો માફ કરવા પાર્લમેન્ટમાં અરજ કરી.

આ અરજ ઉપર રિપોર્ટ કરવા હાઉસ ઓફ કૉમન્સની એક કમિટી નીમાઇ. લૉર્ડ સૅમોર તે કમિટીના અધ્યક્ષ હતા અને કમિટીના સભાસદ તરીકે મિ. ગ્લેડ્સ્ટન જે તે વખતે ત્રીસ વર્ષની ઉમરના એક સખ્ત અને કડક ટોરિ તરીકે ઓળખાતા હતા તેઓ પણ હતા. આ કમિટીએ હિન્દુસ્તાનમાં તૈયાર થતા માલના સંબંધમાં કેટલોક કિમતી પુરાવો એકઠો કર્યો છે. તેમાંના કેટલાક ભાગને નીચે સ્થાન આપ્યું છે.

જે. સી. મેલ્ વીલ.

લશ્કરી ખરચ અને વિલાયતમાં પગાર થતાં નાણાં—આ બાબતમાં મેલ્વિલે જુબાની આપી કેઃ હિન્દુસ્તાનમાં રહેતા સરકારી અને લશ્કરના ખરચ માટે કમ્પની ૧૪૦૦૦૦૦ ચૌદ લાખ પાઉંડ આપે છે. જ્યારે જોઇએ ત્યારે ૨૦૦૦૦ માણસનું, કામમાં લાગે તેવું, લશ્કર પોતાને ખરચે ઉભું કરવાને અને રાખવાને કમ્પની બંધાયલી છે. હિન્દુસ્તાન-ની ઉપજનો જે ભાગ ઇંગ્લંડમાં વપરાય છે તે જુમલ્લે ૩૨૦૦૦૦૦ બત્રીસ લાખ પાઉંડની રકમ થાય છે. આમાં ભાગીદારોનું વ્યાજ, કરજ ઉપરનું વ્યાજ, અમલદારોનાં ભથ્થાં, પેન્શન અને બોર્ડ ઓફ કન્ટ્રોલ અને કૉર્ટ ઓફ ડિરેક્ટરનું અને તેમની ઓફીસોનું ખરચ એટલાનો સમાવેશ થાય છે.

અફીણ—અફીણ બ્રિટિશ હદમાં-બનારસ અને પટણામાં, અને માળ-વાના દેશી રાજ્યમાં ઉપજતું હતું. બનારસ અને પટણાના અફીણનો કમ્પ

નીને અનન્યાધિકાર હતો, અને આ અનન્યાધિકારમાંથી બંગાળાની સરકારને મોટી ઉપજ થતી. કારણ કે ૨૦૦ ટકાના નફાથી અફીણ વેચવામાં આવતું. માળવાના અફીણ ઉપર પેટી દીઠ બાર પાઉંડ ૧૦ શિલિંગનો અંગ્રેજની હદમાં આવતાં, ચીન વેરો લેવામાં આવતો અને આ દાણમાંથી મુંબાઇની સરકારને ઘણો ફાયદો થતો. આ બન્ને તરેહનાં અફીણ ચીનના બજાર માટે કેન્ટનમાં એકઠાં થતાં.

મીઠું. કમ્પનીની હદમાં પકવેલા મીઠા ઉપર કમ્પની મોટો નફો કરતી. અને દેશી રાજ્યોમાં પાકતા મીઠા ઉપર બ્રિટિશ હદમાં આવતાં ભારે જકાત લેવામાં આવતી. મીઠાનો પણ અફીણની પેઠે કમ્પનીને અનન્યાધિકાર હતો.

ખાંડ. ૧૮૩૬ માં પાર્લામેન્ટે એવો ધારો પસાર કર્યો કે વેસ્ટ ઇન્ડિસમાંથી આવતી ખાંડ ઉપર જે જકાત લેવામાં આવે છે તેજ જકાતે એટલે દર હંદરવેટે ૨૪ શિલિંગની જકાતે હિંદુસ્તાનની ખાંડને ઇંગ્લંડમાં દાખલ કરવી. બંગાળામાં પરદેશની ખાંડની આમદાની ગવર્નર જનરલે અટકાવી હતી, એટલે બંગાળાની ખાંડ ઉપરને દરે વિલાયતમાં દાખલ થતી હતી; અને જે આમદાની ૧૦૧૦૦૦ હંદ્રવેટ ૧૮૩૫ માં હતી તે ૧૮૩૯ માં ૫૧૯૦૦૦ હંદ્રવેટ સુધી થઇ હતી. ૧૮૩૯ માં મદ્રાસમાં ખાંડની આમદાની બંધ કરવાનો કાયદો કર્યો, એટલે મદ્રાસ પણ બંગાળાના જેવો જ હક્ક ભોગવવા લાગ્યું. મુંબઇને એ હક્ક આપવાની તક કેટલેાક વખત ન આવી.

રમ—હિંદુસ્તાનનો રમ ઇંગ્લંડમાં દાખલ થાય તો તેના ગેલન ઉપર ૧૫ શિલિંગની જકાત હતી. ત્યારે વેસ્ટ ઇન્ડિસના રમ ઉપર માત્ર નવ શિલિંગ જ હતી—અને વેસ્ટ ઇન્ડિસનો રમ હિંદુસ્તાનના રમ કરતાં વધારે જલદ ગણાતો હતો.

તંબાકુ—હિન્દુસ્તાનની તંબાકુ ઉપર રતલ ઉપર ૩ શિલિંગની જકાત હતી. ત્યારે વેસ્ટ ઇન્ડિસની તબાકુ ઉપર ૨ શિલીંગ ૯ પેન્સજ હતી. આ

તફાવત બહુ અન્યાય્ય થતો. અને એમ માનવામાં આવતું કે જો જકાત એક સરખી કરવામાં આવે તો હિંદની તબાકુ વધારે પ્રમાણમાં વરે.

કૉફી—૧૮૩૫ માં હિંદની અને વેસ્ટ ઇન્ડિઝની કૉફીની જકાત સરખી કરવામાં આવી હતી. એટલે રતલ ઉપર ૬ પેન્સ; અને તેથી ઇંગ્લંડમાં હિંદની કૉફીનો ખપ ઘણો વધ્યો હતો.

કપાસ રેશા અને ઉનનો માલ—બ્રિટિશ સુતરાઉ અને ગરમ માલ જે બ્રિટિશ વહાણમાં હિંદમાં આવે તેના ઉપર ૩½ ટકા વેરો લેવાતો. પણ હિંદુસ્તાનનો સુતરાઉ માલ ઇંગ્લંડમાં જાય ત્યારે તેના ઉપર ૧૦ ટકા જકાત લેવાતી. રેશમી માલ ઉપર ૨૦ ટકા અને ઉનના કાપડ ઉપર ૩૦ ટકા જેટલી જકાત હતી.

હિન્દુસ્તાનના સુતરાઉ માલની આમદાની ઇંગ્લંડમાં બંધ થઇ ગઇ હતી અને તેથી રૂની આમદાની વધી હતી. ૧૮૦૮–૧૮૧૩ સુધીનાં પાંચ વર્ષોમાં સરાસરી ૯૩૬૮૦૦૦ રતલ જેટલું હિંદનું રૂ વિલાયતમાં દાખલ થયું હતું. ૧૮૩૩–૧૮૩૮ ના પાંચ વર્ષની સરેરાશ ૪૮૩૨૯૬૬૦–ની હતી.

મલવિલને પૂછવામાં આવ્યું "ત્યારે દેશી કારખાનાવાળાઓ હઠી ગયા, કેમ?"

જ૦ હા. મોટા પ્રમાણમાં.

સ૦ ક્યારથી?

જ૦ હું ધારૂં છું કે મોટે ભાગે ૧૮૧૪ થી.

સ૦ બ્રિટિશ માલે હિંદના માલનું સ્થાન એટલું બધું લઇ લીધું છે કે અત્યારે હિંદુસ્તાનને પોતાના ખપના માલ માટે બ્રિટિશ ઉપર આધાર રાખવો પડે છે તે ખરૂં કે?

જ૦ હું એમ ધારૂં છું.

સ૰ ત્યારે આવી રીતે પ્રાજ્વલ પડેલી મજુરીને લીધે પ્રથમ કરતાં જરૂરીયતના કાચા માલનો કાંઇ વધારો થયો છે ?

જ૰ કાચા માલની આમદાની વધી છે પણ તે કયા પ્રમાણમાં તે હું કહી શકતો નથી.

સ૰ હિન્દુસ્તાનના દેશીઓનો જ્યારે કોઇ ધંધો બંધ પડે-જેવો કે આ બાબતમાં વણકરોનો–તો તેમને બીજા ધંધા ઉપર ધ્યાન આપવાને માટે અહીંના જેટલી જ સગવડ છે કે અમુક ધંધા અમુક નાતજાતની ખાસીયતો સાથે જ શેળભેળ થયેલા છે ?

જ૰ નાતજાત સાથે શેળભેળ છે. પ્રથમ દરજ્જે આ વસ્તુસ્થિતિથી ઘણું કષ્ટ થયું હતું એમાં મને કાંઇ શક નથી.

ચાહ–કોર્ટ ઑફ ડિરેક્ટરને છેક ૧૭૮૮ થી ખબર પડી હતી કે ચાહનો છોડવો હિંદનો વતની છે, પણ તે વખતે તેને કાંઇ જ ઉત્તેજન આપવામાં આવ્યું ન હતું. ૧૮૩૫માં બેન્ટિન્કે કોર્ટના ધ્યાન ઉપર મૂક્યું કે ચાહ આસામની વતની છે, અને હિંદમાં બીજે ઠેકાણે પણ પેદા થઇ શકે એમ છે અને તેથી તે મંડળે પ્રયોગ માટે આસામમાં ચાહ વાવવા અને તૈયાર કરવાની મંજુરી આપી. ૪૦૦૦ રતલ આસામનો ચાહ લન્ડનમાં તરતમાં આવ્યો હતો અને તે સારો છે એમ કહેવાયું હતું. ચાહના ઉદ્યોગ માટે ઘણી કમ્પનીઓ ઉભી થઇ અને તે બાબત હિંદુસ્તાનની સરકારનો અભિપ્રાય મંગાવ્યો હતો. બાનગી મુડી અને સાહસથી આસામમાં ચાહ ઉગાડવાનું ૧૮૪૦ થી શરૂ થયું છે.

એન્ડ્રુ સિમ.

આ સાક્ષિની પાસે ૬૦૦૦૦ ઇંગ્લિશ એકર જેટલી હિંદની જમીન બેસ્ટ ઇન્ડિયા કમ્પનીના પટાથી હતી. તેણે શેલડીનો પાક અને બાંડની બનાવટ ઉપર જ જુબાની આપી હતી. ખેડૂતો શેલડી પકવે, રસ કહાડે, ઉકાળે, અને તે

પછી તેના કારખાનાને વેચે. ત્યાં યાંત્રિક બળથી તેની સાકર થાય. પછી તેને ઉકાળીને સરકો કરે અને તે પછી ખાંડ તૈયાર થાય.

અંગ્રેજી માલ દાખલ થવાથી હિંદની મજુરી સ્થાનભ્રષ્ટ થયાની બાબતમાં આ સાક્ષીએ ઘણું કહ્યું છે. કપડાં, ઓજાર, કાચનો સામાન અને પીતળનો સામાન એ બધું વિલાયતથી આવતાં હિંદુસ્તાનના લોકોનો ધન્ધો બંધ થઇ ગયો અને તેથી તેઓ મુખ્યત્વે કરીને ખેતી કરે છે.

સિ. ઈ. ટ્રેવેલ્યન.

સર ચાર્લ્સ ટ્રેવેલ્યન એન્ટિન્કના વખતમાં હિંદુસ્તાનની સરકારની નોકરીમાં પ્રખ્યાતિ મેળવ્યા પછી આ વખતે ઇગ્લંડમાં ટ્રેઝરી ખાતામાં આસિસ્ટંટ સેક્રેટરિ હતા.

એ જ્યારે હિંદુસ્તાનમાં હતા ત્યારે તેમણે ચીલા વેરો બંધ કરવામાં મદદ કરી હતી અને આ પુરાવામાં પણ તેણે હિંદના માલ ઉપર મૂકાયલી જકાત રદ કરવાની હીમાયત કરી.

હિંદુસ્તાનની વસતિ—બંગાળાની વસતિ ત્રણ કરોડ ગણાય છે. બ્રિટિશ છત્ર નીચેના ઉત્તર હિન્દુસ્તાનની ત્રણ કરોડ, મદ્રાસની ૧ કરોડ ૪૦ લાખ, મુંબઇની ત્રીસ લાખ, કુલ બ્રિટિશ હિન્દુસ્તાનની સાત કરોડ સીત્તેર લાખ. મજુરીનો સાધારણ દર ૨ આના. બંગાળામાં જમીનદાર પાસેથી સાંથે રાખીને ખેડુત લોકોને હાથે જમીન ખેડાય છે. હિન્દુસ્તાનની ખેતીની સમજણ એવી છે કે,જ્યાં સુધી કબજેદાર ખેડુત મામુલી દર પ્રમાણે રાજભાગ આપ્યે જાય ત્યાં સુધી તેનો કબજો પડાવી શકાય નહિ, પણ આ નિયમનો વખતો વખત ભંગ કરવામાં આવ્યો છે. યુરોપિયનોને હિન્દમાં જમીન ન રાખવા દેવી એવા જે ધારા હતા તે રદ થયા છે અને એમ પણ ધારવામાં આવતું હતું

કે યુરોપિયનો હિંદુસ્તાનમાં જમીન લેશે અને હમેશનો વસવાટ કરશે. પણ આ ધારણામાં નિરાશા થઇ છે; કારણ કે તેમને હવા પાણી માફક આવતાં નથી. આખી જીંદગી ત્યાં ગુજારવાની તેમની ધારણા જણાતી નથી.

ખાંડ અને રમ—ખાંડ ઉપરની જકાત સરખી કરી, પણ જ્યાં સુધી રમની જકાત પણ સરખી ન થાય ત્યાં સુધી નિરર્થક છે. એકજ બાબતમાં સરખાપણું આપવું એ એક મશ્કરી છે. શેલડીમાંથી બનતી તમામ ચીજ ઉપરની જકાત જ્યાં સુધી સરખી ન થાય ત્યાં સુધી સરખાપણું સ્થાપિત થયું કહેવાય નહિ."

રમ ઉપરની જકાતના વૈષમ્યથી ખાંડ અને રમની બનાવટમાં નુકસાન જવા લાગ્યું એટલુંજ નહિ પણ લોકોને અન્યાયનું ભાન થવાથી—બીજા દેશોને વધારે લાભ મળે છે એવી અસંતોષની લાગણી ઉત્પન્ન થઇ.

સ૦ મિ. ગ્લેડસ્ટનઃ—તમે જ્યારે હિંદુસ્તાનના લોકોમાં અસંતોષની વાત કહેાછો ત્યારે તમે બેહુતની વાત નથી કરતા તેમજ સામાન્ય રૈયતની વાત પણ નથી કરતા પણ જેને વેપારીવર્ગ લેખવામાં આવે તેવા વર્ગની વાત કરોછો, એમ અમારે સમજવાનું કે ?

જ૦ ટ્રેવેલ્યન—મારો અર્થ એ છે કે લોકોમાં ખાસ કરીને વેપારીવર્ગ અને કલકત્તાનો કેળવાયલો વર્ગ જે હિંદુસ્તાન અને વિલાયત વચ્ચેના સંબંધની બાબતમાં કાંઇક જ્ઞાન ધરાવેછે તે લોકોને આ વાતમાં ફરિયાદનું કારણ સમજાયું છે. આનાથી દેશીઓને ફરિયાદનાં કારણોમાં વધારો થયો છે; અને કેળવાયલા વર્ગમાંથી તે લાગણી લોકોમાં પ્રચાર પામે છે પણ લોકો કારણો જાણતા નથી.

બાકીની બાબતમાં આ સાક્ષીએ કહ્યું કે ગંગાના પ્રદેશમાં પેદા થતી ખાંડ દેશમાં બહુ ખપેછે. બંગાલના ત્રણ કરોડ લોક, ત્રણ કરોડ ઉત્તરના અને ચાર કરોડ તે સિવાયના, તે બધામાં તે ખાંડ વપરાય છે. વળી મધ્ય એશિયાના

લોકોને પણ રશિયાની બીટની ખાંડ જ્યાં સુધી પૂરી પાડવામાં આવતી નહતી ત્યાં સુધી ગંગાનીજ ખાંડ પૂરી પાડવામાં આવતી હતી.

સુતરાઉ માલ—હિંદુસ્તાનનો સુતરાઉ માલ ઘણે ભાગે અંગ્રેજી માલને લીધે અદૃશ્ય થઇ ગયો છે. રેશમ જેવા જે રૂની પ્રથમ ઢાકાની મસલીનો બનતી તે રૂ તો હવે દેખાતું જ નથી. ઢાકાની વસતિ દોઢ લાખને બદલે અત્યારે ત્રીસ ચાળીસ હજાર થઇ ગઇ છે અને ગામ ઉપર જંગલ અને તાવનો ત્રાસ દાખલ થવા લાગ્યો છે. માત્ર બહુજ જાડો સુતરાઉ માલ હજુ ટકી રહ્યો છે અને ગરીબમાં ગરીબ વર્ગ સિવાય બધા અંગ્રેજી માલ વાપરે છે. ઢાકા જે હિન્દુસ્તાનનું મેન્ચેસ્ટર હતું તે હવે એક આબાદ શહેરને બદલે ગરીબડું ગામ થઇ ગયું છે. ત્યાંની વસ્તીને ખરેખર ઘણું દુઃખ છે.

ચહા—પ્રથમ એક પ્રયોગ ખાતર આસામમાં ચાહ વવાતો અને તે પછી આસામ કમ્પની હવે ચહા વાવે છે. મજૂરની તંગી હોવાને લીધે ડુંગરોમાંથી કમ્પની મજુરો રાખે છે અને ઘણે છેટે ચહાના બગીચામાં કામ કરવા તેઓને લઇ જાય છે. હું ધારૂં છું કે ત્રણ વર્ષના કરાર થાય છે, પણ મને વિશેષ માહિતી નથી.

ગળી—પર્વતના પ્રદેશના મજૂરો ગળીના બગીચામાં મજૂરી શોધવા સારૂ જતા. જેમ આ દેશમાં આયર્લંડના લોકો કાપણી ટાણે આવેછે તેમ આ મજૂરો કુટુંબ સહિત જતા નથી અને ગળીની મોસમ ખલાસ થાય એટલે લોકો પાછા પોતાપોતાને ઘેર જાય છે.

નદીઓમાં ચાલતી આગબોટો—તમામ વરાળ બળથી ચાલતી નૌકાઓ હજી ઇસ્ટ ઇન્ડિયા કમ્પનીના હાથમાં છે. આગબોટો બહુ નાની છે અને બે પ્રિટ કરતાં પણ ઓછું પાણી ખેંચે છે. હુગલી નદીમાં આગબોટો ફેરવવા માટે એક સ્ટિંગ ટગ કમ્પની થઇ છે; તેમને ઠીક વ્યાજ મળે છે.

રસ્તા—ધોરીરસ્તા સિવાયના બીજા રસ્તા કદી સમરાતા નથી, પણ

દેશી ગાડાં તો વરસાદ સિવાય બીજી ઋતુમાં ચાલે છે; કારણકે આ ગાડાં બહુ મજબૂત બાંધણીનાં હોય છે.

ખેતરાઉ માલ. મિ. ટ્રેવેલ્યને એવી ભલામણ કરી કે ખેતરાઉ માલ ઉપર ઈંગ્લાંડમાં જે જુદી જુદી જકાતો છે તે રદ કરવી જોઈએ. આપણે તેમનાં કારખાનાં બંધ કર્યાં છે. ખેતરમાંથી ઉપજતા માલ સિવાય બીજી કાંઇ વસ્તુ ઉપર હવે તેમને આધાર રાખવાનું નથી અને આપણા દેશમાં તેના સંબંધી પણ તેમને સરખા હક ન આપવામાં આવે એ બહુજ ગેર ઇનસાફ છે.

હેન્રિ ગાઉજર.

આ ગૃહસ્થ વેપારી હતો. તે હિન્દુસ્તાનમાં ઘણાં વર્ષ રહ્યો હતો અને સુતરનો, દારૂ ખેંચવાનો, તેલ કાઢવાનો અને કાગળના સંચાનો વગેરે ધંધા કરતો હતો.

સુતર. ૨૦ થી ૫૦ નંબર સુધીનું સાત લાખ પાઉંડ સુતર વર્ષે દહાડે કંતાતું. ૩ હિન્દુસ્તાનમાં ઉગેલું જ વપરાતું તે બહુ કાળજીથી પસંદ કરવામાં આવતું અને યાંત્રિક કામ યુરોપિયનની દેખરેખ નીચે દેશી લોકોજ ચલાવતા. વરાળથી ચાલનારી એકસો સાળો પણ હતી પણ સુતર પેદા કરવામાં તમામ બળનો ઉપયોગ કરવાથી સાળો બંધ પડી કારણકે સુતર બનાવવામાં વધારે નફો હતો. નીચા નંબરો અંગ્રેજી સુતરના કરતાં સરતા વેચાતા અને ઉંચા પ્રંગ્રેજી સુતરની સાથે સરખે ભાવે. પણ એકંદર ખરચના પ્રમાણમાં નફો જોઇએ તેટલો આવતો નહોતો. તે સાક્ષિએ કહ્યું કે આ કારખાનું બાંધવામાં ખરચ એટલું બધું લાગેલું છે કે હું નથી ધારતો કે બીજું કારખાનું બંધાય."

કોલસો. આ સાક્ષી બર્ડવાનની પોતાનીજ ખાણનો કોલસો વાપરતો. કલકત્તામાં તેના ભાવ ટનના ૧૬ શિલિંગ હતો. તે બ્રિટિશ કોલસાના જેટલો સારો નહતો પણ સરતો હોવાથી કલકત્તાની આગબોટો તેજ કોલસો

વાપરતી. બર્ડવાનના કોલસાના ભાવ કલકત્તામાં બાર તેર શિલિંગ હતા ત્યારે ન્યુકેસલના કોલસાના ૨૫ શિલિંગ હતા.

ખાંડ. શેલડીનો રસ ખેડુતો ગોળ કરીને આપે તે કારખાનામાં વેચાય અને તેમાંથી ખાંડ બનાવાય. ઊંચી બનાવટની ખાંડ મણ ૧ (૮૦ શેર) ના ૧૧ થી ૧૨ રૂપિયાના ભાવે વેચાતી હતી.

રમ. વેસ્ટ ઇન્ડિયામાંથી જે રમ ઇંગ્લંડમાં આવે તેના ઉપર ગેલન દીઠ માત્ર નવ શિલિંગની જકાત હતીઃ અને હિંદુસ્તાનમાંથી આવે તેના ઉપર પંદર હતી. હિંદુસ્તાનમાં ગોળ અને ગોળનો કચરો એ બેમાંથી રમ બનાવવામાં આવતો. એક મણ (૮૦ શેર) ગોળના કચરામાંથી લન્ડનમાં પોસાય એવો ½ ગેલન રમ નીકળતો; અને ગોળમાંથી તો ઘણો વધારે નીકળી શકે. કલકત્તામાં રમની એક ગેલનનો ૧ શિ. ૩ પેન્સ કિંમત બેસે.

ગોળમાંથી પહેલી ખાંડ કરી લઇને પછી જે કચરો નીકળે તેમાંથી અને ગોળના કચરામાંથી રમ કહાડવાથી વધારે નફો થાય પણ તે પ્રમાણે સામાન્ય રીતે કરવામાં આવતું ન હતું.

રેશમ. બંગાળાનું કાચું રેશમ ઈંગ્લંડમાં રતલના ૧૬ શિલિંગને ભાવે વેચાતું; અને રેશમી કપડાં રતલના ૧૬ શિ. ૧૭ શિ. ને ભાવે વેચાતાં. હિંદુસ્તાનમાંથી કાચા રેશમની રવાનગી ઓછી થતી હતી. ૧૮૨૮-૨૯ માં ૬૨૦૦૦૦ પાઉંડની કિમતનું રેશમ રવાના કરવામાં આવ્યું હતું ત્યારે ૧૮૨૯-૩૦ માં ૮૦૦૦૦૦ આઠ લાખનું. ૧૮૩૦-૩૧ માં ૭૨૦૦૦૦ નું અને ૧૮૩૧-૩૨ માં માત્ર ૫૪૦૦૦૦ પાઉંડની કિંમતનું. વખતે રેશમના માલમાં હિંદુસ્તાનમાં કંઇક વધારો થયો હશે. હિંદુસ્તાનમાંથી રેશમના માલની રવાનગી પણ ઓછી થઇ હતી.

જીલાર્પન્ટ.

તે પછી ઇસ્ટ ઇન્ડિયા અને ચાહના એસોસિએશનના અધ્યક્ષ લાર્પન્ટ

એમની જુબાની લીધી. આ સભા ૧૮૩૬ માં સ્થપાઇ હતી અને તેનો હેતુ એવો હતો કે ચીન અને ઇસ્ટ ઇન્ડિયાની સાથે વેપાર કરનારાઓને મદદ કરવી.

સુતરનો માલ. નીચેના આંકડા તેણે રજુ કર્યા હતા.

ઇસ્ટ ઇન્ડિયામાંથી ગ્રેટબ્રિટનમાં આમદાની થયેલો સુતરાઉ માલ.

૧૮૧૪	૧,૨૬૬,૬૦૮ તાકા
૧૮૨૧	૫૩૪૪૯૫ ,,
૧૮૨૮	૪૨૨૫૦૪ ,,
૧૮૩૫	૬૦૬૦૮૬ ,,

બ્રિટિશ સુતરાઉ માલ હિંદુસ્તાન તરફ રવાને થયો તેના આંકડા.

૧૮૧૪	૮૧૮,૨૦૮ વાર
૧૮૨૧	૧૯,૧૩૮,૭૨૬ ,,
૧૮૨૮	૪૨,૮૨૨,૦૭૭ ,,
૧૮૩૫	૫૧,૭૭૭,૨૭૭ ,,

આટલું છતાં પણ હજુ બ્રિટિશ માલ હિંદુસ્તાનમાં જાય તેના ઉપર માત્ર ૩॥ ટકા જકાત અને હિંદનો માલ બ્રિટનમાં આવે તેના ઉપર દસ ટકા જકાત. પછી મિ. શોરનું એક નીચેનું વાક્ય વાંચીને આ સાક્ષિએ કહ્યું કે: "દેશી માલને ઠેકાણે બ્રિટિશ માલ દાખલ થયો તે બ્રિટિશ ચતુરાઇનું એક દૃષ્ટાંત લેખાય છે, પણ બ્રિટિશ જુલમનો એ મજબૂત પુરાવો છે, અને સ્વદેશને ફાયદો કરવા માટે અત્યંત હેરાન કરનારી જકાતો નાંખ્યાથી હિંદુસ્તાન કેવી રીતે નિર્ધન થઇ ગયું છે તે સ્પષ્ટ રીતે બતાવી આપે છે:" આ મતને સર્વાંશમાં મળતો આવતો નથી પણ કમ્પનીના એક નામીચા નોકરની શી લાગણી છે તે આ ઉપરથી જણાઇ આવે છે અને આ લાગણી હિંદુસ્તાનના લોકોમાં પણ હોવાનો સંભવ છે.

. . **રેશમનો માલ.** બ્રિટિશ રેશમી માલ કલકત્તામાં ૩½ ટકાની જકાતે દાખલ થાય અને હિંદનો રેશમી માલ વિલાયત જાય ત્યારે તેના ઉપર ૨૦ ટકા લેવાય. રેશમનું કોરૂં કાપડ છાપવા માટે ઇંગ્લંડ જતું અને ત્યાંથી પછી બીજા યુરોપિયન દેશોમાં મોકલાતું.

	બ્રિટનમાં ખપતું.	બહાર મોકલાતું.
૧૮૩૮	૧૬૦૦૦ તાકા	૩૧૦,૦૦૦ તાકા
૧૮૩૯	૩૮૦૦૦ ,,	૩૫૨,૦૦૦ ,,

હિંદુસ્તાનમાં છાપેલા રૂમાલનો મોટો જથ્થો ઇંગ્લંડમાં આવતો. રેશમી માલના સંબંધમાં ઇંગ્લંડ અને ઇન્ડિયા વચ્ચે એક સરખી જકાત કરવાની મિ. લાર્પન્ટે બહુ આગ્રહથી વકીલાત કરી. પણ મિ. બ્રોકલહર્સ્ટ જે આ કમિટીના સભાસદ હતા તેઓ બ્રિટિશ રેશમના વેપારીઓના પ્રતિનિધિ હતા અને બેશક ઇંગ્લંડના ફાયદાને માટે ચઢતી ઉતરતી જકાત હોવાની સ્વાભાવિક રીતે ઇચ્છા રાખનાર હતા.

સ૦ મિ. બ્રોકલહર્સ્ટ–બ્રિટિશ માલ ઉપર તેની શી અસર થશે તેનો ખ્યાલ કર્યા વગર તમે તમારો આ જવાબ આપો છો, નહિ વારૂ ?

જ૦ લાર્પન્ટ:—મને ખાત્રી છે કે અમુક અંશમાં આ દેશના રેશમના ઉદ્યોગવાળાઓમાં હરીફાઇ થશે; પણ હું અરજ કરૂંછું કે આપણા પોતાના એક મુલક તરીકે હિંદુસ્તાનને આપણે ગણવું જોઇએ. આપણો માલ જ્યારે ઇંગ્લંડમાં હલકી જકાતથી આપણે મોકલીએ છીએ ત્યારે ત્યાંનો માલ આપણે તેવીજ હલકી જકાતે આપણા દેશમાં દાખલ કરવો જોઇએ.

સ૦ બ્રોકલહર્સ્ટ—આપણું કોઇ પણ સંસ્થાન એવું છે કે જેનો માલ આપણે હિંદુસ્તાનના માલ ઉપર લેવાય એટલી હલકી જકાતથી દાખલ કરીએ છીએ ?

જ૦ લાર્પેન્ટ–આપણું એવું એક પણ સંસ્થાન નથી કે જેના માલનો જથ્થો એવો ભારે હોય કે તેમ કરવા કારણ મળે ? આપણે હિંદુસ્તાનનાં ઉદ્યોગને પાયમાલ કર્યા છે. (પછી આ સાક્ષિએ કોર્ટ ઑફ ડિરેકટરનો ૧૮૨૯ નો ૩૦ મી મેનો શેરો વાંચી બતાવ્યો) તેમાં લખેલું હતું કે,

" વ્યાપારની રાજ્ય સભાના હવાલ ઉપરથી વ્યાપારના આવડા મોટા પરાવર્તની માઠી અસરોથી વ્યાપારના ઇતિહાસમાં કદી નહિ બનેલી એવી પીડા ઉત્પન્ન થવાનું સાંભળીને અમારી દયાની લાગણી ઘણી ઉશ્કેરાઇ ગઇ છે. "

પણ મિ. બ્રોકલહર્સ્ટની કંઈ ખાત્રી થઇ નહિ. હિંદુસ્તાનના રેશમી રૂમાલોનો ઇંગ્લંડમાં ઉઠાવ ઘણો થતો હતો તેથી તેનો જીવ બહુ બળતો હતોઃ અને તે વિષય ઉપર એ વારંવાર આવતો.

સ૦ બ્રોકલહર્સ્ટઃ—તમને ખબર છે કે ત્યાંના રેશમી રૂમાલો એ અહીંની બનાવટના રેશમી રૂમાલોને એટલા બધા હાંકી કહાડયા છે કે હવે રેશમના કચરામાંથી એક જાતનો નકલી માલ કહાડવાના યત્નો થવા લાગ્યા છે ?

જ૦—મેં સાંભળ્યું છે કે રેશમના કચરાનો કંઇક માલ દાખલ થયો છે અને જે લોકો આ માલ બનાવે છે તેમની વિદ્યા અને બુદ્ધિથી તેઓ એવા માલ બનાવશે કે જે હલકે ભાવે વેચાશે અને આપણે ત્યાં સામાન્ય રીતે વપરાશે.

સ૦ બ્રોકલહર્સ્ટ—તે એટલે સુધી કે હરીફાઇમાં પોતાની સ્થિતિ જાળવી રાખવા સારૂ બ્રિટિશ કારખાનાવાળાઓને હલકો માલ બનાવવાની ફરજ પડે ત્યાં સુધી ?

જ૦ આપ જે માલની વાત કરોછો તે અહીંજ બને છે–બ્રિટિશ લોકજ તે બનાવે છે.

સ૦ બ્રોકલહર્સ્ટ—હું ધારૂંછું કે હિંદુસ્તાને કાચો માલજ બનાવવો. આ

દેશે તે કાચા માલને વાપરવા લાયક બનાવવામાં પોતાની ચતુરાઇ બતાવવી એ વધારે ઇચ્છવા લાયક લાગશે, નહિ વારૂ ?

૪૦—બેશક હિંદુસ્તાનમાં વસ્તુગતિ એજ દિશામાં વહન કરે છે તેટલા માટે ઉપર બતાવી તેવી ચીજો માટે હિંદુસ્તાનના ખેડુતોને વધારે મદદ કરવાનું આપણે યોગ્ય ધારીએ છીએ. પણ હું અરજ કરૂંછું કે હિંદુસ્તાનના મરી જતા ઉદ્યોગોમાં આ છેલ્લો છે અને તે એકજ છે કે જેથી ઉત્પન્ન થયેલો માલ આપણા દેશમાં દાખલ થઈ શકેઃ અને તેથી તેના ઉપર વીસ ટકાની જુલમી જકાત બ્રિટિશ કારખાનાવાળાના લાભને માટે નાંખવી એ મને વાજબી લાગતું નથી.

મોન્ટ ગોમરિ માર્ટિન.

હિંદુસ્તાનનો વધારે મજબૂત વકીલ મોન્ટગોમરિ માર્ટિન હતો. બ્રિટિશ સામ્રાજ્યના સંસ્થાનોમાં તે દશ વર્ષ સુધી ફર્યો હતો, અને ઘણે ભાગે પોતાનેજ: ખરચે તેણે હકીકત અને આંકડા એકઠા કર્યા હતા; અને તેણે બ્રિટિશ સંસ્થાનોનો ઇતિહાસ પહેલ વહેલો તૈયાર કરીને પાંચ ગ્રંથોમાં બહાર પાડયો હતો. તે હિંદુસ્તાનમાં પણ રહ્યો હતો. હિંદુસ્તાનના સવાલો અહીં રહીનેજ તેણે વિચાર્યા હતા અને ફ્રાન્સિસ બુકાનને લખી રાખેલો પૂર્વ હિંદુસ્તાનનો હેવાલ તેણે છાપવા માટે તૈયાર કર્યો હતો. તેણે કહ્યું કેઃ— મેં બહુ વિસ્તારથી અને ઘણાં વર્ષો સુધી હિંદુસ્તાનના વેપારની તપાસ લીધી છે. ઇસ્ટ ઇન્ડિયા ઑફિસના કોર્ટ ઑફ ડિરેક્ટરનાં દફ્તરો જે એમની સ્વાભાવિક ઉદારતાથી એમણે મને જોવા આપ્યાં હતાં તે મેં સાચા નિર્ણય ઉપર આવવાને માટે બહુ કાળજીથી તપાસ્યાં છે અને મારો નિર્ણય એવો થયો છે કે ઇંગ્લંડમાં અબાધિત વેપારની પડતી બૂમોને લીધે, અને હિંદુસ્તાનને તેવા અબાધિત વેપારમાં દાખલ ન કરવાના કારણથી ઇંગ્લંડ

સાથેના વેપારમાં તેમજ બીજા દેશ સાથેના વેપારમાં હિન્દુસ્તાનને બહુ અન્યાયપૂર્વક નુકસાન થયું છે. "અને તેણે ઉમેર્યું કે" જે જે ચીજોમાં દેશી ઉદ્યોગવાળાઓને દૂર કરીને આપણે દાખલ થયએ છીએ તે ચીજો સિવાયની બીજી ચીજોમાં વેપાર ઘટતો જાય છે."

સુતરાઉ માલ. ૧૮૧૫ માં હિંદુસ્તાનમાંથી ૧,૩૦૦,૦૦૦ તેર-લાખ પાઉંડનો માલ રવાના થયેા હતો. ૧૮૩૨ માં એક લાખ કરતાં પણ ઓછી કિંમતનો માલ રવાના થયેા હતો. ૧૮૧૫ માં આપણા દેશમાંથી હિંદુસ્તાન ઉપર ૨૬૩૦૦ પાઉંડનો માલ ચઢી ગયેા હતો, ત્યારે ૧૮૩૨ માં ચાર લાખ પાઉંડ ઉપરની કિંમતનો ચઢયેા હતો. "છેલ્લાં પચ્ચીશ વર્ષમાં હિંદુસ્તાનને આપણેા માલ લેવાની આપણે ફરજ પાડી છે. આપણે! ઉનનો માલ કંઈ પણ જકાત વિના, સુતરનેા રૂ૰ ટકાની જકાતથી; અને બીજો માલ પણ પ્રમાણમાં. અને તેજ દરમીયાન આપણે બાધક જકાતો ત્યાંના માલ ઉપર એટલે ૧૦ થી ૨૦, ૩૦, ૫૦, ૧૦૦, ૫૦૦, ૧૦૦૦ ટકા સુધીની આપણીજ હદમાં બનતા માલ ઉપર નાંખ્યાં કરીએ છીએ. એટલે હિંદુસ્તાનની સાથે અબાધિત વ્યાપારની જે બૂમ ઉપડી છે તે આ દેશના વેપારની ચીજોને માટે ખરી છે પણ હિંદુસ્તાન અને આ દેશ વચ્ચેના તમામ વેપારને માટે ખરી નથી. સુરતની પાયમાલી ઢાકા, મુર્શીદાબાદ અને બીજી જગાઓ જ્યાં દેશી માલ બનાવવાનાં મોટાં મોટાં કારખાનાંઓ હતાં તે બધાની પાયમાલીની વાત કરતાં બહુ દુઃખ ઉત્પન્ન થાય છે. વેપારના વાજબી વ્યવહારમાં આમ થયું હોય એમ હું ધારતો નથી. હું ધારું છું કે બળીઆના બે ભાગનો જ ન્યાય થયેા છે.

આવા પુરાવાથી બ્રિટિશ કારખાનાવાળાઓના પ્રતિનિધિ મિ. બ્રોકલહર્સ્ટ અને સાક્ષિ વચ્ચે સારી ટપાટપી થઇ.

સ૰ મિ. બ્રોકલહર્સ્ટ—હકીકત એવી છે કે આ દેશમાં અથવા તે દેશમાં વણકરોને નુકસાન કરવાનું જ: અને હિંદુસ્તાનના વણકરોને નુકસાન

થઇ ચૂકયું છે તો હવે તમે આ દેશને ખરચે હિંદુસ્તાનના તે ઉદ્યોગને ફરીથી ખીલવવા માગો છો, નહિ વારૂ ?

જ૦ મિ. માર્ટિન—હું ફરીથી ખીલવવા ઇચ્છતો નથી પણ હિંદુસ્તાનને જરી રહેતું નુકસાન અટકાવવા માગું છું, પણ બીજું હિંદુસ્તાનના વતનીઓ પાસે ભૌતિક શક્તિથી ચાલતી સાળો નથી તેમજ ગ્લાસગો અને માન્ચેસ્ટરના જેટલી મુડી કે કુશળતાની તેમની પાસે સોઇ નથી; તેથી મારૂં ધારવું તો એવું છે કે હિંદુસ્તાનના વણકરોને આ દેશના વણકરોની સાથે હરીફાઇમાં મૂકવાથી ઇંગ્લંડના વણકરો પાયમાલજ થશે એમ માનવાને પૂરતું કારણ નથી.

સ૦ મિ. થોકલહર્સ્ટ–જે સવાલો પૂછવામાં આવ્યા છે તે ઝીણો માલ જે ભૌતિક શક્તિથી વણી શકાતો નથી તેને માટે જ છે. સવાલ એ છે કે આ દેશમાં ઝીણો માલ વાપરવાનું આપણે જાણ કરવું છે કે ચલાવ્યે રાખવું છે?

જ૦ મિ. માર્ટિન—જો હિન્દુસ્તાનને અન્યાય કર્યાથી તે ચલાવ્યે રખાતું હોય તો મારો જવાબ એ છે કે આપણે હિન્દુસ્તાનને ઇન્સાફ કરવો જોઇએ. પછી તેનું પરિણામ ગમે તે થાય. મારો મત એવો છે કે ઇંગ્લંડના કોઇ એક ખુણાના વર્ગને સાચવવા સારૂજ કરીને પોતાને ફાયદો કરવા માટે જે દેશ આપણે જીત્યો છે તે દેશના લોકોને પાયમાલ કરવાનો ઇંગ્લંડનો હક નથી.

સ૦ મિ. થોકલહર્સ્ટ–જ્યારે ૧૮૩૩ માં આ દેશના રાજ્યકર્ત્તાઓના હાથમાં હિંદનું રાજ્ય આવ્યું તે વખતે હિન્દુસ્તાનમાં વણવાનો ઉદ્યોગ નાશ પામેલો હતો એટલે હવે પાયમાલીનો સવાલ નથી. કારણ કે તે તો ગઇ ગુજરી વાત છે અને અત્યારે આપણી પાસે પુરાવો એવો છે કે હિન્દુસ્તાન જેટલો કૃષિનો દેશ છે એટલો પણનો નથી. અને જે સમુદાય પહેલાં વાણિજ્યને માટે માલ બનાવવામાં રોકાયલો હતો તે અત્યારે ખેતીમાં કામે લાગી ગયો છે. આ

દેશમાં જો વાણિજ્યનો માલ બનાવવાનું અટકી પડે તો ખેતીની કામગિરી લોકોને માટે તૈયાર છે, એમ તેમને જણાય છે ?

જ૦ મિ. માર્ટિન—હું બીલકુલ કબુલ કરતો નથી કે હિન્દુસ્તાન એક ખેતીનોજ મુલક છે. હિન્દુસ્તાન જેટલો ખેતીનો તેટલોજ પણનો પણ મુલક છે અને તેને ખેતીના દેશની સ્થિતિમાં ઉતારી પાડવો એ ઉત્કર્ષના દરજ્જામાં એને ઉતારી પાડવા સરખું છે. હું નથી માનતો કે હિન્દુસ્તાને ઈંગ્લંડને માટે કૃષિના ખેતર તરીકેજ રહેવું જોઇએ. એ એક પણનો પણ મુલક છે. એનાં અનેક તરેહનાં પાકાં પણયો યુગો થયાં ચાલ્યાં આવે છે અને જ્યાં ન્યાય વ્યવહાર ચાલ્યો છે ત્યાં બીજી કોઇપણ પ્રજાને હરીફાઇમાં તેણે ટકવા દીધી નથી. અત્યારે હું એની ઢાકાની મરલીન કે કાશ્મીરની શાલોની વાત નથી કરતો પણ જે જુદી જુદી ચીજો દુનિયાના કોઇ પણ ભાગ કરતાં તે ઘણી ઉંચી જાતની બનાવી શકે છે, તેના સંબંધમાં કહું છું. અત્યારે એને માત્ર કૃષિપરાયણ મુલક બનાવવો એ એના ઉપર ગેરઇન્સાફ થાય છે.

ઉનનો માલ:—પચીશ વર્ષ સુધી બ્રિટનનો ઉનનો માલ કંઈપણ જકાત વિના હિંદમાં ઉતારવામાં આવતો હતો પણ હિંદનો ઘેટાના ઉનના બનેલા માલને ઈંગ્લંડમાં ઉતારતાં પહેલાં ત્રીશ ટકા જેટલી જકાત આપવી પડતી હતી. પરિણામ એ આવ્યું કે ૧૮૨૮ થી ૧૮૩૮ સુધી હિંદુસ્તાનમાંથી સરેરાશ ૨૮૦૦૦ પાઉંડની કિંમતનોજ માલ આ દેશમાં આવતો. આ વેપાર બંધ કર્યાથી બ્રિટિશ વેપારીઓને કંઇ પ્રાયદો થયો નથી કારણકે ઈંગ્લંડની શાલો યુરોપમાં બને છે.

વહાણ બાંધવાનો ધન્ધો:—હિન્દુસ્તાનમાં વહાણ બાંધવાનો ધંધો દેખીતી રીતે ઓછો થઇ ગયો છે. ૧૭૯૫-૯૬ માં કલકત્તામાં છ વહાણો ૪૧૦૫ ટનના વજનનાં બનાવવામાં આવ્યાં હતાં;અને ૫૦૦ થી ૬૦૦ ટનનાં પાંચ વહાણો તૈયાર હતાં. ૧૭૯૭-૯૮ માં કલકત્તાના ડકા ઉપરથી કેટલાંક વહાણો

દરિયામાં મૂકાવવામાં આવ્યાં હતાં પણ આજ (૧૮૪૦) વહાણ બનાવવાનું કલકત્તામાંથી તદન મૂકી દેવામાં આવ્યું છે. મુંબઇમાં પારસીઓએ એક ડકકો બાંધ્યો હતો અને ત્રણ જમાના સુધી મુંબઇનો ભવ્ય ડકકો પારસીઓના વહીવટ નીચે હતો. એશિયા નામનું સુંદર વહાણ નવરોજી જમશેદજી નામના પારસીએ બાંધ્યું હતું અને પારસી ગૃહસ્થો ઇંગ્લંડના ડકકાઓમાં વહાણ બનાવવાનું શીખતા હતા. વળી ઇંગ્લંડની બનાવટનાં વહાણો જેમાં લાસ્કર લોક ખલાસી હોય તેવાં ઇંગ્લંડ સાથે આમન સામન કોલ કરારવાળા બંદરોમાં જાય ત્યાં બ્રિટિશ વહાણ તરીકે લેખાતાં નહિ. ૧૮૩૩ ના ઇસ્ટ ઇન્ડિયા કમ્પનીના પટામાં બતાવવામાં આવ્યું છે કે હિન્દુસ્તાનના વતનીઓ બ્રિટિશ રૈયત છે અને વેપારી વહાણના સંબંધમાં તેમને તેવા લેખવામાં આવતા નથી એ એમના ઉપર બહુ સખ્તાઇ અને ગેરઇન્સાફ છે.

વિલાયતનું ખરચ:—આ સાથે ૧૮૧૩ થી ૧૮૩૩ સુધીનું વિલાયતનું ખરચ બતાવનાર એક કોષ્ટક રજુ કર્યું હતું. નીચેના કોઠામાં ૩૩ પછીના આંકડા રિપોર્ટના બીજા ભાગમાંથી લીધેલા છે અને તેર વર્ષોના હિંદુસ્તાનની ઉપજના આંકડા પાર્લમેન્ટના રિપોર્ટ ઉપરથી લીધા છે.

વર્ષ.	વિલાયતનું ખરચ	હિંદુસ્તાનની ઉપજ
૧૮૧૪-૧૫	૨,૪૪૬,૦૧૬	૧૭,૨૯૭,૨૮૦
૧૮૧૫-૧૬	૨૦૪૮૦૩૦	૧૭૨૩૭૮૧૯
૧૮૧૬-૧૭	૨૦૪૨૮૦૫	૧૮૦૭૭૫૭૮
૧૮૧૭-૧૮	૨૦૨૩૫૯૬	૧૮૩૭૫૮૨૦

૧૮૧૮–૧૯	૨,૩૬૯,૬૪૭	૧૯૪૫૯૦૧૭
૧૮૧૯–૨૦	૧૮૬૧૩૮૧	૧૯૨૩૦૪૬૨
૧૮૨૦–૨૧	૨,૩૦૬૧૮૭	૨૧૩૫૨૨૪૧
૧૮૨૧–૨૨	૩,૨૦૩,૬૧૧	૨૧૮૦૩૧૦૮
૧૮૨૨–૨૩	૩,૩૨૬૪૦૬	૨૩,૧૭૧,૭૦૧
૧૮૨૩–૨૪	૨૦૨૭,૪૨૦	૨૧૨૮૦૩૮૪
૧૮૨૪–૨૫	૨, ૧૮૨,૧૩૨	૨૦૭૫૦૧૮૩
૧૮૨૫–૨૬	૨૩૬૨૩૬૦	૨૧૧૨૮૩૮૮
૧૮૨૬–૨૭	૨૯૭૫૧૪૧	૨૨૩૮૩૪૬૭
૧૮૨૭–૨૮	૨૬૯૪૨૧૯	૨૨૮૬૩૨૬૩
૧૮૨૮–૨૯	૨૭૧૯૫૭૯	૨૨૭૪૦૬૯૧
૧૮૨૯–૩૦	૨૬૧૩૫૨૭	૨૧૬૯૫૨૦૮
૧૮૩૦–૩૧	૨૩૯૯૫૭૩	૨૨૦૧૯૩૧૦
૧૮૩૧–૩૨	૨૪૭૫૫૬૯	૧૮૩૧૭૨૩૭
૧૮૩૨–૩૩	૨૨૩૩૫૫૯	૧૮૪૭૭૯૨૪
૧૮૩૩–૩૪	૨૦૫૩૧૪૧	૧૮૨૬૭૩૬૮

૧૮૩૪–૩૫	૩૦૬૩૩૨૨	૨૬૮૫૬૬૪૭
૧૮૩૫–૩૬	૨૯૫૯૯૭૫	૨૦૧૪૮૧૨૫
૧૮૩૬–૩૭	૩૦૬૦૨૮૨	૨૦૬૬૬૧૩૦
૧૮૩૭–૩૮	૨૬૭૬૫૧૪	૨૦૮૫૮૮૨૦

આનો અમુક ભાગ સુમારે એક પંચમાંશ ઈંગ્લંડમાંથી હિન્દુસ્તાનને માટે આવેલો માલ છે. બીજી રકમોના સંબંધમાં મેાન્ટ ગૉમરિ માર્ટિને કહ્યું કેઃ–તે હિન્દુસ્તાનની ઉપજ ઉપર નિરાળું ખરચ છે અને તેના બદલામાં હિન્દને કંઈ પણ મળતું નથી. આ રકમ ઉપર હિન્દુસ્તાનનો વ્યાજનો દર જે બાર ટકાનો છે તે દરનું ચક્રવૃદ્ધિ વ્યાજ ગણીએ તો દર વર્ષે ત્રીસ લાખ ગણતાં આજની તારીખે છેલ્લાં ત્રીસ વર્ષની રકમ £ ૭૨૩, ૯૬૭, ૯૭૧ પાઉંડ જેટલી થવા જાય છે; અને દર વર્ષ ૨૦ લાખ ગણતાં પચાસ વર્ષની મણત્રી કરીએ તો હિન્દુસ્તાનની આપણે કલ્પાવેલી ૪લદ્રુપ મુડી £ ૮૪૦૦૦,૦૦૦૦; આઠ અબજ ચાલીસ કરોડ પાઉંડ જેટલી થવા જાયછે.

રેશમી માલઃ—આના ઉપર પણ જે જકાત નાંખવામાં આવી છે તેમાંથી હિન્દુસ્તાનના રેશમી માલને મુક્ત કરવો જોઇએ; અને તે માલ ઇંગ્લંડ અથવા બીજા કોઇ પણ દેશના રેશમી માલ સાથે હરીફાઇ કરતો નથી તેથી આ વિષમતા દૂર કરવાનું ખાસ કારણ છે.

એલેકઝાન્ડર રેાજર્સ.

શણઃ–આ ગૃહસ્થ હિંદુસ્તાનમાં કેટલાંએક કારખાનાંનો મોટો માલિક હતો અને રેશાને માટે સણની ખેતીને ઉત્તેજન આપતો હતો; કારણ કે હિંદુસ્તાન-

માં બીને માટે આની ખેતી ઘણી થતી હતી. ૧૮૪૦ ના ૧૦ મી જુને હિન્દુસ્તાનના શણના પહેલા નમુના ઈંગ્લંડમાં પહોચવાની વર્ધી હતી. જો આપણે flax માં હતેહ પામીએ તો demp અને flax એવાં સરખાં છે કે જે પછી demp ની ખેતી કરવામાં વાંધો આવશે નહિ. ”

રેશમ:—આ સાક્ષિ ઈંગ્લંડમાં હિંદુસ્તાનનું રેશમ મંગાવતો હતો. હિંદુસ્તાનમાં બ્રિટિશ રેશમના માલ ઉપર ૩½ ટકાની જકાત હતી. ઈંગ્લંડમાં હિંદુસ્તાનના માલ ઉપર ૨૦ ટકા અને તેથી વધારે હતી. આ તફાવતથી હિંદુસ્તાનનો રેશમનો ઉદ્યમ અટકી પડયો છે. હિન્દુસ્તાનના રેશમ ઉપરની જકાત ઓછી કરવાથી ઈંગ્લંડના વેપારને કંઇ અસર થવાનો સંભવ નહોતો; જેમ ફ્રાન્સના રેશમની જકાત ઓછી કરવાથી થયો નહોતો તેમ. જે હિન્દુસ્તાનનો રેશમી માલ ઇંગ્લંડમાં દાખલ થયો હતો તે વજનદાર–કોરો–માલ હતો જે ઈંગ્લંડમાં બનતો નહિ; અને બીજી તરફ ઈંગ્લંડને ફાયદો એ છે કે આપણો માલ એવડો ત્રણ ગણો ખરીદ કરવાનું આપણે દેશીઓને સાધન પૂરું પાડી શકીએ.

ખાંડ:—આ સાક્ષિએ ૨૭૦૦ ને ખરચે જેસોરમાં એક ખાંડનું કારખાનું બાંધ્યું છે. ખાંડ અને રમ ઉપર જકાત સરખી થશે એમ ધારીને નફો મળવાની એણે આશા રાખી હતી. તેનો નફો ૧૧½ ટકા જેટલોજ હતો જેથી એને સંતોષ થયો ન હતો; કારણ કે હિંદુસ્તાનમાં કંઇ પણ જોખમ વિના પણ દસ ટકાનું વ્યાજ તો મળેજ છે અને ચક્રવૃદ્ધિની રીતે તે રકમ વધારે પણ થવા જાય. જો રમ ઉપરની જકાત સરખી થાય તો તેનો નફો વધે. જો ન થાય તો ખાંડનો ધન્ધો છોડી દેવો ઇષ્ટ જણાય.

જે. એમ. હિથ.

લોખંડ:—જે મંડળની સાથે આ સાક્ષિને સંબંધ હતો તેણે ૧૮૩૩ માં મદ્રાસથી ૧૨૦ માઇલ ઉપર આવેલા પોર્ટોનોવોમાં લોખંડ કાઢવાનું કામ

શરૂ કર્યું હતું. ઈંગ્લંડના લોખંડમાંથી ગજવેલ બની શકતી નથી અને ગજવેલના લોખંડને માટે સ્વીડન અને રશીયા ઉપર ઈંગ્લંડનો તમામ આધાર છે. આ ખોટ હિંદુસ્તાન પૂરી પાડી શકે એમ છે કારણ કે હિંદુસ્તાનના લોખંડમાંથી ગજવેલ બની શકે છે. ઇંગ્લંડમાં કાચા લોખંડ ઉપરની જકાત ટન ઉપર પાંચ શિલિંગ જેટલી એટલે બાધક છે. કાચા લોખંડના બે ટનના લોખંડનો એક ટન બની શકે. પાકા લોખંડના ટન ઉપર ૨૫ શિલિંગ જકાત છે અને એક ટન પાકું લોખંડ બનાવવા જેટલા કાચા ભુકા ઉપર ૧૦ શિલિંગ જકાત છે. પણ ઇંગ્લંડનું લોખંડ હિંદમાં જાય ત્યાં તેના ઉપર કાંઇ જકાત નથી.

હોરેસનસ હેમેન વિલસન.

પુસ્તકોઃ–આ પ્રસિદ્ધ સંસ્કૃત પંડિત હિંદુસ્તાનમાં ચોવીસ વર્ષ રહ્યો હતો અને ત્યાંથી નિવૃત્ત થયા પછી ઇસ્ટ ઇન્ડિયા કમ્પનીનો લાઇબ્રેરિયન અને ઓક્સફર્ડમાં સંસ્કૃતનો પ્રોફેસર નીમાયો હતો. એણે જુબાની આપી કે હિંદુસ્તાનમાં ચોપડીઓ છપાય છે તેના ઉપર દર હંડ્રેવેટે ૨૫ પાઉંડની જકાત આપવી પડે છે. આ જકાત કાઢી નાખવાની તેણે હિમાયત કરી હતી.

જોસેફ્ટકર.

રેશમી માલઃ–આ ગૃહસ્થ રેશમી માલ છાપનારની એક પેઢીના હતા અને તેઓ બ્રિટિશ ઉદ્યોગના રક્ષણ માટે હિંદુસ્તાનના માલ ઉપર ૨૦ ટકા જકાત રાખવાના મતના હતા. તેણે કહ્યું કે બ્રિટિશ લોક હજુ બ્રિટિશ બનાવટનોજ માલ વાપરે છે પણ ફ્રાન્સના લોકો હિંદનો માલ વધારે પસંદ કરે છે એથી ફ્રાન્સ ઉપર બ્રિટિશ રેશમી માલની રવાનગી કમી થઇ છે પણ હિંદુસ્તાનના માલની આમદાની ત્યાં વધી છે. પહેલાં જ્યારે બ્રિટિશ માલ ફ્રાન્સમાં ગયો

ત્યારે હિંદનો માલ બાધિત હતો અને તેથી ફ્રાન્સના લોકોને બ્રિટિશ માલ ઠીક પડતો અને તેથીજ મોટો જથ્થો ચઢતો હશે. પણ બાધ છૂટો કર્યો તેની સાથેજ અને તે પહેલા પણ વેપાર ઉપર તરતજ અસર થવા માંડી અને બ્રિટિશ વેપાર તદન નાબુદ થયો.

નીચેના કોઠામાં ફ્રાન્સના રેશમી માલના વેપારના આંકડા છે.

યુનાઇટેડ કિંગ્ડમમાંથી ફ્રાન્સમાં માલ જાય છે તે.

વર્ષ.	બ્રિટિશ રેશમી માલ.	હિંદુસ્તાનનો માલ.
૧૮૩૨	પા. ૫૦૬૦૦	પા. ૨૬૫૦૦
૧૮૩૩	૩૬૩૦૦	૬૦૪૦૦
૧૮૩૪	૩૨૭૦૦	૭૭૭૦૦
૧૮૩૫	૧૬૮૦૦	૧૧૪૪૦૦
૧૮૩૬	૧૫૬૦૦	૧૦૭૬૦૦
૧૮૩૭	૧૦૦૦૦	૧૭૪૫૦૦
૧૮૩૮	૬૪૦૦	૨૦૨૨૦૦
૧૮૩૯	૫૫૬૦	૧૬૮૫૦૦

વેપારની એક ચીજને યુરોપિયન પ્રજા પસંદગી આપે તો ઇંગ્લિશ

વેપારી અને કારખાનાં વાળાઓની ઇર્ષ્યા થાય. આ વાત નીચેના સાક્ષીઓથી જણાઇ આવશે.

ટોમસ કોપ.

રેશમની બનાવટો:–મેકલ્સફિલ્ડના રેશમના બનાવટના કારખાનાવાળા ટોમસ કોપે બહુ સ્પષ્ટ શબ્દોમાં જુબાની આપી છે.

સ. (મિ. ગ્રોકલહર્સ્ટ) અત્યારે હિંદની રેશમી બનાવટો ઉપર ૨૦ ટકાને બદલે ૩½ ટકા જકાત કરી નાખીએ તો તમારા વેપારની આ શાખા ઉપર શી અસર થાય ?

જ. (મિ. કોપ) મારા અભિપ્રાય પ્રમાણે તેની અસર આ શાખા નષ્ટ થવાનીજ થાય એટલે આ લોકોની કામગરી જતી રહે એટલે પ્રમાણિકપણે ધંધો કરીને પોતાનો નિર્વાહ કરવાનું સાધન જતું રહે એટલે તે લોકો લાચાર અને ધૃષ્ટ થાય અને જનમંડળ કે જેના ઉપર અતિશય ભારે બોજા અત્યારે છે તેના ઉપર તેમનો બોજો વધે તેથી મોટી મુડી પાછી ઘેર આવે અને તેથી જે મુડીથી આપણો નભાવ થવો જોઇએ તે મુડી પરદેશીઓના હાથમાં જાય.

સ. (મિ. હોગ) ત્યારે તમારો મત એવો છે કે રેશમના ઇંગ્રેજ કારીગરોને ધન્સાફ કરવાને માટે રેશમનો તમામ પરદેશી માલ આપણા બન્દરમાંથી બાતલજ કરવો જોઇએ.

જ. (મિ. કોપ) મારો મત એવો છે કે આપણા તે મજુરોને ધન્સાફ કરવા સારૂ પરદેશી માલ ઉપર એટલી જકાત મુકવી જોઇએ. જેથી પરદેશી મજુરો અને આપણા મજુરો સરખા થઇ રહે. હવે જો હિંદુસ્તાની મજુર રોજ ૧½ થી ૨ શિલિંગ ઉપર નિર્વાહ કરી શકે અને અંગ્રેજને બે શિલિંગ વગર ચાલે નહિ તો આવા ગેરવ્યાજબી પ્રસંગો વચ્ચે હિંદુઓનો માલ આપણી સાથે હરીફાઇ કરે, જે અમને વાજબી લાગતું નથી.

સ. (મિ. હલ્યટ) તમે એમ ધારો છો કે આ દેશનો એક મજુરી કરવાવાળો જે સારો ખોરાક મેળવવા ભાગ્યશાલી છે તેને તેની સ્થિતિના ઇસ્ટ ઇન્ડિયાના મજુરને ચોખા સિવાય બીજો કંઇક ખોરાક મેળવવાની શકિત ન આવવા દેવી જોઇએ એવું કહેવાનો હક છે? કેમ નહિ વારૂ?

જ. (મિ. કોપ) મને હિંદુસ્તાનના મજુરની દયા આવે છે પણ તેની સાથે ઇસ્ટ ઇન્ડિયાના મજુરના કુટુંબ કરતાં મારા કુટુંબને માટે મને વધારે મજબુત લાગણી છે. મારા કરતાં ઇસ્ટ ઇન્ડિયન મજુરના કુટુંબની સ્થિતિ ખરાબ છે તે કારણ સારૂ મારા કુટુંબના આરામનો ભોગ આપવો એ મને ગેરવાજબી લાગે છે અને ઇસ્ટ ઇન્ડિયાના મજુરની સ્થિતિ આપણા કરતાં ખરાબ છે એટલા માટે આપણી પાસેથી મજુરી લઇ જઇને તેને આપવી એ પ્રબંધ ખરાબ છે એમ હું ધારૂં છું.

કહેવાની જરૂર નથી કે કોપ જેવા કારખાનાવાળાઓ ગ્રેટબ્રિટનની હિંદુસ્તાન તરફની રાજ્યનીતિનો નિર્ણય કરાવનારા હતા. બ્રિટિશ પાર્લમેન્ટ અને હિંદની સરકાર ગ્રેટબ્રિટનના કારખાનાવાળાઓ અને મત આપનારાઓના નોકર માત્રજ હતા.

જોન પ્રાઉટ.

રેશમની બનાવટ:—આ પણ મેકલ્સફિલ્ડનો રેશમનોજ વેપારી હતો અને તેણે પણ એજ મતલબનો જવાબ મિ. બ્રોકલહર્સ્ટના સવાલના જવાબમાં આપ્યો હતો.

જોન ફ્રાન્સિસ.

રેશમની બનાવટ:—આ નોરિચનો રેશમનો વેપારી હતો અનેતે પણ ઇસ્ટ ઇન્ડિયા કમ્પનીએ જકાતનો દર એક સરખો કરવા જે માગણી કરી તેના સંબંધી કમ્પની સ્હામી સખ્ત ફર્યાદ કરી.

સ. (મિ. ઇલિયટ) રેશમનો વેપાર છોડી દેવાને તમે રેશમના વેપારની સ્થિતિથી પ્રેરાયા હતા કે બીજું કાંઇ કારણ હતું?

જ. (મિ. ફ્રાન્સિસ) સ્થિતિ સિવાય બીજું કાંઇજ કારણ નહતું. હું ઇન્ડિયા ઑફિસમાં જ્યારે કોરાનું વેચાણ થતું ત્યારે હું જાઉં અને અમુક તાકો ખરીદ કરું ત્યારે તેની કીમત મને રેશમના એક રતલની કિંમત કરતાં ઓછી પડે.

સ. (મિ. ઇર્વિન્ગ) તમે તેનું શું કારણ સમજો છો?

જ. (મિ. ફ્રાન્સિસ) કારણ એટલું જ કે હિંદુઓ બહુ સસ્તી રીતે માલ બનાવી શકે છે.

સ. (મિ. બ્રોકલહર્સ્ટ) તમે એમ કહી શકો છો કે આને માટે સારામાં સારો ઉપાય એટલોજ છે કે હિંદુસ્તાનને કાચો માલ આ તરફ મોકલવામાં ઉત્તેજન આપવું અને બ્રિટિશ ઉદ્યોગને તેના ઉપર કામ કરવા દેવું?

જ. (મિ. ફ્રાન્સિસ) બેશક.

આ સાક્ષીએ વધારામાં જણાવ્યું કે ચાલીસ વર્ષ ઉપર (૧૮૦૦) ઇસ્ટ ઇન્ડિયા કમ્પની હિંદુસ્તાનમાંથી કાચું રેશમ લેતી હતી અને ઈંગ્લાંડમાં પાકો માલ બનાવવા માટે વેચતી; હવે કમ્પની બ્રિટિશ ઉદ્યોગ તરફ ઉદાસીન થઇ છે અને અત્રના ઉદ્યોગને વધારે સચોટ રીતે દૂર કરવા સારૂ રેશમનો માલ હિંદુસ્તાનમાં બનાવવા દે છે.

મિ. બ્રોકલહર્સ્ટે આ સાક્ષી પાસેથી એમ પણ કઢાવવા યત્ન કર્યો કે હિંદુસ્તાનનો મજુર કાચો માલ પેદા કરીને રોજનો ૧½ પેન્સ કમાય છે, પણ એટલામાં આરામ ભોગવે છે.

સ. (મિ. બ્રોકલહર્સ્ટ) તમે એમ નથી ધારતા કે તેઓ બેચેન રહે છે તેઓ પોતાની આખી જીંદગીપર્યંત જેવી રીતે રહેતા હતા તેવીજ રીતે રહે છે?

જ. (મિ. ફ્રાન્સિસ) ના.

સ. (બ્રેાકલહર્સ્ટ) અને જો વધારે સારૂં કંઈ ન હેાય તેા તે આરામ પણ કહેવાય.

જ. (મિ. ફ્રાન્સિસ) ભૂએ મરવામાં આરામ હશે પણ હું એમ ધારી શકતેા નથી.

જોન પેાઇટન.

આ ગૃહસ્થ સ્પિટફીલ્ડનેા રેશમનેા વણનાર હતેા. તેણે જુબાની આપી કે સ્પિટ ફીલ્ડમાં (બન્દાના) ઘણાજ થેાડા બને છે અને હિંદુસ્તાન તેની સાથે હરીફાઇમાં આવતું જ નથી; તેાપણ આ સાક્ષી હિંદુસ્તાનના રેશમના માલ ઉપરની જકાત ઓછી કરવાની વિરૂદ્ધ હતેા, કારણ કે 'જો જકાત ઓછી કરવામાં આવે તેા આ દેશમાં તે માલ ઓછેા થશે અને જેઓ અત્યારે તે માલ બનાવે છે તે બીજામાં આવશે એટલે તેઓ અમારા હરીફ થશે.'

આ પુરાવા ઉપર કમિટિએ કાંઇ સ્વચનાઓ હાઉસ ઓફ કેામન્સને કરી હેાય તેા આપણા જોવામાં આવી નથી પણ આ કમિટિએ હાઉસ ઓફ લેાર્ડસને કરેલેા રિપેાર્ટ મળી શકયેા છે. લેાર્ડસની કમિટિના લેાર્ડ એલન્બરેા સરનશીન હતા અને તેઓ હિંદુસ્તાનને માટે બહુ કાળજી બતાવતા છતાં તેમણે કાંઇ ઇન્સાફ હિંદુસ્તાનને આપ્યેા નહીં; પણ તે નામદારે લખ્યું કેઃ— ઇસ્ટ ઇન્ડિયન તમાકુની જકાત એક સરખી કરવી પણ રેશમની જકાતમાં ફેરફાર કરવેા નહિ. હિંદુસ્તાનની સુતરાઉ બનાવટ તેા કયારનીએ મરણ પામી હતી; એટલે તે મહાશયે એવી ભલામણ કરી કે ગ્રેટબ્રિટન અને ઇન્ડિયા વચ્ચેની વિષમતા દૂર કરવી જોઇએ પણ રેશમી માલ હજી ઇંગ્લંડના માલની સ્હામે હરીફાઇ કરતેા હતેા; અને આ ચીજ ઉપર હિંદુસ્તાનના મરી જતા ઉદ્યોગેામાંના આ છેલ્લા ઉદ્યોગ ઉપર જકાત કમી કરવાની ભલામણ લેાર્ડ એલન્બરેાએ કરી નહીં.

કાફી-ખાંડ-રૂ-સુતર.

૧૮૪૮ નું વર્ષ યુરોપની પ્રજાઓમાં રાજ્ય પરાવર્ત્તનનું વર્ષ હતું. ફ્રાન્સે પોતાના રાજાને પદભ્રષ્ટ કરી બીજું પ્રજાસત્તાક રાજ્ય સ્થાપ્યું. જર્મનીએ નાનાં રાજ્યસ્થાનોના આપખુદીપણાની અધીરાઈ બળવાઓ કરીને બતાવી અને અગત્યનાં રાજ્યબંધારણો સંપાદન કર્યાં. ઇટલીએ કવખતનો ઓસ્ટ્રિઆ સામે લડાઈનો આદર કર્યો અને મેઝિનીનો મત પ્રમાણે રોમમાં એક પ્રજાસત્તાક રાજ્ય સ્થાપીને પ્રજાસ્વાતંત્ર્ય સિદ્ધ કરવાનો મોટો પણ નિષ્ફળ પ્રયત્ન કર્યો. ઑસ્ટ્રિયામાં પણ વિયેનામાં એક બળવો ઉઠ્યો અને કોસ્યુથ સરદારી નીચે હન્ગેરી પણ સ્વાધીન થયું. આયર્લંડમાં એકત્રતા રદ કરવાના સતત પ્રક્ષોભથી એક બળવો જાગ્યો. સર્વત્ર જુની રીત નાબુદ થવાનો અને પ્રજાકીય સંસ્થાઓ અને પ્રજાની સત્તાઓના ઉદયનાં ચિન્હો નજરે આવતાં હતાં.

આ રાજકીય ચલવળની સાથે વ્યાપાર અને ખેતીના વિષયમાં યુરોપમાં ઘણી વિષમતા ચાલી રહી હતી. ઇંગ્લંડમાં અનાજના ભાવ ઉંચા રાખવાના હેતુવાલા એક તરફ જમીનદાર ઉમરાવો અને બીજી તરફ વેપારી અને મજુર વર્ગ અનાજના ભાવ હલકા કરવાની ઇચ્છાવાળા, એ બે વચ્ચેની ચાલતી તકરાર ૧૮૪૬માં અનાજની જકાતનો કાયદો રદ થઇને ચુકી. બ્રિટિશ કારખાનાંને એક મોટું ઉત્તેજન મળ્યું અને એક કલ્પદ્રુમ જેવા સામ્રાજ્યની કંઇક અનિશ્ચિત ભાવના લોકના મનમાં ઉદય પામી. ઇંગ્લંડ દેશને પર પ્રજા નિરપેક્ષ બનાવવો એ સંભવિત હતું ? પોતાની જોઇતી ચીજો પોતાનાજ આશ્રિત સંસ્થાનોમાંથી જ લેવી એ બની શકે તેવુ હતું ? હિંદુસ્તાનના વ્હાણે ચીનના વ્હાનું સ્થાન લેવા માંડ્યું હતું; હિંદુસ્તાન જોઇતી કૉફી પૂરી પાડી શકે તેમ હતું ? ગુલામોના છુટકારા પછી વેસ્ટ ઇન્ડિઝના શેલડીના બગીચા ઉતરી જવા માંડ્યા હતા; હિન્દુસ્તાનમાંથી ગ્રેટબ્રિટનની ખાંડ ઉત્પન્ન થઇ શકે તેમ હતું ?

અમેરિકન રૂથી લન્કેશીયરની સાળોનો ખોરાક પુરો પડતો હતો. તે કાચો માલ જોઇએ તેટલો પૂરો પાડવાનું હિંદથી બની શકે તેમ હતું ? આને માટે પાર્લામેન્ટ તરફથી તપાસો થવા માંડી.

ખાંડ અને ગુનદાણાની કમિટી.

૧૮૪૮ માં લોર્ડ જ્યોર્જ બેન્ટિન્કના અધ્યક્ષપણાથી ખાંડ અને ગુન દાણાની તપાસ કરવા સારૂ એક કમિટી નીમાઈ. આ કમિટીએ ઘણા સાક્ષીઓ તપાસ્યા, અને આઠ રિપોર્ટની સાથે પુરાવો પાર્લામેન્ટ આગળ રજુ કર્યો. પહેલોજ સાક્ષી લોર્ડ પામર્સ્ટન હતો પણ હિંદુસ્તાનના વ્યાપાર સંબંધી એ મહાશયને બહુ કહેવાનું નહતું. પાર્લમેન્ટના એક સભાસદ જોન બોગશૉની પણ જુબાની તેજ દિવસે લેવાઇ અને તેમણે હિંદુસ્તાનને બીજા ઇંગ્રેજ સંસ્થાનો સાથે હરીફાઇમાં થતા ગેરફાયદાનો વિસ્તારથી ચિતાર આપ્યો.

તેની ફરિયાદો આ પ્રમાણે હતીઃ—

૧ **હોમચાર્જીસ** ૩૦ લાખ પાઉંડ કંઇ પણ બદલા વિનાના.

૨ સિવિલ અને મિલિટરી ખાતાના નોકરોની બચતથી ઇંગ્લંડની મુડીમાં વધારો થાય છે એટલું હિન્દને નુકશાન.

૩ હિન્દની ઉપજનો મોટો ભાગ જમીનની ઉપજના બોજારૂપ છે. લગભગ ૧૩½ મિલ્યન. એક કરોડ પાંત્રીસ લાખ પાઉંડ આવી રીતે ઉપજે છે.

૪ ઇંગ્લંડમાં જકાતો લેવાય છે તેથી વેપારીઓને થતી મુશ્કેલીઓ.

છેલ્લાં ત્રીસ વર્ષમાં હિન્દુસ્તાનનો સુતરાઉ માલ તદ્દન પાયમાલ થયો છે. ૧૮૧૬-૧૭ માં હિન્દ પોતાની રૈયતને પૂરતાં કપડાં પૂરૂં પાડતું એટલું જ નહિ પણ ૧૬૫૯૪૩૮ પાઉન્ડની કીંમતનો માલ પરદેશ ચડાવતું. ત્રીસ

વર્ષગાં આ તમામ રવાનગી બંધ થઇ ગઇ અને ઉલટું હિન્દુસ્તાનમાં બ્રિટનનો ચાલીસ લાખનો માલ ઉતર્યો. હિંદુસ્તાનમાં આપણા માલ ઉપર ૨૫ ટકા જકાત અને આપણે ત્યાં હિંદુસ્તાનના માલ ઉપર બાધક જકાત એ ઉપર પણ ધ્યાન દોર્યું.

ખાંડ ઇંગ્લાંડમાં પાકે નહિ તેથી તે ઉપરની જકાતમાં કાંઇક ફેરફાર કરવામાં આવ્યો હતો. તેનું પરિણામ સત્વર જણાઇ આવ્યું. એકદમ હિન્દુસ્તાને ઇંગ્લંડને પોતાના બપની ચોથા ભાગની ખાંડ પૂરી પાડી. અને એવી આશા રાખવામાં આવતી હતી કે થોડાજ વખતમાં તમામ ખાંડ તે પૂરી પાડશે પણ તે બન્યું નહિ અને છેલ્લાં પચાસ વર્ષમાં બધી ચીજોની પેદાશની સાથે આની પેદાશ પણ કમતી થતી ચાલી છે.

ઇસ્ટ ઇન્ડિયા કમ્પનીની ધુરંધર સભાના એક પ્રસિદ્ધ સભાસદ–કર્નલ સાઇકસ–તેમણે હિન્દુસ્તાનની હકીકત અને આંકડા બહુ કાળજીથી વિચાર્યા હતા. તેમણે હિન્દુસ્તાનના અર્થશોષની બાબતમાં આંકડા આપતાં કહ્યું કે તેત્રીસ લાખથી સડત્રીસ લાખ પાઉન્ડ આપણે વર્ષે દહાડે લઇએ છીએ અને–આમદાની કરતાં રવાનગીના વધારાથીજ ઇન્ડિયા આ વાર્ષિક સલામી આપી શકે છે. હેનરી સેન્ટ જૉન ટકર–જે આ વખતે ઇસ્ટ ઇન્ડિયા કમ્પનીના સરનશીન હતા તેમને અર્થશોષના વધારાનું કારણ બતાવતાં જણાવ્યું કે આપણું ' હોમચાર્જીસ ' હમેશ વધ્યાં કરે છે.સરનશીન સાહેબે આ દીલગીરી બતાવી તે અંતઃકરણની હતી પણ તેથી કાંઇ ફળ થયું નહિ. હિન્દુસ્તાનમાંથી નાણાનો પ્રવાહ વધતો ગયો ત્યારે તેના બદલામાં ઇંગ્લંડનો અનુકમ્પા અને દીલગીરીનાં વચનોનો પ્રવાહ પણ એટલોજ વધતો ગયો.

નેથેનિયલ અલેકઝાન્ડર એક વેપારી હતો.તેણે ઇંગ્લંડમાં હિન્દુસ્તાનની ખાંડના બપના વધારા ઉપર વિવેચન કર્યું પણ એના ભવિષ્ય વિષે બહુ સાવધાનીથી બોલ્યો.તેણે કહ્યું કે ૧૮૪૬ પહેલાં ખાંડના વેપારમાં નફો રહેતો હતો પણ

હાલમાં નફો રહેતો નથી, અને જો તે બંધ પડે તો ઈંગ્લંડ પોતાની સલ્તનત શી રીતે વસુલ કરશે એ સમજી શકાતું નથી. સામાન્ય રીતે કહી શકાય કે ૧૮૪૭ સુધી હિન્દુસ્તાનમાં આમદાની ૬૦ લાખ પાઉન્ડની હતી અને ત્યાંની રવાનગી ૯,૫૦૦૦૦૦ પંચાણું લાખની એટલે જે તફાવત રહ્યો તે આપણા ખરચનો: જે લગભગ ચાલીસ લાખ જેટલો થવા જતો હતો.

અલેકઝાન્ડર અને સર જેર્જ લાર્પન્ટ બન્નેએ સાબીત કર્યું કે વેસ્ટ ઇન્ડિઝ અને મોરિશ્યસ એ બન્ને ખાંડ પેદા કરનારા દેશો છે અને હિન્દુસ્તાન ખાંડના ખપવાળો દેશ છે અને તેથી હિન્દમાંથી ઘણી ખાંડ બહાર રવાના થતી નથી. તેથી ખાંડની રવાનગીમાં હિન્દુસ્તાન બીજા દેશો સાથે કદી હરીફાઇમાં આવી શકે તેમ નથી. ૧૮૩૬ માં જકાતનો તફાવત કહાડી નાખવાથી નફો જણાયો તેનું કારણ એટલુંજ કે વેસ્ટ ઇન્ડિઝમાંથી ખાંડની આમદાની જે ૧૮૩૧ માં બે લાખ ટન હતી તે હઠીને ૧૮૪૦–૪૧ માં એક લાખ દશ હજાર ટન ઉપર આવી હતી; તેથી હિન્દુસ્તાનને કાંઇક ઉત્તેજન મળ્યું અને તેથી નફો પણ મળ્યો. અહીંઆં આગળ ખાંડના ભાવ ઉંચા છે તેથીજ હિ દુસ્તાનથી ખાંડ અહીં આવતાં નફો જણાય છે.

જમીનની જમાબન્દી જમીનની કિંમત પ્રમાણે કરવાથી શેલડી વિગેરે કિંમતી પાકોની ખેતી હઠી ગઇ છે એવી ઘણી જુબાનીઓ પડી. ઇસ્ટ ઇન્ડિઆ કમ્પનીના સરનશીન હેનરિ જોન ટકરે કહ્યું કે " સર ટોમસ મનોની યોજના જેમ બને તેમ વધારે ઉપજ દેશમાંથી લેવાની હતી, તેથી તેણે જુદી જુદી ચીજો નિપજાવનારી જમીન ઉપર તેની પોતાના મનની ધારેલી કિમ્મતના પ્રમાણમાં જુદા જુદા આંકડા બાંધ્યા, જેમાંથી બહુ ઉપજ થશે એમ તેને જણાયું તેવી ચીજો ઉપર એણે આકાર બહુ ભારે બાંધ્યા. એમને તેમાં ફતેહ મળી કે નહીં તે કહેવાનું હું માથે લેતો નથી કારણ કે ઉપજનુ કમતીપણું બીજાં કારણોથી પણ થયું હોય; પરંતુ શેલડી ઉપર ભારે આકાર

બાંધ્યાથી મદ્રાસના મુલકમાં શેલડીના પાકને બહુ હાનિ થઇ એમાં તો શક નથીજ.

સિલોનના બુનના બગીચાવાળા એક વેપારી રાબર્ટ ક્રિસ્ચ્યને ત્યાંના બુનદાણાના બગીચાની શરૂઆતનો બહુ રસિક હેવાલ આપ્યો છે. અમે ૧૮૩૭ ના અરસામાં શરૂઆત કરી; વેસ્ટ ઇન્ડિઆના ટાપુમાં બુનની નીપજ કમી થઇ જવાથી ને બ્રિટિશ બુનદાણાની નીપજ જે અનુગ્રહ ભોગવતી હતી તેનાથી અને તેને લીધે જે ઉંચા ભાવ રહેતા હતા તેથી અમને આ ધન્ધામાં પડવાનું મન થયું. આ પહેલાં સિલોનના લોકો બુનદાણા વાવતા હતા અને યુરોપિયન મુડી અથવા આડતની મદદ વિના પરદેશમાં રવાના પણ કરતા હતા. ૧૮૩૮ માં સિલોનથી ૨૫૦૦ ટન બુન ઈંગ્લંડમાં ઉતર્યા હતા; જે બધા ત્યાંના લોકોએ સ્વતંત્રપણેજ નીપજાવેલા હતા. નવ વર્ષ પછી બુનનો પાક ૧૨૪૮૨ ટન થયો જેમાંથી ૭૧૭૩ ટન સિંગાલિસ લોકોનો અને ૫૩૦૯ ટન યુરોપિયન બગીચાવાળાઓનો હતો.

સિલેક્ટ કમિટિ પોતાના છેવટના રિપોર્ટમાં ગુલામના છુટકારાથી ઇસ્ટ ઇન્ડિઝના ખાંડના વેપારને પહોંચેલા ધોકા અને નુકશાન ઉપર તથા કરારી મજુરી મળવાની મુશ્કેલી ઉપર વિવેચન કરે છે અને બ્રિટિશ મુલકની ખાંડ ઉપર અનુગ્રહ કરવા માટે પરદેશની ખાંડ ઉપર દશ ટકાની વિશેષ જકાત નાંખવાની ભલામણ કરે છે.

કપાસની કમિટી.

હિન્દુસ્તાનમાં કપાસની નીપજની તપાસ કરવાને માટે વધારે અગત્યની એક કમિટી નીમાઇ હતી. પ્રાચીન સમયથી હિંદ સુતરાઉ માલ માટે વખણાતું હતું અને ત્યાંનો સુતરાઉ માલ એશિયા અને યુરોપના બજારમાં ચાલ્યો આવતો હતો અને જ્યારે ઇંગ્લંડે યાંત્રિકબળની સાળો અને અનુગ્રહની

જકાતોથી હિન્દના આ ધન્ધાને મારી નાંખ્યો ત્યારે પણ એવી આશાઓ રાખવામાં આવતી હતી કે હજી હિન્દ લેન્કેશીયરની સાળોને જોઇશે તેવો કપાસ પેદા કરી શકશે. આ હેતુથી હિન્દુસ્તાનના કપાસની જાત સુધારવા અને નીપજ વધારવાના યત્નો કરવામાં આવતા હતા અને તેમાં હેતુ એવો હતો કે એમ કરવાથી ગ્રેટબ્રિટનના પોતાના હાથમાં કાચો માલ તેમજ કારખાનાની સગવડ બે રહેશે એટલે તે અમેરિકા જેવા પારકા દેશોથી સ્વતંત્ર થઇ શકશે. ૧૮૪૮ માં નીમાયલી સિલેકટ કમિટીને બહુ અગત્યનું કામ સોંપવામાં આવ્યું હતું. અને ઈંગ્લંડનો એક અતિ સુપ્રસિદ્ધ પુરૂષ જૉન બ્રાઇટ આ કમિટિનો સરનશીન હતો. આ કમિટીનું કામ કરતાં તે ગૃહસ્થને હિન્દુસ્તાનની બાબતોમાં જે અનુભવ મળ્યો તે અનુભવ અને સૂક્ષ્મ જ્ઞાન તેમનાં હિન્દુસ્તાન સંબંધમાં તે પછીનાં તમામ ભાષણોમાં જોવામાં આવે છે. અઢારમા સૈકાના અંતના દશકાઓમાં હિન્દુસ્તાનના ભલાને માટે જે કામ એડમન્ડ બર્કે કર્યું તેજ કામ ઓગણીસમી સદીના મધ્ય ભાગમાં આ ગૃહસ્થે કર્યું. એક વિશાળ આશ્રિત રાજ્યને ઇન્સાફ કરવા માટે એમણે જે પ્રયત્નો કર્યા છે તે પ્રયત્નો ઈંગ્લંડનું સામ્રાજ્ય નહિ હોય ત્યારે પણ મનુષ્યના સ્મરણમાંથી ખસશે નહિ; અને તેમનાં ભાષણો ઇંગ્રેજી ભાષાના ગદ્યના સુંદર નમુના તરીકે ઇંગ્રેજી ભાષા બોલાતી બંધ પડશે તોપણ વંચાશે.

સિલેકટ કમિટીનું પુરાવો લેવાનું કામ જરાક આગળ ચાલ્યું તે પહેલાં કપાસના વાવેતરની સાથે સંબંધ રાખનારો જમાબન્દીનો સવાલ ઉપસ્થિત થયો.

*ડન્સિસ વિલ્યમ પ્રીડો હિન્દની સાથેના પત્રવ્યવહારના મદદનીશ પરીક્ષકે મેન્ચેસ્ટર વ્યાપારી સભાની અરજીમાંથી નીચેનાં વાક્યો વાંચી સંભળાવ્યાં.

" કપાસની ઉંચા પ્રકારની ખેતીના સ્હામા દેખીતા સંયોગોમાં જમીન ઉપરનો કર જમીન ઉપરના રૈયતના હકનો પ્રકાર, અને રસ્તા તથા માલ ખેંચવાની સગવડોનો અભાવ; એ બધા ગણવા જેવા છે. આપના અરજદાર એમ માને છે કે આપ નામદારની સભા સમજે છે કે કપાસ પેદા થાય છે તે જીલ્લાઓમાં જમીનનો કર સંતોષકારક નથી અને તેથી આપ નામદારે તેમાં સુધારા કરવાના શરૂ કરેલા પણ તે તરતજ પડતા મૂકાયેલા; પણ જ્યાં સુધી બીજા માલના પ્રમાણમાં કપાસની જમીન ઉપર વધારે ભારે કર આકારાય છે તે રીત ન છોડી દેવાય, અને જમીનના હક્ક ડાહ્યા અને વાજબી ધોરણ ઉપર ન મૂકાય, ત્યાં સુધી વધારે જથામાં કપાસ પેદા કરવાનું મન થાય તેવી ઉંચી કિંમત ઉપજે તેવી રીતે કપાસની જાત સુધારવાની આશા રાખવી વ્યર્થ છે."

બ્રિટિશ કારખાનાવાળાઓની લાગવગ એટલે સુધી સફલ થઇ કે ૧૮૩૬ માં બંગાળામાંથી રવાને થતા રૂ ઉપરની જકાત તદન નીકળી ગઇ; મુંબાઇના રૂ ઉપરની ૧૮૩૮ માં અને મદ્રાસના રૂ ઉપરની ૧૮૪૪ માં પણ કપાસની ખેતીને ઉત્તેજન આપવા સારૂ જમીનનો આકાર કમી કરવાની બાબતમાં ધુરંધર સભા વચમાં આવી નહિ.

તે પછીનો સાક્ષિ ડો. જોન રોક્બલ હતો.

તે સહરાનપુરની વનસ્પતિવાડીનો નવ વર્ષ સુધી ઉપરી હતો, અને ૧૮૩૭ માં એણે હિન્દુસ્તાનનાં ઔષધના પ્રાચીનપણા ઉપર એક નિબંધ પ્રસિદ્ધ કર્યો હતો, જેમાં પ્રાચીન હિંદુઓ રાસાયનિક અને શસ્ત્રવૈદ્યકનું કેટલું જ્ઞાન ધરાવતા હતા તે તેણે બતાવ્યું હતું. તેણે એવી જુબાની આપી કે અમેરિકાના રૂ કરતાં સુરતના રૂના ભાવ લિવરપુલના ૩૦ ટકા નીચા રહેછે.

હિન્દનું રૂ ઘણે ભાગે ગંદી સ્થિતિમાં વહાણે ચડાવવામાં આવે છે. અમેરિકન કપાસ રાતી જમીનમાં વધારે સારૂં થાય છે અને હિન્દનો કપાસ હિન્દની કાળી જમીનમાં. અમેરિકાના આલબામા અને લુઇસાનમાં એક એકરે ૪૦૦ રતલ રૂ ઉત્પન્ન થાય છે; અને હિન્દુસ્તાનમાં ૧૦૦ અથવા ૧૫૦ રતલથી વધારે થતું નથી. ૧૮૩૩ ની નવી જમાબન્દી પછી ઉત્તર હિન્દુસ્તાનમાં કપાસનું વાવેતર બહુ વધ્યું છે કારણ કે એ જમાબન્દીથી લોકોને લાંબા પટા કરી આપવામાં આવ્યા છે. હિન્દુસ્તાનમાં સોજીન દાખલ કરવું કષ્ટ છે પણ અમેરિકન રૂ સરતું હોય તો મેન્ચેસ્ટરના લોકો હિન્દુસ્તાનનું રૂ વાપરે નહિ. ઈંગ્લંડમાં હિન્દુસ્તાનનું રૂ બે રીતે વપરાય છે. કાંતો તેનું કાપડ વણાય છે અથવા સિયાળામાં ડગલીઓમાં શીવવામાં આવે છે. હિન્દુસ્તાનમાં ઇંગ્લંડના સુતરની આમદાની વધતી જાય છે અને વર્ષોવર્ષ હિન્દુસ્તાનનો માલ પાછો હઠતો જાય છે.

મેન્ચેસ્ટર ચેમ્બર ઓફ કોમર્સના અધ્યક્ષ ટોમસ બેઝલિએ, એક કોષ્ટકમાં અમેરિકન અને હિંદના કોટની આમદાનીના આંકડા આપ્યા. ઇંગ્લંડમાં બધી તરફથી જે રૂ આવે છે તેમાં હિન્દુસ્તાનનું રૂ ૮ થી ૧૫ ટકા જેટલું આવે છે. ૧૮૩૭ થી દશ વર્ષના આંકડા નીચે પ્રમાણે છે:—

ઈંગ્લંડ, સ્કૉટલંડ અને આર્યલંડમાં રૂની આમદાની.

વર્ષ	અમેરિકામાંથી.	પૂર્વના બ્રિટિશ સંસ્થાનોમાંથી.
૧૮૩૭	૩૨૦૩૫૧૭૧૬ રતલ.	૫૧૫૭૭૧૪૧ રતલ.

૧૮૩૮	૪૩૧૪૩૭૮૮૮	રતલ	૪૦૨૨૬૪૬૫	રતલ
૧૮૩૯	૩૧૧૫૬૭૭૬૮	,,	૪૭૧૭૦૬૪૦	,,
૧૮૪૦	૪૮૭૮૫૬૫૦૪	,,	૭૭૦૧૦૬૧૭	,,
૧૮૪૧	૩૫૮૨૧૪૬૬૪	,,	૬૭૩૬૮૩૧૨	,,
૧૮૪૨	૪૦૫૬૨૫૬૦૦	,,	૬૬૫૫૫૧૮૬	,,
૧૮૪૩	૫૫૮૭૩૫૬૦૦	,,	૬૮૮૨૦૫૭૦	,,
૧૮૪૪	૫૧૭૨૧૮૬૨૨	,,	૮૮૬૩૬૬૦૮	,,
૧૮૪૫	૬૨૬૬૫૦૪૧૨	,,	૫૮૪૩૭૪૨૬	,,
૧૮૪૬	૩૮૨૫૨૬૦૦૦	,,	૩૪૨૭૦૮૦૦	,,

આ સાક્ષિએ બતાવ્યું કે સુરતના રૂના એક રતલમાંથી જ્યારે ૧૨ આઉન્સ સુતર નીવડે છે ત્યારે અમેરિકાના રૂના એક રતલમાંથી ૧૩½ આઉન્સ નીવડે છે તેથી અમેરિકાના રૂના ભાવ રતલ ૧ ના ૩½ પે. થી ૬ પે. સુધી છે અને હિન્દના ૩ થી ૫ પે. છે.

પોતાની જુબાનીના અંતના ભાગમાં બેઝલે હિંદ અને બ્રિટન વચ્ચેના વ્યાપારનો એક ઇંગ્રેજનો શો વિચાર હોય છે તે બતાવ્યું છે. તેણે કહ્યું કે હિંદુસ્તાનમાં જમીનનો બહોળા વિસ્તાર છે અને ત્યાંની રૈયત મોટા અસાધારણ જથામાં બ્રિટિશ માલ ખપાવી શકે તેમ છે. આપણા હિન્દના વેપારના સંબંધમાં સવાલ એટલોજ છે કે આપણે પાકા માલના સ્વરૂપમાં જે મોક-

લીએ તેના બદલામાં તેઓ પોતાની જમીનમાંથી ઉત્પન્ન થતી ચીજો મોકલાવી શકે તેમ છે કે નહિ ?

રોબર્ટ ક્રોફર્ડ:–મુંબઇમાં વેપારી હતો. તેણે મુંબઇના કેટલાક જીલ્લાઓમાં ૧૮૩૪ થી ૧૮૪૫ સુધીના કપાસની ખેતીના આંકડા બતાવ્યા. ભરૂચમાં કપાસની ખેતી કુલ જમીનના ૪૩ ટકા છે; સુરતમાં ૨૨, ખાનદેશમાં ૧૦ અને સોલાપુરમાં ૩ ટકા. ગુજરાતની જમાબન્દીના સંબંધમાં પૂછતાં સાક્ષિએ કહ્યું, " સરકાર અને સરકારના અમલદારોને બને તેટલી વધારે જમા લેવાનો જસ ખાટવો છે તેથી જમીન જુલમી કરથીજ અપાય છે એ દેખીતું છે. " અને ભરૂચના કલેક્ટર મિ. ડેવીસના રિપોર્ટમાંથી વાંચીને સાક્ષિએ કહ્યું કે " અત્યારના બજાર ભાવ એવા છે કે બેહુતને પોતાનો માલ (ઢોર વિગેરે) બચાવવા પૂરતાં પણ સાધન નથી તો નફાની તો વાતજ શી ? અનુમાન સહેજ થાય છે કે પાયમાલીમાંથી બચવાનો એનો આધાર મોકુફી અને લેણા ઉપરજ મોટે ભાગે રહેલો છે. "

આજ સાક્ષીએ વહાણમાં અંગ્રેજ ખલાસી રાખવાના નૌકા પ્રબન્ધોની નબળી અસરની જુબાની આપી હતી. તેણે કહ્યું કે એવા વખત મેં જોયેલા છે કે જ્યારે બ્રિટિશ વહાણને જે સગવડો છે તેજ સગવડથી લસ્કર ખલાસીવાળાં વહાણો આવવા દેવાતાં હોય તો મુંબઇના બારામાંથી તેમને આ દેશમાં લાવવાનું બહુ સરળ પડે. "

મેજર જનરલ બ્રિગ્સ વધારે મહત્વના સાક્ષી હતા. તેમણે ૧૮૦૧ માં નોકરીમાં પ્રવેશ કર્યો હતો અને બત્રીસ વર્ષ સુધી હિંદુસ્તાનમાં કામ કર્યું હતું. સર જ્હોન માલકમ અને માઉન્ટ સ્ટુઅર્ટ એલ્ફિન્સ્ટન જેવા હાકેમોના હાથ નીચે તેણે કામ કર્યું હતું, અને મ્હૈસૂરના કમિશનર અને નાગપોરના રેસિડેન્ટના હોદ્દા ભોગવેલા હતા. તેણે હિંદુસ્તાનના ભૂમિભાગ જમીનના કર ઉપર એક કિંમતી અને સવિસ્તર ગ્રંથ રચ્યો હતો અને ઉત્તર હિંદુસ્તાનમાં જમાબન્દી

ઠરાવવામાં લૉર્ડ વિલ્યમ બેન્ટિન્કનો તે સલાહકાર હતો. વળી તેણે હિંદુસ્તાનનો ઇતિહાસ મૂળ સાધનોમાંથી જોયો હતો, તેણે ફેરિસ્તાના હિંદુસ્તાનના ઇતિહાસનું એક પંડિતને શોભાવે તેવું ભાષાન્તર કરેલું છે જે હજી એક ધોરી ગ્રંથ ગણાય છે.

મેજર જનરલ થ્રિગ્સે કહ્યું, "હિંદુસ્તાનમાં કપાસનો મોટો જથ્થો વપરાય છે અને આખા જગતને જોઇએ તેટલો રૂનો જથ્થો પૂરો પાડી શકે. હિંદનું રૂ ઈંગ્લંડમાં વધારે જથ્થામાં ન આવવાનાં કારણોમાં–ભૂ કર અને રસ્તાઓની અગવડ એ બે બતાવ્યાં. પહેલી બાબતમાં પૂછેલા સવાલના જવાબમાં તેણે કહ્યું કે "હિંદુસ્તાનમાં ભૂ કર તેમજ બીજા બધા અપરોક્ષ કરો આમદાની વેરાના ધોરણ ઉપર આકારવામાં આવ્યા છે. ઉપજનો એક ભાગ નાણામાં કે પેદાશમાં લેવાનો રાજ્યનો હક હમેશાં મનાતો આવ્યો છે. હિંદુ રાજ્યમાં આ ભાગ મૂળ દશમો ભાગ ઠરાવવામાં આવેલો હતો.

"૧૮૩૩ માં લૉર્ડ વિલ્યમ બેન્ટિન્કે શરૂ કરેલી ઉત્તર હિન્દુસ્તાનની જમાબન્દીમાં દેશની પ્રાચીન સંસ્થાઓ સાચવી રાખવામાં આવી છે અને જો તે કાયમ થશે તો સરકાર તેમજ રૈયતને ફાયદો છે. બીજી તરફ મદ્રાસની જમાબન્દી ૧૮૨૭ માં સર ટૉમસ મનટ્રોએ કમી કરી તે પછી પણ અતિશય ભારે છે. સરકાર હક ભારી પુરી બાપાતો નથી, આપી શકાય એમ પણ નથી અને કલેક્ટરનેજ કેટલું વસુલ કરવું તેની મુનસફી સોંપવામાં આવી છે; અને કલેક્ટરને મુનસફી સોંપી એટલે દેશમાં ચારે તરફ પથરાયલા તાબાના માણસોને મુનસફી સોંપ્યા બરાબર છે. નિયત કરેલી જમા કદી બાપાઇ નથી. વર્ષોવર્ષ માફીઓ આપવામાં આવે છે અને ખેડુતો નિર્ધન દશામાં આવી ગયા છે."

કર્નલ થ્રિગ્સે ભાગવટાઇની રીત દાખલ કરવાની મજબૂત હિમાયત

કરી અને તેણે એવો અભિપ્રાય આપ્યો કે આ પદ્ધતિ ઉપર રૈયતવારી રીત નભી શકશે. ઉપજની નીપજના પચાસ ટકા એ ચોખ્ખી ઉપજ જેટલું જ થવા જાય. જો દાણામાંજ લેવાય તોપણ, અને નાણામાં વસુલાત કરવામાં આવે ત્યાં ઘણી વખત આખી ઉપજ તેમાં તણાઇ જવા સંભવ ખરો.

મુંબાઇના એક રેવિન્યુ કમિશનર ટૉમસ વિલ્યમસને જુબાનીમાં જણાવ્યું કે " આખા જીલ્લાની આબાદી ઘણે ભાગે મુખ્ય અમલદારના અંગત ગુણો ઉપર આધાર રાખે છે. " પણ જીલ્લા કલેકટરો હમેશાં કાર્યદક્ષ કે વિવેકી હોતા નથી. હજી હમણાં સુધી ગુજરાત ઉપર અતિશય ભારે કર હતો. માફી આપવામાં પક્ષાપક્ષી થતી અને અનેક રીતની લાંચ રૂશ્વતો ને બળે રકમો નક્કી થતી. લોકો અત્યંત નિર્ધન અને દુઃખી છે. તેમનો માલ-ઢોર ઢાંખર-ઓછો થઇ ગયો છે અને કપાસની ઉપજ કમી થઇ છે. આ અતિશય કરભારનાં પરિણામ અને ચિન્હો છે.

જેર્જ ગિલ્બર્ન ગુજરાતનો કલેકટર હતો. ૧૮૨૬ માં તેણે આ દેશ છોડ્યો હતો અને ૧૮૪૦ માં પાછો જુડિશિયલ કમિશનર થઇને આવ્યો હતો. ચૌદ વર્ષના ગાળા પછી લોકની સ્થિતિમાં તેણે કાંઇજ સુધારો જોયો નહિ; અને તેને લાગ્યું એમ જણાયું કે પૈસાવાળા લોકો પડી ભાગ્યા છે. સામાન્ય રીતે બોલતાં જમાબન્દી બહુ ભારે છે. " જે જે જીલ્લાઓમાં હું કલેકટર થયો છું તે તે જીલ્લાઓમાં પોતાને માટે સંગ્રહ કરવાને કે મુડીવાળા થવાને માટે રૈયતના હાથમાં કંઇપણ રહેતું નથી. "

સ૦ તમે એવો કોઇ જીલ્લો જાણો છો કે જ્યાં કરનો ભાર અતિશય હોવાથી ખેતી કમી થઇ છે ?

જ૦ હું તે કહી શકતો નથી. પણ સુધરવાને બદલે તે ઉંડેરના ઉંડેર હોય એમ જણાય છે. રૈયતને નફો ન મળે તોપણ બીજું કંઇ કરવાનું સાધન નથી. પોતાના અને પોતાના કુટુમ્બના નિર્વાહને સારૂ તેમણે ખેતી કરવીજ

જોઇએ. પોતાની ભૂમિને તેઓ એટલા તો વળગેલા છે કે એક પાઈ પણ ન મળે તોપણ તે લોકો પોતાની જમીન ખેડી ખાય અને કર આપે. સુધારાનાં કાંઇ પણ મ્હોટાં ચિન્હો નજરે પડતાં નથી. ”

ફ્રાન્સિસ કાર્નાક બ્રાઉન–ઈંગ્રેજ માબાપને પેટ હિંદમાં જન્મેલો હતો. અને પોતાના પિતાની પેઠે તેને પણ હિન્દુસ્તાનના કપાસના ઉદ્યોગનો ઘ્હોળો અનુભવ હતો. તેણે એક ચરખો સિલેક્ટ કમિટી આગળ રજુ કર્યો, અને ખુલાસો કર્યો કે આ ચરખા ઉપર અને કારીગર લોક જે જે હથીયાર વાપરે છે તે બધા ઉપર એક જુલમી કર લેવામાં આવે છે. આ કરને લીધે હિન્દુસ્તાનમાં ઈન દાખલ થતાં અટકે છે.

ફ્રાન્સિસ બ્રાઉનનો હિંદુસ્તાનની કપાસ પકવવાની રીત માટે ઉંચો અભિપ્રાય હતો. અમેરિકન ખેડુતો એમના કરતાં વધારે જાણતા નથી એમ તેણે જુબાની આપી હતી અને પોતાના ટેકામાં મર્સર નામના એક અમેરિકન ખેડુતને આધાર આપ્યો. આ મર્સરને હિન્દના કપાસના વાવેતરમાં સુધારો કરવા માટે મોકલવામાં આવ્યો હતો. ૧૮૪૫–૪૬ માં મુંબઇ સરકારના જનરલ જાન્યુઆરી ૨૮ સ. ૧૮૪૭ ના સરકયુલર ઉપરથી જણાય છે કે મિ. મર્સરે એવો મત આપ્યો હતો કે પ્રયોગી બગીચાઓનું ખરચ નિરર્થક છે. હિન્દુસ્તાનના દેશીઓ હવા પાણીના અને જમીનના જ્ઞાનથી યુરોપિયનના કરતાં વધારે સારી અને સસ્તી રીતે કપાસની ખેતી કરવા શક્તિમાન છે. ”

જમાબન્દીના સંબંધમાં મિ. બ્રાઉનની જુબાની જોરદાર છે. મદ્રાસના ખેડુતને જમાબન્દી આપ્યા પછી, પોતાના ખોરાક સિવાય કાંઇ પણ નફો રહેતો નથી. મદ્રાસમાં કરોડો લોક ખેતી કરે છે પણ તેમની પાસે શરીર નિર્વાહનાં સાધનો સિવાય બીજું કાંઇજ નથી. કુદરતી જરૂરીયાતો પૂરી પાડવાને અને ખોરાક મેળવવાને માટે તેઓ ખેતી ઉપર દોડે છે અને જ્યાં પગ મૂકે ત્યાં સરકારની જમાબન્દી આપવાને પાત્ર થાય

છે અને જગાઅન્દી એટલી આકરી છે કે તે કદી પૂરેપૂરી તો વસુલ થઈ શકતીજ નથી. ઇસ્ટ ઇન્ડિયા કમ્પનીને રળી આપવાને માટેજ જેમ આ લોક જન્મ્યા હોય એવીજ એમની ત્યાં ગણત્રી છે એમ મને હમેશાં લાગ્યું છે. ઇન્ડિયા સરકારને માટે આવા પ્રતિકૂલ અભિપ્રાયો આપવાનો ખુલાસો પૂછતાં તેણે જવાબ દીધો કે ઇસ્ટ "ઇન્ડિયા કમ્પનીને જે યશ મળવો જોઇએ તેમાં જરાપણ બીજે સ્વર મેળવવા હું ઇચ્છતો નથી. પણ દેશ મોજુદ છે. હું એટલીજ વિનંતિ કરું છું કે ઇંગ્રેજની નજરથી ઇંગ્રેજની બુદ્ધિથી અને ઇંગ્રેજની પ્રામાણિકતાથી એના સહામું જુઓ, અને તે કસોટીથી ઇસ્ટ ઇન્ડિયા સરકારના રાજ્યની તુલના કરો...હું સત્ય કહું છું કે મલબારના લોકોને સસ્તાં અને સરકારની દેખરેખ નીચેના દેશના લોક તરીકે નિર્ધન થતા મેં જોયેલા છે...રાજ્યપદ્ધતિનું વલણ સામાન્ય રીતે લોકોને નિર્ધન અને હલકા બનાવવા તરફ છે."

અમેરિકા જ્યાં કપાસની ખેતી વધે છે અને હિન્દુસ્તાન જ્યાં તે ખેતી દિવસે દિવસે કમી થતી જાય છે એ બેની સરખામણી કરીને આ સાક્ષિએ કહ્યું કે:—

"અમેરિકામાં એક ડોલરની એક એકર એ ભાવથી જમીન વેચાય છે. એક માણસ અઘાટ રાખે છે અને પછી તેના ઉપર કાંઇપણ લેવામાં આવતું નથી. પણ હિન્દુસ્તાનમાં આનાથી કેવળ વિરૂદ્ધજ દશા છે. માલકી હક છેજ નહિ; અને તેથી ખેડુતને પોતાના નફા માટે શ્રમ કરવાનો અને નાણાં નાંખવાનો લોભ થતો નથી એટલે અમેરિકામાં જે ઉત્તેજન છે તે ઉત્તેજનનો હિન્દુસ્તાનમાં અભાવ છે.

હિન્દુસ્તાનના જંગલોનો વિનાશ અને તેથી કરીને વરસાદની તંગી એ બાબતમાં સરકારનું ધ્યાન પહેલવહેલું દોરનારમાં ફ્રાન્સિસ બ્રાઉન પણ એક છે. તે વખતે આ બાબતની સમજણ બહુજ થોડી હતી. સાક્ષિએ

બેરન હમબોલ્ટના ગ્રંથમાંથી નીચેનો ફકરો વાંચી સંભળાવ્યોઃ—પર્વતના શિખરો અને પડખા ઉપર જે ઝાડો હોય છે તે કાપી નાંખવાથી મનુષ્ય બે રીતનાં દુઃખ ભવિષ્યના જમાના ઉપર લાવે છે " બળતણની તંગી અને પાણીની ખોટ. "

હિન્દુસ્તાનના પ્રાચીન જલસંગ્રહોના સંબંધમાં ફ્રાન્સિસ બ્રાઉને કહ્યું કે ગજનીથી કેપ કોમોરિન સુધી દક્ષિણ હિન્દુસ્તાનમાં મોટાં તળાવોના અસાધારણ અવશેષો પડેલા છે. જે કલ્પનામાં પણ આવી શકે તેમ નથી. " ઇસ્ટ ઇન્ડિયા કમ્પનીએ આ કિમતી તળાવોને બરબાદ થતા દીધાં. માત્ર તંજાકરમાં કંઈક રહ્યાં છે અને જલસંગ્રહથી ઘણા ફાયદા થયા છે. નાઇલની ખીણની જે સ્થિતિ થઇ છે તેવી સ્થિતિ જલસંચયોથી હિંદુસ્તાનમાં પણ થઇ શકે એવો ફ્રાન્સિસ બ્રાઉને પોતાનો અભિપ્રાય બતાવ્યો.

ઇસ્ટ ઇન્ડિયા કમ્પનીએ ફ્રાન્સિસ બ્રાઉનને એક ઉમંગી માણસ તરીકે જોયો હશે પણ અર્ધા સૈકા પછી તેનો પુરાવો વાંચતાં એમ થયા વિના રહેતું નથી કે હિંદુસ્તાનમાં જન્મેલો અને હિંદુસ્તાનમાં ઉછરેલો આ સ્વચ્છ દૃષ્ટિવાળો અંગ્રેજ અહીંના રાજ્યતંત્રનાં કેટલાંક દૂષણો સમજી શકયો હતો જે રાજ્ય સૂત્રધારો જોઇ શકતા નહતા અથવા જોતા નહતા. તેઓ આવા સાક્ષિના પુરાવાને સ્હામે થયા વિના જવા દે એ પણ બની શકે તેમ નહતું. બ્રાઉનની જુબાની થઇ ગયા પછી મિ. રોસ મેન્ગલ્સ જે હિંદી સરકારનો રેવિન્યુ સેક્રેટરિ હતો અને જે અત્યારે પાર્લમેન્ટનો સભાસદ અને ઇસ્ટ ઇન્ડિયાની ધુરંધર સભામાં હતો તે જુબાની આપવા સારૂ પોતાની મેળે હાજર થયો. કમ્પનીના મ્હેસુલી રાજ્યવહીવટનો વધારે મજબુતીથી બચાવ કરી શકે તેવો બીજો કોઇ પુરૂષ તે વખતે ઇંગ્લંડમાં નહતો. તેનો પુરાવો વાંચતાં તેના નિશ્ચયની ઉગ્રતા અને વિચારની સરળતાનું ભાન થયા વિના રહેતું નથી છતાં રોસ મેન્ગલ્સે હિન્દુસ્તાનના ભૂમિકરના સિદ્ધાન્ત ભાગનોજ બચાવ કર્યો. પણ તેનો

વ્યવહારમાં કેવો દુરુપયોગ થાય છે તેનું જ્ઞાન તેના જેવું બીજા કોઇને નહતું. બંગાળાના કાયમને માટે નિયત થયેલી જમાબન્દીવાળા ભાગોમાં જમીનદારો જે કર આપતા તે પોતપોતાની જાગીરની ચોખ્ખી ઉપજના આડધ જેટલો હતો. કાયમની જમાબન્દી વિનાના ભાગો ઉપર ૭૫ ટકા જેટલો સરકાર હક હતો. મદ્રાસમાં રૈયતજ માલીક હતી પણ રૈયતવારી પદ્ધતિનું મોટામાં મોટું દૂષણ હમેશની દરમિયાનગીરી અને વર્ષોવર્ષ દર ઠરાવવા એ હતું. લાંચ રૂશ્વત અને જુલમના બહોળા પ્રસંગોને માટે એનાથી દરવાજા ઉઘાડા થતા. રોસ મેન્ગલ્સની જુબાનીને બીજે દિવસે તેને જોન બ્રાઇટ અને જોર્જ ટોમ્સન સાથે જે વાદવિવાદ થયો હતો જેનો કાંઇ ખ્યાલ નીચેના સવાલ જવાબથી મળશે.

સ. (ટોમ્સન) બ્રિટિશ અથવા બીજી કોઇ સરકાર હિન્દુસ્તાન ઉપર રાજ્ય કરે તે માટે જમીન ઉપર માલકી હક ધરાવે તે નીતિને અનુસરતું છે એમ તમે કહેવા તૈયાર છો ?

જ. (મેન્ગલ્સ) હું નથી ધારતો કે એ સવાલ મહેસુલ સાથે સંબંધ ધરાવતો હોય. મેં કદી પણ માની લીધું નથી કે દલીલ કરી નથી કે સરકાર હિન્દમાં જમીનની માલીક છે અને હું માનતો પણ નથી કે સરકાર જમીનની માલીક છે.

સ. (ટોમ્સન) આપણા દેશ ઉપર જમીનના સ્વાભાવિક ભાડાના ૭૫ ટકા જેટલી રકમ સરકાર હક તરીકે લેવાનું કરે તો પછી માલકીનો હકજ ધારણ કરે છે એમ નહિ ?

જ. (મેન્ગલ્સ) પરાપૂર્વથી ભાડાનો અમુક ભાગ જાહેર કામો માટે રાજ્યહક તરીકે લેવાય છે.

સ. (જોન બ્રાઇટ) કલેક્ટરની મારફત સરકાર મહેસુલ લેવાય છે ત્યારે એમ સમજો કે કોઇ જમીનના કકડાની ઉપજ ૧૦૦ પાઉંડ છે તો

સરકાર મ્હેસુલ તરીકે મુકરર કરવામાં કાંઇ પ્રમાણ નિયત કરેલું તમારા જાણવામાં છે?

જ. (રોસ મેન્ગલ્સ) ઉપજ ઉપર જમાબન્દીનું ધોરણ રાખવું એ કાલમાં થોડાં વર્ષથી બહુ જોખમભરેલું છે એ બાબત મેં કમિટિને સમજાવ્યું પાડી છે અને તેથી દરેક પ્રસંગમાં શું ભાડું છે (rent) તેનો નિર્ણય કરીને તેના ધોરણ ઉપર સરકાર મ્હેસુલ નક્કી કરવાના હુકમો અપાયા છે.

સ. (જોન શાઇટ) મ્હેસુલ વર્ષે વર્ષે નિયત થાય છે તો આવા પ્રસંગમાં આકાર વધવાથી ખેતીના સુધારાને ઉત્તેજન મળે છે કે સુધારો કરવામાં બેદુતને પાછા પાડવાનું બને છે તે તમે કહી શકશો ?

જ. સ્વાભાવિક અસર પાછા પાડવાનીજ થાય. નામદાર સરનશીન સાહેબ વાર્ષિક આકારણીની જેટલા રહામે છે તેટલોજ હું પણ રહામે છું.

૧૮૪૮ માં જે ધોરણો મુકરર થયાં હતાં તેના ઉપર આ ફકરાઓથી પ્રકાશ પડે છે માટે આ અગત્યના છે. તે ધોરણો આ:—

(૧) સરકાર જમીનની માલીક હોવાનો દાવો રાખતી નથી. જમીનદાર અને રૈયતને માલીક તરીકે સ્વીકારેલા છે.

(૨) આર્થિક ભાડાના અમુક અંશ ઉપર સરકાર હક તરીકે સરકાર દાવો રાખે છે.

(૩) આ અંશ નિયત કરેલો નથી. કાયમની જમાબન્દીના દેશોમાં તે ૫૦ ટકા જેટલો છે અને જ્યાં કાયમની જમા નથી ત્યાં ૭૫ ટકા સુધી છે એમ જણાઇ આવે છે.

બાકીને માટે રોસ મેન્ગલ્સ જોન રટ્ચર્ટ મિલના અભિપ્રાયને મળતા હતા એટલે મ્હેસુલ, ભાડાનો અમુક ભાગ હોવાથી જમીન ઉપર થતા માલને

પકડવાના ખરચમાં તેનો સમાવેશ થતો નથી અને તેથી કપાસની ખેતી ઉપર તેની કાંઇ પણ અસર થવા સંભવ નથી.

જોન સુલિવન જે મદ્રાસ સરકારનો એક સભાસદ હતો અને સભાનો અધ્યક્ષ હતો તેણે પણ હિન્દુસ્તાનની મહેસુલ પદ્ધતિનો બચાવ કર્યો પણ તેણે હિન્દુસ્તાનના આર્થિક અપવાહની સામે ફરિયાદ કરી. તેણે કહ્યું કે:—

હમણાંની નાણાં સંબંધની રીતના સંબંધમાં લોકોને જે ફરિયાદ કરવી પડે છે તેના સંબંધમાં હું નથી ધારતો કે રકમને માટે તેમને ફરિયાદ કરવાનું કારણ હોય. હું ધારું છું કે એ રકમનો જે ઉપયોગ થાય છે તેના સંબંધમાં ફરિયાદ કરવાનું તેમને કારણ છે. તેમના પોતાના લોકો જ્યારે રાજ્ય કરતા હતા ત્યારે તે તમામ રકમ તેમના દેશમાંજ ખર્ચાતી હતી પણ આપણા રાજ્ય અમલમાં મહેસુલનો મોટો ભાગ વર્ષોવર્ષ ઘસડાઇ જાય છે અને તેને માટે કાંઇ પણ બદલો મળતો નથી. આ અપવાહ આજ કાલ કરતાં સાઠ સિત્તર વર્ષથી ચાલે છે અને ઘટતો નથી પણ વધે છે. આપણી રીત એક વાદળીનું કામ કરે છે એટલે ગંગાના કીનારા ઉપરની સારી ચીજો તે શોષી લે છે, અને ટેમ્સના કીનારા ઉપર તે નીચોવાય છે. લોકોને જે કર આપવાના છે તે કર મુકરર કરવાની બાબતમાં તેમજ જે કાયદા તેમને માનવા પડે છે તે બનાવવામાં તેમનો કંઇ પણ અવાજ નથી; પોતાના દેશના રાજ્યતંત્રમાં તેમને કંઇ પણ સાચો ભાગ નથી અને તેઓનામાં આવાં કાર્યો બજાવવાને જોઇતી માનસિક અને નૈતિક ગુણોનો અભાવ છે એવા અપમાનભર્યા કારણથી એમને આવા હકકોમાંથી બાતલ કરવામાં આવે છે."

આ અને આવા બીજા પુરાવા ઉપર જોન બ્રાઇટની કમિટીએ ૧૮૪૮ ના જુલાઇની ૧૭ મી તારીખે રિપોર્ટ કર્યો.

તેમણે જણાવ્યું કે સાઠ વર્ષ સુધી, ૧૭૮૮ ની સાલથી હિન્દુસ્તાનમાં કપાસના સુધારા વધારા માટે અનેક પ્રકારના પ્રયત્નો કોર્ટ ઑફ ડિરેક્ટરોએ

કર્યા છે. તેમણે અમેરીકાનાં જીન મોકલ્યાં, અમેરિકાના ખેડુતોને મોકલ્યા અને પ્રયોગી ખેતરો પણ રચ્યાં છે અને ડાયરેકટરો હજી એમ માને છે કે હિન્દુસ્તાનમાં કપાસની ખેતીના સુધારા વધારાની સ્હામે જે અડચણો છે તે હજી દૂર કરી શકાય તેવી છે.

જે પ્રયોગો કરવામાં આવ્યા છે તેના પરિણામોથી સિલેકટ કમિટીને ખાત્રી થઇ છે કે સુધરેલી તરેહનું જોઇએ તેટલું રૂ પૂરું પાડવાને હિન્દુસ્તાન સમર્થ છે પણ જે રસ્તાઓ અત્યાર સુધી સ્વીકારવામાં આવ્યા છે તેનાથી તેમ થશે એમ કમિટી માનતી નથી. લાંબા તાંતણાનું અમેરિકન રૂ હિન્દુસ્તાનના કારખાનાવાળાઓને હિન્દુસ્તાનના રૂ જેટલું પોતાના ઉપયોગ માટે લાયક જણાયું નહિ અને દૂરની અને પરદેશી બજારને માટે માલ પેદા કરવાને તેનો ખપ અચોકસ હોવાથી પૂરતી લાલચ નથી.

હિન્દુસ્તાનના ખેડુત વર્ગની કંગાલ સ્થિતિ ઉપર સિલેકટ કમિટીએ લક્ષ આપ્યું છે. મદ્રાસ અને મુંબાઇના ખેડુતોનો મોટો ભાગ લગભગ કેવળ મુડી અથવા જેનાથી ઉદ્યોગનો સુધારો વધારો થાય તેવા સાધનો જે મુડીથીજ મળી શકે છે તેના વિનાનો છે. ખરેખર તે ખેડુતો બહુ કંગાલ દશામાં છે.

સરકારી મહેસુલની રીત ખેડુતની આ સ્થિતિ માટે કેટલે અંશે જવાબદાર છે તે બાબત મતભેદ હતો. એક તરફથી એમ કહેવામાં આવતું હતું કે જ્યાં સુધી ભાડાના અમુક અંશ ઉપરજ સરકારનો હક છે ત્યાં સુધી ખેડુતના ઉપર તેની માઠી અસર થવાને કારણ નથી. બીજી તરફથી એવો પુરાવો આપવામાં આવ્યો હતો કે માત્ર અમલદારના તાબાના જીલ્લાઓમાં રાજપવહીવટ બહુ ખરાબ ચાલતો હતો; કહાપણ વિનાનો અત્યુત્સાહ અકુશળતા અને ગંભીર ભૂલોથી આખા જીલ્લાના જીલ્લાની આબાદી ઉપર માઠી અસર થઇ હતી અને આખી પદ્ધતિજ ખેડુત લોકમાં સુધારાની ઇચ્છાને નાશ કરનારી નહીં તો શાન્ત કરનારી તો છેજ.

સરકાર હકમાં મધ્યમપણું; અને રકમ અને રૈયત હકના સંબંધમાં નિયતતા એ બે ઘોરણોની ભલામણ કરી હતી.

છેવટે સિલેકટ કમિટીએ હિન્દુસ્તાનમાં રસ્તાની ખામી ઉપર ટીકા કરી હતી અને અંદરના વ્યવહારની સરળતા વધારવા કંઈ કરવામાં આવ્યું નહતું એ બાબતના પડેલા પુરાવા ઉપર ધ્યાન ખેંચ્યું હતું. કેટલાક સાક્ષિઓએ બંદરોની સાથે દેશના અંદરના ભાગ જે રેલવેથી જોડવાની ભલામણો કરી હતી તે ઉપર પણ કમિટીએ ધ્યાન દોર્યું હતું.

ચહા, મીઠું, અફીણ.

જેન ઘાસ્ટનો રિપોર્ટ ૧૮૪૮ માં રજુ થયો. પાંચ વર્ષ પછી ઇસ્ટ ઇન્ડિયા કમ્પનીનો પટો તાજો કરવાનો પ્રસંગ આવ્યો અને હમેશના રીવાજ પ્રમાણે ૧૮૫૨–૫૩ માં બન્ને સભાઓની સિલેકટ કમિટીએ કમ્પનીના રાજ્યકારભાર ઉપર સવિસ્તર તપાસ કરી. આ તપાસ દરમિયાન ચહા મીઠું અને અફીણના સંબંધમાં કેટલીક અગત્યની માહીતી બહાર આવી હતી.

ચહા.

ચહા બાબતમાં સહરાનપુરની વનસ્પતિવાડીવાળા ડૉ. રોયલની જુબાની સહુથી અગત્યની છે. તેણે ૧૮૨૭ અને ૧૮૩૪ માં ચહાનાં વાવેતર કરાવવાની ઇન્ડિયા સરકારને ભલામણ કરી હતી. ઇન્ડિયા સરકારે ૧૮૩૫ માં તે કામ પહેલવહેલું હાથમાં લીધું અને ૧૮૪૨ માં પહેલવહેલો ચાનો પાક તૈયાર થયો. ૧૮૫૩ માં સાક્ષિની જુબાની થઇ ત્યારે હિમાલયની બીજોમાં અને આસામમાં ચહાનું વાવેતર ઘણું ચાલતું હતું.

કમાઉન પરગણામાં હજી દશ હજાર રતલથી વધારે ચહાનો પાક ઉતર્યો ન હતો પણ વાવેતર વધ્યે જતું હતું. સિક્કિમથી નેપાળ સેંસરા અને કમાઉનથી કાંગરાની બીજુ અને છેક કાશ્મીર સુધીની જમીન ચહાના

બાવેતરને માટે લાયક હતી. ડૉ૦ જેમીસન જેને ઇસ્ટ ઇન્ડિયા કમ્પનીએ આ કામને માટે નોકર રાખ્યો હતો. તેણે બતાવ્યું હતું કે કાંગરાની બીજી જેવો બહાર ચહાના રોપને બીજે ઠેકાણે આવવા સંભવ નથી; હિન્દુસ્તાનની વસ્તીમાં ચહા સામાન્ય ઉપયોગની ચીજ નથી.

મીઠું.

મીઠું અને અફીણનો અનન્યાધિકાર એ કમ્પનીની હિંદુસ્તાનની ઉપજનું મોટું સાધન હતું. બંગાલામાં કમ્પનીનાં માણસો મીઠું તૈયાર કરતાં અને ૮૨ રતલના મણ ઉપર ૫ શી. ની જકાત ખરચ ઉપર વધારીને વેચવામાં આવતું. પંજાબની ખાણોમાંથી જે મીઠું મળતું તેના ઉપર ૪ શી. ની જકાત નાંખવામાં આવી હતી અને દેશી રાજ્યોમાં પાકેલા મીઠા ઉપર બ્રિટિશ હદમાં આવતાં ૪ થી ૫ શી. ની જકાત લેવામાં આવતી.

મદ્રાસમાં સૂર્યના કિરણથી દરિયા કાંઠે મીઠું પાકતું અને તે બંગાળાના મીઠા કરતાં સસ્તુ હતું અને મણના ૨ શીલીંગના ભાવે વેચતાં પણ કમ્પનીને પુષ્કળ નફો રહેતો. મુંબાઇમાં અગરમાંથી મીઠું બહાર કાઢતી વેળાજ સરકાર મણ ઉપર ૧ શી. ૬ પેન્સની જકાત લેતી. ઇંગ્લંડ અથવા બીજા દેશોમાંથી જે મીઠું આવતું તેના ઉપર ૫ થી ૬ શી. ની જકાત હતી કે જેથી વેપારીઓ અહીંના મીઠા કરતાં હલકી કિમ્મતે પરદેશી મીઠું વેચી શકે નહિ.

૧૭૯૩ માં મીઠાની ચોખ્ખી ઉપજ આઠ લાખ પાઉંડ હતી. ૧૮૪૪ માં તેર લાખ પાઉંડ સુધી પહોંચી હતી. આ બાવન વર્ષ દરમિયાન લગભગ વીસ કરોડ મણ મીઠું કમ્પનીએ પકવ્યું હતું અને તેમાંથી કુલ ઉપજ છ કરોડ પાઉંડ જેટલી થઇ હતી, એવો અંદાજ થાય છે.

ઉપર કહેવાયું છે તેમ દેશી અને પરદેશી મીઠા વચ્ચે સરખું તાજવું રાખવાને કમ્પનીએ પ્રથમથી યત્ન કર્યો હતો. ૧૮૩૬ માં સિલેક્ટ કમિટીના

એક ઠરાવથી દીવાને આમેજ આ નીતિ સ્વીકારવાનો ઠરાવ કર્યો હતો અને આ ઠરાવને અનુસરવું એ કંપનીનો હેતુ હતો. પણ આ ધોરણને અમલમાં મૂકવામાં કમ્પની બહુ અગાડી ચાલી ગઇ અને બ્રિટિશ વેપારીને અણધટતો લાભ આપ્યો, કારણકે ઉપજ લેવાના અને તેનું રક્ષણ કરવાના ખરચને તેમણે માલની પેદાશના ખર્ચમાં ગણ્યું અને તેથી બંગાળાના મીઠાની કિમત મન્દરમાં ભારે થઇ પડી. બ્રિટિશ વેપારીને આ ભૂલનો પૂર્ણ લાભ મળ્યો, અને બ્રિટિશ મીઠાનું વેચાણ કુદકે વધવા માંડયું; નીચેના આંકડા ઉપરથી આ જણાઇ આવશે.

કલકત્તામાં ઉતરેલું બ્રિટિશ મીઠું (મણમાં)

૧૮૪૫ -૪૬	૪૬-૪૭	૪૭-૪૮	૪૮-૪૯	૪૯-૫૦	૫૦-૫૧	૫૧-૫૨
૫૦૨૬૧૬	૩૫૨૮૩૫	૭૫૨૯૯૮	૪૫૯૮૦૩	૬૯૪૪૪૭	૧,૧૦૨૬૯૮	૧,૮૫૦૭૬૨

હિન્દુસ્તાન મોકલેલું બ્રિટીશ મીઠું ટનમાં

૧૮૪૭.....૨૫૭૫૪	૧૮૪૮.....૧૫,૫૦૭
૧૮૪૯.....૨૭૬૪૦	૧૮૫૦.....૩૬,૩૪૧

૧૮૫૧.....૬૧૭૬૧

બ્રિટિશ મીઠાની આગદાનીમાં જે ભારે વધારો થયો તેથી બંગાળાની મ્હેસુલના અધિકારીઓને ચિંતા થવા માંડી. અને તેમણે 'ખરચ' માં બીજી બાબતો ઉમેરીને બંગાળાના મીઠાનો ભાવ વધારવાની રીત રહામે એક લંબાણથી પત્ર લખ્યો. લૅાર્ડ ડેલ્હાઉઝીએ પણ આ બાબતમાં એક મિનિટ લખી છે જેમાં નીચેની બાબતો પ્રતિપાદન કરી છે.

૧. આ રીતથી બ્રિટિશ મીઠાના વેપારીને કંઇ ગેરઇન્સાફ નથી પણ દેશી મીઠાના પકવવાવાળાઓને ગેરઇન્સાફ થાય છે.

૨. આથી બ્રિટિશ મીઠું હરીફાઈમાં દેશી મીઠાને હઠાવી દે છે એટલે બજારમાંથી દેશી મીઠું જતું જ રહેવા પામ્યું છે.

૩. ભૂલ કબુલ કરવામાં સરકારને શરમાવાનું કંઇ કારણ નથી પણ ગેરઇન્સાફ થતો અટકાવવામાં પ્રમાદ કરવો એથી શરમાવાનું કારણ છે.

૪. એમ બને કે પરદેશી મીઠામાં કેટલાક એવા ગુણો છે કે જે ગુણોને લીધે દેશી મીઠાની કિમ્મતમાં ગણત્રી પ્રમાણે ફેરફાર થાય તોપણ પરદેશી મીઠાનું વેચાણ આગળ આવે. જો આમ થાય તો સરકારને એ બાબતમાં એ સ્થિતિ ધ્યાનમાં રાખીને ફરી વિચાર કરવો પડશે. પણ અત્યારે તો સરકારનું કર્ત્તવ્ય સ્પષ્ટ છે.

આવો મોટો ફેરફાર કરતાં પહેલાં બોર્ડ ઓફ ડાયરેક્ટરની મંજુરી માગવાની જરૂરીયાત એમને જણાઇ અને તે પ્રમાણે મંજુરી માટે સત્વર જવાબ લખવા વિનંતી કરી.

જ્યારે હિન્દુસ્તાનની સરકાર આ પ્રમાણે મીઠાના ભાવમાં ફેરફાર કરવાના વિચારો કરતી હતી ત્યારે બ્રિટિશ વેપારીઓ આળસુ થઇને બેસી રહ્યા ન હતા. બ્રિટિશ વેપારીઓએ પોતાનો ઉંચો માલ હિન્દના લોકોને પહોંચાડવાની ઉત્સુકતા ધારણ કરી અને પોતાના માલ ઉપરથી જકાત તદ્દન કઢાડી નાંખવા પાર્લામેન્ટને અરજ કરી. અને તેમણે બતાવ્યું કે જો જકાત તદ્દન કાઢી નાંખવામાં આવશે તો હિન્દુસ્તાનનો મેલો માલ બજારમાંથી જતો રહેશે અને બ્રિટનનો શુદ્ધ માલ હિન્દુસ્તાનના લોકોમાં ખપશે. મેન્ચેસ્ટરના વેપારીઓ કારખાનાંવાળાઓ અને દુકાનદારોનો એવો અભિપ્રાય છે કે "હિન્દુસ્તાનની રૈયતને માટે ઉંચા પ્રકારનું મીઠું સતત વાજબી ઠરે પૂરું પાડવું જરૂરનું છે. એક ટન ઉપર ૭ પાઉંડની જકાત એ તે વસ્તુની

કિંમત ઉપર ૨૦૦૦ ટકા જેટલી જકાત છે અને તેથી હિન્દુસ્તાનની રૈયત ઉપર મોટો જુલમ છે એથી એવી વિનંતિ કરવામાં આવે છે કે આ જકાત રદ કરવી અથવા નાગની જકાતે બ્રિટિશ ઘીહું હિન્દુસ્તાનમાં દાખલ કરવું. નોર્વિચના લોકોએ અરજીમાં એવું બતાવ્યું હતું કે ચેશીયરના પ્રદેશોમાં ૭૭ લાખ ટન ઘીહું બાર મહીને પેદા થાય છે અને ૫૦૦૦ આંગ્રેજોને તેનાથી રોજી મળે છે. જો બ્રિટિશ ઘીહું બીજા માલના જેટલીજ જકાતથી હિન્દુસ્તાનમાં દાખલ કરવામાં આવે તો ચેશીયરમાંથી શુદ્ધ અને સસ્તું ઘીહું નિયત રીતે અને જોઇએ તેટલું મોકલી શકાય.

ડ્રીટવિચના લોકોએ એવી અરજ કરી કે ઇસ્ટ ઇન્ડિયા કમ્પની ઘીહું પકવે છે તેમાં વિલ્યમ ૪ ના ૮૫ ના પ્રકરણના ત્રીજા અને ચોથા કાયદાનો ભંગ કરે છે. કારણકે તે કાયદામાં કમ્પનીને દરેક પ્રકારનું વેપારનું કામ કરવાની મના કરવામાં આવેલી છે. ૭ પાઉંડની જકાત નાંખવામાં આવી છે તેથી બ્રિટિશ ઘીહું માત્ર ૫૦૦૦૦ ટનજ વરસે દહાડે જાય છે અને બાકી આઠ લાખ ટનનો હોવો જોઇએ. ઇસ્ટ ઇન્ડિયા કમ્પનીની ફરજ છે કે પોતાની હિંદુસ્તાનની ઉપજ **એમણે બ્રિટિશ વેપારીને જે બજારમાં દાખલ થવાનો સ્વાભાવિક અને સર્વોપરી હક છે તે બજારમાંથી તેને બાતલ કર્યા વિના લેવી જોઇએ.**

વીચના લોકોની ફરિયાદ બ્રિટિશ ઘીહાને હિન્દુસ્તાનના બજારોમાંથી બાતલ કરવા રહામે હતી. લાંકેશ્ટરના લોકની ફરિયાદ ઠીક વીચની ફરિયાદની પેઠે બ્રિટિશ વેપારીઓના હકને અને કમ્પનીની નાફરમાનીને આગળ ધરતી હતી. સેન્ટ હેલન્સના લોકની ફરિયાદ હિન્દુસ્તાનના લોકોને શુદ્ધ ઘીહું પૂરું પાડવાની તક મેળવવા માટે હતી અને વિન્સફર્ડના લોકની ફરિયાદ નોર્વિચની આરજનાજ શબ્દોમાં હતી. વુસ્ટરના વેપારીઓની સભાએ વુસ્ટરના અખુટ ઝરાઓમાંથી ઘીહાનો પાક પૂરો પાડવાની તક બ્રિટિશ માણ ઉપર મોટી જકાત નાંખવાથી સંકુચિત થવાની ફરિયાદ કરી અને જણાવ્યું કે "સુપરેસો દયાવાણી

રાજ્ય નીતિ તો ઉપજને માટે કંઇક જકાત નાંખીને છૂટથી મીઠાની આમદાનીને ઉત્તેજન આપે અને અત્યારની નીતિ પ્રમાણે તો પોતાના અનન્યાધિકારના રક્ષણ માટે કાયદાનો ભંગ કરીને હિન્દુસ્તાનની સરકારે આવી જકાત નાંખેલી છે. બરટોલના ચેમ્બર ઑફ કોમર્સે મીઠાની જકાતથી હિન્દુસ્તાનના લોકોને થતી હાડમારી ઉપર ધ્યાન ખેચ્યું હતું." "અહીંયા અગાડી એક ટનની ૩૦ શીલીંગ કિમ્મત પડે છે અને હિન્દુસ્તાનમાં ૨૧ પાઉંડ: અને જો અહીંયા આગળ ની મીઠાની જકાત થોડે વર્ષે કહાડી નાંખવાની જરૂર જણાય તો બ્રિટિશ હિન્દુસ્તાનના લોકોનો હક વધારે સબળો છે કારણ કે તે કેવળ નિર્ધન છે, અને મીઠું તેમના જીવનના નિર્વાહને માટે અને ત્યાંના જેવી હવામાં રોગથી રક્ષણ કરવાને માટે બહુ જરૂરનું છે." લિવરપુલના વેપારી દુકાનદારો વ્હાણવાળાઓએ એ અરજી કરેલી તેમાં લખેલું છે કે "આ દેશના લોક તરફ જેવી કાળજી રાખવાની સરકારની ફરજ છે તેવી કાળજી હિન્દુસ્તાનના લોક તરફ રાખવાની પણ સરકારની ફરજ છે અને અમારો મત એવો છે કે બ્રિટિશ હિન્દમાં મીઠા ઉપરની જકાત કાઢી નાંખવામાં આવે તો ઇન્સાફ અને દયાની રૂએ લોકોને જે મોટો લાભ મળવાનો હક છે તે લાભ તેમને મળે એટલુંજ નહિ પણ આ દેશના વ્યાપારી હિતને પણ બહુ બળ મળે કારણ કે તેથી સુતરાઉ અને આ દેશના બીજા માલની ખપત વધારે થઈ શકે."

ઉપરના ફકરાઓથી જણાશે કે ઇંગ્લંડના વેપારીઓએ આ વ્યવસ્થિત દીક્ષત્યાલમાં મુખ્યત્વે કરીને અને પ્રથમ દરજ્જે પોતાના સ્વાર્થ માટેજ બાવડો મોટો ભાગ લીધો હતો પણ આ બાબતમાં એમનો અને હિન્દુસ્તાનના કર ભરનારાઓનો સ્વાર્થ એકજ હતો એમ તે પ્રમાણિકપણે માનતા હતા. આ અરજ જો સાંભળાઇ હત અને દેશી તેમજ પરદેશી મીઠા ઉપરની જકાત કાઢી નાંખી હત તો હિન્દુસ્તાનને બહુ સુખ થાત અને ઘણે ભારે પરિણામ બ્રિટિશ વેપારીઓએ ધાર્યું હતું તેના કરતાં જુદુંજ આવત.

મીઠાના કરની શી અસર થાય છે તે બાબતમાં મદ્રાસના નેટિવ એસો-

સિએશનની ટી. રામસ્વામી અને બીજાઓની સહીની અરજી હાઉસ ઓફ કોમન્સ ઉપર મોકલી હતી એમાં મીઠાના કરનો ઇતિહાસ આ પ્રમાણે આપ્યો હતો.

૧૮૦૬ માં સરકારે નીમકના વહીવટ માટે એક ખાતું સ્થાપ્યું જેનું પહેલું પરિણામ એ આવ્યું કે મીઠાના ભાવ એકદમ બમણા થઇ ગયા. તે વખતે ૭૦ રૂપિયાનું (એક ગાર્સ) મીઠું મળવા માંડયું. પછી ૧૮૦૯ માં આ ભાવથી જે એક (ગાર્સ) ૧ નો ૧૦॥ પાઉંડનો ભાવ થયો એટલે સરકારના અનન્યાધિકાર પહેલાં જે ભાવ હતો તેના કરતાં ત્રણ ગણો પણ ભાવ વધવાથી બપ ઓછો થયો એટલે ફરીથી ૧૮૨૦ માં ૭૦ રૂ. નો ભાવ ઠરાવ્યો. પણ વળી પાછો આઠ વર્ષ પછી ભાવ પાછો ૧૦॥ પાઉંડ (રૂ. ૧૦૫) થયો. તે વળી ૧૮૪૪ માં રૂ. ૧૮૦ (૧૮ પાઉંડ) સુધી વધારવામાં આવ્યો; પણ તેજ વર્ષમાં વળી પાછો રૂ. ૬૨૦ નો ભાવ થયો અને તે પછી હજી સુધી તે ભાવ કાયમ છે, પણ આ ભાવ જથાબન્ધ માલનો લેવાથી પરચુરણ વેપારી આથી ઉંચે ભાવે વેચે છે એટલે તેનો નફો પણ લોકને આપવાનો. " પરિણામ એ આવે છે કે કાં તો લોક મીઠા વગર ચલાવે છે અથવા તેને બદલે હલકા પ્રકારના-માલનો ઉપયોગ કરે છે. સાધારણ ખારાશવાળી સામાન્ય માટીમાંથી સજી થવાને જોગમે પણ મીઠું પકવે છે કારણકે અનન્યાધિકાર સિવાયનું બીજું મીઠું લેનાર ગુન્હેગાર થાય છે અને કલેકટર અથવા તેના તહાસીલદાર એવું મીઠું લેનારનો દંડ અથવા બીજી શારીરિક શિક્ષા કરી શકે છે.

કલકત્તાના બ્રિટિશ ઇન્ડિયન એસોસિયેશન તરફથી રાજા રાધાકાન્ત દેવ બહાદુર અને બીજાની સહીથી એવીજ મતલબની અરજી મોકલાવી હતી અને ૧૦૦ મણ ઉપર ૨૦ પાઉંડ–૨૦૦ રૂપિયાની નિયત જકાત નાંખવાની એક તાત્કાલિક પગલા તરીકે ભલામણ કરતાં આખરે તો આવા પદાર્થ ઉપર સમુળગી જકાત કાઢી નાંખવાની હીમાયત કરી હતી.

તેજ પ્રમાણે મુંબાઇના ખેડુતોએ પણ મીઠા ઉપરના જુલમી કરની રહામે અરજ કરી હતી અને રૂરતમજી વીકાજી જેની સિલેક્ટ કમિટીએ જુબાની લીધી હતી, તેણે આ અરજમાંથી ફકરા સંભળાવ્યા હતા. ખેડુતોએ તેમાં એવું બતાવ્યું હતું કે " અમારાં ખેતરોની પેદાશમાંથી અમારા બાર મહિના નીકળે છે, પણ ચાર મહિના સુધી અમારે શાકભાજી ઉપર નિર્વાહ કરવો તે વખતે તેમાં અમે મીઠું મરચું ભેળવીએ છીએ. જો મીઠું છૂટથી ગળતું હોય તોપણ મીઠા ઉપર કર હોવાથી આટલો નજીવો સ્વાદ પણ અમારે ખોવો પડે છે."

આવોજ મજબુત પુરાવો ઘણા પ્રસિદ્ધ અને અનુભવી અમલદારોએ પણ આપ્યો હતો. આમાં રોબર્ટ, બર્ડ અને ફ્રેડ્રિક હેલિડેનાં નામો ખાસ કરીને નોંધવા લાયક છે. બર્ડે એ કર ખરચ કરતાં ૩૦૦ ગણવા રૂપ૦ ટકા જેટલો છે તે ઉપર ધ્યાન ખેંચીને સરહદની પેલી બાજુથી આવતી સ્ત્રીઓની પાલખીઓ મીઠાને માટે તપાસવામાં આવે છે, તેના ઉપર ધ્યાન ખેચ્યું હતું. હેલિડેએ સરકારી નોકરોના હાથમાં કરકસરની આખી અને લુચ્ચાઇના પ્રસંગોને લીધે મીઠાના ખરચમાં વધારો થાય છે એમ બતાવતાં બાનગી વેપારીઓના હાથમાં મીઠું પકવવાનું હોય તો સરકારી મીઠા કરતાં હલકે ભાવે તેઓ વેચી શકે અને તેમ થાય તો એટલે સરકાર પોતાનો અનન્યાધિકાર ખેંચી લે તો બંગાળામાં પરદેશનું મીઠું જરાપણ આવવા સંભવ નથી એમ બતાવી આપ્યું હતું.

અત્રે ઉમેરવાની જરૂર નથી કે મીઠાના કર વિરૂદ્ધની તમામ અરજીઓ અને તમામ ચળવળ નિષ્ફળ ગઈ.

સરકારે મીઠાની ઉપજ છોડી દીધી નહિ.

અફીણ.

આ સિવાય જે બીજી વસ્તુ ઉપર કમ્પનીનો અનન્યાધિકાર હતો

તે અફીણ હતું. આ ચીજ ઉપર કર ઉપજ લેવાની રીત એફ. ડબ્લ્યુ. પ્રીડોએ બતાવી હતી, જે ઇન્ડિયા ઑફિસના પત્રવ્યવહારના મદદનીશ પરીક્ષક હતા.

બંગાળામાં અફીણનો રસ સરકારને વેચવાના કારણ સિવાય બીજા કોઇપણ કારણ માટે અફીણનો પાક બંધ કર્યો હતો. જે ખેડુતને અફીણ પકવવું હોય તેને અમુક ભાવે રસ સરકારને વેચવાની સરતે મંજુરી મળતી. તે રસ પછી પટણા અને બનારસનાં કારખાનાંમાં મોકલવામાં આવતો. ત્યાં તેનું અફીણ બનાવવામાં આવતું અને ત્યાંથી તે કલકત્તે મોકલાતું. ત્યાં હરાજીથી એ વેચાય અને સરકારને ખરચ થાય તે અને વેપારીઓ જે ભાવે લે તે બેમાં જે તફાવત રહે તે સરકારની ઉપજ લેખાય. વેપારીઓ અફીણ ચીન મોકલતા.

મુંબાઇમાં વાવેતર પણ ન હતું અને અફીણ તૈયાર પણ થતું નહિ. કમ્પનીની અફીણની ઉપજ માળવાના અફીણમાંથીજ થતી હતી. માળવાના વેપારીઓ ચીન મોકલવા માટે મુંબઇ બંદર માલ ચઢાવતા અને બ્રિટિશ સરકાર ૧૨૩ રતલની પેટી ઉપર ૪૦ પાઉંડની જકાત વસુલ કરતી. ૧૮૪૩ પહેલાં માળવાનું અફીણ સિંધને રસ્તે બ્રિટિશ હદમાંથી બહાર જતું પણ સિંધ સર કર્યા પછી બ્રિટિશ હદ સિવાય બીજો રસ્તો રહ્યોજ નહિ, એટલે બ્રિટિશ હદમાં આવ્યે જે જકાત અફીણની પેટી ઉપર લેવામાં આવતી તે સરકારની અફીણની ઉપજ હતી. સિંધને સર કરવામાં સરકારને આમ નાણાનો પણ ફાયદો થયો. મદ્રાસમાં કંઇ અફીણ ઉપજતું જ નહિ.

અફીણની ઉપજ એ હિન્દુસ્તાનના લોક ઉપર કર કહેવાય કે નહિ ? ચીનની સાથે અફીણના સંબંધમાં જે લડાઇ થઇ હતી તે વાજબી હતી કે નહિ? અને અફીણનો અનન્યાધિકાર હજી સુધી સરકારે રાખવો જોઇએ કે નહિ? એ બાબતો ઉપર ઇંગ્લંડમાં પુષ્કળ વાદવિવાદ ચાલે છે. આ પુસ્તકનો હેતુ

વાંચનાર આગળ હકીકત મૂકવાનો છે અને વાંચનાર પોતાની મેળેજ અભિપ્રાય બાંધી લેશે. કોઇ પણ વિદ્વાન અર્થવેત્તા ના નહિ કહી શકે કે અફીણ જેવી કિંમતી ચીજને માટે સરકાર અનન્યાધિકાર રાખીને લોકને તેને માટે ખેતી કરતાં, તે માલ તૈયાર કરતાં અને તેનો વેપાર કરતાં અટકાવે, એ લોક ઉપર ખરેખરા અર્થમાં 'કેર' કહેવાયજ. કોઈ પણ અપક્ષપાત ઇતિહાસકારે હજી હિન્દુસ્તાનનું અફીણ ચીનની મરજી વિરૂદ્ધ ચીનનાં બંદરોમાં દાખલ કરવા માટે લોર્ડ પામર્સ્ટને કરેલી લડાઇનો બચાવ કર્યો નથી અને કોઇ ડાહ્યો રાજપુરૂષ જો આ અનન્યાધિકારની જરૂર દૂર થાય તો તેવો અધિકાર સરકારના હાથમાં કાયમ રાખવાની ઇચ્છા રાખતો નથી.

તેનીજ સાથે અફીણ ખોરાકની સાધારણ ચીજ ન હોવાથી એમાં સરકારનો અનન્યાધિકાર મીઠાના જેટલો લોકોને નુકસાનકર્તા નથી તેથી લોકોને તે સંબંધી તેટલો વાંધો પણ નથી; પણ તેઓ એમ માને છે કે સરકારના હાથમાંથી અનન્યાધિકાર જવો જોઇએ અને જેમ બીજા માદક પદાર્થો ઉપર સરકાર આકરા કર નાંખે છે તેમ આના ઉપર પણ આકરો કર નાંખીને સરકાર પોતાની વાજબી ઉપજ વસુલ કરે. બ્રિટિશ ઇન્ડિયન એસોશિએશને આ બાબત એક અરજી કરી ઉપર મુજબ સૂચના કરી હતી પણ તે વ્યર્થ ગઇ. ઇસ્ટ ઇન્ડિયા કમ્પની કે અંગ્રેજ સરકાર એમાંથી એકે અફીણનો અનન્યાધિકાર છોડી દેવાને અથવા તેને બદલે બારે રવાનગી કર નાંખીને ઉપજ લેવાને રાજી ન હતા.

પ્રકરણ ૪ થું.

જકાતનો ઈતિહાસ.*

આમદાની અને રવાનગી.

૧૮૩૩ અને ૧૮૫૩ ની વચ્ચે હિન્દની પ્રબન્ધ સભાએ વેપાર અને નૌકા વ્યવહારને નિયમત કરવાના અને જકાતના કાયદા પસાર કર્યા હતા. નીચેના કોઠામાં ૧૮૫૨ ની સાલના જકાતના દર આપેલા છેઃ—

ચીજ.	જકાતના દર.
પુસ્તકો—ઈંગ્લૅન્ડનાં.	જકાત વિના.
પુસ્તકો—પરદેશી.	૩ ટકા.
મુન દાણા.	૭½ ,,

*જકાતના કાયદાની યાદી.

૧૮૩૬	પ્રબન્ધ	૨–૩-૧૪-૨૨–૨૫-૩૨	૧૮૪૧	પ્રબન્ધ	૬–૧૦–૧૩–૧૮–૨૩
૧૮૩૭	,,	૫–૧૪–૧૬–૧૭–૩૨	૧૮૪૨	,,	૩–૪–૧૧–૧૫
૧૮૩૮	,,	૧–૫–૧૯–૨૬–૩૧	૧૮૪૩	,,	૧૪–૨૫
૧૮૩૯	,,	૫–૧૩–૧૫–૨૦	૧૮૪૪	,,	૬–૧૫–૧૬–૨૦–૨૧
૧૮૪૦	,,	૧૩	૧૮૪૫	,,	૭–૯–૨૪–૩૨
૧૮૪૬	,,	૨–૯	૧૮૪૯	,,	૫–૮–૧૩
૧૮૪૮	,,	૬–૧૭–૧૬–૨૩	૧૮૫૦	,,	૫-૧૦-૧૧-૨૪-૨૭-૨૮

ઇંગ્રેજી—સુતરાઉ અને રેશમી માલ.	૫ ટકા
પરદેશી—રેશમી અને સુતરાઉ માલ.	૧૦ ,,
સુતર દોરા વિગેરે બ્રિટિશ.	૩½ ,,
,, પરદેશી.	૭ ½ ,,
ઘોડા અને બીજાં જનાવરો.	જકાત વિના.
દરીઆ ખાતાનો સામાન બ્રિટિશ.	૫ ટકા.
,, પરદેશી.	૧૦ ,,
ધાતુ બ્રિટિશ.	૫ ,,
,, પરદેશી.	૧૦ ,,
દારૂ વિગેરે.	૫ ,,
નીમક.	એક મણ ઉપર ૫ શિલિંગ બંગાળામાં.
	,, ૬ શિલિંગ મદ્રાસમાં.
અફીણ.	૩ શિલિંગ બાદશાહી ગ્યાલન ઉપર બ્રિટિશ પ્રુફ.
ચાહ.	૧૦ ટકા.
દારૂ.	૨ શિ. બાદશાહી ગ્યાલન.
ઉનનો માલ બ્રિટિશ.	૫ ટકા.
,, પરદેશી.	૧૦ ,,

તૈયાર થયેલો માલ.	૫ ટકા
નામ વિનાનો માલ.	૩½ ,,

૧૮૫૨ ના દીવાને આમના રિપોર્ટની ત્રીજી અનુપૂર્તિ–જેમાંથી ઉપરના આંકડા લેવામાં આવ્યા છે તેમાં બંગાળ, મદ્રાસ અને મુંબઇના ૧૮૩૪–૩૫ થી ૧૮૪૯–૫૦ સુધીના સોળ વર્ષના આગદાની રવાનગીના આંકડા પણ આપવામાં આવ્યા છે.

વર્ષ.	બંગાળા £	મદ્રાસ £	મુંબઈ £	કુલ £
૧૮૩૪–૩૫	૨૬૪૫૩૫૫	૬૫૬૪૦૫	૨૮૫૨૩૬૯	૬૧૫૪૧૨૯
૧૮૩૫–૩૬	૨૮૫૭૫૩૦	૫૮૫૦૮૮	૩૪૮૫૬૯૪	૬૯૨૮૩૧૨
૧૮૩૬–૩૭	૩૩૯૫૪૨૩	૬૭૨૯૮૫	૩૫૦૪૭૪૭	૭૫૭૩૧૫૭
૧૮૩૭–૩૮	૩૫૧૨૭૮૮	૭૩૨૪૬૬	૩૪૨૭૩૧૭	૭૬૭૨૫૭૨
૧૮૩૮–૩૯	૩૮૫૧૧૮૩	૭૭૮૫૩૬	૩૬૨૧૮૭૬	૮૨૫૧૫૯૬
૧૮૩૯–૪૦	૪૫૬૮૩૭૮	૭૯૫૭૧૪	૨૪૧૨૪૦૮	૭૭૭૬૫૦૧
૧૮૪૦–૪૧	૫૫૦૯૫૬૩	૮૩૭૦૭૯	૩૮૫૫૫૫૧	૧૦૨૦૨૧૯૩
૧૮૪૧–૪૨	૫૨૫૨૫૨૭	૭૪૫૮૮૭	૩૬૩૧૪૮૫	૯૬૨૯૯૦૦
૧૮૪૨–૪૩	૫૫૬૩૮૯૭	૬૬૦૫૯૩	૪૮૨૨૪૦૩	૧૦૧૪૬૮૯૪

૧૮૪૩-૪૪	૬૨૨૬૮૪૮	૭૬૭૫૦૪	૬૬૧૮૧૨૨	૧૩૬૧૨૪૭૫
૧૮૪૪-૪૫	૭૫૧૫૩૫૫	૧૨૩૫૪૫૫	૫૭૫૫૭૨૭	૧૪૫૦૬૫૩૭
૧૮૪૫-૪૬	૬૨૨૩૬૨૩	૧૦૨૨૨૧૧	૪૩૩૭૬૦૩	૧૧૫૮૩૪૩૮
૧૮૪૬-૪૭	૬૬૪૯૬૭૧	૧૦૨૯૦૦૩	૪૧૫૭૯૧૧	૧૧૮૩૬૫૮૬
૧૮૪૭-૪૮	૫૪૧૮૫૮૪	૧૧૦૮૮૧૭	૪૦૪૩૬૦૬	૧૦૫૭૧૦૦૮
૧૮૪૮-૪૯	૫૭૭૦૬૨૩	૧૦૬૫૨૭૧	૫૭૧૩૪૧૨	૧૨૫૪૯૩૦૭
૧૮૪૯-૫૦	૬૪૯૮૦૩૫	૧૦૨૭૪૪૧	૬૧૭૧૨૧૮	૧૩૬૯૬૬૯૬

ઉપરના આંકડાઓ ઉપરથી કેટલાક વિચારો સૂઝે છે. બંગાળા અને મુંબાઇના આમદાની રવાનગીના આંકડા જ્યારે ઝડપથી વધે છે ત્યારે મદ્રાસના આંકડામાં નજીવો વધારો માલૂમ પડે છે. આ તફાવત બંગાળા અને મુંબઇનો મુલક વધવાના કારણથી પડયો છે એમ નથી, પણ મદ્રાસની રૈયતની નબળી સ્થિતિ એજ મોટે ભાગે એનું કારણ હોય એમ જણાય છે.

રવાનગી.

વર્ષ	બંગાળા £	મદ્રાસ £	મુંબઇ £	કુલ £
૧૮૩૪-૩૫	૪૧૫૮૫૯૮	૯૯૨૪૮૫	૩૦૩૭૦૭૭	૮૧૮૮૧૬૧
૧૮૩૫-૩૬	૫૫૯૩૮૯૬	૧૧૫૨૯૬૮	૪૪૬૭૭૪૦	૧૧૨૧૪૬૦૪
૧૮૩૬-૩૭	૬૮૪૯૫૨૭	૧૩૫૧૪૧૬	૫૩૦૩૧૭૩	૧૩૫૦૪૧૧૭

૧૮૩૭-૩૮	૬૯૦૫૮૦૭	૧૦૭૨૬૪૦	૩૬૦૪૯૮૬	૧૧૫૮૩૪૩૬
૧૮૩૮-૩૯	૬૯૫૪૩૮૧	૧૧૧૧૭૧૯	૪૦૫૬૫૭૩	૧૨૧૨૨૬૭૫
૧૮૩૯-૪૦	૭૦૦૦૬૪૩	૧૩૫૫૬૧૪	૨૬૭૬૪૧૧	૧૧૩૩૩૨૬૮
૧૮૪૦-૪૧	૮૨૦૬૭૭૧	૧૧૩૩૪૬૬	૪૪૮૧૮૩૨	૧૩૮૨૨૦૭૦
૧૮૪૧-૪૨	૮૨૨૫૫૩૯	૧૪૨૩૦૬૪	૪૬૯૧૬૮૯	૧૪૩૪૦૨૬૩
૧૮૪૨-૪૩	૭૪૩૬૩૬૯	૧૩૨૭૩૦૮	૫૦૦૩૬૪૨	૧૩૭૬૭૬૨૧
૧૮૪૩-૪૪	૧૦૦૭૬૯૦૪	૧૨૩૦૨૫૫	૬૬૯૨૩૬૩	૧૭૬૬૬૫૫૩
૧૮૪૪-૪૫	૧૦૨૧૮૭૪૦	૧૭૦૬૫૧૬	૫૭૭૧૭૬૬	૧૭૬૬૭૦૫૨
૧૮૪૫-૪૬	૧૦૧૦૨૭૫૫	૧૪૭૬૬૮૧	૬૨૬૪૬૬૫	૧૭૮૪૪૭૦૨
૧૮૪૬-૪૭	૬૫૧૬૭૬૭	૧૫૮૪૩૧૬	૪૬૬૫૧૬૨	૧૬૦૬૬૩૦૭
૧૮૪૭-૪૮	૮૮૬૬૬૨૮	૧૪૬૧૫૫૮	૪૩૭૬૬૪૭	૧૪૭૩૮૪૩૫
૧૮૪૮-૪૯	૬૮૧૬૭૪૨	૧૬૪૬૩૧૧	૬૮૬૨૧૬૦	૧૮૬૨૮૨૪૪
૧૮૪૯-૫૦	૧૦૫૦૨૨૪૪	૧૩૪૫૩૨૨	૬૪૩૫૭૭૬	૧૮૨૮૩૫૪૩

બીજી અગત્યની વાત જે આ આંકડા ઉપરથી સ્પષ્ટ થાય છે તે [illegible]ાનગીના આંકડાનો વધારો છે. ૧૮૩૪-૩૫ માં વીસ [illegible]ને વધીને ૧૮૪૯-૫૦ માં પીસતાલીસ લાખ સુધી

પહોંચ્યો. આ આંકડા બ્રિટિશ ઇન્ડિયાના માત્ર વિલાયત સાથેનાજ આંકડા નથી પણ આપણા આખા વેપારના છે. બીજા દેશો તો પોતાને મળે તેનો વાજબી બદલો આપતા હતા. ગ્રેટબ્રિટન તો હિંદ પાસેથી નજરાણું લે છે અને તેને માટે વેપારનો બાકીમાં કંઈ બદલો મળતો નથી. રવાનગી અને આમદાની વચ્ચેનો ૨૦ થી ૪૦ લાખનો તફાવત તેજ હિન્દુસ્તાનના વાર્ષિક અર્થશોષનું નિરૂપણ કરે છે.

આમદાની રવાનગીના ૧૮૫૦ પછીના આંકડા નીચે મુજબ છે:—

વર્ષ	માલની આમદાની £	ખજાનાની આવક £	કુલ આમદાની £	કુલ રવાનગી £	રવાનગીનો વધારો £
૧૮૫૧	૧૧૫૫૮૭૮૯	૩૮૧૧૮૦૯	૧૫૩૭૦૫૯૮	૧૮૭૦૫૪૩૯	૩૩૩૪૮૩૯
૧૮૫૨	૧૨૨૪૦૪૯૦	૫૦૫૨૦૫૯	૧૭૨૯૨૫૪૯	૨૦૭૯૮૩૪૨	૩૫૦૫૭૯૩
૧૮૫૩	૧૦૭૦૮૬૩	૬૮૩૧૩૭૭	૧૬૯૦૨૨૪૦	૨૧૫૧૯૮૬૩	૪૬૧૭૬૨૩
૧૮૫૪	૧૧૧૨૨૬૫૯	૪૮૭૧૯૫૪	૧૫૯૯૪૬૧૩	૨૦૭૭૮૪૩૫	૪૭૮૩૮૨૨
૧૮૫૫	૧૨૭૪૨૬૭૧	૨૦૨૮૨૫૬	૧૪૭૭૦૯૨૭	૨૦૧૯૪૨૫૫	૫૪૨૩૩૨૮
					આમદાનીનો વધારો.
૧૮૫૬	૧૩૯૪૩૪૯૪	૧૧૩૦૧૨૮૮	૨૫૨૪૪૭૮૨	૨૩૬૩૯૪૩૫	૧૬૦૫૩૪૭
૧૮૫૭	૧૪૧૯૪૫૮૭	૧૪૪૧૩૬૭	૨૮૬૦૮૨૮૪	૨૬૫૯૧૮૭૨	૭૦૧૬૪૦૭
૧૮૫૮	૧૫૨૭૭૬૨૯	૨૫૮૧	૨૭૯૭૬૬૫	૨૮૭૮૪૭૪૭	૨૮૧૪૫૬૧

ઉપરના કોષ્ટકથી સમજાશે કે ૫૧ થી ૫૫ સુધી રવાનગીનો વધારો છે. ૫૬-૫૮ માં આમદાનીનો વધારો છે પણ છેલ્લાં બે વર્ષ આપણા દેશમાં સેનાપ્રકોપનાં હતાં, એ ધ્યાનમાં રાખવાનું છે. છતાં તે વધારો પણ ક્ષણિકજ હતો. ૧૮૬૪ ની સાલ આવતાં વળી પાછો રવાનગીનો વધારો શરૂ થઇ ચૂકયો અને જેમ જેમ વખત જતો ગયો તેમ તેમ એ તફાવત ભયંકરરીતે વધતો ગયો.

હિન્દુસ્તાનના એકંદર વેપારના ૫૦ ટકા ઉપરનો વેપાર ગ્રેટબ્રિટન સાથે હતો. આમ ૧૮૪૧ અને ૫૫ વચ્ચે જ્યારે હિન્દુસ્તાનની એકંદર આમદાની એક કરોડથી એક કરોડ ને ત્રિત્તેર લાખ જેટલી હતી ત્યારે યુનાઇટેડ કિંગ્ડમમાંનીજ આમદાની પચાસ લાખથી એક કરોડ જેટલી થતી હતી અને ઉપરના કોઠાનાં છેલ્લાં ત્રણ વર્ષોમાં જ્યારે આમદાનીનો આંકડો બે કરોડ પચાસ લાખથી ત્રણ કરોડ દશ લાખ સુધી પહોંચ્યો ત્યારે યુનાઇટેડ કિંગ્ડમમાંની આમદાની એક કરોડ ચાળીસ લાખથી એક કરોડ બેંશી લાખ સુધી પહોંચી. પણ હિન્દુસ્તાનના રવાનગી વેપારમાં ગ્રેટબ્રિટન-નો ભાગ ઓછો હતો. ૧૮૪૧ થી ૧૮૫૫ સુધીમાં હિન્દુસ્તાનનો રવાનગી વેપાર એક કરોડ ત્રીસ લાખથી બે કરોડ દશ લાખ સુધીનો હતો. તેમાંથી ગ્રેટબ્રિટન પચાસ લાખથી બેંશી લાખજ ઉપાડતું અને પાછળના ત્રણ વર્ષમાં જ્યારે હિન્દુસ્તાનની ગ્રેટબ્રિટન ઉપરની રવાનગી એક કરોડ સુધી પહોંચી ત્યારે હિન્દુસ્તાનની એકંદર રવાનગી બે કરોડ ત્રીસ લાખથી બે કરોડ બેંશી લાખ સુધીની હતી.

વેપારની જુદી જુદી ચીજોના આમદાની રવાનગીના આંકડામાં શા શા ફેરફાર છે તે બતાવવાની ઘણી અગત્ય છે કારણકે તેથી હિન્દુસ્તા-નના ઉદ્યોગો ઉપર એની શી અસર થઇ હતી તે સમજી શકાય, પણ જગાના સંકોચને લીધે તે અશક્ય છે સુતર અને સુતરાઉ

કાપડ, રેશમી કાપડ, ઉનનું કાપડ, સંચા અને ધાતુની બનાવટો એ ચીજોની હિન્દમાં આમદાની પુષ્કળ હતી. નીચેના કોઠામાં આના આંકડા આપ્યા છે, જે ઉપરથી તેના ખપની વધઘટ સમજાશે.

બધા દેશોમાંથી હિંદુસ્તાનમાં આમદાની:—

વર્ષ	સુતર £	સુતરાઉ કાપડ £	રેશમી માલ £	ગરમ માલ £	સંચા £	ધાતુની બનાવટો £
૧૮૪૯	૯૦૯૦૧૬	૨૨૨૨૦૮૯	૧૨૩૫૦૫	૧૧૧૮૧૫	૧૮૦૬૪	૨૦૩૯૬૭
૧૮૫૦	૧૧૩૧૫૮૬	૩૩૭૧૬૧૮	૧૧૨૬૦૧	૧૫૬૧૫૪	૮૦૭૯	૧૬૬૧૩૯
૧૮૫૧	૧૦૩૯૩૨૯	૩૬૪૨૩૬૧	૧૧૧૫૫૪	૨૧૮૮૪૮	૨૦૬૬૬	૨૪૫૩૬૩
૧૮૫૨	૧૩૯૧૧૩૪	૪૭૭૦૭૭૯	૧૨૬૦૬૪	૨૦૫૫૦૫	૧૪૩૩૭	૨૪૬૭૦૧
૧૮૫૩	૧૧૩૦૫૦૦	૩૬૬૭૪૩૩	૧૧૦૫૪૬	૧૪૨૦૨૭	૨૬૪૫૭	૨૧૭૧૮૭
૧૮૫૪	૧૩૦૬૯૧૩	૪૪૩૨૫૨૫	૧૧૬૯૫૫	૧૪૪૪૭૩	૫૨૭૮૮	૨૮૬૬૭૧
૧૮૫૫	૧૨૭૪૦૫૮	૫૪૦૩૨૪૪	૧૯૭૫૧૦	૧૭૧૦૬૫	૧૨૬૩૦૩	૩૧૨૩૦૪
૧૮૫૬	૧૪૧૪૨૭૪	૪૬૪૮૦૦૫	૧૩૮૭૬૮	૧૩૩૬૬૮	૪૩૫૫૧૨	૭૮૮૮૫૬
૧૮૫૭	૧૧૬૧૬૭૪	૪૬૧૧૩૫૩	૧૦૬૩૩૩	૧૪૩૭૬૭	૨૪૪૪૩૩	૫૫૮૩૨૬
૧૮૫૮	૬૪૩૬૨૦	૪૭૮૨૬૬૮	૧૦૮૦૨૩	૨૬૧૫૮૬	૪૬૫૪૫૩	૩૭૮૬૮૬

આ આંકડા ઉપરથી સમજાશે કે સુતરાઉ માલની આમદાની ૧૮૪૯ થી ૫૫ સુધીના ૭ વર્ષમાં બમણીથી ઉપર થઇ અને જો કે સેનાપ્રકોપનાં વર્ષોમાં વધારો અટકી પડયો તોપણ ૧૮૫૯ માં એક કુદકાની સાથે એંશી લાખ ઉપર આંકડો પહોંચી ગયો. સાંચા અને ધાતુની બનાવટના આંકડામાં થયેલા વધારા પણ ધ્યાનમાં લેવા જેવા છે.

હિંદુસ્તાનમાંથી બધા દેશોમાં રવાનગીની બાદીઃ—

વર્ષ	રૂ (કાચું) £	સુતર £	રેશમ કાચું	રેશમનો માલ	ઉન કાચું.
૧૮૪૯	૧૭૭૫૩૦૯	૬૯૦૫૮૪	૭૧૩૬૩૨	૩૦૨૩૨૨	૫૫૫૯૧
૧૮૫૦	૨૨૦૧૧૭૮	૭૪૨૩૨૦	૬૬૬૦૬૪	૪૪૧૭૪૯	૪૮૯૨૫
૧૮૫૧	૩૪૭૪૪૮૯	૬૭૩૫૪૯	૬૧૯૩૧૯	૩૫૫૨૨૩	૬૯૩૩૫
૧૮૫૨	૩૬૧૯૬૮૯	૮૧૬૦૪૯	૬૮૮૩૪૦	૨૬૦૨૨૫	૧૦૦૬૧૨
૧૮૫૩	૩૬૨૬૪૬૪	૬૩૦૮૭૭	૬૬૭૫૪૫	૩૧૫૩૦૫	૧૭૨૧૧૦
૧૮૫૪	૨૮૦૨૧૫૦	૭૬૬૩૪૫	૬૪૦૪૫૧	૩૨૬૫૭૧	૨૦૫૬૦૧
૧૮૫૫	૨૪૨૮૭૬૪	૮૧૭૧૦૩	૫૦૦૧૦૫	૨૬૩૪૫૩	૨૦૭૨૬૩
૧૮૫૬	૩૩૧૪૯૫૧	૭૭૯૬૪૭	૭૦૭૭૦૬	૩૪૧૦૩૫	૨૭૨૯૪૨
૧૮૫૭	૧૪૩૭૯૪૯	૮૮૨૨૪૧	૭૮૨૧૪૦	૨૮૧૪૫૦	૩૧૪૨૧૬
૧૮૫૮	૪૩૦૧૭૦૮	૮૦૬૧૮૩	૭૬૬૬૭૩	૧૫૮૨૨૪	૩૮૭૧૦૪

વર્ષ	દાણા £	ખાંડ £	અફીણ £	ગળી £	શણ £
૧૮૪૯	૮૫૮૬૯૧	૧૮૧૪૪૦૪	૫૭૭૨૫૨૬	૨૦૯૩૪૭૪	૬૮૭૧૭
૧૮૫૦	૭૫૭૯૧૭	૧૯૨૫૬૦૩	૫૯૭૩૩૯૫	૧૮૩૮૪૭૪	૮૮૯૮૯
૧૮૫૧	૭૫૨૨૯૫	૧૮૨૩૭૮૯	૫૪૫૯૧૩૫	૧૯૮૦૮૯૬	૧૯૬૯૩૬
૧૮૫૨	૮૬૯૦૦૨	૧૮૦૧૬૬૦	૬૫૧૫૨૧૪	૨૦૨૫૩૧૪	૧૮૦૯૭૬
૧૮૫૩	૮૮૯૧૬૦	૧૭૨૯૭૬૨	૭૦૩૪૦૭૫	૧૮૦૯૬૮૫	૧૧૨૬૧૭
૧૮૫૪	૧૪૧૩૬૫૪	૯૪૮૫૮૨	૬૪૩૭૦૯૮	૨૦૬૭૭૬૯	૨૧૪૭૬૮
૧૮૫૫	૧૭૪૨૫૩૦	૧૧૩૫૬૯૯	૬૨૩૧૨૭૮	૧૭૦૧૮૨૫	૨૨૯૨૪૧
૧૮૫૬	૨૮૯૬૨૬૨	૧૩૫૯૧૦૪	૬૨૦૦૮૭૧	૨૪૨૪૩૩૨	૩૨૯૦૭૬
૧૮૫૭	૨૫૮૭૪૫૬	૧૭૮૬૦૭૭	૭૦૫૬૬૩૦	૧૯૩૭૯૦૭	૨૭૪૯૫૭
૧૮૫૮	૩૭૯૦૩૭૪	૧૧૭૫૭૭૧	૬૬૦૬૬૩૫	૧૭૩૪૩૩૯	૩૦૩૨૯૨

રવાનગીની આ ચીજોના આંકડાની વધઘટ નોંધવા લાયક છે. દશ વર્ષના કાચા રૂની રવાનગી એક કરોડ શિત્તોતેર લાખથી વધીને ચાર કરોડ ઉપર ગઈ. હિન્દુસ્તાનના રૂના વાવેતરમાં સુધારો વધારો કરવાની ઇંગ્લંડમાં મજબૂત ઇચ્છા હતી, જેથી ઇંગ્લંડ પોતાના કબજાના દેશ ઉપર આધાર રાખીને અમેરિકાથી નિરપેક્ષ થઇ શકે. અમેરિકામાં જાગેલી લડાઇ આ

યત્નોને ઈશ્વરી મદદરૂપ થઇ પડી. એ લડાઇ ચાલતી હતી તે દરમિયાન અમેરિકા કંઇ પણ રૂ મોકલી શકયું નહિ, તેથી ૧૮૬૪ માં રૂની રવાનગી ત્રણ કરોડ સાઠ લાખ પાઉન્ડ સુધી પહોંચી ગઇ. તે પછીના વર્ષમાં આ આંકડામાં પણ વધારો થયો. યુનાઇટેડસ્ટેટ્સમાં શાન્તિ થવાની સાથે આ આશા નાશ પામી અને ફરી એક વાર અમેરિકાનો કપાસ બ્રિટિશ કારખાનામાં દાખલ થઇ ગયો અને હિન્દુસ્તાનની રવાનગી જેટલી ત્વરાથી ચઢી હતી તેટલીજ ત્વરાથી ઉતરી ગઇ.

છેલ્લી સદીમાં ઠેઠ સુધી હિન્દુસ્તાનના વણવાના ધન્ધાને ઉત્તેજન આપવાને જરાપણ વિચાર થયો ન હતો, તેમજ પોતાને માટે ભૌતિક બળથી ચાલનારી સાળો દાખલ કરીને માલ વણવાનું અથવા હાથબળની સાળોને સુધારવાનું લોકને શિક્ષણ આપવાનું પણ સૂઝયું ન હતું. હિન્દુસ્તાનની પ્રજાના કલ્યાણ માટેજ રાજ્યધુરા વહન કરનાર અને સાચી મમતા ધરાવનારૂં રાજ્ય હોત તો હિન્દુસ્તાનના આ જૂના પ્રજાકીય ઉદ્યોગને નવી અને સુધરેલી રીતો દાખલ કરીને સાચવી રાખવાનો યત્ન કર્યા વિના રહેત નહિ; અને હિન્દુસ્તાનના ધીરા, ઉદ્યોગી અને કળાવાળા કારીગરો નિઃશંક નવો પાઠ શીખત અને પોતાનો પ્રાચીન ઉદ્યોગ નવી રીતોથી સાચવત.

ઉપરના આંકડા ઉપરથી રેશમનો ઇતિહાસ પણ જણાઇ આવશે. કાચા રેશમની રવાનગીના આંકડા સ્થિર છે અને ઉનના વધતા જાય છે ત્યારે રેશમી માલના આંકડા ૧૮૫૭–૫૮ માં ગગડવા માંડે છે તે પાછા ઠેકાણે આવતાજ નથી. બીજી તરફ અનાજની રવાનગીના આંકડામાં ભયંકર વધારો દેખાય છે. દશ વર્ષમાં સાડા આઠ લાખના વધીને લગભગ ૩૮ કરોડ સુધી પહોંચી જાય છે. જ્યારે ધન્ધા રોજગાર પડી ભાગે અને હિન્દુસ્તાનને વાર્ષિક નજરાણું તો આપવાનું હોયજ ત્યારે લોકના ખોરાકનો અમુક ભાગ મોકલવો પડે એ સ્વાભાવિક છે. સદીનો અંત આવતા આવતામાં ઘઉં અને

ચોખાની રવાનગીના આંકડા એક કરોડ વીસ લાખ પાઉંડ અને ૧૫ રૂપિયાના પાઉંડને હિસાબે અઢાર કરોડ રૂપિયાની ગંજાવર રકમ સુધી પહોંચ્યા છે.

કમ્પનીના અમલનાં છેલ્લાં વર્ષોમાં આ દેશની ખાંડની રવાનગી કમી થવા માંડી હતી અને સૈકો પૂરો થતાં થતાં તો ૧૭૦૦૦૦£ ની નજીવી રકમ સુધી ઉતરી ગઇ હતી. બીજી તરફ જુટની રવાનગી વધવા લાગી. ખાસ કરીને ક્રીમિયન લડાઇના વખતથી રશિયામાંથી જે શણ ઇંગ્લંડે મંગાવી રાખ્યું હતું તે લડાઇ થવાથી આવી શકયું નહિ તેથી હિન્દુસ્તાનના શણને તક મળી અને તે લાભ હજી સુધી સચવાઇ રહ્યો છે. સૈકો પૂરો થતાં એક કરોડ સુધી આના કાચા માલની રવાનગી પહોચી છે.

ગળીની રવાનગી પણ મ્હોટી હતી, પણ આ ધન્ધાનો ઇતિહાસ બેકાયદેપણાના અને જુલમના પ્રસંગોથી કલંકિત થયો છે. બંગાળાના યુરોપિયન બગીચાવાળાઓને હાથે આવાં કૃત્યો થવાથી બંગાળાની વસતિને બહુ માઠું લાગ્યું હતું અને આખરે બંગાળાના મોટા ભાગમાં પોતાને સૂઝયા તેવા ઉપાયો તેમણે યોજ્યા. ખેડુતોએ હડતાળ પાડી; ઘણાં ગળીનાં કારખાનાં બંધ પડ્યાં; ગળીની બનાવટ પડી ભાગી અને જર્મનીમાં રાસાયનિક ગળીની શોધ થવાથી હિન્દનો આ જૂનો ઉદ્યોગ નાશ પામ્યો.

મુતર્ફે વેરો.

ધન્ધા ઉપરનો મુતર્ફે વેરો ૧૮૫૩ માં કઢાડી નાંખવામાં આવ્યો; પણ મદ્રાસમાં હજી કાયમ હતો. તે સંબંધે મદ્રાસ એસોસિએશને જે અરજ કરી હતી તેમાં લખેલું હતું કે:—

આ વેરો તમામ વેપારી અને ધન્ધેદારો—વણકર સુતાર, કસારા, લુવાર, દુકાનદાર—રસ્તા ઉપર હાટો માંડીને વેચનારા સર્વ ઉપર છે, અને

તે વેરો વેપારની નજીવી ચીજો અને નાનાં નાનાં ઓજારો સુદ્ધાંત ઉપર લેવામાં આવે છે. આ વેરો તવંગર કરતાં ગરીબ ઉપર વધારે આકરાઇથી પડે છે; અને આપ મુખત્યારી સત્તાથી વસુલ થાય છે તેથી ઘણા પ્રકારની કનડગત અને રૂશ્વત અને જબરદસ્તીના પ્રસંગો ઉત્પન્ન થાય છે અને આટલું છતાં એક લાખ પાઉંડ (૧૦ લાખ રૂપિયા) થી વધારે ઉપજતું નથી !

ઉપરના હેવાલમાં કાંઇપણ અતિશયોક્તિ નથી. જે. ડબ્લુ. ડાઇકસ નામનો એક અમલદાર, જે મેજીસ્ટ્રેટ અને મ્હેસુલી અમલદાર હતો તેણે જુબાની આપતાં જાહેર કરેલું કે,

"આ વેરો જે ખેતી ન કરતું હોય તે સર્વ ઉપર લેવાય છે. કોઇ ડોસી બજારમાં શાક ભાજી લઇ જાય અને શેરીના ખૂણા ઉપર કોઇને વેચે તો તેના ઉપર આ વેરો મ્હોટે. કાપડના વેપારીને પણ આ વેરો આપવો પડે છે; પણ યુરોપિયન વેપારી પાસે આ વેરો લેવામાં આવતો નથી. વરસ દહાડાના માંડ થોડાક રૂપિયા કમાનાર કોઇ દેશી વેપારીની પડોશમાંજ કોઇ યુરોપિયન વેપારી સેંકડો રૂપિયાનો કમાનાર હશે, પણ તે યુરોપિયનને કંઇ આપવાનું નહિ."

આવો વેરો પાર્લામેન્ટની તપાસ પછી ટકી શકેજ નહિ. તે ૧૮૫૩ માં રદ થયો. તેને બદલે ક્રિરીટેશ્વરે હિન્દુસ્તાનનું સામ્રાજ્ય અંગીકાર કર્યું, તે પછી આમદાની વેરા નંખાયો. તે વધારે ન્યાયી હતો કારણ કે તે વેરો સર્વના ઉપર હતો અને ગરીબ લોકો તેનાથી મુકત હતા.

પ્રકરણ ૫ મું.

જલસંગ્રહ અને રેલ્વે.

ઉત્તર હિન્દુસ્તાનમાં મુસલમાનોના વખતમાં ખોદાવેલી મોટી નહેરો અઢારમા સૈકાની લડાઇઓના વખતમાં પૂરાઇ જવા દીધી હતી અને ૧૮૦૩ માં ઉત્તર હિન્દુસ્તાન ઇંગ્રેજના હાથમાં આવ્યું તે પછી તેમના ઉપર સરકારનું ધ્યાન ખેંચાયું હતું. ૧૮૧૦ માં લૉર્ડ મિન્ટોની કારકીર્દિ દરમિયાન આ બાબતમાં તપાસ કરવાને એક કમિટી નીમાઇ હતી પણ મુખ્ય ઇન્સ્પેક્ટરે અને તપાસણી અધિકારી વચ્ચે મતભેદ ઉત્પન્ન થયો અને તપાસણીના રિપોર્ટમાં એવા અન્યોન્ય વિરૂદ્ધ વાદવિવાદો દાખલ થયા કે તે નહેરો પુનઃ ચાલતી કરવાની પહેલી યોજના એ વિવાદના ભાર નીચે દબાઇ ગઇ.

લૉર્ડ હેસ્ટિંગ્સે એ સવાલ વધારે વ્યાવહારિક દૃષ્ટિથી હાથમાં લીધો. ઉત્તર હિન્દુસ્તાનમાં મુસાફરી કરી આવ્યા પછી ૧૮૧૫ માં જમના નદીની પશ્ચિમની નહેરને પુનઃ ચાલતી કરવાની યોજના સંબંધમાં એક આજ્ઞાભરી નોંધ કરી અને લેફ્ટેનન્ટ બ્લેનને તે કામગરી ઉપર નીમી દીધા. આ ગૃહસ્થે તે કામ આરંભ્યું અને પચાસ વર્ષ બંધ રહ્યા પછી પાણી પાછું દિલ્હી આવતું કર્યું. ૧૮૨૩ માં કર્નલ જોન કોલ્વિનને જલસંગ્રહના કામના જનરલ સુપરિન્ટેન્ડેન્ટ નીમ્યા અને કામ ત્વરાથી આગળ ચાલ્યું. ૧૮૩૭ ના મોટા દુષ્કાલમાં આ નહેરની સચવાયલા માલની અંદાજી કિમ્મત રૂપિયા તેવીસ કરોડ પચાસ લાખ જેટલી થવા જાય છે. આ નહેરનો ઘેરી ઘેરીઓ ૪૪૫ માઇલ લાંબો થયો હતો.

તે પછી જમનાની પૂર્વ તરફની નહેર ઉપર ધ્યાન ગયું. આ કામ પણ મુસલમાન બાદશાહોએજ કરેલું હતું અને તેને સજીવન કરવામાં બે

અંગ્રેજ ઇજનેરોનાં નામ પ્રસિદ્ધિ પામ્યાં છે. પહેલા અમલદાર રોબર્ટ સ્મિથે મૂળની યોજના પ્રમાણે ૧૮૩૦ માં કામ પૂરૂં કર્યું, પણ હજુ ઘણું કરવાનું બાકી રહ્યું હતું અને ઘણી ગંભીર ભૂલો રહી ગઇ હતી. પછી તે કામ કર્નલ બોર્ડ સ્મિથને સોંપવામાં આવ્યું અને તેમણે જરૂરના સુધારા વધારા કર્યા.

ગંગાની નહેરનો ઇતિહાસ કમ્પનીના અમલના છેલ્લાં વર્ષોમાં ઉભો થયો. આ મોટું કામ લૉર્ડ ઑકલાન્ડે શરૂ કર્યું. કમનસીબે તેના ઉત્તરાધિકારી લૉર્ડ એલનબરોએ બંધ પાડ્યું, પરંતુ લૉર્ડ હાર્ડિંજને આ ભવ્ય યોજનાના ગુણો સમજ્યા અને તેણે તે પસંદ કરી. જમનાની પૂર્વ તથા પશ્ચિમની નહેરોના નકશા ઉત્તેજિત થઇને કોર્ટ ઓફ ડિરેક્ટરોએ પણ આ યોજના ઉપર એક કરોડ રૂપિયા ઉપર સુધીની મંજુરી આપી. આ કામ પૂરૂં થતાં પહેલાં ઇસ્ટ ઇન્ડિયા કમ્પનીનો અમલ લોપ થઇ ગયો હતો; પણ તેમના વખતમાં જેટલું કામ થયું હતું તેનો હેવાલ એક યાદીમાં લખેલો છે.

"ગંગાની નહેર અને તેના ધોરીઆ પુરા થશે ત્યારે તેની લંબાઇ ૮૬૮૬ માઇલ જેટલી થશે. એક ૪૫ લાખ એકર જમીનને તે પાણી પૂરૂં પાડી શકશે. આ નહેર જલ સંચારની અપૂર્વ યોજના છે. તેના જેવી વિશાળ યોજના જગત્માં બીજી નથી અને મ્હોટી નહેરનો વિસ્તાર અને ૩૨૪ અને હરદ્વાર આગળનાં તેમજ બીજાં કડિયા કામ–તેનાથી આ નહેર માટે રાષ્ટ્રીય અભિમાન લેવા જેવું છે. હજી તો કામ અધૂરૂં છે અને રૂ. ૧૫૬૦૦૦૦ (૧૮૫૬ ની પહેલી મે સુધી) ખરચાયા છે, પરંતુ અત્યારેજ તેનાથી પાણી પાયેલી જમીનની વાર્ષિક ઉપજ દોઢ લાખથી બે લાખ પાઉંડ જેટલી થવા જાય છે અને જ્યારે આ નહેર પૂરેપૂરી તૈયાર થશે અને કામ કરતી હશે ત્યારે ૭૦ લાખ પાઉંડની કિંમતનો પાક તેના પાણીથી ઉતરશે એવો અંદાજ થાય છે. × × ×"

૧૮૪૯ માં ડેલ્હાઉસીએ પંજાબ ખાલસા કર્યું હતું અને તેમાં બે તરેહની નહેરો હતી: એક મોગલી અને બીજી બારગાશી.

મોટામા ન્હેરો નદીઓથી કહાડેલી હોય છે. તે શિયાળામાં ખાલી રહે છે કારણ કે નદીઓમાં તે ન્હેરો ભરાય એટલાં ઉંચાં પાણી તે વખતે હોતાં નથી પણ વસંત બેસવાની સાથે જેમ જેમ બરફ ઓગળવાથી પાણી ચઢતાં જાય છે તેમ તેમ આ ન્હેરોમાં પાણી ભરાય છે અને પછી છેક શરદ સુધી કાયમ રહે છે. દક્ષિણ પંજાબની ફલદ્રુપતાનો આધાર આના ઉપર છે એમ જણાય છે કે પહેલાના વખતમાં આવી ન્હેરો બધી નદીઓમાંથી કાઢેલી હશે; કારણ કે આ ન્હેરોની નિશાનીઓ તેનાથી થતી ફલદ્રુપતાને લીધે આબાદ થયેલાં શેહેરો અને ગામડાંઓનાં ખંડેરોમાં હજી જણાય છે. આમાંની જે ન્હેરો પંજાબને ખાલસા કર્યો તે વખતે ચાલતી હતી તેને સુધારી વધારી સમરાવીને સાચવી રાખેલી છે અને બીજીનો જીર્ણોદ્ધાર કરવાની યોજનાઓ અને અંદાજો તૈયાર થયાં છે તોપણ હજુ સુધી બારમાસી ન્હેરો પાછળ ખરચ ઘણું કરવામાં આવે છે.

જે બારમાસી ન્હેર કમ્પનીએ કરાવેલી છે તે બારીદોઆબની ન્હેર છે. આ ન્હેર ૪૫૦ માઇલ લાંબી છે અને જોન લોરેન્સ અને લોર્ડ ડેલ્હાઉસીને તેને માટે મોટો જશ ઘટે છે. બેસર્ડ ઉત્તર હિન્દુસ્તાનની ન્હેરોના સંબંધમાં પ્રમાણભૂત હતા અને તેઓ જ્યારે રજા ઉપર દેશમાં ગયા ત્યારે લોમ્બાર્ડિ અને પિડમતની મોટી ન્હેરો જોવાની તક લીધી હતી. કમ્પનીએ એવાજ હેતુથી લીધેલી યુનાઇટેડસ્ટેટ્સની મુલાકાતનો ખરચ આપ્યો હતો. બારીદુઆબની ન્હેરનું કામ જેસબંધ ચાલ્યું. ૧૮૫૬ ના મે સુધીમાં ૩૨૫ માઇલ તો બોદાશ ગઇ હતી અને ૧૮૫૯ ની આખર બધું કામ થઇ રહેશે એમ ધારવામાં હતું. કુલ ખરચ દશ લાખ પાઉંડનું થશે એવો અંદાજ હતો અને ઉપજ એક લાખ વીસ હજાર પાઉંડની એટલે ૧૨ ટકાની થઇ એમ અટકળવામાં આવ્યું હતું.

મુંબઇ ઇલાકામાં નર્મદા અને તાપી સિવાય મોટી નદીઓ નથી. આ

નદીઓ થોડાક માણસમાં પાણી પહોંચાડે છે. દક્ષિણની ભૂમિમાં જલસંગ્રહથી જમીન પાવાનો અવકાશ બહુજ થોડો છે. કમ્પનીના અમલદારોએ કૂવા તળાવથી જલસંચાર કરવા તરફ પૂરતું લક્ષ આપ્યું નહતું. સિન્ધમાં સિન્ધુ નદીના પૂર ઉપર ખેતીનો આધાર છે અને સિન્ધુનાં પાણી પ્રાચીન કાળમાંથી ન્હેરોની એક જાળથી વ્હેંચવામાં આવેલાં છે. આ ન્હેરોને ચાલતી રાખવા માટે કમ્પની બારે મહિને ૨૫૦૦૦ પાઉંડ ખરચતી.

મદ્રાસમાં પ્રાચીન રાજાઓ અને પાળેગારોએ બંધાવેલાં તળાવો પુષ્કળ હતાં અને ૧૮૦૦ ની સાલમાં મદ્રાસથી પશ્ચિમ કિનારાની મુસાફરીના પ્રસંગમાં ડો. બુકનને તેનાં વર્ણનો આપેલાં છે. આ જૂનાં તળાવોના ધોરણસર જીર્ણોદ્ધારની અને તેવાંજ નવાં તળાવો બનાવવાની ઘણી જરૂર હતી; અને જો તે પ્રમાણે કરવામાં આવ્યું હત તો પચાસ સાઠ વર્ષમાં દેશનું સ્વરૂપ-સ્વભાવ ફરી જાત અને મદ્રાસ ઇલાકાને દુષ્કાળના ભયરહિત પુષ્કળ વસતિ અને નિર્ભય ખેતી સાથે કમ્પની તાબ્દને સ્વાધીન કરી શકત. પણ જલસંગ્રહનું કામ કેવળ વિસારવામાં આવ્યું હતું અને જ્યારે કોઇ કલેકટર કોઇ જૂના તળાવનો જીર્ણોદ્ધાર કરે ત્યારે ઘણું કરીને લોકના કરમાં કાંઇ વધારે કરવાનો હેતુ હોયજ.

છતાં મદ્રાસ ઇલાકામાં કેટલાક એવા પ્રદેશો છે કે જ્યાં મોટા પ્રમાણમાં ન્હેરોથી જલસંગ્રહ થઇ શકે. આ પ્રદેશો તે ગોદાવરી કૃષ્ણા અને કાવેરીના પ્રદેશો. આ મોટી નદીઓનાં પાણી કામમાં લેવાના જે વિચારશીલ અમલદારોને સંકલ્પો થયેલા, તેમાં દક્ષિણમાં મ્હોટી ન્હેરોનાં કામોની સાથે ઉત્તરમાં મેયર્ડ રિમથનું નામ જોડાયલું છે તેમ સર આર્થર કોટનનું નામ જોડાયું છે.

કોલરૂન એક કાવેરીની શાખા છે અને પ્રાચીનકાળમાં હિન્દુ રાજાઓએ કોલેનનાં જે તળાવો બંધાવેલાં છે તેની નિશાનીઓ હજુ પણ દેખાય છે. ૧૮૦૧ માં જ્યારે દેશ બ્રિટિશ લગામ નીચે આવ્યો ત્યારે આ કામમાં

બહુ ખામીઓ માલમ પડી. નદીનાં તળો કાદવને લીધે પૂરાઇ જતાં હતાં અને પાણી પીતી જમીનમાં ઘણો ઘટાડો થયે જતો હતો. જમનાની નહેરમાં જે ફતેહ મળી તેથી કોલરૂનની નહેરમાં પણ સુધારા કરવાનું સૂઝી આવ્યું અને ૧૮૩૬ થી તે કામ જોસભેર શરૂ થયું. તેમાં કુલ ખરચ ૮૦૦૦૦ પાઉંડનું થયું અને તે પાણી તંજાઉરના પ્રદેશમાં લઇ જવાને માટે ૨૩ લાખ પાઉંડના ખરચે બીજાં કામો થયાં. કાવેરી અને કોલરૂનથી છ લાખ ત્રીસ હજારને બદલે સાત લાખ દશ હજાર એકર જમીને પાણી પીવા માંડયું અને જમીનની મહેસુલમાં ૪૪૪૦૦ પાઉંડનો વધારો થયો એટલે આ કામો ઉપર ૨૪ ટકાનો નફો આવ્યો. આ મોટા કામની સફળતાનો જશ ઇસ્ટ ઇન્ડિયા કમ્પની ખાટી જાય છે પણ તેનું ખરું માન સર આર્થર કોટન જેને એ વિચાર પહેલવહેલો સૂઝયો અને જેણે ઘણો વિરોધ છતાં કોલરૂન ઉપરનો બંધ બાંધવો શરૂ કર્યો તેમને ઘટે છે. તે ૧૮૦૩ માં જન્મ્યો હતો. ૧૮૨૧ માં મદ્રાસ આવ્યો અને ૧૮૬૧ માં નિવૃત્ત થતા પહેલાં હિન્દુસ્તાનમાં કોઇ પણ ઇજનેરને નહિ મળેલી એવી આબરૂ મેળવી. એઅર્ડ રિમથ લખે છે કે તંજાઉરના મુલકની કાયમની આબાદીનું માન ઘણે અંશે આર્થર કોટનનેજ ઘટે છે; કારણકે તેણે ઘણી મુશ્કેલીઓ વચ્ચે સાધનનો સંકોચ છતાં, ઘણો વિરોધ છતાં અને ભારે અંગત જવાબદારીઓ વ્હોરીને આ કામ પાર ઉતાર્યું છે.

કોલરૂનના કામથી મેળવેલી ભારે કીર્તિને લીધે ગોદાવરીનાં કામ પણ તેનેજ સોંપવાં યોગ્ય જણાયાં. તેણે રાજમન્દ્રી નામના પ્રાચીન રાજધાનીના શહેરથી થોડે દૂર એક જગા પસંદ કરી અને નદીમાં પડતા બે બેટોનો લાભ લઇને ચાર વિભાગમાં એક ભવ્ય બંધ બાંધ્યો. અંદાજ ૨૬૪૦૦૦ પાઉન્ડના ખરચનો થયો હતો પણ ઇસ્ટ ઇન્ડિયા કમ્પનીને એમાં ત્રણ લાખ પાઉન્ડ જેટલો વાર્ષિક ઉપજમાં વધારો એટલે ૧૦૦ ટકા જેટલો નફો જણાયો.

હવે કૃષ્ણા નદી રહી. ૧૮૫૩ માં તેનો બંધ શરૂ કર્યો. મૂળ અંદાજ ૧૫૫૦૦૦ પાઉંડનો કરવામાં આવ્યો હતો અને તેથી ૬૦૦૦૦ પાઉંડ વાર્ષિક ઉપજમાં વધારો અથવા વર્ષે દહાડે ૩૯ ટકાનો નફો અડસટવામાં આવ્યો હતો.

૧૮૫૮ પહેલાં ઇસ્ટ ઇન્ડિયા કમ્પનીએ હાથ ધરેલાં આ મુખ્ય જળાશયો હતાં. ઘણા ખરચ કરીને આ કામો બાંધવામાં આવ્યાં હતાં અને જે પાણી કમ્પની પૂરું પાડે તેના ઉપર એક સાધારણ દર નાંખ્યાથી નફો મેળવી શકાય એવી સ્થિતિ હતી; પણ ઉપરના આંકડાથી જણાશે કે કમ્પની બહુ આગળ વધી ગઇ. ખાસ કરીને મદ્રાસ ઇલાકામાં તેમણે જમીનની મહેસુલ જેટલી વધારી શકાય એમ હતું તેટલી વધારી, જેથી ખેડુતો તો પ્રથમ હતા તેટલાજ ગરીબ રહ્યા. આ રીત એક સાધારણ જમીનદારને માટે પણ ડાહી અથવા ઉદાર તો નજ ગણાય; પણ એક મોટા સામ્રાજ્યને માટે તે એક વિશાળ ખેતીવાડી ઉપર નિર્વાહ કરનારી વસતિ તરફની આ રીત તો ડહાપણ વિનાની અને સાંકડા મનનીજ કહેવાય. સુધરેલા રાજ્યનો તો સંપત્તિનો વધારો અને લોકોના હાથમાં મુડીનો સંચય એ પહેલવહેલો હેતુ હોવો જોઇએ.

આ જળસંગ્રહનાં કામોના ઇતિહાસ કરતાં જુદી રીતનો ઇતિહાસ રેલ્વેનો જ છે. જળકામોથી નફો મળતો. પ્રથમથી જ નફો ધાર્યા કરતાં વધારે આવવા લાગ્યો હતો. રેલ્વેથી પૂરતો નફો ન આવ્યો; જળકામોનું તો સરકારે ઉપજનું એક મોટું સાધન બનાવ્યું; રેલ્વેને લીધે સરકારને ઉપજનું વર્ષોવર્ષ નુકશાન જવા માંડ્યું. જલસંગ્રહથી પાક નિર્ભય થયો. ઉપજ વધી અને અનાવૃષ્ટિના વર્ષોમાં દુષ્કાળને દૂર રખાયો. રેલ્વે એ દુષ્કાળનાં વર્ષોમાં મોંઘવારીના પ્રદેશોમાં માલ લઇ જવાની સરળતા કરી આપી પણ તેથી જમીનની ઉપજમાં વધારો થયો નહિ.

સ્વાભાવિક રીતે આ સંયોગોમાં એમ ધારી શકાય કે ખેતીવાડીવાળા દેશનું રાજ્ય જળસંગ્રહનાં કામ તરફ રેલ્વે કરતાં વધારે પક્ષપાતી હોય, પણ

પોતાના દેશમાં અંગ્રેજોને જલાશયો કરતાં રેલ્વેનો વધારે પરિચય હતો અને હિન્દુસ્તાનની જરૂરીઆતનો તે હિસાબે નિર્ણય કરવાની તેમણે ભૂલ કરી. બ્રિટિશ કારખાનાવાળાઓને પણ એમ સમજાયું કે નહેરો કરતાં રેલ્વેદ્વારા એમનો માલ દેશના હૃદયમાં દાખલ થઇ શકશે અને તેથી ઇસ્ટ ઇન્ડિયા કમ્પની અને તાજની સરકારને 'પાર્લમેન્ટ તરફથી તીજોરીમાં નુકશાન આવે તોપણ' રેલ્વેનાં કામો વધારવાને દબાણો થવા લાગ્યાં હતાં. હિન્દુસ્તાનના લોક તરફથી સહામું દબાણ કાંઇ ન હતું, કારણકે આ દેશના કારભારમાં તેમને કાંઇજ અવાજ નહતો અને આ પ્રમાણે જલસંગ્રહનાં કામો મુકાબલે વીસારે નંખાયાં અને દેશની જરૂરીયાત અને દેશના સાધનના પ્રમાણમાં રેલ્વેનો વિસ્તાર અતિશય થઇ ગયો.

૧૮૪૫ માં ઇસ્ટ ઇન્ડિયા રેલ્વે કંપની અને ગ્રેટ ઇન્ડિયન પેનિન્સુલર કમ્પની એ નામની બે ખાનગી મંડળીઓ ઉભી થઇ, પણ સરકારની મદદ વિના પોતાની યોજનાને માટે જોઇએ તેટલી રકમો તેના ઉર્દ્ધ્વકો મેળવી શક્યા નહિ. ઘણી તકરાર પછી ઇસ્ટ ઇન્ડિયા કમ્પનીના ડિરેકટરોએ મુડી ઉપર અમુક વ્યાજ આપવાની તસલ્લી આપવારૂપ મદદ આપી. સરત એ હતી કે જો રેલ્વેનો ચોખ્ખો નફો પાંચ ટકાથી ઓછો થાય તો ઇન્ડિયા સરકાર પોતાની ઉપજમાંથી ખોટ પૂરી પાડે. બીજી તરફ જો પાંચ ટકાથી વધારે ચોખ્ખો નફો થાય તો વધારાનું અડધ રેલ્વે કમ્પની લે અને અડધ ઇન્ડિયા સરકારને મળે અને વહીવટ રેલ્વે કમ્પનીના હાથમાં રહે. બીજી એવી પણ સરત કરવામાં આવી હતી કે રેલ્વે કમ્પનીએ છ મહીનાની નોટિસે તમામ કામ સરકારને સોંપી દેવું અને સરકારે કમ્પનીએ જે નાણાં ખરચ્યાં હોય તે આપી દેવાં અને પચીસ અને પચાસ વર્ષ પછી રેલ્વેના શેરને બજાર ભાવે રેલ્વે કમ્પની પાસેથી ખરીદ કરવાની સરકારને સત્તા આપવામાં આવી. છેવટે ૯૯ વર્ષ આખર જમીન અને તમામ કામ સરકારને કબ્જાધીન થાય અને સરકાર ગાડીઓ અને એન્જિનો કિંમત થાય તે ભાવે ખરીદ કરે.

ઇસ્ટ ઇન્ડિયન રેલ્વેઃ—૧૮૫૪ માં ૩૨ માઇલની સડક તૈયાર થઇ અને માલ ખેંચવો શરૂ કર્યો. ૧૮૫૫ ના ફેબ્રુઆરીમાં કલકત્તાથી રાણીગંજ સુધી ૧૫૫ માઇલની સડક ચાલુ થઇ. તે પછી લોર્ડ ડેલહાઉસીએ આખા હિન્દુસ્તાનને માટે રેલ્વેના ધોરી રસ્તાઓની એક યોજના ઘડી અને બીજો એક કરાર કરીને તેજ રેલ્વે પાસે ૪૨ ટકાની તસલ્લીથી દિલ્લી સુધી સડક લઇ જવાની કબુલત લીધી પણ આ નવો વધારો કામ કરવા માંડે તે પહેલાં તો સેનાપ્રકોપ શરૂ થયો અને તે પછી તો ઇસ્ટ ઇન્ડિયા કમ્પનીના અમલનો અંત આવ્યો.

ગ્રેટ ઇન્ડિયન પેનિન્સુલા રેલ્વેઃ—૧૮૫૪ માં મુંબઇથી કલ્યાણ સુધીનો ૩૭ માઇલનો કટકો તૈયાર થયો. ૧૮૫૭ પહેલાં બીજા ૫૪ માઇલ વધ્યા હતા.

મદ્રાસ રેલ્વેઃ—૧૮૫૬ માં મદ્રાસથી આર્કોટનો ૬૫ માઇલનો કટકો તૈયાર થયો. ઇસ્ટ ઇન્ડિયા કમ્પનીના અમલ દરમિયાન આ લાઇને વધારે સડક નાંખી ન હતી તેમજ ૧૮૫૮ ના નવેમ્બર પહેલાં બીજી કોઇ લાઇન નંખાઇ ન હતી.

આ ત્રણે સડકોમાં ખોટ જતી અને સરકારને તસલ્લી પ્રમાણે વ્યાજ ભરી આપવા સારૂ નીચે પ્રમાણે રકમો આપવી પડી હતીઃ—

તસલ્લી પ્રમાણે રેલ્વે કમ્પનીને અપાએલી રકમોઃ—

વર્ષ.	ઇસ્ટ ઇન્ડિયન £	ગ્રેટ ઇન્ડિયન £	મદ્રાસ £
૧૮૪૯	૫૬૦૨	.....	.....

૧૮૫૦	૧૭૪૭૧	૩૦૬૩	.....
૧૮૫૧	૩૭૧૮૫	૬૩૧૯	.....
૧૮૫૨	૪૫૨૩૪	૧૬૩૧૦	.....
૧૮૫૩	૫૨૦૭૧	૨૨૮૨૫	.....
૧૮૫૪	૮૮૮૮૪	૨૫૦૦૨	૯૭૦૩
૧૮૫૫	૧૯૫૭૩૦	૩૦૨૫૯	૧૮૧૧૫
૧૮૫૬	૨૯૭૩૯૦	૬૦૩૭૦	૪૨૫૧૦
૧૮૫૭	૩૫૪૫૧૧	૧૧૬૬૧૨	૮૩૧૧૯
૧૮૫૮	૪૩૩૯૬૮	૧૭૫૨૮૯	૧૦૯૨૬૭
કુલ.	૧૫૨૮૦૪૬	૪૫૬૦૪૯	૨૬૦૭૩૪

જેમ જેમ વર્ષોવર્ષ રેલ્વે વધતી ગઇ તેમ તેમ હિન્દુસ્તાનને નુકશાન પણ વધતું ગયું. પણ જ્યાં સુધી વ્યાજની તસલ્લી આબાદ હતી ત્યાં સુધી કમ્પનીને નફો થયે ગયો; અને હિન્દુસ્તાનના બીજા ભાગોમાં રેલ્વે કાઢવાને નવી કમ્પનીઓ ઉભી થઇ. સિન્ધ રેલ્વે કમ્પની પંજાબ સુધીના પ્રદેશ માટે, બોમ્બે બરોડા અને સેન્ટ્રલ ઇન્ડિયા રેલ્વે કમ્પની, ઇસ્ટર્ન બેન્ગાલ રેલ્વે કમ્પની, ગ્રેટ સાઉથ ઓફ ઇન્ડિયા રેલ્વે કમ્પની, એ બધી

ઇસ્ટ ઇન્ડિયા કમ્પનીના લય પહેલાં ઉભી થઇ. પણ–તેઓએ હાથમાં લીધેલી સડકો તે પહેલાં ઉઘડી ન હતી.

આ વિલંબથી બ્રિટિશ વેપારીઓ નારાજ થયા અને ૧૮૫૮ માં આ વિલંબનાં કારણો તપાસવા એક હાઉસ ઑફ કૉમન્સની કમિટી નીમાઇ. કમિટીએ તપાસ કરીને રિપોર્ટ કર્યો કે વિલંબનું કારણ સરકારની દેખરેખની ખામી છે, અને તે સિવાય બીજાં પણ કારણો ગણાવ્યાં અને છેવટે ઉમેર્યું કેઃ—

૧ આ મોટાં કામો કરવાનું ખાનગી સાહસને સોંપવામાં સરકારે ડહાપણ કરેલું છે.

૨ આવા ગંભીર અને નવીન સાહસમાં નાણાં રોકવાની લોકને લાલચ આપવા સારૂ સરકારની જામીનગીરી જરૂરની છે.

૩ ઇન્ડિયાની ઉપજમાંથી ગેરવાજબી ખરચ ન થાય તે માટે સરકારની દેખરેખ જરૂરની છે અને ભાગીદારોના હિતને માટે પણ કિંમતી છે.

જો આ કમિટી ઉપર હિન્દુસ્તાનના લોકના પ્રતિનિધિઓ હાજર હત અથવા જો એમણે ઘણા હિંદના સાક્ષિઓ તપાસ્યા હત તો આ કમિટી બીજા અભિપ્રાય ઉપર આવત. અને તેણે એવો નિર્ણય કર્યો હત કે ઇન્ડિયાની હુપજને ગેરવાજબી ખરચમાંથી બચાવ કરવા સારૂ જરૂરનું છે કે છેવટની રાજ્યકીય જરૂરીયાતના કારણ સિવાય જામીનગીરીના ધોરણ ઉપર રેલ્વે બાંધવાનું હાથમાં લેવું ન જોઇએ. બધી લાઇનો સમગ્ર રીતે ખાનગી સાહસનેજ સોંપવી જોઇએ; અને હિન્દુસ્તાનની જરૂરીયાતોને માટે લોકોને સસ્તા વાહન તરીકે અને અનાવૃષ્ટિ અને દુષ્કાળમાંથી બચવાના સાધન તરીકે ન્હેરો વધારે અનુકૂલ છે.

પ્રકરણ ૬ ઠું.

રાજ્યવહીવટ.

૧૮૫૪ માં તાજે થયેલો કમ્પનીનો પટો ૧૮૫૪ માં ખતમ થવાનો હતો. ફરીથી એને તાજો કરવાની તૈયારીઓ ચાલતી હતી, અને બન્ને સભાઓએ પોતપોતાની સિલેક્ટ કમિટીઓ હમેશના રિવાજ મુજબ પાછલા રાજ્યવહીવટની તપાસ કરવા સારૂ નીમી હતી. આ વખતે લેવાયલા પુરાવા દફ્તરી પુસ્તકોમાં પ્રસિદ્ધ થયેલા છે અને તેમાંથી મહારાણીશ્રીના રાજ્યના પ્રથમ ભાગના ઇતિહાસ માટે કિંમતી સાધનો મળી આવે છે.

દીવાને ખાસની સિલેક્ટ કમિટી ૧૮૫૨ માં બેઠી હતી. તેમાં કારમો મેલ્વિલ, સર જોર્જ કલાર્ક, જૉન સ્ટુઅર્ટ મિલ અને બીજા મહત્વના સાક્ષીઓની જુબાનીઓ લેવાઇ હતી. તેમણે ૧૮૫૨ માં પોતાનો રિપોર્ટ મોકલાવ્યો. વળી ૧૮૫૨–૫૩ માં ઉમરાવોની એક સિલેક્ટ કમિટી બેઠી હતી અને ૧૮૫૩ માં તેણે ત્રણ રિપોર્ટો રજુ કર્યા. આ કમિટીએ પણ લોર્ડ હાર્ડિંજ, લોર્ડ ગફ, સર ચાર્લ્સ નેપિયર, સર એડવર્ડ રાયન, સર અર્સ્કિન પેરિ, સર ચાર્લ્સ ટ્રેવેલ્યન, ફ્રેડ્રિક હેલિડે, જોર્જ કેમ્પબેલ, એલેકઝાન્ડ ડફ, જૉન માર્શમન, અને હારેસહેમેન વિલ્સન–વિગેરે પ્રસિદ્ધ પુરુષોની જુબાનીઓ લીધી હતી.

તેજ પ્રમાણે ૧૮૫૯ માં દીવાને આમની ચુનંદી કમિટી જેમાં સરકારના બજાનચી, લોર્ડ જોન રસલ, સર ચાર્લ્સ ઉડ, ક્રાંબ્ડન, ગ્લેડસ્ટન અને બીજા સભાસદો બેઠા હતા, તેમણે લૉર્ડ એલ્ફિન્સ્ટન, લૉર્ડ એશબરટન, લૉર્ડ હાર્ડિંજ, સર જોર્જ કલાર્ક, કારમો મેલ્વિલ, હેનરિ લિ બ્રિન્સેપ અને બીજા સાક્ષિઓ તપાસ્યા હતા અને ૧૮૫૨ ના જુનમાં તેમણે રિપોર્ટ કર્યો. વળી ૫૨–૫૩

ની પાર્લામેન્ટની બેઠક વખતે પાછી સિલેક્ટ કમિટિ બેઠી, જેમાં ઉપરના સભાસદો ઉપરાંત લોર્ડ મેકૅાલે, લોર્ડ સ્ટાન્લી, અને લોર્ડ પામર્સ્ટન હતા. આગણે પણ મહત્વના સાક્ષિઓ તપાસ્યા અને ૧૮૫૩ ના મેથી ઑગસ્ટ સુધીમાં ત્રણ રિપોર્ટો રજુ કર્યા.

આ પ્રકરણમાં આ જુબાનીઓનો સાર આપવો અશક્ય છે, પણ રાજ્યવ્યવસ્થાની જે પદ્ધતિ આ વખતે ચાલતી હતી તેનું આ ગૃહસ્થોના અભિપ્રાયની મદદ લઈને આપણે અવલોકન કરીશું.

બેવડો રાજ્યતંત્ર.

૧૭૮૪ ના પિટના કાયદાને અનુસરીને ૧૮૩૪ ના કાયદાથી હિન્દુસ્તાનને માટે બેવડું રાજ્યતંત્ર નિર્માણ કરવામાં આવ્યું હતું. રાજ્યવહીવટની સર્વ સત્તા ઇસ્ટ ઇન્ડિયા કમ્પનીના ૨૪ ધુરંધરો–સૂત્રધારોના હાથમાં રાખવામાં આવી હતી અને તેના ઉપર અંકુશ રાખવાની સત્તા તાજે નીમેલી એક સર્વોપરિ સભાને સોંપવામાં આવી હતી. કમ્પનીનો વેપાર બંધ પડયો અને ૧૮૩૪ થી હિંદુસ્તાનના રાજ્યકર્તા તરીકેજ તે રહી. એવું ઠરાવવામાં આવ્યું કે કમ્પનીના સૂત્રધારોની સર્વ સત્તા સર્વોપરિ સભાના અંકુશમાં રહે; પણ એ કાયદામાં મુકરર કરેલી કેટલીક જગાઓ પુરવાના સંબંધમાં કમ્પનીના સૂત્રધારોની સત્તા નિરંકુશ હતી. સૂત્રધારોની સત્તા બધું આરંભ કરે, સર્વોપરિ સભા બધા ઉપર અંકુશ રાખે. કામની સગવડ માટે ૨૪ સૂત્રધારો ત્રણ કમિટીમાં બ્હેંચાઇ ગયા હતા. (૧) કોષ કમિટી. (૨) રાજકીય અને લશ્કરી ખાતાને માટે કમિટી. (૩) મ્હેસુલ અને ઇન્સાફ ખાતાની કમિટી.

છતાં એક એવી બાબત હતી કે જેના સંબંધમાં આરંભ કરવાની સત્તા કમ્પનીના સૂત્રધારોને આપવામાં આવી ન હતી. ઇસ્ટ ઇન્ડિયા કમિટીની એક રાજ્ય રહસ્ય કમિટીની સાથે મસલત કરીને યુદ્ધની પ્રવૃત્તિ

નિવૃત્તિના નિર્ણય સર્વોપરિ સભા કરતી. મોટા રાજકીય સ્વરૂપનાં કાર્યો જેમાં યુદ્ધની પ્રવૃત્તિ નિવૃત્તિના સવાલોના નિર્ણય કરવાના હોય તે તાજના પ્રધાનની સત્તામાં છે એમ માનવાનું હતું, પણ તે સત્તા કમ્પનીના સૂત્રધારોથી સ્વતંત્ર રીતે વર્તનારી ઇસ્ટ ઇંડિયા કમ્પનીની એ રહસ્યકમિટીની મારફત ઇન્ડિયા સરકારની સાથે મસલત કરીને અમલમાં મૂકવાનો વહીવટ હતો.

સર્વોપરિ સભાનો અધ્યક્ષ જે બ્રિટિશ પ્રધાનમંડળનો પણ સભાસદ હતો, તેના કૃત્યથી ઘણીવાર કમ્પનીના સૂત્રધારોની સંમતિ સિવાય હિન્દુસ્તાનને લડાઈમાં ઉતરવું પડતું. જો કોર્ટ ઓફ ડિરેક્ટર–સૂત્રધાર સભાને–આ બાબતમાં કાંઇ સત્તા હોત તો લોર્ડ ઓકલન્ડની અફઘાન લડાઇ જેમાં ૧૫૦૦૦ માણસો અને કરોડો રૂપીયાનું નુકસાન થયું તે અટકાવાયું હોત. તેજ પ્રમાણે બ્રહ્મદેશની લડાઇના સંબંધમાં પણ કમ્પનીના સૂત્રધારોને ફર્યાદનું કારણ હતું.

આવી અસંતોષકારક ગોઠવણથી ઉગ્ર સામ્રાજ્યભાવનાવાળા લૉર્ડ પામર્સ્ટન જેવા બ્રિટિશ પ્રધાનો હિન્દુસ્તાનને બ્રિટિશ સ્વાર્થો સાધવા માટે વખતો વખત સવારીઓ અને લડાઇઓમાં ગુંચવી શકતાઃ અને પોતાની મંજુરી કે માહિતી વિના આદરેલી લડાઇઓને માટે પણ સૂત્રધાર સભાને નાણાંની સગવડ કરી આપવી પડતી. કમ્પનીની સૂત્રધાર સભાના દોષો થોડા નથી કારણ કે હિન્દુસ્તાનના પ્રાચીન કાયદાનો ખોટો અર્થ કરીને દેશી રાજ્યોના મુલકોને ખાલસા કરવાથી એમણે પોતાનો નાશ ત્વરિત કર્યોઃ પણ અમને ઇનસાફ કરવાની ખાતર કહેવું જોઇએ કે વિક્ટોરિયન યુગની ખરાબમાં ખરાબ લડાઇઓ–અફઘાન સિંધ અને બ્રહ્મદેશનાં યુદ્ધો–એને માટે સૂત્રધાર સભા જવાબદાર નથી.

સરકારના બંધારણની આ દેખીતી ખામીને બાજુ ઉપર મૂકીએ તો વ્યવહારમાં આ બેવડી લગામની પદ્ધતિ ઠીક નીવડી. તે પદ્ધતિમાં કમ્પનીના

સૂત્રધારો આવશ્યક અંકુશમાં રહેતા અને તાજના પ્રધાનોને જવાબદારી રહિત સત્તા આપવાના દૂષણમાંથી મુકત રહી શકાયું. આ કાળનો ડાહ્યામાં ડાહ્યો અને સમર્થતમ ગવર્નર જનરલ કહી ગયો છે કે, તાજને વધારે આગળ લાવવા કરતાં આ એવડી લગામની પદ્ધતિ વધારે સારી છે અને ઓગણીસમા સૈકાના સમર્થ અને દૂરદૃષ્ટિવાળા રાજ્ય–તત્વચિંતકે આ પદ્ધતિ પસંદ કરી હતી. ૧૮૨૩ થી ૧૮૫૨ સુધીનાં ત્રીસ વર્ષોમાં જોન સ્ટુઅર્ટ મિલ હિન્દુસ્તાનના પત્ર વ્યવહારનો મદદનીશ પરીક્ષક હતો અને તેથી જે પદ્ધતિમાં એણે પોતે કામ કર્યું હતું તેના સંબંધમાં જે એ બોલે તે પ્રમાણભૂત ગણી શકાય.

જોન સ્ટુઅર્ટ મિલે આપેલો પુરાવો.

" એક દેશમાં બીજા દેશ ઉપર રાજ્ય કરવા માટે એવું મંડળ સ્થાપવું કે જેને તે દેશના સદ્‌રાજ્યમાં પ્રબળ સ્વાર્થ હોય એ અસંભવિત જેવું છે. પણ જો તે ન બનીશકે તો તેના પછી સારામાં સારૂં એ છે જે અસદ્ રાજ્યમાં કંઈ પણ સ્વાર્થ ન હોય એવું મંડળ સ્થાપિત કરવું; અને હું ધારૂંછું કે હિન્દુસ્તાનના કાર્યભાર માટે જે મંડળો અત્યારે આ દેશમાં વિદ્યમાન છે તેને કોઇ પણ પ્રકારના દુષિત સ્વાર્થના અભાવને માટે જગતના કોઇ પણ રાજ્યની સાથે સરખાવી શકાશે.

" કમ્પનીની સૂત્રધાર સભાને વિચારને ગતિમાં મૂકવાનો અધિકાર છે પણ તે છેવટનો નિર્ણય આપી શકતી નથી; તેમજ બીજી સત્તાની સમતિ વિના કોઇ કૃત્યનો આદર પણ કરી શકતી નથી તેમજ તે સત્તા પાસે પોતાના વિચારોનો સ્વીકાર કરવાને દ્વંદ્વવાદના બળ સિવાય બીજી કાંઇ સત્તા એમની પાસે નથી; તેથી આવું મંડળ વિચારને ગતિમાં મૂકવાની તેમજ નિર્ણય કરવાની બે

સત્તાવાળા મંડળના પ્રમાણમાં પોતાનાં કૃત્યો ઉપર બહુ વધારે કાળજીથી વિચાર કરશે એવો સબળ સંભવ છે.

"હિન્દુસ્તાનનું રાજ્ય એ સેક્રેટરી ઓફ સ્ટેટ દ્વારાજ ચલાવવું એ આ દેશમાં સંભવી શકે એવું પૂર્ણ આપખુદી સત્તાનું રાજ્ય થશે; કારણ કે ચર્ચા અને વિચારને માટે કાંઇ પણ અવકાશ રહેશે નહિ; બેશક સેક્રેટરી ઓફ સ્ટેટના તાબાના અમલદારો સાથે વિચાર કરવાની તક છે અને રહેશે પણ તેનો કંઇજ અર્થ નથી કારણ કે તેમની સલાહ અને અભિપ્રાય સાંભળવાને માટે સેક્રેટરી ઓફ સ્ટેટ બંધાયલા નથી; અને જો બંધાયલા હોય તોપણ તેમની સલાહ અથવા અભિપ્રાય માટે તેઓ જવાબદાર ન હોવાથી એ સલાહની કિમ્મત બહુ ઘટી જાય છે."

જોન સ્ટુઅર્ટ મિલે આ અભિપ્રાય આપ્યાને પચાસ વર્ષ થઇ ગયાં છે અને પચાસ વર્ષનો આપણો અનુભવ આ મ્હોટા તત્વજ્ઞાનીની દીર્ઘદૃષ્ટિ અને તેના ડહાપણની સાક્ષી પૂરેછે. આ પચાસ વર્ષમાં અનુભવને બળે હિન્દુસ્તાનનો રાજ્યકાર્યભાર ઘણી બાબતોમાં સુધર્યો છે પણ એમ કહેવામાં પણ કાંઇ ખોટું નથી કે સેક્રેટરી ઓફ સ્ટેટના જવાબદારી વિનાના રાજ્યથી ઘણાં માઠાં પરિણામ પણ ઉપજ્યાં છે. સર્વોપરિ સભા જેવી રીતે સૂત્રધાર સભા ઉપર અંકુશ રાખતી તેવી રીતનો કાંઇ પણ અંકુશ સેક્રેટરિ ઓફ સ્ટેટના કૃત્ય ઉપર નથી; હમણાંના રાજ્યતંત્ર ઉપર સામયિક તપાસ થતી નથી-જેવી કમ્પનીના કારભાર વખતે પટો તાજો કરવા વખત થતી હતી તેવી; અને જે ઇર્ષ્યા પ્રેરિત પણ વાસ્તવિક રીતે લાભદાયક વિવેચન કમ્પનીના વખતમાં તેનાં કૃત્યો ઉપર થતું તેવું વિવેચન હાલ સેક્રેટરી ઓફ સ્ટેટનાં કૃત્યોને અંકુશમાં લાવવા અથવા સુધારવા માટે થતું નથી અને જવાબદારી શૂન્ય રાજ્યતંત્રનાં પરિણામ સાવ સારાં નથી આવ્યાં. માત્ર નાણાં પ્રકરણી બાબતો ઉપરથીજ જોઇએ તો કમ્પનીના રાજ્યનાં છેલ્લાં પાંચ વર્ષોમાં હિન્દુ-

સ્તાનની વાર્ષિક ઉપજ ત્રણ કરોડ પાઉંડ સ્ટાર્લિંગ હતી અને આ રકમમાંથી માત્ર પાંત્રીસ લાખ પાઉંડ વિલાયતમાં થતા ખરચ બદલ મોકલવામાં આવતા. પણ મહારાણી વિકટોરિઆના છેલ્લા વર્ષમાં (૧૯૦૦–૧૯૦૧) ઉપજ લગભગ બમણી થઈ છે એટલે રેલ્વે અને જલાશયોની ઉપજ બાજુ ઉપર રાખતાં પાંચ કરોડ પચાસ લાખ પાઉંડ સ્ટાર્લિંગ થઈ છે; જોકે રાજ્યની સીમા એની એજ છે અને લોકની સંપત્તિ અને આમદાની નિઃસંશય વધ્યાં નથી અને વિલાયતના ખરચ બદલ એક કરોડ શિત્તેર લાખ જેટલી રકમ વર્ષો વર્ષ મોકલવી પડે છે. આ અસંખ્ય અપવાહ (પચાસ વર્ષમાં પાંચ ઘણો) ઇસ્ટ ઇન્ડિયા કમ્પનીના રાજ્યમાં અશકય હતો.

બ્રિટિશ વેપારીઓનો અભિપ્રાય.

બ્રિટિશ વેપારીઓ–કારીગરોની હમેશાં એવી ઇચ્છા હતી કે હિન્દુસ્તાન ઉપર સદ્‌રાજ્ય હોય, પણ સદ્‌રાજ્ય જે પ્રબળ સ્વાર્થ હોવાથી ફલિત થાય છે તે સ્વાર્થ તેમનામાં હતો નહિ, હોઈ શકે પણ નહિ. પ્રથમ દરજ્જે તેઓની પોતાના વ્યાપારના હિત તરફ જ નજર હોય; અને તેઓ એમ માનતા હતા કે જો ઇસ્ટ ઇન્ડિયા કમ્પની લય પામે અને હિન્દુસ્તાન કિરીટેશ્વરના પ્રધાનના તાબામાં મૂકાય તો તેવા પ્રધાન ઉપર દબાણ લાવ્યાથી હિન્દુસ્તાન સાથેના વ્યાપારના સંબંધમાં કેટલાક લાભો મેળવી શકાય. તેથી મેન્ચેસ્ટર બર્મિંગહેમ, અને લિવરપુલના અભિપ્રાયો લૉર્ડ હાર્ડિંજ અને જોન રસેલ મિલના અભિપ્રાયથી ભિન્ન હોય અને તેઓ રાજ્યના પ્રધાનદ્વારા હિન્દુસ્તાનનું રાજ્ય ચલાવવાનું સૂચવે એમાં જરાપણ આશ્ચર્ય લાગે તેવું નથી.

માન્ચેસ્ટરે એક જાહેર સભા ભરીને એ મતલબનો ઠરાવ કર્યો કે "હિન્દુસ્તાનમાં ઇન્ડિયાના કામ કરનાર મંડળમાં તલસ્પર્શી સુધારા જ્યાં સુધી થાય નહિ ત્યાં સુધી હિન્દુસ્તાનના રાજ્યવહીવટનાં દૂષણો મટાડવાની કંઈ ખાત્રી આપી શકાતી નથી અને અમારો એવો અભિપ્રાય છે કે ઇસ્ટ

ઇન્ડિયા કમ્પનીના ભાગીદારો અને સૂત્રધારોનો હિન્દુસ્તાનના રાજ્યતંત્ર સાથેનો સંબંધ તદન છૂટી જવો જોઇએ અને તે રાજ્યતંત્ર રાજાએ નીમેલા અને પાર્લમેન્ટને સીધી જવાબદારીવાળા એક પ્રધાનના હાથમાં મૂકવું જોઇએ."

ત્રિવરપુલના ૪૨૮ ઇન્ડિયા અને ચાઇના એસોસિએશને હિન્દુસ્તાનનાં બંદરો સાથે દેશના અંદરના ભાગના વ્યવહારનાં સાધનોમાં સુધારો કરવાની જરૂર બતાવી અને હિન્દુસ્તાનના અતિશય ભૂમિકરની રહામે અને સુવર્ણના સિક્કાને દબાવી દીધાની રહામે વાંધો લીધો; ઇન્સાફ ખાતાના અને પોલિસ ખાતાના વહીવટમાં સુધારા કરવાની માગણી કરી; જકાતખાનામાં જે વિઘ્નો થતા તેની રહામા પોકાર કર્યો; અને પૂર્ણ નમનતાઇથી સર્વોપરિ સભાના હાથમાં કોઇ પણ પ્રકારથી પ્રત્યક્ષ સત્તા અને દેખરેખનો અધિકાર મૂકવાની સૂચના કરી.

બર્મિંગહામના લોકોએ બહુ સીધા અને સ્પષ્ટવક્તૃપણાથી પ્રાર્થના કરી કે ચાલતું એવડા રાજ્યનું ધોરણ રદ કરીને બ્રિટિશ કિરીટેશ્વરી નીમાયલું અને પાર્લમેન્ટને પ્રત્યક્ષ રીતે જવાબદાર એવું વિલાયતમાં રાજ્યતંત્ર સ્થાપવું.

બ્રિટિશ સામ્રાજ્યની રાજ્યતંત્રની નીતિ રાજપુરૂષો અને તત્વચિંતકોથી ઘડાતી નથી પણ વેપારીઓ, કારખાનાવાળાઓ અને ગ્રેટબ્રિટનના મત આપનારાઓથી ઘડાય છે, એટલે જ્યારે વેપારીઓ અને કારખાનાવાળાઓની ઇચ્છા તાજના રાજ્યની થઇ એટલે પછી, તે પ્રકારનું રાજ્યતંત્ર દાખલ કરવાનો સવાલ માત્ર વખતનોજ સવાલ હતો.

પ્રતિનિધિતત્વની માગણી.

બીજી તરફ આપણા દેશમાંથી જુદી જ માગણીઓ થવા લાગી હતી.

'મદ્રાસ નેટિવ એસોસિયેશને' મદ્રાસની કાઉન્સિલના સંબંધમાં નીચે મુજબ સૂચના કરી હતીઃ—

" મદ્રાસની સભા અમલદાર અને બીન અમલદાર બન્નેની મળીને થવી જોઇએ. દરેકના છ અથવા સાત સભાસદો હોવા જોઇએ.અમલદારો સરકારે નીમવાના અને બીનઅમલદાર મદ્રાસના કર ભરનારા અને નાની મોટી જુરીઓમાં બેસવાને અધિકારી હોય એવા ગૃહસ્થોએ ચુંટી કહાડેલા અઢાર અથવા વીસની એક યાદીમાંથી પસંદ કરવા; અથવા આપ નામદારને જેવી રીતે યોગ્ય લાગે તેવી રીતે પસંદ કરવા. ગવ્હર્નર સાહેબના છેલ્લા અભિપ્રાયથી અમલદારો દરેક મહત્વની બાબતમાં પોતાનો અભિપ્રાય અમલમાં મૂકી શકે. આથી આ યોજનાને સફળ કરવામાં કંઇ જ બાધ આવવા સંભવ નથી અને દરેક વિષય ઉપર જોઇએ તેટલી માહિતી મળી શકશે. "

બોમ્બે એસોસિએશન અને બીજી એસોસિએશનના સભાસદોએ અરજ કરેલી કે " પોતાના રાજ્યમાં હાલ છે તેના કરતાં વધારે ભાગ લેવાનો હિંદુસ્તાનના દેશીઓનો હવે હક થયો છે; અને લોર્ડ એલિનબરો અને લે.ર્ડ એલ્ગિન્સ્ટને જેવી રીતે કહ્યું છે તેવી રીતે સામાન્ય રાજ્યનીતિ અને કાયદાની બાબતોમાં પ્રાંતિક સરકારોની સભાઓમાં દેશીઓને સ્થાન મળવું જોઇએ. "

બ્રિટિશ ઇન્ડિયન એસોસિએશને અને બંગાળા ઇલાકાના સભાસદોએ પાર્લમેન્ટના વિચાર માટે નીચેની દરખાસ્ત મૂકી કે " કલકત્તાની પ્રબન્ધ સભા દરેક પ્રાન્તના સહુથી વધારે આબરૂદાર અને લાયક દેશીઓમાંથી પસંદ કરેલા દરેક પ્રાન્તને માટે અેકેક એવી રીતે ત્રણ દેશીઓઃ સરકારને પોતાના હિત સાચવવા માટે ટોચના અમલદારોમાંથી દરેક પ્રાન્તને માટે અેકેક એવી રીતના ત્રણ અમલદારો અને એક તાજે નિમેલો સભાસદ એવા સાત સભાસદોની બનાવવી જોઇએ. "

જ્યારે હિન્દુસ્તાનની સર્વ સભાઓએ આ પ્રમાણે સાવધાની ભરેલી અને ઘણે અંશે બીકણ દરખાસ્તો પાર્લમેન્ટ સમક્ષ રજુ કરવાની સાથે ઊંચા

દરજ્જાની નોકરીઓમાં વધારે ભાગ આપવાની અરજો કરી: આ અરજ ૧૮૩૩ ના પ્રસિદ્ધ વાકયને આધારે કરવામાં આવી હતી, જે વાકય હાઉસ ઑફ કૉમન્સમાં બહુજ વખણાયું હતું અને જેનો હિન્દુસ્તાનમાં કેવળ અનાદર કરવામાં આવ્યો હતો: અને જે વાકયથી આપેલા કૉલનો ભંગ થયાની બાબત અંગ્રેજ સાક્ષિઓએ જ સાબિત કરી હતી. ૧૮૪૩ થી ૧૮૪૮ સુધીના વાઇસરૉયની સભાના પ્રબન્ધ મંત્રી હે કૅમરોનનો મત આ બાબતમાં બહુ જોરદાર હતો.

સ૦ (લૉર્ડ મૅાન્ટીગલ) જો વાકયનો જ સવાલ હોય તો છેલ્લા કાયદાની ૮૭ મી કલમમાં જે શબ્દોમાં દેશીઓની પાત્રતાને માટે કહેવામાં આવેલું છે તેના કરતાં વધારે મજબૂત વાકય હોઇ શકે ?

જ૦ (કૅમરોન) ના, મને તે ઘણું સ્પષ્ટ અને ઘણું મજબૂત જણાય છે.

સ૦ (મૅાન્ટીગલ) તમે જે વિશાળ અર્થમાં એ વાકયનો અર્થ કરો છો તે અર્થમાં તે સમજતાં એ વાકયના યોજનારની ધારણાઓ સફળ થઈ હોય એવો તેનો વ્યવહારમાં ઉપયોગ થયો છે ?

જ૦ (કૅમરોન) ના, તેથી ઉલટોજ. એ કાયદાની એ કલમને પરિણામે મારા જાણવા પ્રમાણે કોઇ એક પણ દેશી એ વાકય વિના એની જે સ્થિતિ હોત તેના કરતાં વધારે સારી સ્થિતિમાં આવ્યો નથી.

સર ચાર્લ્સ ટ્રેવેલ્યનનો અભિપ્રાય વધારે જોરદાર હતો. એણે પૂર્વની સામ્રાજ્ય ભાવનાઓવાળી પ્રજાઓના ઇતિહાસ ઉપર ધ્યાન દોર્યું અને બતાવ્યું કે સ્થાયી સામ્રાજ્યો વિજેતાઓની સાથે પૂર્ણપણે સમતાના ધોરણના પાયા ઉપરજ રચાયલાં હતાં અને તેણે અભિપ્રાય આપ્યો કે હિન્દુસ્તાનનું સામ્રાજ્ય આપણા હાથમાં રાખવાનો સારામાં સારો રસ્તો એ છે કે સારા પગારની અને વિશ્વાસની નોકરીઓ ઉપર દેશીઓને રાખવા: પણ તેઓ પોતાનાં તે કર્ત્તવ્યો બરાબર બજાવી શકે તે સારૂ તેમને તેથી ઊંચા પ્રકારની કેળવણી આપવી.

૧૮૩૩ નો કાયદો સાચા લિબરલ સંપ્રદાયની પૂરી ભરતીના વખતમાં ઇંગ્લંડનો રિફૉર્મનો કાયદો પસાર થયો, તે પછી તરતજ પસાર થયો હતો. તે પછી સાચું લિબરલપણાનો ઓટ થયો છે અને ઇંગ્લંડમાં સામ્રાજ્ય ભાવનાની ભરતી આવી છે અને હિન્દુસ્તાનના લોકને માટે લાગણી મંદ થઇ છે. આ શોકજનક વાતનો પુરાવો ફ્રાન્સિસ રોબિન્સન આ પ્રમાણે આપે છે.

તેણે કહ્યું કે, હિન્દુસ્તાનમાં રાજ્યકર્ત્તા કોમમાં હિન્દના લોકોને માટે અણગમાની મજબૂત લાગણી છે. આ વાત લોર્ડ વિલ્યમ બેન્ટિન્ક જેણે આ લાગણીને હલકી પાડવા અને જનસમાજની પાયરીઓમાં દેશી લોકોને ઉંચે ચઢાવવાને યત્નો કર્યા હતા તેના જેવી સારી રીતે બીજું જોઇ જાણતું નહતું. પણ લોર્ડ વિલ્યમ બેન્ટિન્કના સુધારાઓને બે જમાના વીતી ગયા હતા. વિશ્વાસ અને જવાબદારીની કેટલીક જગાઓ જેવીકે પ્રિન્સિપલ સદર અમીન, ડેપ્યુટી મેજીસ્ટ્રેટ, ડેપ્યુટી કલેકટર એવી જગ્યાઓ તેણે કહાડી હતી પણ તેણે હિન્દુસ્તાન છોડયું તે પછી તે દિશામાં વિશેષ ઉત્કર્ષ થયો ન હતો. ૧૮૨૮ અને ૧૮૪૯ માં સરકારની ઊંચી નોકરીઓમાં રાખવામાં આવેલા દેશીઓની સંખ્યા નીચેના કોઠા ઉપરથી જણાશે.

જગા.	૧૮૨૮	૧૮૪૯
પ્રિન્સિપલ સદર અમીન.	...	૬૪
સદર અમીન.	૧૫૭	૮૧
મુનસફ.	૮૬	૪૯૪
ડેપ્યુટિ મેજીસ્ટ્રેટ.	...	૧૧
ડેપ્યુટી અને મદદનીશ કલેક્ટર.	...	૮૬

કલેક્ટરના મદદનીશ.	...	૨૭
આબકારી સુપરિન્ટેન્ડેન્ટ.	...	૧૫
તાલુકદાર.	૩૫૬	૨૭૬
શિરસ્તેદાર.	૩૬૭	૧૫૫
મામલતદાર.	૯	૧૧૦
દફ્તરદાર.	૨	૧૯
કમાવીસદાર.	૫૭	...
અદાલતી.	...	૫
મીર મુનશી.	...	૧
કેળવણી ખાતામાં.	૧૪	૪૭૯
પરચુરણ.	૧૪૯	૯૯૦
કુલ.	૧૧૯૭	૨૮૧૩

આમ લગભગ ત્રણ હજાર દેશીઓ બ્રિટિશ ઇન્ડિયામાં સરકારની નોકરીઓમાં હતા, તેમાંના એક હજાર જેટલાજ કંઇક આબરૂ, વિશ્વાસ અને જવાબદારીની નોકરીઓ ઉપર હતા.

રાજ્યકારભાર.

૧૮૩૩ નો કાયદો જે ૧૮૩૪ માં અમલમાં મૂકાયો તેના મુખ્ય ફેર-

ફારોમાં બંગાળા અને આગ્રામાં જુદી જુદી સરકારો સ્થાપવાનો એક ઠરાવ હતો. હજી બંગાળા ગવ્હર્નર જનરલના અપરોક્ષ કાબુ નીચે હતું; અને સર ચાર્લ્સ મેટકાફને આગ્રાનો પહેલો ગવ્હર્નર નીમ્યો. ગવ્હર્નર જનરલની કાર્યભારસભામાં એક 'પ્રબન્ધસદસ્ય' નીમાયો અને તે જગા ઉપર મેકેાલેની યોજના કરી. અત્યાર સુધી બંગાળા, મદ્રાસ, મુંબઇ એ ત્રણે પ્રાન્તો પોતપોતાને યોગ્ય લાગે તેવા પ્રબન્ધો રચતા હતા. હવેથી પોતાની સભાની સહાયતા લક્ષને ગવ્હર્નર જનરલને આખા હિન્દુસ્તાન માટે કાયદા ઘડવાની સત્તા આપવામાં આવી.

હજી બંગાળાને માટે જુદો ગવ્હર્નર ન હતો. હિન્દુસ્તાનનો ગવ્હર્નર જનરલ તે બંગાળાનો ગવ્હર્નર પણ હતો. પણ હેન્રિ ટોબિ પ્રિન્સેપની નીમણુક બંગાળાની સરકારના તથા ઇન્ડિયા સરકારના—એ બન્ને સરકારોના સેક્રેટરિ તરીકે કરવામાં આવી હતી.

સિદ્ધાન્તમાં મદ્રાસ અને મુંબઇ એ બે સરકારોને પ્રથમ કરતાં ગવ્હર્નર જનરલના પ્રત્યક્ષ કાબુમાં વધારે મૂકવામાં આવી પણ કમનસીબે તેમની સરકારને આ પ્રાન્તોના રાજ્યતંત્રની સ્વતંત્રતામાં વચમાં આવવાની વૃત્તિ બીલકુલ ન થતી. માત્ર નાણાં પ્રકરણી બાબતોમાં અને ખરચનો સવાલ હોય તથા કાયદા બાંધવાની બાબત હોય તેમાં તે દરમિયાન આવે છે પણ રેવેન્યુલ, પોલિસ અને ન્યાયખાતાના સંબંધમાં કવચિત્જ.

જ્યારે ૧૮૪૬ માં પંજાબ પ્રાન્ત બાલસા કર્યો ત્યારે તે એક પાંચમો પ્રાન્ત થયો, અને તેના ઉપર એક બોર્ડ નીમ્યું, ત્રણ વર્ષ પછી બોર્ડ અથવા સભાનું ઉત્થાપન્ થયું અને જૉ। લૉરેન્સને ૧૮૫૨ માં સિફ કમિશનર નીમ્યો.

દરેક પ્રાન્તના જીલ્લા નામના વિભાગો પાડવામાં આવ્યા હતા અને દરેક જીલ્લા ઉપર ફોજદારી, મહેસુલી અને બીજી કારભારની ફરજો સાથે અધિકારીઓ નીમવામાં આવ્યા હતા; જે પાછળના સૈકામાં કૅલિક્ટર્સ અને

કૉર્નવાલિસે તંત્રની પદ્ધતિ પ્રમાણે કાર્યભાર ચલાવતા. અગત્યનાં ફૌજદારી કામો ન્યાયાધીશો પાસે ચાલતાં અને તેઓ તથા દેશી મદદનીશો બધું દીવાની કામ કરતા.

ન્યાયખાતું.

દરેક પ્રાન્તમાં બે ઊંચા દરજ્જાની કોર્ટો હતીઃ ૧ સદર કોર્ટ, જેમાં કમ્પનીના અમલદારો બેસતાઃ અને બીજી સુપ્રિમ કોર્ટ, જેમાં તાજના નીમેલા ન્યાયાધીશો બેસતા. આ વખતે એવો એક મત હતો કે આ બે કોર્ટો એકઠી કરી નાંખવી જોઇએ અને તે મતલબના અભિપ્રાયો સર આર્સ્કિન પેરિ મુંબઇની સુપ્રિમ કોર્ટના પહેલા પ્યુની જજ અને પછીથી વડા જજ સર એડવર્ડ રાયન બંગાળાની સુપ્રિમ કોર્ટના પ્યુની જજ અને ૧૮૨૭-૪૦ સુધી વડા જજ તેમણે તથા સર એડવર્ડ ગેમ્બીયર મદ્રાસના પ્યુની જજ અને ૧૮૩૬ થી ૪૦ સુધી વડા જજ એમણે પણ આપ્યા હતા. વકીલ મંડળનો અભિપ્રાય પણ જજોના જેવોજ વિશ્રિત હતો. બંગાળાનું બ્રિટિશ ઇન્ડિયન એસોસિએશન પણ એજ અભિપ્રાય ધરાવતું હતું. આવા પ્રબલ અને વગદાર અભિપ્રાય મુજબ જ્યારે કમ્પનીનો પટો તાજો કર્યો ત્યારે બંગાળા, મુંબઇ અને મદ્રાસ એ દરેક ઇલાકાની સદર અને સુપ્રીમ કોર્ટો એકત્ર કરવામાં આવી અને આ એકત્રિત કોર્ટને હાઇકોર્ટ એવું નામ આપ્યું.

૧૮૩૩ ના કાયદા પછી એક લૉ કમિશન નીમાયું. અને લૉર્ડ મેકોલે, હિન્દુસ્તાનના પહેલા પ્રબન્ધ મંત્રી, તેના અધ્યક્ષ થયા. તેણે ૧૮૩૭ માં ઇન્ડિયન પિનલ કોડનો મુસદ્દો કર્યો. તે પછી તે ઈંગ્લંડમાં પ્રમાણભૂત પુરૂષોને બતાવવામાં આવ્યો અને ૧૮૪૭ માં જ્યારે તેમની પાસેથી તે પાછો ફર્યો ત્યારે લૉ કમિશનના બાકીના સભાસદોએ તે ઉપર ફરી વિચાર કર્યો. તે પછી આ બાબત થોડીવાર ઉંઘમાં પડી અને તે પછી તે અસલ મુદ્દો બેથ્યુને એટલો બધો ફેરવી નાખ્યો કે તે બેથ્યુનકોડનો નામથી ઓળખાવા

લાગ્યો પરંતુ ઈસ્ટ ઇન્ડિયા કમ્પનીના લય પહેલાં આ ફોડનો કાયદો થયો ન હતો. ૧૮૪૮ ના લૉ કમિશને એક ફોજદારી કામ ચલાવવાની રીતનો ખરડો પણ તૈયાર કર્યો પણ તે કમ્પનીના અમલના લય પહેલાં કાયદો થયો નહતો. આ બન્ને કાયદાઓ લૉર્ડ કેનિન્ગે-હિન્દુસ્તાનના પહેલા વહાઇસરોયે -પસાર કર્યા હતા.

પ્રબંધોના સંગ્રહને અભાવમાં કમ્પનીના નોકરો જેટલું બનીશકે તેટલું સારૂં કામ કરતા અને ન્યાયની જગાઓમાં નીમાયલા દેશી અધિકારીઓએ આ વખતે, સામર્થ્ય યથાર્થ નિર્ણયબુદ્ધિ અને ન્યાયખાતાના કામને માટે યોગ્યતા એવાં તો સારાં બતાવ્યાં હતાં કે તેથી તેઓ ઊંચામાં ઊંચા અધિકારીઓની પ્રશંસા પામ્યા. સર એડવર્ડ રાયન તેમની શક્તિથી વિસ્મય પામ્યા હતા અને સર આર્સ્કિન પેરિ હિન્દુસ્તાનમાં ઘન્ધો કરતા બે અગ્રગણ્ય બૅરિસ્ટરોના અભિપ્રાયને મળતા હતા કે-" દેશી ન્યાયાધિકારીઓના નિર્ણયપત્રો કમ્પનીના જે ન્યાયાધીશો તેમના ઉપરની અપીલો સાંભળે છે તેમના નિર્ણયપત્રો કરતાં ઊંચી પંક્તિનાં છે. "

છતાં દેશી જજોને પગાર બહુ થોડા આપવામાં આવતા. સર આર્સ્કિન પેરિએ લૉર્ડસની કમિટી રૂબરૂ જુબાની આપેલી કે, " એક યુરોપિયન જજને વર્ષ દહાડાના ૩૦૦૦ પાઉંડ મળે અને દેશીને ૧૨૦ પાઉંડ. કૉમન્સની કમિટી રૂબરૂ સર આર્સ્કિન પેરીએ કહેલું કે:-

"બુદ્ધિવૈભવ અને નીતિસંબંધી યોગ્યતા જોતાં દેશીઓ હરકોઇ ન્યાયની જગા મેળવવાને લાયક છે. બીજા જજોની જગાઓ ઉપર મેં અંગ્રેજ બૅરિસ્ટરોને નીમવાની ભલામણ કરેલી છે: તે જગાઓ ઉપર દેશીઓને સામેલ રાખવા એ દેશના હિતને માટે અને હિન્દુસ્તાનના સદ્ રાજ્યને માટે ઘણું સલાહભરેલું છે. ઇંગ્રેજોને સારા પગારો આપી આપણે અંગ્રેજ અધિકારી વર્ગને બહુ ઉંચો રાખી શકયા છીએ: તેજ ધોરણે-એટલે સારા પગારો આપીને આપણને તેવાજ પ્રકારના દેશી અધિકારીઓ મળી શકશે એવો મ્હારો મત

છે." આસ્કિંન પેરિ માત્ર જજજ હતા તોપણ કચેરીની બહારના જગત્ને પણ ઓળખતા હતા, તે તેમને બહુ માન આપે તેવું છે. તેમણે આપણા વ્યાપારી-વર્ગને માટે કહેલું હતું કે "તેમની વ્યાપારિક પ્રામાણિકતા સુપ્રસિદ્ધ છે. એમની એક ચીઠ્ઠીની હિન્દુસ્તાનના એક છેડાથી બીજા છેડા સુધી કેટલી આબરૂ છે એ જોતાં તેમનામાં વ્યાપારી નીતિ કેવી ઊંચી હોવી જોઇએ તે સમજવા જેવું છે. વ્યાપારીઓના ચોપડાની પવિત્રતા એવી ઉંચી હતી કે કોઈ દેશી કચેરીઓમાં ચોપડો બતાવે એટલે તે વ્યવહારના સાચાપણા વિષે નિઃશંક પુરાવો મળ્યો એમ મનાતું.

અને આજ સંબંધમાં હિન્દુસ્તાનના લોક વિષે કર્નલ રશીમાનનો પુરાવો નોંધવા લાયક છે. ઠગીનો નિગ્રહ કરનાર આ અમલદાર લખે છે કે "મારી પાસે એવા સેંકડો પ્રસંગો બનેલા છે કે જ્યારે માણસના જનમાલ અને જૂઠાપણાનો જૂઠું બોલવા ઉપર આધાર હોય; છતાં તે માણસોએ જૂઠું બોલવાની ચોખ્ખી ના પાડેલી. કાયદાની કોર્ટો અને કચેરીઓમાં દેશી-ઓની સાથે સંબંધમાં આવેલા યુરોપિયનો આ અભિપ્રાયને ટેકો નહિ આપે; પણ જેમણે દેશીઓને પોતાના ગૃહજીવનમાં જોયા છે તે આને ટેકો આપ્યા વિના રહેશે પણ નહિ, કારણ કે આ બહુજ સાધારણ સત્ય છે કે પોતાના નિત્યજીવનમાં કુટુમ્બમાં તેમજ અરસપરસના ખાનગી તેમજ વ્યાપાર સં-બંધી વ્યવહારમાં હિન્દુસ્તાનની વિશાળ પ્રજા કોઇ પણ દેશની પ્રજા કરતાં સાદાઇમાં, પ્રામાણિકતામાં, વફાદારીમાં અને સત્યવાદીપણામાં ઉતરતી નથીઃ ગમે તે જોનાર આ સત્યનો સાક્ષાત્કાર કરી શકે એમ છે."

પોલિસખાતું.

પોલિસખાતું આજે તેમજ તે દિવસે પણ બહુજ અસંતોષકારક હતું. ફ્રેડ્રિક હેલિડે-જે પછીથી તરત બંગાળાનો લેફ્ટેનન્ટ ગવ્હર્નર થયો તે નીચે પ્રમાણે પોલિસખાતાના કારભારનું વર્ણન આપે છેઃ-

"ખરી વાત એ છે કે પોલિસખાતાના તાબાના નોકરોના પગાર બહુજ ટૂંકા રાખવામાં આવેલા છે અને તેમને લાલચો બહુ મ્હોટી હોવાથી પછી તેઓ ફસ્વતીઆ થયા છે. મેજીસ્ટ્રેટ અથવા ડેપ્યુટિ મેજીસ્ટ્રેટના હાથ નીચે. દરોગા અથવા થાણદારના હોદ્દાવાળા અધિકારીઓ છે, જેને હજી હમણાં સુધી મહીને ૨૫ રૂપિયાનો પગાર આપવામાં આવતો; જેને બ્હોળી સત્તા છે અને બસેથી ત્રણસો માણસ ઉપર હુકમત ભોગવે છે. દરોગાના હાથ નીચે કારકુન હોય છે, તેનું કામ જુબાનીઓ લખી લેવાનું અને દફ્તર રાખવાનું. જ્યારે દરોગો બહાર ગયો હોય અથવા દરોગો હુકમ કરે ત્યારે દરોગાનું કામ સંભાળવાનું પણ તેનું જ કામ અને તેનો પગાર મહિનાના રૂપિયા ૮ અઢાર. વળી એક જમાદાર રહે છે તેનો પગાર રૂપિયા ૮ થી ૧૦ અને તેનું કામ પણ દરોગાની સૂચના મુજબ લખવા સિવાયનું આવું જ કામ કરવાનું; અને વળી દસથી પચીસ સિપાહીઓ રહે છે તેમજ પગાર માસ એકના રૂ. ૪ થી ૫; આમને કદી બહુ કામ હોય ત્યારે તપાસો કરવાને માટે એકલા પણ મોકલવામાં આવે. આ બધા સરકારના પગારદાર નોકરો અને આમની નીચે ગામડાંના ચોકીદારો અથવા પગીઓ. "આમળ ચાલતાં હેલિડેએ કહ્યું:-"ગુન્હા ઓછા થાય છે એમ મારાથી કહી શકાય તેમ નથી. ગુન્હાની ઉગ્રતા ઘટતી જાય છે. નીચલા પ્રાન્તોમાં અને કલકત્તાની નજીકમાં લુંટફાટોની સંખ્યા પ્રથમ જેટલીજ છે પરંતુ તેમાં ક્રૂરતા અને ઉગ્રતા પ્રથમ કરતાં ઓછી જણાય છે."

બીજો સાક્ષી રોબર્ટ ટોરન્સ પોલિસ અને ન્યાયનું કામ એકજ અમલદારમાં હોવાની ફરિયાદ કરે છે અને તેને ઘણી અનિષ્ટતાનું કારણ બતાવે છે.

સ. (લૉર્ડ હેરોલિ) જે માણસ ગુન્હાની તજવીજ કરે છે તેજ માણસ શું તેનો પાછળથી ઇન્સાફ પણ કરે છે?

જ. (ટોરન્સ) હા.

સ. (હેરેાબિ) સિદ્ધાન્ત પક્ષે તેા આ વાંધાભર્યું છે પણ વ્યવહારમાં પણ એની અનિષ્ટતા જણાઇ છે.

જ. (ટોરન્સ) હું ધારૂં છું, અત્યંત વાંધાભર્યું છે, મારા અનુભવ પ્રમાણે.

ગ્રામ્યસંસ્થાઓ.

આ અરસામાં લોકની અને લોકની સંસ્થાઓની સહાયતા સ્વીકારીને પોલિસ અને સામાન્ય કાર્યભાર સુધારવાનો કોઇ પણ અમલદારે તનમનથી યત્ન કર્યો નથી એ જોવા જેવું છે. હિન્દુસ્તાન ગ્રામ્યસંસ્થાઓનો પ્રાચીનમાં પ્રાચીન પ્રદેશ છે અને સેંકડો હજારો વર્ષોથી દેશમાં અરાજકત્વ હોય તેમ છતાં આ સંસ્થાઓએ સુલેહ શાન્તિ જાળવી છે અને ગામડાંઓના કજીઆ-ઓના નિકાલો કરેલા છે.

૧૮૧૨ માં મદ્રાસ ઇલાકાના સંબંધમાં એક રિપોર્ટમાં લખેલું છે કે " આ સાદા પ્રકારના સ્વરાજ્યમાં આ દેશના લોકો પરાપૂર્વથી રહેતા આવ્યા છે. રાજ્યો અને મહારાજ્યો તૂટી જાય અથવા તેના કકડા પડી જાય તેની સાથે ગામડાંના લોકોએ કાંઇ પણ લેવા દેવા રાખી નથી. જ્યાં સુધી ગામ આખું રહે ત્યાં સુધી કયી સત્તાના હાથમાં તે સોંપાય છે તેની તેમણે દરકાર રાખી નથી. કયા બાદશાહને જય છે તે જોવાની પણ તસ્દી લીધી નથી. એની આંતરવ્યવસ્થા અવિકૃત રહી છે.

મુંબઇ ઇલાકાના એક રિપોર્ટમાં ૧૮૧૯ માં લખ્યું છે કે આ સંસ્થાઓ એક નાના સરખા રાજાના જેવી છે અને તગાગ રાજ્યવ્યવહાર એકવાર બંધ પડે તેાપણ પોતાનું રક્ષણ કરવાને શક્તિવાન છે.

ઉત્તર હિન્દુસ્તાનના સંબંધમાં સર ચાર્લ્સ મેટકાફ સને ૧૮૩૦ માં લખે છે કે:-"આ ગ્રામ્ય સંસ્થાઓ નાનાં પ્રજાસત્તાક રાજ્યો છે અને પોતાની જરૂ-

રીયાતો પૂરતું સઘળું તેનામાં સમાઇ રહેતું છે. જે વખતે અને જ્યાં કંઈપણ નભી શકે નહિ ત્યાં આ નભેલી છે. એક પછી એક રાજ્યવંશો પડી ભાગ્યા છે. એક પછી એક રાજ્ય પરાવર્તો થયે ગયાં છે. હિન્દુ, મુસલમાન, મોઘલ, મરાઠા, સીખ, અંગ્રેજ એ બધા વારાફરતી ધણી થયા છે, તોપણ ગ્રામ જનતા એની એજ રહી છે. દરેક ગ્રામ્ય સંસ્થા એક નાનું સરખું રાજ્ય હોય એવી રીતે આ ગ્રામ સંસ્થાઓના સંયોગથી આટલા બધા રાજ્યપરાવર્તો અને અને ફેરફારો વચ્ચે હિન્દુસ્તાનની પ્રજા સચવાઇ રહી છે અને તેથી તેમને સુખ ઘણું મળે છે અને ઘણા અંશમાં સ્વતંત્રતાનો ઉપભોગ પ્રાપ્ત કરવાનું પણ એ સાધન છે.

બ્રિટિશ રાજ્યકર્તાઓના અતિકેંદ્રનિષ્ઠ રાજ્યતંત્રથી આ સંસ્થાઓ દિવસે દિવસે નરમ પડી અને પરિણામે અસ્ત થઈ ગઈ એ બહુ શોકજનક છે. ગામના અગ્રેસરોના ઉપર કંઈક વિશ્વાસ મૂકયો હત, મ્હેસુલ, પોલિસ અને ફોજદારી કામોમાં કંઈ સત્તા આપી હત અને દુરુપયોગ ન થાય તે સારૂ કાળજીવાળું પણ અનુકમ્પાભર્યું ઉપરીપણું આપ્યું હત તો આ દિવસોમાં આ સંસ્થાઓ ઘણું સારૂં કામ કરી શકત, એમ હું ધારૂં છું. જૂના પ્રકારો કહાડી નાંખ્યા પછી નવો કોઇ પણ તંત્ર હજી ફતેહમંદ થયો નથી. અત્યારના રાજ્યકારભારે ગામડાના પ્રતિનિધિઓને કંઈજ મદદ કરી નથી; અને પરદેશી રાજ્યતંત્રમાં તે જનસમાજની સહાયતા–તે લોક સંસર્ગ જે હિન્દુ અને મુસલમાન રાજ્યો સેંકડો વર્ષો સુધી કહાપણથી રાખી શકમા હતા તેનો પૂર્ણ અભાવ છે.

કેળવણી.

બ્રિટિશ રાજ્ય દરમિયાન મળેલા અનેક લાભોમાં પાશ્ચાત્ય કેળવણી એ એક મોટામાં મોટો લાભ છે. ૧૭૯૨ માં જ્યારે વિલ્બર ફોર્સે હિન્દુસ્તાનમાં જાણાવનારાઓ મોકલવા સારૂ એ કલમો કાયદામાં વધારવાનો યત્ન કર્યો ત્યારે

તેના રહામે જબરો વિરોધ થયો હતો અને આખરે તે બે કલમો ખેંચી લેવી પડી હતીઃ પણ આ દરખાસ્તથી એક મોટી ચર્ચા ઉત્પન્ન થઈ.

તે પ્રસંગે એક ડાયરેકટરે એવું કહ્યું હતું કે "નિશાળો અને મોટી પાઠશાળાઓ સ્થાપન કરવા દીધાની મૂર્ખાઈથી આપણે અમેરિકા હમણાંજ ખોયું છે અને એવીજ મૂર્ખાઇ હિન્દુસ્તાનના સંબંધમાં કરવી એ બનવાનું નથી અને જો દેશીઓને કેળવણી જેવું કંઇ જોઇતું હોય તો તેમણે તે સારૂ ઇંગ્લંડ આવવું જોઇએ."

એટલે ૧૭૯૨ સુધી તો કલકત્તામાં ૧૭૮૧ માં વોરન હેસ્ટિંગ્સે સ્થાપેલી મહોમેડન પાઠશાળા અને બનારસમાં કોર્નવોલિસે સ્થાપેલી સંસ્કૃત પાઠશાળા એ બેજ કેળવણી સંબંધી સંસ્થાઓ હતી, પણ આ સંસ્થાઓનો હેતુ મૌલવી અને પંડિતો ઉત્પન્ન કરવાનોજ હતો–જેમનું ન્યાયની કોર્ટોમાં કામ પડતું. લોકોમાં કેળવણી ફેલાવવા તરફ અરૂચિ બીજાં વીસ વર્ષ ચાલી. માત્ર ૧૮૧૩ માં પાર્લમેન્ટે ૧૦૦૦૦ પાઉંડની રકમ ત્રણ પ્રાન્તોમાં કેળવણી પાછળ ખરચવાને કાઢી. છતાં ૧૮૨૩ સુધી એટલે આ હુકમને દશ વર્ષ થયાં ત્યાં સુધી આના સંબંધમાં કાંઇજ કરવામાં આવ્યું ન હતું.

દરમિયાન ખાનગી સાહસથી બંગાળામાં અંગ્રેજી કેળવણી શરૂ થઇ હતી. મિ. ડેવિડ હેર અને રામ મોહનરાય એ બે જણાઓનો આ શરૂઆતમાં ભાગ હતો. ૧૮૧૫ માં કેટલાક મિત્રોની સાથે આ બે જણાઓ એક સાંજે–દેશીઓનાં મન અને ચારિત્રને ઉન્નત કરવા માટે શું કરવું તેનો વિચાર કરવામાં ગુંથાયા હતા. રામ મોહનરાયની દરખાસ્ત એવી હતી કે એક સભા સ્થાપવી અને તેમાં વેદાન્ત અથવા પ્રાચીન હિન્દુધર્મના શુદ્ધ સિદ્ધાન્તોના ઉપદેશો આપવા. મિ. ડેવિડ હેર કલકત્તામાં એક ઘડીઆળી હતો. તે એક સાધારણ નિરક્ષર માણસ હતો પણ ઘણા ઉત્સાહવાળો અને વ્યવહારકુશળ હોવાથી તેની સલાહ એવી આવી કે દેશી છોકરાઓને માટે એક અંગ્રેજી

નિશાળ સ્થાપવી. તે પ્રમાણે તેણે તરતજ એક પત્ર ધડી કહાડયો અને તે સાંના અગ્રેસર યુરોપિયનોમાં ફેરવ્યો જેમાં વડા ન્યાયાધીશ સર હાઇડ ઇસ્ટ પણ હતા. આ સાલેએ ૧૮૧૬ ના મે માં યુરોપિયનોની એક સભા ભરી અને તેમાં લાગવગવાળા કેટલાક દેશીઓને પણ હાજર રહેવાનું આમંત્રણ કર્યું. અને ત્યાં એવો ઠરાવ થયો કે 'કલકત્તાની હિન્દુ કૉલેજ' એ નામની એક શાળા–ઊંચા વર્ગના છોકરાઓને ઈંગ્રેજી ભણાવવાની એક નિશાળ–સ્થાપવી. આ યોજના અમલમાં મૂકવા દેશી અને યુરોપિયનોની એક સંયુક્ત સભા નીમવામાં આવી. ૧૮૧૭ ની શરૂઆતમાં આ પાઠશાળા ઉઘડી અને બંગાળામાં અથવા હિન્દુસ્તાનમાં આ પહેલ વહેલી અંગ્રેજી નિશાળ હતી.

૧૮૧૨ માં પાર્લમેન્ટે દશ હજાર પાઉન્ડ કાઢયા. તે પછી જાહેર કેળવણી માટે એક કમિટી સરકારે નીમી. કમિટીએ આગ્રા અને દિલ્હીમાં મુસલમાન કૉલેજ કાઢી અને સંસ્કૃત અને અરેબિક ભાષામાં ચોપડીઓ છાપવાની અને યુરોપિયન વિદ્યાને એ ભાષામાં રૂપાન્તર કરવાની એક નિશાળ યોજના હાથમાં લીધી અને કમિટીએ કલકત્તાની હિન્દુ કૉલેજને એક વાર્ષિક લવાજમ બાંધી આપ્યું.

માઉન્ટ સ્ટુઅર્ટ એલ્ફિન્સ્ટન અંગ્રેજી કેળવણીનો મિત્ર હતો. ૧૮૨૦ માં મુંબઈની એક જાહેર સભામાં તેણે અધ્યક્ષપદ લીધું અને કેળવણીના વધારા માટે એક સભા નીમાઇ. આ સભા માટે ૫૦૦૦ પાઉંડની બક્ષીસ તેણે મેળવી આપી, અને તે પછીના સોળ વર્ષ સુધી દેશી ભાષામાં તમામ કેળવણી આ સભાના હાથમાં રહી. ૧૮૩૨ માં મુંબઇ ઇલાકામાં આ સભાના હાથમાં ૧૭૦૫ શાળાઓ હતી અને તેમાં ૩૫૧૪૩ વિદ્યાર્થીઓ શિક્ષણ લેતા હતા. મુંબઇમાં પહેલી અંગ્રેજી નિશાળ ૧૮૨૮ માં ઉઘડી. એલ્ફિન્સ્ટન ઇન્સ્ટિટ્યુશન ૧૮૩૪ માં ઉઘડયું.

મદ્રાસમાં મીશનરીઓના આશ્રયવાળી કેટલીક નિશાળો ૧૮૨૮ માં હતી પણ સરકારના આશ્રયની એક પણ શાળા નહોતી. પચૈયપ્પા નામના

એક હિન્દુએ મોટી રકમ ધર્માદા કાઢેલી હતી અને એના અવસાન-પત્ર ઉપરથી મિ. નોર્ટન-મદ્રાસનો એડ્વોકેટ જનરલ શીત્તેરથી એંશી હજાર પાઉંડ એકઠા કરવા શક્તિવાન્ થયો હતો. ૧૮૩૯ માં આ પૈસામાંથી એક મોટું કેળવણીનું મંદિર સ્થાપ્યું અને આ ધર્માદાના વહીવટને માટે દેશીઓની એક સભા સ્થાપી. આ પચૈયપ્પા કૉલેજ મદ્રાસની એક સારામાં સારી પાઠશાળા છે.

સર ચાર્લ્સ ટ્રેવેલ્યનના યત્નથી દિલ્હીમાં એક અંગ્રેજી કૉલેજ સ્થાપવામાં આવી હતી.

મેકોલેના હિન્દુસ્તાનમાં આવ્યાથી અંગ્રેજી કેળવણીને એક નવું ઉત્તેજન મળ્યું. તેની સહાયતાથી લૉર્ડ વિલ્યમ બેન્ટિન્કે માર્ચ ૭ સને ૧૮૩૫ નો પ્રસિદ્ધ ઠરાવ કર્યો જેથી ઉંચા પ્રકારની કેળવણીની ભાષા તરીકે અંગ્રેજી ભાષા હિન્દુસ્તાનમાં સ્થાપિત થઇ. જાહેર કેળવણીની કમિટીને મોટી કરવામાં આવી. સર એડવર્ડ રાયન હે કોમેરેન ત્રિગેરેનાં નામો ઉમેરાયાં; અને રાધાકાન્તદેવ, રસમયદત્ત, અને નવાબ નહાવરજંગ નામના ત્રણ તે કાલના પ્રસિદ્ધ દેશીઓને તે કમિટીના સભાસદોમાં નીમ્યા.

પરંતુ ઈંગ્રેજી કેળવણીને ઉત્તેજન આપવાની ઉદાર ઇચ્છા લૉર્ડ વિલ્યમ બેન્ટિન્કના ઉત્તર અધિકારીઓને પસંદ ન હતી. લૉર્ડ એલન્બરો જે ૧૮૪૨ માં હિન્દુસ્તાનનો ગવ્હર્નર જનરલ થયો, તેને ઈંગ્રેજી કેળવણીના ફળનો બહુ સંશય હતો અને તેના કહેવા પ્રમાણે દ્વારકાનાથ ટાગોરનો પણ તેવોજ બીકણ અભિપ્રાય હતો. લૉર્ડ એલન્બરો લખે છે કે:—

દ્વારકાનાથ ટાગોર, જેને આ દેશમાં આવેલા દેશીઓમાં હું સહુથી બુદ્ધિશાળી લેખું છું અને જે પોતાના દેશમાં સહુથી વધારે બુદ્ધિશાળીમાંને એક છે, તેણે એકવાર મારી મુલાકાત લીધેલી તે મને યાદ આવે છે, તેજ દિવસે દ્વારકાનાથ ટાગોરે દેશીઓને કેળવણી આપવાના સંબંધમાં કરેલું એક ભાષણ

મેં વર્ત્તમાનપત્રોમાં વાંચ્યું હતું અને જ્યારે તે ગૃહસ્થ મને મળવા આવ્યા, ત્યારે મેં તેમને પૂછ્યું કે તમે કેળવણી ઉપર ભાષણ કરો છો તે છપાયું છે? મેં કહ્યું, હા તેઓ બધું છાપે છે પણ જુઓ હું ને તમે આ ઓરડામાં વાતો કરીએ છીએ તે પ્રસિદ્ધ કરવા માટે કરતા નથી પણ આપણે ખરેખરૂં જે ધારતા હોઇએ તેજ આપણે અહીં એકમેકને કહેવાનું છે. તમે જાણો છો કે આ ગૃહસ્થો જો દેશીઓને કેળવણી આપવાની ઇચ્છા રાખે છે ને પોતાની તમામ ઇચ્છા પરિપૂર્ણ થાય તે રીતે કેળવણી આપવામાં સફળ થાય તો અમારે આ દેશમાં ત્રણ મહિના પણ રહેવાની જરૂર ન રહે; તેણે કહ્યું, "ત્રણ અઠવાડીઆં પણ નહિ." અને એમનો નિર્ણય સર્વાંશમાં સાચો હતો.

લૉર્ડ એલનબરોનો ઉત્તર અધિકારી લૉર્ડ હાર્ડિન્જ વધારે શક્તિવાન અને ડાહ્યો રાજ્યપુરૂષ હતો. તેણે બંગાળાના જુદા જુદા જીલ્લાઓ અને તેમાં દેશી ભાષામાં કેળવણી આપવા માટે સો શાળાઓ સ્થાપી.

આ શાળાઓમાં કેળવણી લીધા પછી ઇંગ્રેજીનો અભ્યાસ શરૂ કરવાની એક ગોઠવણ હતી અને જાહેર નોકરી માટે આ શાળાઓમાંથી પાસ થયેલાઓને પસંદ કરવાનો પ્રસિદ્ધ ઠરાવ એણે કર્યો હતો. પંડિત ઇશ્વરચન્દ્ર વિદ્યાસાગર જે આ વખતનો સહુથી વધારે પ્રસિદ્ધ અધ્યાપનશાસ્ત્રવેત્તા અને સાક્ષર હતો તેણે લોર્ડહાર્ડિન્જને કેટલીક ઘણી સારી પસંદગીઓ કરવામાં સહાયતા કરી હતી.

છેવટે ૧૮૫૪ નો કેળવણીનો ખરીતો આવ્યોછે. આ ખરીતો બેન્ટિન્ક અને હાર્ડિન્જે બાંધેલી ઇમારતને સ્વીકારીને હિન્દુસ્તાનમાં સ્વદેશી ભાષાઓમાંથી શરૂ કરીને ઊંચા પ્રકારની કેળવણી અંગ્રેજીમાં આપવાની ગોઠવણના નિયમો બતાવે છે.

અંગ્રેજીમાં ઊંચા પ્રકારની કેળવણી આપવાના સંબંધમાં આ ખરીતામાં નીચે પ્રમાણે લખવામાં આવ્યું છેઃ—

" હિન્દુસ્તાનમાં યુનિવ્હર્સિટિ સ્થાપવાનો સમય હવે આવી પહોચ્યો છે; જે ઉપાધિઓ અર્પીને અને બીજાં માનનાં ચિન્હો બક્ષીને નિયમસર ઉદ્ગાર કેળવણી લેનારને ઉત્તેજન આપી શકે. કેળવણીની સભાએ લન્ડન યુનિવ્હર્સિટિને પોતાના નમુના તરીકે લીધી છે અને અમે તેમની સાથે એકમત છીએ કે એ યુનિવ્હર્સિટિનું સ્વરૂપ અને કાર્યભાર યોજના હિન્દુસ્તાનને અનુકૂળ પડે તેવાં છે અને હિન્દુસ્તાનમાં તેનું અનુકરણ કરવું ઇષ્ટ છે. જો કે કોઇ ઠેકાણે વિગતોમાં કંઇક ફેરફારની જરૂર પડશે. "

સરકારમાંથી મદદો આપીને અને બીજી રીતે સામાન્ય લોકોને દેશી ભાષાઓમાં કેળવણી આપવાની ગોઠવણો કરવામાં આવી અને જે દેશી નિશાળો વિદ્યમાન હતી તેને પણ લોકસમૂહને કેળવણી આપવાના કામ સારૂ ઉત્તેજન આપવામાં આવ્યું.

તેજ પ્રમાણે લોર્ડ કેનિન્ગે કલકત્તા, મદ્રાસ અને મુંબઇની યુનિવ્હર્સિટીઓ સ્થાપી અને આ ખરીતામાં સૂચવેલી પદ્ધતિ પ્રમાણે હજી આ દેશમાં કામ ચાલે છે. તે પછી અલ્લાહાબાદ અને લાહોરમાં યુનિવ્હર્સિટિ સ્થપાઇ છે.

પ્રાથમિક કેળવણી.

હિન્દુસ્તાનમાં પ્રાથમિક કેળવણીને જન્મ આપનાર અંગ્રેજ રાજ્યકર્તાઓ નથી પણ તે આ દેશમાંજ ઉત્પન્ન થયેલી છે. ઓગણીસમા સૈકાની શરૂઆતમાંજ ખાસ કરીને ટૉમસ મન્રો અને માઉન્સ્ટુઅર્ટ એલ્ફિન્સ્ટને રિપોર્ટ કર્યો હતો કે પ્રાથમિક કેળવણી આ દેશમાં પરાપૂર્વથી યુરોપ કરતાં ઘણા મોટા વિસ્તારમાં પ્રચાર પામેલી છે. ગામડીશાળાઓમાં અભ્યાસ કરનારા છોકરાઓ લેખાંઓમાં બહુ પ્રવીણતા દર્શાવતા હતા. આ દેશના બ્રાહ્મણો અને ઊંચા વર્ગના લોકો પોતાનાં છોકરાંઓને કંઇક કેળવણી આપવાની ધાર્મિક ફરજ સમજતાઃ અને વ્યાપારી વર્ગ પણ બાપદાદાના ધંધા

સારૂ પોતાના છોકરાઓને લાયક કરવાને માટે બારાખડી અને નામું શીખવતા. બ્રિટિશ રાજ્યે પ્રાચીન પ્રાથમિક કેળવણીની આ પદ્ધતિને સ્વીકારી છે અને નાણાંની મદદ આપી છે પણ જે મદદ અપાય છે તે હજુ પૂરતી નથી. ગામડાંઓની પ્રાથમિક કેળવણીને વધારે ઉદારતાથી મદદ આપવાની અને તેનો લાભ ખેડુત વર્ગના છોકરાઓ વધારે સારી રીતે લઇ શકે કે જેથી નામના બચેં લેખન વાંચન અને નામું બધા જાણી શકે એવી ગોઠવણ કરવાની આ દિવસોમાં બ્રણી જરૂર છે. ૧૮૫૪ માં સરકાર જે મદદ આપતી હતી તે બહુ થોડી છે એવી સર આર્સ્કિન પેરની ફરિયાદ હતી અને તેટલી મદદથી દરેક ગામમાં નિશાળ સ્થાપવાની અશક્યતા બતાવી હતી. કેળવણી પાછળ કરવામાં આવતું ખરચ હજી સુધી ઓછું છે અને દરેક ગામમાં નિશાળો સ્થાપવાની ફરજ અદા કરવાની હજી બાકીજ છે.

સ્ત્રી કેળવણી.

નિશાળોમાંની હાજરી ઉપરથી જોતાં સ્ત્રી કેળવણી છોકરાઓની કેળવણી જેટલી વધેલી હતી. જે દેશમાં દશ અને ચૌદની વચ્ચેની ઉમ્મરે છોકરીઓ પરણે છે તે દેશમાં પ્રાચીન વખતમાં છોકરીઓ ભાગ્યેજ નિશાળે જતી હશે અને હમણાં પણ બ્રણીજ થોડી સંખ્યામાં જઇ શકતી હશે. તેમને ઘરેબાજે કેળવણી પોતપોતાના ઘરમાંજ આપી શકાય. મઙ્હર્નર જનરલની કાઉન્સિલના પ્રબન્ધમન્ત્રી ડ્રિન્કવોર બેથ્થુને કલકત્તામાં એક કન્યાશાળા સ્થાપવાનો એક પ્રશસ્ય અને કૃતેહમંદ યત્ન કર્યો અને તેમાં પોતાના પદરથી ૧૦૦૦૦ પાઉંડ તેણે ખરચ્યા; અને 'બેથ્થુન સ્કુલ' એ અત્યારે છોકરીઓને માટે સારામાં સારી નિશાળ છે અને યુનિવ્હર્સિટિના ઊંચામાં ઊંચા ધોરણ સુધી તેમાં કેળવણી આપવામાં આવે છે. હિન્દુસ્તાનની યુનિવ્હર્સિટિઓ લન્ડનની યુનિવ્હર્સિટિઓની માફક સ્ત્રીઓને ઉપાધિઓ બક્ષે છે અને બ્રી એન્જ્યુએટો કલકત્તા

મદ્રાસ અને મુંબઇમાં ઉપાધિઓ લે છે. પ્રાથમિક શાળાઓમાં નાનાં છોકરા છોકરીઓ સાથે કેળવણી લે છે.

પણ ઊંચા વર્ગની કન્યાઓ અને નાની વધૂઓ ઘણું કરીને ઘરમાં કેળવણી લે છે અને નીચેની નિરક્ષર કોમોમાં સ્ત્રીઓને ધાર્મિક અને નૈતિક સત્યો શીખવવામાં આવે છે અને પ્રજાકીય વાર્તાઓનું અને સાહિત્યનું તેમનું જ્ઞાન તે વર્ગના યુરોપના લોકોમાં હોય છે તેના કરતાં વધારે હોય છે; અને એમ કહી શકાય કે ગામડાંઓમાં પણ નિરક્ષર સ્ત્રીઓને ધર્મનું અને રાષ્ટ્રીય સાહિત્ય અને ઇતિહાસનું જ્ઞાન યુરોપની ગરીબ લોકોની સ્ત્રીઓ જે બાઇબલ જાણે છે અને સસ્તાં પત્રોમાં આવતી વાર્તાઓ વાંચી શકે છે તેના જેટલું તો હોય છે.

જાહેર છાપાં—વર્ત્તમાનપત્રો.

૧૮૫૮ ની સાલમાં પ્રસિદ્ધ થયેલા એક પત્રવ્યવહારથી હિન્દુસ્તાનનાં વર્ત્તમાનપત્રોનો ઇતિહાસ જાણી શકાય છે.

છેક ૧૭૯૧ ની વાત છે કે તે વર્ષમાં વિલ્યમ ડ્યુઅન નામના એક માણસને બંગાળ જર્નલ નામના વર્તમાનપત્રમાં એક અયોગ્ય લખાણ લખવા માટે બંગાળાની સરકારે પકડયો હતો. સુપ્રીમ કોર્ટે ઠરાવ્યું કે બંગાળની સરકારનું આ પગલું પોતાના હકને અનુસરતું હતું. વિલ્યમ ડ્યુઅનને ચેતવણી આપીને છોડી મૂકયો. પણ પાછો વહેંડ નામના પત્રમાં તેણે ફરીથી હુમલો કર્યો અને ૧૭૯૪ માં તેને યુરોપ રવાના કરવામાં આવ્યો.

પછીનાં વર્ષોમાં બીજા હુમલાઓની દરકાર લેવામાં આવી હતી અને ૧૭૯૯ માં વર્ત્તમાનપત્રોને નિયમમાં રાખવાને કંઇક ધારા ઘડાયા હતા. કોઇપણ પત્ર સરકારી અમલદારને બતાવ્યા વિના પ્રસિદ્ધ કરવું નહિ એ એક ધારો હતો. આ અને બીજા નિયમોનો ભંગ કરનારને દંડ એ હતો કે તેમને તાત્કાલિક યુરોપ મોકલાવી દેવામાં આવતા. આ ધારો કમ્પનીની સૂત્રધાર સભાએ મંજુર કર્યો હતો.

૧૮૦૧ અને ૧૮૧૧ ની વચ્ચે ઘણા વર્તમાનપત્રકારોને વાંધા ભર્યા લેખ અને ફકરાઓને માટે ઠપકા દેવામાં આવ્યા હતા અને ઘણા લખનારાઓને સરકાર પાસે માફ માગવાની ફરજ પાડવામાં આવી હતી. માર્ક્વેસ ઓફ હેસ્ટિન્ગ્સની સરકારે નવા અને નરમ ધારા સને ૧૮૧૮ માં ઘડ્યા. પણ સરકારના કૃત્યો ઉપર ટીકાઓ, દેશી પ્રજાને ભય ઉત્પન્ન કરે તેવી ચર્ચાઓ અને કલેશ ઉત્પન્ન કરે તેવી બાનગી બદબોઈ અને અંગત ટીકાઓ છાપવાની પત્રકારોને બંધી કરવામાં આવી હતી.

આ ધારાઓ પસાર થયા પછી કેટલાંક વર્ષ સુધી સરકારે ઘણા પ્રસંગોમાં આવાં દૂષણયુકત લખાણોની દરકાર લીધી હતી અને એક વાર ૧૮૨૨ માં કમાન્ડર-ઇન-ચિફના હુકમથી કલકત્તા જર્નલમાં મિલિટરી ક્રેન્ડ એવી સહીથી લખેલા એક લેખના બચાવમાં એક સખ્ત લેખ સરકારમાં લખવાથી લે. કર્નલ રોબિન્સન ઉપર કામ ચલાવવામાં આવ્યું હતું.

મદ્રાસ અને મુંબઇમાં પણ વર્તમાનપત્રોમાં આવતા લખાણોની વારંવાર ખબર લેવાતી.

૧૮૨૩ માં કમ્પનીના સૂત્રધારકો લખે છે કે "સ્વતંત્ર છાપાં" પ્રતિનિધિ રાજ્યનો એક યોગ્ય મદદગાર અને આવશ્યક અનુપુર્તિ છે. જ્યાં જ્યાં રાજ્યમંડળ લોકમંડળમાંથી ઉત્પન્ન થાય છે અને લોકમંડળને જવાબદાર છે ત્યાં રાજ્યમંડળના કૃત્યો ઉપર ચર્ચા કરવાનો હક લોકને અવશ્યમેવ હોવો જોઇએ; અને જ્યાં લોકો પોતાના જનમાલ ઉપર અસર કરનારા કાયદા બાંધવા સારૂ પ્રતિનિધિઓ નીમે છે ત્યાં પ્રતિનિધિ તરીકે વિશ્વાસ મૂકનાર વર્ગને તે વિશ્વાસ કેવી રીતે સફળ થાય છે તે ઉપર ટીકા કરવાનો હક છે. પણ કોઈ રીતે હિન્દુસ્તાનનું સરકાર સ્વતંત્ર અને પ્રતિનિધિનું અથવા લોક નિર્મિત કહેવાય નહિ. એની સ્થાપનામાં લોકોનો કંઇજ અવાજ ન હતો તેમ તેનાં કૃત્યો ઉપર તેમનો કંઈ પણ અંકુશ નથી.

હિન્દુસ્તાનની સરકાર બેશક નિક્ષિપ્ત સત્તા ભોગવે છે પણ તે સત્તા કમ્પનીની સૂત્રધારક સભા અને સર્વોપરિ સભાનો નિક્ષેપ છે. હિન્દુસ્તાનની સત્તાનું વાસ્તવ્ય ઇગ્લંડમાં છે અને ઇગ્લંડનું રાજ્યમંડળ જેવી રીતે ઇંગ્લંડને જવાબદાર છે તેવી રીતે તે પણ અહીંનાજ લોકોને જવાબદાર છે, તેટલા માટે, તે સરકારનાં કૃત્યો હિન્દુસ્તાનમાં નહિ પણ ઇગ્લંડમાંજ ચર્ચાવાં જોઇએ.

૧૮૨૩ માં હિન્દુસ્તાનના વર્ત્તમાનપત્રોના સંબંધમાં કમ્પનીના સૂત્રધારકોનો આ અભિપ્રાય હતો; પણ કહેવું જોઇએ કે હિન્દુસ્તાનનો જાહેર છાપો તે તે વખતે હિન્દુસ્તાનમાં રહેનાર એક નાના યુરોપીયન મંડળનોજ છાપો હતો. તેણે કોઇ દિવસ લોકોના હકોનું નિરૂપણ કે રક્ષણ કર્યું નથી અને તે વખતે અને તે પછી ત્રીશ વર્ષ સુધી હિન્દુસ્તાનના લોકને પોતાનો છાપો હતોજ નહિ અને તેથી એવું બન્યું કે જ્યારે લૉર્ડ વિલ્યમ બેન્ટિન્કે દેશીઓને વધારે સંખ્યામાં રાજ્યાધિકારમાં દાખલ કરવા માંડ્યા અને બીજી રીતે દેશીઓની સમૃદ્ધિને માટે યત્નો કર્યા ત્યારે હિન્દુસ્તાનના છાપાએ તેના ઉપર એવા હુમલા કર્યા કે જેના પછી એવા હુમલા કદીપણ થયા નથી. લૉર્ડ વિલ્યમ બેન્ટિન્કના મુખ્ય સલાહકાર લૉર્ડ મેકૉલેની પણ એજ દશા થઈ હતી.

લૉર્ડ વિલ્યમ બેન્ટિન્કના ઉત્તરાધિકારી સર ચાર્લ્સ મેટકાફે ૧૮૩૫ માં છાપાને કંઇક સ્વતંત્રતા આપીને પોતાની કુંકી કારકીર્દિ જયવંત કરી. આ ઉદાર અને સાહસિક કૃત્યથી ઇસ્ટ ઇન્ડિયા કમ્પનીના ડિરેક્ટરોને માઠું લાગ્યું. તેમણે સર ચાર્લ્સ મેટકાફને ઠપકો દીધો અને તેઓ મેટકાફના કાયદાને રદ કરવાનો વિચાર કરતા હતા, પણ તેથી વધારે ઘોંઘાટ થશે એમ સમજી તરત તેમ કરવું બન્ધ રાખ્યું, પણ પોતાનો કાયદો પાછો ખેંચી લેવાની સૂચના કરી. મેટકાફે તે સૂચના જરાપણ ગણકારી નહિ અને તેના પછી લૉર્ડ ઓકલંડ જ્યારે આવ્યા ત્યારે તો નવા કાયદાને લોક ટેવાઇ ગયું હતું અને રદ કરવાની જરૂર જણાઈ નહિ.

વીસ વરસ પછી સેનાપ્રકોપની મુસ્કેલીના વખતમાં છાપા ઉપર કંઈક અંકુશ મૂકાયો હતો. એક અંગ્રેજ વર્તમાનપત્રને ચેતવણી આપી હતી અને ત્રણ દેશી પત્રોના ઉપર કામ ચલાવવામાં આવ્યું હતું. તેમાંના બે જણાઓને માફ માગ્યાથી જમાન લઈને છોડી મૂકવામાં આવ્યા હતા, ત્રીજાને ગીનગુન્હેગાર ઠરાવી દોષ મુક્ત કર્યો હતો. તે વખતે મૂકેલ અંકુશો પાછળથી પાછા ખેંચી લેવામાં આવ્યા હતા.

નાણાં પ્રકરણ.

પાર્લમેન્ટની કમિટી રૂબરૂ જે પુરાવો રજુ થયો તે ૧૮૫૨ અને ૧૮૫૩ માં જાહેરમાં મૂકવામાં આવ્યો. આ વખતે એવો મજબૂત મત પ્રવર્તતો હતો કે હિંદનું રાજ્યતંત્ર તાજે હાથમાં લઈ લેવું અને તાજના પ્રધાનો જેઓ કમ્પનીના સૂત્રધારકોને પૂછ્યા વિના લડાઈ જેવાં ગંભીર કૃત્યો પણ કરતા હતા તેમને હિન્દુસ્તાનનો સીધો કારભાર હાથ લેવામાં કંઈજ આનાકાની ન હતી. છતાં જે કમ્પનીએ પોતાને માટે આખું હિન્દનું સામ્રાજ્ય બાંધ્યું હતું તેને રદ કરવામાં કમ્પની કંઈક અચકાઈ પણ છેવટે એક સમાધાન થયું.

કમ્પનીનો પટો તાજે કર્યો. પણ આ ૧૮૫૩ ના કાયદામાં મુદત મુકરર કરી નહિ. એમાં એટલું નિશ્ચિત કરવામાં આવ્યું કે પાર્લમેન્ટ બીજો હુકમ કરે ત્યાં સુધી તાજના હિતને માટે હિન્દુસ્તાનનું રાજ્ય કમ્પનીએ એક નિક્ષેપ તરીકે ચલાવવું. સૂત્રધારકોની સંખ્યામાં ઘટાડો કરી ૨૪ ને બદલે ૧૮ ની રાખી અને તે અઢારમાંના છ નીમવાનો અધિકાર તાજને સોંપવામાં આવ્યો અને સર્વોપરિ સભાનો અંકુશ તો કાયમજ રહ્યો.

નવા કાયદાએ બીજા પણ ફેરફારો કર્યા. બંગાળાને માટે એક ગવ્હર્નર અથવા લેફ્ટનન્ટ ગવ્હર્નર નીમવાની સત્તા આપી અને ૧૮૫૪ માં તેનો પહેલો લેફ્ટેનન્ટ ગવ્હર્નર નીમાયો. આ કાયદામાં એક બીજો ઘણાકો અથવા માન્ત

સ્થાપવાની સત્તા આપવામાં આવી હતી. તે પ્રમાણે ૧૮૫૬ માં પંજાબને માટે એક લે. ગવર્નર નીમ્યો. આ સિવાય ગવ્હર્નર જનરલની કાઉન્સીલના કાયદા બાંધવા સારૂ જુદા સભાસદો નીમીને કંઇક વિસ્તાર વધાર્યો અને હિન્દુસ્તાનમાં નોકરીઓ આપવાની સત્તા સૂત્રધારકોના હાથમાંથી લઇ લીધી. આજ પછી સર્વોપરિ સભાએ રચેલા ધારા મુજબ એ નોકરીઓ આપવાનો ઠરાવ થયો; અને આ ધારાઓને પરિણામે હિન્દુસ્તાનની સર્વિસ સિવિલ જાહેર હરિફાઇમાં પડી.

આવા ફેરફારો સાથે જોન રટ્ઘઅર્ટ મિલે જેને મજબૂત ટેકો આપ્યો હતો તે દ્વિદલ રાજ્યતંત્ર કાયમ રહ્યું. આ પ્રમાણે થોડાં વર્ષ ચાલ્યું, પણ હિન્દુસ્તાનના સેનાપ્રકોપે બ્રિટિશ પાર્લમેન્ટને કમ્પનીને રદ કરવાને યોગ્ય પ્રસંગ અને નિમિત્તે આપ્યાં. કમ્પનીના અમલનો આ ઇતિહાસ બન્ધ કરતાં પહેલાં એ અમલની નાણાં પ્રકરણી બાજુ ઉપર બે અક્ષર લખવાની જરૂર છે.

મહારાણી વિકટોરિઆના રાજ્યારોહણથી તે કમ્પનીના લયના વર્ષ સુધીના એકવીસ વર્ષના ઉપજ ખરચના આંકડા જોવા જેવા છે. નીચેના આંકડા સરકારી દફતરોમાંથી તૈયાર કરવામાં આવ્યા છે.

વર્ષ.	જમીનની મહેસુલ.	કુલ ઉપજ.	ઇંગ્લંડમાં ખરચ	કુલ ખરચ.
૧૮૩૭–૩૮	૧૧૮૫૩૯૭૫	૨૦૮૫૮૮૨૦	૨,૩૦૪૪૪૫	૧૯૮૫૭૯૧૦
૧૮૩૮–૩૯	૧૨૩૦૩૨૦૦	૨૧૧૫૮૦૯૯	૨૬૧૫૪૬૫	૨૧૩૦૬૨૩૨
૧૮૩૯–૪૦	૧૨૨૭૩૬૮૨	૨૦૧૨૪૦૩૮	૨૫૭૮૯૬૬	૨૨૨૨૮૧૧૦
૧૮૪૦–૪૧	૧૨૩૧૩૮૪૦	૨૦૮૫૧૦૭૩	૨૬૨૫૭૭૬	૨૨૫૪૬૪૩૦
૧૮૪૧–૪૨	૧૨૧૫૪૫૮૭	૨૧૮૩૭૮૨૩	૨૮૩૪૭૮૬	૨૩૫૩૪૪૪૬

૧૮૪૨–૪૩	૧૩૩૨૨૮૮૦	૨૨૬૧૬૪૮૭	૨૪૫૮૧૯૩	૨૩૮૮૮૫૨૬
૧૮૪૩–૪૪	૧૩૨૨૮૮૫૦	૨૩૫૮૬૫૭૩૩	૨૯૪૪૦૭૩	૨૪૯૨૫૩૭૧
૧૮૪૪–૪૫	૧૩૨૨૪૦૫૪	૨૩૬૬૬૨૪૬	૨૪૮૫૨૧૨	૨૪૨૯૩૬૪૭
૧૮૪૫–૪૬	૧૩૩૮૬૫૧૭	૨૪૨૭૦૬૦૮	૩૦૪૪૦૬૭	૨૫૬૬૨૭૩૮
૧૮૪૬–૪૭	૧૩૯૯૫૭૧૭	૨૬૦૮૪૬૮૧	૩૦૬૬૬૩૫	૨૬૯૧૬૧૮૮
૧૮૪૭–૪૮	૧૪૪૩૭૨૫૪	૨૪૯૦૮૩૦૨	૩૦૧૬૦૭૨	૨૬૭૦૬૪૭૪
૧૮૪૮–૪૯	૧૪૨૭૪૨૭૦	૨૫૩૯૬૩૮૬	૩૦૧૨૯૦૮	૨૬૭૬૬૮૪૮
૧૮૪૯–૫૦	૧૫૨૪૮૬૯૪	૨૭૫૨૨૩૪૪	૨૭૫૦૯૩૭	૨૬૯૬૦૯૮૮
૧૮૫૦–૫૧	૧૫૩૮૨૪૪૨	૨૭૬૨૫૩૬૦	૨૭૧૭૧૮૬	૨૭૦૦૦૬૨૪
૧૮૫૧–૫૨	૧૫૩૯૧૬૬૪	૨૭૮૩૨૨૩૭	૨૫૦૬૩૭૭	૨૭૦૯૮૪૬૨
૧૮૫૨–૫૩	૧૫૩૬૫૨૫૦	૨૮૬૦૯૧૦૯	૨૬૯૭૪૮૮	૨૭૯૭૬૭૩૫
૧૮૫૩–૫૪	૧૫૮૩૮૬૪૯	૨૮૨૭૭૫૩૦	૩૨૬૨૨૮૯	૩૦૨૪૦૪૩૫
૧૮૫૪–૫૫	૧૬૪૧૯૦૩૧	૨૯૧૩૩૦૫૮	૩૰૧૧૭૩૫	૩૦૭૫૩૪૫૬
૧૮૫૫–૫૬	૧૭૧૦૯૯૭૧	૩૦૮૧૭૫૨૭	૩૨૬૪૬૨૯	૩૧૬૩૭૫૩૦
૧૮૫૬–૫૭	૧૭૭૨૨૧૭૦	૩૧૬૯૧૦૧૫	૩૫૨૯૬૭૩	૩૧૬૦૮૮૭૫
૧૮૫૭–૫૮	૧૫૦૩૧૭૯૧૧	૩૧૭૦૬૭૭૬	૬૧૬૨૦૪૩	૪૧૨૪૦૫૭૧

ઉપરના આંકડાગાંથી તે કાળનો રાજ્યકીય ઇતિહાસ સમજી શકાય છે. વિકટોરીઆ મહારાણીના રાજ્યારોહણ પછીના વર્ષમાં વિલાયતનું ખરચ આપ્યા છતાં કંઇક સીલક રહે છે. લોર્ડ વિલ્યમ બેન્ટિન્કના કાળજીપૂર્વકના વહીવટનું અને તેના ઉત્તર અધિકારી સર ચાર્લ્સ મેટકાફે કરેલા સૂધારા તથા કાપકુપનું તે પરિણામ હતું, પણ લોર્ડ ઓકલંડ ૧૮૩૮ માં હિંદમાં આવ્યા અને લોર્ડ પામરર્ટને ઉપદેશેલી લોભી રાજ્યનીતિ અંગીકાર કરી, અને તે વર્ષથી સીલક તણાઇ ગઇ અને ખોટો આવતી ગઇ, જે લોર્ડ એલનબરો સુધી કાયમ રહી.

તે પછીના બે ગવર્નર જનરલોનાં સીખ યુધ્ધોથી સ્થિતિ વધારે બગડી. અને ૧૮૪૯–૫૦ માં જ્યારે છેલ્લું સીખ યુદ્ધ પૂરું થયું અને પંજાબનો સમૃદ્ધ પ્રદેશ ખાલસા થયો ત્યારેજ પાછી સીલીક દેખાઇ, પણ જે જુવાન સામ્રાજ્ય ભક્ત આ વખતે હિન્દુસ્તાનની ભવિતવ્યતા રચતો હતો તે પાછી સીલીક ખોઇ બેઠો. લૉર્ડ ડેલ્હાઉસીની કારકીર્દીનો અંત આવ્યો તે પહેલાં તો હિન્દુસ્તાનનું ખરચ ૩ કરોડ ઉપર પહોંચી ગયું (૧૮૫૩–૫૪) અને નાગપુર અને બીજાં રાજ્યો ખાલસા થયાં તેમ છતાં ૧૮૫૫–૫૬ સુધી ખોટની ખોટજ રહી.

લૉર્ડ કેનિન્ગે પહેલા વર્ષમાં સીલીક બતાવી, કારણ કે તરતજ અયોધ્યાનો પ્રાન્ત ખાલસા કરવામાં આવ્યો હતો. પણ સેનાપ્રકોપના વર્ષમાં ૧૮૫૭–૫૮ માં સીલીકને બદલે એક ભારે ખોટમાં હિન્દુસ્તાન આવી પડયું.

ઉપરના આંકડાગાંથી એક બીજી શોકજનક વાત એ તરી આવે છે કે ઈંગ્લંડનું ખરચ દિવસે દિવસે વધવા માંડે છે. હિન્દુસ્તાનમાં બ્રિટિશ સામ્રાજ્ય સ્થાપવાથી અને તેને સાચવવાથી ગ્રેટબ્રિટન અને હિન્દુસ્તાન બન્નેને ફાયદો છે અને તેનું ખરચ બન્નેએ વ્હેંચી લેવું જોઇએ; અને જો તે ખરચના જે નવ દશાંશ હિન્દુસ્તાનમાંજ ખરચાતા તે હિન્દુસ્તાન આપે અને જે એકદશાંશ વિલાયતમાં ખરચાતો તે તે દેશ આપે એવી ગોઠવણ હોત તો તેમાં સાચો ઇન્સાફ હતો, પણ રાજ્યકર્ત્તા દેશ અને તાબાની પ્રજા વચ્ચે નાણાં પ્રકરણી

ઇન્સાફ કદી હોતો નથી. હિન્દુસ્તાનને વાર્ષિક અપવાહ એ ચોખ્ખું આર્થિક નુકશાન હતું. જે ધન દેશમાંથી જતું તે કદી આવવાનું નહતું અને એક ગરીબ દેશમાંથી જબ્બર એક સમૃદ્ધ દેશના વ્યાપાર ઉદ્યોગને ફળદ્રુપ કરવામાં તેનો ઉપયોગ થયો. મી. વિન્ગેટ કહે છે કે:-

" જે દેશમાંથી કર લેવાતો હોય તેજ દેશમાં તેનાં બધાં નાણાં ખરચાતાં હોય, તે સ્થિતિ એક દેશમાંથી નાણાં લેવાય બીજા દેશમાં ખરચાતાં હોય તેનાથી તદ્દન જુદીજ છે. પહેલા પ્રસંગમાં લોક પાસેથી નાણાં લઇ સરકારની નોકરી કરનાર વર્ગને તે નાણાં આપવામાં આવે છે અને તેમના ખરચ દ્વારા તે નાણાં પાછાં ઉદ્યોગી વર્ગના હાથમાં જાય છે. તેમાં માત્ર સંવિભાગમાં ફેર પડે છે પણ રાષ્ટ્રીય ઉપજમાં કંઇ નુકસાન થતું નથી; પરંતુ બીજો પ્રસંગ જુદોજ છે. તેમાં એક વર્ગના પ્રજાજનો પાસેથી બીજા વર્ગના પ્રજાજનો પાસે નાણાં જતાં નથી પણ કરદાતા દેશમાંથી તેટલું ધન પરદેશ ઘસડાઇ જાય છે અને તેટલો રાષ્ટ્રીય ધનનો હ્રાસ થાય છે અને રાષ્ટ્રીય ઉપજ ઉપર તેની અસર શી થાય છે એના જવાબમાં એટલુંજ કે બીજા દેશમાં ધન જાય અને દરિયામાં નાંખી દેવાય એમાં કાંઇ ફરક નથી. હિન્દુસ્તાન પાસેથી આ સ્વરૂપમાં આપણે જે જમા લઇએ છીએ તે ન્યાયની દૃષ્ટિએ તપાસીએ તથા સ્વાર્થની દૃષ્ટિએ જોઇએ તો પણ માનવધર્મ, સામાન્ય બુદ્ધિ અને અર્થશાસ્ત્રના સ્વીકૃત સિદ્ધાન્તોની વિરૂદ્ધ છે, તેથી જે ખરચ આ જમાના સ્વરૂપનું હોય તે તમામ ખરચ ભવિષ્યમાં ઇંગ્લંડની ત્રીજોરીમાં આપવું એ મને સાચુ ડહાપણ લાગે છે. ઇસ્ટ ઇન્ડિયા સ્ટોકનું વ્યાજ, વિલાયતમાં કરેલા કરજનું વ્યાજ, અહીં કામ કરતા અમલદારો અને તેમના કારકુન પટાવાળા વગેરેના પગારો હિન્દુસ્તાનની સરકારના વિલાયતના ખાતા માટે બંધાવેલાં મકાનો વગેરેનાં ખરચ, હિન્દુસ્તાનના લશ્કરી અને મુલકી ખાતાના નોકરોના રજાના અને પેનશનના પગારો, હિન્દુસ્તાનમાં નોકરી કરતા બ્રિટિશ સૈનિકોને માટે આ દેશમાં

થતું તમામ પ્રકારનું ખરચ અને બ્રિટિશ લશ્કરને હિન્દુસ્તાન લઇ જવા લાવવાના ખરચનો અમુક ભાગ–આટલું આ યાદીમાં આવવું જોઇએ.”

આ પુસ્તકના પાછલા ખંડમાં કમ્પનીના અમલ દરમિયાનનું શરૂઆતથી તે મહારાણી વિકટોરિઆના રાજ્યારોહણ સુધીનું સરવૈયું કહાડી બતાવ્યું છે કે હિન્દુસ્તાનની કુલ ઉપજ હિન્દુસ્તાનમાં થતા રાજ્ય ખરચ કરતાં વધારે હતી. બ્રિટિશ અમલદારોના મોટા પગારો અને મોટી મોટી લડાઇઓના ખરચો સમાતાં પણ ઉપર પ્રમાણે ઉપજનો વધારો જણાતો. ઉપરના કોષ્ટકમાં જે આંકડા બતાવ્યા છે તેમાં પણ તેજ પ્રમાણે હિન્દુસ્તાનની ઉપજ હિન્દુસ્તાનમાં થતા ખરચ કરતાં વધારે જણાઇ આવે છે, તેથી જો હિન્દુસ્તાનમાં બ્રિટિશ અમલ શરૂ થયો ત્યારથી આ ખરચ હિન્દને માથે ન પડયું હોત તો ૧૮૫૮ માં જ્યારે કમ્પનીનો અધિકાર તાજને સોંપવામાં આવ્યો તે વખતે કંઇ પણ જાહેર કરજ હિન્દુસ્તાન ઉપર હોત નહિ. આખા સૈકાના હિન્દુસ્તાન અને ઇંગ્લંડ વચ્ચેના નાણાં પ્રકરણી સંબંધનો મુકદમો કોઈ નિષ્પક્ષપાત ન્યાયાધીશને સોંપવામાં આવ્યો હોય તો તેનો નિર્ણય શો આવે તે ખુલ્લે ખુલ્લું છે. ગ્રેટબ્રિટનને આ વિલાયતમાં થતા ખરચથી હિન્દુસ્તાન કરતાં વધારે ફાયદો હતો. ન્યાયની ખાતર ગ્રેટબ્રિટનેજ આ તમામ ખરચ આપવું જોઇતું હતું અને જો તેમ થયું હોત તો ૧૮૫૮ માં કાંઇજ જાહેર કરજ હિન્દુસ્તાનને હોત નહીં એટલું જ નહીં પણ ગ્રેટબ્રિટન પાસે કાંઇક હિન્દુસ્તાન માગત.

ઇસ્ટ ઇન્ડિયા કમ્પનીને ઇન્સાફ આપવાની ખાતર કહેવું જોઇએ કે એમના વખતમાં આ વિલાયતનું ખરચ પ્રમાણમાં ઓછું હતું, એટલે હિન્દુસ્તાનની વાર્ષિક ઉપજના દશમા હિસ્સાથી કંઇક વધારે–એટલું જ હતું. સેના પ્રકોપની પહેલાના દશ વર્ષમાં ઉપજ બે કરોડ પાઉંડથી ત્રણ કરોડની થઇ ત્યારે વિલાયતનું ખરચ પચીસ લાખથી બાંત્રીસ લાખ થયું પણ તાજના અમલનાં શોકકારક પરિણામોમાંનું એક આ છે કે આ વિલાયતનું ખરચ કુદકે

કુદકે વધવા માંડ્યું છે કારણ કે તાજનું રાજ્ય બીનજવાબદાર છે. સેક્રેટરિ ઑફ સ્ટેટ અને તેની કાઉન્સિલ માર્ફત હિન્દુસ્તાનનો રાજ્ય વહિવટ ચલાવવો એ એક અપૂર્વ પૂર્ણ આપખુદ રાજ્યતંત્ર થશે–એવા જૉન રટુઅર્ટ મિલના અભિપ્રાયને આથી ટેકો મળે છે.

હિન્દુસ્તાનનું કુલ વ્યાજુ કરજ ૧૭૯૨ માં શિત્તેર લાખ હતું તે ૧૭૯૯ માં એક કરોડ થયેલું. તે પછી લૉર્ડ વેલ્સ્લીનાં યુધ્ધો ચાલ્યાં અને આપણું કરજ ૧૮૦૫ માં બે કરોડ દશ લાખ અને ૧૮૦૭ માં બે કરોડ શિત્તેર લાખ સુધી પહોચ્યું. આ ઠેકાણે તે ઘણા વર્ષ સુધી સ્થિર રહ્યું પણ ૧૮૨૯ માં ત્રણ કરોડ સુધી પહોચ્યું પણ લૉર્ડ વિલ્યમ બેન્ટિન્કના સાવધાનીભર્યા કારભારથી ૧૮૩૬ ના એપ્રીલમાં તો આ રકમ ઘટીને ૨૬૯૪૭૪૩૪ પાઉંડની થઇ હતી.

નીચેના કોષ્ટકમાં ૧૮૩૭ થી કમ્પનીના લય સુધીના કરજના આંકડા બતાવવામાં આવ્યા છે તે આંકડા સરકારી દફતરોમાંથી લીધેલા છે.

વર્ષ.	હિન્દમાં કરજ £	ઈંગ્લંડમાં કરજ £	કુલ £
૧૮૩૭–૩૮	૩૦૨૪૬૮૬૩	૩૫૨૨૮૨૫	૩૩૭૭૨૭૧૮
૧૮૩૮–૩૯	૩૦૨૩૧૧૬૨	૧૭૩૪૩૦૦	૩૧૯૬૫૪૬૨
૧૮૩૯–૪૦	૩૨૭૫૦૬૯૭	૧૭૩૪૩૦૦	૩૪૪૮૪૬૯૭
૧૮૪૦–૪૧	૩૪૧૮૭૮૨૭	૧૭૩૪૩૦૦	૩૫૯૨૨૧૨૭
૧૮૪૧–૪૨	૩૬૬૭૦૧૭૩	૧૭૩૪૩૦૦	૩૮૪૦૪૪૭૩
૧૮૪૨–૪૩	૩૮૭૪૪૩૪૦	૧૭૩૪૩૦૦	૪૦૪૭૮૬૪૦

૧૮૪૩–૪૪	૪૦૧૪૬૧૫૧	૧૭૩૪૩૦૦	૪૧૮૮૩૪૫૧
૧૮૪૪–૪૫	૪૧૨૦૩૧૫૦	૨૨૬૬૬૦૦	૪૩૫૦૨૭૫૦
૧૮૪૫–૪૬	૪૧૫૬૨૨૪૬	૨૨૬૬૬૦૦	૪૩૮૬૧૮૪૬
૧૮૪૬–૪૭	૪૪૫૮૪૬૨૫	૨૨૬૬૬૦૦	૪૬૮૮૪૨૨૫
૧૮૪૭–૪૮	૪૫૬૫૭૬૧૩	૨૭૬૬૬૦૦	૪૮૭૫૭૨૧૩
૧૮૪૮–૪૯	૪૭૧૫૧૦૧૮	૩૮૬૬૫૦૦	૫૧૦૫૦૫૧૮
૧૮૪૯–૫૦	૫૦૦૩૫૨૬૮	૩૮૬૬૫૦૦	૫૩૬૩૪૭૬૮
૧૮૫૦–૫૧	૫૧૧૬૬૮૧૫	૩૮૬૬૫૦૦	૫૫૦૬૬૩૧૫
૧૮૫૧–૫૨	૫૧૨૧૫૧૬૩	૩૮૬૬૫૦૦	૫૫૧૧૪૬૬૩
૧૮૫૨–૫૩	૫૨૩૧૩૦૬૪	૬૬૨૦૫૬૨	૫૬૨૩૩૬૮૬
૧૮૫૩–૫૪	૪૬૭૬૨૮૭૬	૩૬૨૦૫૬૨	૫૩૬૮૩૪૬૮
૧૮૫૪–૫૫	૫૧૬૧૫૫૨૮	૩૬૧૫૫૬૨	૫૫૫૩૧૧૨૦
૧૮૫૫–૫૬	૫૩૮૪૮૬૨૨	૩૬૧૫૩૧૭	૫૭૭૬૪૨૩૬
૧૮૫૬–૫૭	૫૫૫૪૬૬૫૨	૩૬૧૫૩૧૭	૫૬૪૬૬૫૬૬
૧૮૫૭–૫૮	૬૦૭૦૪૦૮૪	૮૭૬૬૪૦૦	૬૬૪૭૩૪૮૪

૧૮૩૬–૪૦ માંજ જે ૨૫ લાખનો વધારો એકદમ દેખાય છે તે સાચો

નથી. એ વર્ષોના આંકડા બીજે ઠેકાણેથી લીધા છે તેથી તેમ જણાય છે, અને તે આંકડામાં કાંઇક ખામી છે એમ માનવાને કારણ છે, પરંતુ ૧૮૪૦–૪૧ માં ઓકલંડની અફઘાન લડાઇ શરૂ થઇ અને તેની અસર હિન્દુસ્તાનનાં રાષ્ટ્રકોશ ઉપર થવા માંડી. આ લડાઇનું ખરચ આપણા દેશને માથે નાંખવાની સ્હામે ઇસ્ટ ઇન્ડિયા કમ્પનીએ સખ્ત વાંધો ઉઠાવ્યો હતો. જોન બ્રાઇટે કહેલું કે આવડું મોટું ખરચ ચાર કરોડ પચાસ લાખ પાઉંડ જેટલું, બધું ઇંગ્લંડના લોક ઉપર નાંખવું જોઇએ; કારણ કે તેનો હુકમ ઇંગ્લંડના પ્રધાન મંડળે આપ્યો હતો અને તેનો હેતુ પણ અંગ્રેજના લાભનો હતો અને આ અભિપ્રાયમાં પાર્લમેન્ટના ઘણા સભાસદો સંમત હતા.

લૉર્ડ એલનબરોએ સિન્ધનો મુલક ખાલસા કર્યો અને હાર્ડિન્જ અને ડેલ્હાઉસીએ સિખ સાથે યુધ્ધો ચલાવ્યાં. આથી ૧૮૫૦–૫૧ માં પાંચ કરોડ પચાસ લાખ સુધી કરજ વધી ગયું. તે પછી કાંઇક વધઘટ ચાલી. કરજ ઘટાડવાના કંઇક યત્નો પણ થયા, પણ લૉર્ડ ડેલ્હાઉસીની કારકીર્દીના છેલ્લા વર્ષમાં લગભગ છ કરોડ સુધી કરજ પહોંચી ગયું. ૧૮૫૭ ના સેના પ્રકોપે એક વર્ષમાં એક કરોડનો વધારો કર્યો એટલે ૧૮૫૮ ના એપ્રિલની દસમી તારીખે હિન્દુસ્તાનનું જાહેર કરજ ૬૯૫૦૦૦૦૦ છ કરોડ પંચાણુ લાખ ઉપર આવ્યું હતું.

પ્રખ્યાત ઐતિહાસિક લેકિ (મેપ ઓફ લાઇફ નામના ગ્રન્થમાં) લખે છે કે ૧૮૫૭ નો સેનાપ્રકોપ ગાય અને ડુકરની ચરબી વાળા કારણથી ન્યાયી હતો. તે સંબંધની ભૂલ બ્રિટિશ રાજ્યકર્તાઓએ કરેલી છતાં ખરચ હિન્દને આપવું પડ્યું. તે પછી ચીન અને અફઘાનીસ્તાન સામે બ્રિટિશ લશ્કર મોકલવામાં આવેલું અને તેના ખરચમાં કાંઇપણ ભાગ કમ્પનીને મળ્યો ન હતો પણ જ્યારે સેનાપ્રકોપ શાન્ત કરવાને માટે બ્રિટિશ સૈન્ય હિન્દમાં આવ્યું ત્યારે તેનું તમામ ખરચ હિન્દ પાસેથી અનુપમ સખ્તાઇથી વસુલ કર્યું.

આ સિવાય આ બાબતમાં આપણી નીચેની ફરીયાદો છે. મેજર વિન્ગેટ લખે છે કેઃ–

"બ્રિટિશ સંસ્થાન ખાતાનું તમામ ખરચ તેમજ તે સંબંધી લશ્કરી અને નૌકા બળનું ખરચ યુનાઇટેડ કિંગડમ ભોગવે છે અને હિન્દુસ્તાન સંબંધી ખરચ પણ ઈંગ્લંડેજ આપવું જોઇએ એવું આટલા ઉપરથીજ સ્વાભાવિક અનુમાન થાય છે, પરંતુ હિન્દુસ્તાનના સામ્રાજ્યના બચાવ માટે ઈંગ્લંડ એક પાઇ પણ આપતું નથી. હિન્દુસ્તાનનું સામ્રાજ્ય અત્યારે નાણાંની ભીંડમાં છે અને બીજાં રાજ્યોને અને આપણા આશ્રિત રાજ્યોને જરૂરને પ્રસંગે નાણાંની મદદ આપવામાં આપણે હમેશાં અત્યુદાર છીએ તોપણ આપણા પોતાના હિન્દના રાજ્યને નાણાંની મદદ આપણે કરતા નથી તે કેટલું વિસ્મયજનક છે.

પણ તેથી વધારે ખરાબ તો હજી હવે આવે છે.જ્યારે વધારાની ટુકડીઓ હિન્દુસ્તાન મોકલવામાં આવે છે ત્યારે. ચાલતા પહેલાં તેમનો છ મહીનાનો પગાર હિન્દુસ્તાન ઉપર ચઢાવવામાં આવે છે અને હિન્દુસ્તાન પાસે એટલી રકમો લેણી હોય તેવી રીતે વસુલ કરવામાં આવે છે.

હિન્દુસ્તાનના સેનાપ્રકોપના અણીના વખતે જ્યારે હિન્દની નાણાં સંબંધી સ્થિતિ ઘણીજ નબળી હતી તેવે વખતે પણ આ પ્રમાણે છ મહીનાનો પગાર હિન્દ પાસેથી પડાવવામાં આવ્યો હતો."

આજ મતલબનું જોન બ્રાઇટ પણ બોલ્યો હતો. તેણે કહેલું કેઃ–"ચાર કરોડ જેટલી જે રકમ સેનાપ્રકોપને અંગે ખરચાશે તેનો ભાર હિન્દુસ્તાનના શિર ઉપર બહુ દુઃખદ થઇ પડશે. પાર્લમેન્ટ અને ઈંગ્લંડના લોકના ગેરવહીવટથી આ બનાવ બન્યો છે. જો દરેક જણ ઉપર ન્યાય કરવામાં આવે તો આ રકમ આ દેશના લોકો પાસેથી લેવી જોઇએ એમાં કાંઈ શક નથી."

હિન્દુસ્તાનના કરજની ઉત્પત્તિ બતાવવા સારૂ આ ફકરાઓ આપ્યા છે. સામાન્ય રીતે એમ મનાય છે કે આ કરજ હિન્દુસ્તાન જીતવામાં અને તેનો

વહીવટ કરવામાં જે ખરચ થાય છે તે બદલનું, અને હિન્દુસ્તાનનાં અર્થસાધનોનો વિકાસ કરવા બદલનું છે. આ પ્રકરણમાં સમજાવેલી હકીકત ઉપરથી સમજાશે કે ૧૮૫૮ પહેલાં તો તેમ ન હતું. હિન્દુસ્તાને પોતાની હારનું અને પોતાના વહીવટનું ખરચ આપ્યું હતું અને કમ્પનીના અમલના છેલ્લાં વર્ષ સુધીમાં જે કાંઇ થોડું ઇંગ્લંડનું ધન ઇંન્ડિયામાં આવ્યું હોય તો તે સો વર્ષથી અપાતી આવેલી જમાના પ્રમાણમાં કાંઇજ ન હતું. આ જમાનો અડસટો કરવો પણ અશકય છે. સર જોન વિન્ગેટ ઓગણીસમા સૈકાના આરમ્ભથી તે ૧૮૫૮ સુધી વ્યાજ વિના દસ કરોડ ગણે છે. મોન્ટ ગોમરિ માર્ટિન બાર ટકાના ચક્રવૃદ્ધિ વ્યાજે ૭૦ કરોડ, પહેલાં ત્રીસ વર્ષમાંજ ગણે છે અને અઢારમા સૈકામાં મોકલેલી રકમો તો આમાં ગણવામાં આવેલી નથી.

આપણા કરજની આ ઉત્પત્તિ. હિન્દુસ્તાનનું તમામ ખરચ લડાઇ વહીવટ વિગેરે બધું આપી શકાતું પણ તે બધાની સાથે આ જમા આપવાનું બનતું નહિ. તેથી ખોટો આવવા લાગી અને તે ખોટો પૂરવા માટે કરજો કરવાં પડ્યાં. ઇસ્ટ ઇન્ડિયા કમ્પનીના લય વખતે ૭ કરોડ સુધી આ કરજ પહોચી ગયું.

આ સિવાય બીજા વધારે બોજા આપણા દેશનું રાજ્ય તાજને સોંપતી વખતે નાંખવામાં આવ્યા. બ્રિટિશ કિરીટેશ્વરે હિન્દનું સામ્રાજ્ય કમ્પની પાસેથી વેચાતી લીધું પણ તેનાં વેચાણનાં નાણાં આપણા લોકોએ આપ્યાં. કમ્પનીના ભાગીદારોને પોતાની મુડી બદલ જે રકમ મળી તે બ્રિટિશ કિરીટેશ્વરે આપી ન હતી પણ તે હિન્દના કરજમાં ઉમેરવામાં આવી હતી.

આવી રીતે એકઠા કરેલા કરજની ઇંગ્લંડ જમીનગીરી તો આપશે ? તેનાથી કરજ ઉપરનું વ્યાજ ઓછું થાય અને દશ લાખ પાઉંડનો વાર્ષિક ફાયદો થાય, અને તેટલા અંશમાં હિન્દના કર ભરનારાઓને કંઇક છુટકારો

મળે. લૉર્ડ રૅટ્‌ન્લે (પાછળથી લૉર્ડ ડર્બી) એમણે ૧૮૫૯ માં સાવચેતીથી સૂચના કરી હતી. તેમણે કહેલું કે:–

" હિન્દુસ્તાનના કરજ સંબંધે કોઇ પણ પ્રકારની જવાબદારી આપણા ઉપર ન રાખવાની આપણી પાર્લમેન્ટ અને રાજ્યતંત્રની નીતિ છે તે હું જાણું છું; કારણ કે એ કરજ હિન્દના રાષ્ટ્રકોશનું ગણાય છે. મારે એકદમ કહેવું જોઇએ કે આ નીતિમાં કંઇ પણ ફેરફાર કરવાની હું આ ક્ષણે ભલામણ કરતો નથી. એથી ઘણો ભય ઉત્પન્ન થશે તે હું જાણું છું અને તેનો નકારમાંજ અવશ્ય જવાબ મળશે તેની મને ખબર છે, પણ આ સવાલ વારે વારે આપની પાસે આવશે અને તેના ઉપર ભવિષ્યમાં તેમજ વર્ત્તમાનમાં વિચારો કર્યા વિના છુટકો નથીજ.

"તેમજ હું એવું કહેવા માગું છું કે કોઇવાર આ બાબતની સિદ્ધ થયેલી આપણી નીતિમાં ફેરફાર કરવાનું યોગ્ય જણાય ત્યારે જો આ કરજને માટે આપણે આપણી રાષ્ટ્રીય જમીનગીરીજ આપીએ તોપણ લગભગ લાખ પોણો લાખ પાઉંડનો બાર મહિને હિન્દને નફો થાય અને નફો કરજ વાળવાના ખાતામાં નાંખવામાં આવે તો ધીમે ધીમે બધું કરજ આપી દેવાય."

છ મહિના પછી આપણા કરજને સામ્રાજ્યની જમીનગીરી આપવાની રહામે જોન બ્રાઇટ પડે થયા. તેનાં કારણો આવાં હતાં:—

" આ જમીનગીરીની હું રહામો થાઉંછું તેનું કારણ એમ નથી કે આ બાબતમાં ઇંગ્લિશ રૈયત ઉપર મને ખાસ દયા છે. હું ધારૂં છું કે ઇંગ્રેજ પ્રજાએ હિન્દુસ્તાનના કારભાર તરફ બહુજ બેદરકારી રાખીછે અને તેનો દંડ એને આપવો પડે તે અયોગ્ય નથી; પણ આવી સામ્રાજ્યની જમીનગીરીની રહામે થવાનું મારૂં કારણ બીજું છે–જો હિન્દુસ્તાનના અમલદારોને હિન્દનાં નાણાં ખૂટે એટલે આપણા ગજવામાં હાથ ઘાલવાની આપણે રજા આપીશું તો ઇંગ્લંડના લોકનો હિન્દના ખરચ ઉપર કાંઇ

કાબૂ ન હોવાથી એ લોકો કેટલે સુધી ઉડાઉ ખરચો કરશે તે કહી શકાય નહિ; અને હિન્દને બચાવવા જતાં ઇંગ્લંડને પાયમાલ કરવાનો પ્રસંગ આવશે."

જોન બ્રાઇટ જેવા પણ એટલું જોઇ ન શક્યા કે જો હિન્દુસ્તાનના કરજના બોજાનો કંઇ ભાગ તેમણે લીધો હત તો ઇંગ્લંડના લોકોએ એ બેદરકારી છોડી દીધી હત અને હિન્દના ખરચ ઉપર સાચો અંકુશ રાખવા શક્તિમાન થયા હત.

કમ્પનીનું વિસર્જન.

લૉર્ડ ડેલ્હાઉસીએ આપણો દેશ છોડતી વખતે પોતાની આઠ વર્ષની કારકીર્દિના અવલોકનને અંતે લખ્યું હતું કે " હિન્દુસ્તાનને માટે મારી આ આશા અને પ્રાર્થના છે કે હવે પછી હમેશાં પ્રજાકાઓ અને પ્રાન્તોના રિપોર્ટોમાં વર્ષોવર્ષ શાન્તિ, સમૃદ્ધિ અને સંવર્ધનની હકીકત સતત આવતી રહે." બીજી તરફ લન્ડન છોડતી વખતે કમ્પનીના સૂત્રધારકોએ આપેલી મીજવાનીને સમયે લોર્ડ કેનિન્ગે કહ્યું હતું કે " આપણે કદી ભૂલવું જોઇએ નહિ કે, હિન્દુસ્તાનનું આકાશ શાન્ત છે તે છતાં કોઇક વખતે તેમાં એક વાદળું ઉદય પામે; તે વાદળું આરંભમાં તો માણસના હાથ જેટલું નાનું હોય, પણ તે વધતાં વધતાં એટલું વધે કે આપણને પાયમાલીની ધાસ્તીમાં નાંખી દે."

લોર્ડ ડેલ્હાઉસીનું શાન્તિ, સમૃદ્ધિ અને સંવર્ધનનું તેજસ્વી ચિત્ર થોડા વખત માટે આચ્છાદિત થવાનું હતું. લૉર્ડ કેનિન્ગનો સામ્રાજ્યને પાયમાલીની ધાસ્તીમાં નાંખી દે તેવા નાના કાળા વાદળાનો ભય સાચો નીવડવાનો હતો.

આપણા દેશના પત્ર ના બળવાનાં કારણો છાનાં નથી. જોન લૉરેન્સે લખ્યું હતું કે " સમગ્ર રીતે દેશી લશ્કર એમ માનતું હતું કે પોતાના ધર્મને આડે આવે એવી ટોટીઓ દાખલ કરવામાં વખતનોજ સવાલ હતો ... ... અને બળવાનું મૂળ સાચેસાચું આવું જ હતું; અને આપણે લૉર્ડ રોબર્ટ્સના

પ્રમાણથી જાણીએ છીએ કે દેશી લશ્કરની માન્યતા કેવળ પાયા વગરની નહોતી અને જે ટોટીઓ દાખલ કરવામાં આવી હતી તેના ઉપર ગાય અને ડુક્કરની ચરબી લગાવી હતી."

આની સાથે જે આરંભમાં માત્ર સૈનિકોનો બળવો હતો તેને ઉત્તર અને મધ્ય હિન્દુસ્તાનના લોકોમાં ફેલાવવામાં અને રાજકીય બળવાનું સ્વરૂપ આપવામાં રાજકીય કારણો સહાયભૂત થયાં એમાં પણ કાંઇ શક નથી. લૉર્ડ ડેલ્હાઉસીનાં વિશાળ અને ત્વરિત અંગીકરણોથી આપણા દેશમાં એવી છાપ પડી હતી કે ઇસ્ટ ઇન્ડિયા કમ્પની સાર્વભૌમ થવાની ધારણા રાખેછે; અને આ હેતુ સિદ્ધ કરવા માટે તહનામાં અને દેશના કાયદાઓનું પણ તે ઉલ્લંઘન કરેછે. લોકનાં મન ચિંતાતુર થયાં હતાં; અને બળવાના અગ્રેસરોએ પરદેશી રાજ્યકર્ત્તાઓની બદદાનત અને જમીનની ભૂખ બતાવનારાં જાહેરનામાં કહાડ્યાં. ઝાંસી રાજ્ય જે લૉર્ડ ડેલ્હાઉસીએ ખાલસા કર્યું હતું ત્યાં ત્યાંની રાજમાતા બળવાની આત્મા હતી. તે પુરૂષના વેશમાં બ્રિટિશ સૈન્ય સહામે લડી અને રણક્ષેત્રમાં પડી. અયોધ્યા જે તેજ મહાશયે ખાલસા કર્યું હતું ત્યાં પણ લોકોનાં ટોળેટોળાં બળવાખોર સીપાઇઓ સાથે જોડાયાં અને પદભ્રષ્ટ કરેલા રાજાની કુમકે થયાં.

બળવો થયો; અનેક કાળાં કૃત્યો ઉભય પક્ષને હાથે થયાં; ક્ષણભર અંગ્રેજોની સ્થિતિ પણ ભયંકર થઇ ગઇ; આખરે બળવો શાન્ત થયો અને હિન્દમાં શાન્તિ પ્રસરવાનાં ચિન્હો પુનઃ જણાવા લાગ્યાં: એ બધા ઇતિહાસની સાથે આપણે આ ગ્રંથમાં સંબંધ નથી. પણ લૉર્ડ કેનિન્ગ અને મહારાણી વિક્ટોરીઆની આ સંબંધની અંતઃકરણની વૃત્તિઓ જાણીને તેમને માટે ઉપકારના બે શબ્દો ઉચ્ચારવાની તક લઇશું. લૉર્ડ કેનિન્ગે મહારાણી શ્રીને લખ્યું કે " જેઓએ વધારે સારો દાખલો બેસાડવો જોઇએ તેવા માણસોમાં પણ અહીં ઉગ્ર અને અવિવેકી વૈરવૃત્તિ જોવામાં આવેછે અને તેનો વિચાર

કરતાં આપણા સ્વદેશીઓ માટે શરમ આવ્યા વિના રહેતી નથી. " મહારાણી શ્રીએ ઉત્તરમાં લખ્યું કે " અહીંઆં (ઈંગ્લંડમાં) પણ હિન્દુસ્તાન ઉપર સામાન્ય રીતે જનમંડળમાં અસાધુવૃત્તિ જોવામાં આવેછે તેનાથી મહારાણી શ્રીને બહુ દીલગીરી અને તિરસ્કાર થાયછે. "

બળવા જેવા ગંભીર અને અણીના પ્રસંગે આપણા દેશનું ભવિષ્ય આવા બે સાધુ જનોના હાથમાં હતું તે થોડા સદ્‌ભાગ્યની વાત નથી.

પણ બળવાને લીધે ઇસ્ટ ઇન્ડિયા કમ્પનીનું આવી બન્યું. બ્રિટિશ પ્રજાએ પોતાનો નિશ્ચય તો કયારનો કરી મૂક્યો હતો; અને બળવાએ નિમિત્ત આપ્યું. લૉર્ડ પામર્સ્ટન ૧૮૫૫ માં મુખ્ય પ્રધાન થયો હતો અને પોતાના હમેશના બળથી ક્રિમ્યન યુદ્ધનો તેણે અંત આણ્યો હતો. ૧૮૫૭ ની સામાન્ય ચુંટણી પછી તે વધારે બહુમતથી પાછો અધિકાર ઉપર આવ્યો હતો. તેજ વર્ષમાં તેણે ઇસ્ટ ઇન્ડિયા કમ્પનીના અધ્યક્ષને ખબર આપ્યા કે " હિન્દુસ્તાનના રાજ્યને તાજની પ્રત્યક્ષ સત્તા નીચે મૂકવાનો કાયદો પાર્લમેન્ટમાં રજુ કરવાનો મંત્રીમંડળનો ઇરાદો છે."

ઇસ્ટ ઇન્ડિયા કમ્પનીના અધ્યક્ષ રૉસ મેન્ગલ્સ અને ઉપાધ્યક્ષ સર ફ્રડ્રિક કરી–એમણે ૧૮૫૭ ના ડિસેમ્બરની ૩૧ મીને રોજ આનો જવાબ વાળ્યો. તેઓએ જણાવ્યું કે "બળવાનો દોષ કમ્પની ઉપર મૂકવામાં આવતો નથી તો પાર્લમેન્ટ દ્વારા કાંઇ પણ તપાસ કરાવ્યા વિના કમ્પનીનો તરતમાંજ અન્ત લાવવાની દરખારત લાવવામાં આવેછે તેથી અમને વિસ્મય થાયછે. અમે ધારીએ છીએ કે હિન્દુસ્તાનમાં સદ્‌રાજ્યને માટે કમ્પનીના જેવા એક મધ્યસ્થ અરાજ્યકીય અને પૂર્ણરીતે સ્વતંત્ર મંડળની જરૂર છે અને જો નવા રાજ્યમંડળના સભાસદો બધા તાજથીજ નીમાવાના હોય તો આવા પ્રકારનું મંડળ શી રીતે રચી શકાશે, તે અમારાથી સમજાતું નથી. "

આ સિવાય સ્વચ્છ દૃષ્ટિવાળા જોન સ્ટુઅર્ટ મિલની પાસે ઘડાવીને કમ્પનીએ દીવાને ખાસ અને દીવાને આમને રીતસર અરજી પણ કરી. મિલ જેવા વિચારશીલ અને તત્વાનુરાગી લેખકને હાથે ઘડાયેલી અરજી આજે પણ બોધક હોવાથી તેમાંથી એક ઉતારો આપીશું:—

" એક પ્રધાન અને કાઉન્સિલ જેની સલાહ લેવી ન લેવી એ પોતાની મુન્સફી ઉપર રહે, તે દ્વારા હિન્દુસ્તાનનું રાજ્ય ચલાવવું એના જેવું વધારે ખરાબ રાજ્યતંત્ર અમો ધારી શકતા નથી. પ્રધાનની સહાયતામાં મૂકેલા સભાસદો જો અંકુશરૂપે ન હોય તો પછી માત્ર આડા ધરવાનાજ ઉપયોગના રહેશે. અમને લાગેછે કે જે સભા તાજ તરફથી નીમાશે તે સભા સૂત્રધારકોની સભાના જેવી સ્વતંત્રતા રાખી નહિ શકે. વળી જો આ સભા પ્રધાનનાથીજ નીમાશે તો હિન્દુસ્તાનનું રાજ્ય અને તે દેશની વિશ્વાસ અને અગત્યની જગાઓ ઉપર માણસોની ગોઠવણ જે અત્યારે પાર્લમેન્ટના પક્ષતંત્રથી કેવળ અલગ છે તે, પછી તે પ્રમાણે શી રીતે રહેશે તે આપના અરજદારોથી સમજાતું નથી. એવડા રાજ્યની વિરુદ્ધ જે આક્ષેપો કરવામાં આવેછે તેના સંબંધમાં કહેવાનું કે પાર્લમેન્ટના બન્ધારણમાં રાજ્યતંત્ર દ્વિદલ નહિ પણ ત્રિદલ હોવામાં ખુબી મનાય છે: ખામી મનાતી નથી. આપના અરજદારો વિનંતિ કરેછે કે કાર્યભાર વહન કરનાર સત્તા એકલી હોવામાં ફાયદો છે. કારણ ત્વરા—એ એમાં આવશ્યક છે, પણ થઇ ગએલાં કૃત્યો ઉપર વિચારપૂર્વક અભિપ્રાય બાંધવો અને ભવિષ્યની રાજ્યનીતિનાં ધોરણો મુકરર કરવાં, એમાં આપના અરજદારના ધારવા પ્રમાણે એક કરતાં વધારે મગજો ભેગાં થાય તો હરકત નથી, એટલુંજ નહિ પણ તેમ કરવાની જરૂર છે. આવું મંડળ દ્વિદલ હોવામાં ખામી નથી. અનન્ય હોવામાં ખુબી નથી. "

પણ આ અરજી વ્યર્થ ગઇ. લૉર્ડ પામરર્ટને કમ્પનીના રાજ્યનો અંત લાવવાનો અને તાજનો અધિકાર પ્રત્યક્ષ રીતે દાખલ કરવાનો કાયદો રજુ

કર્યો. તેમાં એવી ગોઠવણ કરવામાં આવી હતી કે "હિન્દુસ્તાન ખાતાનો કારભાર વિલાયતમાં તાજના નીમેલા એક અધ્યક્ષ અને આઠ સભાસદોના હાથમાં રહે. તે આઠ વર્ષ સુધી આ અધિકાર ભોગવે અને તેમાંથી વારાફરતી વર્ષોવર્ષ બબ્બે નિવૃત્ત થાય." આ બિલનું બીજી વારનું વાચન મોટી બહુમતીથી પસાર થયું, પણ તે સિદ્ધ થાય તે પહેલાં લૉર્ડ પામર્સ્ટનનું પ્રધાનમંડળ અધિકાર ઉપરથી ઉતર્યું.

તે પછી લૉર્ડ ડર્બિએ સંરક્ષક પક્ષનું પ્રધાનમંડળ રચ્યું અને કોષાધ્યક્ષ એન્જામિન ડિઝરાયલે એક યોજના દાખલ કરી. તેની ગોઠવણ એવી હતી કે ઇન્ડિયા કાઉન્સિલના સભાસદોમાંના થોડાક તાજે નીમવા, થોડાક મેન્ચેસ્ટર અને બીજા શહેરોના નગરજનોએ ચુંટી કહાડવા અને બાકીના ઇસ્ટ ઇન્ડિયા સ્ટૉક ધારણ કરનારાઓએ પસંદ કરવા." મિ. ડિઝરાયલની યોજના હાંસીથી ભરી ગઇ અને લૉર્ડ પામર્સ્ટન મસ્કરી કરતો કે, જ્યાં રસ્તામાં કોઇ માણસો હસતા માલમ પડે તો જરૂર સમજવું કે તેઓ ડિઝરાયલની યોજના સંબંધી ચર્ચા કરતા હશે. ઇસ્ટરના તહેવારો પછી જ્યારે આમની સભા મળી ત્યારે એ યોજનાને ટેકો આપનાર કોઇ મળ્યું નહિ.

આ બે યોજનાઓ સૂત્રધારક સભાએ કાળજીપૂર્વક તપાસી અને તેણે જૅન રટુઅર્ટ મિલને હાથે ઘડેલો એક સમર્થ રિપોર્ટ મોકલાવ્યો. તેમાંનો એક ફકરો નીચે આપ્યો છે:-

"એક પ્રજાને હાથે બીજી પ્રજા ઉપર રાજ્ય ચલાવવાની મુસ્કેલીનો જે ઉપાય શોધી કાઢવામાં આવ્યો છે તે એજ છે કે બધી લગામ કોઇપણ પ્રકારના અંકુશ વિના એક પ્રધાનના હાથમાં મૂકવી. આ બે યોજનામાં આ બાબતમાં કંઇ ફેર જણાતો નથી. ખરી વાત છે કે પ્રધાનને એક સભા આપવાની છે પણ વધારેમાં વધારે આપખુદ રાજાઓને પણ સભાઓ તો હોયછે. એક આપખુદ રાજાની સભા, અને રાજાને આપખુદ થતો અટકાવનારી સભામાં ફેર એટલોજ હોયછે કે પહેલી તેને આશ્રિત થઇને રહેછે, બીજી તેનાથી

સ્વતંત્ર છે. એકને પોતાની કંપક સત્તા હોયછે; બીજીને તેવી સત્તા હોતી નથી. પહેલી યોજનામાં બધા સભાસદો તાજ જ નીમે છે; બીજીમાં અરધ ભાગના સભાસદો તાજથી નીમાય છે, અને સભાના અધિકારનો સવાલ સહેજસાજ અપવાદ સાથે બન્ને યોજનામાં પ્રધાનની મુનસફી ઉપરજ રાખવામાં આવેલોછે."

આ દલીલ નિરુત્તર છે અને અર્ધા સૈકાના અનુભવ પછી એટલું કહી શકાય કે એક સ્વતંત્ર અને મજબૂત વિચાર કરનારૂં મંડળ પ્રધાનનાં કૃત્યોને માફકસર કરીને હિન્દુસ્તાનને માટે સારો રાજ્યકારભાર સિદ્ધ કરી શક્યું હત; કમ્પનીના સૂત્રધારકોની સભા એ આવું મંડળ હતું પણ તેઓ કમ્પનીના ભાગીદારોનાંજ હિત વિચારતા, હિન્દુસ્તાનના લોકનાં નહિ. જૂની પદ્ધતિની એ ખામી હતી; અને તેનો ઉપાય કરવાનો હતો, પણ ૧૮૫૮ માં ફરી રચના કરતી વખતે પાર્લમેન્ટે આ ખામીનો ઉપાય ન કર્યો. સૂત્રધારકોની સત્તા નષ્ટ થઇ પણ નવી યોજનામાં હિન્દુસ્તાનના લોકના પ્રતિનિધિઓને–તેમનો સ્વાર્થ સાચવવા માટે–નીમવાની ગોઠવણ થઇ નહિ.

મિ. ડિઝરાયલની યોજના મરણ પામી. પછી એવી ગોઠવણ થઇ કે નવી યોજનાનાં ધોરણો સભામાં ચર્ચા કરીને પહેલાં નક્કી કરવાં અને બન્ને પક્ષની એક સંયુક્ત યોજના રજુ કરવી.* આ પ્રમાણે અમલ થયો અને ૧૮૫૮ ના ઑગસ્ટમાં હિન્દુસ્તાનના રાજ્યને સુધારવાનો કાયદો પસાર થયો.

આ કાયદાની ૭૫ કલમો છે. અત્યારે આપણું રાજ્યતંત્ર તેનાજ ધોરણ ઉપર ચાલે છે. એમાંની કેટલીક અગત્યની કલમો આપણે જોઇએ.

ઇસ્ટ ઇન્ડિયા કમ્પનીનો તમામ મુલક મહારાણીના કબજામાં સોંપ્યો; અને ઇસ્ટ ઇન્ડિયા કમ્પની અને સર્વોપરિ સભા જે સત્તા ભોગવતાં હતાં તે

* આ યોજનામાં સાંપ્રતમાં થયેલા ફેરફારો આ પુસ્તકને અંતે નોંધવામાં અને ચર્ચવામાં આવેલા છે.

સત્તા હિન્દુસ્તાન ખાતાના પ્રધાનને સોંપવામાં આવી. આ પ્રધાનને એક પંદર સદસ્યની સભા આપવામાં આવી જેઓની નીમણુક શુદ્ધ વર્ત્તન પર્યંત એટલે સ્થાયીજ હતી (હવે દશ વર્ષને માટે સભાસદો નીમાય છે. સ્ટેટ સેક્રેટરી પોતેજ તેમને નીમેછે અને દશ વર્ષ પછી તેમની ફરી નીમણુંક થઇ શકેછે.) દરેક સભાસદનો પગાર બાર મહિને ૧૨૦૦ પાઉંડ હિન્દુસ્તાનની ત્રિજોરી ખાતે. તેજ પ્રમાણે પ્રધાન અને તેના મદદનીશ, અને કારકુન પટાવાળાઓનું ખરચ પણ હિન્દુસ્તાનને ખાતે.

અમુક નિયત કરેલી બાબતો સિવાય બીજી બધી બાબતોમાં પ્રધાનને સભાસદોની બહુમતીથી વિરૂદ્ધ થઇને ચાલવાની સત્તા આપી, અને પરરાજ્ય સાથે લડવાના કે સલાહ કરવાના સવાલોમાં સેક્રેટરી ઓફ સ્ટેટ પોતાની સભાને પૂછ્યા વિના હિન્દુસ્તાન ઉપર પરભાર્યા હુકમ મોકલાવી શકે અને સભાને ખબર આપવાની પણ જરૂર નહિ.

"હિન્દુસ્તાનને માટે ગવર્નર જનરલ અને મુંબાઇ અને મદ્રાસના ગવર્નરો હવે પછી મહારાણી નીમશે અને લેફ્ટેનન્ટ ગવર્નરની નિમણુંકો મહારાણીશ્રીની મંજુરીની સરતે ગવર્નર જનરલ ઠરાવશે." હરીફાઇથી હિન્દુસ્તાનની "સિવિલ સર્વિસ"માં દાખલ કરવાના નિયમો કરવાનું સેક્રેટરી ઑફ સ્ટેટને સોંપ્યામાં આવ્યું.

નાણાં પ્રકરણી કલમો સહુથી વધારે વિચિત્ર છે. એવો ઠરાવ કરવામાં આવ્યો કે, ઇસ્ટ ઇન્ડિયા કમ્પનીની મુડીનું વ્યાજ અને કમ્પનીનું ગ્રેટબ્રિટન માંહેનું દસ્તાવેજી અને બીજું તમામ કરજ અને કમ્પનીનું હિન્દુસ્તાન માટેનું અને બીજું કરજ એ બધું માત્ર હિન્દુસ્તાનની ઉપજ ઉપર નાંખવામાં આવે છે અને નાંખવા યોગ્ય છે.

આ વિચિત્ર કલમથી ઇસ્ટ ઇન્ડિયા કમ્પનીની મુડી અને કરજ આપણા

દેશના જાહેર કરજમાં ઉમેરાયાં અને મુડીના વ્યાજ તરીકે જે રકમ આપણો દેશ કમ્પનીને અત્યાર સુધી આપતો હતો તે સ્થિર થયો. તાજે હિન્દુસ્તાનનું ભવ્ય સામ્રાજ્ય એક પાઇ પણ આપ્યા વિના કમ્પની પાસેથી લઇ લીધું અને વેચાણનાં નાણાં આપણા દેશના લોકોએ આપ્યાં અને હજી આપે છે. આ બ્રિટિશ સામ્રાજ્યના ઇતિહાસમાં બ્રિટનના આશ્રિત દેશ ઉપર કદી નહિ થયેલો એવો ગેરઇન્સાફ છે. તે ગેરઇન્સાફના કૃત્યનું લોકો ઉપર બહુ ભારે દબાણ થઇ પડયું કારણ કે હજી હમણાંજ બળવાને શાન્ત કરવાના ખરચના ચાર કરોડ રૂપિયા હિન્દુસ્તાનનો ઘોંસરીએ ચોટચા હતા.

આ કાયદામાં એક હિતકર ગોઠવણ હતી. "રાણી સરકારના હિન્દના મુલક ઉપર સવારી આવતી અટકાવવાના અથવા બીજા કોઇ તાત્કાલિક અને અચિંતી જરૂરના પ્રસંગ સિવાય, પાર્લમેન્ટનાં બન્ને દીવાનખાનાંઓની મંજુરી વિના હિન્દુસ્તાનની ઉપજમાંથી નભાવવામાં આવતા રાણી સરકારના લસ્કરને હિન્દુસ્તાનની બહારની સરહદની પેલીપાર યુદ્ધમાં કામે લગાડયું હોય, તો તેનું ખરચ હિન્દુસ્તાનની ત્રિજોરીમાંથી આપી શકાય નહિ."

આ ન્યાયી અને હિતકર ધોરણનો કમનસીબે ઘણીવાર ભંગ થયોછે. અને અબીસ્ટ અને એબિસિનિયાની સવારીના ખરચો અફઘાનીસ્તાનની લડાઇનાં અને બર્માની જીતનાં ખરચો આપણા દેશ ઉપર પડયાં છે.

લોક સમુદાયને આ નવા ધારાની ખબર ન હતી. તેઓ ઇંગ્લંડની રાણીને જાણતા હતા અને તેના નામ માટે પ્રેમ અને માનની લાગણી ધરાવતા અને આપણા દેશનું રાજ્ય તેમણે પોતે પોતાના હાથમાં લીધાના સમાચાર તેમણે વધાવી લીધા. આ પ્રસંગને શોભતું એક જાહેરનામું કાઢવામાં આવ્યું. તે જાહેરનામું આ દેશના લોકોને બહુ પ્રિય છે કારણ કે તેમાં દર્શાવેલા મનોભાવો મહારાણીશ્રીના પોતાના મનોભાવો છે.

આ જાહેરનામાનો પહેલો મુસદ્દો મહારાણીશ્રીને પસંદ પડયો ન હતો. તે વખતના પોતાના મુખ્ય પ્રધાન લૉર્ડ ડર્બિને તેમણે હુકમ કર્યો કે "જાહેરનામું ઘડતાં ધ્યાનમાં રાખજો કે એક લોહીલુહાણ યુદ્ધ પછી સામ્રાજ્યનો કાબુ પ્રત્યક્ષ રીતે હાથમાં લેતી વખત પૂર્વ તરફની દસ કરોડ પ્રજા પ્રત્યે ભવિષ્યમાં પાળવાનાં, અનુસરવાનાં અને ફોલો આપનારાં અને મારા રાજ્યતંત્રનાં ધોરણો સમજાવનાર એ વચનો એક સ્ત્રીસાર્વભૌમનાં વચનો છે." "ઉદારતા, હિતકારિતા અને ધાર્મિક સમાનતાની લાગણીઓ આવા દસ્તાવેજના પ્રાણરૂપ હોવાં જોઇએ; બ્રિટિશ કિરીટેશ્વરની પ્રજાની સાથે સમાનતાના સંબંધમાં મૂકવાથી જે હકો તેમને મળવાના તે અને નાગરિકતાને અનુસરતી સમૃદ્ધિ એ બધું તેમાં બતાવવું જોઇએ."

પોતાની રૈયત તરફ મહારાણીશ્રીના આવા મનોભાવો હતા; નવું જાહેરનામું એ મહોદયાની ઇચ્છા પ્રમાણે ઘડાયું અને એ આ પ્રસંગને છાજતું હતું. આપણા લોકો આ જાહેરનામાને પોતાના "હકપત્ર" તરીકે લેખેછે અને તેટલા માટે તે આખો દસ્તાવેજ આ નીચે ટાંકવો જરૂરનો લાગે છેઃ-

મુકામ અલાહાબાદ, સોમવાર, તારીખ ૧ લી માહે નવેંબર સન ૧૮૫૮ ઇસવી. *

મલિકા મા આઝમા ઇંગ્લિસ્તાન એઓને તાંહાંથી હિન્દુસ્થાન માંહેના રાજારજવાડા, તથા સરદાર, તથા બીજા લોકોને હેઠળ લખેલું મહેરબાનીનું જાહેરનામું પ્રસિદ્ધ કરવા સારૂ નવાબ ગવ્હર્નર જનરલ બહાદુરને હુકમ સાદર થયો છે.

* સને ૧૮૫૮ ના જાહેરનામાનું તે વખતે સરકાર તરફથી પ્રસિદ્ધ થએલું ભાષાન્તર.

હિન્દુસ્થાન માંહેના રાજારજવાડા, તથા સરદાર, તથા બીજા લોકોને મલિકા મા આઝમા દર ઇજલાસ કાઉન્સિલનું જાહેરનામું.

વિકટોરિયા—ઈશ્વરની કૃપાથી ગ્રેટબ્રિટન, તથા આયર્લેન્ડ આ સંયુક્ત રાજ્યની, તથા એ રાજ્યના તાબામાં યુરોપ, એશિયા, આફ્રિકા, અમેરિકા, અને આસ્ટ્રેલેશિયા આ ખંડો મધે જે વસાહતી, તથા ઉપરાજ્યો છે તે સર્વની મલિકા માઆઝમા તથા ધર્મ સંરક્ષક.

આજ સુધી હિન્દુસ્થાન માંહેના મુલકનો રાજ્યકારભાર હમારી વતી આનરેબલ ઇસ્ટ ઇન્ડિયા કંપની ચલાવતી હતી તે પોતેજ ચલાવવો એવું કેટલાંએક મહત્વનાં કારણોથી પાર્લમેન્ટ સભામાં એકઠા થયેલા સ્પિરિચુઅલ તથા ટેમ્પરલ લૉર્ડ અને કૉમન એઓની સલાથી તથા અનુમતથી હમોએ ઠરાવ્યું છે.

વાસ્તે હમો હવે આ જાહેરનામાથી જણાવીએ છૈએ, તથા પ્રસિદ્ધ કરીએ છૈએ કે, ઉપર લખ્યા પ્રમાણે સલા તથા અનુમત લેઇને સદર્હૂ રાજ્યકારભાર હમોએ હમારા હાથમાં લીધો છે; અને સદર્હૂ મુલક માંહેની હમારી સર્વ રૈયતને ફરમાવીએ છૈએ કે હમારી સાથે, તથા હમારા વારસોની સાથે, અને હમારા જાયનિશીનો સાથે તમોએ ઇમાનથી તથા બરેબર પ્રજાધર્મ પ્રમાણે ચાલવું; અને આજ પછી સદર્હૂ મુલકનો રાજ્યકારભાર હમારે નામે, તથા હમારી તરફથી ચલાવવા સારૂ જે જે વખતે જેની જેની નેમણુક હમો કરીએ તે તે અધિકારીઓનો હુકમ તમોએ માનતા જવું.

હમે હમારા ઘણા વિશ્વાસુ અને ઘણા પ્યારા મંત્રી નવાબ

ચાર્લ્સ જૉન વૅકૅાટ કૅનિન્ગ સાહેબનાં ઈમાન, તથા યેાગ્યતા, તથા શાહાણપણ ઉપર પૂરેા વિશ્વાસ, અને ભરેાંસેા રાખીને તેઓને એટલે સદર્હૂ વૅકૅાટ કૅનિન્ગ સાહેબને સદર્હૂ મુલકમાં હમારા પહેલા વ્હાઇસરૉય, તથા ગવ્હર્નર જનરલ ઠરાવીએ છૈએ, તથા નેમીએ છૈએ; અને હમારે નામે સદર્હૂ મુલકનેા રાજ્યકારભાર ચલાવવાને, તેમજ એક મુખ્ય સ્ટેટ સેક્રેટરીની મારફતે જે જે હુકમ, તથા કાયદા તેઓને વખતેવખતે હમારે તાંહાંથી પેાંહેાંચે તે પ્રમાણે હરએક બાબતમાં હમારે નામે, તથા હમારી તરફથી વહિવટ કરવાનેા તેઓને અધિકાર આપીએ છૈએ.

ઑનરેબલ ઈસ્ટ ઇન્ડિયા કમ્પનીએ હાલમાં જે જે મુલકી તથા લશ્કરી કામ ઉપર જે જે આસામીઓને નેમેલા છે તે સર્વને તે તે કામ ઉપર હમેા કાયમ કરીએ છૈએ. આગળ જેવી હમારી મરજી થશે, અને જે કાયદા, તથા કાનુન હમેા ઠરાવશું તે પ્રમાણે ફેરફાર થશે.

હમેા હિન્દુસ્થાન માંહેના રાજારજવાડાઓને જાહેર કરીએ છૈએ કે તેઓની સાથે ઑનરેબલ ઇસ્ટ ઇન્ડિયા કમ્પનીએ જે તહનામાં, તથા કરારનામાં કર્યાં હશે, અથવા જે સદર્હૂ કમ્પનીના હુકમથી થયાં હશે તે સર્વ હમારે કબુલ છે; અને હમેા બરાબર પાળશું; તેજ પ્રમાણે રાજારજવાડાઓએ પણ પેાતપેાતાની તરફથી તે તહનામાં તથા કરારનામાં પાળવાં જોઇએ.

હમારૂં જે હાલનું રાજ્ય છે તે વધારવાની હમેાને મુદ્દલ ઇચ્છા નથી. હમારાં રાજ્યને, તથા રાજ્યાધિકારને ધક્કેા પેાંહેાંચાડવાને કેાઇ યત્ન કરશે તેા, હમેા તેને સજા કર્યા વગર રેહેશું નહિ;

અને તેજ પ્રમાણે બીજાના મુલકને, તથા હકને ધક્કો પોંહોંચે એવી વાત હમો કદી મંજુર કરશું નહિ. જે પ્રમાણે હમો હમારો અધિકાર, હમારો દરજ્જો, અને હમારો મરતબો સંભાળી રાખીએ છૈએ, તેજ પ્રમાણે હિન્દુસ્થાન માંહેના રાજારજવાડાઓનો અધિકાર, તથા દરજ્જો, અને મરતબો હમો સંભાળી રાખશું. રાજારજવાડાઓની, તેમજ હમારી રૈયતની આબાદાની, તથા બઢતી થાય એવું હમો ઇચ્છીએ છૈએ; અને એ વાત દેશમાં સ્વસ્થતા, તથા સારા પ્રકારની રાજ્યવ્યવસ્થા હશે તોજ બનશે.

હમારી બીજી સર્વ રૈયત બાબત જે રાજધર્મ હમો અવશ્ય માનીએ છૈએ, તેજ રાજધર્મ હિન્દુસ્થાન માંહેના હમારા મુલકની રૈયત બાબત હમોએ પાળવા જોઇએ એવું હમો સમજીએ છૈએ; અને ઇશ્વરની કૃપાથી તે સર્વ વાસ્તવિક રીતે, તથા અંતઃકરણથી પાળશું.

ખ્રિસ્તિ ધર્મનાં ખરાપણાં ઉપર હમારો પૂરો વિશ્વાસ છે, અને ધર્મના યોગથી જે સમાધાન થાય છે તે સંભારીને હમો ઇશ્વરના ઉપકાર માનીએ છૈએ. એવું છે તો પણ ધર્મ સંબંધી જે હમારા વિચાર છે તેનો હમારી રૈયત પાસે સ્વીકાર કરાવવા બાબત સખતી કરવાનો હમને અધિકાર નથી, તેમ તેવી ઇચ્છા પણ નથી. ધર્મ સંબંધી વિચારના, અથવા આચરણના સબબથી કોઇની તરફદારી થાય નહિ, કોઇને ઈર્ષ્યા થાય નહિ, અને કોઇને દુઃખ થાય નહિ; તેજ પ્રમાણે કાયદાનો આશ્રય સર્વને સમાન રીતે નિષ્પક્ષપાતપણે મળે એવી હમારી આજ્ઞા છે. હમારા સર્વ અધિકારીઓને હમારી

સખત તાકીદ છે કે હમારી રૈયતની ધર્મ સંબંધી સમજણ, અથવા ભક્તિ વિષે તેઓએ કોઈ પ્રકારે હાથ ઘાલવો નહિ; ઘાલશે તો તે-ઓની ઉપર હમારી મોટી ગેરમરજી થશે.

વળી હમારી એવી આજ્ઞા છે કે હમારી રૈયતમાં જે કોઈ વિદ્યાએ કરીને, તથા હુશીઆરીએ કરીને, અને પ્રમાણિકપણે જે જે સરકારી કામો બરાબર ચલાવવાને લાયક હશે, તે તે કામો અનુકૂલ હશે તે પ્રમાણે બેદિક્કત વગર તરફદારીએ તે લોકોને ન્યાત, અથવા ધર્મ ઉપર નજર રાખ્યા વગર આપવા.

બાપદાદાથી ચાલતી આવેલી જમીન ઉપર હિન્દુસ્થાનના લોકોનો પ્યાર છે તે હમોને માલમ છે, અને હમારા ધ્યાનમાં છે. સરકારનું વ્યાજબી લેણું હશે તે લેઇને લોકોના જમીન બાબત જે જે હક્ક હશે તે તે તેઓની પાસે સુરક્ષિત રાખવા, અને હરએક બાબતમાં કાયદા ઠરાવતી વખતે, તથા તે અમલમાં લાવતી વખતે હિન્દુસ્થાનમાં જે પ્રાચીન હક્ક, તથા વહિવટ, તથા રિવાજ ચાલતો આવ્યો હોય તે ઉપર યોગ્ય રીતે નજર રાખવી, એવી હમારી આજ્ઞા છે.

રાજ્યનાં લોભી માણસોએ પોતાના દેશના લોકોને ખોટું ખોટું સમજાવીને ફસાવ્યા, અને દંગો કરવાને પ્રવૃત્ત કીધા; એવાં તેઓનાં કામથી હિન્દુસ્થાનના લોકોને ઇજા, અને દુઃખ પ્રાપ્ત થયાં; તેણે કરીને હમને ઘણું દુઃખ થયું છે. દંગો કરનારાઓનો પરાજય કરીને દંગો બેસાડી દીધો, એ ઉપરથી હમારૂં સામર્થ્ય સર્વને જાહેર થયું છે; પણ સદર્હુ પ્રમાણે ફસેલા લોકોમાંથી જે પાછા યોગ્ય

રીતે ચાલવા ઇચ્છે છે તેઓની ઉપર દયા કરીને તેઓના અપરાધની ક્ષમા કરવી, એવી હમારી મરજી છે.

વધારે ખુનરેજી ન થાય, તથા હિન્દુસ્થાન માંહેના હમારા મુલકમાં સ્વસ્થતા વહેલી થાય એવા ઇરાદાથી એક પ્રાંતમાં તો, હમારા વ્હાઇસરાય, તથા ગવ્હર્નર જનરલે, આગળ જે દુઃખકારક દંગા થયા તેમાં જે લોકોએ સરકારની વિરૂદ્ધ ગુન્હા કીધા તેમાંના ઘણાખરા લોકોને, કેટલીએક સરતથી ગુન્હાની માફી થશે, એવી આશા દેખાડી છે. અને જેઓના ગુન્હા માફ કરવાલાયક નહિ હશે તેવા ગુન્હેગારોને શી શી સજા થશે તે પણ તેઓએ ઠરાવ્યું છે. સદ્દહૂ તજવીજ હમારા વ્હાઇસરાય, અને ગવ્હર્નર જનરલે કરી તે હમારે કબૂલ મંજુર છે; અને એ સિવાય વળી હમો જાહેર કરીએ છીએ તે હેઠળ મુજબઃ—

અંગ્રેજ સરકારની રૈયતનાં ખૂન કરવામાં પ્રત્યક્ષ સંબંધ રાખવાની જેની ઉપર સાબીતી થઇ હોય, અથવા થાય તે ગુન્હેગારો ઉપર દયા કરવી તે, ન્યાય વિરૂદ્ધ છે; પણ તે સિવાય બાકીના સઘળા ગુન્હેગારો ઉપર દયા કરવામાં આવશે.

ખુની ગુન્હેગારોને જે લોકોએ જાણીજોઇને આશ્રય આપ્યો હશે, અથવા જેઓ દંગો કરવાને આગેવાન, અથવા પ્રવર્ત્તક થયા હશે તેઓને જીવદાન સિવાય બીજો કંઈ દિલાસો દેવાતો નથી. પણ એવાં માણસો સરકારની સાથે બેઇમાન થવાને શા કારણથી પ્રવૃત્ત થયાં તેનો પકકો વિચાર તેઓની ઉપર સજા ઠરાવતી વખતે કરવામાં આવશે; અને મતલબી માણસે ખોટી વાત ઉડાવી હોય તે છેકજ

અવિચારથી ખરી માનીને જે લોકોએ ગુન્હા કીધા, એવું માલમ પડે, તે લોકો બાબત ઘણીજ રહેમ નજર રાખવામાં આવશે.

સદર્હૂ માણસો સિવાય જે લોક દંગામાં હોય અને લડાઈ કરતા હોય તેઓ જો પોતપોતાને ઘેર પાછા આવીને સ્વસ્થપણે પોતપોતાનો કામધંધો કરવા માંડશે તો, તેઓએ અમારી વિરૂદ્ધ, હમારાં રાજ્ય વિરૂદ્ધ, અને હમારા દરજ્જા વિરૂદ્ધ કરેલા સઘળા ગુન્હા વિસરી જઈને, કંઈ સરત કર્યા વગર તેઓને માફી, તથા ક્ષમા મળશે, એવો હમો આ જાહેરનામાથી દિલાસો આપીએ છીએ.

ગુન્હાની માફી તથા મહેરબાની કરવા બાબતના જે નિયમ ઉપર લખ્યા છે તે પ્રમાણે આવતા જાનેવારી મહિનાની ૧ લી તારીખ પહેલાં જે ચાલશે તે સર્વને માફીના, તથા મહેરબાનીના સદર્હૂ ઠરાવ લાગૂ કરવા, એવી હમારી આજ્ઞા છે.

ઈશ્વરની કૃપાથી જ્યારે હિન્દુસ્થાનમાં સ્વસ્થતા થશે ત્યારે તે દેશના વેપારધંધાને ઉત્તેજન આપવું, લોકોપયોગી અને લોકોનાં કલ્યાણનાં કામોની વૃદ્ધિ કરવી, અને તે દેશમાં રહેનારી હમારી સર્વ રૈયતનું સારૂં થાય એવી રીતે રાજ્યકારભાર ચલાવવો, એવી હમારી અંતઃકરણથી ઈચ્છા છે. હમારી રૈયતની આબાદાની તેજ હમારૂં સામર્થ્ય, તેઓનો સંતોષ તેજ હમારાં રાજ્યની મજબૂતી, અને તેઓની કૃતજ્ઞતા તેજ હમને ઉત્તમ ફળ, એવું હમે માનીએ છીએ. રૈયતના કલ્યાણ બાબત હમારી જે આ ઈચ્છા છે તે પાર પાડવાને સર્વ શક્તિમાન્ જે પરમેશ્વર તે હમને, તથા હમારા અધિકારીઓને સામર્થ્ય આપે એવી હમારી પ્રાર્થના છે.

ગ્રંથ ૨—ખંડ ૨.

પ્રકરણ ૧.

સામાન્ય ઇતિહાસ.

ક્રિમિયન યુદ્ધ પછી શાન્તિ, કાપકૂપ અને સુધારાનો યુગ શરૂ થયો. જ્યારે પ્રજાને શાન્તિની મરજી થઈ ત્યારે પરદેશખાતાના પ્રધાન તરીકે અત્યંત ધામધુમીઓ હોવા છતાં લૉર્ડ પામર્સ્ટનને મુખ્ય પ્રધાન તરીકે શાન્તવૃત્તિ ધારણ કરવી પડી. જગતના ઇતિહાસમાં મોટા મોટા બનાવો એક પછી એક બનવા લાગ્યા. ૧૮૬૦ માં ઇટલીએ સ્વાતંત્ર્ય સંપાદન કર્યું. અમેરિકાએ એક મોટા આંતર યુદ્ધમાં લોહી રેડીને પોતાની એકતા સજ્જડ કરી. પ્રશીઆએ ડેનમાર્ક પાસેથી પ્રાન્તોના પ્રાન્તો પડાવી લીધા અને મહત્ત્વાકાંક્ષુપતાનું જીવન શરૂ કર્યું. રશિયાએ પૂર્વ તરફ સવારીઓ લઈ જવાની યોજનાઓ કરી. લૉર્ડ પામર્સ્ટન આ બધું જોતો પણ જરા હાલ્યો નહિ. મોટી પ્રજાઓના હૃદયથી તેને ઈર્ષ્યા થઈ આવી પણ દરમિયાનગીરી કરવા સુધી તે ઉશ્કેરાયો નહિ. તે ૧૮૫૬ માં વિદેહ થયો ત્યારે દેશમાં શાન્તિ વર્તતી હતી.

કારણ કે હવે ઇંગ્લેન્ડે સ્વદેશ સુધારણાના એક યુગમાં દાખલ થયા હતા. ગ્લેડ્સ્ટન જે આ વખતે રાષ્ટ્રકોશાધ્યક્ષ હતો તેના નાણાં પ્રકરણમાં મોટા સુધારાઓથી વેપાર ઉપરના અંકુશો કટકે કટકે નિવૃત્ત થયા હતા. મિ. કોબ્ડને ૧૮૫૯ માં ફ્રાન્સ સાથેનો વ્યવહારસંધિ સિદ્ધ કર્યો. ૧૮૬૦ માં કાગળ પરનો કર નાબુદ

થયો. બીજા પણ કરો કાઢી નાખવામાં આવ્યા છતાં રાષ્ટ્રની ઉપજ વેપારના વિસ્તારની સાથે કુદકે કુદકે વધવા માંડી.

લૉર્ડ પામર્સ્ટનના વિલય પછી સુધારણાની એક યોજના રજુ કરવામાં આવી હતી પણ તે વ્યર્થ ગઇ; પણ પ્રજાને તેવી યોજના જોઇતી હતી અને ડિઝરાયલે દાખલ કરેલી સુધારણાની યોજના પસાર થઇ. ૧૮૬૮ માં મિ. ગ્લેડ્સ્ટન ડિઝરાયલની પછી મુખ્ય પ્રધાનના પદ ઉપર આવ્યો અને તેના કારભારમાં મોટા સુધારા થયા. આયર્લંડનો પહેલો ભૂમિપ્રબન્ધ પસાર થયો. રાષ્ટ્રીય કેળવણીની એક પદ્ધતિની રચના થઇ. લસ્કરમાં અમુક સુધારા થયા. છૂપા ગત આપવાનો પ્રબન્ધ રચાયો અને વરિષ્ટ ન્યાયસભાનું સંસ્થાપન થયું.

તાજના વહિવટનાં પહેલાં અઢાર વર્ષમાં હિન્દુસ્તાનના કાર્યભારમાં પણ આ શાન્ત ઉત્કર્ષ દૃષ્ટિગોચર થાયછે. લૉર્ડ કેનિન્ગ આપણો પહેલો વહાઇસરોય—ઉપરાજાધિરાજ—થયો. સેનાપ્રકોપના સમયમાં એણે જે શ્રમ કર્યો હતો તે કોઇ જાણતું નહતું. કેટલીકવાર રાત્રિ દિવસ એને લખવાના મેજ ઉપરજ ગાળવા પડતા. શિયાળાની એક સવારમાં જ્યારે મધ્યરાત્રિથી તે મધ્યાન્હ સુધી જરા પણ વિશ્રાન્તિ અને નાસ્તો પણ લીધા વિના કામ કરીને ઉઠ્યો ત્યારે થાકથી એ પડી ગયો અને મગજની ગતિ બન્ધ થઇ ગઇ; અને આ ભાર લૉર્ડ કેનિન્ગે એકલાએજ સહન કર્યો હતો એમ ન હતું. એમનાં પત્ની—એમની ચિંતાઓની વફાદાર ભાગીદાર—તે. પણ તેમના શ્રમમાં ભાગ પાડતાં. મોડી રાત સુધી સામાન્ય રીતે જેમ થાયછે તેમ, અધિકારીઓ મારફત મોકલવા જેવા ન હોય એવા ખાનગી પત્રો અને ખરીતાઓની નકલો કરતાં—તેઓ જાગતાં. બન્ને સહભારવાહી થયાં અો બન્ને જયવંત થયાં.

સેનાપ્રકોપ બન્ધ પડ્યો. ૧૮૫૮ ના નવેમ્બરની પહેલી તારીખે અલાહાબાદમાં એક મ્હોટો દરબાર ભરાયો અને તેમાં કેનિન્ગે એકઠા થયેલા દરબારીઓ રૂબરૂ મહારાણીશ્રીનો ઢંઢેરો વાંચ્યો. આપણા દેશના દરબારો-

માંનો આ મ્હોટામાં મ્હોટો દરબાર ભભકા વિનાનો છતાં રૂઆબદાર હતો. અહંકાર વિનાનો હોદ્દાને દબદબાદાર હતો. કાનપુર આગળ ભરાયલા એક બીજા દરબારમાં **ઉપરાજાધિરાજ** મહાશયે એક પ્રીતિકર ઠરાવ જાહેર કર્યો. દત્તક લેવાનો પ્રતિબન્ધ કરનાર જે નિયમથી મોટા રાજવંશો નાશ પામ્યા હતા તે નિયમ રદ કર્યાનું એમણે પ્રસિદ્ધ કર્યું. આપણા રાજા મહારાજાઓનો દત્તક લેવાનો પ્રાચીન હક મહારાણીની સરકારે અંગીકાર કર્યો. આ ઠરાવ સાંભળતાં દરેક રાજા મહારાજાનો શ્વાસ હેઠો બેઠો. પ્રજાએ તાજનો નવો રાજપ્રતિનિધિ આનન્દ સાથે વધાવી લીધો.

સવારી આગળ ચાલતાં લૉર્ડ કેનિન્ગે ઉત્તર હિન્દુસ્તાન અને પંજાબનાં મુખ્ય શહેરોની મુલાકાત લીધી અને ૧૮૬૦ ના ફેબ્રુઆરીમાં પેશાવરના સિમાન્તનગરમાં તે દાખલ થયો. પાછા ફરતાં તેણે સીમલાની મુલાકાત લીધી અને મે માસમાં કલકત્તે આવ્યો. શ્રમથી એની તબિયત નરમ થઇ હતી, પણ તબિયતના કારણસર પોતાના કર્તવ્યને તે જરા પણ ખસેડતો નહિ. સિયાળામાં એક બીજી મુસાફરીમાં તે પ્રવૃત્ત થયો; અને જબલપુરમાં હોલ્કર, સિન્ધિયા અને મધ્ય હિન્દના બીજા સરદારોનો એક દરબાર ભર્યો. બાળવાની બીના પછી સર્વત્ર રાજા અને રૈયતને મળવાની જરૂર હતી; તેમને ખાત્રી આપવાની અને તેમની સ્વેચ્છા અને વફાદારી દ્વારા સામ્રાજ્યને સુસ્થિત કરવાની આવશ્યકતા હતી.

૧૮૬૧ માં કેનિન્ગ ઉપર મહાશોક આવી પડ્યો. ઉત્તર હિન્દુસ્તાનની મુલાકાતમાંથી પાછા ફરતાં તેની પત્નીને ગંભીર માંદગી થઇ આવી. દાર્જીલિંગથી પાછા આવતાં લેડી કેનિન્ગને **તિરાઈ તાવ** લાગુ પડ્યો હતો. આ માંદગીમાં તે ડૂબવા લાગ્યાં અને નવેમ્બરમાં ભાગ્યશાલી થઈ ગયાં. તે પછી આ અથાક શ્રમ કરનાર પુરૂષના બલિષ્ઠ ચેતનનો ભંગ થવા લાગ્યો. તેનો ખાનગી કારભારી લખે છે કે " હું મૃત્યુના ઓરડામાં ગયો ત્યાં જોયું

તો, આ અભિમાનથી ભરપૂર અને થોડાબોલો પુરૂષ આંસુ ખાળી શકતો નહોતો. તેણે મારો હાથ એવી રીતે પકડ્યો કે જેથી તેના મનોભાવની ઉગ્રતા મને પ્રત્યક્ષ થઇ. ૧૮૬૨ ના માર્ચમાં લૉર્ડ કેનિન્ગે હિન્દુસ્તાન છોડ્યું. આ વખતે તે મરણોન્મુખ હતો.

લૉર્ડ વિલ્યમ બેન્ટિન્કની ટૂંકી હિતકારી કારકીર્દિ યાદ કરીએ તો આપણા દેશના અર્વાચીન ઇતિહાસમાં એવો કોઇ કાળ નથી આવ્યો કે જ્યારે આટલી ટૂંકી મુદતમાં આવા મોટા સુધારા થઇ શક્યા હોય પણ કેનિન્ગનું બ્હોટામાં બ્હોટું કામ આપણી કૃષિ સંપત્તિ વધારવાનું, આપણા ખેડુતોને માટે કૃષિનો નફો નિર્ભય કરવાનું હતું. કૃષિ ઉપર જીવનારી સર્વ પ્રજાઓમાં ભૂમિનો સવાલ આબાદીના મૂળરૂપ છે. લૉર્ડ કેનિન્ગે જે ઉદારતાથી આ સવાલ હાથમાં લીધો હતો તે વાત આગળ ઉપર વર્ણવવામાં આવશે. અહીં એટલું જ કહેવું બસ છે કે ૧૮૫૯ ના બંગાળાના (પ્રતિબન્ધથી–કરપ્રબન્ધથી) ખેડુ લોકોને એક એવું રક્ષણ મળ્યું કે જે પૂર્વે તેમને ન હતું અને દશ વર્ષ પછી મિ. ગ્લેડ્સ્ટને જ્યારે આયર્લેન્ડને માટે પહેલો ભૂમિપ્રબન્ધ યોજ્યો ત્યારે આ પ્રબન્ધની કલમો તેની પાસે હતી, પણ લૉર્ડ કેનિન્ગે તો ફરીફરીને થતી જમાબન્દીઓ અને વધતા જતા રાજ્યહકોની સહામે ખેડુતોને રક્ષણ આપવાના યત્નો કર્યા હતા. એ ડહાપણભર્યું પગલું ભરવામાં આવ્યું હત તો ઓગણીસમી સદીના છેલ્લા ચરણમાં જે બ્હોટા પ્રરીફરીને પડતા દુષ્કાળોથી હિન્દુસ્તાન ઘેરાયું હતું તે ઓછા થાત.

બ્હાપ્રસરૉયનું ધ્યાન ઉંચી કેળવણી ઉપર પણ ખેંચાયું હતું. લન્ડન યુનિ-વર્સિટીના નમુના ઉપર કલકત્તા, મદ્રાસ અને મુંબઇનાં વિશ્વવિદ્યાલયો સ્થપાયાં. પાશ્ચાત્ય કેળવણીનો નવા પ્રાણ આપનારો પ્રતાપ વિશાળ જનમંડળમાં વધારે પ્રસરવા માંડ્યો. બંગાળાના બ્હોટામાં બ્હોટા લેખકોઃ–ઇશ્વરચન્દ્ર વિદ્યા-સાગર–બન્કિમચન્દ્ર ચેટરજી એ આ સાઠના અરસામાં પ્રસિદ્ધિ પામ્યા. લૉર્ડ

વિલ્યમ બેન્ટિન્કના સમય પછી મહારાણીના રાજ્યવહિવટનાં પ્રથમ વર્ષોમાં પહેલા વ્હાઇસરૉયના અમલમાં આપણા દેશમાં જે મહત્ત્વાકાંક્ષા અને હિતાવહ ઉચ્ચાભિલાષ દેખાતો હતો તેવો કદી દેખાયો ન હતો.

પ્રબન્ધક્રિયામાં પણ કેનિન્ગની કારકીર્દિ પાછળના વર્ષો કરતાં નીરાળી રહે છે. ઇન્ડિયન પિનલકોડ ૧૮૬૦ માં પસાર થયો. દીવાની અને ફોજદારી કામ ચલાવવાના કાયદાઓ મંજુર થયા અને એક નવા પ્રબન્ધથી પોલિસ દળની રચના કરી અને તેને નિયમિત કર્યું.

૧૮૬૧ ના પ્રબન્ધથી નવી રચેલી ગવર્નર જનરલની સભામાં પાંચ નિત્ય સભાસદો હતા. લૉર્ડ કેનિન્ગે આ સભાસદોમાં કાર્યવિભાગ કર્યો અને દરેકને એકેક જુદું ખાતું સોંપી દીધું. સભાએ આ પ્રમાણે એક પ્રધાન મંડળનું સ્વરૂપ લીધું, જેમાં ગવ્હર્નર જનરલ મુખ્ય રહ્યા. સામાન્ય સવાલો તે તે ખાતાનો પ્રધાન હાથ ધરે; અને ગંભીર સવાલો તે ગવ્હર્નર જનરલની નિરીક્ષા માટે તેમની આગળ રજુ કરે. જો મતભેદ થાય તો તે પ્રશ્ન આખી સભા આગળ ચર્ચા માટે આવે. કેનિન્ગે દાખલ કરેલી રાજ્યકાર્યભારની આ પદ્ધતિ હજી સુધી ચાલેછે. ખામી માત્ર એટલીજ કે સામ્રાજ્યના રાજ્યવહિવટમાં લોકમતના નિરૂપણને માટે કંઈજ અવકાશ નથી. આ ખામી તે વખત પછી સુધરવી જોઇતી હતી પણ હજી સુધરી નથી. સાંપ્રતમાં થયેલા સુધારા માટે જુઓ આ પુસ્તકનું છેલ્લું પ્રકરણ.

ન્યાયખાતાની પણ ફરી રચના કરવામાં આવી. કમ્પનીની અને મહારાણીની અદાલતો તે એકત્ર કરીને સને ૧૮૬૧ માં એક હાઇકોર્ટ કલકત્તા, મદ્રાસ અને મુંબઇમાં સ્થાપી. સર બાર્ન્સ પિકોક નામના નામીચા પ્રબન્ધશાસ્ત્રી કલકત્તાની હાઇકોર્ટના વડા ન્યાયાધીશ તરીકે વિરાજ્યા. રાગપ્રસાદરાય નામના રાજા રામ મોહનરાયના પુત્રને પહેલા દેશી ન્યાયાધીશ થવાનું માન મળ્યું, પરંતુ તે થોડી મુદતમાં મરણ પામ્યા. તે જગાએ પાછળથી દ્વારકા-

નાથ મિતરની યોજના કેટલેક કાળે કરવામાં આવી હતી. તેઓએ પોતના સંગીન જ્ઞાનથી અને નિર્ભય સ્વાતંત્ર્યથી સર્વત્ર માન અને ભક્તિ સંપાદન કર્યાં હતાં.

લશ્કરનું પણ નવેસરથી બંધારણ થયું. ૭૦૦૦૦ યુરોપિયન અને ૧૩૫૦૦૦ દેશી લશ્કર રાખવાની ગોઠવણ થઇ. આ સંખ્યામાં પાછળથી બહુ મોટો વધારો કરવામાં આવ્યોછે અને આંહીંનું લશ્કર એશિયા અને આફ્રિકામાં જરૂર પડે ત્યારે ઉપયોગમાં લેવામાં વપરાય છે.

પણ લૅાર્ડ કેનિન્ગનો મોટામાં મોટો પ્રશ્ન નાણાં પ્રકરણી પ્રશ્ન હતો. બ્રિટિશ સરકારે એમ ઠરાવ્યું હતું કે "બળવાના પ્રસંગનું તમામ ખરચ આપણી ત્રિજોરી ઉપર નાંખવું." આથી આપણું કરજ ચાર કરોડ પાઉંડ ઉપર થયું. આ કરજનું વાર્ષિક વ્યાજ ઘણું મોટું હતું અને તેની માગણી આપણા દેશના કર ભરનારા ઉપર થઇ. જેમ્સ વિલ્સન જે એક પ્રવીણ અર્થવેત્તા હતો અને બ્રિટિશ ત્રિજોરીનો નાણાં પ્રકરણી ખાતાનો સેક્રેટરી હતો તે ગવર્નર જનરલની સભાનો પહેલો કોશગંત્રી નીમાયો. તેણે એક રાષ્ટ્રીય ચીઠ્ઠીનું ચલણ કહાડ્યું, અને વધતા ખરચનાં નાણાં મેળવવા માટે લાઇસેન્સ ટેકસ અને ઇન્કમ ટેકસ-ધંધાવેરો અને આગદાની વેરો, એ બે નવા વેરા નાખ્યા.

લૅાર્ડ કેનિન્ગનું કામ પૂરૂં થયું. આ દેશમાં તેમજ ઈંગ્લંડમાં તેના વિષેના અભિપ્રાયમાંથી કડવાશ કમી થઈ અને આપણા દેશના પહેલા અને મોટામાં મોટા વ્હાઇસરૉયને આખરે ન્યાય મળ્યો. તેણે ૧૮૬૨ ના જુનમાં દેહ મૂકયો. તે વખતે તેની ઉમ્મર માત્ર પચાસ વર્ષની હતી. વેસ્ટ મિન્સ્ટર એબિમાં તેના પિતાની કબરની નજીકમાંજ તેનો ભૂમિદાહ કર્યો.

લૅાર્ડ એલ્જીન ૧૮૬૨ માં આપણા દેશમાં આવ્યો અને તે લૅાર્ડ કેનિન્ગનો લાયક ઉત્તરાધિકારી નીવડ્યો. તેણે પણ તેજ શાન્તિની નીતિ ચલાવી અને તેજ લોકાનુકમ્પા રાખી. ૧૮૪૭ થી ૧૮૫૪ સુધી તે કેનેડાનો વ્હાઇસરૉય હતો,

અને ત્યાં તેણે નામના મેળવી હતી. ૧૮૫૭ માં જ્યારે બ્રિટિશ સેનાની સાથે તે ચીન જતો હતો ત્યારે તેણે હિન્દમાં બળવાની વાત સાંભળી હતી અને તે વખતે ત્વરાથી ચીનની સ્વારીને બદલે હિન્દની કુમકે ચડી આવ્યો હતો. પાંચ વર્ષ પછી હિન્દના વ્હાઇસરૉય અને ગવ્હર્નર જનરલ તરીકે તેની યોજના થઇ. આની પાસેથી બહુ આશા રાખવામાં આવી હતી કારણ કે તે પોતાનું કર્ત્તવ્ય સમજતો અને લોક ઉપર તેની અનુકમ્પા હતી, પણ આવ્યો તે પછીના વર્ષમાંજ તે મરણ પામ્યો અને તેથી હિન્દુસ્તાનના રાજ્યવહિવટ ઉપર તે કાંઇપણ નિશાની મૂકી શકયો નહિ.

તે પછી જૉન લૉરન્સની નીમણુક થઇ. તેને પસંદ કરવાનાં કારણોમાં તેના હિન્દના લાંબા અનુભવની સાથે દેશમાં રહ્યાથી આપણા દેશની હવાને અનુકૂલ થઈ ગયેલી પ્રકૃતિ, એ પણ હતું. તે ૧૮૬૪ ના જાન્યુઆરીમાં કલકત્તે આવ્યો. તે હિન્દુસ્તાનના લોકને સારી પેઠે જાણતો હતો અને મંત્રીઓના સંબંધમાં તે ભાગ્યશાળી હતો. તેના વખતનો મ્હોટામાં મ્હોટો પ્રબન્ધશાસ્ત્રી હેન્રી સમનર મેઇન એ એનો પ્રબન્ધમંત્રી હતો. વૃધ્ધ સર ચાર્લ્સ ટ્રેવેલ્યન—જેણે એન્ટિન્ક અને મેકોલસ સાથે કામ કર્યું હતું તે તેનો કોસમંત્રી હતો અને સેનાપતિ નેપિયર પાછળથી મગદલ્લાનો લૉર્ડ નેપિયર—તે તેનો યુદ્ધમંત્રી હતો.

૧૮૬૪ માં લાહોરમાં મોટો દરબાર ભરાયો, તેમાં છમેં રાજા મહારાજા અને સરદારોની સમક્ષ તેમની પોતાની ભાષામાં લૉરેન્સે ભાષણ કર્યું. જે તેના પહેલા અથવા પછીના કોઇ વ્હાઇસરૉયને માટે અસંભવિત હતું. ભૂતાનની સાથે એક નાનીસરખી લડાઇ થઇ અને તેના પરિણામમાં દોઆરનો મુલક અરધી ઉપજ ભૂતાનને આપવાની સરતે ખાલસા કર્યો.

૧૮૬૬ માં ઓરિસામાં એક સખ્ત દુકાળ પડયો. નિવારણનાં પગલાં પૂરતાં ન હતાં અને મરણ સંખ્યા બહુ ભારે આવી. વળી ભૂગિનો પ્રશ્ન સર-

કાર પાસે કાયમનો હતો. કેનિન્ગે બંગાળાના બેકુતને કબજાની નિર્ભયતા આપી હતી. લૉરેન્સે પંજાબ અને અયોધ્યાને માટે તેજ ઉપયોગી નીતિ અમલમાં મૂકી અને લૉર્ડ કેનિન્ગની સાથે એકમત થઇને સર જૉન લૉરેન્સે સર્વ પ્રાંતોમાં કાયમની જમાબન્દી કરવાની ભલામણ કરી. એનો હેતુ એક મજબૂત મધ્યમ વર્ગ ઉત્પન્ન કરવાનો અને લોકની કૃષિસંપત્તિ વધારવાનો હતો. આ દિવસે લોકનું કલ્યાણ એ રાજ્યકર્ત્તાઓના વિચારમાં પ્રથમ સ્થાન ભોગવતું હતું.

લશ્કરનું ખરચ સર જૉન લૉરેન્સે ૧૩૧૮૨૦૦૦ પાઉંડથી ઉતારીને ૧૨૬૯૦૦૦૦ આણ્યું; છતાં વર્ષોવર્ષ બેાટ આવતી અને પાંચ વર્ષના અરસામાં કુલ બેાટ ૩૭૫૦૦૦૦ પાઉન્ડની જણાઇ. લોકો ઉપર વેરા નાખવાનો અવધિ આવી રહ્યો હતો અને વેપાર ઉપર નાખવા લાયક વેરાના સંબંધમાં બ્રિટિશ વેપારીઓને સખ્ત વિરોધ હતો; જેની રહામે સરકાર ટક્કર ઝીલી શકે તેમ ન હતું. સર જૉન લૉરેન્સે સેક્રેટરિ ઑફ સ્ટેટને ૧૮૬૭ માં લખેલું કે, "જો ધન્ધા વેરો નામંજુર થશે તો ણીન અમલદાર યુરોપિયન વર્ગની સાથે સંબંધ રાખનાર સર્વ તરેહના કરો અસંભવિત થશે. એ લોકો કોઇ પણ તરેહનો આવો કર પસંદ કરવાના નથી. તેમની ઇચ્છા તો એવી છે કે તમામ કર દેશીઓ ઉપરજ પડવા જોઇએ."

અને તે વખતના ઇન્ડિયા કાઉન્સિલના એક સભાસદ અર્સ્કિન પેરી. ને લખતાં લૉરેન્સ લખેછે કેઃ—

"ઇન્ડિયા સરકારને આ બાબતમાં ઇન્સાફથી ચાલવામાં ઘણી મુસ્કેલીઓ છે. દેશીઓને મદદ કરવા માટે કાંઇ કર્યું અથવા કરવાનો યત્ન કર્યો તેની સાથે એક મોટો પોકાર થાયછે, જેના પડઘા ઇંગ્લંડમાં પડેછે અને ત્યાં તેને આશ્રય મળેછે. કેટલીક વાર તો શું કરવું તે મને સૂઝતું નથી. વાતમાં

તો દરેક જણ વિવેક અને ઇન્સાફની અને એવા ખુમારીદાર સદ્‌ગુણોની હીમાયત કરેછે, પરંતુ જ્યારે એ ધોરણોને કોઇકના સ્વાર્થની સાથે સંબંધ ધરાવે એવી રીતે અમલમાં મૂકવામાં આવે એટલે તેમની વૃત્તિમાં ફેરફાર થાયછે."

હિન્દુસ્તાનના કરજમાં એક અન્યાયી વધારો થતો અટકાવવામાં લૉરેન્સ નિષ્ફળ થયો. ૧૮૬૭ માં એબિસિનીયાના રાજા થિઓડોર સાથે ગ્રેટબ્રિટનને લડાઇ થઇ હતી. મુંબઇના લશ્કરના વડા સરદાર રોબર્ટ નેપિયરને આ સ્વારીમાં મોકલવામાં આવ્યા હતા અને 'રેસાલા' ના પર્વત ઉપર સેન્ટ જૉર્જનો વાવટો ફરકાવવાને તેઓ ભાગ્યશાળી થયા, પણ ખરચ જંગી આવ્યું અને તેનો મોટો ભાગ વર્ષોવર્ષની ખોટ અને અવ્યવસ્થિત રાજ્યકોશ હોવા છતાં પણ હિન્દુસ્તાન ઉપર ગેરવાજબી રીતે નાખવામાં આવ્યું. લૉરેન્સે સખ્ત વાંધો ઉઠાવ્યો પણ કોણ સાંભળે ?

લૉરેન્સની સીમાન્તનીતિના સંબંધમાં બે અક્ષર લખવાના રહ્યા છે. ૧૮૬૬ માં સર ચાર્લ્સ વુડ સેક્રેટરિ ઑફ સ્ટેટના પદ ઉપર ન હતા. નાદુરસ્ત તબિયતને લીધે તેઓ અધિકાર ઉપરથી નિવૃત્ત થયા હતા અને લૉર્ડ હેલિફાક્સ એ પદવીથી દીવાનેખાસમાં દાખલ થયા હતા. તેજ સાલમાં લૉર્ડ ડિગ્રે પાછળથી લૉર્ડ રિપન સેક્રેટરી ઑફ સ્ટેટ થયા પણ લિબરલ સરકારનો કારભાર તરતજ ઉતર્યો અને લૉર્ડ ક્રેન્બર્ન-પાછળથી માર્કવેસ ઑફ સૉલ્સબરી સેક્રેટરિ ઑફ સ્ટેટ થયા-તે જુલાઇ ૧૮૬૬ માં. તે પણ બહુ થોડો વખત આ અધિકાર ઉપર રહ્યા અને ૧૮૬૭ માં સર સ્ટેફર્ડ નોર્થકોટને એ અધિકાર મળ્યો અને ૧૮૬૮ માં જ્યારે પાછો લિબરલોનો કારભાર થયો ત્યારે ડ્યુક ઑફ આર્ગિલ હિન્દુસ્તાન ખાતાના પ્રધાન પદ ઉપર આવ્યા.

આ બધા પ્રધાનો વુડ, ગ્રે, ક્રેન્બોર્ન, નોર્થકોટ અને આર્ગિલ એ બધા સર જૉન લૉરેન્સની સીમાન્તનીતિને અનુકૂલ હતા. એ વાત એ સમયનો

રંગ બતાવી આપે છે. ભારત વર્ષની બજાણુ કુદરતી સીમાને વળગી રહેવું અને અફઘાનીસ્તાનના અનન્ત પર્વતોમાં નવી સરહદ શોધવી એ બેઉ ઠરાવને વળગી રહેવાનું પસંદ કરતા હતા.

લૉરેન્સનું માનવું એવું હતું કે ભારતવર્ષની પશ્ચિમમાં આગળ વધવું એ જે ભય આપણે ધારીએ છીએ તેની સહામે અર્ધે રસ્તે જવા સરખું છે. જે સરહદ સર્વત્ર છે અને કોઇ ઠેકાણે નથી એવી એક કૃત્રિમ સરહદને માટે, ઉતરાય નહિ એવી નદી અને પર્વતના દુર્ગની કુદરતી સરહદ મૂકી દેવા જેવું થાયછે. તે સરહદ રાખવાથી અમિત્ર પ્રજાની વચમાં દુશ્મન જોડે આપણી પોતાની પલાંડીથી ઘણે દૂર લડવાની જરૂર પડશે. એમ કરવામાં અફઘાનોને આપણા દુશ્મન બનાવીએ છીએ, જેઓ જો આપણે એમને હેરાન ન કરીએ તો આપણા મિત્ર થવાને તૈયાર છે અને એમાં હિન્દુસ્તાનના લોકોના લાખો રૂપિયા ઉડાવી દેવાના છે, જે રૂપિયાની તમને ભૂખમરામાંથી તથા સરકારના ઉધરાતદારોથી બચાવવા માટે બહુ જરૂર છે. આ ધોરણે જ્યારે ૧૮૬૬ માં દોસ્ત મહમદના મરણ પછી અફઘાનિસ્તાનની ગાદીને માટે તકરાર થઇ ત્યારે લૉરેન્સ અદ્દઢતાથી પોતાની નીતિને વળગી રહ્યો, એટલે જ્યાં સુધી અફઘાન લોકોએ પોતાનો કળઓ અંદર અંદર પતાવ્યો ત્યાં સુધી પોતે બેસીજ રહ્યો. આ નીતિને 'સંયમી તટસ્થતા' એવું નામ આપવામાં આવ્યું છે. જ્યારે ૧૮૬૮ માં સરદાર શેરઅલી પોતાના પિતાની ગાદી સંપાદન કરવાને ભાગ્યશાળી થયો તે વખતે લૉરેન્સે ઈંગ્લંડની સરકારની સંપૂર્ણ મંજુરીથી તેને અફઘાનીસ્તાનના 'વાસ્તવિક રાજા' તરીકે સ્વીકાર્યો.

પણ સર જૉન લૉરેન્સની આ નીતિ–અતિ ડાહી, એકરૂપ અને પ્રતેહમંદ હોવા છતાં વિરોધ વિનાની ન રહી. સર થાર્ટલ ફ્રીયર જે ૧૮૬૭ માં સર જૉન લૉરેન્સની પંજાબની નીતિની સડામે થયો હતો તે આ વખતે ઇન્ડિયા

કાઉન્સિલનો સભાસદ હતો. એ 'ફોર્ડ રકૂલ'નો ચેલો હતો; અને તે કાઉન્સિલના બીજા સભાસદ સર હેન્રિ રોલિન્સનની સાથે મળ્યો; અને રોલિન્સને આ વખતે મધ્ય એશિયાના રશિયાના ધસારાની સ્હામાં પગલાં ભરવાને અને અફઘાનીસ્તાન અને ઇરાનમાં ઇંગ્લાંડની સત્તા અને પ્રતાપને મજબૂત કરવાનાં પગલાં સૂચવનારી પ્રસિદ્ધ યાદી લખીને આપેલ સવાલ પુનઃ ઉત્પન્ન કર્યો. આવી સૂચના રીતસર થઇ હત તો બ્રિટિશ પ્રજાએ તેનો શો રસ્તો કરવો તે બતાવી આપ્યું હત. આ બાબત ઉપરથી જે દરખાસ્તો થતી એ એવી સમજણથીજ થતી હતી કે ખરેખ આપણા દેશનેજ આપવાનું છે.

રોલિન્સનની યાદી સર જૉન લૉરેન્સના અભિપ્રાય માટે મોકલવામાં આવી. લોરેન્સે જે જવાબ પાંચ વર્ષ ઉપર ગાર્ડન ફ્રીયરને આપ્યો હતો તેજ જવાબ રોલિન્સનને આપ્યો અને જુદી જુદી યાદીઓના આવરણના પત્રમાં લૉરેન્સની નીતિ હમેશને માટે નીચે મુજબ આકારાઇ.

"કોઇ ઊંચા દરજ્જાના બ્રિટિશ અગ્રહદારને સૈન્ય સાથે અથવા સૈન્ય વિના અફઘાનીસ્તાનમાં મોકલીને, અથવા આપણી પોતાની સરહદની પેલી પાર કોઇ થાણાનો અથવા અમુક પ્રદેશને જોરથી કે મિત્રાચારીથી કબજે મેળવીને અફઘાનીસ્તાનનાં કાર્યોમાં વચમાં પડવાની સ્હામે અમારો વાંધો છે અને તે એટલા માટે કે અમારા ધારવા પ્રમાણે આવાં પગલાંથી અફઘાન લોકોના મનમાં વ્યાકુલતા, દ્વેષ અને દુશ્મનાવટ થશે અને આપણને હુમલા અથવા બચાવના સંબંધમાં કંઇ પણ ફાયદો થવાનો નથી. રશિયા જો ખરેખર હિન્દુસ્તાન ઉપર હુમલો લાવવાનો વિચાર કરતું હોય તો તે બાબતમાં જેટલી મુશ્કેલીઓ એને વધારે પડે તેમ કરવામાં આપણો સ્વાર્થ છે; અને જો આપણે આપણી સરહદ છોડીને અર્ધે રસ્તે મુશ્કેલીભરેલા મુલકમાં અને પ્રતિપક્ષી તથા અધીરી થયેલી પ્રજાની વચમાં એમને ભેટવાનો વિચાર કરીએ તો આપણે તેમની તે મુશ્કેલીઓ બચિત કમી કરીએ છીએ એમ અમારૂં

માનવું છે. વળી આવા પગલાંથી ખરચનો પાર નહિ રહે; અને જે પગલાં તેઓ સમજેછે અને જેની તુલના કરેછે તેવાં પગલાં સારૂ જોઇતાં નાણાંને માટે નંખાતો બોજો વહન કરવાને પણ જ્યારે અત્યારે હિન્દુસ્તાનનો પ્રજા સમુદાય નારાજ છે, ત્યારે એવી સ્થિતિમાં એમના ઉપર આ બાબતનો બોજો નાખવાની જરૂર પડે તેના રહામે અમારો વાંધો છે; અને, જે હેતુ અમારે સિદ્ધ કરવો છે અને જેમાં હિન્દુસ્તાન સાથે સંબંધ ધરાવનારા સર્વનો સ્વાર્થ છે તે હેતુ આપણી પોતાની સરહદ ઉપર તૈયારી અને દૃઢતાની સ્થિતિ રાખવાથી અને જેના ઉપર આપણે અસરકારક અને અવિલંબિત નિયમન રાખી શકીએ તેવા વ્યાવહારિક અને સંગીન અર્થોના સંપાદન માટે આપણાં તમામ સાધનોનો ઉપયોગ કરવાથી અને તેવા અર્થો માટે તમામ કાળજી રાખવાથી સિદ્ધ થશે એમ અમે ધારીએ છીએ.

"રશિયા જેવી પરસત્તા કોઇ વાર હિન્દુસ્તાન ઉપર હુમલો લઇ આવવાનો અથવા દેશની અંદરજ અપ્રીતિ અને અશાન્તિનાં તત્વોને ઉશ્કેરવાનો ખરો વિચાર કરે તો આપણી ખરી નીતિ અને આપણી બલિષ્ઠ નિર્ભયતા શેમાં રહેશે? કંદહાર, કાબુલ અથવા એવા કોઇ સરહદ બહારના થાણામાં કોઇ પણ ગુંચવણથી દૂર રહેવામાં; આપણી પોતાની હદમાં અથવા આપણી સરહદ ઉપર ઊંચી સામગ્રીવાળા અને એકદીલના અને અદબદાર લશ્કર ઉપર પૂર્ણ વિશ્વાસ રાખવામાં લોકસમુદાયની ભક્તિમાં નહિ તો સંતોષમાં: દેશી રાજા રજવાડાઓનાં અને મુખ્ય સરદારોના મનમાં તેમના હક અને કબજા સંબંધી નિર્ભયતાની જે બુદ્ધિ ધીમે ધીમે આપણી સમગ્ર નીતિને લીધે પ્રવેશ કરતી જાય છે તેમાં; લોકોના ભૌતિક સુખને વધારનાર અને તેનીજ સાથે આપણા રાજ્યકીય અને લશ્કરી બળમાં ઉમેરો કરનાર મોટાં કામો બાંધવામાં; એ વાત હિન્દુસ્તાનના રાજપુરૂષોએ કદી ધ્યાન બહાર રાખવી ન જોઇએ. એવા પ્રસંગોને માટે શાન્તિથી તૈયારીઓ કર્યે જવામાં અને પર-

રાજ્યના હુમલાને અથવા અશાન્ત સત્વોને અંદરથીજ બળવો કરવાને આમન્ત્રણ કરે તેવી ફરિયાદોને માટે કારણો ન આપવાની સાથે આપણા પોતાના ધરાદાઓની ઋજુતા અને પ્રમાણિકતા ઉપર વિશ્વાસ રાખવામાં–આ બધામાં એવે પ્રસંગે આપણી ખરી નીતિ અને આપણી બલિષ્ઠ નિર્ભયતા સમાયલી છે એમ અમારૂં ધારવું છે.”

મેયો અને નોર્થબ્રુક.

ઇંગ્લંડ પાછા ફર્યા પછી લૉરેન્સને ઉમરાવ બનાવ્યો. તેના પછી લૉર્ડ મેયો આપણા દેશના વ્હાઇસરૅયના પદ ઉપર નીમાયો. લૉર્ડ મેયો આયર્લંડના એક જૂના ખાનદાનનો હતો અને માયાળુ સ્વભાવનો અને ઉદાર દીલનો હતો. એના આનન્દી અને પ્રેમી સ્વભાવને લીધે એની સહામાં યશ શકાતુંજ ન હતું. કામ કરવાની એની શક્તિને લીધે તેનો રાજ્યકાર્યભાર કુશળ નીવડયો અને શાન્તિના ઘેરણને વફાદારીથી વળગી રહેવાથી તે તેના પૂર્વાધિકારીની નીતિ કાયમ રાખી શકયો. એનો રૂઆબદાર દેખાવથી સહુના ઉપર પ્રતાપ પડતો અને હિન્દુસ્તાનના રાજાઓમાં પણ એનો રાજા જેટલો પ્રતાપ પડતો.

લૉર્ડ મેયોનો જન્મ ૧૮૨૨ માં થયો હતો: ૧૮૪૭ માં તે પાર્લમેન્ટમાં દાખલ થયો અને આ દેશમાં આવતાં પહેલાં આયર્લન્ડના ચિફ સેક્રેટરિ તરીકે ત્રણ વાર તેણે કામ કર્યું હતું. એને મિ. ડિઝરાયલીએ પસંદ કર્યો હતો અને ૧૮૬૮ માં એનું પ્રધાન મંડળ અધિકાર ઉપરથી ઉતર્યું એ વખત એ પસંદગી લિબરલ સરકાર કાયમ રાખશે કે નહિ એ બાબતમાં લોકના મનમાં જરા શંકા થઇ, પણ મિ. ગ્લેડ્સ્ટને પક્ષનો બોબાટ ન સાંભળ્યો અને નીમણુક કાયમ રાખી; અને ત્રણ વર્ષની કારકીર્દિમાં લિબરલ સરકારે તેને અંતઃકરણપૂર્વક મદદ કરી.

લૉર્ડ મેયોએ ૧૮૬૯ ના જાન્યુઆરીની ૧૨ મી તારીખે પોતાનો અધિકાર સંભાળ્યો. લૉર્ડ મેયોએ પોતે પરદેશ અને જાહેર બાંધકામનાં ખાતાં પોતાની પાસે રાખ્યાં હતાં. સમર્થ પ્રબન્ધશાસ્ત્રી સર જેમ્સ સ્ટીવન તેની સભાનો પ્રબન્ધમન્ત્રી હતો. હિન્દુસ્તાનના તરેહવાર અનુભવો લીધેલો સર રિચર્ડ ટેમ્પલ એનો કોશમન્ત્રી હતો. એરો એલિસ સ્વદેશખાતાનો અને સર જૉન સ્ટ્રેચિ મ્હેસુલખાતાનો પ્રધાન હતો. દરેક મન્ત્રી પોતાના ખાતાનું ચાલતું જ કામ સંભાળતો અને અગત્યના સવાલો ગવર્નર જનરલ પાસે મૂકાતા. અઠવાડીઆમાં એક વાર એ પોતાની સભા ભરતો અને તે નાના મંડળમાં સામ્રાજ્યનીતિના સર્વ પ્રશ્નો બંધ બારણે ચર્ચાતા.

આ નાના વાક્ય ઉપરથી આપણા દેશના રાજ્ય કારભારના બળ તથા નબળાઈ બન્નેની સમજણ પડે છે. આ નાનું મંડળ હિન્દુસ્તાનમાં આવેલા સમર્થતમ બ્રિટિશ અમલદારોનું બનેલું હોય છે, પણ તાજના અમલના *અરધા સૈકામાં હજી એક પણ આપણા દેશીને તેમાં ભેળવ્યો નથી. મ્હેસુલ ખાતું, કોશ ખાતું કે બીજું કોઇ ખાતું હજી કોઇ દેશીને સોંપવામાં આવ્યું નથી. આ પ્રધાન મંડળમાં દેશીને કંઇ સ્થાન નથી. તેને સલાહ આપવાને માટે કોઇ સલાહકારક મંડળ રચાયું નથી. પ્રધાનમંડળને લોકોની સાથે સંબંધમાં લાવનાર કોઇ પણ સંસ્થાની યોજના થઇ નથી. સમર્થમાં સમર્થ અધિકારીઓવાળું સારામાં સારું રાજ્યતંત્ર હોય તેમ છતાં જો પ્રજાને રાજ્યવહિવટમાંથી બહિષ્કૃત કરવામાં આવે તો તે અવશ્ય નિષ્ફળ થવું જ જોઇએ.

આ દેશમાં આવ્યે એજ મહિના થયા તે પછી તરતજ લૉર્ડ મેયોએ અમ્બાલાના દરબારમાં અફઘાનીસ્તાનના અમીરની મુલાકાત લીધી. કાબુલના અમીર તરીકે પોતાની સ્થિતિ સુસ્થિત થયાથી શેરઅલી ઇન્ડિયા સરકાર પાસે

* જુઓ છેલ્લું પ્રકરણ.

કાયમનું સાલીયાણું મેળવવાની આશાથી આવ્યો હતો. લૉર્ડ મેયોએ એને એક લાખ પાઉન્ડ આપ્યા; અને વળી જ્યારે જોઇએ ત્યારે મદદ આપવાની આજ્ઞા આપી પણ કાયમનું સાલીયાણું મુકરર કરવાની ના પાડી. લૉર્ડ મેયોએ આ પ્રસંગના હેવાલમાં લખ્યું છે કે:–"અમે અમીરને ચોખ્ખી રીતે જણાવી દીધું છે કે ગમે તેમ થશે તોપણ તેની પોતાની રૈયત તેની સહાયે થઇ હશે તેનો નિગ્રહ કરવામાં બ્રિટિશ સૈનિક તમારી મદદે આવશે નહિ: કાંઇપણ સાલીયાણું કોઇ પણ મુદત માટે આપવામાં આવશે નહિ. બીજી કોઇ પણ તરેહની મદદની આશા અપાશે નહિ અને ગમે તેવા પ્રસંગ હોય તેમ છતાં તેમને અથવા તેમના વંશજોને અફઘાનીસ્તાનના અમીર તરીકે કબુલ કરવાની બાંધણી થાય તેવું તહનામું કરવામાં આવશે નહિ, પરંતુ વર્તમાનમાં ખુલ્લામાં ખુલ્લા અને કોઇપણ પ્રકારની સરતો વિના કરેલા અંગીકરણથી અને તેમના ચારિત્ર્ય માટે માનબુદ્ધિરૂપ મૈત્રીનો અને તેમના હિતમાં હિતબુદ્ધિનો દરેક પ્રકારનો જાહેર પુરાવો આપીને આપણાથી બને તેટલી મદદ આપવાનું આપીશું તેમજ છેવટ એમ પણ જણાવી દીધું કે જ્યારે ઇષ્ટ લાગશે ત્યારે ધન, હથિયાર, દારૂગોળો અને દેશી કારીગરો ... મદદ આપવાને પણ અમે રાજી છીએ."

લૉર્ડ લૉરન્સવાળી (સંયમશીલ) તરફ તાની નીતિનું આ અશિથિલ પ્રતિપાલન છે; અને અમ્બાલા દરબાર પછી તરતજ લૉર્ડ લૉરેન્સ ઉપર લખેલા એક પત્રમાં મેયોએ પોતે એ કબુલ કર્યું છે. પણ એ નીતિના પ્રતિપાલન ઉપરાંત લૉર્ડ મેયોએ કંઇક કર્યું. તેણે આપણી સરહદની શાન્તિ દૃઢ પાયા ઉપર મૂકવા માટે તે નીતિની જમાવટ કરી. તેની લાક્ષણિક પરદેશ નીતિ આ હતી: "આપણી સરહદ ઉપર સ્વતંત્ર મિત્રાચારીવાળાં રાજ્યો સ્થાપવાં; એમના આંતર કારભારમાં વચમાં પડવું નહિ અને બ્રિટિશ અધિકાર નીચે તેમને લાવવાનો યત્ન કરવો નહિ." તેણે લખ્યું છે કે "બીજી બાજુ અફઘાનીસ્તાન, યારકંડ, નેપાલ અને બરમા–એ આપણી સરહદ ઉપરનાં

રાજ્યો સાથે મૈત્રીનો સંબંધ બાંધવો. આપણે એમને એવું ભાન કરાવવું કે આપણી સત્તા અનન્ય છે તોપણ આપણે તેમનાં રાષ્ટ્રોની પૃથક્‌તાને મંજુર રાખીશું. જ્યારે જરૂર પડશે ત્યારે આપણે તેમને ધન, હથિયાર અને અમુક વિશેષ પ્રસંગે માણસ સુદ્ધાંતની મદદ આપીશું. એ રીતે એ રૂપમાં આપણું સામ્રાજ્ય બહારનાં થાણાં ઉત્પન્ન થશે; અને બાજસા કરવાના દિવસો હવે ગયા છે એવી એમને ખાત્રી કરી આપીને આપણે એમને એમ સમજાવી શકીશું કે આપણી મહેરબાની અને આપણા આશ્રયને લાયક રહેવાનો યત્ન કરવામાં એમને એકાન્ત લાભ છે અને ખોવાનું કંઈજ નથી. ”

આ સ્પષ્ટ સંગીત અને બુદ્ધિગમ્ય નીતિને અનુસરીને ૧૮૬૮ માં લૅાર્ડ મેયોએ ડગ્લાસ ફોર્સિથને રશિયન પ્રધાનો સાથે આ સંબંધી ચર્ચા કરવા સારૂ સેન્ટપિટર્સબર્ગ મોકલ્યો અને અમીરના રાષ્ટ્રની ઉત્તર સીમા તરીકે ઓકસસ નદીને ઠરાવી. વળી ઇરાનના બાદશાહને પણ પોતાની અને બલુચીસ્તાનના મુલક વચ્ચેની સરહદ મુકરર કરવાને તેણે સમજાવ્યું; અને બલુચીસ્તાનના આંતર વિગ્રહો શાન્ત કરવા સારૂ એક બ્રિટિશ અમલદારને મોકલ્યો. નેપાલ તરફ એણે દૃઢ અને મિત્રાચારીની વૃત્તિ રાખી. અને બ્રહ્મદેશમાં પણ ત્યાંના રાજની લડાયક વૃત્તિને અંકુશમાં રાખી ગાઢ વ્યાપારી સંબંધનું સ્થાપન કર્યું. જો આ વૃત્તિ લૅાર્ડ મેયોના પશ્ચિમ–અધિકારીઓ કાયમ રાખી શકયા હત તો આપણા દેશને ઘણું સુખ થાત.

દેશના આંતર વહિવટમાં અને ખાસકરીને નાણાં પ્રકરણી બાબતમાં મેયોની કૃતેહ તેટલી સંગીન ન હતી. સર જૅાન લૉરેન્સ–એક સખ્ત અર્થવેત્તા હતો છતાં સીલીક સંપાદન કરી શકયો નહતો અને લૉર્ડ મેયો કર વધારીનેજ કંઈસીલીક કરી શકયો. આ બાબતનો દોષ આમના ઉપર મૂકવો ઉચિત નથી. એ દોષ ખરી રીતે બ્રિટિશ પ્રધાનો જેમણે જે બોજો બ્રિટિશ રૈયતે ખમવો જોઇએ તે બોજો હિન્દ ઉપર મૂકયો તેમને માથે મૂકવો

જોઇએ. હિન્દનું જાહેર કરજ ૧૮૭૦ માં દશ કરોડ વીસ લાખ સ્ટર્લિંગ હતું; અને આ ભારે રકમ ઉપર વ્યાજ આપવાનાં હતાં. લૉર્ડ મેયોએ આમદાની વેરો ૧ થી ૨॥ ટકા ઉપરથી વધારી ૩½ ટકા કર્યો અને વધારો પેદા કરવા મદ્રાસ અને મુંબઇમાં મીઠા ઉપરનો કર વધાર્યો.

પણ આપણી કોશ પદ્ધતિમાં મેયોએ વધારે કાયમના ફેરફારો કર્યા. પહેલું તો એ કે પેદાશ થાય તેવાં જાહેર બાંધકામો કરજમાંથીજ કરવાં એટલે ચાલતી ઉપજ સમગ્ર રીતે ચાલતા ખરચમાંજ વપરાય. આ રીતથી આગળ બતાવાશે તે પ્રમાણે રેલ્વે ઉપર ઘણું ગેરવાજબી ખરચ શરૂ થયું અને વધતું જતું કરજ કમી કરવા માટે ભાંડોળ કરવાની યોગ્ય ગોઠવણ કરવામાં આવી ન હતી.

બીજો ફેરફાર લૉર્ડ મેયોની ડિસેન્ટ્રલાઇઝેશનની યોજના તરીકે ઓળખાય છે. એના વખત પહેલાં આપણા દેશના જુદા જુદા પ્રાન્તો માટે જુદી રકમો નિયત કરવામાં આવેલી ન હતી અને પ્રાન્તિક સરકારો પોતાના પ્રાન્ત માટે જેટલું બને તેટલું લેવાનો યત્ન કરતા. જે બહુ ધોંધાટ કરે તે બહુ લઈ જાય અને સર જૉન લૉરેન્સને મુંબઇમાં સર બાર્ટલ ફ્રીયરને મોટાં ખરચાળ કામો હાથમાં લેવામાં અંકુશમાં રાખવામાં બહુ મહેનત પડી હતી. ૧૮૭૦ ના ડિસેમ્બરની ૧૪ તારીખના પ્રબંધથી લૉર્ડ મેયોએ પ્રાન્તિક સરકારોને પાંચ વર્ષને માટે નિયત રકમો બાંધી આપી અને આ નિયત રકમોમાં જેવો બની શકે તેવો નિર્વાહ કરવાનું પ્રાન્તિક સરકારોએ શરૂ કર્યું, છતાં પાંચ વર્ષમાં જ્યારે આ રકમો નક્કી કરવાનો વખત આવે ત્યારે લૂંટાલૂંટના પ્રસંગો આવતા અને પ્રાન્તિક ગવ્હર્નરોની વર્ષોવર્ષની હરીફાઇથી પાંચ વર્ષમાં એક વાર ખેંચતાણ થાય એ સ્પષ્ટ રીતે સારૂં હતું.

ત્રીજો અને સહુથી વધારે ધ્યાનપાત્ર ફેરફાર પ્રાન્તિક વેરાનો વધારો–એ હતો. પ્રાન્તિક વેરાને રાષ્ટ્રીય કરોથી જુદા પાડવામાં આવ્યા. ૧૮૬૧ માં

લૉર્ડ કૅનિન્ગના કૅાશમન્ત્રીએ હિન્દુસ્તાનની રાષ્ટ્રીય ઉપજ ઉપરનો બોજો ઓછો કરવા સારૂ પ્રાન્તિક સરકારોને સ્થાનિક વેરા નાખવાની સત્તા આપવાની જરૂરીયાત ઉપર ધ્યાન ખેંચ્યું હતું. ૧૮૬૪–૬૫ માં લૉરેન્સના કૅાશમન્ત્રીએ આવા સ્થાનિક વેરાઓની ૨૫ લાખ પાઉંડની ઉપજ બતાવી હતી. લૉર્ડ મેયોની યોજનામાંથી આ સ્થાનિક બોજાઓમાં ઘણો વધારો થયો.

જ્યારે પ્રાન્તિક સરકારોને માટે રકમો નિયત કરવામાં આવતી ત્યારે હમેશાં તેમની જરૂરિયાતોના પ્રમાણમાં ઓછી રકમ મુકરર થતી, તે એવી સ્પષ્ટ સમજણથી કે જે ખોટ આવે તે સ્થાનિક વેરાઓથી પૂરી પાડવી. આમાં એ થયું કે કરનાં કેન્દ્રો વધારવાથી અને કરના ભંડોળમાં ઉમેરા કરવાથી રાષ્ટ્રીય કૅાશની મુંઝવણ ભાગી, મ્હેસુલનાં જૂનાં સાધનો કાયમ રહ્યાં અને દરેક પ્રાન્તિક સરકારે પોતાની પ્રાન્તિક ઉપજોમાં વધારો કરવા સારૂ નવા કરો નાખ્યા, જે ઘણે ભાગે જમીન ઉપરનાજ હતા. આ યોજના જેનો આગલા પ્રકરણમાં વિસ્તારથી ખુલાસો કરવામાં આવશે, તે લૉર્ડ લૉરેન્સે વિચારીને નામંજુર કરી હતી. કમનસીબે લૉર્ડ મેયોએ તે સ્વીકારી અને તેથી જમીન ઉપરનો કરભાર વધ્યો અને ૧૮૫૫ તથા ૧૮૬૪ ના જમાબન્દીની અવધિના નિયમો અવ્યવસ્થિત થયા.

આવા અનેક શ્રમોની વચમાં એક ખુનીના ઘાથી લૉર્ડ મેયોનો અંત આવ્યો. ૧૮૭૨ ના ફેબ્રુઆરીની ૮ મી તારીખે અંડામાનમાં એક કેદીએ એના ઉપર ખંજરનો ઘા કર્યો અને એ ઘાથી ભર જુવાનીમાં અને પૂર્ણ બળ સાથેના માનવજીવનમાં લૉર્ડ મેયોનું શરીર પડ્યું.

સદ્‌ભાગ્યે તેના પછી જે અધિકારી આવ્યો તે પણ તેટલાજ ઊંચા હૃદયનો અને શાન્તિની નીતિને તેટલોજ વફાદાર હતો. લૉર્ડ નોર્થબ્રુક ૧૮૨૬ માં જન્મ્યો હતો. તેનું કુટુંબ સાવધાન અને કૃતેહમંદ વ્યાપારથી આખા યુરોપમાં નામીચું હતું. આપણા દેશ ખાતાના અન્ડર સેક્રેટરિ તરીકે એણે આપણા

દેશનું જ્ઞાન મેળવ્યું હતું. આપણી સરહદના સવાલ ઉપર લૉરેન્સ અને મેયોના સંગીન વિચારો તેણે સ્વીકાર્યા હતા અને કોશલ્યવહારમાં તેના પિત્રાઇ ભાઇ સર એવ્લિન બેરિન્ગની તેને મદદ હતી. આ સર એવ્લિન બેરિંગ તે એજ કે જેણે લૉર્ડ ક્રોમર તરીકે બ્રિટિશ સામ્રાજ્યમાં અનન્ય કીર્ત્તિ સંપાદન કરી છે.

લૉર્ડ નોર્થબ્રુકની કારકીર્દિ પણ શાન્તિની હતીઃ—પણ હિન્દુસ્તાન જેવા દેશના વહિવટમાં મુસ્કેલીઓ વિનાનો કોઇ દિવસ હોયજ નહિ. તેની કારકીર્દિના બીજાજ વર્ષમાં બંગાળામાં ગંભીર દુષ્કાળે દેખાવ દીધો.

૧૮૬૬ ના ઓઢીઆના દુકાળમાં અને ૧૮૬૯ ના ઉત્તર હિન્દુસ્તાનના દુકાળમાં જે ભયંકર માણસમરણ થઇ હતી તે હજી લોકોના મનમાં તાજીજ હતી અને ૧૮૭૪ માં આવાં નાશકારક પરિણામ ન આવે તેને માટે લૉર્ડ નોર્થબ્રુકને બહુ કાળજી હતી. દુષ્કાળ નિવારણનાં કામો વખતસર હાથ ધરવામાં આવ્યાં અને આપણા દેશના ઇતિહાસમાં આ એક પ્રસંગ એવો બન્યો કે ભરેલાં પગલાં સંપૂર્ણરીતે ફતેહમંદ થયાં. બંગાળામાં કાયમની જમાબન્દી હોવાથી અને જમીનના કર હલકા હોવાથી બીજા પ્રાન્તો કરતાં ત્યાંની સાધનસંપત્તિ સારી હતી. બીજે બધે કરતાં લોકો પોતાની મેળે પોતાને મદદ કરવાની સ્થિતિમાં વધારે સારી રીતે હતા અને તેટલા માટે નિવારણનાં જે પગલાં લેવાયાં તે મરણ અટકાવવાને શક્તિમાન નીવડ્યાં. દુષ્કાળ પૂરો થયા પછી જે તપાસ કરવામાં આવી હતી તેમાં એવું સ્પષ્ટ સિદ્ધ થયું હતું કે દુકાળના કારણથી બીલકુલ મરણો થયાં નથી.

વડોદરાના ગાયકવાડની અંધાધુંધી એ બીજી મુસ્કેલી આવી પડી. વળી તેના ઉપર બ્રિટિશ રેસિડન્ટને ઝેર આપવાની ઉસ્કેરણી કરવાનું તહોમત મૂકવામાં આવ્યું હતું. ત્રણ અંગ્રેજ અને ત્રણ દેશી રાજાઓની એક ન્યાય સભા રચાઇ. ગાયકવાડનો બચાવ કરવા સાર્જંટ બેલેન્ટાઇનને વિલાયતથી ઉતાર્યા. ન્યાય સભા નિર્ણયમાં એક મત ન થઇ અને સાર્જંટ બેલેન્ટાઇન

જીવન પર્યંત એમ માનતો કે ગાયકવાડ નિર્દોષ હતા. પણ રાજ્ય કરવાને તેમની નાલાયકી જણાઇ આવી હતી અને બાલસા કરવા વિરૂદ્ધના મહારાણીના ઢંઢેરાને વફાદાર રહીને લૉર્ડ નોર્થબ્રુકે એક બાળકને વડોદરાની ગાદી ઉપર બેસાડ્યો. સ્વરાજ્ય નીચે વડોદરા એક સારામાં સારા વહિવટવાળું રાજ્ય છે. તે બાળ મહારાજા આપણા દેશના એક ઉત્કૃષ્ટ રાજ્યકર્ત્તા નીવડ્યા છે.

૧૮૭૫–૭૬ માં રાજાધિરાજ એડ્વર્ડ–તે વખતે પ્રિન્સ ઑફ વેલ્સ આપણા દેશમાં મુસાફરીએ આવ્યા. પાંચ વર્ષ પહેલાં તેમના ભાઇ ડ્યુક ઑફ એડિનબરો પણ આવી ગયા હતા અને દેશે આપણા રાજ્યકર્ત્તા કુટુંબ તરફની સ્વચ્છ અને સાર્વત્રિક વફાદારીના દાખલા આપ્યા.

પણ આપણા દેશનું સ્વચ્છ આકાશ પશ્ચિમ તરફ એક નાના વાદળાના અંધકારથી છવાવા લાગ્યું. કેનિન્ગ અને લૉરેન્સ, મેયો અને નોર્થબ્રુક જેવાના બાલિષ અને મિત્રાચારીથી વર્તતી પ્રજાઓમાં શાન્તિ રાખવાના અને એક નિર્ધન અને સાધનહીન દેશના રાષ્ટ્રકોશને સમતોલ રાખવાના શ્રમશીલ યત્નોની ઇંગ્લંડમાં જોઇએ તેવી તુલના થઇ ન હતી. બ્રિટિશ સામ્રાજ્યભક્તોના મનમાં ફરીથી એવી ઉર્મિ ઉઠી કે પૂર્વ તરફ રશિયાને અંકુશમાં રાખવું; ફરી એક વાર એમના મનમાં એવો વિચાર રમ્યો કે સાર્વભૌમી બેલનું ખરચ હિન્દ પાસેથી લેવું.

મુંબઇના ગવર્નર તરીકે સર બાર્ટલ ફ્રિયરે ૧૮૬૪ માં આ નીતિની હિમાયત કરી હતી પણ તે વ્યર્થ ગઇ હતી. લૉરેન્સની સીમાન્ત નીતિ ઉપરનો તેનો હુમલો લૉરેન્સના હાથમાં પડ્યો હતો અને તેનો અસરકારક જવાબ લૉરેન્સે વાળ્યો હતો. ૧૮૬૮ માં સર હેન્રિ રોલિન્સને ફરી એ પ્રશ્ન ઉઠાવ્યો હતો અને ફરી લૉરેન્સે એનો જવાબ વાળ્યો હતો, પણ હવે જ્યારે ઇંગ્લંડમાંજ સામ્રાજ્ય લોલુપતાનો યુગ પુનઃ બેઠો ત્યારે સર બાર્ટલ ફ્રિયરે પોતાની તક શોધી; અને

૧૮૭૪ ની એની પ્રસિદ્ધ યાદીએ આ સવાલ સજીવન કર્યો. આ ત્રીજો યત્ન સફળ થયો કારણ કે સમય અનુકૂલ હતો.

૧૮૭૪ ની યાદીમાં સર આર્ટલ ક્રિયરે હીમાયત કરી હતી કે " હીરાત, કન્દહાર અને કાબુલમાં બ્રિટિશ પ્રતિનિધિઓ રાખવા અને અફઘાનીસ્તાનને બળવાન મિત્ર તરીકે રાખતાં તે બદલે વજનદાર બ્રિટિશ પ્રતાપનું તે દેશમાં સ્થાપન કરવું." ૧૮૭૪ ના નવેમ્બરમાં વૃધ્ધ લૉર્ડ લૉરેન્સે આનો જવાબ વાળ્યો કે " સર આર્ટલ ક્રીયરની ' નીતિ ' થી રશિયાનો ધસારો બંધ થવાને બદલે સરળ થશે; અફઘાન પ્રજા બ્રિટિશની દુશ્મન થશે; અફઘાનીસ્તાનમાં રાખેલા બ્રિટિશ અમલદારોનાં ખુન થશે; અને આ ખુનના પરિણામમાં તાજાં યુધ્ધો લડવાં પડશે." એક ભવિષ્યવક્તાની દૃષ્ટિથી આ વૃધ્ધ સત્યદ્રષ્ટાએ પાંચ વર્ષ પછી જે બનાવો બન્યા તે આગળથી જ ૧૮૭૪ માં કહી બતાવ્યા. પણ એની ચેતવણીની કોઇએ દરકાર ન કરી; અને અફઘાનો અને પંજાબ સરહદના એના અનુપમ જ્ઞાનનો તિરસ્કાર કર્યો. સર આર્ટલ ક્રિયરે ૧૮૭૫ ના ફેબ્રુઆરીમાં લૉર્ડ લૉરેન્સને પ્રત્યુત્તર આપ્યો અને લૉર્ડ સોલ્સબરી જેણે એકવાર ઉચ્ચનીતિનું તીક્ષ્ણ કટાક્ષોથી ઉપહાસ કર્યું હતું, તેણે સર આર્ટલ ક્રિયરની નીતિ સ્વીકારી. લૉર્ડ સોલ્સબરી આ વખતે સેક્રેટરી ઑફ સ્ટેટ હતો અને તેણે હીરાત, પછી કન્દહાર અને છેવટે કાબુલમાં બ્રિટિશ કોઠી નાંખવાને માટે લૉર્ડ નોર્થબ્રુકને લખ્યું.

લૉર્ડ નોર્થબ્રુક લૉરેન્સના અભિપ્રાયને વળગી રહેનાર હતો. તેણે લૉરેન્સ અને સર આર્ટલ ક્રિયરની યાદીઓ વાંચી હતી એટલે જ્યારે ૭૫ ના ફેબ્રુઆરીમાં સોલ્સબરીનો બાનગી ખરીતો આવ્યો ત્યાર પહેલો તો તારથી એણે જવાબ વાળ્યો કે, સૂચવેલાં પગલાં ભરવા માટે સમય અનુકૂલ નથી. ૭૫ ના જુનમાં એણે એ ખરીતાનો રીતસર જવાબ લખ્યો અને કેનિન્ગના દિવસથી ચાલતી આવેલી રાજ્યનીતિને વળગી રહેવાની જ હીમા-

યત કરી. આ પત્ર ઉપર લૉર્ડ નૉર્થબ્રુક અને તેની સભાનાં સર્વ સદસ્યો, લૉર્ડ નેપિયર ઑફ મગદલા, સર હેન્રિમેન, સર આર્થર હોપ હાઉસ, સર વિલ્યમ મૂર અને એશલી ઇડન–એ બધાની સહીઓ હતી.

લૉર્ડ સેલ્સબરીનો જવાબ ૧૮૭૫ ના નવેમ્બરમાં આવ્યો. કોઇ પણ બ્રિટિશ પ્રધાને આના જેવો નછાજતો પત્ર ભાગ્યે જ લખ્યો હશે. લખે છે કેઃ—

" અમીર સાથેના આપણા સંબંધને વધારે સંતોષકારક પાયા ઉપર મૂકવાના પહેલા પગલા તરીકે પોતાની રાજધાનીમાં એક પ્રાસંગિક એલચી ખાતાને સ્વીકારવા એને લલચાવવો. એના રાષ્ટ્રમાં સ્થાયી કોઠી રાખવાનો આપણો ઇરાદો જાહેરમાં મૂકવાની આવા પ્રસંગમાં કંઇ જ જરૂર નથી. દેખાવમાં કોઇ નાની રાજ્યકીય પ્રસંગની સાથે એનો સંબંધ બતાવવામાં દેખીતા લાભો છે અને આવો નાનો પ્રસંગ શોધી કાઢવો અથવા જરૂર પડે તો ઉત્પન્ન કરવો એ આપ નામદારને માટે કંઇ જ મુશ્કેલ નથી. "

આ વિચિત્ર પત્રનો લૉર્ડ નૉર્થબ્રુકનો જવાબ બલવાન તેમજ રૂઆબદાર હતો. એણે લખ્યું કે " અફઘાનીસ્તાનમાં કાયમની કોઠી નાંખવી હોય તો અમીરને એના સત્ય સ્વરૂપથી અને તેના ખરા અર્થથી વાકેફ કરવો એ વધારે સારૂં છે, પણ મારા ધારવા પ્રમાણે એ પગલું ભરવાની જરૂર નથી. " લખે છે કેઃ—

અમારો નિશ્ચય છે કે લૉર્ડ કેનિન્ગ, લૉર્ડ લૉરેન્સ અને લૉર્ડ મેયોએ અફઘાનીસ્તાન તરફ જે નીતિ સ્વીકારી હતી અને જે નીતિ સાચવવા અમે અત્યાર સુધી પ્રયત્નશીલ થયા છીએ, તેજ નીતિને ધીરજથી વળગી રહેવામાં અમીરસાથેના આપણા સંબંધનો સંતોષકારક પાયો પરિણામે નંખાવવાની આશા છે અને અફઘાનીસ્તાનની શાન્તિને અને હિન્દુસ્તાનના બ્રિટિશ સામ્રાજ્યના સ્વાર્થને ભયમાં નાખનાર પગલા તરીકે આપ નામદારના

પત્રમાં લખેલી સૂચનાઓને અમલમાં મૂકવાનું અમે ગેરવાજબી ધારીએ છીએ.''

જે ટપાલમાં આ ફરમાનદાર પત્ર ગયો તેજ ટપાલમાં નોર્થબ્રુકનું રાજીનામું પણ રવાના થયું.

આ રીતે લૉર્ડ નોર્થબ્રુકની કારકીર્દી સાથે જ ૧૮૫૮ માં શરૂ થયેલો શાન્તિ અને સુધારાનો યુગ પણ સમાપ્ત થયો. લૉર્ડ લિટનની કારકીર્દી સાથે સામ્રાજ્યભક્તિનો યુગ શરૂ થયો.

પ્રકરણ ૨ જું.

જમાબન્દી

૧

સ્થાયી જમાબન્દીની દરખાસ્ત.

૧૮૬૦ માં એક અત્યંત સખ્ત દુષ્કાળ ઉત્તર હિન્દુસ્તાનમાં પડ્યો. તેના જેવું કષ્ટ ત્યાંના લોકોને ૧૮૩૭ ના દુષ્કાળ પછી આ પહેલ વહેલું જ આવ્યું. તે દુષ્કાળનો વિસ્તાર ૧૫૦૦૦ ચોરસ માઇલમાં અને એક કરોડ ત્રીસ લાખ મનુષ્યો ઉપર હતો. કામ કરી શકે તેવાં સ્ત્રી પુરૂષોને માટે સરકારે મોટાં કારખાનાં કાઢ્યાં. જેઓ કામ કરી શકે તેવા ન હતા તેમને માટે ધર્મી લોકોને ખરચે સદાવ્રતો બંધાયાં. મરણ સંખ્યા ૩૭ ના કરતાં ઓછી હતી.

જ્યારે આ સંકષ્ટ વિરામ પામ્યું ત્યારે કેનિન્ગે કર્નલ બેર્ડ સ્મિથને તેનાં કારણો અને વિસ્તાર તપાસવાના કામ ઉપર નીમ્યા. પસંદગી ઉત્તમ હતી. ૧૮૫૭ ના દિલ્હીના ઘેરા વખતે બેર્ડ સ્મિથ મુખ્ય ઇજનેર હતો, પણ એની

મુખ્ય કીર્ત્તિ ઉત્તર હિન્દનાં જલાશયનાં મોટાં કામો જેથી ખેતી વધી અને લોકના અનાજના જથામાં વધારો થયો, તેના ઉપર રહેલો છે. આ નવા કામમાં તે પૂર્ણ ઉત્સાહ અને ઉમંગ સાથે પ્રવૃત્ત થયો. વિશેષ તપાસ કરીને ૧૮૬૧ ના મે અને ઑગસ્ટમાં, તેણે ત્રણ રિપોર્ટ કર્યા અને આપણા દેશના સર્વ દુષ્કાળોને સર્વત્ર લાગુ પડે તેવી બાબતો તેણે પ્રકાશમાં આણી.

પહેલું એણે સ્પષ્ટ રીતે એમ બતાવ્યું કે દુષ્કાળ દેશમાં અનાજને અભાવે આવે છે એમ નથી. ભૂખે મરતા લોકોને અનાજ મેળવવામાં જે ભારે મુશ્કેલીઓ પડે છે તેને લીધે લાગે છે. બીજું એમ પ્રતિપાદન કર્યું કે લોકોની સહનશક્તિનો આધાર તેમને લાગુ પડતી જમાબન્દી વગેરેની પદ્ધતિ ઉપર રહે છે. તે લખે છે કે:—" જમાબન્દીની પદ્ધતિ સાથે દુષ્કાળનો જુજ સંબંધ છે અથવા કાંઇ સંબંધ નથી એમ કહેવામાં આવે છે તે ભૂલ ભરેલું છે. ખરી રીતે રસ્તા અને નહેરો વગેરેની સગવડો છે છતાં તેના કરતાં તેને જમાબન્દી સાથે વધારે નિકટનો સંબંધ છે, કારણ કે તેના ઉપર જ લોકની નિત્યચર્યાનો, અને ઉન્નતિ કે અવનતિ તરફ તેમની ગતિનો આધાર અને માર્મિક આધાર છે. ખરૂં છે કે જમાબન્દીનો બંદોબસ્ત ગમે તેવો સારો હોય છતાં કુદરત આડી થઇ હોય ત્યારે આકાશમાં મેઘ પ્રકટ કરવાનું કે જમીનની તરસ છીપાવવા વરસાદ લાવવાનું બળ મનુષ્યના હાથમાં નથી. પણ અનાવૃષ્ટિ અને તેનાં પરિણામો વિદ્યમાન હોય તો પણ એમની સંહારક શક્તિની સહામે થવાની લોકની યોગ્યતાનો આધાર તેમના સંબંધમાં ચાલતી જમાબન્દીની પદ્ધતિ જે વડે તેઓ જીવે છે અને વધે છે તેના ઉપર તત્સમ અથવા ગુણોત્તર શ્રેણીમાં રહે છે."

૧૮૩૭ અને ૧૮૬૦ ના દુષ્કાળોની સર્વ અંગોની કાળજીપૂર્વક સરખામણી કરીને કર્નલ જેર્ડ સ્મિથ આ મતમાં દૃઢ થયો હતો. બન્ને દુષ્કાળનાં

લગભગ ક્ષેત્રો એકજ હતાં. પાછલા દુષ્કાળના વિસ્તારની મનુષ્ય સંખ્યા વધારે હતી અને બીજા પ્રસંગો ૧૮૬૦ ના કરતાં વધારે દુષ્ટ હતા, તોપણ ૧૮૬૦ માં કષ્ટ અને મરણ સંખ્યા ૧૮૩૭ કરતાં ઓછી હતી; અને તેનું કારણ એ કે ૧૮૩૩ પછી દાખલ કરેલી જમાબન્દીપદ્ધતિ પહેલાંની પદ્ધતિ કરતાં અનન્તગુણ સારી હતી.

એર્ડ સ્મિથ લખે છે કે:—" ૧૮૩૭-૩૮ કરતાં ૧૮૬૦-૬૧ માં અનાવૃષ્ટિ અને દુષ્કાળની ભીતિ વધારે સખ્ત છતાં ઉત્તર હિન્દુસ્તાનનો જન-સમાજ પ્રમાણમાં થોડા કષ્ટે ટકી શક્યો. તેનાં કારણોમાં પહેલું કારણ હું ધારૂંછું આ છે કે તરત નાણાં થઇ શકે એવો અને સહેલાઇથી મોબદલો કરાવી શકાય એવો હક, લાંબા વર્ષ સુધી જમાબન્દી વધારવાનું બંધ રાખ્યાથી અને લોકના હકોનું કાળજીપૂર્વક દફ્તર રાખ્યાથી, આપણે ખેતીની મીલકત ને-જમીનને આપ્યો છે અને તે પ્રકાર ચાલતી જમાબન્દી દાખલ થયા પછી પૂર્ણ રીતે પ્રવૃત્તિમંત છે." પોતે એકઠી કરેલી હકીકત ઉપર આધાર રાખીને કર્નલ એર્ડ સ્મિથ એવા નિર્ણય ઉપર આવ્યા કે ભવિષ્યના દુષ્કાળોની માઠામાં માઠી અસરમાં લોકનું રક્ષણ કરવાનો, દેશની સામાન્ય ઉપજ વધાર-વાનો અને તેમની સામાન્ય આબાદી સિદ્ધ કરવાનો ઉપાય—સ્થાયી જમાબન્દી છે અને તે માટે જેમણે સ્થાયી જમાબન્દીની ભલામણ કરી.

" સંગીન ધોરણો ઉપર જરા જરા ચાલવાથી પણ જે કલ્યાણ સંપાદન થયું છે તે આગળ પગલાં ભરવાને ઉત્તેજન અને તેના વાજબીપણાનો પુરાવો આપે છે. મારો સાચો નિશ્ચય છે કે સ્થાયી જમાબન્દીની પદ્ધતિ દાખલ કર્યાથી રાજ્યનાં તેમજ લોકનાં હિત વધશે અને દૃઢ થશે અને તેથી હું તેવું પગલું આપના વિચાર માટે આપની આગળ માનપૂર્વક રજુ કરૂંછું.

" વખતે કોઇ એમ ધારે કે આવી રીતે જમાબન્દી સ્થાયી કર્યાથી સરકારને ભવિષ્યમાં નુકસાન થશે, પણ આટલું જોવાનું કે જમાબન્દીનો

બોજો વધારવાથી નહિ પણ હલકો કરવાથી રાજ્યનાં હિત વધારે સારી રીતે સચવાય છે એવો હાલમાં ભરેલાં પગલાંથી નિશ્ચય થયો છે... આથી કરીને લોકના હાથમાં સંચય થશે તેનો લાભ જમીનનેજ મળશે; અને જનમંડળના આધારરૂપ આ વર્ગની આબાદી જેમ જેમ વધતી જશે તેમ તેમ વેપાર વણજ અને દેશની સામાન્ય આબાદી પણ વધતી જશે, એટલુંજ નહિ પણ જેમ વરસ જતાં જશે તેમ લોક વધારે ને વધારે બળવાન થશે અને દુકાળ જેવાં સંકટોમાં ભાગી પડવાનો ભય ઓછો ઓછો થતો જશે. આવી ગોઠવણ મંજુર કર્યાથી ધાર્યા પ્રમાણે થોડાં ઘણાં પણ સારાં પરિણામ આવશે એમ સમજીએ તો પછી એવા ફળનો લાભ આપણા જેવું બુદ્ધિશાલી અને સત્તાધારી રાજ્યતંત્ર નહિ લઇ શકે એમ ધારવું યોગ્ય નથી. આ સાર્વજનિક આબાદીમાં ભાગ પડાવવાનો પોતાની બુદ્ધિથી એ અલ્પ દોષવાળા અને વધારે ફળ આપનારા રસ્તાઓ શોધી કહાડશે; અને તેવા રસ્તાઓ પોતાની સત્તાથી સફળ કર્યા વિના નહિ રહે. તેથી હું ધારું છું કે ખરી રીતે રાજ્યને કંઇજ નુકસાન નહિ થાય; પણ ઉલટું, સામાન્ય સાધન સંપત્તિમાં દેખાવ આવે એવો વધારો થશે; કારણકે સ્થાયી જમાબન્દીથી ખાનગી મિલકતની કિમ્મત વધ્યા વિના રહેશે નહિ. ”

કર્નલ બેર્ડ રિમથની પહેલા ઉપાય તરીકે આ સૂચના હતી તેણે જલાશયના કામોના સુધારા વધારા કરવાનું અને રસ્તાઓ બાંધવાનું પણ સૂચવ્યું. લૉર્ડ કેનિન્ગે કર્નલ બેર્ડ રિમથનો રિપોર્ટ તમામ પ્રાન્તિક સરકારોને વિચારવા માટે મોકલ્યો.

પંજાબનો રિપોર્ટ.

પંજાબનો મુલક તરતજ અંગ્રેજના હાથમાં આવ્યો હતો; અને ઘણા જીલ્લાઓમાં ખેતીની સ્થિતિ ઘણી પછાત હતી તેથી પંજાબની સરકારે સ્થાયી જમાબન્દી પંજાબમાં દાખલ કરવાનો વાંધો લીધો. રિપોર્ટમાં લખ્યું છે કે:–

" પંજાબમાં હજી ખેતી અરધો અરધ પણ નથી. મોટા મોટા પ્રદેશો ઉજ્જડ છે; રસ્તાઓ અધૂરા છે; અને સર્વ પ્રકારની સંપત્તિ હજી થતી છે. તેથી એમ માનીએ કે જે પ્રાન્તમાં ખેતીવાડી સાધારણ દરજ્જે પણ પહોંચી હોય તે પ્રાન્તોમાં ભવિષ્યના વધારામાં ભાગ લેવાનો સરકારનો હક છોડી દેવામાં ડહાપણ હોય, તો પણ, હજી જ્યાં ખેતી પછાત છે ત્યાં તો તે હક રાખવામાંજ ડહાપણ હોવા સંભવ છે× × બધું વિચારી જોતાં લેફ્ટેનેન્ટ ગવર્નરને એમ જણાય છે કે પંજાબ જેવા મુલકમાં જ્યાં ખેતી અત્યંત પછાત છે, અને જ્યાંનાં લશ્કરી ખરચ હજુ પૂરાં થતાં નથી, અને જ્યાંની દીવાની સંસ્થાઓ, આગળ વધેલી પ્રજાની યોગ્યતાએ પહોંચી નથી ત્યાં જમીન ઉપરનો ચાલતો કર વધારવામાં આવશે નહિ, એવું ઠરાવવું ડહાપણ ભર્યું હોય તો પણ એ કરના સંવિભાગમાં વર્તમાનમાં તેમજ ભવિષ્યમાં એવી તો જબરી અને ઝાઝી અસમતાઓ છે કે ચાલતાજ આંકડા સ્થિર કરવા એ સલાહભર્યું નથી. "

વાયવ્ય પ્રાન્તોનો રિપોર્ટ.

ઉત્તર હિન્દુસ્તાન પચાસ વર્ષથી બ્રિટિશના રાજ્યછત્ર નીચે હતું અને સારી રીતે ખેડાતા દેશોમાં સ્થાયી જમાબન્દી દાખલ કરવાના પક્ષમાં મજબૂત અને એક ચિત્ત અભિપ્રાય હતો.

વિલ્યમ મૂર–જે આ વખતે મ્હેસુલ સભાનો વડો સભાસદ હતો, પછીથી તે પ્રાન્તનો લે૰ ગવર્નર અને આખા દેશનો ફોશમન્ત્રી થયો હતો તેણે સ્થાયી જમાબન્દીના નીચે પ્રમાણે છ લાભો બતાવ્યા છેઃ—

૧. પ્રાસંગિક જમાબન્દીના ખરચનો બચાવ;

૨. ફરી ફરીને જમાબન્દીઓથી લોકને થતી કનડગતનું નિવારણ;

૩. પ્રત્યેક મુદતબંધ જમાબન્દીની આખરે જાગીરોની કિમ્મતના ઘટાડા થઇ જાય છે તેનો અસંભવ;

૪. ઘરનાં નાણાં ખરચીને જમીનોમાં સુધારો કરવાને વધતા ઉત્તેજનમાંથી ફલિત થતી આબાદી;

૫. જમીનની કિમ્મતમાં અતિશય વધારો;

૬. લોકોનો સંતોષ;

અને રેવિન્યુ સભાના બીજા સભાસદ મિ. મનીને તેમાં સરકારની ઉપજમાં કંઈ નુકસાન થશે એમ લાગ્યું ન હતું. આ બે અભિપ્રાયો સાથે એક મત થઈ લેફ્‌ટેનન્ટ ગવર્નરે એક લાંબી અને સુવિચારિત યાદીમાં સ્થાયી જમાબન્દીની ભલામણ કરતાં લખ્યું કે:—

"મને ખાત્રી છે કે આ પ્રાન્તોમાં સાવધાનીથી અને ધીમે ધીમે સ્થાયી જમાબન્દી દાખલ કરીશું તો બેર્ડ સ્મિથ અને મ્યુરે બતાવેલા લાભો અવશ્ય થશે. લાંબી મુદતના પટાઓનાં જે ફળ જોવામાં આવે છે તે ઉપરથી નિર્ણય કરતાં સ્થાયી જમાબન્દી કરવાથી જમીન ઉપર મૂડી રોકવાનું મન લોકને વધારે અંશમાં થશે એમ નિર્ભયતાથી ધારી શકાય. ખેડુત વર્ગની સંપત્તિ વધશે, દેશની આબાદી અને જનસમાજનું બળ વૃદ્ધિ પામશે, જમીનની કિમ્મતમાં મોટો વધારો થશે અને ખેતીના સુધારા વધારાથી થતા લાભોનો ભાગ સરકાર છોડી દેશે તેથી સરકારને જે નુકસાન થશે તેનો થોડો ઘણો બદલો સમાન્યતઃ દેશની વધેલી સંપત્તિના અપરોક્ષ લાભોથી વળી જશે.

"તેમજ, ફરીફરીને થતી જમાબન્દીના ગેરલાભો અટકશે એ વાત પણ ધ્યાનમાં લેવા જેવી છે. પ્રત્યેક નવી જમાબન્દી વખતે સરકારને ભારે ખરચ થાય છે, એ બચશે; અને તેવે પ્રસંગે તે સમયને માટે પોતાની જમીનની ચુંનાસ ઓછી ઉતારવા માટે જમીનની શક્તિ જાણી જોઈને ઘટાડવાની જે લાલચ અત્યારે ખેડૂતને થાય છે તે દૂર થશે. થોડા ઘણા અંશમાં લોક અને સરકાર બન્ને ઉપર આ એક પ્રકારના બોજા છે અને સરકારની ઉપજમાં સ્થાયીતું નુકસાન કર્યા વિના જો આ બોજા દૂર કરી શકાતા હોય તો કોઈ તેની સહામું નહિ થાય.

"વળી એ પણ કબુલ કરવું જોઇએ કે સ્થાયી જમાબન્દીનું પગલું રાજ્યનીતિની દૃષ્ટિએ પણ ડાહ્યું ગણાશે. ખરૂં છે કે સ્થાયી જમાબન્દીના બિહાર, ગાઝીપુર વગેરે, બનારસના જીલ્લાઓ વગેરે પ્રદેશોમાં ૫૭–૫૮ ના બળવાનું જોર મુદ્દતબંધી જમાબન્દીના પ્રદેશો કરતાં ઓછું ન હતું, પણ આવા પ્રસંગો કોઇ ઉસ્કેરણીના કારણથી ઉત્પન્ન થાયછે અને ક્ષણિકજ હોય છે એમ માનવું જોઇએ; અને ખેતીવાડી ઉપર નિર્વાહ કરનાર વર્ગને આપણે ખાત્રી આપીએ કે ખેતીની જમામાં કોઇપણ દિવસ વધારો કરવામાં આવશે નહિ. તેનાથી તેમને જે સંતોષ થશે તે સંતોષ સરકાર ઉપર પ્રીતિ અને દેશના હિતને વધારવાની તેમની શુભ ઇચ્છા માટે વિશ્વાસ ઉત્પન્ન કર્યા વિના કદી રહેશે નહિ; અને આ બાબતનો આપણો નિશ્ચય આવા ક્ષણિક પ્રસંગોને લીધે ડગવા દેવો જોઇએ નહિ. પણ મને એમ તો જણાય છે કે સ્થાયી જમાબન્દી દાખલ કરવામાં કેટલાક અપવાદો અને કેટલીક સરતો રાખવી જોઇએ; અને તે પગલું સિદ્ધ થાય તે પહેલાં અમુક વર્ષો જવા દેવાં જોઇએ; આવી બાબતમાં ઉતાવળ કરવી એ સરકાર અને લોકને બન્નેને નુકસાન કર્તા છે."

આ સરતો લે૦ ગવ્હર્નરે આ પ્રમાણે સૂચવી હતી:—

(૧) અત્યારની જમાબન્દીને સ્થાયી તરીકે જાહેર કરતાં પહેલાં એકવાર ફરીથી જમાબન્દી કરવી જોઇએ;

(૨) કેટલાક જંગલી અને પાછળ રહેલા પ્રદેશને આ ગોઠવણમાંથી કેટલાંક વર્ષ સુધી બાતલ કરવા જોઇએ;

(૩) અને ભવિષ્યના ઉપજના વધારાના ભોગના બદલામાં પાણીના કરનો કાંઇક વધારો કરવો જોઇએ.

બંગાળા.

બંગાળાનો લે૦ ગવ્હર્નર સેસિલ બીડને ગવ્હર્નર જનરલની કાઉન્સિલના

એક સભાસદ તરીકે સ્થાયી જમાબન્દીના પક્ષમાં પોતાનો અભિપ્રાય જણાવી દીધો હતો. બાદ બંગાળાના લે૦ ગવ્હર્નર તરીક નીચે પ્રમાણે અભિપ્રાય જણાવ્યોઃ—

"સામાન્ય રીતે જોકે સભા ખરૂં કહે છે કે સરકાર અને રૈયત વચ્ચે જમાબન્દીનો બંદોબસ્ત તે એક કરારજ છે અને મુદતબંદી જમાબન્દી જે માટે જેમ કાયદો રચવાની જરૂર નથી તેમ સ્થાયી જમાબન્દીને માટે પણ નથીજ. તેમ છતાં લે૦ ગવર્નરને ખાત્રી છે કે બંગાળાના લૉઅર પ્રોવિન્સિસના મોટા પ્રદેશોમાં જમાબન્દીના બંદોબસ્તને સ્થાયી ગણવાની વાત ૧૭૯૩ ની પેઠે કાયદાથી દૃઢ કરવી એ યોગ્ય છે."

કોશ મન્ત્રીનો અભિપ્રાય.

સર બાર્ટલ ફ્રીયર જે આ વખતે ગવ્હર્નર જનરલની સભાના સભાસદ હતા તેમણે પણ આ સૂચનાને ટેકો આપ્યો, પણ સહુથી વધારે કિંમતી આશ્રય તો સેન્યુઅલ લેંગ–ગવ્હર્નર જનરલના કોશમન્ત્રીનો હતો. એક કોશકુશલ અધિકારીમાં સ્વાભાવિક અને વખાણવા લાયક અતિશય સાવધાનીથી તેણે સ્થાયી જમાબન્દીથી ભવિષ્યની ઉપજનું નુકસાન ઉપજનાં બીજાં સાધનોથી વળી જશે એ વાત તો ન સ્વીકારી. પણ એથી વધારે ઉંચાં કારણોથી એણે સ્થાયી જમાબન્દીની સૂચના સ્વીકારી, "એક લોક પાસેથી વધારેમાં વધારે ઉપજ લેવા સારૂ આપણે રાજ્ય તરીકે હયાતી ભોગવતા નથી તેમજ એક પિતૃધર્માવલમ્બી રાજ્યતંત્ર નીચે રૈયતને એક સરખી સુખ અને સંતોષની સ્થિતિમાં રાખી મૂકવા સારૂ પણ આપણે અહીં છીએ, એમ નથી. મિ. શીડન સૂચવે છે તેવી સ્થાયી જમાબન્દી આપણે કરીએ તો આપણે એવી એક જનસમાજની સ્થિતિનો પાયો નાંખીએ છીએ કે જેની વ્યવસ્થા અત્યારના જેવી રહેલાઇથી વખતે રાખી શકાશે નહિ; પરંતુ નાગરિકતા અને ઉત્કર્ષનાં તત્વો વધારે સમૃદ્ધ અને વધારે તરેહવાર હશે. તેથી આપણે

સમાજના ચઢતા ઉતરતા વર્ગો જોઇશું–જેવા કે મોટા દેશપતિઓ, જમીનદારો. સ્વતંત્ર કૃષિસેવકો, નાના ખેડુત માલીકો અને મોટા મુડીદાર અને કુશળ કારીગરો અને પટેથી ખેડનારા નાના ખેડુતો, સાંથે ખેડનારા અને રોજીંદા મજુરો.

"કેટલાક જીલ્લાઓમાં એક વર્ગની સંખ્યા વધારે હશે તો કેટલાકમાં બીજાની પણ સમય રીતે વખતે વધારે અસમતા થશે, કષ્ટ હશે, વિગ્રહો થશે, તો પણ સરકારની સર્વસત્તાધીશ્વરતાની નીચેના કરતાં દેશમાં જીવ, ઉત્સાહ અને ઉત્કર્ષ વધારે પ્રમાણમાં આવશે.

"જો ઇંગ્લંડમાં કિરીટેશ્વરે ગૃહકલહના પ્રસંગમાં જપ્ત કરેલી અને ધર્મસંસ્થાઓ પાસેથી ખુંચાવી લીધેલી તમામ જમીન પોતાના સ્વાધીનમાં રાખી હોત તો રાજ્યને ઉપજ તો એવી આવત કે જે વડે કંઈપણ કર લીધા વિના રાજ્ય ચલાવવાનું બની શકત પણ ઇંગ્લંડ કદી આવી સ્થિતિને પહોચત.

"જો આ દેશમાં–આ પૂર્વ દિશાના દેશોમાં–આપણે કાંઇ કરવાનું હોય તો એજ કે જૂની આત્મસત્તાની રાજરીતિઓને બદલે હિન્દુસ્તાનને એક મોટી સ્વાશ્રયી અને બુદ્ધિમંત પ્રજા બનવાની તક આપવી.

"તેમજ ઉપજના ઉપરની અસરને માટે પણ ભય રાખવાનું મને કંઇજ કારણ નથી.

"કર વધારવાનું આપણા હાથમાં રાખ્યાથી જે વધારા જમીનની ઉપજમાં થાય તેવા વધારા આપણી ઉપજમાં આવતાં વીસ ત્રીસ વર્ષમાં નહિ થાય તે ખરૂં છે પણ ઉપજ ત્વરાથી વર્ધમાન થશે એમાં તો શક નથીજ અને જો જમાબન્દીના સંબંધમાં અમુક સરતો રાખવામાં આવે તો પૂરતી ઉપજ તો આપણને મળશે એમાં કાંઇ શક નથી; અને રાજ્યના વાજબી હેતુઓને માટે ખરી રીતે આવસ્યક હોય તેના કરતાં વધારે અને વધારે સરળતાથી દેશની ઉપજમાંથી રાજ્યે ભાગ લેવો એ ઇષ્ટ છે એમ મારી જરા પણ ખાત્રી નથી."

સર જૉન લૉરેન્સનો મત.

આ રિપોર્ટો તેમજ મદ્રાસ અને મુંબઇના અભિપ્રાયો (જે આગળ ઉપર આપવામાં આવશે) સેક્રેટરિ ઑફ સ્ટેટ પાસે ગયા. સર ચાર્લ્સ વુડે ધ્યાનપૂર્વક આ સવાલનો વિચાર કર્યો અને સ્થાયી જમાબન્દીનો સવાલ શાન્તિથી અને નિપુણતાથી ચર્ચાયો.

સર જૉન લૉરેન્સ સ્થાયી જમાબન્દીના પક્ષમાં હતો. લખે છે કે:—

"હું સ્થાયી જમાબન્દીની ભલામણ કરૂંછું કારણ, કે મને એમ સમજાયું છે કે આજકાલમાં દેશ ગમે તેટલો સુધર્યો હોય પણ સરકાર હકની મર્યાદા બંધાશે તો આથી ઘણા સુધારા ઘણી ત્વરાથી થશે. આવા પગલાથી જમીન પાછળ નાણાં ખરચવાનું ઉત્તેજન મળશે અને જમીનની મ્હેસુલને પણ વધારે નિર્ભયતા આવશે. અત્યારે અતિ સંકટના સમયમાં વખતો વખત ઉપજમાં ઘણું નુકસાન થાય છે, જે ક્ષણિક હોવા છતાં પણ ઘણું નીવડે છે. વળી આ પણ ઇષ્ટ છે કે હિન્દુસ્તાનમાં જમીનની સાથે સંબંધવાળો એક મધ્યમ વર્ગ ઉત્પન્ન થવાની સરળતા વર્તમાન પટેલીઆ અને માલકી હકથી ખેડનારા ખેહુતોનો કબજો છોડાવ્યા વિના, કરી આપવી જોઇએ. આ વર્ગમાં એવા બુદ્ધિશાળી, ઉત્સાહી અને પ્રતાપવાળા માણસો અત્યારે પણ છે, પણ તે એવા નિર્ધન છે કે યોગ્ય દેખાવ રાખી શકતા નથી. આવી વસ્તુ સ્થિતિમાં થોડીક વ્યક્તિઓ ઉપર મોટા અને અન્યને ન હોયે એવા લાભો નવાજવા એ ઉપાય નથી. જ્યારે તે લાભો બાકીના જનસમાજને નુકસાન થાય તેવી રીતેજ આપવામાં આવવાના હોય ત્યારે ખાસ કરીને તે અયોગ્ય છે, પણ બુદ્ધિશાળી, કરકસરવાળા અને સાહસિક માણસોને પોતાની સ્થિતિ સુધારવાની તક આપવી એ તો એનો ખરો ઉપાય છે; અને જમીનની જમા મર્યાદામાં મૂકવાથી આ વસ્તુ સર્વોત્તમરીતે સિદ્ધ થશે. જ્યારે આવા માણસોના હાથમાં

મિલકત આવશે અને તેઓ આબાદ થતા જશે ત્યારે તેઓ સરકાર ઉપર જરૂર પ્રીતિ રાખશે અને પોતાની મોટી લાગવગ હમેશાં સરકારના લાભમાંજ વાપરશે. ધર્મ અને નીતિને માટે હિન્દુસ્તાનમાં મોટી લાગણી છે એ ખરૂં છે, પરંતુ પોતાની જમીન ઉપર લોકોની પ્રીતિ એથી પણ વધારે છે. ઉત્તર હિન્દુસ્તાનની વસતિમાં હજારો લાખો માણસો, જમીનની ખાતર ધર્મને છોડી દેનારા માણસોના વંશજો છે. દેશનું ખરૂં બળ ખેડુતના સંતોષમાં રહેલું છે, અને તેના ઉપર ઘણે અંશે બ્રિટિશ રાજ્યની નિર્ભયતાનો આધાર છે. જો તેઓ આબાદ હોય તો લશ્કરી બળ ભલે થોડું હોય; પણ તેમ ન હોય તો થોડા લશ્કરથી કદી ચાલવાનું નથી. ”

સર ચાર્લ્સ વુડનો ખરીતો.

આ મનોભાવોને અને આ વિચારોને સર ચાર્લ્સ વુડે સંપૂર્ણરીતે અનુમોદન આપ્યું: આ બાબતના ૧૮૬૨ ના જુલાઇના ખરીતામાંના નીચેનાં ઉતારા લક્ષમાં લેવા જેવા છે.

“ મહારાણી સરકારના પ્રધાન મંડળના મનમાં સ્થાયી જમાબન્દીના ભવિષ્યના રાજકીય લાભોના સંબંધમાં કંઇજ શંકા નથી. જમીનનો નિર્ભય ભોગવટો અથવા બીજી રીતે કહીએ તો બીનશર્તી માલકી જે સ્થાયી જમાબન્દીથી ઉત્પન્ન થશે, તે આવા મોટા લાભો આપનારી, સરકાર તરફ પ્રેમ અને વફાદારીના મનોભાવો ઉત્પન્ન કરવામાં, અને તેવા મનોભાવોના અસ્તિત્વ ઉપરજ એ લાભોની સ્થાયિતાનો આધાર રહેવાનો તેથી, તેને સ્થિર કરવામાં, સફળ થયા વિના ન જ રહે. ”

“ તેમજ જમીન સાથે સંબંધવાળી એક મધ્યમ વર્ગની વસતિ ઉત્પન્ન કરવાની સરળતા કરવી એ પણ ઇષ્ટ છે. ” આ બાબતનું સર જૉન લૉરેન્સના શબ્દોમાં નિરૂપણ કરીને છેવટે લખે છે “કે આવો વર્ગ જો સમૃદ્ધિવાન હશે તો

બીજા વર્ગ તરફથી વખતે કોઇ પ્રસંગે કંઇ તોફાન ઉઠે તો તેથી બહુ ભય રાખવાનું કારણ રહેશે નહિ અને તે ઘેારણે લશ્કરી બળ અને તેને માટેનું ખરચ નિયમાશે."

"આવી સામાન્ય સુધારણા સ્થાયી જમાબન્દીથી ત્વરિત થશે એમાં રાણી સરકારને કંઇ શક નથી. જમીનમાં માલકી ઉત્પન્ન કરવાથી દેશનાં વધતાં નાણાં રોકવાનું એક સરળ, અને લોકપ્રિય સાધન ઉભું થશે અને આ પગલાથી **બધા વર્ગોને લાભ થશે.** બેહુન વર્ગ બેર્ડ રિગથના બતાવ્યા પ્રમાણે–સામાજિક સ્થિતિમાં ઉંચો આવશે; અને તેથી તેઓ કંઇપણ મુશ્કેલી વિના સંકટના સમયો પાર નીકળી શકશે એટલું જ નહીં પણ બીજા સ્વરૂપમાં વધારાનો કર સહન કરવા પણ શક્તિમાન થશે. વળી જમીન ઉપર ખરચેલાં નાણાં અને મહેનતનું પૂર્ણ ફળ મેળવવાની એમને ખાત્રી થશે તેથી જમીનના સુધારા માટે સર્વ પ્રકારનો શ્રમ તેઓ કરશે અને રાણીસરકારને નિશ્ચય છે કે સંતોષ અને વર્ધમાન આબાદીમાં આવેલી પ્રજા બીજા સ્વરૂપમાં મૂકાયલા કરના બોજાનું મુશ્કેલી વિના એટલે સુધી વહન કરી શકશે કે જમીન ઉપરના કરમાં ભવિષ્યમાં જે નુકસાન થશે તેનો બદલો લેવાપણું રહેશે નહિ."

"આ બધી દલીલો ધ્યાનમાં લીધા પછી રાણી સરકારનો અભિપ્રાય એવો થાય છે કે સ્થાયી જમાબન્દીથી જમીન સાથે સંબંધ ધરાવનાર વર્ગને તેમ જ જનસમાજને એવા લાભો થવાની આશા રહે છે કે તેવા લાભો સંપાદન કરવા સારૂ ભવિષ્યમાં જમીનની ઉપજના નુકસાનનું જોખમ લેવું એમાં કંઇ ગેરવાજબી નથી; અને તેથી એમ ધારે છે કે જે જે પ્રદેશોમાં સ્થાયી જમાબન્દીને માટે આવશ્યક વસ્તુસ્થિતિ સિદ્ધ થઇ હોય અથવા હવે પછી થાય, તેવા પ્રદેશોમાં, સ્થાયી જમાબન્દીનો બંદોબસ્ત કરવો એ સંગીન નીતિનું પગલું છે; તેથી હિન્દુસ્તાનની સાધન સંપત્તિમાં ત્વરાથી વૃદ્ધિ થવા સંભવ છે, અને તે દેશની મહારાણી સરકારની

તમામ રૈયતનું પરમ કલ્યાણ અને સંતોષ સિદ્ધ થશે. અમને એમ સમજાય છે કે સ્થાયી જમાબન્દીનો સીધો રસ્તો જમીનદારોને જમાબન્દી આપવાની ફરજમાંથી નાણાં લઇને મુક્ત કરવાના આડકતરા રસ્તા કરતાં વધારે સારો છે. પોતાની મીલ્કતમાં સુધારો કરવાની લાલચ આપવા સારૂ જમીનદારોને આવો હક આપવાની જરૂર છે એમ અમને લાગતું નથી. એમના સાહસ અને મુડીને સફળ ગતિમાં મૂકવા સારૂ જે જરૂરનું છે તે જાગીરના સંબંધમાં સરકારને કંઇજ આપવું ન પડે એવો હક નહિ પણ તેની આપવાની રકમ માફકસર અને નિયત હોવાનું અને તે રકમ યાવચ્ચંદ્રદિવાકરૌ વધઘટ વિના કાયમ રહેવાનું જરૂર છે. બંગાળામાં જમીનદારો સાથે ૭૦ વર્ષ ઉપર કાયમની જમાબન્દી છે. જમાબન્દી કાયમ કરતી વખતે રહી ગયેલી કેટલીક ભૂલો અને ખામીઓને લીધે ખેડુત વર્ગની સ્થિતિ નબળી રહી છે. તેમ છતાં ત્યાંની પ્રજાની ધનધાન્યસમૃદ્ધિમાં સામાન્ય રીતે ઘણો વધારો જોવામાં આવે છે. જમીનના કનિષ્ટ ધારણ કરનારાઓના હક અને હિત સંબંધે આપણને હવે જ્ઞાન થયું છે તેથી આવી ભૂલો ફરીથી થવા દઇશું નહિ."

"તેથી મહારાણી સરકાર જમીનની મ્હેસુલમાં છુટકારો ખરીદ કરવાનો હક, ઉપર ૨૬ મા પેરેગ્રાફમાં લખેલા પ્રસંગોને માટે જ રાખે છે અને ત્યાં એની મર્યાદા બાંધીને ઠરાવે છે કે આખા હિન્દુસ્તાનમાં સ્થાયી જમાબન્દી બન્દોબસ્ત મંજુર કરવો. તોપણ વર્તમાન ક્ષણે આ ગોઠવણ લાગુ પાડવા લાયક કયા પ્રદેશો છે અને કયા નથી એનો નિર્ણય કરવો પડશે."

સર ચાર્લ્સ વુડ અને અર્લ ડિપ્રે.

જ્યારે સર જૉન લૉરેન્સ વ્હાઇસરાય થઇને આપણા દેશમાં આવ્યો ત્યારે તેણે આ જમીનનો સવાલ એની રીત પ્રમાણે પૂર્ણ ઉત્સાહથી હાથમાં

લીધો અને ૧૮૬૪ માં સ્થાયી જમાબન્દી કેવા સંયોગોમાં કેવી રીતે–ઉત્તર હિન્દુસ્તાન, અયોધ્યા અને પંજાબમાં દાખલ કરવી–એ બાબતની એક યાદી લખીઃ—

૧૮૬૫ ના માર્ચની ૨૫ મી તારીખે સર ચાર્લ્સ વુડે જવાબ લખ્યો. તેણે હિન્દુસ્તાનના પ્રદેશોના ત્રણ વિભાગો કર્યાઃ—

૧. જે પ્રદેશોમાં ખેતીવાડી પછાત છે.

૨. જે પ્રદેશો સમગ્ર રીતે ઠીક ખેડાય છે અને બીજી રીતે ઠીક વધ્યા છે.

૩. જે પ્રદેશોમાં કંઈક ખેતી સારી છે અને કંઈક બરાબર ઉપચય પામેલી નથી.

સર ચાર્લ્સ વુડે એવો નિર્ણય કર્યો કે–બીજા વર્ગના પ્રદેશોમાં સ્થાયી જમાબન્દીનો બંદોબસ્ત તરત કરવો અને પહેલા વર્ગના પ્રદેશોમાં તેવો બંદોબસ્ત કરવાની મના કરવી. ત્રીજા વર્ગના પ્રદેશો માટે એકવાર ફરીથી જમાબન્દીનો આકાર કરીને જે પ્રદેશોમાં ૮૦ ટકા જમીન ખેડવાણ થઈ ગઇ છે તેવા પ્રદેશોમાં સ્થાયી બન્દોબસ્ત કરવાની રજા આપવી અને જે પ્રદેશોમાં તે પ્રમાણે ન હોય ત્યાં ચાલતી રીતે જ ત્રીસ વર્ષના–પટાથી બંદોબસ્ત કરવો. ”

૧૮૬૫ ના આગસ્ટની ત્રીજી તારીખે વ્હાઇસરોયે નહેરનાં કામોથી સુધરેલા પ્રદેશોમાં સ્થાયી જમાબન્દી સંબંધે વાયવ્ય પ્રાન્તોની સરકાર સાથે ચાલેલો પત્રવ્યવહાર રવાને કર્યો.

૧૮૬૬ ના માર્ચની ૧૭ મીએ સેક્રેટરી ઓફ સ્ટેટ અર્લ ડિગ્રે અને રિપને જવાબ મોકલ્યો. તેમાં હિન્દુસ્તાનની સરકારે સ્થાયી જમાબન્દીના સંબંધમાં વાયવ્ય પ્રાન્તની સરકારને મોકલેલી સૂચનાઓ મંજૂર કરી અને નહેરોના પ્રદેશના સંબંધમાં નીચે પ્રમાણેનો નિયમ રચવાનું સૂચવ્યું.

"નહેરોના પ્રદેશમાં જ્યાં નહેરનું કામ પૂરેપૂરું થઇ રહ્યા બાદ જમીનની વર્તમાન કિમ્મતમાં ૨૦ ટકા કરતાં વધારો થવાનો સંભવ નહેર ખાતાના અમલદારોને લાગે તેવી જાગીરો સાથે તરતમાં સ્થાયી જમાબન્દીનો બંદોબસ્ત કરવો નહિ."

સર સ્ટેફર્ડ નોર્થકોટ.

૧૮૬૭ ના માર્ચની ૨૩ મી તારીખે સર સ્ટેફર્ડ નોર્થકોટ-સેક્રેટરી ઓફ સ્ટેટે પૂર્વનો સ્થાયી જમાબન્દીનો ઠરાવ પુનઃ મંજુર કર્યો. "બ્રિટિશ રાજ્યની સ્થિરતાની સાથે જમીનદારોના સ્વાર્થ જોડવાની જે મોટી અગત્ય છે તે જોતાં ભવિષ્યનો વધારો અર્પણ કરવાને મહારાણી સરકાર તૈયાર છે." અને અનુચિત પ્રદેશોને સ્થાયી બંદોબસ્તમાંથી બાતલ કરવાને માટે નીચેના બે નિયમો તેમણે બતાવ્યાઃ—

૧. જે પ્રદેશોમાં માલ ગુઝારી-જમીનના એંશી ટકાથી ઓછી જમીન ખેડાણ થયેલી છે ત્યાં સ્થાયી જમાબન્દી કરવી નહિ.

૨. જે પ્રદેશોમાં નહેરોને લીધે ભવિષ્યમાં જમીનની કિમ્મતમાં ૨૦ ટકા જેટલો વધારો થવાનો સંભવ હોય તેવા પ્રદેશોમાં સ્થાયી બંદોબસ્ત કરવો નહિ.

સ્થાયી જમાબન્દીનો છેવટનો નકાર.

સર સ્ટેફર્ડ નોર્થકોટે બતાવેલી સરતો મુજબ વાયવ્ય પ્રાન્તોમાં કયા પ્રદેશો સ્થાયી જમાબન્દીને માટે યોગ્ય છે અને કયા નથી એ નક્કી કરવા સારૂ તપાસ શરૂ થઇ. ૧૮૬૯ માં બતાવેલી સરતોથી કામ કરતાં પણ ભવિષ્યમાં સરકારને ઉપજતું નુકસાન થવા સંભવ છે એમ બતાવવામાં આવ્યું આ દલીલ કાંઇ નવી ન હતી. સર સ્ટેફર્ડ નોર્થકોટે આ નુકશાન અટકાવ્યું હતું અને

મહારાણી સરકારનો છેવટનો સુવિચારિત અભિપ્રાય જાહેર કર્યો હતો કે "બ્રિટિશ સરકારની સ્થિરતાની સાથે જમીનદારોનો સ્વાર્થ જોડવાની મહત્તા વિચારતાં મહારાણી સરકાર આટલા ભોગ આપવા તૈયાર છે." પણ જેમાં જેમ શાન્તિનાં વર્ષો વધતાં ગયાં તેમ તેમ આ ભોગ આપવાની વૃત્તિ મંદ થતી ગઇ અને ૧૮૬૭ માં જે વાંધાની અવગણના કરી હતી તે ૧૮૬૯ માં વધારે વજનદાર ગણાયો. ૧૮૬૭ માં જે બે સરતો બતાવવામાં આવી હતી તેમાં વળી એક સરત ઉમેરી તે અને સરતની મતલબ એવી હતી કે જ્યાં સુધી જમીનમાં સુધારા થયે જાય ત્યાં સુધી સ્થાયી જમાબન્દીનો બંદોબસ્ત મુલતવી રાખવો.

પછી રૂપિયાની કિમ્મત ઘટી જવાથી એક મુશ્કીલી ઉભી થઇ. સર ચાર્લ્સ વુડે તો આનો પણ વિચાર કરી રાખ્યો હતો, પણ આ વખતે સત્તાધીશોને તે વખત કરતાં આ મુશ્કેલી વધારે ગંભીર જણાઇ અને તે માટે સ્થાયી બન્દોબસ્તનો સવાલ કોરાણે મૂકાયો.

આખરે છેવટનો નિર્ણય આવ્યો. ૧૮૮૩ ના માર્ચની ૨૮ મી તારીખના નંબર ૨૪ ના ખરીતામાં સેક્રેટરી ઑફ સ્ટેટે આ પ્રશ્નની એકવીસ વર્ષે પૂર્ણાહુતિ કરી અને લખ્યું કે "હું તમો નાગદારની સરકાર સાથે એકમત થાઉં છું કે ૧૮૬૨ માં નિર્ણીત કરેલી નીતિ હવે રીતસર તજી દેવી જોઇએ."

ઉપરના હેવાલથી જણાશે કે રથાયી બન્દોબસ્તની નાગંજુરી તપાસના પરિણામમાં જણાયલી કાંઇ નવી મુશ્કેલીને લીધે નહિ પણ સરકારની નીતિમાં થયેલા ફેરફારથી પરિણમી છે. લોકોની આર્થિક સ્થિતિ સુધારવાના અભિલાષમાંથી લૉર્ડ લોરન્સના શબ્દોમાં, જમીન ઉપર નાણાં ખરચવાની વૃત્તિને ઉત્તેજન આપવાના હેતુથી, મુશ્કેલીના, અનાવૃષ્ટિના અને સંકટના વર્ષોમાં લોક પોતાની મેળે પાર ઉતરી શકે તેવા ધન અને સાધનના સંગ્રહને પોષણ આપવાના ઇરાદાથી—આ દરખાસ્ત જન્મ પામી હતી. રાજ્યસૂત્રધારોના નવા જમાનાની નજરમાંથી આ હિતકર હેતુઓ નીકળી ગયા. સિખનાં યુદ્ધો

અને બળવાના યુધ્ધો પછીના વર્ષોમાં બ્રિટિશ સરકારની સ્થિરતાની સાથે જમીનદારોના સ્વાર્થ જોડવાની મહત્તા વિચારતાં ભવિષ્યની ઉપજનો ભોગ આપવાને સરકાર તૈયાર હતી. તે પછી જે શાન્તિનાં વર્ષો આવ્યાં, અને મહારાણી સરકાર તરફ લોકોએ જે વફાદાર ભક્તિ બતાવી તેથી આ અભિલાષ સફળ થવાને બદલે નિર્બળ થયો. અને ૧૮૮૩ માં પચીસ વર્ષની સતત શાન્તિ પછી આવો ભોગ આપવાની આવશ્યકતા નિર્મૂળ જણાઇ. પ્રજાની વફાદારીનો આના કરતાં વધારે અસલ બદલો કદી પણ મળ્યો નથી. મુશ્કેલી અને ચિંતાના વખતમાં નિર્ણીત થયેલો લાભ લોકોની શાન્તિમયતાને લીધે કદી પણ પાછો ખેંચી લેવાયો નથી. એક સરકાર આવો બોધ આપે, અને લોક આવો બોધ લે, એના જેવું નાડારૂં બીજું શું હોઇ શકે?

પ્રકરણ ૩ જું.

જમીન હક સંબંધી સુધારા.

ઉત્તર હિન્દુસ્તાન.

સને ૧૭૯૩ માં જ્યારે જમાબન્દીનો લૉર્ડ કૉર્નવૉલિસે સ્થાયી બન્દોબસ્ત કર્યો, ત્યારે ખેડુત લોકોને રક્ષણને માટે યોગ્ય પગલાં લેવાની સત્તા સરકારે સ્વાધીન રાખી હતી. વખતો વખત ખેડુતોની સ્થિતિ સંબંધી તપાસો થતી પણ સાડ વર્ષથી ધારેલું રક્ષણ તેમને મળ્યું નહિ. બંગાળાનો વહિવટ ચલાવનાર અમલદારોની ગફલતને લીધે આવું રક્ષણ એમને ન અપાયું એમ નથી. પણ ઉપરના વર્ગો અને જનસમુદાય વચ્ચેના સંબંધ માટે રચવા-

ના નિયમોનું ધોરણ શોધી કાઢવાની અસાધારણ મુશ્કેલી એજ તેનું કારણ હતું.

પણ આખરે લૉર્ડ કૅનિન્ગે આ મુશ્કીલીનો પરાજય કર્યો. તેણે રચેલો ૧૮૫૯ નો દશમો પ્રબન્ધ બંગાળાના ખેડુતનું "હકપત્ર" ગણાય છે. આ પ્રબન્ધે બંગાળાના બન્દોબસ્તી ખેડુતોના ત્રણ વર્ગો કર્યા. જેઓ એક સરખી સાંથે ૧૭૯૩ થી તે તે તારીખ સુધી જમીન ખેડતા આવ્યા હોય તેમને માટે આ પ્રબન્ધમાં એવું ઠરાવવામાં આવ્યું કે સાંથની તે રકમ યાવચ્ચન્દ્ર-દિવાકરૌ અચલ રહે. જેઓ છેલ્લાં વીસ વર્ષથી એકજ સાંથે જમીન ખેડતા હોય તેમને માટે આ પ્રબન્ધે એવું ઠરાવ્યું કે જ્યાં સુધી પુરાવાથી વિરૂદ્ધ સ્થિતિ સાબીત ન થાય ત્યાં સુધી તેઓ ૧૭૯૩ થી એજ સાંથે ખેડતા આવે છે એવું માની લેવું (અને તેમને ઉપરના નિયમોનો લાભ આપવો.) અને જે ખેડુતો બાર વર્ષથી જમીન ખેડતા હોય અને તેમને કબજાનો હક આપવામાં આવ્યો તેમની સાંથ પ્રબન્ધમાં નિર્ણીત કરેલાં વાજબી અને નિયત કારણો સિવાય વધારવી નહિ એવો ઠરાવ આ પ્રબન્ધે કર્યો.

આ કાયદાથી બંગાળામાં એક પરાવર્ત થયો. અને બંગાળાની પ્રજા આપણા દેશના બીજા ભાગો કરતાં વધારે આબાદ અને સાધનસંપન્ન છે તેનું કારણ (૧) ૧૭૯૩ માં જમીનદાર પાસે રાજ્યે લેવાની જમાની રકમની મર્યાદા બંધાઇ ગઇ તે અને (૨) ઉપરના કાયદાથી ખેડુત પાસે જમીનદારે લેવાની સાંથની રકમની મર્યાદા બંધાઇ ગઇ તે છે.

અયોધ્યા.

અયોધ્યા પ્રાન્તનો પોતાનો ખાસ ઇતિહાસ છે. ૧૮૫૬ માં જ્યારે લૉર્ડ ડેલ્હાઉસીએ આ પ્રાન્તને ખાલસા કર્યો ત્યારે તાલુકદારો વાસ્તવિક રીતે જમીનના માલીક જણાયા, અને ગામ પંચાયતો હિન્દુસ્તાનના બીજા ભાગો કરતાં અહીં ઓછો ઉત્કર્ષ પામેલી જણાઇ.

બ્રિટિશ સરકારે આ ભેદની અવગણના કરી. જમાબન્દી અમલદારોએ તાલુકદારોને બાજૂ ઉપર રાખવાના અને ગામના માલીકો સાથે બન્દોબસ્ત કરવાના યત્નો કર્યા. પણ ઘણા ભાગોમાં આ બની શકયું નહીં; અને અયોધ્યા પ્રાન્તનાં ૨૩૫૪૩ ગામડાંઓમાંથી ૧૮૫૬ માં ૧૩૬૪૦ ગામડાંની જમાબન્દી તાલુકદારો સાથેજ નિયત થઇ અને ૯૯૦૩ ગામોની ગામના માલીકો સાથે. લોકોના અસલી અગ્રણીઓની આવી અવગણના ન્યાયી કે ડહાપણ ભરી ન હતી; અયોધ્યાના તાલુકદારોને એમ લાગ્યું કે એમના હકો જપ્ત કરવામાં આવ્યા છે; અને વળતા વર્ષમાં જ્યારે બળવો જાગ્યો ત્યારે તે બળવાખોરો ની સાથે જોડાયા.

બળવાની લડાઇ બંધ પડી. ૧૮૫૮ ના ઢંઢેરાથી લૉર્ડ કેનિન્ગે બધી જમીન જપ્ત કરી. ગવર્નર જનરલે છ વફાદાર જમીનદારો શોધી કહાડી તેમના હકનો સ્વીકાર કર્યો; અને બીજા જે પોતાનો દાવો સાબીત કરે તેમને 'માન અકરામ અને ઇનામ' આપવાનો ગવર્નર જનરલે કોલ આપ્યો.

લૉર્ડ કેનિન્ગના ચુસ્ત ભકતો પણ આ ઢંઢેરો ભૂલ ભરેલો હતો એમ કબુલ કરશે. વખતે સમગ્ર જમીનની જપ્તી કરવાનો એનો હેતુ પણ નહિ હોય. અને આવા ઢંઢેરાની જરૂર પણ ન હતી અને તેમાં ડહાપણ ન હતું. લોકોને એમ માનવાને કારણ મળ્યું કે ભવિષ્યના બન્દોબસ્તમાં બ્રિટિશ સરકાર ૧૮૫૬ કરતાં વધારે પ્રમાણમાં તાલુકદારોને બાજૂ ઉપર રાખશે; અને એવો ભય રાખવાને પણ કારણ આપ્યું કે પોતાની કોઇ નવી જમાબન્દીની રીતિને માટે અવકાશ કરવા સારૂ આ નવા રાજ્યકર્તાઓ જૂની પદ્ધતિને એકદમ રદ બાતલ કરશે.

લૉર્ડ એલન્બરો જે ૧૮૫૮ માં કોન્જરવેટિવ પક્ષ અધિકાર ઉપર આવ્યાથી અંકુશ સભાનો અધ્યક્ષ થયો હતો તેના સમજવામાં આ ભૂલ આવી. તેની જગાએ બીજો કોઇ માણસ હોત તો તેણે બાનગી રીતે ગવર્નર

જનરલની ભૂલ બતાવી દીધી હોત અને એક નવો ઢઢેરો બહાર પાડીને તેમાં સુધારો કરવાની આજ્ઞા કરી હોત. પણ તેમ નહિ કરતાં પોતાના સ્વભાવ મુજબ તેણે લૉર્ડ કેનિન્ગને નીચેની મતલબનો પત્ર લખ્યોઃ–અયોધ્યાના રાજાને આપણે એકદમ પદભ્રષ્ટ કર્યો. એનું રાજ્ય ગમે તેટલું ખરાબ પણ લોકોને મન સ્વરાજ્ય હતું. તેને બદલે આપણે આપણું રાજ્ય સ્થાપિત કર્યું. તરતજ સંક્ષિપ્ત રીતે જમાબન્દીનો બન્દોબસ્ત કર્યો, અને તેમાં ઘણા ખરા લાગવગ ધરાવનારા ઉમરાવોની જમીન, તેમના ધનનું, આબરૂનું અને સત્તાનું સાધન–તે ગયું. આ સ્થિતિમાં આપણે ફેરફાર કરવું જોઇએ કે જે યુદ્ધ થયું તેને બળવો ગણવાને બદલે વાજબી લડાઇ ગણવી જોઇએ; અને તેથી અયોધ્યાના લોક ઉપર, પરાભવ પામેલી કોઇ પણ પ્રજાને કોઇએ કદી નહિ કરેલી એવી શિક્ષા કરવાને બદલે, રહેમીયત રાખવી જોઇએ. બીજે ઠેકાણે જયવંત પક્ષ થોડા માણસોને શિક્ષાપાત્ર ગણીને ઉદાર દીલથી લોકોના મોટા સમુદાયને રહેમીયત આપેલી છે. આપ એથી ઉલટાજ ધોરણ ઉપર ચાલ્યા છો. થોડાને રહેમીયતના પાત્ર ગણી સમુદાય ઉપર સખ્તમાં સખ્ત શિક્ષા ફરમાવી છે. પોતાને અન્યાય થાય છે એવી સમજણથી જ્યાં આખી પ્રજાને દુશ્મન કરવામાં આવી હોય ત્યાં બળથી રાજ્યતંત્ર લાંબુ ટકી શકતું નથી; અને એમ ટકી શકતું હોય તોપણ તે પરિણામ ઇચ્છવા લાયક નથી.”

આ લખાણનું વાક્યેવાક્ય વાજબી હતું. પણ કેનિન્ગ ઉપર આ શબ્દો બહુ સખ્તાઇ ભર્યા હતા. જેવા ગંભીર સાગસાના બનવા પ્રસંગમાં જેણે સતત શ્રમ લઇને અંગ્રેજના દુશ્મનનો પરાભવ કરી પોતાના સ્વદેશીઓના ઉગ્ર દ્વેષને અંકુશમાં આણ્યો અને તેમના દુશ્મનો ઉપર રહેમીયત કરી એ કેનિંગના ઉપર અયોધ્યાના જાહેરનામાની એક શબ્દની ભૂલને માટે આવો સખ્ત ઠપકો એ ખરેખર અન્યાય હતો.

આ ઠપકાથી સ્થિતિ પણ ગંભીર થઇ પડી. લૉર્ડ એલનબરો બ્રિટિશ

પ્રધાન મંડળનો એક સભાસદ હતો; અને તેનો આવો ઠપકો બ્રિટિશ પ્રધાન મંડળે મંજુર કરેલો હતો. હિન્દુસ્તાનમાં તાર મારફતે પ્રસિદ્ધ થયાથી જે વખતે કેનિન્ગને મદદ અને કુતેજની જરૂર હતી તે વખતે તેની સત્તા નબળી પડી. અંગ્રેજોને આ વાતની લાગણી થઇ આવી, બ્રિટિશ સામ્રાજ્યના તારકને બ્રિટિશ પ્રધાન મંડળને હાથે આવો ઠપકો મળે તે એમને અનિષ્ટ લાગ્યું. લૅર્ડ એલનબરોએ રાજીનામું આપ્યું ત્યારે આ સ્થિતિની મુશ્કેલી દૂર થઇ.

હિન્દુસ્તાનમાં પણ વિચારશીલ અધિકારીઓને લૉર્ડ કેનિન્ગની ભૂલ માલમ પડી હતી. તે વખતના અયોધ્યાના ચીફ કમિશનર–સર જેમ્સ ઉટ્રામે કેનિન્ગને કહીને જે જમીનદારો સરકારની સત્તાને ત્વરાથી સ્વાધી। થશે તેમના હકો ઉદારતાથી તપાસાશે એ મતલબની કલમ ઉમેરાવી હતી. પંજાબના ચિફ કમિશનર સર જોન લૉરેન્સે કહ્યું હતું કે ગાણસોને એમ કહેવું કે તમારી તમામ મીલકત જપ્ત કરી છે અને તમને પશ્ચાત્તાપનો કંઇ પણ અવકાશ ન આપવો એ એમને મરણીયા કરવા બરાબર છે. લૉર્ડ એલનબરોના ઠપકાથી ખરેખર ભૂલ સુધરી; અયોધ્યામાં માલકી હક સ્વીકારાયો; અને જે તાલુકદારો સરકારના અમલને સ્વાધીન થયા તેમને જમીનો પાછી સોંપાઇ ગઇ. ૧૮૪૯ માં પંજાબમાં અને ૧૮૫૬ માં અયોધ્યામાં જનમંડળના મહાપુરુષોને જમીન દોસ્ત કરવાની ભૂલ આ વખતે ન થઇ. જમીનની નિયમસર જમાબન્દી ૧૮૬૦ માં શરૂ થઇ તે ૭૮ માં પૂરી થઇ અને બન્દોબસ્ત ૩૦ વર્ષને માટે થયો.

લૉર્ડ કેનિન્ગે બંગાળાના ખેડુતોને જે રક્ષણ આપ્યું હતું તેને મળતું રક્ષણ અયોધ્યાના લોકોને આપવાનું શુભ કામ લૉર્ડ લોરેન્સને હાથે થયું. જમાબન્દીના પહેલા બન્દોબસ્તની ગોઠવણ ચાલતી હતી તેવામાં પહેલો અયોધ્યાનો જમીનનો કાયદો પસાર થયો. નવા હક્કો ઉત્પન્ન કર્યા વગર અથવા ખેડુતોના કબજા હક સ્વીકાર્યા વિના ખેડુતોના હક સ્થિર કરી આપ્યા

અને ફાયદાની અને શુદ્ધ ન્યાયની અદાલતના હુકમ સિવાય સાંથનો વધારો કરવાની મનાઇ કરી.

વાયવ્ય પ્રાન્તો.

૧૮૫૫ સુધીનો વાયવ્ય પ્રાન્તની જમાબન્દીનો ઇતિહાસ પ છળ આવી ગયો છે. તે પછી તો જે અગત્યનો સુધારો થયો તે લૅર્ડ નોર્થબ્રુકના સમયમાં ૧૮૭૩ નો ૧૯ મો ધારો. એ ધારાએ પાછળના પચાસ કરતાં વધારે નાના મોટા ધારા રદ કર્યા અને નવા ધારા મુજબ નવેસરથી જમાબન્દીનો બન્દોબસ્ત કર્યો. છેવટનું નવું ધોરણ દાખલ કર્યું અને સ્થાનિક તજવીજે કરીને પ્રત્યેક જમીનની ચોખ્ખી ઉપજનો અંદાજ કાઢયો અને તેના ૪૫ થી ૫૫ ટકા સરકાર હક ઠરાવ્યો.

આવી રીતે દાખલ થયેલા ફેરફારોનો અર્થ સમજવો જોઇએ. થર્ડ અને ટોમેસનની રીત સમગ્રથી પ્રત્યેકની હતી. પહેલી એક પરગણાની મહેસુલ ઠરાવી તે પરગણાના ગામોમાં તે મહેસુલ વહેંચી લેવાતી. ૧૮૭૩ ના ૧૯ મા ધારાથી જે રીત મુકરર થઇ તેમાં પ્રત્યેકથી આરંભ કરીને સમગ્ર ઉપર આવવાની હતી. પ્રત્યેક જાગીરની ઉપજ તજવીજથી શોધાતી: અને એવી રીતે બધી જાગીરોની મુકરર કરેલી રકમનો સરવાળો તે તે પરગણાની ઉપજ. બીજા શબ્દોમાં કહીએ તો પહેલી રીતમાં જ્યારે અટકળથી રકમો ઠરાવવામાં આવતી, ત્યારે નવી રીતમાં પહેલી કચ્ચી ઉપજ નક્કી કરીને બન્દોબસ્ત કરવામાં આવતો. તો પણ જે રીતે વાસ્તવિક ઉપજ મુકરર કરવામાં આવતી તેનું ધોરણ ખોટું હતું અને પરિણામમાં તે બહુ જુલમી હતી. જો કોઇ જમીનદાર રહેમીયત રાખતો હોય તો ૧૦૦૦ પાઉંડની ઉપજ જણાય તો પણ તેના ૧૨૦૦ પાઉંડ મૂકે અને ૬૦૦ પાઉંડ જમાના ઠરાવે. આવી રીતભાતથી જમીનદારો બીચારા નરમ હોય તેને પણ સખ્ત થવાની

જરૂર પડવા લાગી અને પોતાની સાંથ દબાણ કરીને વધારવાને કારણ આવ્યું: બ્રિટિશ સરકારનો પહેલો હેતુ આવું થતું અટકાવવાનો છે તેમ છતાં:—

૧૮૭૦ વાળી લૅંડ મેયેાની અધિકાર સંવિભાગની યેાજનાથી જે પ્રાન્તિક કરો નાંખવામાં આવ્યા તેથી ઉપજના અરધ ભાગવાળા નિયમનો ભંગ થયેા હતેા. લૅંડ ડેલ્હાઉસીની સરકારે આ નિયમ એવા ચેાક્ખા હેતુથી સ્થાપ્યેા હતેા કે જમીનદારને ચેાક્ખા પચાસ ટકા રહે. પણ ૧૮૭૧ માં જગા ઉપરાંત દસ ટકા પ્રાન્તિક કરના નાંખ્યા એટલે તે હેતુ વિફલ ગયેા. નવી યેાજનાથી દસ ટકા જમામાં જ વાસ્તવિક રીતે ઉમેરાયા; ડેલ્હાઉસીએ ઠરાવેલી સ્પષ્ટ મર્યાદાનો ભંગ થયેા: અને પ્રાન્તિક સરકારોને જમીન ઉપર જગા ઉપરાંત અનિયત વધારેા કરવાની સત્તા આપી. ૧૮૭૧ ના પ્રાન્તિક કરોથી તમામ પ્રાન્તોમાં આવી અસર થઇ.

પંજાબ.

સર જૅાન લૉરેન્સે ખેડુવર્ગને પોતાના હકમાં સ્થિર કરવાને સબળા પ્રયત્નો કર્યા. જ્યારે નવેસરથી જમાબન્દીનેા બંદેાબસ્ત કરવાનેા વખત આવ્યેા ત્યારે ૧૮૫૩ માં જેએા પોતાનાં નામ દાખલ કરાવવા ચૂકી ગયા હતા તેઓએ પોતાનેા દાવેા રજુ કર્યેા. હવે એમને જમીનદારે સ્વીકારવા એટલે તેમના કનિષ્ટ ધારણ કરનારાઓ ગણેાતીયા ખેડુતની સ્થિતિમાં આવી જાય. અને એવી ગણત્રી કરવામાં આવી હતી કે ખેડુતના ૬૦૦૦૦ કુટુમ્બેા પૈકી ૪૬૦૦૦ કુટુમ્બેાની આવી હલકી સ્થિતિ થઈ જાય. આટલા કારણથી એક ખેડુતનેા કાયદેા ૧૮૬૮ ના ઓકટેાબરની ૧૮ મી તારીખે દાખલ કર્યેા અને આ કાયદા ઉપર સીમલામાં મેાટી ચર્ચા થઇ. સર હેન્રી મેઇને એક સ્મરણીય ભાષણમાં એ યેાજનાને અંતઃકરણપૂર્વક ટેકેા આપ્યેા. અને

સર જૅન લોરેન્સની તો ઇચ્છા હતીજ. વિરોધ શાન્ત થઇ ગયો અને આ ખેડુતના કાયદાએ જમીનદારોના હક સ્વીકારવાની સાથે ખેડુતની સ્થિતિ સાચવી રાખી.

"આ કાયદાથી કબજેદાર ખેડુતોના હક અને સ્થિતિ નિયત અને નિયમિત થયાં. ખાસ સંયોગો સિવાય સાંથેના વધારાથી એમનું રક્ષણ કર્યું: પોતાના ખેડુત હક વેચવાની એમને સત્તા આપી અયક્યાધિકારની મર્યાદા બાંધી અને જમીનદારને પસંદગીનો હક આપ્યો; અને આયર્લંડની તકરારોની જાણે આગાહી થઇ ન હોય એમ ખેડુતના સુધારાની બાબતમાં કેવા સુધારા તે કરી શકે તેનો નિર્ણય કર્યો, અને તેને માટે શા બદલાની આશા રાખવી તે પણ નિયત કરી.

આ ખેડુતનો કાયદો પસાર થયો તે પછી ત્રણ વર્ષે પંજાબની મ્હેસુલનો કાયદો થયો અને નવી જમાબન્દી એ કાયદા પ્રમાણે બાંધેલા નિયમ મુજબ થઇ.

આ રીતે ઉત્તર હિન્દુસ્તાનના ખેડુતના હકો સ્થિર કરવાના પ્રયત્નોનો ઇતિહાસ આપણે જોયો. આના કરતાં વધારે ઉપયોગી કાયદા બ્રિટિશ સરકારે આપણા દેશમાં ભાગ્યેજ કર્યા હશે. તે વખતે ડાહ્યા પુરૂષોને જમીનદાર વર્ગને નિર્મૂળ કરવાની ઇચ્છા ન હતી. એથી ઉલટું તેમના હકને માન આપવાની તેમની વૃત્તિ હતી; અને સાથે સાથે તેમની પાસેથી સાંથે ખેડનારા ખેડુતોના હકનું રક્ષણ કરવાને તેઓ ચૂક્યા નહિ. તેમજ કેનિન્ગ અને લોરેન્સે આપણા દેશના ખેડુતોને માટે નવા સિદ્ધાન્તો કે નવા હકો સ્થાપિત કર્યા નહતા. પણ આપણા ખેડુતો પરાપૂર્વથી-સેંકડો અને હજારો વર્ષોથી જે મામુલી હકો ભોગવતા હતા તે હકો નિયત કર્યા, સુધાર્યા અને સંગૃહીત કર્યા. આ વર્ષોની પ્રબન્ધ ક્રિયાનો ઇતિહાસ લખતાં ઇતિહાસકારને બહુ આનન્દ થાય છે. આ પ્રબન્ધોએ મોટાને માન આપ્યાં, નાનાનાં

રક્ષણ કર્યાં. પરાપૂર્વથી ચાલતા આવેલા રીવાજો અને પ્રાચીન હકકોના આધાર ઉપર એ પ્રબન્ધો રચાયા હતા. લૉર્ડ કેનિન્ગે બંગાળાના ખેડુતને અને લોરેન્સે અયોધ્યા અને પંજાબના ખેડુતોને આ સ્થિતિમાં મૂકયા. આ બે અધિકારીઓને આને માટે મોટું માન ઘટે છે. ૧૮૫૭ ના અંધકારમાં હિન્દના સામ્રાજ્યના રક્ષણ માટે આ બે અમલદારોની શૌર્યભરી નીતિ એવા ઇતિહાસકાર વર્ણવે છે. પણ ઉત્તર હિન્દુસ્તાનના મુગા જનસમુદાયની તેમણે કરેલી સેવાની નોંધ લેવાની ઇતિહાસ મહેરબાની કરતો નથી. આ બે મોટા રાજપુરૂષોનો અપ્રખ્યાત ઉપકાર પૂર્ણ રીતે અને ભારદાર ભાષામાં નોંધવાનો હિન્દુસ્તાનના લોકની આર્થિક સ્થિતિના ઇતિહાસ લખનારનો ખાસ અધિકાર છે.

૨

મધ્ય હિન્દુસ્તાનની જમાબન્દી.

મધ્ય હિન્દુસ્તાનનું ક્ષેત્રફળ ૯૦૦૦૦ ચોરસ માઇલ અને વસતિ (૧૯૦૧) ના વસતિ પત્રક પ્રમાણે ૯૦ લાખ. એ બધા પ્રદેશ જુદે જુદે વખતે અને કટકે કટકે બ્રિટિશના કબજામાં આવ્યો. ૧૮૧૭ ના છેલ્લા મરાઠ યુદ્ધમાં નાગપુરના ભોંસલેનું લશ્કર બ્રિટિશ સૈન્યની સહામે થયું હતું; પણ બ્રિટિશ લશ્કરે તેને પાછું હઠાવ્યું હતું. રાજાએ પોતાના બળવાખોર સૈન્યના કૃત્યની જવાબદારી ન સ્વીકારી અને સાગર અને નર્મદાનો મુલક અંગ્રેજને સોંપીને મૈત્રી સ્થિર કરી. આમ આ બે પ્રદેશો ૧૮૧૮ માં બ્રિટિશના હાથમાં આવ્યા. પછીથી ૧૮૪૯ માં સંબળપુરનો રાજા બીન વારસ મરી ગયાથી તે રાજ્ય લૉર્ડ ડેલ્હાઉસીએ ખાલસા કર્યું. અને ૧૮૫૩ માં નાગપુરનું રાજ્ય પણ રાજાના મરણને લીધે દત્તક પુત્રના હકનો સ્વીકાર ન કરતાં, ખાલસા કર્યું. સંબલપુર સિવાયનો બાકીનો બધો પ્રદેશ ૧૮૬૧ માં લૉર્ડ કેનિન્ગે એકત્ર કર્યો, અને મધ્ય હિન્દુસ્તાનના પ્રાન્તો એવું તેને નામ આપ્યું.

૧૮૬૨ માં તેમાં સંબલપુર ઉમેરાયું. ૧૮૬૧-૬૨ પહેલાં આ પ્રદેશોમાં કેવો વહીવટ ચાલતો હતો તે આપણે પહેલાં જોઇએ.

સાગર અને નર્મદાના મુલકો.

૧૮૧૮ માં જેવા આ પ્રદેશો અંગ્રેજ સરકારના હાથમાં આવ્યા તેવાજ પહેલવહેલા તો ઇન્ડિયા સરકારના હવાલામાં સોંપવામાં આવ્યા, અને પાછળથી વાયવ્ય પ્રાન્તોના લે૦ ગવર્નરને સોંપાયા. ૧૮૪૨ માં ગવર્નર જનરલની પ્રત્યક્ષ દેખરેખ નીચે એક 'એજન્સી' ને એની સોંપરત થઈ અને પછીથી વળી વાયવ્ય પ્રાન્તોના લે૦ ગવર્નરને સોંપાયા, અને ૧૮૬૧ સુધી આ સ્થિતિ કાયમ રહી.

સાગર અને નર્મદાના મુલકનો શરૂઆતનો વહીવટ સફળ ન નીવડ્યો. મદ્રાસ અને બીજા પ્રાન્તોમાં જે ભૂલ બ્રિટિશ રાજ્ય પુરુષોએ કરી હતી તેજ ભૂલ તેમણે અહીં પણ કરી. તેમણે જમાબન્દીનો આકાર બહુ ઉંચો બાંધ્યો; અશક્ય મહેસુલ લોક પાસેથી માંગી, લોકને નિર્ધન કર્યા; અને દેશની આબાદી પાછી હઠાડી, આ ભૂલ પાછળથી માલુમ પડી આવી, અને સખ્ત શબ્દોમાં તેને વખોડી કાઢવામાં આવી.

હોશંગાબાદ અને શેવનીનના જીલ્લાઓ—૧૮૨૧ માં પહેલા પાંચ વર્ષને માટે જે બંદોબસ્ત થયો તે અત્યંત ખરાબ હતો. મેજર મેકફરસનને મુલક ઉજડ માલમ પડ્યો, અને લોક નિર્ધન અને તેજહીન જણાયા, પાંચ વર્ષમાં તો ૪૫ વર્ષમાં જે સુધારો નહોતો થયો તેવો સુધારો થયેલો જોવાની મેજર મેકફરસનની ઉમેદ હતી.....પણ આકાર બહુ ભારે અને ન આપી શકાય એવો હતો એવું તરત સમજવામાં આવ્યું.....છતાં હોશંગાબાદને સાટકાની અને શેવનીનીને વીંછીની વેદનાની શિક્ષા મેજર મેકફરસને કરી.

મરાઠા સરકારે જે ક્ષેત્રફળને માટે માત્ર ૨૨૭૭ પાઉંડની ઉપજ આંકી હતી તેની મેજર મેકફરસને ૧૦૩૫૯ પાઉંડ જમાબન્દી આકારી ! ૧૮૨૫ માં બીજે પાંચ વર્ષને માટે બન્દોબસ્ત થયો અને તેમાં જમાબન્દીની રકમ ૧૦૩૫૯ થી વધી ને ૧૩૮૭૭ પાઉંડ સુધી પહોંચી. આ અસાધારણ આંકણી કદી વસુલ થઇ શકે તેવી ન હતી અને માફીઓ આપવી પડી; પણ માફી આપી તે પણ પૂરતી ન હતી; અને ગમે તે પ્રકારે બ્હેસુલ વસુલ કરવાના એવા ક્રૂર યત્નો થયા હતા કે તે હજી જમીનદારોના મનમાંથી ખસ્યા નથી. "

ત્રીજે પાંચ વર્ષનો બન્દોબસ્ત થયો પણ કંઇજ નિવારણ થયું નહિ. આખરે ૧૮૩૬ માં ૬૧૯૨ પાઉંડના આકારથી ૨૦ વર્ષનો બંદોબસ્ત થયો; પરંતુ આ પણ મરાઠાઓના કરતાં ત્રણ ગણો હતો.

નરસંગપુર જીલ્લો—અહીંઆં પણ પહેલાં પાંચ વર્ષનો ઇતિહાસ તો હોશંગાબાદ અને શેઓની જેવોજ નવાણી છે. પહેલી આંકણી ૬૬૭૬૯ પાઉંડની થઇ. પરિણામ ત્રાસજનક આવ્યાં; અને માલ ગુઝાર લોક પાયમાલ થઇ ગયા. ભારે માફીઓ આપવી પડી, અને ૧૮૩૦–૩૩ ના ત્રણ ત્રણ વર્ષના બંદોબસ્તોમાં ઘણું કમી કરવું પડ્યું. આખરે ૧૮૩૬ માં ૫૩૧૩ પાઉંડ ઓછા કરીને વીસ વર્ષનો જમાબન્દીનો બંદોબસ્ત થયો.

દમો જીલ્લો-આ જીલ્લામાં ક્રમનસીબે ૧૮૩૫ માં જે વીસ વર્ષનો બંદોબસ્ત થયો તેમાં પ્રથમનો આકાર ઘટવાને બદલે વધ્યો. ૧૮૩૫ માં ૩૦૫૧૪ પાઉંડ નક્કી થયા હતા. આ બંદોબસ્તના પરિણામમાં ઘણા માલ-ગુઝારોએ પોતાના પટા ફેંકી દીધા અને ઘણાં નિશ્ચયપૂર્વક પગલાં ભરાયાથી આ મુશ્કેલી દૂર થઇ શકી...જમીનની કિમ્મત તદ્દન ઉતરી ગઇ અને વર્ષોવર્ષ કોડીભર ગામડાંઓ ખાસ વહિવટમાં રાખવાં પડ્યાં.

સાગર જીલ્લો-આ જીલ્લામાં પણ લાંબા બન્દોબસ્તથી કંઇ ફાયદો થયો નહિ. " સરકારનો હક લોકોને એટલો બધો ભારે પડે છે, કે સાહસ માત્ર કચરાઈ ગયું છે અને સુધારા તરફ કંઈજ પ્રયત્નો થતા નથી. મેં

જાતે તજવીજ કરીને નિર્ણય કર્યો છે કે કેટલાંક ગામોમાં તો સરકાર હકની રકમ જમીનની ઉપજ કરતાં પણ વધારે છે. ”

લોકોએ એટલે બધે દરજ્જે હિમ્મત ખોઈ છે કે કેટલાક પ્રસંગોમાં તો વંશપરંપરાના કબજા ભોગવટાવાળા જમીનદારો ગામોના માલકી હક કોઇ પણ સરતે સ્વીકારવાની ના પાડે છે. આ મુલકમાં સંકટ એટલું બધું વિસ્તરી ગયું છે કે તેની કદર કર્યા વિના ચાલે એમ નથી. પરગણાઓમાં એટલી બધી જમીન ઉજડ થઈ છે અને પશુપક્ષી અને મનુષ્યોના વસવાટનાં ચિન્હો એટલાં થોડાં છે કે જાણે પરગણાંજ મરી ગયાં ન હોય એવુંજ ભાન થાય છે. બ્રિટિશ અમલના અર્ધા સૈકા પછી આવીજ સ્થિતિ જણાય છે તે હિન્દુસ્તાનની સરકાર સખ્ત રીતે વખોડે છે. ૧૮૩૪ માં લખ્યું હતું કે “ ૨૦ વર્ષનો બન્દોબસ્ત હજુ જોઇએ તેટલો મધ્યમસર નથી. અને આ પ્રાન્તોના બીજા જીલ્લાઓમાં લાંબા બન્દોબસ્તથી જે ફાયદા જણાયા છે તે આમાં જણાયા નથી. ભારે માફીઓ આપવામાં આવી અને રકમ કમી કરી નાખી.” અહીંયાં કહેવું જોઇએ કે સરકારે તો કમી કરવાના આગ્રહ સાથે હુકમો કર્યા હતા, પણ સ્થાનિક અમલદારોએ બહુ કંજુસાઇથી કામ કર્યું, અને અનુગ્રહો પણ કટકે કટકે કર્યા. જો આ અનુગ્રહો ત્વરાથી આપવામાં આવ્યા હોત તો આ જીલ્લો વખતે ઠેકાણે આવી શકયો હોત.

અને લન્ડનથી ઇન્ડિયાના સેક્રેટરી ઑફ સ્ટેટે લખ્યું કે “ પહેલાંના રિપોર્ટો કરતાં આ રિપોર્ટમાં મુલક બ્રિટિશ રાજ્યના હાથમાં આવ્યા પછી અતિશય આકારથી ઉત્પન્ન થયેલા અકલ્યાણના પુરાવા વધારે આપે છે. ”

બ્રિટિશ રાજ્યના પહેલા દસકાઓમાં આ પ્રદેશોની સ્થિતિની ઉપરના ફકરાઓથી પૂરતી સમજણ પડશે. ટુંકી મુદત અને ભારે આકાર; એ પહેલો નિયમ હતો. ઉત્તર હિન્દુસ્તાનના જમાબન્દીના બન્દોબસ્તના પિતા તરીકે ઓળખાયલા રોબર્ટ મટિન્સ બેર્ડ ૧૮૩૪ માં વીસ વર્ષના પટા દાખલ કરવાનો

આગ્રહ કર્યો હતો. સ્પષ્ટ રીતે અતિશય ભારે મહેસુલને તાત્કાલિક ઉપાયોથી ટકાવી રાખવાના દુરાગ્રહી યત્નોથી થયેલી આ દુઃખી સ્થિતિની પ્રાપ્તિનો તેણે જોરદાર ભાષામાં હેવાલ આપ્યો.

રોબર્ટ ખર્ડનો રિપોર્ટ–" કૂડકપટ અને સટ્ટાની એક ત્રાસજનક પદ્ધતિ દાખલ કરવામાં આવી છે એમ કહેવાય છે. સરકાર જે નફો મૂકી દે છે તેનો ખેડુતોને કંઇજ નફો મળતો નથી; એમને તો એમની પાસેથી જેટલું લઇ શકાય તેટલું વધું લેવા દેવું પડે છે. બીજી તરફ દરમિયાનગીરીની એક રીત દાખલ કરવામાં આવી છે તેથી, તમામ વિશ્વાસ જતો રહ્યો છે અને પ્રદેશમાં મુડીને હાંકી કાઢી છે. વેપારીઓના કોઠારો ઉઘડાવી ખેડુતોને બી સારૂ આપવા માટે તેમાંથી દાણા પરાણે કઢાવાય છે; અને વેપારીને કંઇજ નાણાં અપાતાં નથી તેમ આ પ્રમાણે તેની મિલકત લૂંટાવાઈ તે પાછી મેળવવામાં કાંઇ મદદ પણ કરવામાં આવતી નથી.

એમ કહેવામાં આવે છે કે શાહુકારોએ કપટ અને લુચ્ચાઇને લીધે ખેડુતોને બી આપવાની ના કહેલી તે કારણથી ખેડુતોને મદદ સારૂ આ લૂંટ ચલાવાઇ હતી એમ કહેવામાં આવ્યું છે. ધનિકોએ ખેડુતની સહામે હુકમનામામાં મેળવ્યાં હોય પણ તે હુકમનામાંની બજવણીમાં એમનાં ઢોરઢાંકર વેચવા ન દે અને તેમની જાતે કેદ ન કરવા દે કારણ કે તેમ કરવાથી જમીનની ખેતી અટકે. આ રીતની વિગતો ઉપર વધારે વિવેચન કરવાનો કંઇ અર્થ નથી. એટલું કહેવું બસ છે કે ઉઘાડી રીતે લોકો જાહેર કરે છે તેવી હકીકતો પુષ્કળ એકઠી કરવામાં આવી છે. યુરોપિયન અમલદારો તેની સહામે કંઇજ કહી શકતા નથી અને તે ઉપરથી એમ સાબિત થયું છે કે અતિશય આકરી જમાબન્દીને ટેકો આપવા સારૂ અને ઝીણી ઝીણી બાબતો સુધી વહિવટ કરવામાં કુશળતા બતાવવાની ભૂલભરેલા વિચારથી વ્યક્તિઓની બાનગી બાબતોમાં દરમિયાનગીરીની તોફાની પદ્ધતિ લગભગ સર્વત્ર પ્રસરેલી છે.

આ રિપોર્ટ રજુ થયા પછી ઇન્ડિયા સરકારના હુકમથી આ પ્રાન્તોમાં વીસ વર્ષનો બન્દોબસ્ત દાખલ થયો. ઉપર આપણે જોયું કે આ લાંબા બન્દોબસ્તમાં પણ કેટલાક જીલ્લાઓમાં કમી થઇ અને કેટલાકમાં ન થઇ. કારણ કે ત્યાં સ્થાનિક અમલદારો હજી ઉંચામાં ઉંચી રકમ જમીનમાંથી વસુલ કરવાના ધોરણને પરણેલા હતા. ૧૮૬૧ નું નવું રાજ્યતંત્ર રચાયું ત્યાં સુધી આ લાંબો બન્દોબસ્ત અમલમાં રહ્યો.

નાગપુરનું રાજ્ય.

સને ૧૮૪૩ થી ૧૮૫૩ સુધી એકસોને દસ વર્ષ સુધી આ રાજ્ય ભોંસલેના વંશમાં હતું, પણ આમાંના બાર વર્ષમાં ૧૮૧૮ થી ૧૮૩૦ સુધી તે બ્રિટિશ અમલદારોના વહિવટ નીચે મૂકાયું હતું, કારણ કે તે વખતનો રાજા બાળક હતો. બ્રિટિશ રાજ્ય પુરેપો જમીનની ઉપજ વધારવાને સારા વહિવટની નિશાની લેખવાની ભૂલ કરતા. આ બાર વરસના અરસામાં રાજ્યની ઉપજમાં ઘણો વધારો કરવામાં આવ્યો અને ચંદાના જીલ્લામાં તો લગભગ બમણી રકમ કરી. જ્યારે ઉમ્મર લાયક થયા પછી રાજાને રાજ્ય પાછું સોંપાયું તે વખતે જમીનની ઉપજ વધીને ૨૫૩૦૦૦ પાઉન્ડની આકારવામાં આવી હતી, પણ રાજાનો વહિવટ બ્રિટિશના વહિવટ જેટલો સખ્ત ન હતો અને નોંધતાં સંતોષ થાય છે કે ૧૮૫૩ માં જ્યારે એનો દેહાન્ત થયો ત્યારે ઉપજ ૨૨૪૧૭૦ પાઉંડ જેટલી થઇ હતી. તે પછી લૉર્ડ ડેલ્હાઉસીએ રાજ્ય ખાલસા કરી લીધું.

૧૮૫૩ થી ૬૧ સુધીનાં પહેલાં આઠ વર્ષોમાં રાજ્યનો વહિવટ ફતેહમંદ ન નીવડ્યો. ટુંકી મુદતના જમાબન્દીના બન્દોબસ્તથી લોકની આબાદી કે રાજ્યની ઉપજમાં વધારો ન થયો. ૧૮૬૧ માં આ રાજ્યને સાથેના જીલ્લાઓ સાથે જોડી દીધું અને મધ્ય પ્રાન્તો ઉપજાવ્યા.

સમ્બલપુરનું રાજ્ય.

આ રાજ્ય સેંકડો વર્ષથી ચૌહાણ રજપૂતોના વંશના હાથમાં હતું. આ ચૌહાણ રજપૂતો તે એજ કે જેમણે મુસલમાનોના આવતા પહેલાં આપણા દેશના ઘણા ભાગોમાં પોતાની સત્તા સ્થાપી હતી. ૧૮૧૭ માં થોડી મુદત સુધી અરાજક રહેવા પછી બ્રિટિશના પ્રતાપથી ચૌહાણ વંશના એક રાજ્યવંશીને તે રાજ્ય સોંપવામાં આવ્યું, અને બંગાળાની સરકારની રાજ્યકીય દેખરેખ નીચે મૂકવામાં આવ્યું. આ રાજ્યની જમીનની ઉપજ આશરે ૧૦૦૦૦ પાઉંડની હતી.

૧૮૪૯ માં તે વખતનો રાજા બીન વારસ ગુજરી જવાથી લૉર્ડ ડેલ્હાઉસીની સરકારે આ રાજ્ય ખાલસા કર્યું; અને ૧૮૬૨ સુધી બંગાળની સરકારે તેનો વહિવટ કર્યો એટલે ૧૮૬૨ માં જ્યારે મધ્ય પ્રાન્તોનો વહિવટ જૂદો પાડયો ત્યારે સંબલપુર પરગણું બંગાળની સરકારને સ્વાધીન હતું. ૧૮૬૨ માં મધ્ય પ્રાન્તોને સોંપ્યા પછી કેટલાક વર્ષ સુધી એક ઢોંગીએ કેટલુંક તોફાન મચાવી મૂકયું હતું. આ કારણથી ૧૮૬૩ થી ૬૭ સુધીમાં મધ્યપ્રાન્તોમાં થયેલા જમાબન્દીના બંદોબસ્તથી આ પરગણું બાતલ થઇ ગયું હતું; અને હજી સુધી સમ્બલપુરની જમીન રીતિ મધ્ય પ્રાન્તોના બીજા પ્રદેશોના કરતાં જુદીજ છે.

મધ્ય પ્રાન્તોનું બન્દોબસ્ત.

૧૮૬૧ ના નવેમ્બરની ૨ જી તારીખે લૉર્ડ કેનિન્ગે મધ્ય પ્રાન્તોની સરકાર સ્થાપવાનો ઠરાવ કર્યો અને એક ઘરડા જીર્ણ થઇ ગયેલા કર્નલ ઇલ્યટ નામના એક અમલદારને પહેલો ચીફ કમિશનર નીમ્યો પણ તેની ગેરહાજરીમાં અને પાછળથી તેને બદલે બાદ મિ. ટેમ્પલ (સર રિચર્ડ ટેમ્પલ) એમને એ અધિકાર સોંપાયો અને ૧૮૬૬ સુધી તેણે રાજ્યતંત્ર ચલાવ્યો.

રિચર્ડ ટેમ્પલે ઉત્તર હિન્દુસ્તાનમાં મહેસુલી અમલદાર તરીકે નામના કરી ગયલા ટોમસનના હાથ નીચે તાલીમ લીધી હતી. તેણે રાજ્ય સભા અને પંજાબમાં લૉરેન્સના હાથ નીચે કામ કર્યું હતું અને હવે આ નવા પ્રાન્તના વહિવટથી સમર્થ અને અનુકમ્પાવાળા રાજપુરૂષ તરીકે ખ્યાતિ મેળવવાની એને તક મળી. સમય એને અનુકૂલ હતો; હિન્દુસ્તાનના લોકો સાથે વિવેક અને રહેમિયતથી અને વળી ઉદારતાથી વર્ત્તવાની વૃત્તિ, (મહારાણીએ રાજ્ય પ્રત્યક્ષ રીતે પોતાના હાથમાં લીધા પછીના પહેલા દશકામાં) હતી, અને કેનિન્ગ અને લૉરેન્સ અને સર ચાર્લ્સ વુડ અને સ્ટાફર્ડ નોર્થકોટના અમલમાં લોકોની આર્થિક સ્થિતિ સુધારવા અને તેમને બ્રિટિશ રાજ્યના ભક્ત કરવાની નીતિ હતી.

સ્થાયી જમાબન્દી બન્દોબસ્તની યોજના.

મિ. ટેમ્પલનીજ કારકીર્દિમાં કર્નલ થેર્ડ સ્મિથવાળી સ્થાયી બન્દોબસ્તની યોજના રજુ થઇ હતી. મિ. ટેમ્પલે એ યોજનાને અંતઃકરણથી ટેકો આપ્યો. આ બાબતમાં તેણે જે પત્ર ઇન્ડિયા સરકારને લખ્યાનો હતો તેમાંથી કેટલાક ઉતારા આ નીચે આપ્યા છેઃ—

" જમાબન્દી સ્થાયી કર્યાથી જમાની રકમ ઉપરજ વિશેષ અસર થવાની. એ બન્દોબસ્તથી જમા હમેશને માટે નક્કી થશે એટલે એનું વર્ણન ખરી રીતે રાજ્યહકની મર્યાદા એવું કંઇક થવું જોઇએ, કારણ કે એનાથી લોકોનો જમીન ઉપર જે માલકી હક છે, તેને કંઇ અસર થવાની નથી. એ હક તો મહેસુલની હમેશને માટે મર્યાદા બાંધાય કે ન બાંધાય તોપણ એમનો અનવચ્છિન્ન અને અચળ રીતે સ્થિર થઇ ગયો છે. જમાબન્દીનો બન્દોબસ્ત ટુંકી મુદત માટે હોય કે હમેશને માટે હોય તેથી જમીનની કિમ્મતમાં કાંઇ વધઘટ થશે, પણ ગમે તે સંયોગોમાં આ માલકી હકનું સ્વરૂપ અને સત્તા તો તેનાં તેજ રહેવાનાં."

ઉપરના અર્થમાં સ્થાયી જમાબન્દીનું ધોરણ લાગુ પાડવાનું છે. ખેડુત-વર્ગને ઉદ્યોગ, સાહસ અને સ્વાશ્રયમાં અને મુડીના ઉપયોગ અને ધનસંચયમાં તેની અસર એવી થશે કે જે અત્યારની ગણત્રીને તો ક્યાંએ ટપી જશે. જો આકાર વાજબી હશે તો લોકો આ બન્દોબસ્તને એક મોટા વરદાન તરીકે ગણશે. બીજી તરફ, બેશક રાજ્યનો આકાર વધારવાના હકની હમેશને માટે મર્યાદા બાંધ્યાથી ભવિષ્યની ઉપજમાં નુકસાન થશે, પણ આવા નુકસાનનો જોખમ તે કરતાં વધારે બદલો, બીજાં સાધનો દ્વારાની ખેડસુલના વધારાથી તરત નહિ તો કાળે કરીને વળી શકશે. આ બીજાં સાધનો લોકના હાથમાં ધનનાં સાધનની વૃદ્ધિ ઉપર આધાર રાખે છે. એ ધન વધારવાને સ્થાયી બન્દોબસ્ત એ સહુ કરતાં વધારે અસરકારક સાધન છે, એટલે સ્થાયી જમાબન્દીથી જમા સિવાયનાં બીજાં બધાં ઉપજનાં સાધનો વૃદ્ધિ પામશે. હવે આ પ્રાન્તોમાં જમા સિવાયનાં બીજાં સાધનોમાંથી કુલ ઉપજના ત્રીજા ભાગ કરતાં વધારે ઉપજ આવે છે. બીજા કરોમાં વધારા થાય છે અને જમાજ માત્ર અચળ રહે છે. કોશનીતિના દૃષ્ટિબિન્દુથી જમા મર્યાદિત થશે પણ બીજા કરો વધશે એ જોતાં આવા બન્દોબસ્તની સફળતાને માટે કાંઇ ધાસ્તી રાખવા જેવું નથી. વળી નાણાંની કિમ્મત પણ ઘટતી જશે, અને આ પ્રાન્તોમાં પેદાશનું મૂલ્ય વધતું જશે. એથી થોડે કાળે ખેડુત વર્ગને પોતાની પેદાસને માટે પ્રથમના મુકાબલામાં ઘણું વધારે મળવા માંડશે. બીજી તરફ મજુરીના દર વધતા જશે અને તેથી રાજ્યનું ખરચ પણ ઘણું વધારવાનું. વધારે નહિ તો નીચેની પાયરીઓના નોકરોના પગારો વધારવાજ પડશે; અને જાહેર બાંધકામોના ખરચો પણ વધશે, તેથી ખરચો વધવાની આવી આગાહી થયા છતાં પણ ઉપજના મુખ્ય સાધનરૂપ જમાની મર્યાદા બાંધવામાં કાંઇક જોખમ સમાયલું છે, એમ પ્રથમ દર્શનીય લાગે, પણ ખરી રીતે બીજા કરોના વધારા ઉપર વિશ્વાસ રાખવો એ હરેક રીતે સહીસલામત છે. ઇલ્બર્ટ અને ટેમ્પલના સંયુક્ત રિપોર્ટમાં સ્થાયી બન્દોબસ્તથી સ્વતંત્ર રીતે એવુ

જાહેર કરવામાં આવ્યું હતું કે " આપણા સાધનોનાં સંવર્ધનની આશા જમીનના કરમાં નહિ પણ પરચુરણ કરોમાં રાખવાની છે. "

પહેલે દરજ્જે સ્થાયી જમાબન્દીથી લોકને લાભ છે. અને તેમજ રાજ્યને પણ લાભ છે. ત્યારે એ સવાલ રહેછે કે કયારે અને કેટલે દરજ્જે સ્થાયી બન્દોબસ્ત લાગુ પાડવો. હવે યાદ રાખવાનું છે કે આ પ્રાન્તોમાં રેલ્વે રસ્તાએ અને વ્હાણોથી મોટા ફેરફારો થશે, પણ એવા મોટા ફેરફારથી જળસંચય થવાની આશા નથી. પણ આ જે ભવિષ્યની વાત છે તે તો આખા હિન્દુસ્તાનને થોડે ઘણે અંશે પણ લાગુ પડે છે. ત્યારે જો આર્થિક સુધારાની ભવિષ્યની આશાથી બીજે ઠેકાણે સ્થાયી બન્દોબસ્ત કરવામાં હરકત જણાતી નથી તો અહીં પણ ન જણાવી જોઇએ. એટલે રેલ્વે રસ્તા અને વ્હાણના વ્યવહારના વધારાના સંબંધમાં તો બીજા પ્રાન્તો જેવી રીતે સ્થાયી બન્દોબસ્તના હકદાર છે, તેવીજ રીતે આ પ્રાન્ત પણ છે; પણ વિશેષમાં આ પ્રાન્તમાં ખેડવાણ જમીન બીજે કરતાં વધારે પ્રમાણમાં પડતર છે અને આ સ્થિતિ કદાચ સર્વત્ર થોડી ઘણી હશે તોપણ અહીંઆં એનો ખાસ પ્રચાર છે. ખેડવાણ જમીનના મોટા પ્રદેશો ઉપર સંદિગ્ધ હકવાળા પુરૂષો દાવો રાખે છે એટલુંજ નહિ પણ ઘણાંખરાં ગામોની વાજબી સિમાઓની અંદર પણ ખેડવાણ જમીન પડતર પડેલી માલમ પડશે. હવે સ્થાયી બંદોબસ્ત એ પડતર જમીનને ખેડાણ કરવાને લાલચ ઉત્પન્ન કરશે એ એનો મોટામાં મોટો લાભ છે તોપણ રાજ્યને ઇન્સાફ આપવાની ખાતર આ હકને કંઇક નિયમિત કરવો જોઇએ. જે જાગીરો સાથે સ્થાયીની જમાબન્દી મુકરર થાય તે જાગીરોની આસપાસ ખેતી વધારવા સારૂ અમુક પ્રમાણમાં પડતર જમીન મૂકી આપવી જોઇએ પણ જે જાગીરમાં મોટો અથવા અનિર્ણીત કટકો પડતરજ હોય ત્યાં સ્થાયી જમાબન્દી મુકરર કરવી એ વાજબી નથી; કારણકે અત્યારે તો કદાચ માલધણી તેનો ઉપયોગ લઇ શકે એવી સ્થિતિમાં ન હોય પણ ભવિષ્યમાં અનેક પ્રસંગો એવા બને કે જેથી તે જમીન કિંમતી થાય.

આ પ્રાન્તમાં ઘણા એવા પ્રદેશો છે કે જ્યાં સ્થાયી બન્દોબસ્ત દાખલ કરી શકાય તેમ નથી. કેટલાકમાં અમુક ભાગમાં દાખલ કરી શકાય એમ છે અને અમુક ભાગમાં દાખલ કરી શકાય તેમ નથી... પાછલી જમા કેટલેક ઠેકાણે બહુ ભારે હતી, કેટલેક ઠેકાણે બહુ હલકી: પણ આ સંયોગ સાર્વત્રિક છે. કેટલાક જીલ્લાઓને માટે પાંત્રીશ વર્ષના ઉપજના આંકડા મળી શકે એમ છે."

ઉપર પ્રમાણેના અભિપ્રાય હમણાં જે જમાબન્દી પ્રકરણ આ પ્રાન્તમાં ચાલે છે તેને લાગુ પાડવા એવો મિ. ટેમ્પલનો વિચાર છે. જો ગવર્નર જનરલ ઉપરના વિચારો મંજુર કરે અને મધ્ય પ્રાન્તોના જે જીલ્લાઓ ખેતીવાડીમાં પૂરતી રીતે આગળ વધેલા હોય તેને લાગુ પાડવાનું યોગ્ય ધારે તો નીચેનાં પગલાં લેવાની મંજુરી આપવાની અરજ કરવામાં આવે છે.

" ૧. જમાબન્દીના અધિકારીઓને જમાબન્દીને માટે તપાસ કરતાં જે જાગીર સ્થાયી બન્દોબસ્ત માટે યોગ્ય જણાય ત્યાં તેમણે સ્થાયી બન્દોબસ્ત કરવો.

૨. આ યોગ્યતાની એક મુખ્ય સરત એ રાખવી કે જાગીરની જમીનના ઓછામાં ઓછા ત્રણ ચતુર્થાંશ જમીન ખેડાણ હોવી જોઇએ.

૩. જમાબન્દી અમલદારો જાગીરદારો સાથે એવું બંધન કરી શકે કે જ્યારે તેમની જાગીરના ત્રણ ચતુર્થાંશ ખેડવાણ થશે ત્યારે ફરીથી જમા નક્કી કરી તે જમા સ્થાયી ઠરાવવામાં આવશે. "

૧૮૬૩-૬૭ ની જમાબન્દી.

આ પ્રમાણે સ્થાયી બન્દોબસ્તનો સવાલ ચર્ચાતો હતો તે અરસામાં મધ્ય પ્રાન્તોની જમાબન્દીની શરૂઆત થઇ ગઇ હતી. જમાબન્દીનાં ધોરણો સાગર અને નર્મદાના પ્રાન્તોને માટે કાઢેલા વાયવ્ય પ્રાન્તોની સરકારના ઢંઢેરામાં છેક ૧૮૫૪ માં મુકરર કરવામાં આવ્યાં હતાં, પણ તેના ઉપર

કંઈ કામ કરવા માંડયું ન હતું. ૧૮૬૨ માં મધ્ય પ્રાન્તોના રાજ્ય વહિવટનું બન્ધારણ થયું તે પછી આખા પ્રાન્તમાં જમાબન્દીનો બન્દોબસ્ત કરવાનું કામ હાથમાં લીધું.

આ ઢંઢેરાનું મુખ્ય ધોરણ માલગુઝારોનો માલકી હક્ક સ્વીકારવાનું હતું. ઘણીવાર આ કંઈ નવુંજ દાન કરવામાં આવ્યું હોય એમ કહેવામાં આવે છે પણ ખરી રીતે માલગુઝારોના ભોગવટાનોજ સિદ્ધાન્તમાં સ્વીકારજ હતો. તે વખતના એક નિપુણ જમાબન્દી અમલદાર મિ. ચીર્શાય કહે છે કે "વેચાણ કરવાના અને ઘરેણાં મૂકવાના (ચવ) હક સિવાય બીજો કોઇ પણ હક આ માલ ગુઝારો નહિ ભોગવતા હોય એવું મને જણાતું નથી. અદીર્ઘદૃષ્ટિની રાજ્યનીતિથી દેશી રાજ્યો માલગુઝારોની જમીનમાં બીનશર્તી હક નહોતા સ્વીકારતા તેજ કારણથી એ લોકો પોતાનાં ગામો હસ્તાન્તર કરી શકતાં નહતાં પણ જ્યાં સુધી કબજો ભોગવટો એમનો હતો ત્યાં સુધી ગામની તમામ આંતર વ્યવસ્થા કરવામાં, ખેડુતો વસાવવામાં, એમને બેદખલ કરવામાં, સાંથ વધારવામાં, ઝાડો વાવવામાં, તળાવો બાંધવામાં, એ બધી બાબતોમાં એ સ્વતંત્ર હતો; ખરી રીતે બીજે ઠેકાણે અવ્યવસ્થિત હકવાળા જમીનદારો આંતર વ્યવસ્થામાં જેટલી સત્તાઓ ભોગવે છે તેટલી બધી સત્તાઓ આ માલગુઝાર પણ ભોગવે છે, છતાં આ હક જેનો ભોગવટો ચાલતો હતો તેને સિદ્ધાન્તમાં સ્વીકાર્યો એ મોટો લાભ થયો; અને માલ-ગુઝારોને જમીન વેચવા સાટવાની સત્તા આપી." ૧૮૫૪ ના ઢંઢેરામાં જાહેર કર્યું હતું કે "હવે બીજાં વીશ વર્ષનો બન્દોબસ્ત કરવાનો સરકારનો ઇરાદો છે; અને જે સબસેો જમીનદારી હકના હકદાર હોય તેવાને તે હક આપવાનો છે." આજ ઢંઢેરામાં વળી ઉમેરવામાં આવ્યું હતું કે "દરેક માલીકને વેચવાનો તથા હસ્તાન્તર કરવાનો સ્વતંત્ર હક છે." મિ. ટેમ્પલે જે

બન્દોબસ્ત અમલમાં મૂક્યો તેમાં આ ધોરણને પણ અમલમાં મૂકવાની રિચર્ડ ટેમ્પલની રમણીય ફરજ હતી.

માલગુઝારોનો માલકી હક સ્વીકાર્યો તે પછી સવાલ એ ઉઠ્યો કે તેમની સાંથનો કેટલો અંશ સરકારે જમા તરીકે લેવો ? સહરાનપુરના નિયમોમાં એવું સ્થાપિત કર્યું હતું કે ઉપજના-અરધ ભાગ જેટલો સરકાર હક રાખવો; અને આ નિયમ સાગર અને નર્મદાના પ્રદેશોને લાગુ પાડવામાં આવ્યો હતો, પણ નાગપુરને માટે બીજો નિયમ ઘડવામાં આવ્યો હતો.

નાગપુરને માટે ઇન્ડિયા સરકારને માલગુઝારને માટે ઉપજના ૩૫ થી ૫૫ ટકા જેટલા રાખવાની સૂચના મોકલી હતી. અને સાથે લખવામાં આવ્યું હતું કે માલકી હક અને વહિવટના ખરચ બદલ ૪૦ ટકા અને ખાસ સંયોગોમાં ૫૦ ટકા માલગુઝારને આપવાનો સરકારનો ઇરાદો છે. " આ સૂચનાઓનો રિચર્ડ ટેમ્પલે ઉદાર અર્થ કર્યો અને આખા પ્રાન્તમાં જમાબન્દીને માટે લાગુ પાડવાના ધોરણનો જે કાયદો ઇન્ડિયા સરકારની મંજુરીથી તેણે બહાર પાડ્યો ત્યારે સરહાનપુરનો અરધ ઉપજનો નિયમ સ્વીકાર્યો હતો.

આમ મધ્ય પ્રાન્તોની જમાબન્દીના બે મુખ્ય નિયમો હતાઃ—

૧. માલગુઝારના માલકી હક અને બેહુતના બેડ હક સ્વીકારવા;

૨. જાગીરોની સાંથના અડધ ભાગે જમાની મર્યાદા બાંધવી.

અહીંઆં નોંધવાની ફરજ છે કે થયેલા બન્દોબસ્તમાં, બીજા ધોરણને વળગી રહેવામાં આવ્યું ન હતું. તેમણે પોતાની ગણત્રીઓ કરીને ઉપજનો અંદાજ કાઢ્યો હતો; જમાના આંકડા આ અંદાજી ઉપજ ઉપર તેમણે નિર્ધાર્યા. પોતાના બેહુ પાસેથી વધારે સાંથ માટે દબાણ કરાવવાની આ રીત અત્યંત વખોડવા લાયક હતી. બંગાળા, અયોધ્યા અને પંજાબમાં કેનિન્ગ અને અને લૉરેન્સે ખાસ કાયદા બાંધીને ખાનગી જમીનદારોથી બેહુતોને બચાવ્યા હતા. વળી આવી અંદાજી ઉપજના પ્રમાણમાં પણ જે જમા નિયત કરી હતી તે પણ ૫૦ ટકા કરતાં ઘણી વધારે હતી. તે નીચેના કોઠા ઉપરથી સમજાશેઃ—

જમા તરીકે મુકરર કરેલા આંકડાના પ્રમાણનું કોષ્ટક.

સેઓની. હોશંગાબાદ. નરસંગપુર.	૫૦ ટકાની નીચે.
જબલપુર.....૫૦	વરદા.....૬૬
સગાર.....૫૧	ચિંદવાડા.....૭૯
દામો.....૫૪	બીટલ.....૬૪
મંદલા.....૫૬	જાંડારા.....૬૦
નીમર.....૬૪	ચંદા.....૬૦
નાગપુર.....૭૮	બીલાસપુર.....૫૭
	રાયપુર.....૫૩
	સબ્બલપુરમાં રૈયતવારી જમાબન્દી બંદોબસ્ત હતો.

આમ જમાબન્દીના ધોરણનો બે રીતે ભંગ કર્યો હતો. એક તો જમાબન્દીના પાયા તરીકે ગણેલી ઉપજ વાસ્તવિક ઉપજના કરતાં વધારે આંકવામાં આવી હતી અને બીજું પ્રમાણ પણ ૫૦ ને બદલે છેક ૭૮-૭૯ સુધી લઇ જવામાં આવ્યું હતું. વળી સરકારના હુકમનો સ્થાનિક અમલદારોએ બહુ કંજુસાઇથી અમલ કર્યો હતો અને જે અમલદારોને માટે નિયમો રચવામાં આવ્યા તે અમલદારોને હાથે થયેલા નિયમના ભંગને માટે કંઇપણ દાદ લોકને મળી નહિ.

આ બન્દોબસ્તથી લોકને એક ફાયદો થયો. આ બંદોબસ્ત ૩૦ વર્ષ રહ્યો અને પૂર્વની કનડગતમાંથી જમીનદાર અને ખેડુતને કંઇક આસાએશ મળી.

મદ્રાસમાં જમાબન્દી.

૧૮૫૫ માં મદ્રાસની સરકારે એ પ્રાન્તની માપણી અને જમાબન્દીનો બન્દોબસ્ત કરવાનો હુકમ કર્યો. ખેતીના ક્ષેત્રફળમાં વધારો કરવા માટે જમા ઓછી કરવાનો વિચાર હતો; અને એમ ધારવામાં આવ્યું હતું કે ખેતીના ક્ષેત્રફળનો વિસ્તાર થશે એટલે ઉપજ પણ વધશે.

કમ્પનીના સૂત્રધારકોનો અભિપ્રાય.

ઇસ્ટ ઇન્ડિયા કમ્પનીના સૂત્રધારકોએ ઉત્તર હિન્દુસ્તાન અને મુંબઇમાં નવા બન્દોબસ્તનાં સારાં પરિણામ જોયાં હતાં તેથી આ દરખાસ્ત એમણે સ્વીકારી; નીચેના ઉતારા ઉપરથી તેમની વૃત્તિ સમજાશે.

" અમે ધારીએ છીએ કે જમાનો આંકડો નવેસરથી નક્કી કરવા સારૂ આપના ઇલાકાના મોટા ભાગમાં માપણી કરવાની જરૂર નિઃશંક રીતે સાબીત થાય છે. "

આપે લખ્યું છે તે પ્રમાણે જમાબન્દી અમલદારોએ હમેશાં ધ્યાનમાં રાખવું જોઇએ કે:—

" સરકારનો હક, ખેતીનું ખરચ અને ખેતીવાડીનાં સાધનો સંબંધી નફો એ બાદ જતાં ઉપજમાંથી જે રહે તે ઉપર નથીઃ પણ માત્ર જમા ઉપરજ છે; જે જમા બને તો એવી રીતે આકારવી જોઇએ કે કબજેદાર જાતે ખેડે અથવા બીજા કોઇ પાસે ખેડાવે તોપણ તે કબજેદારને માટે " સાંથ " ની કંઇ રકમ રહેવી જોઇએ. "

એટલે અમારો મત એવો છે કે આકારનું પ્રમાણ **ચોખ્ખી** ઉપજ ઉપર બાંધવું જોઇએ, **કચ્ચી** ઉપજ ઉપર નહિ.

દાણામાં જમા નક્કી થાય અને વાજબી ભાવે તેનાં નાણાંની રકમ મુકરર થાય તે પછી એવી રીતે નિયત કરેલી રકમ ત્રીસ વર્ષ સુધી અચળ રહેશે (મુંબઈમાં અને વાયવ્ય પ્રાન્તોમાં એજ પ્રમાણે કરેલું છે) અને ત્રીસ વર્ષની મુદત પછી દાણાનું પ્રમાણ અને નાણાંની રકમ તે વખતના સંયોગોને ધ્યાનમાં લઇને નવેસરથી મુકરર કરવામાં આવશે, એવું જાહેર કરવાનું અમને પસંદ છે.

આપ એમ ધારો છો કે આવી રીતનાં પગલાં ભર્યાથી ખેતીની અવશ્ય વૃદ્ધિ થશે અને તેમ થવાથી ઉપજ ઘટવાને બદલે વધશે. આ ધારણામાં અમે પણ એક મત થઇએ છીએ અને એ સાચી પડવાનો સંભવ અમે એટલા ઉપરથી સમજીએ છીએ કે મુંબઇમાં નવેસરથી જમાબન્દી કર્યાના તથા દક્ષિણ આર્કોટમાં જમા કમી કર્યાનાં સારાં પરિણામ આવ્યાનો અમને અનુભવ છે.

ચાર્લ્સ વુડના અભિપ્રાયો.

ઉપરના ઉતારામાં ઉપસાવીને છાપેલા શબ્દો જરૂરના છે. તે ઉપરથી જણાય છે કે ઇસ્ટ ઇન્ડિયા કમ્પની તમામ ચોખ્ખી ઉપજનો દાવો કરતી નહતી પણ જમા તરીકે એના એક ભાગનોજ દાવો કરતી હતી. રૈયતવારી જીલ્લાઓમાં ચોખ્ખી ઉપજના ½ જમા લેવાની તેમની ઇચ્છા હતી કારણ કે ૧૮૫૫ પહેલાં ઉત્તર હિન્દુસ્તાનમાં ½ લેવામાં આવતા; તે વર્ષમાં લૉર્ડ ડેલ્હાઉસીએ ઉપજના ½ જેટલી જમા ઉત્તર હિન્દુસ્તાનમાં લેવાની ઠરાવી અને નવ વર્ષ પછી જ્યારે હિન્દુસ્તાનનો રાજ્ય વહિવટ કમ્પની પાસેથી તાજના હાથમાં ગયો ત્યારે સેક્રેટરી ઑફ સ્ટેટ સર ચાર્લ્સ વુડે ચોખ્ખી ઉપજનો ½ ઠરાવ્યો હતો. ૧૮૬૪ ના અગત્યના ખરીતામાંથી એ ઉતારી આપીશું.

" સર વિલ્યમ ડેનિસનના વિચારને અમે પૂર્ણરીતે ટેકો આપીએ

છીએ કે કુચ્ચી નહિ પણ ચોખ્ખી ઉપજમાંથી સરકારે અમુક ભાગનો દાવો રાખવો. "

"આપ નામદારને અમારો પાકો વિચાર જાહેર કરવાનો પ્રાપ્ત થાય છે કે **ચોખ્ખી** ઉપજનો જે ભાગ આપણે વાજબી રીતે માગી શકીએ તે ૬ હોવો જોઇએ. સર વિલ્યમ ડેન્સન કહે છે તેમ ૬ નહિ. "

એટલે ૧૮૬૪ થી મદ્રાસ સરકારનો જમાબન્દીનો નિયમ એ હતો કે ચોખ્ખી ઉપજનો અરધ ભાગ ખેડુતને માટે અને અરધ સરકારને માટે રહે એવી રીતે રકમ ઠરાવવી.

સ્થાયિત્વનાં ધોરણો.

૧૮૫૬ ના સૂત્રધારકોના પત્રથી એક ટીકા સૂઝે છે. એ પત્ર રૈયતવારી પદ્ધતિના પાયારૂપે રહેલી સ્થાયિતાનો કેવળ અનાદર કરે છે. એ પદ્ધતિના ખરા પિતા સર ટોમસ મન્રોએ આમની સભામાં સ્પષ્ટરીતે બતાવ્યું હતું કે, "બંગાળાની જમીનદારી રીતની પેઠે રૈયતવારી રીતનું મૂલતત્વ તો રાજા હકની રકમના સ્થાયિપણાનું તત્વ છે. રકમના સ્થાયિપણાના સંબંધમાં આ બે રીતોમાં કંઇજ ફેર નથી પણ રૈયતવારી રીતમાં ખેતીનો વધારો જેમ જેમ થતો જાય તેમ તેમ પડતરમાંથી વધારેને વધારે ઉપજ સરકારને આવે. " અને મન્રોની જુબાની થયાને ૪૦ વર્ષ થઈ ગયાં ત્યાં સુધી મદ્રાસની સરકારે, અતિશય જગા નિર્માણ કર્યા છતાં અને વર્ષોવર્ષ વસુલાતમાં વધઘટ થયાં છતાં મદ્રાસની રીતમાં, જમાની નિયતતા અને સ્થાયિપણા વિશે કદી પણ શંકા કાઢી નથી. સૂત્રધારકોની સભાએ આ ધોરણની કાંઇપણ દરકાર કર્યા વિના ત્રીસ વરસ પછી જમાબન્દી ફરીથી થશે એમ ઠરાવ્યું.

પણ તે ધોરણ આવી રીતે રદ કરાય તેમ નહતું. સૂત્રધારકોનો પત્ર ગયા પછી મદ્રાસની મ્હેસુલ સભાએ જાહેર કર્યું હતું કે " રકમનું–સ્થાયીપણું " એ મદ્રાસની મ્હેસુલ પદ્ધતિનું ધોરણ કાયમ છે. ૧૮૫૭ માં એમણે

લખેલું કે " ઇંગ્લંડમાં એવો સામાન્ય અભિપ્રાય ચાલતો જણાય છે કે મુંબ. ઇની ત્રીસ વર્ષની જમાબન્દીથી મદ્રાસની ચાલતી જમાબન્દી કરતાં લોકને બેડ હકનું સ્થાયીપણું વધારે પ્રાપ્ત થાય છે. " આ તદ્દન ભૂલ છે કારણ કે મદ્રાસમાં જમામાં કાંઇપણ વધારો થયા વિના જ્યાં સુધી તે પોતાની સરતો પાળે ત્યાં સુધી મદ્રાસની રૈયત પોતાની જમીન પોતાની પાસે રાખી શકે છે.

એટલે જ્યારે કેનિન્ગે કર્નલ બેર્ડ સ્મિથની દરખાસ્ત ઉપર મદ્રાસની સરકારનો અભિપ્રાય માગ્યો ત્યારે મદ્રાસની સરકારે તો એવોજ જવાબ આપ્યો હતો કે અમારે ત્યાં તો જમા સ્થાયી જ છે. ગવર્નર અને તેના સભાસદો વચ્ચે મતભેદ " જમાને દાણાનો સ્થાયી ભાગ ગણવો કે નાણાનો " આ વિષયમાં લખેલા પત્રમાં મદ્રાસની સરકાર ૧૭૯૬ થી ૫૫ સુધીનો ઇતિહાસ ટાંકીને જણાવે છે કે પ્રથમથી જ જમાના આંકડાના સ્થાયીપણાનો હક તો મદ્રાસની રૈયત ભોગવતી આવી છે. પછી અંતના ભાગમાં જણાવે છે કે—

૧૫. છેક ૫૫ સુધી આ પ્રમાણે ચાલ્યા બાદ એક ફેરફાર નવો દાખલ કરવામાં આવ્યો હતો.

૧૬. ૫૫ માં નવેસરથી જમાબન્દી કરવાનો હેતુ આકરી જમાને કમી કરવાનો હતો. રૈયતને પોતાની જમીન ઉપર કિંમતી હક રહે તે સારૂ અને ખેતીમાં વધારો કરવાના હેતુથી કચ્ચી ઉપજના ૩૦ ટકાએ સરકાર હકની મર્યાદા બાંધી હતી: અને એમ ધારવામાં હતું કે સરેરાશ ૨૫ ટકાની આવશે. સરકારનો એવો મત હતો કે આકાર પચાસ વર્ષને માટે વજે ભાગનો કરવો; અને વજે ભાગની કિંમતનાં નાણાં દર સાત અથવા દસ વર્ષને અંતે ચાલતા ભાવને હિસાબે નવેસરથી ઠરાવવાં. વિલાયત સરકારે આ ગોઠવણ નાપસંદ કરી અને રોકડમાં જ જમા ઠરાવવી અને તે ત્રીસ વરસ

મુદ્દો અચળ રહે એવો ઠરાવ કરવાની મરજી બતાવી. આ વિષય ઉપર પછી વધારે ચર્ચા થઇ અને છેવટે એવો નિર્ણય થયો કે ૫૦ વરસે જો જરૂર જણાય તો જમા નવેસરથી નક્કી કરવી."

૧૭. ઉપરથી જણાશે કે રૈયતવારી રીતનું મુખ્ય લક્ષણ જમાના આંકડાનું અચળપણું છે: અને હમણાં જે આંકડા નવેસરથી મુકરર થાય છે તે હવે ૫૦ વર્ષે ફરવાને પાત્ર છે.

૧૯. નામદાર ગવર્નર સ્થાયી વજે ભાગ મુકરર કરવાના મતના છે. પણ દાણાની રોકડ કરવા સારૂ સમયે સમયે ભાવ તપાસવા અને જરૂર પડે ત્યારે તે ભાવના પ્રમાણમાં ઠરેલા વજે ભાગની રોકડ ઠરાવવી એટલો અપવાદ રાખવા ઇચ્છે છે.

૨૦. પણ સભાના નામદાર સભાસદો રૈયતવારી રીતનું જૂનું રોકડ આકારનું ધોરણ વધારે પસંદ કરે છે એટલે મોલના અમુક ભાગ વજે ભાગ ઠરે, અને તે ઉપર વાજબી ભાવ ગણી રોકડ રકમ હમેશને માટે ઠરાવાય.

૨૨. અમારી સરકાર કાયદા બાંધીને મુદતબંધી જમાબન્દી કરવાના મતની નથી. આવા બન્દોબસ્તથી રૈયતને કંઇ ફાયદો નહિ થાય અને સરકારને નકામી અટકાયત થશે અને રાજ્ય તેમજ પ્રજા બન્નેને માટે વધારે સારૂં એ છે કે કાં તો જમાબન્દી સ્થાયી રહેવી જોઇએ; અથવા રાજ્યને જરૂર પડે તે પ્રમાણે ચાલવાને સરકારની સત્તા સ્વાધીન રાખવી જોઇએ. સરકાર જરૂર વિના જમાના આંકડામાં વધારો કરશે નહિ; અને મુદતબન્ધી જમાબન્દી કરી હોય તો વખતે તે મુદતમાંજ આવી જરૂર આવી પડે (તો સરકારને નકામી અટકાયત થાય).

નવો બન્દોબસ્ત.

સ્થાયીપણાનું ધોરણ ઉપરના ધોરણમાં સ્વીકાર્યું પણ તે અમલમાં મૂકાયું નહિ. બંદોબસ્તો ત્રીસ વરસ માટે થયા અને એ મુદ્દત આખર ખેડુતોની જમા વધવાને પાત્ર કરી; અને જમા વધારવામાં ચોકસ અને નિશ્ચિત કારણો જેવાં ૧૮૫૯ અને ૧૮૬૮ ના કાયદામાં બંગાળાના ખાનગી જમીનદારોના સંબંધમાં નિર્દિષ્ટ કરવામાં આવ્યાં હતાં, તેવાં બતાવવામાં પણ ન આવ્યાં.

૧૮૬૧ થી ૧૮૭૫ ની જમાબન્દીનું ફળ નીચેના કોઠા ઉપરથી માલુમ પડશેઃ—

મલબાર અને દક્ષિણ કેનેડા બાદ કરતાં મદ્રાસ ઇલાકાની જમાબન્દીના આંકડા.

વર્ષ.	ખેડાણ ક્ષેત્રફળ એકર.	આકાર £.	કુલ રૈયતવારી £.	સ્થાનિક કરો £.	કુલ.
૧૮૬૧	૧૫૮૦૦૦૦૦	૩૨૦૦૦૦૦	૩૨૨૦૦૦૦	૭૦૦૦૦	૩૨૯૦૦૦૦
૧૮૬૨	૧૬૪૦૦૦૦૦	૩૨૩૦૦૦૦	૩૩૮૦૦૦૦	૭૦૦૦૦	૩૪૫૦૦૦૦
૧૮૬૩	૧૭૦૦૦૦૦૦	૩૨૧૦૦૦૦	૩૪૩૦૦૦૦	૭૦૦૦૦	૩૫૦૦૦૦૦
૧૮૬૪	૧૭૩૦૦૦૦૦	૩૧૮૦૦૦૦	૩૩૬૦૦૦૦	૫૦૦૦૦	૩૪૧૦૦૦૦
૧૮૬૫	૧૭૫૦૦૦૦૦	૩૧૯૦૦૦૦	૩૪૧૦૦૦૦	૮૦૦૦૦	૩૪૯૦૦૦૦

૧૮૬૬	૧૭૮૦૦૦૦૦	૩૧૮૦૦૦૦	૩૫૨૦૦૦૦	૧૫૦૦૦૦	૩૬૭૦૦૦૦
૧૮૬૭	૧૮૨૦૦૦૦૦	૩૨૩૦૦૦૦	૩૩૦૦૦૦૦	૧૮૦૦૦૦	૩૪૮૦૦૦૦
૧૮૬૮	૧૮૪૦૦૦૦૦	૩૨૪૦૦૦૦	૩૪૦૦૦૦૦	૨૨૦૦૦૦	૩૬૨૦૦૦૦
૧૮૬૯	૧૮૮૦૦૦૦૦	૩૨૭૦૦૦૦	૩૬૦૦૦૦૦	૨૬૦૦૦૦	૩૮૬૦૦૦૦
૧૮૭૦	૧૬૨૦૦૦૦૦	૩૩૦૦૦૦૦	૩૭૧૦૦૦૦	૨૬૦૦૦૦	૪૦૦૦૦૦૦
૧૮૭૧	૧૮૬૦૦૦૦૦	૩૨૨૦૦૦૦	૩૫૬૦૦૦૦	૪૦૦૦૦૦	૩૬૬૦૦૦૦
૧૮૭૨	૧૬૦૦૦૦૦૦	૩૨૨૦૦૦૦	૩૬૭૦૦૦૦	૪૨૦૦૦૦	૪૦૬૦૦૦૦
૧૮૭૩	૧૮૮૦૦૦૦૦	૩૧૬૦૦૦૦	૩૫૪૦૦૦૦	૪૨૦૦૦૦	૩૬૬૦૦૦૦
૧૮૭૪	૧૬૨૦૦૦૦૦	૩૨૩૦૦૦૦	૩૭૬૦૦૦૦	૪૨૦૦૦૦	૪૧૮૦૦૦૦
૧૮૭૫	૧૬૨૦૦૦૦૦	૩૨૫૦૦૦૦	૩૫૩૦૦૦૦	૪૧૦૦૦૦	૩૬૪૦૦૦૦

ઉપરથી જણાશે કે ખેતીવાડીનું ક્ષેત્રફળ તેમજ જમાની રકમ ૧૫ વર્ષમાં ૨૦ ટકા જેટલી વધી, પણ આ આંકડા જમીનના કરનું તમામ દબાણ બતાવતા નથી. પહેલું એ જોવાનું છે કે નવી જમીન ખેડાણ થાય તે ૧૮૬૦ માં ખેડાણ થતી હોય તેવી જમીનના કરતાં હલકી હતી અને તેથી કરની ઉપજ ૨૦ ટકા જેટલી વધારે આવતી ન હોતી અને એથી અરધ જેટલી પણ ભાગ્યે હતી. બીજું, પેદાશની કિંમત ૧૫ વરસની આખર શરૂઆત કરતાં કમતી હતી, એટલે ખેડુતને ખાંડી દીઠ જે પહેલાં મળતું તેના કરતાં આખર થોડું મળતું, તેથી સરકારને જેવી આરંભમાં મારીઓ

આપવી પડતી તેવીજ અંતમાં પણ આપવાની જરૂર પડતી. આથી મદ્રાસમાં માપણી અને જમાબન્દીથી જે નિર્ણત્તિ કરવાની ધારણા હતી તેમાંનું કાંઇજ થયું નહિ. બીજી બાજુ ૩૦ વર્ષનો બંદોબસ્ત થવાથી ખેડુતને વાર્ષિક તપાસની કનડગત અને ચિંતા મળ્યાં. પણ ઇલાકાની કુલ પેદાસ અને તેના ભાવોનો હિસાબ ગણીએ તો ૧૮૬૦ કરતાં ૧૮૭૫ માં જમા વધારે આકરી હતી અને ૧૮૭૭ ના ભયંકર દુષ્કાળે નવી જમાબન્દીએ લોકની સલામતી અને ટકી રહેવાની શક્તિમાં કાંઇજ વધારો કર્યો નહતો એ સાબિત કરી આપ્યું.

૧૮૬૪ વાળો ઉપજના અરધની રાજ્યહકની મર્યાદા બાંધવાનો નિયમ જો આગ્રહથી પાળવામાં આવ્યો હત તો ધારેલું ફળ થાત, પણ દોઢસાબ ખેતરોની જમા નક્કી કરવામાં ત્વરા અને સંક્ષેપની રીતો સ્વીકારવાની જરૂર પડી. ખેડુતોને પોતાના ખેતરમાં વારતવિક રીતે શું ઉપજે છે તે તથા ખેતીમાં શું ખરચ થાય છે અને ચોખ્ખી ઉપજ કેટલી રહેછે તે સાબીત કરી આપવાની તકજ મળી નહિ. સામાન્ય રીતે એમ વારંવાર માની લેવામાં આવતું કે કુલ ઉપજના ત્રીજા ભાગમાં બધું ખરચ સમાઇ જાય; એમ માની લેવામાં આવતું કે સારી જમીનનો એક એકર ખેડવામાં ૨૮ શિલિંગ ખરચ આવે; અને રેતાળ જમીન ખેડવામાં માત્ર ૧૨ શિલિંગ ખરચ મજરે મળે. મદ્રાસના બધા ખેડુત અને ઇલાકામાં રહેતા કાંઇ પણ અનુભવવાળા યુરોપિયન બધાજ જાણતા કે આટલી રકમ પૂરતી થાય નહિ.

આવી ખોટી ગણત્રી, અને તે પણ દેશના મોટા મોટા પ્રદેશો માટે સામટી રીતે કરીને સરકારે જમા નક્કી કરી હતી. પછી મુઆયલા ખેડુતને આ જમા જાહેર કરવામાં આવી; અને ખેડુત તો એટલુંજ જોતો કે વારંવાર પોતાના ખેતરની ચોખ્ખી ઉપજનો મોટો ભાગ જમા ધસડી જાય છે. પણ કોઇ સ્વતંત્ર અદાલતને અપીલ કરવાનો એને હક નહતો; કાંતો એણે આકારેલી જમા ભરવી જોઇએ અથવા બાપીકી જમીન છોડવી જોઇએ.

પણ આ પ્રમાણે મદ્રાસનો બેહુતજ મુંઝાયલો હતો એમ નહતું. સર ચાર્લ્સ વુડ–જેણે ૧૮૬૪ માં સ્પષ્ટ નિયમ કર્યો હતો કે તેના અન્યધિકારીઓ પણ પોતાના નિયમનો અમલ કરવામાં ભંગ થતો જોઇને એટલાજ મુંઝાતા. મદ્રાસના ગવર્નર લૉર્ડ હોબેર્ટે ૧૮૭૪ માં જમાબન્દીની તમામ તજવીજ એકદમ બંધ કરીને સાદી રીત અમલમાં મૂકવાની દરખાસ્ત કરી અને મદ્રાસની તજવીજમાં કોઇ પણ મુખ્ય ધોરણની ખામી બતાવીને હિન્દુસ્તાન ખાતાના અંડર સેક્રેટરિ સર હ્યુમ મેલેટે બે લાંબી યાદીઓ લખી. નીચેનો ફકરો આમાંની પહેલી યાદીમાંથી લીધેલો છે.

સર હ્યુમ મેલેટ.

૧૮૫૭ માં હાઉસ ઑફ કોમન્સ ઉપર મોકલેલી હકીકતમાં નીચે પ્રમાણે લખવામાં આવ્યું હતું:–" આખા હિન્દુસ્તાનમાં સામાન્ય રીતે જમીન ખાનગી મિલકત છે; માત્ર જમા આપવાની શરતે. જમા નક્કી કરવાની રીત અને પદ્ધતિ જુદા જુદા ભાગોમાં જુદી જુદી છે."

આ વખતે સૂત્રધારક સભાએ રાજ્યની માલિકીના સિદ્ધાંતનો કેવળ ત્યાગ કર્યો હતો; અને એવું ધોરણ સ્થાપિત કર્યું હતું કે જમા તે કર છે: સાંથ નથી અને જમા સાંથ ઉપર લેવાય છે તે એટલા માટે કે જરૂરનો કર ઉત્પન્ન કરવાનો તે સહુથી વધારે સગવડવાળો અને મામુલી રસ્તો છે. રાષ્ટ્રીયકોષ પદ્ધતનો જે રસ્તો એક સ્વાશ્રયી દેશ જ્યાં ખેતીના પુષ્કળ પ્રદેશો હજી ખેડાયા વિનાનાજ પડ્યા છે તેવા દેશને માટે કદાચ સંગીનમાં સંગીન સાદામાં સાદો અને ન્યાયીમાં ન્યાયી છે.

" ૧૮૬૪ માં સર ચાર્લ્સ વુડે આ ધોરણને પુનઃ દૃઢ કર્યું, પણ સૂત્રધાર સભાની આગળ જઇને ચોખ્ખી ઉપજના પચાસ ટકાએ આ કરનું નિર્માણ થયું; છતાં પૂર્ણપણે સ્વીકારાયું કે આ તો એક સાધાર જ નિયમ માત્ર

છે પણ તે અમલમાં મૂકતી વખતે પુષ્કળ છૂટ આપવાનો વહીવટ રાખવો જોઇએ."

આવી રીતે સ્થાપિત થયેલું ધોરણ એક સંગીન અને વૈજ્ઞાનિક પાયા ઉપર રહેલું છે, પણ એ ધોરણ એવા શબ્દોમાં અને એવા પ્રસંગોમાં મૂકવામાં આવ્યું હતું કે તે એક અક્ષય્ય વચન રૂપે લેખાયું. (આ ધોરણનો અમલ જમાબન્દી અમલદારોની મુનસફી ઉપર મૂકાયો અને તેમને એટલું બધું કામ સોંપવામાં આવેલું કે કોઇ પણ માણસ એ ચોકસાઇથી કરી શકે નહિ) એટલે આખો વહીવટ આ કાગળોમાં દેખાય છે તેવી રીતે અંધાધુંધીમાં પડયો છે એમાં કાંઇ નવાઇ જેવું નથી."

"અત્રે એમ પૂછવાનું મન થાય છે કે જો સાંથ, એટલે સાદી અને ચોખ્ખી આર્થિક ઉપજ ઉપરજ કર લેવાનો હોય, તો આવી ખરચાળ, ભારે, અને અચોકસ અને બીલકુલ નિષ્ફળ જમાબન્દીની પદ્ધતિને બદલે, જમા જ્યાં જેટલા પ્રમાણમાં લેવાની હોય ત્યાં ઉપજ ઉપરજ દેવાનો નિયમ શા માટે ન ચાલી શકે? આનો જવાબ એટલોજ આવે કે ચોખ્ખી ઉપજના ૫૦ ટકા એ માત્ર એક પોથીમાંનીજ સૂચના છે; એક કલ્પનામાત્ર છે; જેને વાસ્તવિક વહીવટ સાથે કંઇજ લેવા દેવા નથી અને અમલ કરવામાં તો જે જમા ઠરાવવામાં આવે છે તે આખી આર્થિક ઉપજ (આર્થિક) ગળી જાય છે એટલુંજ નહિ પણ મને શંકા છે–ઘણીવાર નફા ઉપર પણ પેશકદમી કરતી હશે."

મુંબઇ.

મુંબઇમાં પહેલી સામાન્ય જમાબન્દી ૧૮૩૯ માં શરૂ થઇ. બહુ વિવેકથી સર જોન વિન્ગેટને હાથે એ બંદોબસ્ત થયો હતો; અને તે ત્રીસ વર્ષની મુદતને માટે હતો, તેથી પાછલાં વર્ષોના સખ્ત પગલાંની અસરોમાંથી ખેડુતોને કંઇક આરામ મળ્યો. પણ એની મુખ્ય ખામી એ હતી કે જમા નિયત કરવાનું કેવળ સર્વે અમલદારની મુનસફી ઉપર રાખવામાં આવ્યું

હતું; અને ભવિષ્યની નવીજ વખતે કરમાં વધારો નહિ થાય એવી ખાત્રી આપવામાં આવી નહતી.

પહેલાં ત્રીસ વર્ષ પૂરાં થયાં પહેલાં સ્થાયી બન્દોબસ્તનો સવાલ મુંબઇ સરકાર પાસે આવ્યો. ૧૮૬૧ વાળી કર્નલ એર્ડ સ્મિથની સૂચનાઓ લૉર્ડ કેનિન્ગે મુંબઇ સરકાર ઉપર મોકલી આપી હતી. મુંબઇના ગવર્નરે સ્થાયી બન્દોબસ્તની તો ના પાડી પણ આકારનું ધોરણ-કુલ ઉપજના ન્યાય અને વિવેક સાથે નિયત કરેલા પ્રમાણ ઉપર બાંધવાનું જ ધોરણ સ્વીકાર્યું.

સ્થાયી જમાબન્દી સંબંધે.

૧. " આ દેશના લોકોનું એક એ સૂત્ર છે કે રાજ્યના નિભાવને માટે રાષ્ટ્રીય ભંડારમાં જમીનની ઉપજ અન્યાય વિના જેટલા પ્રમાણમાં આવે તેટલા પ્રમાણમાં રાષ્ટ્રકોશનો વહીવટ નિર્દોષ ગણવો; અને કોઇપણ પરોક્ષ કે અપરોક્ષ કર ન હોય તે રાજ્યતન્ત્ર ઉત્તમ છે એમ સમજવું. "

૨. " આ અભિપ્રાયની સત્યતા વિશે મને કોઇ દહાડો શંકા થઇ નથી; કારણ કે ખેડુત રાજ્યને જે આપે છે તેના બદલામાં એને જમીનના કબજા ભોગવટાનો હક નિર્ભયતા સાથે મળે છે: અને એ હકમાં એને એવો સારો બદલો મળ્યો એ માને છે કે જમીન ઉપર જે મહેસુલ લેવામાં આવે છે એ પણ વારતવિક રીતે એક કર જ છે એ બુદ્ધિ એનામાંથી જતી રહે છે. "

૩. " આ કોશપદ્ધતિ આ દેશની એક પ્રાચીન પદ્ધતિ છે; અને જમીનની ઉપજમાંથી ભાગ લેવાના રાજ્યના હક ઉપર એ રચાયલી છે: આ રાજ્યનો હક એ રીતના ભોગવટાની સાર્વત્રિકતાથી સાબીત થાય છે; અને એ ભાગ આપવાની ફરજમાંથી મુક્તિ મેળવવી એ એક બહુ પ્રિય અધિકાર મનાય છે: કારણ કે આવો અધિકાર અસલના વખતમાં કાંતો બાહુબળથી સંપાદન કરેલો હોય છે, કાંતો રાજ્ય તરફથી ઇનામ તરીકે બક્ષવામાં આવેલો હોય છે."

૪. "ઘણીવાર એમ જોવામાં આવે છે કે કબજેદારનો જમીનની ઉપજ લેવાનો હક થોડી ઘણી પૂર્ણતાને પામેલો હોય છે, અને દેશનો રિવાજ અને બીજા ઘણા સંયોગોને લીધે કબજા ભોગવટાનો હક થોડો ઘણો સ્થાયીજ થયેલો હોય છે, પણ વજે ભાગ આપવામાંથી મુક્ત હોવું એ અપવાદ રૂપેજ ક્વચિતવાર જોવામાં આવે છે અને રાજ્ય હક અત્યારના ભાવે હમેશને માટે નિયત અને મર્યાદિત કરવો એમાં મને કંઈપણ લાગતું નથી, કારણ કે જ્યારે ભાવ અને મજુરીના દર વધ્યે જાય છે, તેથી રાજ્યના ખરચમાં પણ વધારા થવાનો સંભવ છે અને એવી સ્થિતિમાં કોશનીતિના આવા સમજી સિદ્ધાન્તનું ઉલ્લંઘન કરવું તે યોગ્ય નથી. જો સરકારની જમીનની ઉપજ સ્થિર રહે–હમેશને માટે જમાની મર્યાદા બાંધ્યાથી થવાનીજ–તો પછી પ્રત્યક્ષ અને અપ્રત્યક્ષ કરો નાંખવાની આપણને ફરજ પડશે."

૫. "જમાબન્દીના બન્દોબસ્તમાં રોકડ રકમ હમેશને માટે નિયત કરવાની બાબતમાંજ અમારૂં ઉપર પ્રમાણે કહેવું છે, પરંતુ હાલની જમા કુલ ઉપજના જે ન્યાયી અને વિવેકી પ્રમાણ ઉપર બાંધવામાં આવી છે તે પ્રમાણમાં ભવિષ્યમાં કાંઇ ફેરફાર કરવાની મારી ઇચ્છા જરા પણ નથી. પણ ચીજોના ભાવો વર્ષોવર્ષ વધતા જાય છે, તેથી બીજીવાર જ્યારે આપણે જમાનો કરાર કરીએ તે વખતે ચાલતા ભાવ અને બીજા સંયોગો ધ્યાનમાં લઇને તેને અનુરૂપ આપણે જમાનો આંકડો ઠરાવીએ, તેમાં આપણે જમાબન્દીની શરતોનો કાંઈપણ ભંગ કરીશું એમ હું ધારતો નથી; તેમજ મારા સમજવા પ્રમાણે રૈયતને પણ ભંગ તરીકે એ સમજવાનો સંભવ નથી; હું માત્ર સરત એટલીજ કરવા માગુછું કે લાંબી મુદત વિના અથવા બળવાન કારણો અને સુસ્થાપિત હકીકતના આધાર સિવાય જમાબન્દીની ગોઠવણ નવેસરથી કરવી નહિ."

૬. "અમારો અત્યારનો બંદોબસ્ત ત્રીસ વર્ષનો છે. આવોજ બંદોબસ્ત આ ઇલાકાના મોટા ભાગમાં કરવામાં આવ્યો છે અને બીજા ભાગમાં ચાલે

છે–અને તે બંદોબસ્ત ઉપરની સરત ફલિતાર્થ કરે છે. અમારે ત્યાં આકાર બહુ વિવેકથી નક્કી કરવામાં આવ્યો છે અને તેને લીધે જમીનના બજાર ભાવ વધી ગયા છે અને બન્દોબસ્ત થયા પછી કેટલાક જીલ્લાઓમાં લોકોની આબાદી પણ સારી રીતે વધેલી છે પણ કર્નલ બેર્ડ સિમથની સાથે આ અભિપ્રાયમાં અમે એકમત થતા નથી કે આ ફલોને વધારે ગાઢ કરવાને માટે જમાનો સ્થાયી બન્દોબસ્ત કરવાની આવસ્યકતા છે; અને અમે ધારીએ છીએ કે આ ફળ લાંબા કાળ સુધી રાજ્યહક્કની રકમ સ્થિર રહેવાના કારણ કરતાં, હકની સલામતી અને આકારની સવિવેકતા, એ તત્વોને લીધે અને બહુથી વધારે તો " હકનો સ્વીકાર અને તેની બરી નોંધ " એને લીધે ઉત્પન્ન થયેલાં છે. "

૭. " આ ઇલાકામાં ગરીબ રૈયત અને સરકાર સિવાય બીજા કોઇનો અંગીકાર ન કરીને અને રૈયત દબાઇ ન જાય એવો બોજો નાંખીને રૈયતવારી બંદોબસ્ત નિર્દોષ કરવાનો યત્ન થયો હતો. કેટલેક ઠેકાણે વ્યાજખોર શાહુકાર શિવાય આ રીત જમીન અને લોક બન્નેને નુકસાન કરનારી નીવડી; એનું પરિણામ જ્યાં જ્યાં સરકાર આવે એવું વાવરે, સીલીક રાખે નહિ અને ખેડુતોને બી આપવા માટે મોટા કોઠાર રાખે નહિ ત્યાં જેવું આવવું જોઇએ તેવું આવ્યું. બસેં વર્ષ થયાં દુકાળ અને લૂંટોના પરિણામમાં ભાગી ગયેલા લોકોને વારંવાર માફીઓ આપવી પડી તો પણ ગામો તો ઉજડ થયેજ ગયાં. આખરે ખેતીને માટે કાંઇક કરવાનો અધિકારીઓને વિચાર થયો.....એમણે જે કેટલાક પડી રહેલા હકો સ્વીકાર્યા હત અથવા પુનઃ સ્થાપિત કર્યા હત તો ઘણું સારૂં હતું: પણ તેમ ન કરતાં તેમણે સામાન્ય માપણી કરીને માફકસર આકાર બાંધી આપ્યો. અત્યારે આ જમાબન્દી ચાલે છે અને તે ત્રીસ વર્ષની મુદતની છે. હિન્દુસ્તાનની આ બાજૂમાં ખેતીને સુધારવા વધારવાની અને લોકને અનુકૂલતા પ્રમાણે જમીનો લેવાની અને પોતાની સ્થિતિ સુધારવાની હજી તો આ પહેલી તક છે, અને એટલામાં આ જમાબન્દીની રકમ હમેશને માટે સ્થાયી કરવી એમાં સરકારના હકનું બહુ

બલિદાન અપાય છે એમ અમે ધારીએ છીએ. અહીંઆં એટલું જ જોઇએ છીએ કે આપણી જમાબન્દીને માટે એવી મુદત બાંધવી કે જેથી ભવિષ્યમાં સરકારના વાજબી હકોને નુકસાન ન થાય અને ખેડુતને પોતાના લાભને માટે પોતાની જમીન સુધારવા સારૂ ઉદ્યોગ કરવાની અને પોતાની અલ્પ મુડી તેમાં રોકવાની વૃત્તિ થાય-(અને ત્રીસ વર્ષની મુદત આને માટે યોગ્ય છે એમ અગારૂં ધારવું છે.) "

૮. " વળી હજી આપણે રૈયતના જમીન સંબંધી હકને પણ એમને પ્રિય લાગે એવા પ્રકારનો સ્વીકાર્યો નથી; જે સ્વીકાર કરવામાં કાંઇ વાંધો આવે એમ નથી. જમાબન્દીના ધોરણથી કબજાના હકથી રૈયતને જે સલામતી મળે છે તેનાથી ગમે તેટલો સંતોષ હોય, પણ ' મીરાઝ ' શબ્દથી એના મનમાં માલકી હકની બુદ્ધિ ઉત્પન્ન થાય છે અને તેવી બુદ્ધિ 'જ્યાં સુધી જમા અપાયે જનય ત્યાંસુધી તમને કોઇ કાઢી શકશે નહિ ' એવી ખાત્રી આપણે ગમે તેટલી આપીએ પણ ઉત્પન્ન થતી નથી. એક બુદ્ધિશાળી પટેલની સાથે વાત કરતાં મીરાઝ અને ઘટકુલી હકની કિમ્મતની એની સમજણ કેવી છે તે જોવા સારૂ મેં સવાલ પૂછ્યો તેના જવાબમાં તેણે અમને કહ્યું કે-મીરાઝ અમારી છે; ઘટકુલી તમારી છે. " તેજ પ્રમાણે એક દેશી ડેપ્યુટી કલેકટરે અને એક અનુભવી મામલતદારે પણ અમને કહેલું છે કે આ લોકોનું **મીરાઝકો બહુત દીલ લગતા.** "

૯. " હવે પછી હમેશને માટે નવા કરો નાંખવા પડશે એ બાબતનો વિચાર કરતાં પણ જમીન ઉપજના ભાગના સરકાર હકની ભવિષ્યમાં ભાવો વધવાથી જે કિમ્મત વધશે તેનો લાભ છોડી દેવાની રહામે મારો સખ્ત વાંધો છે; આ રાજ્યહક પરાપૂર્વથી ચાલ્યો આવે છે; અને તેને લીધેજ અત્યાર સુધી કરનો જે બોજો યુરોપ દેશના જનસમાજોને મારી નાંખે છે-તેવા બોજામાંથી આ દેશના લોકોને વાસ્તવિક રીતે મુક્ત રાખ્યા છે. "

૧૦. "આ ડહાપણભરેલી પદ્ધતિમાં ફેરફાર કરવાને હું રાજી નથી. તેમ સૂચવેલું પગલું લેવાની કંઈ જરૂર પણ મને જણાતી નથી. કારણ કે સર્વત્ર સ્વીકારાય છે કે ખેડુત વર્ગની સ્થિતિ સુધરતી જાય છે, અને તેમની પાસે ધીમે ધીમે કંઈક મુડી થતી આવે છે; વળી અનાવૃષ્ટિના સમયમાં લોકોને આધાર આપવા સારૂ જલસંચયનાં મોટાં કામો હાથ ધરવાની જે મોટી જરૂર છે તે સુવ્યવસ્થિત મ્હેસુલ પદ્ધતિ વિના હાથ ધરી શકાય એમ છેજ નહિ; અને અત્યારે સ્થાયી જમાબન્દી કરી તો તો તે કદીજ હાથ ધરી શકાશે નહિ; છતાં જ્યારે સાધન હાથમાં આવે ત્યારે તેવાં કામો માથે લેવાની સરકારની ફરજ તો દેખીતી છે."

૧૧. "આ પ્રદેશમાં ત્રીસ વર્ષના બન્દોબસ્તને માટે કંઈ કાયદો કરવાની જરૂર જણાઇ નથી; અને જણાતી પણ નથી."

નવી જમાબન્દી આ મિનિટની પાંચમી કલમ ઉપરથી જણાશે કે મુંબઇ સરકાર સ્થાયી રોકડ બાંધવાનીજ વિરુદ્ધ હતી. પણ ઉપજના પ્રમાણને સ્થાયી કરવાની વિરુદ્ધ નહતી, એટલે ખરી રીતે સ્થાયી જમાબન્દીના સિદ્ધાન્ત સ્હામે આ વિરોધ ન હતો. તે વખતે ભાવો વધતા હતા અને નવી જમાબન્દી વખતે તે ભાવોના વધારાને અનુરૂપ જમા વધવાની સરકારને આશા હતી.

નવી જમાબન્દી વેળા મુંબઇ સરકારનું આ ધોરણ અમલમાં મૂકાયું હત તો લોકને બહુ લાભ હતો, પણ એકજ હાથે કામ કરતા અમલદારોને જ્યારે ઝાઝું કામ કરવાનું હોય છે ત્યારે જો આવાં ધોરણો કાયદાથી સુરિથત ન થયાં હોય અને ન્યાયમંદિરોથી રક્ષિત ન હોય તો ભૂલી જવાય છે; થોડા પગારવાળા અને કેળવણી વિનાના તાબાના નોકરોમાં એવો વિચાર પ્રસરે છે કે સરકારને ઉપજ વધારવાની ઇચ્છા છે–અને ખેડુતો પાસેથી દબાણ કરીને વધારે ઉપજ સંપાદન કરી શકાશે; વખતે આબાદીનો કોઇક ક્ષણિક કાળ આવે ત્યારે ઊંચા દરજ્જાના અમલદારોને પણ વધારે ઉપજ કઢાવવાનું

મન થાય છે; અને ખેડુતોને પૂછ્યા વિના અને અદાલતો પાસે ફરિયાદ લઇ જવાની મનાઇ હોય ત્યારે, સ્વાભાવિક રીતે નવેસરથી જમાબન્દીનો બન્દોબસ્ત થતો હોય તે વખતે જમા વધેજ.

૧૮૬૬ થી શરૂ થયલા બન્દોબસ્તમાં આજ સ્થિતિ થઇ. અમેરિકાના આંતર યુદ્ધથી અમેરિકાનું રૂ લેન્કેશિયરમાં આવતું બન્ધ થયું; અને તેથી મુંબઇમાં કપાસની ખેતીને ભારે ઉત્તેજન મળ્યું. ક્ષણભર આબાદીની નિશાનીઓ દેખાવા લાગી; અને અમલદારો એમ સમજ્યા કે આ સ્થયી છે; અને તેથી અધિકારીઓએ આ નવા બન્દોબસ્તમાં ભારે અને ગેરવાજબી રકમો જમા તરીકે આકારી.

આપણા સુપ્રસિદ્ધ દેશભક્ત દાદાભાઇ નવરોજીએ ૧૮૭૩ ની હાઉસ ઑફ કૉમન્સની કમિટી રૂબરૂ પુરાવો આપ્યો તેમાં આ બાબતની યોગ્ય ચેતવણી આપી હતી. તેમણે કહ્યું કે આ ચિન્હો પોકળ અને ક્ષણિક છે અને જમામાં જે અસાધારણ વધારો કરવામાં આવે તે જુલમી અને ગેરવાજબી છે. દક્ષિણમાં નવી જમાબન્દી રહામી કર્યાથી ધેરધેર થવા લાગી હતી; પણ આ ચેતવણીની કોઇએ દરકાર કરી નહિ.

ખેડુતોનાં તોફાન.

આખરે સરકારને બદલો મળ્યો. અમેરિકાનું આંતર યુદ્ધ પૂરું થયું એટલે અમેરિકાએ પાછું રૂ વિલાયત મોકલવા માંડ્યું. આપણા દેશમાં કપાસની ખેતી પડી ભાગી અને ભાવ અને દર બધા ઉતરી ગયા. દક્ષિણના ખેડુતો વધેલો કર આપવાને અશક્ત થઇ ગયા. ખેડુતની આંટ હલકી પડી જઇ તેથી શાહુકારોએ પણ નાણાં ધીરવાની ના પાડી; અને ધીરનારના લાભના કાયદાઓ પણ સંકુચિત કર્યા હતા. આથી ૧૮૭૫ માં કદી નહિ થયેલાં એવાં ખેડુત વર્ગનાં તોફાનો થયાં. આ બાબતમાં તપાસ કરવાને એક કમિશન

નીમવામાં આવ્યું અને તેમાં મુંબઇના બે અમલદારોની સાથે ઉત્તરમાંથી એક અમલદારને નીમ્યો. આ ઉત્તરના અમલદાર ઑકલન્ડ કૉવલિન; પાછળથી ઉત્તર હિન્દનો લે. ગવર્નર અને આપણા દેશનો કોશમન્ત્રી થયો, તેણે બહુ નિપુણતા અને સ્વતંત્રતા સાથે પોતાના અભિપ્રાયની યાદી લખી છે.

ઑકલન્ડ કૉલ્વિનના વિચારો.

નીચેના પાંચ તાલુકામાં ત્રીશ વર્ષમાં જમાના વધારા નીચે મુજબ કરવામાં આવ્યા છે:—

તાલુકા.	પાછલા બન્દોબસ્તના પહેલાં વર્ષોની જમા.	ત્રીસ વર્ષની મુદત પછી નવી આકારાયલી જમા.	વધારાનો દર.
	રૂ. દર વર્ષ.	રૂ. દરવર્ષ.	ટકા.
ધન્દાપુર.	૬૫૨૨૦	૧૨૪૫૦૬	૯૦
હવેલી.	૬૪૪૬૨	૧૩૪૧૮૯	૧૦૮
પાલાળ.	૬૬૫૦૮	૧૫૨૨૨૮	૮૫
સૂપ.	૪૮૮૫૬	૮૧૬૪૩	૬૮
ભીમથારી.	૪૩૪૦૭	૧૨૬૮૪૨	૧૨૯

બરી રીતે તો વધારો બહુજ ગંભીર હતો; કારણ કે પહેલા વર્ષના કરતાં પહેલા દસકાનીજ જમા બહુ વધારે હતી. કર્નલ ફ્રાન્સિસે બનાવેલા નીચેના પત્રક ઉપરથી એકજ વર્ષમાં કેટલો વધારો કરવામાં આવ્યો છે તે જણાઇ આવશે:—

તાલુકા.	વધારાના ટકા.
ઇન્દાપુર.	૫૬
પાલાળ.	૪૮
હવેલી.	૬૬
ભીમથારી.	૬૩
સૂપ.	૩૨

ઉત્તર હિન્દમાં જૂની જમાબન્દીના પહેલા વર્ષની રકમ અને નવીના પહેલા વર્ષની રકમમાં વધારામાં વધારે ફેર ૩૬ ટકા ઉપર નથી; અને આ પણ અપવાદરૂપ છે કારણ કે ગોરખપુર અને બાસ્તિના જીલ્લાઓમાં તાજેતર ઘણી જમીન ખેડવાણ કરવામાં આવી છે, પણ સરેરાશ તો માત્ર ૧૬ ટકાજ આવે છે.

" ઉપરની બાબતોનો વિચાર કરતાં મને એમ જણાય છે કે નવી જમાબન્દીનો અતિશય વધારો એ દક્ષિણમાં દેવાદાર અને લેણદારના સંબંધમાં બનેલા તોફાનના કારણોમાં ત્રીજું કારણ ગણવાને પાત્ર છે. "

કોલ્વીન મુંબાઇની જમાબન્દીના નિયમોમાં જોઇએ તેટલા અંકુશો નથી એ બાબત ઉપર પણ ધ્યાન ખેંચે છે. લખે છે કે,

" અહીંઆં આકાર ઘણે અંશે શુદ્ધ ગણિતના ધોરણો ઉપર નિર્માણ કરવામાં આવે છે; અને ખેડુતો ઉપર તે આકાર લગાડતી વખતે તેમની

આર્થિક સ્થિતિ ઉપર વિચાર કરવામાં આવતો નથી. ખેડુતના હકો નક્કી થઇ ગયા છે અને નોંધાઇ ગયા છે, એટલે સર્વ્હેના અધિકારીઓ એમ માને છે કે એ વધુ ઉપજ વધારવાને માટેજ છે. વળી સર્વ્હેવાળાઓએ કદી કલેક્ટરનું કામ કર્યું નથી, અને કલેક્ટરનું કામ જેમને સોંપવામાં આવે છે તેઓ માપણી કે આકારમાંનું કશું સમજતા નથી; એટલે સર્વ્હેવાળાઓએ નિયત કરેલા આકારના સંબંધમાં કલેક્ટરો અને રેવન્યુ કમિશનરો હમેશાં તકરારો કર્યાજ કરે છે".

આ અવ્યવસ્થાના ઉપાય તરીકે મુંબઇ સરકારે જમાના વધારાનું એક સૂત્ર ઘડી કહાડ્યું છે, પણ તે સૂત્ર મુશ્કેલીનું નિવારણ કરવાને બદલે મુશ્કેલી કાપી નાંખે છે. હજુ ખેતર ઉપર ૧૦૦ ટકા અને ગામ ઉપર ૧૬ ટકા જેટલો વધારો સરકારની મંજુરી વગર મળી શકે છે.

લોકોના અભિપ્રાય.

પુનાવાળી સાર્વજનિક સભાએ આ વખતે રજુ કરેલા એક દસ્તાવેજમાંથી નીચેનો ઉતારો લેવામાં આવ્યો છે:—

"જમીનની ચોખ્ખી ઉપજના અમુક અંશરૂપ જમાની રકમ હોવી જોઇએ; અને આ ચોખ્ખી ઉપજનો આંકડો નક્કી કરવા માટે કચ્ચી ઉપજમાંથી ખેતીનું તમામ ખરચ ખેડુત અને તેના કુટુમ્બની મજુરીનો બદલો અને ખેતીવાડીનાં સાધનો ઢોરઢાંખર વિગેરે ખરીદવાનું તથા વખતોવખત જૂના ને બદલે નવાં વસાવવાનું એ તમામ-એ બાદ કરવું જોઇએ. ઉપર બતાવ્યું છે કે કોંકણમાં ખોટ પર જે જગા આકારબંધમાં આવી છે તેમાં કચ્ચી ઉપજના ૬ થી ૭ સુધી સમાઇ જાય છે; જે આકાર જુલમી છે એમ સર્વે કોઇ કબૂલ કરશે. 'દેશ' જીલ્લાઓમાં પણ રૈયત વર્ષોવર્ષ જમીન ખેડવાને શક્તિવાન થાય છે, તેનું કારણ એમ નથી કે તેને માલકી હકનો અથવા ખેડુતના ખરા નફાનો કંઇ અંશ મળે છે તેથી; પણ ઘણું કરીને ખેડવાથી

એને પોતાની અને કુટુમ્બની મજુરી જેટલું મળે છે તેથીજ. હકીકતે ઉપર કહ્યું તે પ્રમાણે ખેતીનું ખરચ બાદ કરતાં અને સરકારનો આકાર ભર્યા પછી નફારૂપે કંઈજ રહેતું નથી. ”

સરકારે ભરેલાં પગલાં.

પણ આ ચોખ્ખી અને ખાત્રીલાયક હકીકતો અને દલીલો વ્યર્થ ગઇ. જમાબન્દીની રીતમાં એનાથી કંઈપણ ફેરફાર થયો નહિ. ગેરવાજબી વધારા રહ્યામે ખેડુતને કંઈપણ રક્ષણ મળ્યું નહિ. કોર્ટ ઓફ ડિરેક્ટર અને સેક્રેટરી ઓફ સ્ટેટે સ્પષ્ટ રીતે નિર્દિષ્ટ કરેલા નિયમોને સખ્તાઇથી વળગી રહેવાને કંઈજ નિયમો થયા નહિ. બંગાળાના ખાનગી જમીનદારોને પ્રરજ પાડવા માટે જેવા નિયમો કર્યા હતા તેવા નિયમો પોતાના નોકરોને માટે કરવાની સરકારે ના પાડી. સરકારે શાહુકાર ઉપર અંકુશ મૂકીને ખેડુતોનાં કષ્ટ નિવારણ કરવાનો યત્ન કર્યો. ૧૮૭૯ ના દક્ષિણના ખેડુતના સંકટ નિવારણના કાયદાનો એ હેતુ હતો.

આ કાયદાએ નાના કરજદારોના સંબંધમાં દસ્તાવેજની પાછળ જવાની અને આપવાની રકમ નક્કી કરીને બાકીને માટે મુકત કરવાની કોર્ટ સત્તા આપી. મોટી રકમોના દેવાદારોને નાદારીના પૂરા લાભો આપ્યા. આ કાયદામાં એવો ઠરાવ કરવામાં આવ્યો કે નાણાંના હુકમનામાની બજાવણીમાં ખેડુતને પકડવો કે કેદ કરવો નહિ. એમની સ્થાવર મીલ્કત જો સ્પષ્ટ રીતે ધરણે મૂકેલી ન હોય તો જપ્ત થાય નહિ કે વેચાય નહિ અને તેવા પ્રસંગમાં પણ કોર્ટ એવો હુકમ કરી શકેઃ જે ખેડુતે અમુક વર્ષ સુધી ખેતી કરીને લેણદારને ઉપજ ભરવી; અને તે મુદત બાદ ખેડુત મુકત ગણાય.

વળી સર્વે અને સેટલમેન્ટના અધિકારીઓની સત્તા પ્રથમ કરતાં વધારે

સ્વતંત્ર કરી. ૧૮૭૩ માં એક આકારના દાવામાં મુંબઇની હાઇકોર્ટને અપીલ થઇ અને હાઇકોર્ટે સેટલમેન્ટ અમલદારની વિરૂદ્ધ હુકમનામું કર્યું. તે પછી તરતજ મુંબઇની સભામાં એક કાયદાનો ખરડો દાખલ કરવામાં આવ્યો. જેમાં જમીનની જમાના સંબંધમાં હાઇકોર્ટ અને તમામ દીવાની કોર્ટોની સત્તા ખુંચાવી લેવાની યોજના હતી. આ ખરડો રજુ કરનાર અમલદારે એનો હેતુ જરાપણ છૂપાવ્યો નહિ, પણ નીચેના સ્મરણીય શબ્દોમાં સમજાવ્યો. "જમાના સંબંધમાં સરકારની સામાન્ય નીતિ અથવા જમા નક્કી કરવાની વિગતો–દીવાની કોર્ટમાં તપાસવામાં આવે એ ઇષ્ટ નથી." તે રીતે ૧૮૭૬ માં મુંબઇનો રેવિન્યુ જ્યુરિસ્ડિકશન એક્ટ પસાર થયો. હિન્દુસ્તાનમાં એક ખાનગી માણસ સરકાર સહામે દીવાની કોર્ટમાં દાદ માગી શકે છે પણ મુંબઇ અને મદ્રાસના લાખો કરોડો માલકીહકવાળા ખેડુતો નવેસરથી જમાઓ આકારાય તેમાં જમાઓ વધવાને પાત્ર ગણાય છે તેમ છતાં, આકારનાર અધિકારીની ભૂલ અથવા ગેરવાજબી સખ્તાઇની સહામે દીવાની કોર્ટ કે કોઇ પણ સ્વતંત્ર અદાલત રૂબરૂ દાદ માગી શકે નહિ!

આ કાયદો પસાર કર્યા પછી ત્રણ વર્ષે ૧૮૭૯ માં મુંબઇની મ્હેસુલની પદ્ધતિ સંબંધી એક સમસ્ત કાયદો રચવામાં આવ્યો. આ સંગ્રહ અત્યંત ઉત્તમ છે અને તેમાં ખેડુતના વારસાના અને જમીન વેચવા સાટવાના હકકો સ્પષ્ટરીતે સ્વીકારાયા છે, પણ તે સંગ્રહ ગેરવાજબી વધારા વિરૂદ્ધ કંઇ રક્ષણ આપતો નથી. ૧૮૫૬ અને ૧૮૬૪ માં નિર્દિષ્ટ કરેલાં ધોરણોનો ભંગ કરીને આકરા આકારો બાંધ્યા હોય તેની સહામે કંઇ સલામતીની ગોઠવણ કરતો નથી.

હિન્દુસ્તાનની જમીન મ્હેસુલના સંબંધમાં સુધારાઓનો સાર.

તાજના અમલના પહેલાં અઢાર વર્ષમાં તમામ પ્રાન્તોમાં જમીનના

વહીવટનો હેવાલ આ પ્રકરણમાં આવ્યો. બેશક ઘણા સારા અને સાચા સુધારા થયા. બંગાળા અયોધ્યા અને પંજાબમાં ખાનગી જમીનદારો ખેડુતોની સાથે અયોગ્ય રીતે વધારી ન શકે એ માટે તેમને આધાર કરી આપ્યો. ઉત્તર હિન્દુસ્તાનની જમાબન્દી પદ્ધતિ સુધારી, અને ગામડાંઓની ચોખ્ખી ઉપજના સમજી શકાય એવા ધોરણ ઉપર જમાના આંકડા બંધાયા. ત્રીસ વર્ષની મુદત બાંધીને મદ્રાસના ખેડુતોને પણ કંઇક આરામ આપ્યો. મુંબઇમાં ૧૮૭૯ ના દક્ષિણના ખેડુતોના સંકટ નિવારણનો કાયદો અને મુંબઇના મ્હેસુલના ધારાનો સંગ્રહ–એ બે કાયદાઓથી મુંબઈના ખેડુતોને પણ મદદ આપી અને મધ્ય પ્રાન્તોમાં ગાલગુઝારેનો માલફી હક સ્વીકારાયો અને ૧૮૬૩ માં શરૂ કરેલા લાંબી મુદતના પટાથી લોકની કનડગત દૂર થઇ.

પણ હજી ખેતીવાડીમાં જે બાબતોની મુખ્ય ખામી છે તે નીચે પ્રમાણે:–

૧ નવેસરથી જમાબન્દી થાય તે વખતે વધારાઓની મર્યાદા નિયત અને વિશેષ નિયમોથી બાંધવામાં આવી નથી.

૨ અર્ધ ભાગ નિયમાનુસાર જમાઓ આકારવામાં આવી નથી; પણ મદ્રાસ અને મુંબઇમાં ખરચ બાદ કરતાં રહે તે–તમામ ઉપજ તેમાં સમાઇ જાય છે.

૩ નિયમોનો ભંગ ન થાય તેવી દેખરેખ રાખવા સ્વતંત્ર અદાલતો નથી.

૪ જમીનની મ્હેસુલ ઉપરાંત જે સ્થાનિક કરો જમીન ધારણ કરનારાઓ ઉપર નાખવામાં આવ્યા છે તેથી અરધ ભાગના નિયમનો ભંગ થાય છે.

પ્રકરણ ૪ થું.

વેપાર અને કારખાનાં.

લૉર્ડ કેનિન્ગે જકાતના દરમાં મોટો સુધારો કરવાનું હાથમાં લીધું. ૧૮૫૭ ના ફેબ્રુવારીમાં તેણે આ બાબતમાં એક પત્ર સૂત્રધારક સભાને લખ્યો, તેમાં તેણે કાચા અને પાકા બ્રિટિશ અને પરદેશી માલ ઉપર જકાતના દર સરખા કરવાને માટે લખ્યું. કેટલીક ચીજો કે જેના ઉપર જકાતની ઉપજ જુજ આવતી હતી તે જકાતમાંથી મુક્ત કરવાની તેની ઇચ્છા હતી. ૧૮૫૭ ના બળવાના વખતમાં એ દરખાસ્ત પડી રહી; અને ૫૮ માં ઇસ્ટ ઇન્ડિયા કમ્પનીનું રાજ્ય વિસર્જન થયું.

લૉર્ડ સ્ટેન્લી (આપણા પહેલા રાજ્યમંત્રી) એ ૧૮૫૯ ના એપ્રીલમાં કેનિન્ગને જવાબ વાળ્યો. બળવાને લીધે આપણા કરજમાં મોટો વધારો થયો હતો; અને નાણાં સંબંધી મુશ્કેલીઓ વધી ગઇ હતી, એટલે લૉર્ડ સ્ટેન્લીએ કેનિન્ગની સૂચનાઓમાં એવા સુધારા કર્યા કે જેથી ઉપજમાં વધારો થાય. બ્રિટિશ અને પરદેશી માલને સરખી રીતે ગણીને બ્રિટિશ માલ ઉપર જકાત વધારી પરદેશી માલ જેટલીજ કરવી. નાની ચીજો ઉપરની જકાત રદ ન કરવી; રવાનગી જકાતો છોડી ન દેવી. આમદાની જકાતો વધારવી.

આ પત્ર મળ્યો તે પહેલાં ઇન્ડિયા સરકારે ૧૮૫૯ નો સાતમો ધારો પસાર કરી બ્રિટિશ માલ ઉપર જકાત ચડાવી પરદેશી માલના સરખીજ કરી હતી અને ચાલતા કરારો ઉપર પણ વધારાની જકાત લેવાની સત્તા સરકારે લઇ લીધી હતી. અને ઉપરનો ખરીતો મળ્યો ત્યારે તેનો જવાબ એવો વાળવામાં આવ્યો કે ૫૯ ના ૭ માની ગોઠવણો વાસ્તવિક રીતે સેક્રેટરી ઓફ સ્ટેટની મરજી પ્રમાણેજ છે.

પણ આ ધારાથી હિન્દુસ્તાનના બ્રિટિશ વેપારીઓને બહુ અસંતોષ થયો; અને જ્યારે આપણા દેશના પહેલા કોશતન્ત્રી આ દેશમાં આવ્યા ત્યારે આ ધારાથી થયેલો કચવાટ મટાડવાનો યત્ન કરવાની ખાસ સૂચના આપવામાં આવી હતી. એટલે એણે ૧૮૬૯ માં આપણા કાચા માલ ઉપરની રવાનગી જકાત રદ કરી, અને પાકા માલ ઉપરની આમદાની જકાત ઘણે અંશે ઘટાડી નાખી. બ્રિટિશ વેપારીઓના મનનું સમાધાન થયું અને હિન્દુસ્તાને ભરી જરૂરની વખતે ઉપજનું નુકસાન સહન કર્યું.

તેજ વર્ષમાં આપણા જકાતના દરની સામાન્ય તપાસ કરવા એક કમિટી નીમાઈ હતી. કલકત્તા અને મુંબઇના બે બ્રિટિશ વેપારી કમિટીના સભાસદ હતા અને એસ્લી ઇડન-જેઓ પાછળથી બંગાળના લે. ગવર્નર થયા તે-તેના અધ્યક્ષ હતા. કમિટીએ ૧૮૬૯ માં રિપોર્ટ કર્યો અને જકાતની બાબતમાં અગત્યના સુધારા સૂચવ્યા. ૧૮૬૭ માં બીજી કમિટી નીમાઈ અને તેણે જકાતનો એક સુધારેલો દર રજુ કર્યો. ૧૮૬૯ માં એક દર તૈયાર થયો અને ૧૮૭૦ માં લોર્ડ મેયોએ એક ધારો પસાર કર્યો. આ ધારામાં કાચા પાકા માલ ઉપર આમદાની જકાત સામાન્ય રીતે ૭॥ ટકા નાખી અને સુતર ઉપર ૩॥ ટકા; કાપડ ઉપર ૫ ટકા, લોખંડ ઉપર એક ટકો, તંબાકુ ઉપર ૧૦ ટકા. મુખ્ય રવાનગી જકાત ગળી ઉપર એક ગણે (૮૨ રતલ) ૬ શિ.; અનાજ મણ ૧ દીઠ ૩ પેન્સ. લાખ ઉપર ૪ ટકા, તેલ ઉપર તથા બીઆં, સુતરાઉ કાપડ, ચામડાં અને અર્ક ઉપર ૩ ટકા.

૧૮૭૧ ના ૧૩ મા ધારાથી વળી બીજા ફેરફારો થયા. આ ધારાની જકાતના દર નીચે પ્રમાણે હતા:—

આયદાની જકાત.

કપડાં, હથિયાર, ઘર સામાન, મીણબત્તી, ગાડીઓ, ઘડીયાળ, વિગેરે.	૭॥ ટકા.	અર્ક.	ગ્યાલન દીઠ ૬ શિલિંગ.
		દારૂ. ...	,, ૩ ,,

સુતર. ૩½	લોખંડ. ૧
સુતરાઉ કાપડ. ૫	બીજી ધાતુઓ. ૭½
ઔષધ. ૭½	દરીઆઇ સામાન, તેલો, રંગ,
રંગ. ૭½	ગુગળ, માટીનાં વાસણ, બારા-
ફળ, કાચ, ચામડાં, જવેરાત, હાથીદાંત અને ચામડું. ... ૭½	કનો સામાન, અને તેલવાડાનો સામાન. ૭½
પેન્સ.	રેશમ. ૭½
બીર. આલન ઉપર ૧½	બાંડ. ૭½
	તંબાકુ. ૧૦
	ઉનનું કાપડ.... ... ... ૫

રવાનગી જકાત.

સુતરાઉ માલ. ૩ ટકા	ગળી. મણદીઠ શીલીંગ ૬
પેન્સ.	લાખ, લાખનો રંગ. ટકા ૪
દરેક જાતનું અનાજ. મણદીઠ ૪½ પેન્સ.	તેલો. ,, ૩
બામડાં. ... ... ૩ ટકા.	બીજાં અને તેજાનો. ,, ૩

હાઉસ ઑફ કોમન્સની જે ખાસ કમિટી ૧૮૭૧-૭૨-૭૩ અને

૭૪ માં બેઠી હતી તે રૂબરૂ આ જકાતની અસર ઉપર કિંમતી પુરાવો આપવામાં આવ્યો હતો.

જૅન નટ બુલન-જે કલકત્તાના વેપારીઓમાં અગ્રેસર હતો, અને ૧૮૬૦ વાળી એશ્લી કમિટીમાં સભાસદ હતો તેની ફરિયાદ એ હતી કે દાણા ઉપર મણ દીઠ ૪½ ટકાની જે જકાત નાખવામાં આવી છે તે ચોખા પેદા કરનાર ઉપર પડે છે અને એટલા અંશમાં જમામાં વધારા રૂપ છે. સુતરાઉ માલની આમદાની ઉપરના પાંચ ટકા તેના અભિપ્રાયમાં યોગ્ય અને વાંધા વિનાના હતા. તે વખતે હિન્દુસ્તાનમાં બે કે ત્રણજ સુતરની મીલો હતી.

સર બાર્ટલ ફ્રિયરે બ્રિટિશ માલના વેચાણને ઉત્તેજન આપવા સારૂ બ્રિટિશ સુતરાઉ માલ ઉપરની જકાત ઓછી રાખવાની બાબતમાં સાવધાનતાથી જુબાની આપી. એણે કહ્યું કે, એક આ મુશ્કેલી છે કે આ વિષયમાં હિન્દુસ્તાન અને ઈંગ્લંડના સ્વાર્થો જરાક અન્યોન્ય વિરોધી છે. કાપડ અને સુતર ઉપર આમદાની જકાતમાં કાંઇક વધારો કર્યાથી ઉપજમાં ઠીક વધારો થાય એ ખરી વાત છે, પરંતુ તેનું પ્રત્યક્ષ ફળ એ થશે કે આપણા માલનો ઉપભોગ ઓછો થશે અને દેશી માલની ઉત્પત્તિમાં વધારો થશે.

બીજી તરફ વૉલ્ટર ફેસલ્સ જે મુંબઇનો વેપારી હતો, અને મુંબઇની ધારા સભાનો સભાસદ હતો, તેણે એવી દલીલ કરી કે "સુતરાઉ માલ ઉપર પાંચ ટકાની આમદાની જકાત પણ અનુગ્રહી જકાતનું કામ સારે છે." મુંબઇમાં રૂ સુતરની કાંતવા વણવાની મીલોના વધારા તરફ તેની નજર ઈર્ષ્યાની જણાઇ. તેણે વધુ કહ્યું કે " તે અનુગ્રહી જકાત છે. પણ માત્ર તે કારણસર તે જકાત રદ કરવાની ભલામણ કરતો નથીઃ આપને વખતે ખબર હશે કે નહિ હોય પણ આ ક્ષણે મુંબઇ ઇલાકામાં બાર મીલો છે. જેમાં ૪૧૯૩૬૪ રેંટીઆ, અને ૪૧૬૬ સાળો છે, ૮૧૭૦ માણસો કામે લાગેલાં છે અને વર્ષે દહાડે ૪૦૦ પાઉંડના વજનની ૬૨૦૦૦ ગાંસડીઓ કાંતી નાખે છે.

લૉર્ડ લૉરેન્સને પણ આ બાબતમાં ઊંડી લાગણી હતી. હિન્દુસ્તાનના વહાઇસરોય તરીકે શણ અને બીજી પેદાશો ઉપરની-થોડીક વધારે ઉપજ લેવા સારૂ અને ખોટમાંથી બચવા સારૂ-તેણે રવાનગી જકાત ૧૮૬૫ માં વધારી હતી; પણ બ્રિટિશ સ્વાર્થ બહુ મજબૂત હતો અને સેક્રેટરી ઓફ સ્ટેટે આ મંજુર ન કર્યો.

આઠ વર્ષ પછી જ્યારે સાક્ષી તરીકે એને પૂછવામાં આવ્યું ત્યારે હિન્દુસ્તાનની કોશનીતિ ઉપર બ્રિટિશ સ્વાર્થની અસર કેવી થાય છે તેનો સાવધાનીથી નીચે પ્રમાણે ખુલાસો કર્યો હતો.

સ૦ હેન્રિ ફૉસેટ–રવાનગી જકાતના સંબંધમાં જો રવાનગી જકાત વધારવાનો યત્ન કરવામાં આવે, એટલે દાખલા તરીકે રૂ અથવા શણ ઉપર રવાનગી જકાત નાખવામાં આવે તો તેટલા પ્રમાણમાં હિન્દુસ્તાનનો વેપાર મુકાબલે પ્રતિકૂલ અવસ્થામાં આવે; અને તેથી આ દેશના (ઇંગ્લંડની) વ્યાપારી મંડળોનું પ્રબળ દબાણ ઇન્ડિયા સરકાર ઉપર આવે નહિ વારૂ ?

જ૦ લૉર્ડ લૉરન્સ–હા. એ બરાબર છે.

સ૦ ફૉસેટ–હિન્દુસ્તાનનો એક પણ પ્રતિનિધિ આ સભામાં (દીવાને આમમાં) નથી, આ સભામાં તેનો માત્ર પરોક્ષજ અવાજ છે, અને ઇંગ્લંડના વ્યાપારી વર્ગના પ્રતિનિધિઓ આ સભામાં ઘણા છે એ બધા સંયોગો વિચારમાં લેતાં, આવી રીતની રવાનગી જકાત મૂકવાની વિરૂદ્ધ જે વખતે મતની સત્તા ધરાવનાર લોકો તરફથી દબાણ આવે તે દબાણ કોઇ પણ પ્રધાન મંડળ ખાળી શકે એમ તમને લાગે છે ?

જ૦ લૉરન્સ–ના.

સ૦ ફૉસેટ–ત્યારે હિન્દુસ્તાનનું રાજ્ય કેવી રીતે ચાલે છે તે જોતાં, હિન્દુસ્તાન જો હાઉસ ઓફ કોમન્સના અને હાઉસ

ઓફ કોમન્સના મત ઉપર આધાર રાખનાર કેબિનેટ પ્રધાન મંડળના એક સભાસદ સેક્રેટરી ઓફ સ્ટેટના હાથમાં છે તે વાત વિચારમાં લઈને હિન્દુસ્તાનની ઉપજમાં વધારો કરવા માટે તમે રવાનગી જકાત ઉપર આધાર ન રાખી શકો ?

જ૦ લૉરેન્સ–ના.

ફ્રૉસેટે લીધેલી લૉર્ડ લૉરેન્સની જુબાનીમાંથી હજી એક બીજો ઉતારો લેવાની જરૂર છે.

સ૦ ફ્રૉસેટ–સેક્રેટરી ઓફ સ્ટેટ અને તેની સભા વચ્ચેના સંબંધની બાબતમાં તમારી જે જુબાની થઈ છે તેમાં મારા સમજવા પ્રમાણે તમે એમ કહ્યું છે કેઃ—દાખલા તરીકે હિન્દુસ્તાન અને યુરોપ વચ્ચે તારનું દોરડું નાખવાના સવાલ ઉપર જ્યારે તારનો તમામ ખરચ હિન્દુસ્તાન ઉપર નાખવાની અને ઈંગ્લંડને તેમાં કાંઇજ ભાગ ન આપવાની યોજના થઇ ત્યારે સેક્રેટરી ઓફ સ્ટેટની કાઉન્સિલ આવી યોજનાની સહામે વાંધો લે એ કાંઇ ઉપયોગનો નહિ; કારણકે એમનો સત્તાકીય પ્રભાવ કાંઇજ નથી, અને સેક્રેટરી ઓફ સ્ટેટ ઉપર બહારથી દબાણ આવે તે બાળવાની તેઓને સત્તા નથી ? નહિ વારૂ ?

જ૦ લૉર્ડ લૉરન્સ–મેં કહ્યું હતું કે એનું એજ પરિણામ આવે; હું ધારૂંછું કે કાઉન્સિલે ઘણીવાર સેક્રેટરી ઓફ સ્ટેટને બહારનું દબાણ બાળવામાં મદદ કરી છે; પણ જ્યારે વાત બહુ મહત્વની હોય અને ઈંગ્લંડના વેપારીઓના સ્વાર્થ અને લાગણીઓ વચમાં આવતી હોય તેવા સંયોગોમાં કાઉન્સિલ તેવા દબાણને બાળી શકી નથી.

સ૦ ફ્રૉસેટ–પણ આવું દબાણ બાળવાને માટેજ એમની યોજના નથી થઇ અને એમનું ખરચ હિન્દુસ્તાનની તિજોરી ઉપર

નથી નાખ્યું ? એમને નીમવામાં આજ મોટો હેતુ હતો; નહિ વારૂ ? જો તેમ ન હોત તો જે ફરજ એ બજાવે છે તે બીજા ખાતાઓની પેઠે જાહુકના અધિકારીઓ–અંડર સેક્રેટરીઓજ બજાવે ત્યારે-જો તેઓ એમ ધારેકે અમુક ખરચ ગેરવાજબી છે તો તેઓ શામાટે એમ ન કહે કે અમે હિન્દુસ્તાનનો પગાર ખાઇએ છીએ ? સેક્રેટરી ઓફ ઉપર પક્ષબળનું રાજ્યકીય દબાણ આવે તેની અમે જરાપણ દરકાર કરતા નથી. હિન્દુસ્તાનના સ્વાર્થની અપેક્ષાએ જે ખરચ અમને ગેરવાજબી લાગે છે તે ખરચની અમે કોઇપણ કારણસર મંજુરી આપી શકતા નથી ? એ શું એમની પહેલી ફરજ નથી ?

જ૦ લૉરેન્સ–કાઉન્સિલ એ આવા પ્રકરણોમાં સેક્રેટરી ઓફ સ્ટેટને ખાળવા માટે પૂર્ણ સાધન નહિ હોય–અને નથી. પણ ઘણા પ્રસંગોમાં હું મારા પોતાના અનુભવ ઉપરથી કહું છું કે કાઉન્સિલે એક અથવા બીજા પ્રકારના દબાણની રહામે ટક્કર ઝીલી છે જેની રહામે કાઉન્સિલને અભાવે સેક્રેટરી ઓફ સ્ટેટ એકલા ટકી શક્યા નહત. કાઉન્સિલ આપે સૂચવ્યો તેવો જવાબ કેમ ન દે ? એના ઉત્તરમાં એટલું જ કે તે વાત કહેવાને માટે તો ઠીક છે પણ બનવું બહુ મુશ્કેલ છે. વળી હું ધારૂંછું કે જો કાઉન્સિલે એમ કહેવા માંડ્યું હત તોપણ તેઓ ફતેહમંદ ન થાત. પાર્લમેન્ટમાં અથવા બીજે ઠેકાણે તેમને કાઢી મૂકવાની અથવા સત્તા ઉપર બન્ધનો મૂકવાની હીલચાલ જરૂર થઇ હત; જે બન્ધનોને લીધે તેઓ ફરીને જેવી રીતે વર્તી શકત નહિ.

કમ્પનીના અમલના છેલ્લા વર્ષના આગદાની રવાનગી વેપારના આંકડા પાછળ આપ્યા છે. મહારાણીશ્રીના વહીવટના પહેલા ૧૯ વર્ષના આંકડા નીચે આપ્યા છે.

વર્ષ.	વેપારી વાણિજ્યના માલની આમદાની. £	ખજાનાની આમદાની. £	કુલ આમદાની. £	કુલ રવાનગી. £
૧૮૫૯	૨૧૭૨૮૫૭૯	૧૨૮૧૭૦૦૭૧	૩૪૫૪૫૬૫૦	૩૦૫૩૨૨૯૮
૧૮૬૦	૨૪૨૬૫૧૪૦	૧૬૩૫૬૯૬૩	૪૦૬૨૨૧૦૩	૨૮૮૮૯૨૧૦
૧૮૬૧	૨૩૪૯૩૭૧૬	૧૦૬૭૭૦૭૭	૩૪૧૭૦૦૭૯૩	૩૪૦૯૦૧૫૪
૧૮૬૨	૨૨૩૨૦૪૩૨	૧૨૯૫૧૯૮૫	૩૭૨૭૨૪૧૭	૩૭૦૦૦૩૯૭
૧૮૬૩	૨૨૬૩૨૩૮૪	૨૦૫૦૮૯૬૭	૪૩૧૪૧૩૫૧	૪૮૯૭૦૭૮૫
૧૮૬૪	૨૭૧૪૫૫૯૦	૨૨૯૬૨૫૮૧	૫૦૧૦૮૧૭૧	૬૬૮૯૫૮૮૪
૧૮૬૫	૨૮૧૫૦૯૨૩	૨૧૩૬૩૩૫૨	૪૯૫૧૪૨૭૫	૬૯૪૭૧૭૯૧
૧૮૬૬	૨૯૫૯૯૨૨૮	૨૬૫૫૭૩૦૧	૫૬૧૫૬૫૨૯	૬૭૬૫૬૪૭૫
૧૮૬૭	૨૯૦૩૮૭૧૫	૧૩૨૩૬૯૦૪	૪૨૨૭૫૬૧૯	૪૪૨૯૧૪૯૭
૧૮૬૮	૩૫૭૦૫૭૮૩	૧૧૭૭૫૩૭૪	૪૭૪૮૧૧૫૭	૫૨૪૪૬૦૦૨
૧૮૬૯	૩૫૯૯૦૧૪૨	૧૫૧૫૫૯૫૪	૫૧૧૪૬૦૯૬	૫૪૪૫૭૭૪૫
૧૮૭૦	૩૨૯૨૭૫૨૦	૧૩૯૫૪૮૦૭	૪૬૮૮૨૩૨૭	૫૩૫૧૩૭૧૯
૧૮૭૧	૩૪૪૬૯૧૧૯	૫૪૪૪૮૨૩	૩૯૯૬૩૯૪૨	૫૭૫૫૬૯૫૧

૧૮૭૨	૩૨૦૬૧૮૫૦	૧૧૫૭૩૮૧૩	૪૩૬૬૫૬૬૩	૬૪૬૮૫૩૭૬
૧૮૭૩	૩૧૮૭૪૬૨૫	૪૫૫૬૫૮૫	૩૬૪૩૧૨૧૦	૫૬૫૪૮૮૪૨
૧૮૭૪	૩૩૮૧૬૮૨૮	૫૭૬૨૫૩૦	૩૬૬૧૨૩૬૨	૫૬૬૧૦૦૮૧
૧૮૭૫	૩૬૨૨૨૧૧૩	૮૧૪૧૦૪૭	૪૪૩૬૩૧૬૦	૫૭૬૮૪૫૪૬
૧૮૭૬	૩૮૮૬૧૬૫૬	૫૩૦૦૭૨૨	૪૪૧૬૨૩૧	૬૦૨૬૧૭૩૧
૧૮૭૭	૩૭૪૪૦૬૩૧	૧૧૪૩૬૧૨૦	૪૮૮૭૬૭૫૧	૬૫૦૪૩૭૮૬

આ આંકડા પાર્લમેન્ટના હિન્દુસ્તાન સંબંધી આંકડા સંગ્રહોમાંથી લીધેલા છે.

ઉપરથી જણાશે કે બળવા પછી બે વર્ષ સુધી હિન્દુસ્તાનમાં આમદાની ઘણી વધારે હતી અને તે પછીના બે વર્ષમાં આમદાની રવાનગી સરખાં હતાં. આ સમતા ઝાઝી ચાલી નહિ. ૧૮૬૪ ના એપ્રીલ આખર બન્ધ થતા વર્ષમાં આપણી આમદાની કરતાં રવાનગી સાઠ લાખ પાઉંડ જેટલી વધારે હતી અને આ ફરક ૬૪ માં એક કરોડ સાઠ લાખ સુધી અને ૧૮૬૫ માં બે કરોડ પાઉંડ સુધી પહોંચી ગયેા. પછી પાંચ વર્ષ સુધી આમાં કાંઇક ઘટાડો થયેા. પણ ૭૦ પછી દોઢ કરોડથી ૨ કરોડ પાઉંડ વચ્ચે તે ફરીને બેઠો.

આ ભારે અને આપણા દેશને નિર્ધન કરી નાખનારો આર્થિક અપવાહ જે તાજના વહિવટની સાથેજ શરૂ થયેા, તે કમ્પનીના વહીવટ વખતે હિન્દને જે હલકી જમા આપવી પડતી તેના મુકાબલે બહુ શોકજનક છે, કારણ કે ઉપર આપણે જોયું છે તે પ્રમાણે કમ્પનીના વહીવટનાં છેલ્લાં વર્ષોમાં આમદાની રવાનગી વચ્ચે ફરક માત્ર વીસથી ત્રીસ લાખનોજ હતો.

વહીવટમાં ફેરફાર થયા પછી બાર વર્ષમાં આ અપવાહ ચારગણો થયેા.

આપણા દેશે આ વધતા અર્થશોષને સહન કર્યો, અને ઓગણીસમી શદીના અંતના મ્હોટા અને ઉપરાઉપરી પડતા દુકાળના સંકટોને માટે આપણે તૈયાર રહ્યા! દુનીઆમાં બીજો કોઇપણ દેશ સહન ન કરી શકે તેવા અર્થ-શોષનું આ પરિણામ હતું.

અને આપણા દેશે હાનિ ભોગવી તથા બ્રિટિશ પ્રજાને પ્રજા તરીકે કંઇજ ગુણ થયો નહિ. ગ્રેટબ્રિટનના કારખાનદાર અને કારીગર લોકોને હિન્દુસ્તાન જો આબાદ થયું હોત તો હિન્દુસ્તાન સાથેના વધતા વેપારનો લાભ મળ્યો હોત. પણ નિર્ધન પ્રજામાં પરદેશી માલનો ઉપભોગ કરવાની શક્તિ થોડીજ હોય. દુનીયાના બીજા દેશોમાંથી આપણા દેશમાં જે માલ આવ્યો તે ૧૮૬૮ માં ત્રણ કરોડ સાઠ લાખની કિંમતનો હતો ત્યારે ૧૮૭૭ માં ત્રણ કરોડ પંચોતેર લાખની કિંમતનો હતો. આમાંનો અરધ ઉપરાંત માલ બ્રિટિશ પેદાશનો હતો, એટલે દશ વરસમાં માત્ર દશ લાખનો વધારો બ્રિટિશ માલમાંનો થયો.

આમદાની અને રવાનગીની મુખ્ય ચીજો આપણે તપાસીશું તો આપણને વેપારનું બરું સ્વરૂપ માલમ પડશે. નીચેના કોઠામાં આપેલા આંકડા ઉપરથી વસ્તુસ્થિતિ સમજાશે:—

વર્ષ.	સુતર. £	સુતરાઉ માલ. £	રેશમી માલ. £	ઉનનો માલ. £	યંત્રો. £	ધાતુનો માલ. £
૧૮૫૯	૧૭૧૪૨૧૬	૮૦૮૮૬૨૭	૧૪૭૭૪૦	૨૬૪૨૫૮	૫૮૭૫૬૬	૪૪૭૦૧૧
૧૮૬૦	૨૦૪૭૧૧૫	૬૬૫૧૮૧૩	૨૨૪૧૧૬	૩૫૮૫૫૭	૮૭૧૫૩૧	૪૫૪૪૫૭
૧૮૬૧	૧૬૪૮૬૮૩	૬૪૦૬૬૩૫	૨૫૬૫૬૬	૨૨૨૮૧૩	૮૭૦૨૫૧	૩૮૬૭૪૮

૧૮૬૨	૧૪૭૨૪૮૪	૮૭૭૨૬૧૬	૧૬૮૪૪૨	૨૪૫૬૫૦	૫૫૩૮૮૭	૩૮૩૬૬
૧૮૬૩	૧૨૭૦૩૦૧	૮૩૬૦૨૨૬	૩૪૨૧૧૧	૨૬૬૨૨૧	૫૦૬૫૧૮	૪૨૪૧૮૮
૧૮૬૪	૧૫૨૬૦૦૧	૧૦૪૧૬૬૬૨	૪૫૬૭૮૧	૬૧૧૫૭૦	૫૮૫૫૧૬	૪૧૮૬૭૩
૧૮૬૫	૨૧૬૧૪૪૦	૧૧૦૩૫૮૮૫	૪૪૩૬૪૬	૮૬૭૮૩૧	૫૫૪૧૫૬	૬૦૮૧૦૪
૧૮૬૬	૧૬૬૧૧૪૪	૧૧૮૪૬૨૧૪	૩૫૭૩૮૦	૫૮૩૧૩૨	૫૮૬૧૮૨	૬૪૭૨૦૫
૧૮૬૭	૨૫૭૨૭૦૦	૧૨૫૨૪૧૦૬	૪૧૫૦૭૦	૫૭૬૪૮૧	૬૦૧૭૪૦	૩૫૬૪૨૨
૧૮૬૮	૨૬૬૮૩૫૦	૧૪૬૬૬૬૧૭	૪૨૩૫૬૮	૬૦૧૬૫૭	૧૦૫૭૮૬૧	...
૧૮૬૯	૨૭૭૬૬૩૪	૧૬૦૭૨૫૫૧	૪૮૬૫૧૮	૭૬૪૧૭૩	૭૬૩૧૮૩	...
૧૮૭૦	૨૭૧૫૩૭૦	૧૩૫૫૫૮૪૬	૪૬૬૫૬૩	૫૬૬૭૧૩	૫૫૫૭૪૨	...
૧૮૭૧	૩૩૫૭૩૬૩	૧૫૬૮૭૪૭૬	૪૨૫૫૨૭	૫૮૩૨૨૦	૪૪૭૫૪૩	...
૧૮૭૨	૨૪૨૪૫૨૨	૧૫૦૫૮૮૧૧	૪૮૦૬૪૮	૫૧૪૧૬૪	૪૦૫૮૩૫	...
૧૮૭૩	૨૬૨૮૨૬૬	૧૪૬૦૫૬૫૩	૫૬૦૬૪૬	૭૧૬૫૩૦	૫૧૭૩૧૬	...
૧૮૭૪	૨૬૨૮૬૫૬	૧૫૧૫૫૬૬૬	૬૦૮૩૭૪	૬૬૮૬૧૬	૧૦૦૨૩૪૭	...
૧૮૭૫	૩૧૫૭૭૮૦	૧૬૨૬૩૫૬૦	૭૧૦૪૭૮	૫૫૭૫૮૫	૬૧૮૫૬૪૩	...
૧૮૭૬	૨૭૬૪૭૬૬	૧૬૪૫૦૨૧૨	૭૦૮૮૬૬	૮૬૬૭૬૦	૧૪૬૧૬૧૭	૪૭૫૩૩૦
૧૮૭૭	૨૭૩૩૫૧૪	૧૫૬૬૧૭૧૬	૫૮૪૭૮૬	૮૧૧૬૫૨	૮૮૨૩૭૩	૪૪૦૧૬૮

બળવાના વખતમાં સુતરાઉ માલની આમદાની પચાસ લાખની અંદર આવીને અટકી હતી તે ૧૮૫૯ માં એક કુદકો મારીને એંશી લાખ સુધી પહોંચી અને દશ વર્ષમાં એથી બમણી થઈ ગઇ. ૧૮૫૯ કરતાં ૧૮૬૯ માં કાપડનો વપરાશ આપણા દેશમાં એટલો બધે વધી ગયો એમ કહી શકાય એમ નથી અને આમદાનીમાં વધારો એ આપણાં કારખાનાંની પડતીજ સૂચવે છે.

આર્થિક દૃષ્ટિબિન્દુથી જોતાં, લોકને સસ્તુ કાપડ મળવાથી નફો હતો; અને વણવાનો ઉદ્યોગ જતાં બીજી તરફથી એમને મોટું નુકશાન હતું. કારણ કે આ ઉદ્યોગ જવાથી બીજો કોઇ નવો ઉદ્યોગ જન્મવા પામ્યો ન હતો; અને લાખો વણકરો ખેતીના મજુરોની સ્થિતિમાં આવી પડયા અને જમીનનો ભાર વધાર્યો.

રેશમી અને ઉનના કાપડ સંબંધે પણ એજ કહેવાનું છે. રેશમી માલની આમદાની બે લાખથી છ લાખ પાઉંડે પહોંચી; અને ઉનના માલની ત્રણ લાખથી આઠ લાખ પાઉંડ સુધી અને એટલા અંશમાં આપણા દેશના કારીગરોને બીન રોજગાર કર્યા.

૧૮૭૭ ના માર્ચ આખર પૂરા થતા વર્ષમાં આમદાની ઓછી થવાનું કારણ—દક્ષિણ હિન્દુસ્તાનના ભયંકર દુકાળ પહેલાંની સંકષ્ટમય સ્થિતિ હતી. ૨૦ વર્ષ સુધી સમાધાની રહ્યા છતાં આપણા દેશમાં આબાદી આવી નહિ અને દિલ્હીદરબારના મહોત્સવ માટે લોર્ડ લિટને પસંદ કરેલા વર્ષમાં એક અતિ ભયંકર દુકાળે રંગમાં ભંગ કરવા જેવું કર્યું.

૧૮૫૯ થી ૧૮૭૭ સુધીના રવાનગીના આંકડા આ નીચે આપ્યા છે. આમાં એવી ચીજો દાખલ કરી છે કે જેની કિંમત ૧૮૭૭ માં વીસ લાખ પાઉંડની હોય; તેથી હલકા આંકડા દાખલ કર્યા નથી.

હિંદુસ્તાનમાંથી તમામ દેશો ઉપર થતા નિકાસના આંકડા

વર્ષ.	કાચું રૂ. £	ગળી. £	ઘઉં, ચોખા અને બીજુ અનાજ. £	ચામડાં. £
૧૮૫૯	૪૦૯૪૧૦૦	૨૧૧૮૦૧૬	૨૮૦૧૮૭૧	૫૪૪૬૮૦
૧૮૬૦	૫૬૩૭૬૨૪	૨૦૨૧૨૮૮	૩૫૮૮૫૬૨	૪૪૪૫૩૭
૧૮૬૧	૭૬૪૨૧૬૮	૧૮૮૬૫૨૫	૫૦૩૦૮૭૭	૬૬૧૭૨૫
૧૮૬૨	૧૦૨૦૩૪૭૦	૧૬૪૭૫૦૩	૪૦૩૬૯૩૮	૭૬૪૧૩૭
૧૮૬૩	૧૮૭૭૬૦૪૦	૨૧૨૬૮૭૦	૩૭૨૭૬૧૦	૬૦૪૨૮૬
૧૮૬૪	૩૫૮૭૪૭૬૫	૧૭૫૬૧૫૮	૪૩૨૫૩૭૭	૮૬૭૫૭૫
૧૮૬૫	૩૭૫૭૩૬૩૭	૧૮૬૦૧૪૧	૫૬૫૬૪૦૮	૭૨૫૨૩૬
૧૮૬૬	૩૫૫૮૭૩૮૬	૧૮૬૧૫૦૧	૫૨૪૭૬૧૮	૬૦૬૮૦૩૬
૧૮૬૭	૧૬૪૫૮૨૭૭	૧૭૬૮૫૬૬	૩૬૫૧૮૩૨	૬૫૬૩૪૨
૧૮૬૮	૨૮૦૬૨૫૭૦	૧૮૨૩૨૨૬	૩૬૬૧૨૨૫	૬૮૮૨૮૨
૧૮૬૯	૨૦૧૪૬૮૨૫	૨૮૬૩૮૨૩	૪૫૭૪૭૦૮	૧૨૫૨૮૬૮
૧૮૭૦	૧૬૦૭૬૧૩૮	૩૧૭૮૦૪૫	૩૨૨૧૪૫૪	૧૬૧૭૩૩૦

૧૮૭૧	૧૯૪૬૦૮૯૯	૩૧૯૨૫૦૩	૪૪૬૮૯૫૮	૨૦૨૦૮૧૯૬
૧૮૭૨	૨૧૨૭૨૪૩૦	૩૭૦૫૪૭૫	૪૮૬૫૭૩૮	૨૫૨૫૯૨૫
૧૮૭૩	૧૪૦૨૨૮૫૮	૩૪૨૬૮૨૪	૬૦૭૩૬૩૫	૨૯૨૧૯૧૦
૧૮૭૪	૧૩૨૧૨૨૪૧	૩૫૫૫૩૦૦	૬૫૪૮૩૪૬	૨૬૧૮૩૫૮
૧૮૭૫	૧૫૨૫૭૩૪૨	૨૫૭૬૩૦૨	૫૪૮૮૧૬૯	૨૬૭૭૭૬૭
૧૮૭૬	૧૩૨૮૦૯૫૯	૨૮૭૫૦૬૫	૬૪૨૧૧૩૭	૨૯૪૪૯૩૩
૧૮૭૭	૧૧૭૪૬૧૮૪	૨૯૬૨૭૮૬	૭૯૮૮૧૮૯	૩૦૦૦૫૫૨૯

હિન્દુસ્તાનમાંથી તમામ દેશો ઉપર થતા નિકાસના આંકડા
(ચાલુ)
(૧૮૫૯-૧૮૭૭).

શણ. £	અશીણ. £	ળીઆં. £	ચહા. £
૬૧૬૫૨૩	૧૦૮૨૭૬૪૨	૨૦૫૬૪૪૫	૬૦૫૩૩
૬૨૩૯૬૫	૬૦૫૪૩૬૪	૧૫૪૮૭૨૧	૧૨૭૭૭૧
૭૬૮૭૧૫	૧૦૧૮૪૭૧૩	૧૭૮૫૫૨૬	૧૫૧૬૮૧
૭૨૪૪૫૫	૧૦૫૫૩૬૧૨	૧૨૦૬૩૩૧	૧૬૨૪૪૨
૮૮૨૦૮૪	૧૨૪૬૬૧૨૮	૧૮૩૩૮૫૧	૨૨૩૭૬૩

૧૬૧૮૨૪૪	૧૦૭૫૬૦૯૩	૨૦૩૨૮૩૨	૨૭૧૨૨૯
૧૪૧૦૭૦૨	૯૬૧૧૮૦૪	૧૬૧૨૪૩૩	૩૦૧૦૨૨
૧૦૮૩૫૨૨	૧૧૧૨૨૭૪૬	૧૭૫૦૧૬૭	૩૦૬૮૬૬
૧૦૪૦૮૭૬	૧૦૪૩૧૭૦૩	૧૭૮૭૬૬૬	૩૦૮૧૨૬
૧૩૦૬૫૩૭	૧૨૩૩૦૭૬૬	૨૧૬૦૫૭૨	૭૨૬૭૧૪
૧૮૬૧૮૬૬	૧૦૬૬૫૬૫૪	૧૬૬૪૮૮૮	૬૮૩૭૫૭
૧૦૮૪૪૬૫	૧૧૬૬૩૩૩૦	૨૩૦૮૬૪૨	૧૦૮–૫૧૫
૨૫૭૭૫૫૩	૧૦૭૮૩૮૬૩	૩૫૨૨૩૦૫	૧૧૩૬૭૦૩
૪૧૧૭૩૦૮	૧૩૩૬૫૨૨૮	૨૭૨૮૭૮૮	૧૪૮૨૧૮૬
૪૧૪૨૫૪૮	૧૧૪૨૬૨૮૦	૧૫૦૮૩૬૬	૧૫૪૦૬૨૬
૪૩૪૬૦૧૫	૧૧૩૪૧૮૫૭	૨૩૬૧૪૫૧	૧૭૫૪૬૧૮
૩૨૪૬૮૮૨	૧૧૬૫૬૭૭૨	૩૨૩૫૬૫૦	૧૫૬૩ ૫૫૦
૨૮૦૫૩૪૦	૧૧૧૪૮૪૨૬	૫૪૬૨૩૮૮	૨૧૮૩૮૮૧
૨૬૩૬૬૪૭	૧૨૪૦૪૨૪૮	૫૩૧૬૪૪૭	૨૬૨૦૧૪૦

આ કોઠામાં પહેલી રવાનગીની ચીજ કાચું રૂ છે; એના રવાનગીના આંકડાની સાધારણ વધઘટ વિરમય પમાડે એવી અને બોધજનક છે.

ગ્રેટબ્રિટનને પોતાના સામ્રાજ્યને અનન્યાપેક્ષ કરવાની ઇચ્છા હતી; અને તેથી વરાડ અને મુંબઈમાંથી લેન્કેશિયરની સાળો માટે રૂ મેળવવાને યત્ન કર્યો. ૧૮૪૮ માં આને માટે પાર્લમેન્ટની એક કમિટી નીમાઇ હતી; અને તેના અધ્યક્ષ જોન બ્રાઇટે હિન્દુસ્તાનમાંથી રૂનો જથ્થો મોટા પ્રમાણમાં આવી શકવાની બાબતમાં આશા આપી ન હતી. અનન્યાપેક્ષ સામ્રાજ્યની ભાવના સ્વપ્નવત્ જણાઇ; જે દેશમાં રૂ સારામાં સારૂ અને સસ્તામાં સસ્તું થતું હતું તે દેશમાંથી રૂ લેવાની ઇંગ્લંડને ફરજ પડી; અને લેન્કેશિયરની સાળોને માટે અમેરિકાનું રૂ સર્વોત્તમ હતું. બ્રિટિશ પ્રજા આ ડાહ્યા આર્થિક નિર્ણય ઉપર ઠરીને બેસતી હતી તેવામાં અમેરિકાના આંતર યુધ્ધે અમેરિકાના રૂનો જથ્થો રૂંધી રાખ્યો અને હિન્દુસ્તાને લેન્કેશિયરનું રક્ષણ કર્યું. ૧૮૬૩ માં આપણા દેશમાંથી ૧ કરોડ ૮૦ લાખ પાઉંડની કીંમતનું રૂ ઇંગ્લંડ પહોંચ્યું, જ્યારે ૧૮૬૨ માં માત્ર એક કરોડજ મોકલાવ્યું હતું. પછીના વર્ષમાં સાડાત્રણ કરોડ અને તે પછીનામાં વળી વીસ લાખનો વધારો. તે વખતે એવી આશા રાખવામાં આવતી હતી કે અમેરિકાનું રૂ તદ્દન બન્ધજ થઈ જશે, અને હિન્દના સામ્રાજ્યમાંથી લેન્કેશિયર જોઇતું રૂ પુરૂં પડી શકશે. પણ આ આશા તરતજ મિથ્યા જણાઇ. અમેરિકામાં શાન્તિ પ્રસરી અને વ્યાપારે સ્વાભાવિક ગતિ ધારણ કરી. આપણા રૂની રવાનગી જેવી વધી હતી તેવીજ એકદમ ઉતરી પડી અને ૧૮૬૬–૬૭ માં એક કરોડ વીસ લાખથી પણ ઓછી થઇ ગઈ. મુંબઇના કમનસીબે મ્હેસુલની ફરી તપાસ ઉપરનાં અકસ્માતના કારણોથી આવેલી ક્ષણિક આબાદીના સમયમાં હાથ ધરવામાં આવી. જમાબન્દી અમલદારોએ પાછલા પ્રકરણમાં જણાવ્યું છે તેમ ઉંચી જમાબન્દી બાંધી અને પરિણામે ૧૮૬૫ નાં તોફાનો થયાં. મુખ્યત્વે કરીને ખેતી ઉપર આધાર રાખનાર મુલકમાં ફરતી જમાબન્દી રાખવાના દૂષણોનો આ દાખલો છેજો આબાદીનાં પહેલાં ચિન્હો નજરે પડવાની સાથેજ રાજ્ય પોતાના

હક વધારી દે એવી સ્થિતિ હોય તો કૃષિકારની પ્રજા કદીપણ સ્થાયી સમૃદ્ધિ પ્રાપ્ત કરી શકે નહિ.

કાચા રૂની રવાનગીની આ અવસ્થા હતી ત્યારે સુતરની રવાનગીના આંકડામાં સુધારા જણાયા. ૧૮૫૮–૫૯ માં ૮૧૩૬૦૪; તે ૧૮૬૪ માં વધીને ૧૧૬૭૫૭૭; ૬૯–૭૦ માં ૧૨૬૮૭૫૭; અને ૭૬–૭૭ માં ૧૬૩૫૧૬૮ અથવા લગભગ વીસ લાખ પાઉંડ. આથી મેન્ચેસ્ટરની ઇર્ષ્યા જાગી અને પરિણામમાં જકાતના કાયદા થયા તે આગળ જણાવાશે. ગોખા ઘઉં અને બીજા અનાજની રવાનગી બે લાખ એંશી હજા-રથી લગભગ આઠ લાખ સુધી પહોંચી. વ્યાપારમાં સ્વતંત્રતા જાળવી રાખનાર દેશમાં આટલો વધારો આબાદીની નીશાની છે, પરંતુ આપણા દેશનો વ્યાપાર જબરદસ્તીનો અને કૃત્રિમ છે. વ્યાપારમાં બદલો મેળવ્યા વિના દરવર્ષે વિલાયતના ખરચખુટણને માટે આપણા દેશને હમેશાં ભારે રકમ મોકલવી પડે છે. કારીગરીની ચીજો દ્વારા આ રકમ મોકલવાની આપણી શકતી નહતી, અને તેથી બીજા પ્રસંગોમાં સ્વાભાવિક રીતે જેટલું અનાજ મોકલી શકાય તેના કરતાં એને વધારે અનાજ મોકલવાની આપણા દેશને–આપણને જરૂર પડે છે.

આ રીત કેવી રીતે કામ કરે છે તે દુઃખદ છતાં બોધક હોવાથી જોવું જોઇએ. ગ્રેટબ્રિટન તરફ આપણો વાર્ષિક બ્હેળો આપણી વાર્ષિક ઉપજમાંથી વહે છે. આપણી વાર્ષિક ઉપજનો મોટો ભાગ જમીનની મ્હેસુલમાંથી પાકે છે. જમીનની મ્હેસુલ પશ્ચિમ અને દક્ષિણ હિન્દના ખેડુતો પાસેથી અને ઉત્તર હિન્દુસ્તાનના જમીનદારો પાસેથી પેદા થાય છે; અને જમીનદારો પણ પોતાના ખેડુતો પાસેથી સાંથ રૂપે વસુલ કરે છે. ખેડુતો સાંથ પોતાની જરૂ-રીઆતો માટે જોઇતો દાણાનો સંગ્રહ રાખ્યા વિના પોતાના ખેતરની પેદાશ વેચીને આ જમા અથવા સાંથ ભરે છે. ખેડુતોને જે વેચવાની ફરજ પડે તે

માલ ખરીદ કરવા રવાનગી વેપારીઓના આડતીયા ફરતાજ હોય છે અને રેલ્વે આ માલ ઝપાટાબંધ બંદર કાંઠે ખેંચી લાવે છે; અને ત્યાંથી તે યુરોપ ઉપડી જાય છે. શિયાળામાં ભૂગોળની મુસાફરીએ નીકળેલા સજ્જનોની આંખે હિન્દુસ્તાન એક મોટી પ્રવૃત્તિનું સ્થળ દેખાય છે પણ તે પ્રવૃત્તિની પાછળ આ દુઃખદ હકીકત રહેલી છે કે કૃષિ ઉપર નિર્વાહ કરનારી પ્રજાના ઘર અને ગામડાઓમાંથી અનાજનો ભયંકર જથ્થો ઉપડી જાય છે; અને તે ઈંગ્લંડની વાર્ષિક જમા હિન્દુસ્તાનને ભરવી પડે છે તેટલા માટે.

એથી એવું બને છે કે ભયંકર દુષ્કાળનો જન્મ થવાનો હોય ત્યારે પણ અનાજની રવાનગી જેવીને તેવીજ દેખાય છે કારણ કે સપ્તાહથી વસુલ થતી મહેસુલ ભરવા માટે દાણો વેચ્યા વિના ચાલે એમ નથીજ. ૧૮૭૬–૭૭ માં આપણો દેશ એક અત્યંત ભયંકર દુષ્કાળના પરોઢમાં હતો. ત્યારે આપણે પાછલા કોઠામાં જોયું તે પ્રમાણે પૂર્વના કરતાં વધારે દાણો પરદેશ ચઢેલો જોવામાં આવે છે અને કોઈ ઘણાકો દુષ્કાળના પંજામાં હોય તેમ છતાં પણ તે ઈલાકામાંથી દાણો પરદેશ ચડે છે, જેનો જથ્થો જમીનની મહેસુલ વસુલ થઈ હોય તેની સાથે હમેશાં અમુક પ્રમાણમાં હોય છે.

આપણા દેશના ચોખા અને ઘઉંને માટે યુરોપમાં માગણી છે તેનાં બીજાં પણ લાંબાં પરિણામો છે. આ માગણીથી ખેતીનો વિસ્તાર વધે છે. અને જ્યાં જમાની રકમ હમેશને માટે નિયત કરવામાં આવી છે ત્યાં અનાથી લોકની લક્ષ્મીમાં વાસ્તવિક વધારો થાય છે એમાં શક નથી. આટલું નિઃશંક છે કે બંગાળાના લોકો સો વર્ષ ઉપરના કરતાં અત્યારે સમૃદ્ધિમાન્ છે કારણ કે બંગાળમાં ખેતીનો વિસ્તાર પુષ્કળ વધ્યો છે પણ મદ્રાસ અને મુંબઇના સંબંધમાં આ અવસ્થા નથી. કારણ કે ત્યાં ખેતીના વિસ્તારના વધારાની સાથે જમામાં પણ વધારો થાય છે, અને કેટલીક વાર તો તે વધારાનો થએલા નફાની સાથે કંઇ સુમારજ નથી રહેતો. કેટલીક વાર આ વાત ભૂલી જવાય છે કે હમેશાં હલકી જમીનમાં છેવટનું હળ નંખાય છે અને તેમ છતાં ખેતીનું

ક્ષેત્રફળ વધવાથી જમામાં વધારો થાય તે પેદાશને મુકાબલે યોગ્ય પ્રમાણમાં થતો નથી. આવી ભૂલો થાય તેથી ખેતીનો વિસ્તાર વધવાથી લોક વધારે નિર્ધન થાય છે; વધારે સમૃદ્ધ નહિ.

વળી હિન્દનો દાણો યુરોપની બજારમાં બપવાથી સામાન્ય રીતે દાણાના ભાવ ઉપર અસર થાય છે. આપણી વસ્તિ ઘણે ભાગે અનાજ પકવનારી હોવાથી અનાજના ભાવ વધવાથી પ્રજાને આર્થિક લાભ છે પરંતુ આમાં પણ એક અપવાદ ધ્યાનમાં લેવા જેવો છે. જમાબન્દી ખાતાના અમલદારો આબાદીનાં ચિન્હો જોવાની સાથે જમા વધારી દે છે અને જ્યારે ભાવ પડે છે ત્યારે ખેડુતો વળી પાછા નિર્ધન થઇ જાય છે. આ બધા સંયોગોથી ફરતી જમાથી ખેતી ઉપર જીવનારી પ્રજાના કલ્યાણ ઉપર કેટલી અસર થાય છે તે સમજી શકાય છે.

ચામડાની રવાનગી ૫ લાખથી ત્રીસ લાખ ઉપર આવી: આથી એક રીતે લોકને આર્થિક લાભ હતો; પણ બીજી દિશામાં નુકશાન હતું, કારણ કે આટલાં બધાં ચામડાં પરદેશ જાય તે આપણા ચામડાના ઉદ્યોગની પડતીની જ નીશાની છે. શીત્તેરના દસકાનાં પહેલા વર્ષોમાં શણની રવાનગી પણ દસ લાખથી ત્રીસ ચાલીસ લાખ સુધી પહોંચી હતી. ઘણું ખરું શણ બંગાળામાં ઉત્પન્ન થતું હતું અને આ માલ પરદેશ રવાના થવાથી ખેડુતને લાભ થયો પણ ચોખાની ખેતી મર્યાદિત થઇ ગઇ.

અફીણની રવાનગી સ્થિર જણાય છે અને કંઇક વધારો પણ માલુમ પડે છે અને સરકાર પાસે એનો અનન્યાધિકાર હોવાથી આમાંથી જે નફો થાય તે રાષ્ટ્રીય ભંડારનો નફો છે.

ઓગણીસ વર્ષમાં બીયાંની રવાનગી વીસ લાખથી ૫૰ લાખ સુધી પહોંચી છે અને આમાં આપણા દેશને ખાતરનું નુકશાન છે. તેલ કાઢ્યા પછી જે ખોળ રહે છે તે ઉત્તમમાં ઉત્તમ ખાતર છે અને જો તે બીયાં આપણા

દેશમાં વપરાયાં હોત અને તેવા બહાર મોકલાવાતું હોત તો ખેતીને માટે પુષ્કળ ખાતર આપણા દેશમાં રહેત. બી રવાના કરવામાં ડૉ. વૉલકર કહે છે તે પ્રમાણે "જમીનની ફળદ્રુપતાજ રવાના થાય છે."

ગળી અને ચાહા ઘણું કરીને બ્રિટિશ મૂડી અને દેશી મજુરીથી ઉત્પન્ન થાય છે. મુડીનો નફો ઇંગ્લંડના ભાગીદારોના હાથમાં અને મજુરની મજુરી આપણા લોકના હાથમાં. જુલમ અને દબાણથી ખેડુત લોકોને મરજી વિરૂદ્ધ ગળીના બગીચામાં મજુરી માટે લઇ જવામાં આવતા તેથી ૧૮૬૦ માં બંગાળામાં મ્હોટાં તોફાનો થયાં હતાં. એક દેશી કવિ દીનબન્ધુ મિત્રે આ જુલમ પ્રભાવવાન નાટક દ્વારા બાહાર પાડયો. રેવરન્ડ જેમ્સ લૉન્ગે તેનો અંગ્રેજી ભાષામાં તરજુમો કર્યો અને આ જાહેર હિમ્મતના કામ સારૂ કલકત્તાની હાઇકોર્ટે તેને કેદ અને દંડની શિક્ષા કરી. ઓ. એશ્લી ઈડન–જે પાછળથી બંગાળાના લે. ગવર્નર થયા તેમણે લાચાર ખેડુતોની ફર્યાદને ટેકો આપ્યો અને એક કમિશને તપાસ કરી તેમાં તે રીતનાં ઘણાં દૂષણો જણાઇ આવ્યાં. લૉર્ડ કેનિન્ગ પાસે થઇને એ આખો સવાલ સર ચાર્લ્સ વુડ પાસે આવ્યો અને તે સદ્‌ગુણી અને મજબૂત મનના મહાશયે આ ઉદ્યોગના ઇતિહાસને દુષિત કરનાર દૂષણો ખસેડવાનો યત્ન કર્યો. આથી બંગાળાની રૈયતનો મોટો વર્ગ મુકત થયો અને ફરીથી ગળીના બગીચાઓમાં જવાની ના પાડી. ૧૮૫૯ થી ૬૨ સુધીમાં ગળીનો નિકાસ બહુ ઉતરી ગયલો જોવામાં આવે છે અને છેક ૧૮૬૯ સુધી તેજી જોવામાં આવતી નથી. સૈકાની આખરે કૃત્રિમ ગળીની શોધથી એ ઉદ્યોગ કેવળ નષ્ટ થયો.

બીજી તરફ ચ્હાના નીકાસમાં કાંઇજ ઘટાડો થયો નહિ, પણ ધીરો ધીરો નિયમસર વધારો માલમ પડે છે. ૧૯ વર્ષમાં નિકાસ ૪૦ ગણો થયો. ૧૮૫૮ માં ૬૦૦૦૦ પાઉંડ તે ૧૮૭૬–૭૭ માં ૨૫ લાખ સુધી. આ વધારો સતત હતો. વર્ષો વર્ષ વધારોજ દેખાયો. ડુંગરાઓ અને બીજાઓમાંના ઘણા જંગલી પ્રદેશોના આત્યારે બગીચા બની ગયા છે અને આ બગીચામાં

લાખો ગરીબ માણસોને રોજી મળે છે, પણ આ ઉદ્યોગને પણ–હિન્દુસ્તાનનો "ગુલામગીરીનો કાયદો" એ નામથી પ્રખ્યાત થયેલા કાયદા રૂપ ડાઘ લાગી ગયો છે. અભણ સ્ત્રી પુરૂષો પાસે લાલચ આપીને કરારપત્રમાં સહીઓ કરાવાય છે અને પછી તે કરારપત્રમાં લખ્યા પ્રમાણેનાં વર્ષો પર્યંત કામ કરવાની તેમના ઉપર ફરજ પાડવામાં આવે છે. જો તેઓ નાસી જવાનો યત્ન કરે તો તેમને પકડવામાં આવે છે. તેમને શિક્ષા કરવામાં આવે છે અને તેમના માલીકોને સોંપી દેવામાં આવે છે. બીજા કોઇ પણ પ્રકારની મજુરીના આવા સખ્ત કાયદા નથી. આ લોકોને પોતાના કામ ઉપર રહેવાની ફરજ પાડવામાં આવે છે. બંગાળાની ફોજદારી કચેરીઓમાં આ બગીચાઓ સારૂ મજુરો મેળવવા માટે થયલાં કપટ જબરદસ્તી અને ચોરીના ધિક્કારવા લાયક મુકદમાઓ વખતો વખત આવે છે; અને આસામના બગીચાઓના ઇતિહાસ આવી રીતે મેળવેલા સ્ત્રી પુરૂષો ઉપર સેતાનીયત કર્યાના પ્રસંગોથી દૂષિત થયેલો છે. ઊંચા મનના જવાબદાર રાજપુરૂષોએ આ સખ્ત કાયદાઓ રદ કરવાની માંગણીઓ કરેલી છે અને એવી ભલામણ કરેલી છે કે ખપ અને છતના સ્વાભાવિક ધોરણ પ્રમાણે સાધારણ બજારમાંથી ચ્હાના બગીચાવાળાઓએ મજુરો મેળવવા જોઇએ, પણ નાણાંવાળાઓનો પ્રતાપ ચ્હોટો છે. કોઇપણ સેક્રેટરિ ઓફ સ્ટેટ કે વ્હાઇસરૉયે આ સખ્ત કાયદા અને આ અર્ધ ગુલામગીરીની રીત રદ કરવાની હિમ્મત ધરી નથી.

પ્રકરણ ૫ મું.

રેલ્વે અને જલ સંચાર.

આપણા દેશમાં રેલ્વેનું કામ ઉઠાઉપણું પ્રકટ થાય અને પ્રવાસીઓને સુખ ન ઉપજે–એવા સંયોગોમાં શરૂ થયું હતું. પાંચ અથવા ૪½ ટકાના

વ્યાજની રાજ્યની જમીનગીરી સાથે ઉત્પન્ન થયેલી ખાનગી કમ્પનીઓને કરકસર કરવાનું કે મુસાફર લોકોની સગવડ ઉપર ધ્યાન આપવાનું કાંઇપણ કારણ નહોતું. રેલ્વે બાંધવામાં વધારે પડતું ખરચ અને બગાડ થાય તોપણ જેટલું નાણું ખરચ પડે તે બધા ઉપર નાણાંવાળાઓને એમનું નિયત વ્યાજ મળ્યેજ જવાનું; પછી તે ખરચ ડાહ્યું હોય કે ઘેલું. જો રેલ્વેનો લાભ ઓછો લેવાય અને નફો બગડી જાય એટલે નિયત વ્યાજ ન ઉપજે તો ફરક રહે તે હિન્દુસ્તાનની સરકાર પોતાની ઉપજમાંથી, લોક પાસેથી ઉઘરાવેલા કરમાંથી ભરી આપે.

વીસ વર્ષના અનુભવથી એમ જણાયું છે કે આ ભય પાયા વિનાનો નહતો. રેલ્વેની સડકો બાંધવામાં ઉડાઉપણું હતું, અને મુસાફરોની આરામની બેદરકારી પણ હતી; અને તે એટલાં બધાં કે બીજા કોઇ દેશમાં એવું નહિ હોય. અને આ હકીકત ૧૮૭૧–૭૨–૭૩–૭૪ ની પાર્લમેન્ટ કમિટી રૂબરૂ ઊંચામાં ઊંચા દરજ્જાવાળા અધિકારીઓએ સાબીત કરી છે.

જુલન્ડ ડેન્વર્સ અને વિલ્યમ થોર્નટન–આ બન્નેની જુબાની ૧૮૭૨ માં માર્ચમાં લેવાઇ હતી. તેઓ આપણા દેશની રેલ્વેના સંબંધમાં અગત્યના સાક્ષિઓ હતા. ડાન્વર્સ હિન્દુસ્તાનની રેલ્વેનો મુખ્ય સૂત્રધારક હતો; તેણે જમીનગીરીની રીતથી થતા ઉડાઉપણાની અને બગાડની હા પાડી; તોપણ તેણે કહ્યું કે ' આ સિવાય બીજી કોઇ રીતથી સરકાર આટલી રેલ્વે તે વખતે બાંધી શકત નહિ. ' થોર્નટન એથી વિરૂદ્ધજ અભિપ્રાયનો હતો. તેણે કહ્યું કે " મેરટીની રીતે એવો કોઇપણ અર્થ સાર્યો નથી જે તે વિના સરી શકત નહિ. "

પાછળથી જુબાની લેવાઇ તે વખતે થોર્નટને કહ્યું હતું કે ' હું માનું છું કે જમીનગીરી વિના પણ રેલ્વે મોટે હિન્દુસ્તાન નાણાં ગયાં હત તો જમીનગીરી આપવામાં આવી ન હત તો આ દેશમાં ધન હમેશાં વધતું જાય છે એ વાત ઉપર વિચાર કરતાં, અને કેટલું બધું ધન અહીં નકામું પડતાં અમેરિકા

અને આફ્રિકામાં જાય છે તે જોતાં, હું નથી ધારતો કે હિન્દુસ્તાનની આગ્રહપૂર્વક અવગણના થઈ હોત. હું ધારું છું કે જમીનગીરી વિના મુડી હિન્દુસ્તાનમાં ગઈ હોત તો; અને નાણાં રોકનારાઓની ભૂલનાં પરિણામ તેમને સોસવા પડશે એમ સમજાયું હોત તો રેલ્વે બાંધવાના કામમાં ઘણી વધારે કરકસર અને ઘણી વધારે કાળજી વપરાઇ હોત. પણ એકવાર જમીનગીરી આપી એટલે જમીનગીરી વિના કમ્પનીઓ ઉભી થવાનો સંભવ ન હતો.

માનતાં આંચકો ખાવો પડે એવું છે છતાં સાચું જ છે કે કરારનામાં એવાં તો ઉતાવળથી અને બેકાળજીથી ઘડાયાં હતાં કે અગચની બાબતોમાં ઇન્ડિયા સરકારને કે ઇન્ડિયાના રાજ્ય ભંડારને માટે રક્ષણની કંઇજ જોઇવણ થઇ ન હતી. થોર્નટને કહ્યું કે "આ કરારપત્રો ઘડનારને માટે અત્યંત શરમ આપનારાં છે; કારણ કે જુદી જુદી કલમોમાં એ ત્રણવાર તો અન્યોન્ય વિરૂદ્ધ વાતો આવે છે; અને સરકારના હિતના રક્ષણ માટે જ્યારે જોવામાં આવે ત્યારે કેવળ નિરર્થક માલુમ પડે છે. જે રીતે આ કરારપત્રો ઘડાયાં છે તે રીતનું જ આ પરિણામ છે. ખરચ ઉપર સરકારની જમીનગીરી થઇ એટલે તે પ્રમાણે વ્યાજની જમીનગીરી ચાલુ રાખવાને સરકાર બંધાયલી રહે છે. એટલે રેલ્વેવાળાઓને કરકસરની એક મોટી લાલચનો લાભ મળતો નથી. તેઓ જાણે છે કે અમે તેટલી ભૂલો થશે તોપણ થયેલા ખરચ ઉપર વ્યાજ મળવામાં કંઇજ હરકત આવશે નહિ."

લે૦ કર્નલ ચેસ્ની જે છ વર્ષ સુધી રેલ્વેના હીસાબનો તપાસ કરનાર હતો અને પછીથી કુપર્સહિલની ઇજનેરી કૉલેજનો અધ્યક્ષ થયો હતો, તેણે જમીનગીરીની રીતમાં રેલ્વે બાંધવામાં ખરચાળપણું અને બેકાળજીપણું થયું છે એ વાતની સાક્ષ્ય પૂરી. તેણે કહ્યું, રેલ્વે ઇન્ડિયામાં ૧૮૪૮ માં શરૂ થઇ. તે વખત પહેલવહેલું ઇજનેર મંડળ મોકલાવ્યું હતું. અને મારે કહેવાની જરૂર નથી કે તે દિવસોમાં ઇંગ્લંડના ઇજનેરોનું ધ્યાન કરકસર ઉપર હોવું જોઇએ તેવું ન હતું. આ ગૃહસ્થોને રેલ્વે બાંધવા સારૂ મોકલવામાં

આવ્યા હતા અને તેમની એવી એક પ્રકારની સમજણ હતી કે એમના ઉપર બહુ ગાઢ અંકુશ મૂકવામાં આવશે નહિ.....વળી તપાસની રીત પણ બહુજ અધૂરી હતી; જ્યાં સુધી હીસાબ આવે ત્યાંસુધી નાણાંનું શું થયું તેની કાંઇ ખબરજ પડે નહિ. આ રીતનું પરિણામ એ આવ્યું કે ઇસ્ટ ઇન્ડિયન રેલ્વેના હીસાબમાં બે કરોડમાંથી ચાર લાખ રૂપીયા મુડીમાં મજરે આપવા સામે તપાસનારે વાંધો બતાવ્યો હતો, પણ તે સંયોગોમાં મજરે આપ્યા વિના છુટકોજ ન હતો; કારણ કે કરારનામા પ્રમાણે જે ખરચ થાય તે ઉપર જમીનગીરી આપેલી એટલે આખરે એ રકમ મુડીમાં ગણ્યા વિના ચાલે એમ હતુંજ નહિ.

આ જમીનગીરીની રીતને લીધે રેલ્વેના કામમાં ઉડાઉપણું થયું છે એવો પુરાવો ચેરિન કરતાં વધારે ઉંચા દરજ્જાના અમલદારોએ પણ આપ્યો છે. લૉરેન્સ અને મેયોના વખતમાં હિન્દુસ્તાનના કોશ તન્ત્રી–ઑ• વિલ્યમ માસી એમણે પુરાવો આપ્યો હતો કે ઇસ્ટ ઇન્ડિયા કમ્પનીનું ખરચ જેટલું જોઇએ તેના કરતાં બમણું નહિ તો ઘણુંજ વધારે થયેલું છે. ગંજાવર રકમો ઉપડયેજ ગઈ હતી અને કરારદારોને કરકસર કરવાનું કાંઇજ કારણ નહતું. નાણાં અંગ્રેજ લોકો પાસેથી આવ્યાં અને જ્યાંસુધી હિન્દુસ્તાનની ઉપજમાંથી પાંચ ટકા વ્યાજ મળવાની એમને બાંહેધરી હતી ત્યાંસુધી એમણે જે નાણાં મોકલ્યાં તે હુગલીમાં નાંખ્યાં કે ઈંટ માટીમાં તે જોવાની તેમને કાંઇજ ચિંતા નહતી. પરિણામ એ થયું કે મોટી મોટી રકમો ઉપડી ગઇ અને ઇસ્ટ ઇન્ડિયા કમ્પનીને માથે ૩૦૦૦૦ પાઉંડનું ખરચ થયું. હું ધારું છું કે આ ખરચ અતિશયમાં પણ અતિશય છે.

સર જૉન લૉરેન્સ ઇન્ડિયાના વ્હાઇસરૉય હતા તે વખતે પણ તેમણે આ ખરચાળપણું વખોડી કાઢયું હતું અને ૧૮૭૩ માં જુબાની આપતી વખતે પણ તેમણે કહ્યું હતું કે,

"હિન્દુસ્તાનમાં એ સંબંધમાં જે વાત કરે છે તે બધામાં પ્રસિદ્ધ છે કે રેલ્વેનું ખરચ માલ કરતાં અથવા થવું જોઇએ તેના કરતાં અત્યંત વધારે થયું છે."

"પાંચ ટકાની બાંહેધરીથી આપો તો મુડીવાળાઓ ગમે તે સરતો કબુલ કરશે. એમનું સાહસ સફલ થાય છે કે નહિ તેની એમને ચિંતા નથી. પાંચ ટકા એ એવો દર છે કે એટલું મળે તો એમને સંતોષ છે; અને તેનું શું થાય છે તે જોવાની તેમને ગરજ રહેતીજ નથી; અને તે જોઇએ તે કરતાં વધારે ખરચ થવાનું એક કારણ છે એમ હું માનું છું.

મારા વખતમાં દેશીઓ રેલ્વેમાં તેમની જે દશા થતી તેની બહુ ફર્યાદ કરતા. હું ધારૂં છું કે આવી બાબતોમાં સત્તાનો દુરૂપયોગ થતો અટકાવવો એ ઘણું મુશ્કીલ છે તોપણ કમ્પની કરતાં સરકાર વધારે સારી રીતે સાચવી શકે. દેશીઓની ફર્યાદો ઘણી હતી અને બ્રાનગી તથા અધિકારીઓની મારફત કરાવેલી તપાસોને પરિણામે મને જણાતું કે તેમની ફર્યાદો વાસ્તવિક હતી.

હજુ એક પ્રકરો આપીશું. ઇન્ડિયા સરકાર ના કહે તો પણ સ્ટેટ સેક્રેટરિને વેપારીઓને દબાણને લીધે ઇન્ડિયા સરકારની મરજી વિરૂદ્ધ થઇને પણ નવી સડકો બાંધવાની મંજુરી આપવાની સત્તા હતી. જનરલ રિચર્ડ સ્ટ્રેચીના પુરાવાથી આ વાત પ્રસિદ્ધ થઇ હતી.

સ૦ ફ્રેાસેટ—પણ આ નુકશાનકારક કરારપત્રોના સંબંધમાં તમે જે પુરાવો આપ્યો તે ઉપરથી એટલું સમજાય છે કે આમ જુદી જુદી રીતે હિન્દના લોકો ઉપર કરો નંખાઇ શકે. સ્થાનિક અધિકારીઓ તેમના ઉપર સ્થાનિક કરો નાંખે; ગવર્નર જનરલ તો તેમના ઉપર કર નાખેજ તો; અને વળી હિન્દુસ્તાનની સરકારની મરજી વિરૂદ્ધ થઇને સેક્રેટરી ઑફ સ્ટેટ જેણે એક કલાક પણ હિન્દુસ્તાનમાં ગાળ્યો નથી અને જે હિન્દુસ્તાન

સંબંધી વખતે કંઈ પણ જાણતો ન હોય તે પણ એવી યોજનાઓ મંજુર કરી શકે કે જેથી એ દેશના લોકો ઉપર ભારે કરનો બોજો આવી પડે ?

જ. સ્ટ્રેચી—ઇન્ડિયાનું રાજ્ય ચાલે છે તેવી રીતે ચાલતું આપખુદી રાજ્ય હોવાનું અદ્‌ભાગ્યમય ફળ છે અને હું ધારું છું કે તેનો કંઈ ઉપાયજ નથી.

જનરલ સ્ટ્રેચીને ૧૮૭૨ માં સૂઝયું નહિ હતું અને પછીનાં ત્રીસ વર્ષમાં આપણા રાજ્યપુરૂષોને હજુ સૂઝયું નથી કે એકાયત્ત રાજ્યતંત્રમાં પણ હિન્દુસ્તાનનો લોક જેનાં નાણાં આ પ્રમાણે ઉડાવાતાં હતાં તેને કંઈક પૂછી શકાત. ૧૮૭૨ માંજ જો તેમની સલાહ લેવામાં આવી હત તો છેલ્લાં ત્રીસ વર્ષમાં જે નાણાં સ્ટેટ રેલ્વે અને જમીનગીરીની રેલ્વેમાં ધોધબંધ ખરચાયાં છે તેમાંથી કંઈક કમી થાત. પણ આપણા રાજ્યકારભારની ગંભીરમાં ગંભીર ખામી સખ્ત સ્વાયત્તતા છે. આપણા રાજ્યતંત્રના સમગ્ર યંત્રમાં કોઇ ઠેકાણે આપણા પોતાના કામમાં પણ આપણા અવાજને સ્થાન નથી.

૧૮૬૭ ના ઑગષ્ટની ૧૬ મી તારીખની એક મિનિટમાં રેલ્વે બાંધવાથી આપણા દેશને કેટલું નુકશાન થયું છે તેની લૉર્ડ લૉરેન્સે એક ગણત્રી કરી છે. એવી ગણત્રી કરવામાં આવે છે કે કમ્પનીઓને આઠ કરોડ દશ લાખ પાઉંડ ચાલતી રેલ્વેઓ માટે પૂરા પાડવા પડશે; તેમ સરકારને ૭૫ કરોડ જમીન, હુંડીનો બદલો અને દેખરેખ ખાતે, એક કરોડ ૪૫ લાખ વ્યાજની બેટમાં જમીનગીરી બદલ, તે ઉપજ બહારના; અને ૪૫ લાખ જમીનગીરી બદલ જે જે રકમો કરજ કરીને આપવી પડી તેના વ્યાજના.

જમીનગીરીની રીત આખરે છોડી દીધી. હિન્દુસ્તાનના ઉત્કર્ષને ઇતિહાસ લખનાર અધિકારી લખે છે કે રેલ્વેની મુખ્ય સડકો હવે પૂરી થઇ છે; અને જે સ્ટેટ રેલ્વે અત્યારે બંધાય છે અથવા જેની યોજના થાય છે તે ઘણે અંશે અવશિષ્ટ ભાગોમાં ફરી વળશે. અત્યારે હિન્દુસ્તાનમાં રેલ્વેની ૫૮૭૨ માઇલ લાંબી છે અને તેનું ખરચ ૬૭,૦૦,૦૦૦, (નવ કરોડ

શીત્તેર લાખ)પાઉંડ એટલે સરેરાશે માથલ એકના ૧૬૫૩૬ પાઉંડ આવ્યા છે. હવેકમ્પનીઓને વધારે કામ સોંપવાનું નથી તેથી રેલ્વે બાંધવાનું તમામ કામ સરકારના હાથમાં રહેશે. અત્યારે કલકત્તાથી મુલતાન અને મુંબઇથી મદ્રાસ સુધી સડકો નંખાઇ ગઇ છે. છેલ્લી સડક ૧૮૭૧ ના મે ની ૧ લી તારીખે પૂરી થઇ છે.

" ૩૧ મી માર્ચ સુધી જમીનગીરીની મુડી ૬૪૭૨૫૦૦૦ હતી જેમાંથી ૬૨૪૧૭૦૦૦ પાઉંડ ખરચાયા છે. સરકારે પોતે ૫૩૬૮૦૦૦ પાઉંડ ખરચ્યા છે એટલે સરવાળે રેલ્વેમાં ખરચેલી મુડી દશ કરોડ પાઉંડ ઉપર થવા જાય છે.

" પણ હવે રેલ્વે પૂરી થઈ ગઇ છે, એટલે હવે રેલ્વે બાંધવાના ખરચની ભારે રકમ બન્ધ થશે તેથી એ આપણી તીજોરીની સ્થિતિ સુધરવાનો સંભવ છે. "

ઉપરના લેખકે ભવિષ્યમાં રેલ્વે બાંધવામાં થતાં ભારે ખરચો બન્ધ થશે એમ ધારેલું છે પણ એની ધારણા જો સાચી નીવડી હત તો હિન્દુસ્તાનને માટે ઘણું સારૂં હતું. મુખ્ય સડકો પૂરી થયા પછી અને એક કરોડ પાઉંડનું ખરચ થયા પછી જો નાની સડકો બાનગી સાહસને અગષ્ટ સને ૧૮૭૪ થીજ સોંપવામાં આવી હત તો ઠીક હતું. એને માટે રાહ જોવામાં દેશને કંઇ હાનિ ન હતી; અને દેશની સંપત્તિ અને કરજ જોતાં થોડો વખત દમ પકડવાની જરૂર પણ હતી. પણ આમ થવાનું લખેલું ન હતું. હિંદી સરકારને બ્રિટિશ બજારમાંથી જે સરળતાથી નાણાં ઉછીનાં મળતાં તે સરળતા આપણને નાશકારક નીવડી અને ૧૮૭૪ પછી તો રેલ્વે ઉપર પ્રથમ કરતાં પણ વધારે ત્વરાથી ખરચ થવા લાગ્યું અને શતીનો અંત આવતા આવતામાં તો અઢાવનસેંને ઠેકાણે વીસ હજાર માઇલ લાંબી સડક નંખાઈ ગઇ હતી.

રેલ્વે દુષ્કાળના વખતમાં ખોરાકના સંવિભાગની મદદમાં આવી પણ તેમાં તેણે વધારો કર્યો નહીં. અનાવૃષ્ટિના વખતમાં અનાજમાં વધારો કરનાર

તો જલસંચયનાં કામો હતાં. તેથી હિન્દુ અને મુસલમાન બાદશાહતોએ જલસંચયનાં કામો ઉપર બહુ ધ્યાન આપેલું છે અને ઉત્તર હિન્દુસ્તાનમાં બંગાળા અને દક્ષિણમાં હજી તે જુનાં કામોની નીશાનીઓ મળી આવે છે. બ્રિટિશ રાજપુરૂષોએ કેટલીક આનાકાની પછી આ કામ માથે લીધું અને કમ્પનીના રાજ્યનું છેવટ આવતાં પહેલાં જે ફળ આવેલું તે ઉપર લખાઇ ગયું છે, પણ પોતાના દેશમાં નહેરો કરતાં રેલ્વેનો વધારે પરિચય હોવાથી બ્રિટિશ પ્રજા આ દેશને માટે નહેરોનાં કામની મહત્તા બરાબર રીતે સમજી શકી નહીં અને જે આતુરતાથી રેલ્વે લાઇનોના વધારા થયા તે આતુરતા નહેરોના વધારાને માટે ન હતી.

કાવેરી અને ગોદાવરીનાં નહેરોનાં કામોનો મોટો ઇજનેર સર આર્થર કોટન જલસંચાર અને માલ ખેંચવાના કામ માટે નહેરની આવશ્યકતા પૂરેપૂરી સમજતો અને પાર્લામેન્ટરી કમિટી આગળ તેણે કંઇક ક્ષન્તવ્ય અતિશયોક્તિથી કહ્યું કે " જ્યાં જ્યાં બહોળી વસતિ છે તે તમામ પ્રદેશોમાં તમે હિન્દુસ્તાનમાં નહેરો લઇ જઇ શકો છો. " નીચેના શબ્દોમાં એણે ઉપરનું સૂત્ર સમજાવ્યું.

મારૂં કહેવાનું એ છે જે હિન્દુસ્તાનને જલ માર્ગની જરૂર છે. રેલ્વે તદ્દન નિષ્ફળ નીવડી છે. રેલ્વે ધારેલે ખરચે ખેંચતી નથી. જથાના જથા રેલ્વેથી ખેંચાતા નથી, અને રેલ્વેને ટકાવી રાખવા સારૂ વર્ષે દહાડે ત્રીસ લાખ ખરચવા પડે છે અને તેથી પણ વધારે પડશે. રેલ્વેને માટે જે ખરચ થયું તેના કરતાં આઠમા ભાગનું ખરચ પણ આગબોટ લઇ જઇ શકે તેવી નહેરો ખોદવામાં ન થાત; સહેજસાજ ખરચમાં ગમે તેટલો જથ્થો તે ખેંચી શકત અને ગમે તેટલી ત્વરાથી; ત્રીજોરીમાંથી કંઇ પણ મદદ આપવાની જરૂર ન રહેત; અને જલસંચારની સુલભતા થવાથી એકા ક્રિયા દુષ્કરી થાત.

સર ચાર્લ્સ ટ્રેવેલ્યન અને લૉર્ડ લૉરેન્સ એ બે અધિકારીઓને પણ જળ-સંચયની મહત્તા સમજાઇ હતી. ટ્રેવેલ્યને લખેલું કે જલસંગ્રહનાં કામો એ હિન્દુસ્તાનનું સર્વસ્વ છે. જમીન કરતાં પણ પાણી વધારે કિંમતી છે, કારણ કે જ્યારે જમીન પાણીનો યોગ થાય છે ત્યારે જમીનની ફળદ્રુપતા છ ગણી થાય છે, અને સામાન્ય રીતે તો તેથી પણ વધારે; અને પાણી વિના જે મોટા પ્રદેશો કાંઇ પણ ન પકવે અથવા થોડું કજ પકવે તેવા પ્રદેશોને ફલાઢય કરી મૂકે છે. ”

વીસ વર્ષ સુધી લૉર્ડ લૉરેન્સ જલસંચયના કામોનો હીમાયતી હતો. દેશની જરૂરીયતોને માટે જલસંચયો રેલ્વે કરતાં અનન્ત ગણાં વધારે ઉપયોગનાં હતાં એમ તે સમજતો હતે, પણ આ વિષય તરફની સાધારણ અને અત્યંત ટાઢી ઉદાસીનતાની રહામે તેનાથી કાંઇજ થઇ શકયું નહિ. તેથી તેની કારકીર્દિમાં પણ રેલ્વેનું કામ ઝપાટાબંધ ચાલ્યું અને જલસંચય-નાં કામની ગતિ મંદજ રહી.

પણ એક બાબતમાં તો તે ખાસ કરીને મજબુત હતો. એ ફરજીયાત પાણીકર નાંખવાની વિરૂદ્ધ હતો અને તેણે તે ન નાંખ્યો. ખેડુત લોક જો પાણી લે તો કર આપે, અને પાણી લેવું ન લેવું એ એમની મુનસફી ઉપર રાખતો; મને ગમે તેટલી ઇચ્છા હોય તોપણ હું જોર ન કરૂં એ વાત હા, પણ કરીને પછી લોક ઉપર પાણી લેવાની ફરજ પાડુ એ મારાથી ન બને. ”

જેમ જેમ ખાનગી કમ્પનીઓને હાથે જમીનગીરીની રીતે રેલ્વેનું કામ લેવાનું બન્ધ થયું, તેમ તેમ રાજ્યમાંથી તે બાબતનું ખરચ વર્ષોવર્ષ વધવા માંડયું. બીજી તરફ પાણી કામો પ્રથમથીજ રાજ્યેજ હાથમાં લીધાં હતાં, અને તેથી તે બાબતમાં થયેલું તમામ ખરચ રાજ્યેજ કરેલું હોવાથી રાજ્યના આંકડાજ એ ખરચ બતાવવાને પૂરતા છે.

ઉપજ સિવાયનાં બીજાં નાણાંમાંથી રેલ્વે અને પાણીકામ ઉપર થયેલા ખરચના આંકડા નીચે આપ્યા છે:—

વર્ષ માર્ચ સુધી.	રાજ્ય રેલ્વે. £	પાણી કામ. £
૧૮૭૦	૭૪૩૮૬૨	૨૬૯૫૪૬૫
૧૮૭૧	૪૪૯૩૭૨	૭૧૮૪૩૮
૧૮૭૨	૬૪૪૬૨૦	૬૮૩૮૫૪
૧૮૭૩	૧૪૧૩૬૪૯	૭૭૦૬૨૦
૧૮૭૪	૨૩૫૪૬૨૫	૧૧૬૮૬૮૨
૧૮૭૫	૩૦૧૪૧૮૦	૧૨૩૫૩૬૧
૧૮૭૬	૩૧૬૫૧૮૪	૧૧૦૫૪૪૫
૧૮૭૭	૨૮૬૫૮૬૧	૬૪૩૪૨૩
૧૮૭૮	૩૬૮૪૬૬૮	૮૦૬૦૮૪
૧૮૭૯	૩૩૨૭૮૮૮	૭૬૪૬૫૪
૧૮૮૦	૨૬૮૦૪૬૩	૫૬૮૮૩૭
કુલ.	૨૪૬૪૪૭૦૨	૧૧૮૫૧૬૩

માર્ચ ૧૮૮૦ સુધી જમીનગીરીવાળી રેલ્વે કમ્પનીઓએ અને ૨ જ્યે મળીને ૧૨૫૦૦૦૦૦૦ બાર કરોડ પચાસ લાખ પાઉંડ સડકો બાંધવામાં વાપર્યા હતા, ત્યારે પણ કામ ઉપર એક કરોડ વીસ લાખ સુધી પણ પહોંચ્યા નહતા; બે જાતનાં કામો વચ્ચે આ મોટા તફાવતે સર આર્થર કોટનને ઉશ્કેર્યા હતા; અને ૧૮૭૭ ના ભયંકર દુષ્કાળ પછી હિન્દુસ્તાનની રાજ્યનીતિની અકલ્પાણકારીતા ઉપર બ્રિટિશ જન મંડળનું ધ્યાન ખેંચવાની તેમણે તક લીધી.

બ્રિટિશ વેપારીઓ અને કારખાનદારોને કંઈ સંબંધ ન હોવા તેના આપણા દેશના આર્થિક પ્રશ્નો ઉપર ઈંગ્લંડમાં જાહેર ધ્યાન ખેંચાતું નથી. સર આર્થર કોટને મનુષ્ય જેટલું કરી શકે તેટલું બધું હિન્દમાં જાહેરોના સવાલો ઉપર બ્રિટિશ જન સમાજનું ધ્યાન દોરવાને માટે કર્યું હતું. અને ગોદાવરી અને કાવેરીના મોટા કામોમાં એણે એની બાવડાંકિ સિદ્ધિ બતાવી આપી હતી તેમ છતાં જો જોન બ્રાઇટની સહાનુભૂતિ સંપાદન ન કરી શકયો હોત તો તે મરતાં સુધી કાંઈ પણ કરી શકયો નહત. પણ આ ગૃહસ્થ તે વખતના એક અગ્રગણ્ય અંગ્રેજ આથર કોટનની મદદે આવ્યો.

૧૮૭૮ ના જાન્યુઆરી માસમાં મેન્ચેસ્ટરમાં એક મોટી સભા રૂબરૂ સર આર્થર કોટનને ત્રણ કરોડ પાઉંડને ખરચે આખા હિન્દુસ્તાનમાં જાહેરો ખોદવાની એક યોજના રજુ કરી અને જોન બ્રાઇટે તેને ટેકો આપ્યો. આથી અધિકારીઓના મનમાં ડખકો પડયો. જોન બ્રાઇટની અવગણના થઇ શકે તેમ નહતું. જે હીમતવાન યોજનાને એનો ટેકો હતો તેનો અનાદર કર્યો પોસાય તેમ નહતું. દસ કરોડ ઉપરની રકમ રેલ્વે ઉપર ખરચી હતી અને અંગ્રેજો તે સમજી શકતા હતા, પણ અંગ્રેજો જલ સંચારના કામને સમજી શકતા નહતા; અને તેમને તો તે પાછળ ત્રણ કરોડ પાઉંડ ખરચવા એ નાણાંનો દુરુપયોગ કરવા જેવું લાગ્યું. સાધારણ

અંગ્રેજને આખા હિન્દુસ્તાન માટે ન્હેરોનું કામ હાથમાં લેવાનું અંધારામાં કુદકો મારવા જેવું લાગ્યું.

લૉર્ડ જ્યોર્જ હેમિલ્ટન તે વખતે ત્રીસબત્રીસ વરસની ઉમરના હતા અને હિન્દુસ્તાન ખાતાના અંડર સેક્રેટરી હતા તેમણે પોતાનો ભય એક ભાષણમાં દર્શાવ્યોઃ—

" બે નદીઓ વચ્ચેના પ્રદેશ સિવાય બીજી બધી જગાએ આવાં કામો નિષ્ફળ ગયાં છે, તે વાત ધ્યાનમાં લેતાં આવી પ્રસિદ્ધ વાતો પાછળ રાખીને આવાં મોટાં ખરચ માથે લેવાને સરકારને ફરજ પાડવાની આ હીલચાલને ટેકો આપવા એ દેખીતું ખોટું છે. " અને " બર્મિંગહામના પ્રતિનિધિ જેવા પ્રખ્યાત રાજપુરૂષે સર આર્થર કોટનને ટેકો આપ્યો એથી હું ખાસ કરીને દીલગીર છું. એ મહાપુરૂષની વાગ્મિતા એવી છે કે તે કદી પણ જનસમાજના મનને અસર કર્યા વિના રહેતી નથી. "

આવા પ્રશ્નને પક્ષની લાગણીઓથી જોવાની રીત સ્હામે ફ્રાંસેટે પણ વાંધો ઉઠાવ્યો.

" તે પછી પાર્લમેન્ટમાં કેટલાંક ભાષણો થયાં જોન બ્રાઇટે કમિટી નીમવાના પક્ષમાં મજબુત દલીલો કરી; સર જ્યોર્જ કેમ્પબેલે વિરૂદ્ધ પક્ષ ગ્રહણ કર્યો અને સર આર્થર કોટનની મશ્કરી કરી પણ સર જોર્જ બોલ્ફુરે સર આર્થર કોટનને મોટી સાબાશી આપી અને તેની બુદ્ધિને માટે, તેની પરોપકાર વૃત્તિ માટે તેની યોજનાઓની કલ્યાણકારિતાને માટે ઘણાં વખાણ કર્યાં. આખરે કમિટી નીમાઈ. લૉર્ડ જ્યોર્જ હેમિલ્ટન એ કમિટીના અધ્યક્ષ થયા. બાર સાક્ષીઓ તપાસ્યા, જેમાં લૉર્ડ નોર્થબ્રુક, લૉર્ડ નેપિયર અને વિલ્યમ મૂર પણ હતા. સર આર્થર કોટન સહુથી વધારે અગત્યના સાક્ષી હતા.

સર આર્થર કોટને શરૂઆતમાં રેલ્વેનો હીસાબ રજુ કર્યો.

રેલ્વે કામનું ખરચ. ૧૧૨,૦૦૦,૦૦૦

જમીનની કિંમત.	૮,૦૦૦,૦૦૦
અત્યારનું કરજ.	૫,૦૦૦,૦૦૦
કુલ.	૧૭૦,૦૦૦,૦૦૦

આટલા બધા ખરચ માટે ૭૫૦૦ માઇલ રેલ્વે બન્ધાઇ છે. માર્જિન દીઠ ૨૩૦૦૦ પાઉંડનું ખરચ આવે છે. વાર્ષિક ખરચ આના ઉપર મુડી અને કરજ ઉપર વ્યાજ સુદ્ધાંત ૭૫ લાખ–પોણો કરોડ છે. જેમાંથી કુલ ઉપજ ૪૫ લાખ બાદ કરતાં ત્રીસ લાખ પાઉંડની વાર્ષિક ખોટ છે.

હવે પાણીકામમાં તુંગભદ્રાના જલાશયો સુદ્ધાંત બધું મળીને ૧૬૦૦૦,૦૦૦ એક કરોડ સાઠ લાખનું ખરચ કર્યું છે. બારી દોઆબ, ગંગાનદી અને બીજાં પાણીકામો સ્હામે વ્યાજનું જે ખરચ આવે છે તે અને તેથી કાવેરી, કૃષ્ણા અને ગોદાવરીનાં કામોમાં નફો આવે છે, વળી તે ઉપરાંત ૫૦ લાખનો નફો સમગ્ર પાણીકામ ઉપર રહે છે; એટલે આ ૫૦ લાખ બાદ કરીએ તો ૧૧૦૦૦૦૦૦ એક કરોડ દશ લાખ રૂપીઆ ખરચના આવે; તે ઉપર ચાર ટકા લેખે વ્યાજ ગણીએ તે પાંચ લાખ થાય; અને એ તથા ચાલુ ખરચ બાદ કરતાં પરિણામે, પાણી કામોથી તીજોરીને પાંચ લાખનો નફો રહે.

પણ સર આર્થર કોટનની મોટી દલીલ એ હતી કે રેલ્વે દુષ્કાળના રક્ષણ રૂપ નથી. "હું ધારૂં છું કે આપણે એમ ગણવું જોઇએ કે મદ્રાસ, મ્હૈસૂર, હાઇદ્રાબાદ અને મુંબઇ એ બધે ગણીને ચાર કરોડ માણસ ઉપર દુકાળની અસર હતી; તેમાંથી રેલ્વે ઉપર બાર કરોડ પાઉંડનું ખરચ કરીને અને ૫ કરોડ પાઉંડનું કરજ કર્યા પછી પણ ચાળીસથી પચાસ લાખ માણસ મરી ગયાં. રેલ્વે માણસ કે પશુ માટે ખોરાક ઉત્પન્ન કરી શકતી નથી. જોઇએ તેટલી સસ્તા ભાવે ખેંચતી નથી. ખરચ અને કરજ ઉપર વ્યાજ પણ પૂરૂં આપી શકતી નથી. દેશનાં પાણીને યોગ્ય રીતે વહેવરાવી

શકતી નથી અને લોકને પીવાનાં પાણી પણ પૂરાં પાડી શકતી નથી. અને આ બધું ન્હેરોનાં કામોથી થયું અને થઈ શકે છે.

ત્યારે જલસંચાર અને નૌકા માર્ગ માટે ન્હેરો કેમ વિસારે મૂકવામાં આવે છે? જો આ ન્હેરોથી ખેંચાણને માટે સસ્તો બંદોબસ્ત થઇ શકે છે તો સરકાર એ કામ કેમ માથે લેતી નથી?

બર્મિંગહામના એક શરાફ સેમ્સન લૉયડ-જે કમિટીનો એક સભાસદ હતો તેણે પૂછ્યું. "કોઇ પણ માણસ સસ્તા ખેંચાણથી કેમ ડરતો હશે તે હું સમજવા માગું છું."

જ૦ કારણ કે તેથી રેલ્વેનું નાક કપાઇ જાય, એજ એક કારણ છે. ઇસ્ટનું બંગાલ રેલ્વેની સાથે સાથે ચાલતી એક ન્હેરનો જરા વિચાર કરો. રેલ્વે જ્યારે બે લાખ ટન માલ લઇ જાય ત્યારે ન્હેર વીસ લાખ ટન લઇ જાય અને માલ અને મુસાફરથી ઉભરાઇ જતી હોય. રેલ્વેને કેવું ભયંકર અપમાન!

સર આર્થરના નિશ્ચયના વેગનો આ ઉત્તર યોગ્ય દાખલો છે પણ એના કહેવામાં સત્ય હતું. હિન્દુસ્તાનની સસ્તા ખેંચાણની સાથે જલસંચારની જરૂરીઆતનો અંગ્રેજ લોકોને ખ્યાલ નહતો. ત્વરાથી સ્થલાન્તર કરવાની સગવડ કરતાં અનાવૃષ્ટિના સમયમાં મોલાત પેદા કરવાની કેટલી જરૂર આપણા દેશમાં છે તેનો સાક્ષાત્કાર અંગ્રેજોને કયાંથી હોય? વ્યવહારના ધોરી માર્ગો ઉપર રેલ્વેની સડકો નાંખ્યા પછી, રેલ્વેની સાથે સ્થલાન્તરના સાધન તરીકે હરીફાઇ કરી શકે એવી ન્હેરોનું બનાવવાનું સાહસ કરવામાં સરકાર આંચકો ખાય એ સ્વાભાવિક છે, કારણ કે સરકારની જમીનગીરી વાળી કમ્પનીઓનો અને સરકારની પોતાની રેલ્વેઓનો નફો ઓછો થવાનો સંભવ હતો. કુદરતે તો આપણા દેશમાં નૌકામાર્ગ તરીકે કામમાં આવે એવી મોટી નદીઓ પૂરી પાડી છે, અને તે નદીઓ પરાપૂર્વથી વેપારના મુખ્ય માર્ગો છે.

અને આવી નદીઓથી પોષણ પામતી ન્હેરો લોકની જરૂરીઆતોને વધારે બંધબેસતી થાય. જરાક ધીમાશથી પણ સસ્તે ભાડે સ્થલાન્તર કરવામાં એ વધારે ઉપયોગમાં આવત, અને તેનીજ સાથે પેદાશ વધત, પાક નિર્ભય થાત, અને દુષ્કાળ દૂર થાત. પણ અંગ્રેજોએ ભૂતોલના અજ્ઞાનથી ભૂલ કરી. પોતાના દેશમાં એમને ઝાઝી ન્હેરોની જરૂર ન હતી, એટલે હિન્દુસ્તાનમાં ન્હેરો ઉપર એમણે પૂરતું લક્ષ આપ્યું નહિ.

આર્થર કોટને મુખ્ય નૌકામાર્ગ આટલા બતાવ્યા. "કલકત્તાથી કરાંચી; (ગંગાને રહામે વેણે, અને સિન્ધુના વેણેવેણે) કોકોનદથી સુરત (ગોદાવરીને રહામે વેણે, અને તાપીને વેણે વેણે) તુંગભદ્રાને રહામે વેણે અરબી સમદ્ર ઉપર. (૪) પેન્નાન્ગને રહામે વેણે પાલઘાટ અને કોઇમ્બતુર આગળ."

નૌકામાર્ગને માટે ન્હેરોના ફાયદાના સંબંધમાં બીજા સાક્ષીઓએ આર્થર કોટનના જેટલાજ ઉત્સાહ પૂર્ણ શબ્દોમાં સાક્ષ્ય પૂરી, અને તેમણે બતાવી આપ્યું કે લૉર્ડ જૉર્જ હેમિલ્ટન જેને 'નિષ્ફળ' કહેતા હતા તે ન્હેરો નિષ્ફળ નહતી. સર વિલ્યમ મૂર જે ઉત્તર હિન્દુસ્તાનનો લે. ગવર્નર હતો અને તે વખતે આપણો કોશમન્ત્રી હતો તેણે કહ્યું કે,

"ગંગા અને જમનાની ન્હેરોના મોટા ફાયદાની બાબત મેં જોઇએ તેટલા ભારથી મૂકી નથી. એ ન્હેરો જે પ્રદેશોમાં થઇને જાય છે એ પ્રદેશ ઉપર તે ન્હેરોએ જે આબાદી વર્ષાવી છે તે સામાન્ય દૃષ્ટિએજ ઘણી ઠેઠ દીઠી છે; અને જેટલા અંશમાં લોકો દુષ્કાળના ભૂખમરાથી અને સંકટથી બચે છે તેટલા અંશમાં દેશને જે લાભ થયો છે તે ગણત્રી થઇ શકે એમ છેજ નહીં. વળી જમાની વધુલાત, જે ન્હેરોને અભાવે કાંતો બકાલમાં રહેત અથવા હમેશજ માટે જત–એનો લાભ પણ ન્હોટો છે અને વળી દુષ્કાળને પાત્ર એક દેશ અવનતિમાં પડતાં બચે છે, એટલે દુષ્કાળથી બીજી

અસરો જે દુષ્કાળ જાય પછી પણ ઘણાં વર્ષો સુધી ચાલે છે તેથી અસરોમાંથી બચે છે એ પણ લાભજ છે. સમગ્ર રીતે દેશઆબનો સુધારો વધારો આ નહેરોનેજ આભારી છે; અને એ વાત એવી છે કે જે નાણાં સંબંધી નજરની વાત એકવાર બાજૂ ઉપર મૂકીએ તોપણ વિસ્મરવા જેવી નથી; અને જલસંગ્રહથી નૌકામાર્ગ કરવાના સવાલનો વિચાર કરતી વખત અવશ્ય ધ્યાનમાં લેવા જેવી છે."

પણ લૉર્ડ જૉર્જ હેમિલ્ટનની કમિટી આ સવાલની આવી મહત્તા સમજી શકી નહિ. નાણાં સંબંધી તાત્કાલિક ફળની વાત ઉપરજ એમનું ધ્યાન ગયું. આ સિલેક્ટ કમિટીના રિપોર્ટમાંથી થોડીક કલમો નીચે આપી છે.

"સર આર્થર કોટન રેલ્વેની તમામ યોજનાઓને એકદમ લટકતી રાખવાની ભલામણ કરે છે. પણ આવતાં દશ વીસ વર્ષમાં વર્ષોવર્ષ એક કરોડ પાઉન્ડ પાણી કામ ઉપર ખરચવાનું કહે છે અને ઘોરી નહેરો નૌકા માર્ગ તરીકે કામમાં આવે એવી મહોટી નહેરો બાંધવાની સૂચના કરેછે. આટલા ખરચથી એ એવો અંદાજ કાઢે છે કે ત્રણ કરોડ પાઉંડને ખરચે દશ હજાર ઘોરી નહેરો બંધાશે; જે ગીચ વસ્તીવાળા પ્રદેશોમાંથી પસાર થઇ શકશે; અને આ મોટી રકમનો અવશિષ્ટ ભાગ આ ઘોરી નહેરોની આસપાસ નાની નહેરો બાંધવામાં રોકવાની એમની ભલામણ છે.

"સર આર્થર ધારે છે કે આવું ખરચ સરકારને સારી ઉપજ આપશે, પરંતુ આપની કમિટી આ નિર્ણયનાં સાધનો સમજી શકી નથી. કારણ કે શા વ્યાજથી નાણાં મળી શકશે એ વાતનો વિચાર કરવાનું પોતાનું કામ છે એમ સર આર્થર ધારતા નથી; એટલુંજ નહિ પણ આવું મોટું કામ આખા હિન્દુસ્તાનમાં એકી વખતે હાથમાં લીધાથી માલ અને મજુરીના ભાવો વધશે એ વાત પણ એમના અંદાજમાં એમણે ગણત્રીમાં લીધી હોય એમ જણાતું નથી.

" આ રિપોર્ટમાં આપેલા આંકડા ઉપરથી સમજાશે કે અત્યંત ભારી-કીથી નક્કી કરેલી જળસંગ્રહની યોજનાઓમાંની ઘણી થોડીજ વ્યાજ પેદા કરે એવી નીવડી છે, અને સર આર્થર કોટન પોતેજ પોતાની જુબાનીમાં સવાલના જવાબમાં લખાવે છે કે છેલ્લાં વીશ વર્ષમાં મદ્રાસના દુકાળ સિવાયની બીજી કોઇ પણ મોટી યોજનાઓ હજુ સુધી વ્યાજ પેદા કરતી નથી.

" આપની કમિટીનો સ્પષ્ટ નિર્ણય એ છે કે આ યોજના મોટી છે. રાક્ષસી પરિમાણની છે પરંતુ તે એટલી બધી હવાઇ અને સાહસિક છે કે આપના ધ્યાન ઉપર લાવવાને યોગ્ય નથી. સિવાય કે નિશ્ચયાત્મક રીતે રદ કરવા સારૂ. "

આ ઉતારા ઉપરથી સમજાશે કે સિલેક્ટ કમિટી મદ્રાસ દુકાળની યોજનાજ માત્ર સફલ ગણે છે અને સાંકડી નજરે ગંગા અને જમનાની નહેરો, જેણે લોકને સુખી કર્યા છે, દુકાળને અટકાવ્યા છે, અને અનાવૃષ્ટિના વરસોમાં જમાતા નુકસાનથી સરકારને ઉગારી છે, તે યોજના નિષ્ફળ ગણે છે.

અહીં લક્ષમાં લેવા જેવું છે કે લૉર્ડ જૉર્જ હેમિલ્ટનની કમિટીએ આ પ્રમાણે રિપોર્ટ કર્યો તે પછી, મદ્રાસના દુકાળ કમિશને બધા સવાલની નવેસરથી આ દેશમાં તેમજ ઇંગ્લંડમાં પહલતિસર તજવીજ કરી અને ફ્રેમિન કમિશન ઉપરના નિર્ણયથી તદન વિરૂદ્ધ નિર્ણય ઉપર આવ્યું: અને તે પણ તાત્કાલિક ફલના અને પાણી કામોના બીજા મોટા નફાના મુદ્દા ઉપર એ બન્ને વિષયમાં ફ્રેમિન કમિશને લખ્યું કે, પરિણામ એ જણાય છે કે રોકાયેલાં નાણાં ઉપર પ્રત્યક્ષ વ્યાજની બાબતમાં, રાજ્યને મોટો લાભ છે; અને તે સાધારણ વર્ષોમાં લોકની લક્ષ્મીમાં વધારો કરવાની અને અનાવૃષ્ટિના કાળમાં દુષ્કાળનું કષ્ટ અટકાવવાની અને નિવારવાની એની મોટી કિમ્મત ઉપરાંત...

અને રેલ્વે અને પાણી કામ બન્નેનું ખરચ જેને આપવાનું હતું તે હિન્દુસ્તાનના લોકોને, પૂછવામાં આવ્યું હોત તો સર આર્થરની બન્ને

દરખાસ્તોને ટેકો આપત. સર આર્થરની યોજનાઓ બેશક હવાઈ અને સાહસિક હતી, કારણ કે એના જેવા બુદ્ધિશાલી અને આપણા દેશના અનુભવવાળા પુરૂષની પણ ઈંગ્લંડમાં ઘડેલી યોજનાઓ સ્વાભાવિક રીતેજ સાપેક્ષ હોય. પણ બારીકાઈથી તપાસ કરી હોત તો આ યોજનાઓ કેટલે અંશે વ્યવહાર્ય અને લાભકારક નીવડે એવી હતી તે સમજી શકાત. અને પચીસ વર્ષ ઉપર આવાં કામો બન્ધ થાં હોત તો સૈકાનાં છેલ્લાં વર્ષોના દુકાળોની મહી અસરોમાંથી આપણો દેશ બચત. પણ લૅર્ડ જૅર્જ હૅમિલ્ટનની કમિટીએ–નિર્ણય આપી દીધો હતો. અને સર આર્થર કોટનની દીર્ઘ દૃષ્ટિ અને જોન બ્રાઇટની મદદે ઉત્પન્ન કરેલો સંયોગ હાથથી ગયો તે તે સૈકામાં તો પાછો આવ્યોજ નહિ.

પ્રકરણ ૬ ઠું.

રાજ્ય કૈાશ અને રાજ્યનું કરજ.

૧૮૫૮ અને ૧૮૭૭ ની વચ્ચે વાર્ષિક હિસાબ પ્રસિદ્ધ કરવાની રીતમા વખતોવખત ફેરફારો થયા હતા. ૫૯-૬૦ માં પાર્લમેન્ટ આગળ રજુ કરેલા હિસાબમાં જગીનજીરીની રેલ્વેની મુડીનું વ્યાજ પહેલવહેલું વાર્ષિક ઉપજ ખાતે ઉધારવામાં આવેલું જોવામાં આવે છે.

૧૮૬૭-૬૮ માં મોટા ફશાલી કામો કરજે લીધેલાં નાણાંમાંથી બાંધવાની અને આવી રીતે કરજે લીધેલાં નાણાં હીસાબમાં, સાધારણ ઉપજમાં અને તેનો જે ઉપયોગ થાય તે સાધારણ ખરચમાં નહિ બતાવવાની પદ્ધતિ મંજુર થઇ. લૅાર્ડ મેયોની કારકીર્દિમાં જે સીલીક બતાવવામાં આવી હતી

તે આવી રીતે હીસાબ માંડીને. કરજે લીધેલાં નાણાંનું એક જુદું ખાતું પાડી તેમાં તે નાણાં જમે કરવામાં આવ્યાં હતાં અને તે કરજનું વ્યાજજ ચાલતા ખરચમાં દાખલ કરવામાં આવ્યું હતું.

૧૮૭૦–૭૧ માં લૉર્ડ મેયોની અધિકાર વિભાગની યોજના પ્રમાણે પ્રાન્તિક સરકારોને અમુક રકમ આપવાની અને તે રકમમાંથી તેમણે અમુક ખરચ કાઢવાની રીત દાખલ થઈ. તે વર્ષમાં ૨૦૦૦૦૦ બે લાખ પાઉંડ પ્રાન્તિક સરકારોને ચલુ સીલીક આપવા માટે પહેલવહેલા આપ્યા હતા. પણ ૧૮૭૧–૭૨ થી ૧૮૭૫–૭૬ સુધી સાડા છ લાખની રકમ જમા અને ખરચની બાજુમાંથી કાઢી નાંખવામાં આવી અને પાંચ લાખ પાઉંડની રકમ પ્રાન્તિક સરકારોનો ફાળો એ મથાળા નીચે જુદી બતાવવામાં આવી હતી.

૧૮૭૧-૭૨ થી ચોખ્ખી ઉપજની રકમ કાઢી નાંખી હતી અને ઉપજ એકઠી કરવાનાં ખરચો ખરચ ખાતે બતાવ્યાં.

૧૮૭૬–૭૭ માં પ્રાન્તિક સરકારના ફાળાની રકમો બતાવવાની રીત ફેરવાઈ તેજ વર્ષથી પ્રકરણીલ જાહેર બાંધકામોની ઉપજનું એક ખાતું પાડયું અને તેની રહામે રકમોનું વ્યાજ અને ચાલુ ખરચ બતાવ્યું.

૧૮૭૭-૭૮ માં પ્રાન્તિક કરનું એક નવું ખાતું પાડયું; અને તેમાં જમીન ઉપર જે આસ નવો કર નાંખવામાં આવ્યો હતો તે દાખલ કર્યો. લોકલ ફન્ડની રકમો જે પહેલાં જુદા મથાળા નીચે બતાવવામાં આવતી હતી તે હવે લોકલ ફન્ડની બાબત સામાન્ય ઉપજમાં સમાવેશ કરવામાં આવી અને તેજ રીતના ફેરફાર ઉધાર બાજુમાં પણ કર્યા.

નીચેના આંકડા આંકડા પત્રકોમાંથી લીધેલા છે:—

ઉપજના ખાતામાં જમીનની ઉપજ જુદી બતાવી છે અને ખરચના ખાતામાં ઈંગ્લંડનું ખરચ જુદું બતાવ્યું છે.

વર્ષ.	જમાની ઉપજ. £	કુલ ઉપજ. £	ઇંગ્લંડમાં ખરચ. £	કુલ ખરચ. £
૧૮૫૮–૫૯	૧૮૧૨૩૬૫૮	૩૬૦૬૦૭૮૮	૭૪૬૬૧૩૬	૫૧૦૫૬૯૩૦
૧૮૫૯–૬૦	૧૮૭૫૭૪૦૦	૩૬૭૦૫૮૨૨	૭૨૩૬૪૫૧	૫૧૮૬૧૭૨૦
૧૮૬૦–૬૧	૧૮૫૦૮૬૬૧	૪૨૬૦૩૨૩૪	૭૭૪૫૮૪૮	૪૮૧૫૪૦૮૭
૧૮૬૧–૬૨	૧૬૬૮૪૬૬૮	૪૩૮૨૬૪૭૨	૭૬૨૪૪૭૬	૪૪૮૭૦૨૬૨
૧૮૬૨–૬૩	૧૬૫૭૦૧૪૭	૪૫૧૪૩૭૫૨	૭૨૫૨૩૧૭	૪૪૦૫૩૧૨૨
૧૮૬૩–૬૪	૨૦૩૦૩૪૨૩	૪૪૬૧૩૦૩૨	૬૮૬૪૨૩૪	૪૪૬૮૨૦૦૬
૧૮૬૪–૬૫	૨૦૦૬૫૦૬૧	૪૫૬૫૨૮૬૭	૬૬૬૮૭૭૦	૪૬૪૫૦૬૬૦
૧૮૬૫–૬૬	૨૦૪૭૩૮૬૭	૪૮૬૩૫૨૨૦	૬૨૧૧૧૭૮	૪૭૩૩૨૧૦૨
૧૮૬૬–૬૭ (૧૧ માસ)	૧૬૧૩૬૪૪૬	૪૨૧૨૨૪૩૩	૭૫૪૫૫૧૮	૪૪૬૩૬૬૨૪
૧૮૬૭–૬૮	૧૬૬૮૬૬૪૦	૪૮૫૩૪૪૧૨	૮૪૬૭૬૨૨	૫૦૧૪૪૫૬૯
૧૮૬૮–૬૯	૧૬૬૨૬૧૭૧	૪૬૨૬૨૬૬૧	૧૦૧૮૧૭૪૭	૫૩૪૦૭૩૩૪
૧૮૬૯–૭૦	૨૧૦૮૮૦૧૬	૫૦૬૦૧૦૮૧	૧૦૫૬૧૦૧૩	૫૩૩૮૧૦૨૬
૧૮૭૦–૭૧	૨૦૬૨૨૮૨૩	૫૧૪૧૩૬૮૬	૧૦૦૮૩૦૦૪	૫૧૬૮૫૦૬
૧૮૭૧–૭૨	૨૦૫૨૦૩૩૭	૫૦૧૧૦૨૧૫	૬૮૫૦૬૧૨	૪૮૬૧૪૫૧૨

૧૮૭૨–૭૩	૨૧૩૪૮૬૬૯	૫૦૨૧૯૪૮૯	૧૦૫૪૭૯૦૮	૫૦૬૩૮૩૮૬
૧૮૭૩–૭૪	૨૧૦૩૭૯૧૨	૪૯૫૯૮૨૫૩	૧૦૨૬૫૫૫૭	૫૪૯૫૯૨૨૮
૧૮૭૪–૭૫	૨૧૨૯૬૭૯૩	૫૦૫૭૦૧૭૧	૧૦૬૦૪૯૯૮	૫૪૫૦૦૫૪૫
૧૮૭૫–૭૬	૨૧૫૦૩૭૪૨	૫૧૩૧૦૦૬૩	૯૮૯૮૬૮૩	૫૩૯૧૧૭૪૭
૧૮૭૬–૭૭	૧૯૮૫૭૧૫૨	૫૫૯૯૫૭૮૫	૧૩૪૬૭૭૬૩	૫૮૧૭૮૫૬૩

ઉપરના આંકડાથી જણાશે કે આપણા દેશની કુલ ઉપજ અઢાર વર્ષમાં ૧૮૭૫–૭૬ સુધીમાં ત્રણ કરોડ સાઠ લાખથી વધીને પાંચ કરોડ દસ લાખ સુધી પહોંચી હતી અને ઇંગ્લંડનું ખરચ પોણા કરોડથી એક કરોડ સુધી પહોંચી ગયું હતું.

તે પછી ૭૬–૭૭ નું વિલક્ષણ વર્ષ આવ્યું. તે વર્ષમાં મદ્રાસના દુકાળને લીધે ઉપજમાં ખોટ હતી. કુલ ઉપજ અને કુલ ખરચના આંકડાઓમાં જે આકસ્મિક વધારા દેખાય છે તે ફલશીલ કામોનું વ્યાજ અને ઉપજનો સમાવેશ કર્યાથી દેખાય છે. રેલ્વેની ચોખ્ખી ઉપજ પણ એ વર્ષમાં ઉપજમાં બતાવવામાં આવી છે; અને જમીનગીરીનાં વ્યાજ અને નફો જે કમ્પનીઓને આપ્યો તે ખરચની બાજુમાં બતાવ્યાં છે.

આપણું કુલ કરજ ૧૮૫૬–૫૭ ના બળવા પહેલાં ૫૬૫૦૦૦૦૦ અને તે પછીના વર્ષમાં ૬૯૫૦૦૦૦૦ ઉપર પહોંચ્યું. અને બળવો સમાવવાનું આખું ખરચ હિન્દુસ્તાન ઉપર નાંખવામાં આવ્યું તેથી ૧૮૬૦ માં દસ કરોડ ઉપર કરજ પહોંચી ગયું તે પછી રેલ્વે બાંધવાનું કામ રાજ્યે હાથમાં લીધું એટલે કરજે લીધેલાં નાણાંથી એશીકરાઇથી રેલ્વેનું કામ વધવાજ માંડયું અને જાહેર કરજ ઝપાટાબંધ ચઢતું ગયું.

વર્ષ.	હિન્દુસ્તાનમાં કરજ £	ઇંગ્લંડમાં કરજ. £	કુલ. £
૧૮૫૮–૫૯	૬૬૦૮૨૦૩૧	૧૫૦૮૬૨૭૭	૮૧૧૭૧૩૦૮
૧૮૫૯–૬૦	૭૧૬૬૬૪૬૦	૨૬૧૩૮૦૦૦	૬૮૧૦૭૪૬૦
૧૮૬૦–૬૧	૭૧૬૭૧૦૮૧	૨૬૬૮૬૦૦૦	૧૦૧૮૭૭૦૮૧
૧૮૬૧–૬૨	૭૨૪૧૮૮૫૬	૩૫૦૬૫૩૦૦	૧૦૭૫૧૪૧૫૬
૧૮૬૨–૬૩	૭૨૬૫૬૧૩૫	૩૧૮૩૬૧૦૦	૧૦૪૪૬૫૨૩૫
૧૮૬૩–૬૪	૭૨૨૦૭૬૪૫	૨૬૩૧૦૫૦૦	૬૮૫૧૮૨૧૪૫
૧૮૬૪–૬૫	૭૨૩૫૨૪૫૫	૨૬૧૨૫૧૦૦	૬૮૪૭૭૫૫૫
૧૮૬૫–૬૬	૭૧૪૩૭૨૫૧	૨૬૬૪૬૪૦૦	૧૬૮૩૮૩૬૫૧
૧૮૬૬–૬૭	૭૨૫૨૬૮૧૫	૨૬૫૩૮૦૦૦	૧૦૨૦૬૪૮૧૫
૧૮૬૭–૬૮	૭૧૨૮૬૧૧૧	૩૦૬૭૦૦૦	૧૦૧૬૮૬૧૧૧
૧૮૬૮–૬૯	૭૧૧૬૮૨૮૬	૩૧૬૭૭૬૦૦	૧૦૨૮૬૬૧૮૬
૧૮૬૯–૭૦	૭૨૬૮૬૬૩૮	૩૫૧૬૬૭૦૦	૧૦૮૧૮૬૩૩૮
૧૮૭૦–૭૧	૮૧૩૭૨૮૫૬	૩૭૬૨૭૬૬૭	૧૧૬૦૦૦૪૭૬
૧૮૭૧–૭૨	૮૨૭૫૪૮૪૧	૩૬૦૧૨૬૧૭	૧૨૧૭૬૭૪૫૮

૧૮૭૨-૭૩	૮૨૪૮૪૪૭૬	૩૬૦૧૨૬૧૭	૧૨૧૪૬૭૦૭૩
૧૮૭૩-૭૪	૮૧૮૩૭૦૪૩	૪૦૧૧૭૬૧૭	૧૨૨૬૫૪૬૬૦
૧૮૭૪-૭૫	૮૧૭૩૮૫૬૪	૪૮૫૬૭૦૩૩	૧૩૦૩૩૫૫૬૭
૧૮૭૫-૭૬	૮૪૭૫૬૭૭૬	૪૬૭૬૭૦૩૩	૧૩૪૫૫૬૮૬૬
૧૮૭૬-૭૭	૮૩૫૩૭૬૬૨	૫૫૩૬૭૦૩૩	૧૩૮૬૩૫૦૨૫

૧૮૭૦-૭૧ ના આંકડામાં સિલેક્ટ કમિટી ની સૂચના મુજબ કેટલાક આંકડાઓ દાખલ કરવામાં આવ્યા હતા; જે પહેલાં ન હતા અને તેજ રીત પછીનાં વર્ષોમાં ચાલુ રાખવામાં આવી હતી. ૧૮૭૬-૭૭ આખર તેર કરોડ નેવું લાખનું કરજ રાજ્યરેલ્વે અને પણી કામ ઉપર સરકારે જે કરેલું તેનો સમાવેશ થાય છે; પણ હિંદુસ્તાની ઉપજમાં વ્યાજની જામીનગિરીથી કમ્પનીઓએ જે નાણાં ખરચેલાં તેનો સમાવેશ નથી. ૭૬-૭૭ સુધીમાં સરકારે રાજ્ય રેલ્વે અને જલાશયો ઉપર બે કરોડ ચાળીસ લાખનું ખરચ કરેલું હતું; એટલે ૧૪૬૫૧૩૫૩ રાજ્ય રેલ્વે ઉપર અને ૯૬૫૧૬૧૮ જલાશયનાં કામો ઉપર.

ઉપરના આંકડામાં ધ્રસ્ટ ધન્ડિયા કમ્પનીની મુડીના એક કરોડ વીશ લાખનો સમાવેશ કર્યો નથી; અને એના ઉપર વ્યાજ આ વખત સુધી અપાયાં કરતું હતું.

પાછળ આપણે જોયું છે કે ધ્રસ્ટ ધન્ડિયા કમ્પનીએ ૭ કરોડ પંચાણું લાખનું કરજ પોતાના અમલ દરમિયાન કર્યું હતું. તાજના વહીવટનાં ઓગણીસ વર્ષમાં એ કરજ બમણું થયું અને હજુ તેમાં ધ્રસ્ટ ધન્ડિયા કમ્પનીની મુડી તો આવી જતી નથી.

૧૩૬૦ લાખના કરજની પતવણી બાબત ત્રાહિત ન્યાયાધીશ શું કહે, તે ધારી લેવામાં કંઈજ મુશ્કેલી નથી. હિન્દુસ્તાન પાસે ન લેતાં જોઈએ એવી જમાના અમુક ભાગને માટે થયેલું તે કારણથી ૬૯૫ લાખનું કરજ તો તેઓ કાઢીજ નાખત. બાકીના કરજમાં બ્રિટિશ લશ્કર હિન્દુસ્તાનમાં રોકાયું તેના ખરચના ૪૦૦ આરસેં લાખનું હુકમનામું ગ્રેટ બ્રિટનના લાભમાં થાત; પણ તેની સામે ગ્રેટબ્રિટન પાસે હિન્દુસ્તાનનાં લશ્કર અફઘાનીસ્તાન, ચીન, ઇરાન અને એબિસિનીયામાં રોકાયાં તેનું ખરચ મજરે લેત એટલે હિન્દુસ્તાનને ઘણી રકમ આપવાની રહેત નહિ. વળી ૨૪૦ લાખનું જાહેર બાંધ કામનું કરજ કાયમ રાખત પણ ઘણું કરીને તેની સાથે એવો મનાઈ હુકમ આપત કે હવે વધારે કરજ આને માટે કરવું નહિ; કારણકે ખાનગી સાહસથી રેલવેનું કામ થાય એવો વખત આવતાં સુધી હિન્દુસ્તાનને રાહ જોવામાં હરકત નથી; અને પાણીનાં કામો તો દેશની સ્વાભાવિક ઉપજોમાંથી થઈ શકશે. આમ લગભગ ૧૦૦૦ લાખ દશ કરોડ તો અધર ઉડી જાત અને એટલી ગંજાવર રકમનું વ્યાજ ભરવાની જરૂર ન રહેતાં બાકીનું કરજ સ્વાભાવિક ઉપજમાંથી પણ ભરી શકાત પરિણામે હિંદને કંઈ પણ જાહેર કરજ રહેત નહિ; કારણકે હિન્દને કંઈ પણ રાષ્ટ્રીય કરજ હોવાની જરૂર નથી.

આપણા પ્રાચીન રાજાઓના વખતમાં રાષ્ટ્રીય કરજ કોઇ જાણતું પણ નહિ. હિન્દુ અને મુસલમાન બાદશાહો કેટલીકવાર પોતાની આંટ ઉપર સરકો પાસેથી નાણાં ઉછીનાં લેતા; જેવી રીતે અસલના અંગ્રેજ રાજાઓ તે દિવસોમાં ધરેણાં અડાણે મૂકીને નાણાં ઉપાડતા તેમ. અને જો આપણા અંગ્રેજ રાજ્યકર્તાઓએ પણ આજ દાખલાનું અનુકરણ કર્યું હત તો તે વધારે સારૂં હતું.

સાંપ્રત કાલની યુરોપીયન પ્રજાઓ પોતાના મુલકો વધારવાને અથવા સંસ્થાનો સ્થાપવા માટે રાષ્ટ્રીય કરજ કરે છે. હિન્દુસ્તાનને વધારે ભૂમિની

જરૂર નથી. હિન્દુસ્તાનનું એશિયામાં કોઇ હરીફ નથી. એક સારા અને બલવાન રાજ્યતંત્રની નીચે એની સ્થિતિ અવિચ્છેદ્ય છે. બ્રિટિશોએ રાજ્ય જીત્યું તેનું ખરચ હિંદે આપ્યું છે, અને ઉપયોગી જાહેર બાંધકામોનું ખરચ વાર્ષિક ઉપજમાંથી થઇ શકે તેમ છે. આવા દેશમાં સ્થાયી રાષ્ટ્રીય કરજ થવાની કંઇજ જરૂર નથી. અને વળી બળવાની લડાઇઓ પછી જ્યારે શાન્તિ પસરી ત્યારે વધારે કરજ કરવાની કંઇજ જરૂર ન હતી. તમામ ખરચ વાર્ષિક ઉપજમાંથી કાઢવાને લૅર્ડ લેારન્સે યત્નો કર્યા હતા. લૅર્ડ મેયોએ-જાહેર બાંધકામો ઉછીનાં નાણાં લઇને કરવાની યોજના કરી તે ભૂલ હતી. જ્યારે નાણાં સહેલાઇથી ઉછીનાં લેવાય છે ત્યારે ખરચ પણ સહેલાઇથી થાય છે, અને કરજ વધ્યે જાય છે.

કરજના આ ભયાનક વધારાથી ઓગણીસમી સદી ના મ્હોટામાં મ્હોટા કોશનીતિજ્ઞ મિ. ગ્લેડસ્ટનનું ધ્યાન ખેંચાયું. એ કરજ વધતું અટકાવવાની એમની ઇચ્છા થઈ અને ૧૮૭૧ માં તેમણે એક કમિટિ નીમી. મિ. ગ્લેડસ્ટન પંડે એ કમિટી ઉપર બેઠા હોત પણ ગ્રેટબ્રિટનના વડા પ્રધાન તરીકે તેમનાથી તે બની શકયું નહિ, પણ જ્યારે તેણે મિ. હેનરી ફોસેટને એ કમિટીમાં નીમ્યા ત્યારે એનાથી બન્યું એટલું કર્યું એમ કહેવું જોઇએ. ૧૮૭૧-૭૪ સુધી સિલેક્ટ કમિટીઓ બેઠી પણ કમનસીબે ૭૪ માં લિબરલ પ્રધાન મંડળ પડી ભાગ્યું એટલે તે બરબાસ્ત થઇ ગઇ, તેથી કોઇપણ તરેહની છેવટની સૂચનાઓ કે ઉપાયો સૂચવાયા નહિ. પણ ચાર વર્ષમાં પડેલો પુરાવો અમૂલ છે અને પાછલાં પ્રકરણોમાં આપણે તે જોયો પણ છે: આ પુરાવા ઉપર વારંવાર આવવાની જરૂર પડે છે.

૧૮૬૫ થી ૬૮ સુધી હિન્દુસ્તાનના કોશ તન્ત્રી ડબ્લ્યુ એન્. મેસિનો પુરાવો બહુ અગત્યનો હતો. તેણે હિન્દુસ્તાનમાં વાર્ષિક ખરચ; ઉપજ જેટલુંજ રાખવાની જરૂર બલવાન્ શબ્દોમાં બતાવી.

ઈંગ્લંડમાં કોશ નીતિનું ધોરણ એ છે કે આપણી ઉપજ આપણા ખરચ પૂરતી રાખવી. મારા અભિપ્રાય પ્રમાણે એથી ઉલટું ધોરણ હિન્દુસ્તાનમાં રાખવું જોઇએ. હકીકત એ છે કે આપણાં સાધનો એટલાં તો મર્યાદિત છે કે જો તમે જરાક આગળ વધો તો પરિણામમાં ખોટ આવે. આમદાની વેશ સિવાય બીજો કોઇપણ નવો કર હવે નાખી શકાય એમ નથી...અને તેથી હિન્દુસ્તાનના કોશનીતિજ્ઞે ને મારે કહેવાનું એજ છેઃ તમે તમારું ખરચ તમારી ઉપજ પૂરતુંજ રાખો.

૧૮૩૪ માં ડ્યુક ઑફ વેલિન્ગટને કમ્પનીના સૂત્રધારકોને આવીજ સલાહ આપી હતી–તમારું ખરચ તમારી ઉપજની માંહેની બાજુમાં રાખો. "એ સલાહના ધોરણને વળગી રહેવાની મારી પણ આ ક્ષણે હિન્દના રાજપુરુષોને સલાહ છે."

બીજા એક કોશમન્ત્રી સર ચર્લ્સ ટ્રેવેલ્યનની જુબાની એથી વધારે ભારદાર હતી. ચાળીસ વર્ષ ઉપર જેન્ટિન્ક અને મેકોલેને એ સહાયક હતો. વળી તે મદ્રાસનો ગવર્નર થયો હતો અને કર વધારવાની રહામે વાંધો લીધાથી તેને ત્યાંથી રાજીનામું આપવાની ફરજ પાડવામાં આવી હતી અને પછીથી ૧૮૬૩–૬૫ સુધી તે આપણો કોશમન્ત્રી થયો હતો. છાસઠ વર્ષની ઉમરનો વૃદ્ધ વંદનીય પુરુષ હજુ જુવાનોના અગ્રિમજ બોલતો; અને કમ્પની અને તાજના વખતના એક અનુભવી રાજપુરુષ તરીકે તાજના વખતમાં ખરચનો અસાધારણ વધારો કરવાની વિરુદ્ધ તેણે વાંધો બતાવ્યો હતો. તેણે કહ્યું હતું કે "સેક્રેટરી ઑફ સ્ટેટની કાઉન્સિલનું ખરચ વધારવા તરફ વલણ છે. સેક્રેટરી ઑફ સ્ટેટની કાઉન્સિલના સભાસદોને જીંદગી પર્યંત નીમવાથી તેમની સ્વતંત્રતા વધારીને ઇસ્ટ ઇન્ડિયા કમ્પનીના વખતમાં ખરચની બાબતમાં જેવો અંકુશ હતો તેવા અંકુશની સત્તા તેમને આપવાનું કોઇ કૂલ નીવડ્યું નથી. છાપાની મારફત અને સરકારના પ્રભાવવાન સહાયકો દ્વારા જે દબાણ આવે છે તે દબાણ બહુ મજબૂત નીવડ્યું છે અને જેટલા જેટલા અંકુશો કહેવાય છે તે બધા

નિરર્થક નીવડ્યા છે. પ્રથમના વખતમાં ઇસ્ટ ઇન્ડિયા કમ્પની રાણી સરકારની માગણીઓ સહામે મજબૂતાઇથી ટક્કર ઝીલતી અને મને ખબર છે કે તે બળ ઘણીવાર અસરકારક નીવડતું...આજના અને કમ્પનીના વખતના જાહેર બાંધ કામના ખરચનો મુકાબલો આ બાબતમાં સહુથી વધારે ખાત્રી કરી શકશે.

મદ્રાસના ગવર્નર તરીકે ચાર વાર ટ્રેવેલ્યને ખરચ અને કર વધારવાની સહામે વાંધા લીધા હતા. ૧૮૫૯ માં એણે તંબાકુ ઉપર વેરો નાંખવાની સહામે વાંધો ઉઠાવ્યો હતો અને પુરાવામાં કહ્યું કે આ વખતથી બે બરબર વિરોધી નીતિઓ હિન્દુસ્તાનમાં ચાલુ થઇ. એક ખરચ કમી કરવાની મેં સૂચવેલી રીત; અને બીજી કલકત્તા અને ઇંગ્લંડમાં જે લોકપ્રિય હતી તે કર વધારવાની. તેજ વર્ષમાં બીજા બે વાંધાપત્રો એને રજુ કરવા પડયા હતા, પણ ચોથા વાંધાપત્ર જે ૧૮૬૦ ના માર્ચની ૨૦ મીએ લખ્યો હતો તેનાથી તેને પદવીનું બલિદાન આપવું પડયું. તેણે લખ્યું હતું કે કર એ જન મંડળની મીલકતનોજ અમુક ભાગ છે, જે સરકાર અગત્યનું સાર્વજનિક ખરચ પગાર કરવાને માટે લોક પાસેથી લેછે. તેથી જ્યાં સુધી એમ ન બતાવી શકાય કે જરૂર વિનાનું ખરચ કમી કર્યાથી અર્થ સરી શકતો નથી ત્યાંસુધી વધારાના કરો લેવાનો સરકારનો હક નથી. બીજા શબ્દોમાં બોટ પૂરી પાડવાને માટે ખરચ કમી કરવું એજ પ્રાથમિક ઉપાય છે. આપણી અસાધારણ લાભોવાળી સ્થિતિના બળનો લોક ઉપર અણગમતા કરો નાંખવા-માંજ ઉપયોગ કરીશું તો દેશી લસ્કર ઘટાડી શકાશે નહિ; કારણ કે બેદીલ પ્રજા અને બેદીલ લસ્કર એ બે એક વખતે પોસાય નહિ. આ પત્રમાં લખેલા સ્પષ્ટ પણ અપ્રિય શબ્દોથી સર ચાર્લ્સ ટ્રેવેલ્યનને પાછા જવું પડયું, પણ એના જેવા માણસને હિંદનું રાજ્યતંત્ર કામ વિના રાખે તેમ ન હતું. ત્રણ વર્ષ પછી એને હિન્દના કોશમન્ત્રી તરીકે નીમીને આપણા દેશમાં પાછો મોકલ્યો.

ખરચ કમી કરવાનું કહેવામાં સર ચાર્લ્સ તેની મુશ્કેલીઓથી અજ્ઞાત

નહતો. વાસ્તવિક રીતે આખું ઈંગ્લંડ અને આપણા દેશમાં આવેલા અંગ્રેજ અમલદારો ખરચ વધારવાની તરફ હતા. આપણા લોકો જેમને ખરચ કમતી કરાવવામાં સ્વાર્થ હતો તેમને પોતાના દેશના વહીવટમાં કોઇ પૂછતું ન હતું. ટ્રેવેલ્યને આ મુસ્કેલીની સ્હામે હિંમતથી હામ બીડી અને પોતાની જુગાનીમાં નવા કર નાંખતા પહેલાં લોકની સલાહ લેવી જોઇએ, એ મતલબની સલાહ આપી. એની જુગાનીનો આ ભાગ અત્યંત કિમતી છે.

તેણે કહ્યું, " મારો મત એવો છે કે કર વિધિની સાથે પ્રતિનિધિતત્વ સામેલ હોવું જ જોઇએ. હું ધારૂં છું તો પહેલી કે પ્રાન્તિક સભાઓ સ્થાપવી જોઇએ. આઠ સ્થાનિક સરકારોની રાજધાનીમાં અર્ધ પ્રતિનિધિ સભાઓ જેવી આઠ સભાઓ હોવી જોઇએ. (પ્રથમથીજ લોકમતાનુસાર એની યોજના કરવી એમ મારૂં કહેવું નથી). વળી દરેક જીલ્લામાં એકેકી જીલ્લા સભા હોવી જોઇએ. દરેક જીલ્લાના મુખ્ય અને વિશ્વાસપાત્ર માણસો તેમાં પ્રતિનિધિ થવા જોઇએ અને છેવટે શહેરો અને ગામડાઓમાં સભાઓ સ્થાપવી જોઇએ; અને પ્રત્યક્ષ પ્રતિનિધિ તત્વ જેમ સહીસલામત અને યોગ્ય જણાય તેમ દાખલ કરવું જોઇએ.

" દેશીઓ સાર્વજનિક હિતને માટે ઔદાર્ય બતાવવામાં પછાત નથી. આખા દેશમાં જ્યાં જુઓ ત્યાં તળાવો, ધર્મશાળાઓ અને જુદી જુદી તરેહનાં ધર્માદા ખાતાંઓ જોવામાં આવે છે, અને તે બધાં વ્યક્તિનાં ઔદાર્યથી થયેલાં હોય છે; અને પારસી અને બીજાઓની જેમણે આ જમાનાની વ્યાપારી હીલચાલોમાં નાણાં મેળવેલાં છે તેમની અસાધારણ ઉદારતા તો સુપ્રસિદ્ધ છે. જો આ સભાઓ માત્ર મંત્રનીજ સભાઓ રહેશે તો સભાસદો યુરોપીયન અમલદાર અધ્યક્ષોના અંકુશમાંથી કદી બહાર નીકળવાના નથી. દેશીઓને હમેશાં આપણી મોરલી ઉપર નાચતા રાખવા જોઇએ નહિ. એતો તરતાં શીખે ત્યાં સુધી પાણીમાં ન પડવા દેવાની વાત થાય છે. પાણીમાં પડે નહિ ત્યાં સુધી એને કદી તરતાં

આવડશે નહિ. જરાક તો જોખમ વેઠવું જોઇએ અને પાણીમાં હાથ પગ પછાડવાજ જોઇએ. પહેલાં તેઓ બ્હીકણ અને કરકસરીઆ થશે પણ રાજીપાથી થોડું થાય તે પરાણે ઘણું થાય અથવા ઠોકના કર્યાથી ઘણું થાય તેના કરતાં વધારે સારૂં છે. પોતાનાં કામો માટે નાણાં પેદા કરવાની અને ખરચવાની સત્તા એમને આપો. તરતજ તેમને કામ કરવાનો હેતુ મળશે અને આખી પદ્ધતિમાં જીવ આરોપાશે. તમામ વિગતથી વાકેફગાર પુરૂષોની દેખરેખ નીચે ખરી આત્મ જવાબદારીથી સહુ વર્તતાં શીખશે; અને તાબાના માણસો ઉપર ચોકશી રાખવાની જરૂર જોશે, અને આખા હિન્દુસ્તાનને માટે તે સ્વરાજ્યની પાઠશાળા થશે અને એ પગલું હિન્દુસ્તાનના વીસ કરોડ માણસને સ્વરાજ્ય શીખવવા માટે જે આપણા એમની સાથેના સંબંધનો અર્થ અને હેતુ છે, તે માટે લાંબામાં લાંબું નીવડશે. ”

ઉપરનો પુરાવો નોંધાયાને ત્રીસ વર્ષ થઇ ગયાં છે; પણ હજુ આપણા લોકોને રાજ્યકોશના સંબંધમાં કંઇક બોલવાનોજ હક આપવા પુરતી પ્રાન્તિક મન્ત્રી સભાઓ પણ સ્થપાઇ નથી. ખરચ કમી થયું નથી; કરો હલકા થયા નથી; અને ત્રીશ વર્ષ ઉપરના કરતાં આજ નિર્ધનતાનો વિસ્તાર વધારે છે, અને દુકાળ વધારેવાર અને વધારે સખ્ત આવે છે.

આપણા દેશના લોકની શક્તિના સંબંધમાં ત્રીસ વર્ષના અનુભવ પછી સર ચાલ્સને કંઇ શક નહતો. તેણે કહ્યું હતું કે,

“ દેશીઓ વસુલાત ખાતામાં ઘણા સારા અધિકારીઓ થઇ શકે; અકબરના વખતમાં આખા હિન્દની માપણી કરનાર ટોડરમલ અને મ્હૈસૂરને આટલું આબાદ કરનાર પૂર્ણીઆથી માંડીને માધવરાવ અને તેના કરતાં જરાક ઓછા પ્રસિદ્ધ પણ ખરેખર ગણત્રીમાં ગણવા લાયક રામીઆ આયન્ગર સુધી દેશીઓ વસુલાતના કામને માટે ખાસ લાયકાત ધરાવે છે. વળી જકાત ખાતાની તમામ જગાઓ દેશીઓથીજ પૂરી શકાય. પછી ન્યાય ખાતુ

જો તેઓ વરિષ્ટ ન્યાય સભામાં ન્યાયાધીશ થવાને યોગ્ય છે તો તાબાની જગાઓ માટે યોગ્ય હોયજ એમાં શક લાવવા જેવું શું છે ? વળી ઇજનેરી કામમાં તેમણે વ્યાવહારિક બુદ્ધિ બહુ બતાવેલી છે અને તેમાં જલાશય અને જલસંક્રમણના કામોમાં તો મારે એટલુંજ યાદ દેવરાવવું જોઇએ કે દક્ષિણ હિન્દના પ્રાચીન કાળનાં આવાં કામો જેવાં મોટાં અને સારાં કામો કેવાં હોઇ શકે ? ખરી રીતે તેજ કામો આપણે માટે પણ નમુના રૂપ થઈ પડ્યાં છે. સર આર્થર કોટન તેમને મુકાબલે મોટા પ્રમાણમાં અને અતિશય આત્મીય પ્રતિભાવાળો એક અંગ્રેજ એ પ્રાચીન ઇજનેરોનું અનુકરણ કરનારોજ હતો.

બીજા મોટા રાજપુરૂષોને પણ જમા અને કરવિધિના સંબંધમાં દેશીઓની સલાહ લેવાની જરૂર જણાઇ હતી.

બાર્ટલ ફ્રીયર જે આ વખતે મુંબઇના ગવર્નર હતા તેમણે કહ્યું હતું કે પોતાની પાસેથી લેવાની જમાબન્દીના આકારના સંબંધમાં ખેડુતો પોતાના અભિપ્રાયો સમજાવવાને માટે કંઇક સાધન હોવાની જરૂર છે. પ્રથમ તેમની સાથે સામાન્ય સંબંધવહારથી આ વાત બની શકતી પણ હવે એને માટે આપણી સગવડ ઓછી થતી જાય છે, કારણ કે આપણા અમલદારોને કામ ઘણું છે, અને કર ભરનારાઓ સાથે અંતરની વાતચીત કરવાને તેઓને જોઇતો વખત રહેતો નથી. ત્રીસ વરસ પુરાં થયે જમાનો નવી તજવીજ થાય તે પહેલાં ખેડુતો અને સામાન્ય ખેડુત વર્ગને તે સંબંધમાં શું કહેવાનું છે તે જાણવાનું કંઇક સાધન થાય તો ઘણું સારૂં. ”

રોબર્ટ મોન્ટ ગોમરિ–પંજાબવાળા તેમણે સૂચવેલું કે હિન્દુસ્તાનમાં આપણે લોકોને એકદમ કોરાણેજ મૂકીએ છીએ. આપણે યોજનાઓ ઘડીએ છીએ, અને પછી કહીએ છીએ કે આ યોજના ઘણી સારી છે, અને પછી એ બાબતમાં તેમને વિશેષ પૂછ્યા વિના આપણે તેનો અમલ કરીએ છીએ. હું ધારૂં છું કે દરેક સ્થાનિક સરકાર પાસે એક દેશીઓની એવી મન્ત્રી

સભા હોવી જોઇએ; આવી સભા તે વર્ષોવર્ષ અથવા વખતો વખત નીમી શકે અને તેમની પાસે કરના સંબંધમાં અથવા સર્વને લાગુ પડે તેવા કાયદાની બાબતમાં અમુક પ્રશ્નો મૂકે તો તેમને બહુ યોગ્ય અભિપ્રાય મળે; અને તે અભિપ્રાય અને સ્થાનિક અમલદારોના અભિપ્રાયથી તે ખરા નિર્ણય ઉપર આવવાને શક્તિમાન થાય."

રોબર્ટ ઇલ્યટ જેને મદ્રાસ અને મ્હૈસૂરનું ઉંડું જ્ઞાન હતું તેને સરકાર અને લોક વચ્ચે સંબંધવહાર માટે કાંઇ સાધન નથી તેને માટે ખેદ દર્શાવ્યો, અને લોકોની સભાઓ સ્થાપવાની સૂચના કરી. સરકારને તેમની સાથે અને તેમને સરકારની સાથે કંઇક સલાહ મસલત કરવાની છે એ વાતનો હું તેમને પહેલાં પરિચય કરાવું; અને પછી ધીમે ધીમે તેમાંથી પ્રતિનિધિ સંસ્થાઓ જન્મ પામે.

સર ચાર્લ્સ ટ્રેવેલ્યનને પૂછવામાં આવ્યું હતું કે તમે કહોછો તેવી સ્થાનિક સભાઓ હોય તો મુંબઇની સભાએ હમણાં—ઉભડીઆ લોક ઉપર જેવો વેરો નાખ્યો અથવા લગ્ન પ્રસ્તુત ઉપર જેવો કર નાંખ્યો—તેવા કરો સ્વતંત્ર રીતે પ્રતિનિધિ તરીકે આવેલા સભાસદો કદી પસાર કરે નહિ; નહિ વારૂ?

ટ્રેવેલ્યને જવાબ દીધો; કદી નહિ અને દેશીઓને આપણી સભાઓમાં દાખલ કરવાને એ સ્મરણીય દાખલો છે.

સ૦ "અને સરકાર એમને કાંઇ વાંધા ભર્યો કર નાંખવાની ભલામણ કરે તો તેઓ એવો જવાબ દે કે આ પ્રાન્તમાં અમે એવો કર નાંખવા દઇશું નહિ; આ રકમ બીજી કોઈ બાબતમાં ખરચ કમી કરીને પેદા કરવી જોઇએ." અને તેમનો અભિપ્રાય આવી રીતનો આવે તો તમે પછી દરમીયાનગિરી કરવાનું વ્યાજબી ન ધારો. નહિ વારૂ?

જ૦ ના, નહિજ.

સ૦ ત્યારે તમે તેમને સ્વતંત્રતા આપો; અને તેઓ કોઇ પણ પ્રબન્ધ પસાર કરે તે નામંજુર કરવાની તમે સત્તા રાખો ?

જ૦ હા. એ કામ તેમનું પોતાનુંજ છે.

મિ. એએં—આ ફાઇનેન્સ કમિટીને એક પત્ર સોંપ્યો, જેમાં તેણે જળવા પહેલાંના એટલે ૧૮૫૬-૫૭ ના વર્ષના કર અને ૧૮૭૦-૭૧ ના કરની સરખામણી કરી હતી. આ મુદતમાં રાજ્યની હદ વધી નહોતી; લોકની સંપત્તિ અથવા તેમના વ્યાપાર ઉદ્યોગ કે કારખાનાંઓમાં વૃદ્ધિ થઇ નહતી; લોકની કરપાત્ર સમૃદ્ધિ અને સાંપત્તિક સ્થિતિ સુધરી ન હતી; છતાં મીઠા ઉપરના અને બીજા કરોમાં વિસ્મયકારક વધારો હતો.

	૧૮૫૬-૫૭	૧૮૭૦-૭૧
જમા.	૨૦૦૪૬૭૪૮	૨૪૧૭૦૧૫૧
બીજા કરો.	૧૦૮૮૩૩	૨૦૭૨૦૨૫
જકાત.	૧૧૬૧૬૮૫	૨૬૧૭૭૮૬
મીઠું.	૩૬૧૦૨૨૩	૬૧૦૬૨૮૦
અફીણ.	૪૬૮૮૪૩૪	૮૦૪૫૪૫૬
પરચુરણ.	૧૬૭૪૬૮૭	૬૩૭૧૫૨૧
કુલ.	૩૧૬૨૦૬૧૦	૪૬૩૭૬૨૨૫

બાર વર્ષના તાજા અમલમાં ૫૦ ટકા ઉપરાંત કરમાં વધારો થયો હતો. "છેલ્લાં બાર વર્ષમાં મીઠા ઉપરનો કર મદ્રાસમાં બમણો થયો છે, મુંબઇમાં ૮૨ ટકા વધ્યો છે, અને હિન્દુસ્તાનના બીજા ભાગોમાં ૫૦ ટકા; બાંડ ઉપરની જકાત બમણી, આબકારી બમણી; ઇર્યાદ ઉપરની ફી વારંવાર વધે છે, અને સુધરે છે, અને અત્યારે તો એમાં એટલી બધી ગુંચવણ છે, એટલી કનડગત છે અને એ ફી એટલી તો ભારે છે કે વારંવાર ઇન્સાફની ગતા કર્યા જેવુંજ થાય છે. બંદરી જકાતમાં અનેકધણો વધારો થયો છે. તરતમાં ભારે કોર્ટ ફી અને ૨ ટકાનો વારસા વેરો હમણાંજ દાખલ કરવામાં આવ્યો છે. ૬½ ટકાનો એક સ્થાનિક કર જમીન ઉપર; ગામ ચોકીનો વેરો તેટલાજ દરનો; વેપાર ધન્ધા ઉપર વેરા, ઘરવેરો અને પુલ અને સડકો ઉપરના વેરા; અને તે બધા ઉપરાંત સુધરાઇ ખાતાના સ્થાનિક વેરા—જે બધાનો સરવાળો અત્યંત મોટો અને જુલમી થાય છે, એવા જુદા જુદા વેરા દેશના જુદા જુદા ભાગોમાં નાંખવામાં આવ્યા છે. હવે વળી જુદી જુદી પ્રાન્તિક સરકારોના ફાળા ઇન્ડિયા સરકારે ઓછા કર્યાથી વળી કેટલાક તાજા સ્થાનિક કરો નાંખવાની સૂચનાઓ થાય છે. આપના અરજદાર (મુંબઇનું એસોસિએશન) અરજ ગુજારે છે કે અતિશય કર—એ કેટલાંક વર્ષ થયાં આ દેશમાં એક મોટું પાયમાલીનું કારણ થઇ પડયું છે. અને સત્તાધીશો ખરચ કમી કરવાનો કંઇ યત્ન કરતા નથી. ઉલટું ખરચ વધ્યે જાય છે અને એટલે સુધી વધ્યું છે કે ૧૮૫૬—૫૭ ના આંકડા ઉપર ૧૬૦ લાખની રકમ ચઢી ગઇ છે. " (મુંબઇના એસોસિએશને દીવાને આમમાં કરેલી અરજી તા. ૨૯ માર્ચ ૧૮૭૧).

અને મિ. દાદાભાઇ નવરોજી આપણા દેશ ભક્ત પ્રતિનિધિ જેમણે આ કોશકમિટી રૂબરૂ પુરાવો આપ્યો હતો, તેઓએ આ કમિટી રૂબરૂ આપણા દેશની બ્રિટિશ અમલમાં ધન અને સમૃદ્ધિમાં થયેલી અવનતિની

અને કરના વધારાની તથા અતીવ નિર્ધનતાની વાત એટલાજ બળથી અને મજબૂત દલીલો સાથે મૂકી હતી.

તેમણે કહ્યું—આ એક વાત હું આપના આગળ મૂકું છું. "યુનાઇટેડ કિન્ગડમ પોતાનાં સાધનો ઉપરથી ૭૦૦ લાખની ઉપજ કરે છે; જેમાંથી ૨૭૦ લાખ રાષ્ટ્રીય કરજના વ્યાજના બાદ કરતાં બાકી ૪૩૦ લાખ રાષ્ટ્રીય ખરચને માટે રહે છે. આનું પ્રમાણ લોકોની પેદાશના સાડા પાંચ ટકા આવે છે અને હિન્દુસ્તાનમાં સરકાર ૫૦૦ લાખ લોકની મીલકતમાંથી રાજ્ય ખરચને માટે લેછે. તેમાંથી રાષ્ટ્રીય કરજ રેલ્વે વિગેરેના વ્યાજના ઓંશી લાખ બાદ કરતાં બાકી ૪૨૦ લાખ રહે છે. તેનું લોકની ઉપજ સાથે ૧૪ ટકાનું પ્રમાણ આવે છે. એટલે યુનાઇટેડ કિન્ગડમની સરકારના ખરચ કરતાં હિન્દુસ્તાનની સરકારનું ખરચ અઢીગણું વધારે છે.

અત્યંત દીલગીરીની સાથે નોંધવું પડે છે કે આપણા લોકની આ દલીલો કોઇએ સાંભળી નહિ; ખરચ કે કર એમાંથી એકકે કમી થયું નહિ. ઉલટું લૉર્ડ મેયોની અધિકાર વિભાગની યોજનાને લીધે પ્રાન્તિક સરકારોએ અનેક નવા કરો નાંખ્યા. અને સર ચાર્લ્સ ટ્રેવેલ્યન અને બીજા મોટા નિપુણ રાજપુરૂષોએ કરેલી કરની મર્યાદા બાંધવામાં અને ખરચ કમી કરવામાં લોકોને કાંઇક હાથ આપવાની તમામ સૂચનાઓ વ્યર્થ ગઇ.

ઇંગ્લંડમાં નવી રેલ્વે બાંધવાનો અને નવાં નવાં ખરચો કરવાને ગાડેજ એક પોકાર હતો; અને અમલદાર વર્ગનું ખરચ કમી કરવા કરતાં વધારવા તરફ વલણ વધારે હતું અને જાણે કે આપણી જરૂરીયાતો થોડી હોય તેમ ચીનની અને એબિસિનિયાની લડાઇઓનાં ખરચ તેમજ તારનાં દોરડાંનાં તથા બીજાં લશ્કરી ખરચો જે બધાં ઇંગ્લંડેજ આપવાં જોઇતાં હતાં તે વારંવાર આપણા દેશને માથે નાંખવામાં આવ્યાં.

કારણકે આવો અન્યાય સફળતાની સાથે અટકાવી શકે એવા મંડળનો હિન્દુસ્તાનના રાજ્યતંત્રમાં કેવળ અભાવ હતો. પ્રથમતો ઇસ્ટ ઇન્ડિયા કમ્પનીના સૂત્રધારકો આવી અટકાયત કરી શકતા હતા પણ સેક્રેટરી ઓફ સ્ટેટ બ્રિટિશ પ્રધાન મંડળનો એક સભાસદ હતો; તે સમસ્ત પ્રધાન મંડળની મરજી સ્હામે સ્વાભાવિક રીતે થઇ શકે નહિજ; તેમજ એની કાઉન્સિલના સભાસદો પણ હિન્દુસ્તાનના લોકોના પ્રતિનિધિ ન હતા. એટલે બ્રિટિશનો પ્રભાવ અને બ્રિટિશ માંગણીઓની સ્હામા થવામાં અશકત હતા; તેમજ હિન્દનો વ્હાઇસરૉય અને તેની સભા આપણા પ્રતિનિધિઓની મદદ વિનાના હોવાથી ઇંગ્લંડથી આવતા હુકમોને શરણુજ થતી. ઇન્ડિયા કાઉન્સિલ ઉપર દ્રષ્ટિપાણ આવે ત્યારે હિન્દુસ્તાનના સ્વાર્થીનો કેવો સાગટો ભોગ અપાતો તે લૉર્ડ સેલ્સબરીના પુરાવા ઉપરથી સમજાય છે. લૉર્ડ સેલ્સબરી ૧૮૭૪ માં હિન્દુસ્તાન ખાતાના સેક્રેટરી ઓફ સ્ટેટ હતા અને તેમણે નાણાં કમિટી રૂબરૂ જુબાની આપી હતી.

સ૦ હેન્રિ ફૉસેટ—ત્યારે પરિણામ આ આવે છે કે સેક્રેટરી ઓફ સ્ટેટ એમ જાણે છે કે હિન્દ પાસેથી અન્યાયથી નાણાં લેવામાં આવે છે; સેક્રેટરી ઓફ સ્ટેટ વારંવાર તેની સ્હામે વાંધા લેછે; એ પ્રમાણે ચાલ્યાંજ જાય છે, અને સ્પષ્ટ રીતે સેક્રેટરી ઓફ સ્ટેટ કંઈજ ઉપાય લઈ શકતા નથી. સિવાય કે એ છેલ્લે પાટલે બેસે અને કહે કે—મારાથી આ નહિ થાય–હું રાજીનામું આપું છું?

જ૦ લૉર્ડ સેલ્સબરિ—એવું તો નહિ; કારણ કે જો કાઉન્સિલ મદદમાં હોય તો સેક્રેટરી ઓફ સ્ટેટ એવો ઠરાવ કરી શકે છે કે અમુક નાણાં પગાર ન કરવાં; પણ બેશક કોઇ પણ પ્રધાન એવું પગલું ભરતાં આંચકો ખાય છે, કારણ કે તેથી આખો યંત્ર અટકી પડે.

સ૰ ફ્રેસેટ—ત્યારે આપની પાસે આટલા વિકલ્પો છે. 'કાંતો યંત્ર બંધ કરવો, અથવા રાજીનામું આપવું; અથવા ચુપચુપ આપ જેને અન્યાય માનતા હો તેવાં પ્રકરણોમાં પણ તાબે થવું.

૭૪૦ સોલ્સબરિ—હા! 'ચુપચુપ' એ શબ્દ બાદ કરતાં હું આપનું આખું વિવેચન સ્વીકારું. હું મ્હોટે સાદે પોકાર કરતો કરતો તાબે થાઉં."

હિન્દુસ્તાનના રાજ્યયંત્રની ખરી ખામી આ ઉપરના ફકરાઓથી સમજાશે. આપણા દેશ તરફ નાણાંની બાબતમાં અન્યાય થાય તેની સામે અસરકારક અટકાવ કરવાને કંઇજ સાધન નથી, તેમજ વધતા ખરચ અને વધતા જતા કર સામે કોઇ પણ પ્રકારનો ઉપાય નથી. દરેક આગળ વધેલા દેશોમાં જેમ થાય છે તેમ પ્રતિનિધિ વિના કરવિધિ હિન્દુસ્તાનમાં પણ નિષ્ફળજ છે અને થોડીજ મુદતમાં ભવિષ્યના રાજપુરૂષોને હિન્દનાં નાણાં પ્રકરણી વહીવટને માટે કોઇપણ પ્રકારનું પ્રતિનિધિ તત્વ દાખલ કરવુંજ પડશે; કેમકે દેશ હવે દુઃખોથી ઘેરાઇ ગયો છે.

પ્રકરણ ૭ મું.

જમીન ઉપરના સ્થાનિક કરો.

પાછલા પ્રકરણમાં બતાવાયું છે કે મહારાણી સરકારના વહીવટના પહેલાંના ૧૯ વર્ષમાં રાષ્ટ્રીય કરજ અને કરોમાં સર્વત્ર વધારો હતો. આ પ્રકરણમાં સ્થાનિક કરો ઉપર ખાસ ધ્યાન દોરવાનો ઉપક્રમ છે. આ સ્થાનિક કરોના હેતુ બે હતા. રસ્તાઓ બાંધીને અને કેળવણીનો વિસ્તાર કરીને દેશનું સંવર્ધન

કરવાનોઆ કરોનો દેખીતો હેતુ હતો. પણ એટલોજ અગત્યનો હેતુ આ ખરચો રાષ્ટ્રીય ઉપજને માથેથી કહાડી નાંખીને આ નવા સ્થાનિક કરો ઉપર વધારે ને વધારે પ્રમાણમાં નાખવું એ પણ હતો. આ યોજનાની વિરૂદ્ધ બે બાબતો હતી. એકતો એ કે અતિશય કરથી આક્રાન્ત થયેલી પ્રજા ઉપર આ બધારાનો બોજો અને બીજું એ કે ચોખ્ખી ઉપજના અરધનો જે નિયમ જમીનના કરને માટે કરવામાં આવ્યો હતો તે નિયમનો ભંગ થતો હતો. અત્રે યાદ દેવું જોઇએ કે આ નિયમ સ્થાયી બન્દોબસ્તવાળા તેમજ ત્રીસી વર્ષના પટાવાળા બે પ્રદેશો માટે ઇસ્ટ ઇન્ડિયા કમ્પની અને સર ચાર્લ્સ વુડે સ્થાપિત કર્યો હતો.

કમ્પનીના વખતમાં જે સ્થાનિક કરો નાંખવામાં આવ્યા હતા તે જૂજ હતા અને ઘણું કરીને દેશના કે ગામના જુના રીવાજોને અનુસરતા હતા પણ આપણું સામ્રાજ્ય તાજના હાથમાં ગયા ને છ મહીના થયા એટલામાં તો રાજ પુરૂષોની નજર ઉપજના આ સાધન ઉપર ગઇ. ગામડાની વસતિને માટે આવો ખાસ કર નાંખવાની યોજના ઉપર પહેલા સેક્રેટરી ઑફ સ્ટેટ લૉર્ડ સ્ટૅન્લીનું લક્ષ ગયું તેના પછીના અધિકારી સર ચાર્લ્સ વુડે–આવા કરની સામેના વાંધા સ્વીકાર્યા પણ તેણે કહ્યું કે રસ્તાઓ સારી સ્થિતિમાં રાખવાની ફરજ સર્વત્ર જમીનના માલીકોને માથે હોય છે, અને કેળવણીના સંબંધમાં ખાસ કાયદો કરવાની એમને જરૂર જણાઇ. સાધારણ જમા ઉપરાંત પંજાબ, ઉત્તર હિન્દુસ્તાન અને મધ્ય પ્રાન્તોમાં જમીન ઉપર સ્થાનિક કરો નાંખવામાં આવ્યા હતા; અને મુંબઇ માટે આવા કરો નાંખવાને માટે નવો કાયદો પસાર કરવામાં આવ્યો.

લૉર્ડ લૉરેન્સ ૧૮૬૪ થી ૧૮૬૯ સુધી આપણો વ્હાઇસરૉય હતો: અને તે સ્થાનિક સરકારોને આવા નવા કર નાંખવાની સત્તા આપવાની, અને સામાન્ય રીતે અધિકાર વિભાગની જે યોજના એના પછી આવનાર લૉર્ડ મેયોએ મંજુર કરી તેનાથી પણ વિરુદ્ધ હતો. આપણા દેશમાંથી નિવૃત્તિ

લૉર્ડ ને પાછા ગયા પછી ફિનાન્સ કમિટીમાં સવાલના જવાબમાં તેણે કહ્યું કે જે પદ્ધતિ પાછળથી દાખલ કરવામાં આવી તે મારી પાસે પણ રજુ થઈ હતી: મેં તેના ઉપર ધ્યાન દઈને વિચાર કર્યો હતો; અને એ રીત દાખલ કરવી મને સલાહ ભરી લાગી ન હતી. મને લાગ્યું કે હિન્દુસ્તાનમાં ખરી રીતે જે જોઈએ છીએ તે એકે સ્થાનિક સરકારોને નિયમમાં રાખવી; અંદાજો રજુ કરવામાં કાળજી રાખતાં અને અંદાજને વટી ન જતાં શીખવવું; ખરી રીતે મોટા કામોના સંબંધમાં તેમના ઉપર અંકુશ મૂકવાની જરૂર હતી તોપણ લૉર્ડ લોરેન્સનીજ સરકારે બંગાળામાં રસ્તાઓ અને કેળવણીને માટે જમીન ઉપર ઐચ્છિક અથવા બીજી રીતે કર નાંખ્યો હતો.

લૉર્ડ મેયોના વખતમાં આ સવાલ છેવટના નિર્ણયને માટે રજુ થયો. બંગાળાની સરકારે, જે જમીનદારોની સાથે ૧૭૯૩ માં જમાનો સ્થાયી બન્દોબસ્ત થયો હતો, તેમના ઉપર આ નવો કર નાંખવાને સખ્ત વાંધો બતાવ્યો. બંગાળાની સરકારે બતાવ્યું કે ખેતીના વિસ્તારથી જે નફો થયો છે તે જમીનદારોને થયો નથી પણ તાબાના ખેડુતોનેજ થયેલો છે. જાગીરો હસ્તાન્તર થયેલી છેઃ અને કોશમન્ત્રી જેમ્સ વિલ્સન તેમજ બંગાળાના વડા ન્યાયાધીશ બાર્નેસ પિકોક આવા નવા કરો નાંખવામાં સ્થાયી જમાબન્દીનો ભોગ થાય છે એવો અભિપ્રાય ધરાવે છે. બંગાળા પોતાની ઉપજનો જે ભાગ રાષ્ટ્રીય ભંડારમાં આપે છે તે પ્રમાણમાં બીજા પ્રાન્તો કરતાં વધારે છે. કેળવણીને માટે ખાસ કર નાંખવાનું બની શકે તેમ નથી તેમ વાજબી પણ નથી; અને રસ્તાને માટે કર નાંખવાના સંબંધમાં નામદાર ગવર્નર ધારે છે કે આને માટે નાંખેલો કર કેળવણીને માટે કર નાંખીએ તેના કરતાં ઓછો અપ્રિય થશે.

લૉર્ડ મેયોની સરકાર કે ડયુક ઓફ આર્ગિલ જે સર સ્ટેફર્ડ નોર્થકોટ પછી સેક્રેટરી ઓફ સ્ટેટના અધિકાર ઉપર આવ્યા હતા તે બેમાંથી એકે

બંગાળાની સરકારના આ અભિપ્રાય સાથે એક મત થયા નહિ. ડ્યુક ઓફ આર્ગિલ એવા મતના હતા કે સરકાર રસ્તાઓ માટે તેમજ કેળવણીને માટે ધારે તો ખાસ કર નાંખી શકે છે; પણ જ્યાં સુધી સ્થાનિક કરોને માટે જોઇએ તેવી પદ્ધતિ, માણસોની યોજના અને કરનો દર વગેરે નિર્ણીત થયું નથી ત્યાંસુધી રસ્તાઓને માટે જોઇએ તેટલોજ કર નાંખવાની હું ભલામણ કરું છું.” અને આખા હિન્દુસ્તાનને માટે સામાન્ય રીતે ડ્યુક ઓફ આર્ગિલે એવું મત આપ્યું હતું કે “ બેહુતવર્ગ પાસેથી સરકાર જે જમા લે છે તેમાં સરકાર એટલું બધું લઇ લેતી નથી કે જેથી તે લોક બીજો બોજો સહન નજ કરી શકે.” આવું મત આપવામાં આર્ગિલે આપણા દેશની બેતીની બરી સ્થિતિનું અજ્ઞાનજ બતાવ્યું હતું.

બહુ વિચિત્ર લાગે એવું છે કે “ કાયદાનું સામ્રાજ્ય એ પુસ્તક લખનાર આ ગૃહસ્થે આવી બાબતમાં કાયદો શું હતો એ સમજાવનારા સંગીન સલાહકારોના અભિપ્રાયની અવગણના કરી. પોતાની કાઉન્સિલમાં સર અર્સ્કિન પેરિ મુંબઇના માજી વડા ન્યાયાધિશ અને હેન્રિ હોલિબ્રિન્સેપ અને રોસ મેન્ગાલ્સ જેવા અનુભવી રાજપુરૂષો અને સરહેન્રિ મેન્ટ ગોમરિ અને સર ફ્રેડરિક હેલિડે જેવા પ્રાન્તિક સરકારોના અધિષ્ઠાતાઓ હતા. અને આ ગૃહસ્થોએ નિશ્ચય સાથે પોતાના અભિપ્રાયો દર્શાવ્યા હતા.

સર આર્સ્કિન પેરિ–“બીજી તરેહના અભિપ્રાય ઉપર આવવાને ઘણી માથાફોડ કરી, ઘણા સૂક્ષ્મ વિવેક કર્યા પણ આખરે મારી પોતાની મરજી વિરૂદ્ધ–એવા મત ઉપર આવવું પડે છે કે લૉર્ડ કૉર્નવોલિસના ધારાની ભાષા અને તે રાજ્ય સભાના સભાસદોનાં વચનો એવાં તો સ્પષ્ટ ગંભીર અને અનન્યાર્થી છે કે આવી રીતે વિશેષ કરો નાંખ્યા એ પ્રત્યક્ષ વિશ્વાસઘાત છે.”

“ ૧૮૫૪ માં લૉર્ડ ડેલ્હાઉસી જેના મનની મજબુતી વિષે કાંઇ શકજ નથી તેમને પોલિસમાં સુધારા કરવા માટે બંગાળામાં એક સ્થાનિક કર

નાંખવાની ઇચ્છા થઇ ! પણ ૧૭૯૧-૯૩ માં સરકારે કરેલા કરારપત્રનો નિપુણતાથી ભરેલો સર બાર્ન્સ પિકોકનો ખુલાસો વાંચ્યા પછી, એ મહાન્ રાજ્યાધિષ્ઠાતાને વડા ન્યાયાધીશની દલીલોને તાબે થવું પડ્યું; અને બહુ નારાજ થઇને પોતાની યોજના છોડી દેવી પડી હતી."

" ત્યારે તે ધારો ઘડનારાના તાત્કાલિક વિચારોના નિરૂપણ રૂપ તે ધારાની ભાષા, લોકનો અખંડ નિશ્ચય, અને એંશી વર્ષ સુધી લોકની સમજણના ખરાપણામાં રાજ્યની વ્યક્ત અનુમતિ આ હકીકતનો શો જવાબ છે !

ઇન્ડિયા સરકાર કહે છે કે " જમાબન્દીના બંદોબસ્તની સાતમી કલમ એવી વિશાળ છે કે તેથી સરકાર નવા કર નાંખી શકે, પણ બારીકાઈથી તપાસ કર્યા પછી આ દલીલ એવી તો નબળી લાગે છે કે સેક્રેટરી ઓફ સ્ટેટ પોતેજ એ દલીલ છોડી દેછે. બીજી બે દલીલો રજુ થાય છે. આમદાની વેરો નાખવાથી એમ તો સમજી શકાય છે કે જમીનદારો જે આપે છે તે સિવાય બીજા કરો તેમના ઉપર નાંખી શકાય છે; અને હિન્દના ઘણાખરા ભાગોમાં કબુલણીને માટે કરો નંખાયલા છે.

આમદાની વેરાની દલીલ સબળ નથી. જ્યારે અમુક કોલના અર્થનો સવાલ ઉત્પન્ન થાય છે ત્યારે એક રાજસત્તાક રાજ્યતંત્રે એકવાર લોકને પૂછ્યા વિના પોતાનાં તે વચનોનો પોતાને અનુકૂલ લાગે તેવો અર્થ કર્યો હતો તેથી તે કૃત્ય તેમનો અર્થ ખરો અને વાજબી હતો એવી દલીલના પુરાવા રૂપ થઇ શકે નહિ. પણ આ દલીલ તો અત્યારે વિચારમાં ન લઇએ તોપણ ચાલે; કેમકે મારી સમજણ પ્રમાણે બંગાળાની સરકાર અને લોકો બન્ને કબુલ કરે છે કે કોઇ મહાન ભયના પ્રસંગમાં સામાન્ય જનમંડળ ઉપર તે વેરા નંખાય છે તે વેરા આપવાને તેઓ (લોકો) પણ પાત્ર છે.

જમા સિવાયના બીજા કરો હિન્દુસ્તાનના બીજા ભાગોમાં નંખાયા છે તે બાબતનો વિચાર કરતાં મારે લખવું પડે છે કે સેક્રેટરી ઓફ સ્ટેટે એ

હકીકતોની બરાબર તુલના કરી નથી. બંગાળાના લે૦ ગવર્નરનો ખુલાસો સાચો છે.

કેળવણીના સંબંધમાં (હિન્દના બીજા પ્રાન્તોમાં) જે કરો નંખાયા છે તેનો ખરો ખુલાસો મારી સમજણ પ્રમાણે આ છે. જ્યાં જ્યાં તેવા કરો નંખાયા છે ત્યાં ત્યાં મુદતબંધી જમાબન્દી ની ચર્ચા ચાલતી હશે, અથવા જમીનદાર અને વસુલાતી અધિકારીની વચ્ચે બજારની ખેંચતાણ ચાલતી હશે; અથવા જે બન્દોબસ્ત સહી સાથે થઇ ગયા પછી નંખાયા હશે તો જમીનદારની સંમતિથી. ”

અને સર આર્સ્કિન પેરી બંગાળાના જમીનદારોએ કલકત્તામાં એક જાહેર સભા ભરી નવા કરોની રહાગે વાંધો ઉઠાવ્યો હતો તે માટે તેમને શાબાશી આપે છે “ ભાષણો પરદેશી ભાષામાં થયેલાં હતાં છતાં આ દેશના અંદરના ભાગમાં રહેનારા ગૃહસ્થોની કોઇ સભાને છાજે તેવી સારી લાગણી અને સારી બુદ્ધિથી ભરેલાં હતાં. ”

બીજા વિરૂદ્ધ અભિપ્રાયો પણ ઓછા ભારદાર ન હતા. મિ. મેકનોટને એવો અભિપ્રાય આપ્યો કે જો કર નવો નંખાય તો તે સામાન્ય હોવો જોઇએ; સ્થાયી બન્દોબસ્ત પ્રમાણે લોક કરની જે રકમ આપતું હોય તેની સાથે કંઇ સંબંધ વિનાનો હોવો જોઇએ; સર્વ પ્રકારની સ્થાવર જંગમ સર્વ પ્રકારની મીલકતવાળા ઉપર નંખાવો જોઇએ.

સર ફ્રેડ્રિક કરીએ “ હિન્દના કોશની અસંતોષકારક અવસ્થાનો સ્વીકાર કર્યો અને બતાવ્યું કે કાપકુપ અને કરકસર માટે તે યોગ્ય કારણ છે પણ તેટલા માટે બંગાળાના જમીનદારો ઉપર ખાસ કર નાંખવો એ વાજબી ગણાય નહિ; કારણ કે સર આર્સ્કિન પેરિના મત પ્રમાણે તેમ કરવામાં વિશ્વાસઘાત થાય છે.

સર હેન્રિ મોન્ટ ગોમરિ—"વિશ્વાસઘાતનો આરોપ આવે તેવી સ્થિતિમાં સરકારે કદી મૂકાવું ન જોઇએ."

હેન્રિ હોબિ પ્રિન્સેપ "આવી રીતનાં ઘોરણો હું ભૂલભરેલાં માનું છું અને તેનો સ્વીકાર કરવો એ ડહાપણ વિનાનું માનું છું. આ ખરીતામાં જણાવેલી નીતિ સ્વીકારાશે અને તેવાં પગલાં ભરવાનો યત્ન થશે તો હિંદુસ્તાનની આખી પ્રજા સરકારથી બેદીલ થશે અને આપણી પ્રમાણિકતા અને શુદ્ધ બુદ્ધિ ઉપરનો તેમનો અત્યાર સુધીનો સાર્વત્રિક વિશ્વાસ ઉડી જશે."

ઇસ્ટ ઇન્ડિયા કમ્પનીના બંગાળાની જમીન ઉપર જે હક હતા તે હકની રકમ યાવચ્ચંદ્ર દિવાકરૌ નિર્ણીત કરવામાં કમ્પનીના સૂત્રધારકોની સભા, સામ્રાજ્ય સરકાર અને પાર્લામેન્ટ તે બધા સામેલ હતા.

આ સમયની આખ્યાયિકાઓ હવે વિસરાઇ ગઈ છેઃ અને હિન્દુસ્તાનના દેશ વહીવટમાં નવા સિદ્ધાન્તો દાખલ કરવાના યત્નો થાયછે અને આ નવા સિદ્ધાન્તો બાર વર્ષ ઉપર જે રાજ્યક્રાન્તિ થઇ તેને લીધે આવે છે એવો આરોપ થવા લાગ્યો છે. અમર્યાદિત કર નાંખવાનો નિરંકુશ હક અમલ કરવે જોખમ ભર્યો છે અને રાણી સરકારનું રાજ્યતન્ત્ર આવી દલીલો કરશેઃ આવી આપ ખુદી સત્તાનો દાવો કરશે એવું કોણે ધાર્યું હશે?

રોસ મેન્ગલ્સ જે ઇસ્ટ ઇન્ડિયા કમ્પનીનો એક અત્યંત મજબુત અધ્યક્ષ હતો અને હવે જે ઇન્ડિયા કાઉન્સિલમાં એક બલિષ્ઠ સભાસદ હતો તેણે પણ વિશ્વાસઘાત અને સત્યભંગના જેવું આ પગલું ભરવામાં તેટલીજ આનાકાની કરી. તેણે કહ્યુંઃ "આ ખરીતાના ઘોરણ ઉપર ઇન્ડિયા સરકાર કેટલે સુધી જઇ શકે તે બાબત મને બહુ શંકા છે. ગંભીર વચનોના ભંગનો આરોપ આવે એવાં પગલાં ભરવાની પણ તેઓ હિમ્મત કરે એવો મને

ભય છે. બ્રિટિશ સરકારે એક સૈકામાં સત્ય વચનને માટે મેળવેલી આબરૂ આ લોકો એકાદ અસાવધાન પગલું ભરીને એક ક્ષણમાં ખોઈ બેસશે. લોકની કેળવણી જેવા પ્રશસ્ય અર્થને માટે પણ આ કીમત તો બહુ મોંઘી જ પડે. હિન્દુસ્તાનમાં શારીરિક બળ વિના બીજું કોઈ બળ આપણી પાસે નહિ રહે—જો સત્યને માટે બન્ધાયલી આપણી પ્રતિષ્ઠા આપણે એકવાર ખોઈ બેઠા તો. પણ આ નવા કર રહામે સર ફ્રેડ્રિક હેલિડેનો વાંધો સર્વથી વધારે પ્રમાણભૂત હતો, કારણ કે આ ગૃહસ્થ બળવાના પ્રસંગમાં અને તે પછી બંગાળાના લે૦ ગવર્નર હતા, અને ઇન્ડિયા કાઉન્સિલના બીજા બધા સભાસદો કરતાં હલકાને વધારે સારી રીતે સમજતા. એમણે આગ્રહથી બતાવ્યું કે કેળવાયલા માણસોના સ્વતન્ત્ર ઉદ્યોગથી બંગાળામાં કેળવણી ફેલાવા લાગી છે; અને લોર્ડ વિલ્યમ બેન્ટિન્કની નીતિનું આ સ્વાભાવિક અને સંતોષજનક ફળ બન્ધ કરવું એમાં ડહાપણ નથી.

તે લખે છે:-દરેક કેળવાયલો માણસ પોતાની પડોશમાં અને પોતાના આશ્રિતોમાં કેળવણીનો મોટો પ્રચારક નીવડ્યો છે. અને આબરૂદાર જમીનદારો પોતપોતાના ગામોમાં નિશાળો સ્થાપવામાં અને વિદ્યાને ઉત્તેજન આપવામાં એક બીજા સાથે સરસાઇ કરે છે. ૧૮૬૯ સુધી સ્વદેશી ભાષામાં અપાતી કેળવણીના ખરચનો અરધ ભાગ ખાનગી લવાજમો અને ફાળાઓમાંથી પેદા થતો અને તે નાણાં એવા લોકો પાસેથી આવતાં કે જેઓ થોડાં વર્ષ અગાઉ પોતાને માટે કેળવણીની કિમ્મત પણ પૂરી સમજી શકતા નહિ તો બીજાને આપવાની ફરજ તો સમજેજ શેના. મને ખાત્રી છે કે ૧૮૩૫ નાં મોટા પ્રબન્ધનાં શુભ પરિણામો પુષ્કળ દેખાય છે. તેના કર્ત્તાઓનાં ડહાપણ અને દીર્ઘ દૃષ્ટિનો પૂરતો પુરાવો મળ્યો છે; અને બંગાળામાં રાષ્ટ્રીય કેળવણીની સ્થિતિ જોકે ઘણી અધૂરી છે તો પણ વર્ત્તમાનમાં પુષ્કળ સંતોષ આપનારી અને ભવિષ્યને માટે નિર્ભય આશા આપનારી છે.

વસ્તુસ્થિતિ આમ છતાં ઇન્ડિયા સરકાર એકદમ જાહેર કરે છે કે

અત્યારની રીતથી તેમને બહુ અસંતોષ છે. તેઓ ઠેઠ સુધી રાહ જોઇ શકયા નહિ અને એકદમ જનમંડળના ગળામાં કેળવણી પરાણે નાંખ્યા વિના એમને ચાલતું નથી; અને આ યોજનાનું ખરચ અતિશય થાય અને રાષ્ટ્રીય કોશમાંથી કાંઇપણ મદદ મળી શકે નહિ, તેથી લાખો પાઉન્ડનો તમામ ખરચ બંગાળાના જમીનદારો ઉપર કચ્ચી ઉપજના બે ટકા જેટલો કર નાંખીને કાઢવાનો સરકાર હુકમ કરેછે.

જમીનદારો મજબુત વાંધા લેછે. ૧૭૯૨ ના સ્થાયી જમાબન્દીની ભાષા બતાવીને તેઓ તેના સ્પષ્ટ વચનોનો ઉપન્યાસ કરે છે. "આ જમા હમેશને માટે અડગ રીતે નિયત કરેલી છે" અને આજ પછી જમીનદારો ભવિષ્યમાં "કોઇ પણ જમા નજરાણો કે બીજા કોઇ પણ પ્રકારનાં આત્મ-સત્તાથી નાણાં કઢાવવામાંથી હમેશને માટે મુકત છે. આ ગંભીર રાષ્ટ્રીય કૉલો ઘણા કોશ સંકટના વખતમાંથી અને કોર્નવૉલિસથી કેનિંગ સુધી જુદા જુદા રાજ્ય પરાવર્તોમાં પણ સખ્તાઇથી પાળવામાં આવ્યા છે; અને રાષ્ટ્રીય વચનનો ભંગ કર્યા વિના હવે તે વચનો કોરાણે મૂકી શકાશે નહિ."

૧૮૬૦ માં જ્યારે આમદાની વેરો પહેલવહેલો નાંખવામાં આવ્યો ત્યારે બંગાળાના જમીનદારો વિશ્વાસ ભંગ ગણી તેની સહામે વાંધો લેવા તરફ વલણ ધરાવતા હતા; અને તેમ કરવા તેમને કારણ હતું પણ તેમણે તરતજ તે દલીલ છોડી દીધી અને તેમના મંડળના અગ્રેસરની સલાહ અને દૃષ્ટાંતનો સ્વીકાર કર્યો. બર્દવાનના રાજાએ પ્રબન્ધસભા ઉપર એકપત્ર લખીને જણાવ્યું કે-આમદાની વેરો ૧૮૫૭ ના બળવાના પ્રકરણના ખરચ માટે નાખવામાં આવ્યો છે અને તે વેરો સર્વ વર્ગના ઉપર સરખી રીતે આવ્યો છે. માટે તેને ચાલુ થવાનો હું દાખલો બેસાડું છું અને હું આશા રાખું છું કે આ વખતસરના દેશ ભકિતના વચનોનો દુરૂપયોગ કરીને ભવિષ્યમાં અમારા અને અમારા બન્ધુઓ વિરૂદ્ધ સ્થાયી બંદોબસ્તની

સરતોનો ભંગ કરવામાં અને માત્ર જમીન ધારણ કરનાર વર્ગ ઉપર બીજા કોઇ ખાસ વેરો નાખવાના કારણરૂપ ગણાશે નહિ; તેમ થશે તો તે અમને અત્યંત સખ્ત અને દુઃખદ લાગશે.

જમીનદારોની પ્રાર્થના, બંગાળા સરકારની દલીલો અને કાઉન્સિલના કેટલાક સભાસદોની અસંમતિ–એ બધાં વ્યર્થ ગયાં નહિ. બંગાળા ઉપર કેળવણી માટે વેરો ન નાંખ્યો પણ ૧૮૭૧ માં સાંથ ઉપર ૩½ ટકા જેટલો રસ્તાને માટે વેરો નાંખ્યો. તે નાંખનાર બંગાળાના ગવર્નર જૅાર્જ કૅમ્બેલ હતા અને તેમણે ડયુક ઑફ આર્ગિલના અભિપ્રાયને પ્રમાણભૂત માનીને આ વેરો નાંખ્યો હતો.

આપણા દેશના જે ભાગોમાં જમા હમેશને માટે ઠરાવવામાં આવી નહોતી તે ભાગોમાં આવા વેરા નંખાઇ ગયા હતા. સર બાર્ટલ ફ્રીયરે ફિનેન્સ કમિટીને જાહેર કર્યું હતું કે મુંબઇમાં જમા ઉપર ૬½ ટકા એટલે સાંથ ઉપર ૩½ ટકાનો કર રસ્તાને માટે અને કેળવણીને માટે નાંખવામાં આવ્યો છે.

કેટલાક ભાગોમાં ત્રીસ વર્ષનો બન્દોબસ્ત ચાલતો હોય ત્યાં તેનો ભંગ થાય છે એમ લોકો ધારશે એવા ભયથી આ નવો વેરો નાંખવાનો વિલંબ કર્યો હતો; અને જ્યાં આવો બન્દોબસ્ત કરતી વખતે આ બાબતમાં કાંઈ વિવેચન થયું ન હતું ત્યાં આ વેરો નાખવાનું મુલતવી રાખ્યું હતું; પણ નવા જમાબન્દી પટામાં મૂળ જમાના બન્દોબસ્તની સાથેજ આ સામીલ કરવામાં આવ્યો છે અને સરકારની જમા જેટલોજ આ પણ પ્રજીયાત છે.

સર રોબર્ટ મોન્ટ ગોમરિએ કહ્યું તે પ્રમાણે પંજાબમાં જમા આ ધોરણ ઉપર નિયત થઇ હતી. ખેતીની ચોખ્ખી સાંથનો અરધ ભાગ જમીનદારનો અને અરધ સરકારનો; આ ઉપરાંત ૧ ટકો કેળવણી વેરો અને એક ટકો રસ્તા વેરો એમ બે ટકા લેવા માંડ્યા હતા. આના કરતાં વધારે લેવાનો યત્ન કર્યો હત તો લોકોને ફરિયાદનું કારણ ઉત્પન થાત.

મધ્ય પ્રાન્તોમાં મિ. મોરિસના મત પ્રમાણે જો તેથી લોકોને કાંઇ પ્રત્યક્ષ અને તાત્કાલિક લાભ થતો હોય તો કેળવણી અને રસ્તાઓને સારૂ નવા કર નાંખવાનું વાજબી ગણ્યું હતું.

અયોધ્યામાં પ્રથમના ૧૪ ટકાને બદલે ૨૪ ટકા કરવાનો ધારો ૧૮૭૧ માં જમીનદારોની સંમતિથી પસાર થયો હતો. પણ સર ચાર્લ્સ વિન્ગફિલ્ડે કમિટી આગળ ખુલાસો કર્યો હતો કે, આવી સંમતિ કદી સ્વેચ્છાથી અપાતી નથી. હમેશાં તે લેવામાં રાજ્યપ્રભાવ દ્વારા જય મળે છે; અને તે આપવામાં આવે છે તે પણ પોતાની લાચારી સમજીને. અને ચિફ કમિશનરે એવી રીતે માગણી કર્યા પછી ના પાડીએ તો એથી વધારે અનિષ્ટ પગલાં ભરશે એવા ભયથી; અને બળવાન પક્ષ નિર્બલ પક્ષ સાથે કરાર કરીને પછી નિર્બલ પક્ષને નુકસાન થાય તેવી રીતે તેમાં સુધારો કરવાની માગણી કરે એ હું વાજબી પણ ધારતો નથી. બળવાના વખતમાં મારી પેઠે જે લોકો નાસ ભાગમાં હતા તેમને જાને એવી વાતો આવી કે બીજા વખતમાં કદી આવત નહિ. અને હું મારી જાત માહીતી ઉપરથી કહું છું કે ઉપરના પ્રાન્તોમાં જમાબન્દી થયા પછી કેળવણીના નિમિત્તથી અથવા બીજા કોઇ કારણથી જમાબન્દીના બન્દોબસ્તની બહાર નવા વેરાને માટે લોકો પાસે સંમતિ માંગાતી તે અત્યંત અપ્રિય હતું અને લોકો તેને મૂળ કારણનો ભંગજ માનતા.

સ૦ હેન્રિ ફૉસેટ—જો સરકાર પોતાની સ્વતંત્ર ઇચ્છાથી ત્રીસ વર્ષનો બન્દોબસ્ત કર્યા પછી નવા કર નાંખી શકે તો ત્રીસ વર્ષનો બન્દોબસ્ત તે એક પ્રારસજ છે?

જ૦ સર ચાર્લ્સ વિન્ગ ફિલ્ડ—મને તો હમેશાં તે એવોજ જણાયો છે.

સ૦ ફૉસેટ—અને સરકારનું આ કૃત્ય ધ્યાનમાં લેતાં અયોધ્યાના જમીનદારો ઉપર સરકારનો કાબુ વધે તો એક પછી એક વેરો ગમે ત્યાં સુધી સરકાર નાંખે અને એ સંબંધમાં તેને કાંઇ૰ સલામતી નહિ?

જ૦ સર ચાર્લ્સ વિન્ગ ફિલ્ડ—બેશક નહિ.

સ૦ હેન્રિ ફ્રેસેટ—હું સમજું છું તે પ્રમાણે તમે એમ કહેવા માગો છો કે અધિકાર વિભાગની યોજનાથી પ્રાન્તિક સરકારોને ત્રણ લાખ પચાસ હજાર પાઉંડ મળતા બંધ થયા, અને તેથી તેમને આ પ્રાન્તિક કરો નાંખવાની જરૂર પડી; પણ જો તેમ ન થયું હત તો તે જરૂર પડત?

જ૦ વિન્ગ ફિલ્ડ—ના. મારી સમજણ એમજ છે કે આ અધિકાર વિભાગની યોજના એજ દલીલ છે અને તેથી અયોધ્યાના ફાળામાં ૧૫૦૦૦ પાઉંડ ઓછા થયા છે અને અધિકાર વિભાગની યોજનાના હુકમમાં આવી ઉપજ સ્થાનિક સરકારોએ પૂરી લેવી એવી ગોઠવણ છે; અને તેમાં આજ કાલ નંખાએલા અને નંખાતા નવા કરોનો સ્પષ્ટ નિર્દેશ છે; અને આ ખોટ પૂરી પાડવા માટે નવા કરો જ્યાં નંખાય છે તેવા પ્રાન્તોમાં અયોધ્યાની ગણત્રી છે.

અને આ અધિકાર વિભાગની યોજનાની ખરી ખામી વિન્ગફિલ્ડે આ પ્રમાણે બતાવી. "આ યોજના હું નાપસંદ કરું છું કારણ કે સ્થાનિક સરકારોજ લોક પાસેથી જેટલું બની શકે તેટલું કઢાવવાને કારણ આપે છે અને સ્થાનિક સરકારોના અધિકારીઓને કેવી કેવી આદતો હોય છે તે હું અનુભવથી જાણું છું.

જ્યારે ફિનેન્સ કમિટી આ પ્રમાણે લન્ડનમાં વિચાર કરતી હતી તેજ વખતે હેન્રિ ફ્રેસેટ અને સર ચાર્લ્સ વિન્ગેટને ભય હતો તેજ પ્રમાણે વાયવ્ય પ્રાન્તોમાં ગોઠવણો થતી હતી. આ પ્રાન્તોમાં અધિકાર વિભાગની યોજના પ્રમાણે ૪૮૦૩૦ પાઉંડની ખામી પ્રાન્તિક સરકારને પૂરી પાડવાની હતી. લે. ગવર્નર આટલી ખામી પૂરી પાડીને સંતુષ્ટ ન થયા પણ સ્થાનિક વેરાઓથી ૧૦૨૦૦૦ (એક લાખ બે હજાર પાઉંડ) સંપાદન કરવા સુધી પોતાની સત્તાનો ઉપયોગ કર્યો અને જમાબન્દીના નવા બન્દોબસ્ત વખતે જૂના

કરો ૫ ટકા જેટલા હતા તેને બદલે ૧૦ ટકા જેટલો વધારો કરીને તેણે આ ઉપજ પેદા કરી.

મદ્રાસમાં પણ એમજ બન્યું. અધિકારવિભાગના હુકમ પ્રમાણે ૫૫૪૨૮ પાઉંડની ખોટ પૂરી પાડવાની હતી. મદ્રાસ સરકારે નવો ધારો પસાર કરી સાંથ ઉપર ૬½ ટકા જેટલો કર નાંખ્યો અને પહેલાં જ્યારે ૧૯૭૧૦૬ પાઉંડ આ વેરાઓમાંથી ઉત્પન્ન થતા હતા ત્યારે આ નવા ધારાથી ૩૪૨૮૦૦ પાઉંડની ઉપજ કરી. આ પ્રમાણે જ્યારે સામ્રાજ્ય સરકારે પંચાવન હજારની ખોટ પૂરી પાડવા માટે મદ્રાસ સરકારને સત્તા આપી ત્યારે તેમણે એક લાખ પીસતાળીસ હજાર પાઉંડ પેદા કર્યા. લગભગ તમણા.

જમીન ઉપરના નવા કરોને લીધે લૉર્ડ ડેલ્હાઉસીએ ૧૮૫૫ માં ઉત્તર હિન્દુસ્તાનમાં અને સર ચાર્લ્સ વુડે ૧૮૬૪ માં દક્ષિણ હિન્દુસ્તાનમાં જમાની જે નિયતતા સ્થાપિત કરી હતી તે રદ્દ ગઇ. એક પછી એક રાજપુરૂષોએ આપણા જમાના પ્રશ્ન ઉપર મહેનત કરી હતી અને કેટલીક મોટી ભૂલો કર્યા પછી આખરે વાસ્તવિક ઉપજ અથવા આર્થિક સાંથના અરધની મર્યાદા રાજ્યબલિને માટે નિર્માણ કરી હતી. આ જમા ઉપરાંત જે થોડા સ્થાનિક કરો નાંખવામાં આવ્યા હતા તે ૧૮૬૪ સુધી એટલા તો જૂજ હતા (અને ઘણીવાર તો પ્રાચીન દેશરીવાજ અનુસાર હોઇને) કે તેની કાંઇ ગણત્રીજ ન હતી. અને લોકો ચોખ્ખી ઉપજના અરધના નિયમનો એથી ભંગ થાય છે એમ માનતા ન હતા. બહુ દીલગીરીની સાથે નોંધવું પડે છે કે અર્ધા સૈકા ઉપરાંતના વહીવટી અનુભવ પછી નિયત કરેલી મર્યાદાનું સહેલમાં ઉલ્લંઘન થયું; અને જમીન ઉપરના કરોમાં વધારા કરવાની અનિયત સત્તા સ્થાનિક સરકારોને આપવામાં આવી. આ નવી નીતિથી જે બેમૂલ સલામતી એક હાથે આપવામાં આવી હતી તે બીજે હાથે વાસ્તવિક રીતે લઇ લીધી. એતીના ચોખ્ખા નફા ઉપર પચાસ ટકાએ રાજ્યબલિની મર્યાદા બાંધી હતી; બીજા નામોથી બીજાં બલિદાન હવે ઉમેરાયાં.

પ્રકરણ ૮.

જકાતનો ઇતિહાસ.

ખેતી ઉપર નવા કરો નાંખીને હિન્દના રાજ્યાધિકારીઓ બે પાસાં સરખાં કરવાના યત્નો કરતા હતા ત્યારે લેન્કેશિયરના કારખાનદારોની ઇચ્છાઓને અનુકૂલ થવાને માટે માફકસર આમદાની જકાતથી જે ઉપજ પેદા થતી હતી તેનું બલિદાન આપવાનો ૧૮૭૪ માં વિલાયતથી હુકમ આવ્યો. પૂર્વના પ્રકરણોમાં ૧૮૭૧ સુધી જકાતનો ઇતિહાસ આપ્યો છે પણ ૧૮૭૪ માં જે પ્રશ્ન ઉપસ્થિત થયો તેની બરાબર સમજણ પડવા સારૂ એક સુસંબદ્ધ અવલોકનની જરૂર છે.

૧૮૫૮ માં જ્યારે હિન્દનું સામ્રાજ્ય મહારાણીના પ્રત્યક્ષ રાજ્યતન્ત્ર નીચે આવ્યું ત્યારે સુતર ઉપર ૩½ ટકા અને તે સિવાય સુતરાઉ કાપડ સુદ્ધાંત બીજા બ્રિટિશ માલ ઉપર ૫ ટકાની આગદાની જકાત હતી. પરરાષ્ટ્રના માલ ઉપર આથી બમણી જકાત હતી.

૧૮૫૯ માં બળવાને લીધે જ્યારે નાણાંની ભીંડ બહુ વધી ત્યારે જુદા જુદા જકાત દરો રદ કર્યા અને મોજ શોખની તમામ ચીજો ઉપર ૨૦ ટકા જકાત નાંખી. સુતરાઉ માલ સુદ્ધાંત બીજા માલ ઉપર ૧૦ ટકા અને સુતર ઉપર ૫ ટકાની જકાત મુકરર કરી.

૧૮૬૦ માં આપણા પહેલા ફોશમન્ત્રી મિ. જેમ્સ વિલ્યમ મોજશોખની ચીજો ઉપરની જકાત કમી કરી ૧૦ ટકા કરી; અને સુતર ઉપરની જકાત ૫ ને બદલે ૧૦ કરી; એટલે હવે આમદાની જકાત એકસરખી રીતે કિંમત ઉપર ૧૦ ટકાની થઈ; પણ બીર દારૂ, અફૂ અને તમાકુ ઉપર ખાસ દરો હતા.

૧૮૬૧ માં સુતર ઉપરની જકાત કમી કરી ૫ ટકા કરી.

૧૮૬૨ માં સુતર ઉપરની જકાત વળી કમી કરીને ૩॥ ટકા કરી અને સુતરાઉ કાપડ અને બીજા માલ ઉપર ઘટાડીને ૫ ટકા કરી.

૧૮૬૩ માં લોખંડની જકાત ૧ ટકો કરી.

૧૮૬૪ માં જકાતનો સામાન્ય દર દશ ટકાને બદલે ઘટાડીને ૭॥ ટકા કર્યો.

૧૮૬૭ માં બીન જકાતી માલની યાદીમાં ઘણી ચીજો વધારી; રવાનગી જકાતો વખતો વખત રદ કરવામાં આવી હતી; અને વધારો માત્ર દાણા ઉપર થયો.

૧૮૭૨ માં નવો જકાતી ધારો પસાર થયો. સુતર ઉપરની જકાત ૩½ ટકા કાયમ કરી અને સુતરાઉ માલ ઉપર ૫ ટકા. બીજી બધી આમદાની જકાતોની પેઠે ઉપજના સાધન તરીકેજ આ જકાત રાખવામાં આવી હતી; અને કોઈ રીતે હિન્દુસ્તાનના રૂના બાળ–ઉદ્યોગના રક્ષણરૂપ ન હતી.

પણ લેન્કેશિયરના કારખાનાવાળાઓને મુંબઇનાં નવાં સુતરનાં કારખાનાંઓથી ઈર્ષ્યા થઇ. અને ૧૮૭૪ માં સુતર અને સુતરાઉ કાપડ ઉપરની જકાત અનુગ્રહરૂપ છે એમ ગણીને તેના ઉપર હુમલો કર્યો. મી. ગ્લેડ્સ્ટનનો પહેલો વહીવટ આયર્લંડમાં મોટા સુધારા કરી રહ્યા પછી અને ઇંગ્લંડમાં રાષ્ટ્રીય કેળવણીની સ્થાપના કર્યા પછી છેવટના ભાગમાં અપ્રિય થયો હતો. પ્રધાન મંડળની સ્થિતિ એવી અસહ્ય થઇ પડી કે તેમણે ૧૮૭૪ માં પાર્લામેન્ટ બરખાસ્ત કરી. સામાન્ય ચુંટણીની તૈયારી હતી. સામાન્ય ચુંટણીમાં લેન્કેશિયરના મતોની સંખ્યા બળવાન હોય છે. આ તક ઠીક હતી. એટલે ૧૮૭૪ ના જાન્યુઆરીની ૩૨ મી તારીખે મેન્ચેસ્ટરના વ્યાપારી મંડળે સેક્રેટરી ઑફ સ્ટેટને એક અરજી મોકલી.

આ અરજીમાં અરજદારોએ દલીલ કરી કે "સુતર ઉપરની ૩½ ટકાની અને સુતરના માલ ઉપર ૫ ટકાની જકાતો ઘણા વર્ષ ઉપર જ્યારે કિમ્મત

આજના કરતાં વધારે ભારે હતી તે વખતે નાખવામાં આવેલી હતી; એટલે અત્યારે તો આ જકાત સુતરના હિન્દુસ્તાનમાં જે ભાવ છે તેના ઉપર ૪ ટકાની અને સુતરાઉ કાપડ ઉપર તે ભાવને હીસાબે ૭૫ ટકાની થવા જાય છે.

આ કર સુતર અને જાડા કાપડ ઉપર કેવળ બાધક નીવડ્યા છે.

વ્યાપારી મંડળને એવી ખબર મળી છે કે હિન્દુસ્તાનમાં ઝીણું સુતર અને ઝીણું કાપડ પેદા કરવા માટે કોઇ પણ પ્રકારની જકાત વિના ઇન્ડિયા અને અમેરિકાનું રૂ મંગાવવાની હીલચાલ થાય છે; અને તેથી જે માલ ઉપર અત્યારે જકાત લેવાય છે તેની સાથે હરીફાઇ થઇ શકશે.

આ પ્રમાણે હિન્દુસ્તાન અને ગ્રેટબ્રિટન એ બન્નેને નુકશાન જાય તેવી રીતે રૂ ના માલનો સાતુગ્રહ વ્યાપાર હિન્દુસ્તાનમાં ઉત્પન્ન થાય છે.

વળી જકાતથી દેશીઓનાં અથવા ગરીબ લોકોના કાપડ ખરચમાં વધારો થાય છે અને તેથી તેમની તન્દુરસ્તી, આરામ અને સામાન્ય કલ્યાણને વિઘ્નરૂપ થઇ રહે છે.

અને અરજદાર તેટલા માટે અરજ કરે છે કે સુતર અને સુતરાઉ કાપડ ઉપર હિન્દુસ્તાનમાં જે આમદાની વેરો લેવામાં આવે છે તે બાબત તે વેરો પરિણામે રદ કરવાના હેતુથી વેળાસર વિચાર કરવાનું આપ યોગ્ય વિચારશો."

આ અરજીની નકલ મળતાં ઇન્ડિયા સરકારે જવાબ આપ્યો કે ૧૮૬૯ ના આરંભમાં જકાતના દર બારીકાઇથી તપાસ્યા હતા. અને તે વખતે સુતર અને સુતરાઉ કાપડના દર નક્કી કરવા કિમ્મતની આંકણી કાળજીપૂર્વક કરી હતી. તો પણ આવતા વર્ષમાં તે બાબત ફરી તપાસ કરવા સારૂ એક કમિટી નીમવાનું ઇન્ડિયા સરકારે વચન આપ્યું.

મેન્ચેસ્ટરના વ્યાપારી મંડળને આથી સંતોષ થયો નહિ. તેમણે બતાવ્યું કે અમારી અરજમાં કિંમતની બાબતમાં તો પ્રાસંગિક નોંધજ કરી હતી.

અને તેમનો મુખ્ય હેતુ તો તમામ જકાતનું તાત્કાલિક વિસર્જન એજ હતો અને પ્રાર્થના પણ તેજ હતી. પછી તેમણે ઉમેર્યું કે "મુંબઇથી છેલ્લી ખબર આવી છે તે ઉપરથી જણાય છે કે જકાતને લીધે હિન્દુસ્તાનમાં કાંતવા વણવાના ઉદ્યોગને જે અનુગ્રહ થયો છે તેથી કેટલીક નવી મીલો ઉભી થાય છે; આ સમાચાર વેપારીની આ ચીજો ઉપર જે જકાત નાંખવામાં આવે છે તેથી આ દેશમાંની તેમજ હિન્દુસ્તાનમાંની મહારાણીશ્રીની રૈયતને નુકશાન થાય છે તે વાતની સાક્ષ્ય પૂરેછે.

આપેલા વચન પ્રમાણે ઇન્ડિયા સરકારે ૧૮૭૪ માં કમિટી નીમી. મિ. એલેાન્જો મોની સી. બી. તે કમિટીનો અધ્યક્ષ નીમાયો; અને બધા સભાસદો કાંતો અંગ્રેજ વેપારી કે અમલદાર હતા.

કેટલીક બાબતોમાં કમિટીમાં મતભેદ હતો. પણ મેન્ચેસ્ટરના વ્યાપારી મંડળની સુતર અને સુતરાઉ કાપડ ઉપરની જકાત કાઢી નાંખવાની માગણીની બાબતમાં સર્વ વિરૂદ્ધ હતા.

આ વખતે લૉર્ડ નોર્થબ્રુક હિન્દુસ્તાનનો વ્હાઇસરોય હતો. તે નિર્બાધ વ્યાપારનો રંગેરંગ હીમાયતી હતો. પણ તે મજબૂત અને ન્યાયી રાજ્યકર્ત્તા હતો અને અનુગ્રહ તરીકે ન વર્તનારા ઉપજના સાધનનું બલિદાન કદી આપે નહિ તેવો હતો. કમિટીના રિપોર્ટનો પૂર્ણ વિચાર કરીને વ્હાઇસરોયે ૧૮૭૫ માં નવો જકાતનો ધારો પસાર કર્યો.

આ નવા ધારાએ ગળી, ચોખા અને લાખ સિવાય બીજી બધી ચીજો ઉપરનો નિકાસ વેરો રદ કર્યો.

સુતર અને સુતરાઉ કાપડ ઉપરની રવાનગી જકાત કાયમ રાખી, એવા અભિપ્રાયથી કિંમત ઉપર ૫ ટકાની જકાત દેશી માલને અનુગ્રહરૂપ થઇ પડશે નહિ."

કિમ્મતમાં બહુ ઘટાડો કર્યો.

લાંબા તાતણાના રૂ ઉપર ૫ ટકાની જકાત નાંખી એટલા માટે કે ઝીણો માલ પેદા કરવામાં હિન્દની મીલોને હરીફાઇ કરવામાં અનુગ્રહ થાય નહિ.

રવાનગી જકાતનો સામાન્ય દર ૫ ટકા કર્યો. અને દારૂ અને ઍક ઉપર જકાત વધારી. સુતરાઉ કાપડની આંકણીમાં ઘટાડો કરવાથી ૮૮૦૦૦ પાઉન્ડની ખોટ અને સામાન્ય રીતે પાઉન્ડ ઍકની કિમ્મત દશ રૂપીયા ગણતાં આ નવા ધારાથી ૩૦૮૦૦૦ પાઉંડની આપણી તીજોરીને ખોટ ગઇ પણ સુતર અને સુતરાઉ માલ ઉપરની જકાત રાખવાથી ૮૦૦૦૦૦ પાઉંડની ખોટ જતી લૉર્ડ નોર્થબ્રુકે બચાવી. દરમીયાન ગ્રેટબ્રિટનમાં સાધારણ ચુંટણી થઈ ગઇ અને સંરક્ષક સંપ્રદાય બહુમતથી અધિકાર ઉપર આવ્યો અને લિબરલ સરકારે રાજીનામું આપ્યું.

મિ. ડિઝરાઇલે કન્ઝર્વેટિવ પક્ષનું પ્રધાન મંડળ રચ્યું અને લૉર્ડ સોલ્સબરિ હિન્દુસ્તાનખાતાના સેક્રેટરિ ઑફ સ્ટેટ થયો. લૉર્ડ સોલ્સબરી કદી અબાધિત વ્યાપારનો આગ્રહી હીમાયતી ન હોતો; પણ લેન્કેશિયરના મનનું સમાધાન કરવાનો એનો પૂર્ણ આગ્રહ હતો; ૧૮૭૫ ના જુલાઇમાં એણે વ્હાઇસરોયને નીચેની મતલબનો પત્ર લખ્યો.

"જો આ જકાત ઇંગ્લંડના હરીફોને બાતલ કરવાનું સાધન હોય અને તેથી હિન્દુસ્તાનના લોકોની એક જરૂરની ચીજના ભાવ આકરા થતા હોય તો એની સહામે ગંભીર પ્રકારના આર્થિક વાંધા ઉભા થાય છે જે કહેવાની જરૂર નથી. હું પંડે તો તેની આવી અસર થતી હોય એમ ધારતો નથી પણ આવી માન્યતાની રાજ્યકીય અસરની ગંભીરતા હું ધ્યાન બહાર મૂકી શકું તેમ નથી.

મને ખાત્રી છે કે આ દલીલોથી આપ નામદાર આવી ભયંકર તકરારના વિષયને નાણાં સંબંધી સ્થિતિ સુધરતી જાય તેમ તેમ દૂર કરવાની નીતિને અનુમોદન આપશો."

૧૮૭૫ ના ઑગસ્ટની પાંચમી તારીખે લૉર્ડ નોર્થબ્રુકે લૉર્ડ સોલ્સબરીને નવો જકાતનો ધારો પસાર થયાના તારથી ખબર આપ્યા. તે તારના પહેલા

ભાષણમાં ઉપર જે ફેરફારો વર્ણવ્યા છે તે ફેરફારોનું વર્ણન હતું. અને તારના અંતમાં આટલા ફેરફારથી કુલ ત્રણ લાખ આઠ હજારનું નુકશાન થાય છે એમ જણાવ્યું હતું.

પણ લૉર્ડ સેલ્સબરિને આટલાથી સંતોષ થયો નહિ. તેણે ફરીથી તાર કર્યો. 'ધારાના ઠરાવો બહુ અગત્યના છે, કેટલાક વાંધા ભર્યા છે' અને વિશેષમાં પ્રબન્ધ પ્રકરણના ૧૮૭૪ ના નવમા ખરીતા પ્રમાણે આવો અગત્યનો ધારો સેક્રેટરી ઑફ સ્ટેટને પ્રથમ પૂછ્યા વિના કેમ પસાર કર્યો તેનો ખુલાસો માંગ્યો.

આ ઉપરથી અપ્રિય પત્રવ્યવહારે જન્મ આપ્યો. લૉર્ડ નોર્થબ્રુકે ૧૮૭૫ ના ઑગસ્ટમાં પોતાની કાઉન્સિલને ભેગી લઈને ખુલાસો કર્યો કે તે સવાલ બહુ અગત્યનો હતો અને વિલંબ કરવો એ યોગ્ય ન હતું; વળી સેક્રેટરિ ઑફ સ્ટેટને પૂછવાથી ઇન્ડિયા સરકારના ઇરાદાની વાત બહાર પડી જાત અને તેથી વેપારમાં બહુ અગવડ થઇ આવત.

પણ હજી લૉર્ડ સેલ્સબરીને સંતોષ ન થયો. ૧૮૭૫ માં નવેમ્બરમાં પોતાના અંડર સેક્રેટરિ સર લુઈ મેલેટને ઈન્ડિયા સરકાર સાથે નાણાં પ્રકરણી ધારાના સંબંધમાં મસલત કરવા માટે મોકલવાની સૂચના કરી; અને સુતરાઉ કાપડ ઉપરની જકાત ધીમે ધીમે પણ તદન કાઢી નાંખવાનો આગ્રહ બતાવ્યો.

ફેબ્રુઆરી ૧૮૭૬ માં લૉર્ડ નોર્થબ્રુક અને તેમની સભાએ જવાબ વાળ્યો અને લખ્યું કે બાર મહીને આઠ લાખ પાઉન્ડ આપનારી જકાતનું બલિદાન આપવું ઇષ્ટ નથી. અને ઉપજની બાબતમાં આવા ગંભીર સવાલમાં વિલાયત સરકારે પહેલાં કદી દરમિયાનગિરી કર્યાનો દાખલો નથી. લૉર્ડ નોર્થબ્રુક અને તેમની સભાએ અંતમાં લખ્યું કે હિન્દુસ્તાનનું હિત ધ્યાનમાં રાખીને આ વિષયનો વિચાર કરવાની અમારી ફરજ છે. સુતરાઉ

કાપડ ઉપરની જકાત તદ્દન કાઢી નાખવી એ હિન્દુસ્તાનના હિતની સાથે બંધબેસતું છે એમ અમે ધારતા નથી; અને અમે આશા રાખીએ છીએ કે આ પત્રમાં વર્ણવેલી સર્વ હકીકત એટલું બતાવી આપશે કે આ જકાતની ખરી અસર આપ ધારો છો તેવી નથી. હિન્દુસ્તાનના રાષ્ટ્રકોશને ભારે નુકસાન કર્યા વિના એ જકાત કાઢી શકાય તેમ નથી; અને તે કાઢીને નવા કરો નાખવાથી લોકમાં ગંભીર પ્રકારની બેદીલી ઉત્પન્ન થશે.''

અને ૧૮૭૬ ના માર્ચના આ પત્રના અનુસન્ધાનમાં લૉર્ડ નોર્થબ્રુક વ્હાઇસરોયનાં કૃત્યો ઉપર સેક્રેટરિ ઑફ સ્ટેટે અંકુશ મૂકવાનો જે યત્ન કર્યો હતો તેના રહામો પોતાનો વાંધો દર્શાવ્યો. લૉર્ડ નોર્થબ્રુક હિન્દુસ્તાનના વ્હાઇસરોયોમાં એક ડાહ્યામાં ડાહ્યો અને સંગીન વિચારનો વ્હાઇસરોય હતો બ્રિટિશ પ્રધાન મંડળની આ નવી નીતિની વિરૂદ્ધ હતો; કન્ઝર્વેટિવ સરકારે આગ્રહથી આદરેલી સીમાન્ત નીતિનો અમલ કરવાને તે નારાજ હતો; લેન્કેશિયરે નિર્દિષ્ટ કરેલી કોશનીતિનો તે સ્વીકાર કરી શકે તેમ ન હતું. તેણે પોતાના મોટા અધિકારનું રાજીનામું આપ્યું અને ૧૮૭૬ ના મધ્યમાં આવતાં તો હિન્દુસ્તાન છોડ્યું.

લૉર્ડ સૉલ્સબરિની સભાના સભાસદો આ બાબતમાં કેટલે અંશે તેને સહાયભૂત હતા તે જોવાનું હવે બાકી રહે છે.

લૉર્ડ સૉલ્સબરિએ પોતાના અંડર સેક્રેટરી લ્યુઇ માલેટને પોતાની આ યોજના અમલમાં મૂકવા સારૂ મોકલવાની ઇચ્છા તારથી બતાવી હતી આના સંબંધમાં લખતાં સર અર્સ્કિન પેરિ લખે છે કે:—

"ઇન્ડિયાનું રાજ્યતન્ત્ર કેવળ સ્વસત્તાક છે; અને વિલાયત સરકારનું આ બાબતમાં કામ એટલું જ છે કે ત્યાં ઉત્પન્ન થયેલાં તમામ કૃત્યોની બારીકાઈથી તપાસ કરી ઉતાવળ, અન્યાય કે અવિચારિપણું ન થાય એ જોવું. જો આ તારનો હેતુ હિન્દુસ્તાનમાં જ્યારે મોટાં આચરણો માટે તૈયારી

થતી હોય તે વખતે જહાંગીરી હુકમ મોકલવાનો હોય તો તે દેશની મુશ્કેલીઓમાં ઘણો વધારો થશે, અને પ્રતિષ્ઠાવાન રાજ્યપુરૂષોમાં ગવ્હર્નર જનરલનો અધિકાર વધારે અપ્રિય કરશે."

સર હેનરી મેન્ટગોમરિ–જે સત્તર વર્ષથી ઇન્ડિયા કાઉન્સિલનો સભાસદ હતો તેણે લખ્યું:—"આવી રીતે નાણાં સંબંધી રાજ્યનીતિ માટે અંડર સેક્રેટરિને હિન્દુસ્તાન મોકલ્યાનું પહેલાં કોઇવાર બન્યું હોય એમ મને યાદ નથી. વળી મને જાણીને વિસ્મય થાય છે કે આ કાઉન્સિલના સભાસદ તરીકે આ બાબતમાં ચાલતો પત્રવ્યવહાર મને બતાવાયો પણ નથી. અને આવી સ્થિતિમાં તમામ વિષયથી કેવળ અજ્ઞાત હોવાથી અને મારા સહકાર્યભારીઓ સાથે મસલત કર્યા વિના આવા અણીના પ્રસંગમાં લૉર્ડ નોર્થબ્રુકની કિંમતી સેવાઓનું હિન્દને નુકસાન થાય તેવા કોઇ આચરણમાં હું ભાગ લેવા માગતો નથી."

જનરલ રિચર્ડ સ્ટ્રેચિ–લૉર્ડ સોલ્સબરિના આમદાની જકાત કહાડી નાંખવાના મતમાં મળતો હતો, તેમ છતાં, લખે છે કે "મારો વાંધો એવો હતો કે કાઉન્સિલને જે બાબતની કંઇ ખબર નથી તેવી બાબતમાં કાઉન્સિલને એક અભિપ્રાય સાથે જોડી દેવી એ ઠીક નહોતું."

સર રોબર્ટ મોન્ટ ગોમરિ–જે કાઉન્સિલનો ઉપાધ્યક્ષ હતો તેણે લખ્યું કે "લૉર્ડ નોર્થબ્રુકની જકાતની નીતિની નાપસંદગી બતાવવાનો કાઉન્સિલનો હેતુ નથી." અને લૉર્ડ સૉલ્સબરિ લેન્કેશિયરનું સમાધાન કરવા એટલો ઉત્સુક હતો કે તેણે પોતાની કાઉન્સિલને બાજૂ ઉપર મૂકીને આ બધો પત્રવ્યવહાર ચલાવ્યો હતો: તેથી આ સંબંધમાં તેણે એવો ખુલાસો કર્યો કે "કાઉન્સિલને આ તાર મોકલ્યો ત્યારે હું લંડનથી છેટે હતો. મને ખબર ન હતી કે કાગળો વાંચવાની હજુ સુધી તેમને તક મળી નહિ હોય."

હવે જ્યારે લોર્ડ લિટન વ્હાઇસરોયના અધિકાર ઉપર આવ્યો ત્યારે લોર્ડ સૉલ્સબરિનો માર્ગ સરળ થઇ ગયો. ૧૮૬૭ ના મેની ૩૧ મીને રોજ તેણે બે પત્રો હિન્દુસ્તાન મોકલ્યા. એકમાં એણે સુતરાઉ કાપડ ઉપરની આમદાની જકાત કાઢી નાંખવાનો આગ્રહ કર્યો. બીજામાં ઇન્ડિયા સરકાર અને સેક્રેટરિ ઑફ સ્ટેટ વચ્ચેના સંબંધનો ખુલાસો લખ્યો. આ બન્ને પત્રોના સંબંધમાં લોર્ડ સૉલ્સબરિને પોતાની કાઉન્સિલની બહુમતિનો ટેકો હતો. પણ સર ફ્રેડ્રિક હેલિડે, સર બેરોસ એલિમી અને સર અર્સ્કિન પેરિ, નાણાં પ્રકરણી નીતિના સંબંધમાં જુદા પડયા; અને પેરિ અને મોન્ટ ગોમરિ સેક્રેટરિ ઑફ સ્ટેટ અને ઇન્ડિયા સરકાર વચ્ચેના સંબંધના નિરૂપણમાં પણ જુદા પડયા.

આ મતભેદમાં ઊંડા ઉતરવાની જરૂર નથી. સર ફ્રેડ્રિક હેલિડેએ જણાવ્યું કે " જેટલા અંશમાં આ જકાત વર્તમાનમાં વસ્તુતઃ અનુગ્રાહક હોય તેટલા અંશમાં તે પાછી ખેંચી લેવી જોઇએ; અને હવે ભવિષ્યમાં પણ જેમ અનુગ્રાહક થતી જાય તેમજ. એક કિંમતી અને જરૂરી આવક જ્યાં સુધી તેની સ્હામે અનુગ્રાહકતા સિવાય બીજો કાંઇજ વાંધો નથી તે આવક એ અનુગ્રાહક છે એમ જ્યાં સુધી સાબીત ન થાય ત્યાં સુધી બન્ધ કરવાનું કાંઇજ કારણ હું જોતો નથી. "

સર આર્સ્કિન પેરિની દલીલ એવી હતી કે "આવી બાબતોમાં આદ્યવિચાર ગવર્મેન્ટ ઑફ ઇન્ડિયાનેજ સોંપવો જોઇએ; અને એ સેક્રેટરિ ઑફ સ્ટેટે તો તેના ઉપર પુનઃ વિચાર કરવાનું રાખવું જોઇએ. જો આદ્ય વિચાર સેક્રેટરિ ઑફ સ્ટેટને સોંપાય તો આચરણ સુવિચારિત થવાની ખાત્રી નાહે કેમકે પુનર્વિચારની શક્યતા નથી. "

પણ ભિન્ન મતવાળા સભાસદોની સંખ્યા ઓછી હતી. લૉર્ડ સૉલ્સબરિને કાઉન્સિલની મોટી સંખ્યાનો ટેકો હતો અને લૉર્ડ લિટન તો તૈયારજ

હતો. પણ હવે એક નવી મુશ્કેલી ઉભી થઇ હતી. મદ્રાસના ભયંકર દુકાળે આખા સૈકાનો સખ્તમાં સખ્ત અને અત્યંત વિનાશકારક દુકાળે સત્તાધીશોને વિચારમાં નાંખ્યા. ૧૮૭૭ ના માર્ચની ૧૫ મી તારીખે નવા કોશ મન્ત્રી બોલ્યા કે:—

"ગયા વર્ષમાં આ દેશમાં કાંઇ પગલાં ભરાયાં નહિ કારણ કે રૂપાના ભાવ ઉતરી જવાથી અમને નાણાં સંબંધી મુશ્કેલી ભારે હતી. એવે વખતે કંઇપણ ઉપજ મૂકી દેવાનું ડહાપણ ભર્યું લાગ્યું ન હતું; અને સેક્રેટરી ઑફ સ્ટેટ અમારી સાથે એક મત થયા હતા. આ વખતે પણ અત્યંત દીલગીરીની સાથે અમારે જાહેર કરવું પડે છે કે ગયે વર્ષે જેવાં કારણો હતાં તેવાજ કારણોને લીધે આ વર્ષે પણ આ જકાત ખસેડવાના સંબંધમાં કંઇજ થઇ શકે એમ નથી; દુકાળને લીધે ઉભી થયેલી નાણાં સંબંધી મુશ્કેલીઓ એવી ગંભીર છે કે કંઇપણ આવકનું બલિદાન આપી શકીએ એવી અમારી સ્થિતિ નથી."

પણ લેન્કેશિયર અધીરૂં થતું હતું. ગ્રેટબ્રિટનનો કોઇપણ રાજ્યકીય પક્ષ લેન્કેશિયરના મતોનો અનાદર કરી શકે તેમ નથી. મિ. ડિઝરાએલની સરકારને તેમ કરવાની ઇચ્છા ન હતી. ૧૮૭૭ ના જુલાઇની ૧૧ મી તારીખે જ્યારે મદ્રાસના દુકાળના હેવાલો બ્રિટિશ પત્રોમાં દેખાવા માંડ્યા હતા, તે વખતે બ્રિટિશ આમની સભાએ સુતર ઉપરની આમદાની જકાત કાઢી નાંખવાની ઉતાવળ કરવાનો ઠરાવ કરવાનું યોગ્ય વિચાર્યું. ઠરાવ આ મતલબનો હતો.

"આ સભાના અભિપ્રાયમાં સુતરાઉ માલ ઉપર હિન્દુસ્તાનમાં લેવાતી આમદાની જકાત સ્વરૂપમાં અનુગ્રાહક હોવાથી, સંગીન વ્યાપાર નીતિની વિરૂદ્ધ છે, અને ઇન્ડિયાની નાણાં સંબંધી સ્થિતિ અનુકૂલ થાય કે તરતજ વગર વિલમ્બે તે રદ કરવી જોઇએ."

આ ઠરાવનો નાણાં સંબંધી સ્થિતિની અનુકૂલતાવાળો ભાગ અર્થહીન હતો. બળવા પછીની આપણી નાણાં સંબંધી સ્થિતિ એવી હતી કે કોઇ પણ આવક મૂકી દેવી આપણને પોસાય તેમ ન હતું. જમીન ઉપર સ્થાનિક કરો નાંખવામાં આવ્યા હતા; અને બીજી કોઇ આવક રદ થાય તે પહેલાં આ કરો રદ કરવાની જરૂર હતી પણ આ ઠરાવનો તેવો અર્થ હતોજ નહિ; તેવો અર્થ કરવાનો પણ નહતો.

લૉર્ડ સૉલ્સબરિએ આ ઠરાવ ઇન્ડિયા સરકાર ઉપર મોકલી આપ્યો અને પાંચ નવા મીલો ઉભી થવાની તૈયારી છે એ વાતથી તો જેમ ભય પામી ગયા હોય તેવી રીતે લખ્યું કે "એવી ગણત્રી કરાય છે કે ૧૮૭૭ ના માર્ચ આખર ૧૨૩૧૪૪૫ ત્રાકો હિન્દુસ્તાનમાં કામ કરતી હશે!"

તેથી વળતા વર્ષમાં ઇન્ડિયા સરકારે વળી કેટલીક જકાત કાઢી નાંખી. "વગર ધોયેલાં ટિકસોથ, જીન, ચાદર અને ડ્રિલ" આવી રીતે અમે શરૂઆત કરવા ધારીએ છીએ; પણ એવી સરતે કે જો આવા માલમાં ત્રીસ નંબર કરતાં વધારે ઝીણું સુતર નહિ હોય તો. ૧૮૭૬–૭૭ ના આંકડા ઉપરથી ગણતાં આટલી છૂટથી ૨૨,૨૨૭ પાઉંડનું નુકશાન થશે."

મેન્ચેસ્ટરના વ્યાપારી મંડળને આનાથી પણ સંતોષ થયો નહિ. તેમણે ૩૦ ના નંબરના શેના અને લૅન્કશૅાય ઉમેરવા અરજ કરી. સુતરના સંબંધમાં બાંધેલી મર્યાદા રદ્દામો મજબુત બાંધો જાહેર કર્યો અને ત્રીસની ઉપર સિવાયના બધા નંબરોના કાપડ ઉપર અને નિર્દિષ્ટ કરેલાં કેટલીક જાતનાં સુતર ઉપરથી જકાત માફ કરવા અરજ કરી.

લૉર્ડ લિટન બધી માગણીઓ બીન સરતે મંજુર કરવાને તૈયાર હતો; પણ ઇન્ડિયાની સિવિલ સર્વિસને માન ઘટે છે કે તેમણે આવી રીતે તાબે થવાની અને દુકાળ, લડાઈ અને કર વધારાના વર્ષોમાં આવી રીતે આવકનું

બલિદાન આપવા પરાણે હા પાડવાની ના કહી. આ પ્રશ્નની કટલીક મિનિટો બહુ સારી છે.

મિ. વ્હાઇટલિસ્ટોમ્સઃ—આ જકાત માફ કરવાની ના કહેવાનાં કારણોમાં પહેલું એ છે કે (૧) આપણી રાષ્ટ્રીય કોશની સ્થિતિ ખરાબ છે. આપણે આપણું દુષ્કાળ વીમાફંડ—કે એને જે નામ આપતા હો, તે ખરચી દીધું છે. આપણે અફઘાનીસ્તાન જોડે એક ખરચાળ લડાઇ લડીએ છીએઃ બર્માના રાજની સાથે ગમે તે દિવસે આપણે લડાઇમાં ઉતરવું પડશે; અત્યારેજ હિન્દુસ્તાનમાં પાંચ કરોડ (પચાસ લાખ પાઉંડ) તો કરજે કાઢવા પડ્યા છે અને બે કરોડ (વીસ લાખ પાઉંડ) ને માટે ઇંગ્લંડમાં ભીખ માગવા નીકળ્યા છીએ.

બીજું એ છે કે (૨) અત્યારની માગણી મંજુર કરીશું તો પરિણામે તમામ સુતરાઉ કાપડ ઉપરની જકાત આપણે માફ કરવી પડશે. "લેન્કેશિયરના બળવાન કારખાનદારો આ વિજયથી ઉત્તેજન પામીને આપણી આમદાની ઉપર નવા હુમલા કરશે. જો આપણી પાસે કોઇ ખરી સીવીક રહે તો આવી અલ્પ આમદાની જકાત રદ કરવા કરતાં—આપણા કેટલાક પ્રત્યક્ષ કરો માફ કરવા જેવા છે.

(૩) માગણી મંજુર કરવાથી બ્રિટિશ ઇન્ડિયાની આ જકાતને રૂપે આવકમાં દેશી રાજ્યો જે ફાળો આપે છે તે પછી નહિ મળે. (૪) આ જકાત રદ કરવાનું હિન્દના લોકો તો કહેતા નથી; મેન્ચેસ્ટરના વેપારીઓજ કહે છે. (૫) આ માગણી મંજુર કરવાથી, મેન્ચેસ્ટરના કારખાનદારો હિન્દુસ્તાનના લોકોને હમણાં કરતાં વધારે મિશ્રણવાળું કાપડ ખરીદવાની ફરજ પાડશે; એટલે કાપડનું ખરચ ઓછું થવાને બદલે વધશે.

(૬) હિન્દુસ્તાનનાં વર્ત્તમાનપત્રો બજારે બજારે જાહેર કરશે કે "મેન્ચેસ્ટરના સ્વાર્થ સારૂ—અને આવતી ચુંટણીમાં લેન્કેશિયરના મત મેળવવાની કોન્ઝર્વેટિવ પક્ષને મદદ કરવાને માટે આ જકાત રદ કરવાનાં આવી

છે. બેશક હિન્દુસ્તાનના લોક ખોટા સમજશે; જ્યારે રાજકર્તા પ્રજાને સ્વાર્થી કહે ત્યારે તે ખોટાજ હોવા જોઇએ."

મિ. રિવર્સ ટોમસન—જે તે પછી બંગાળાના લે૦ ગવર્નર થયા તેમણે પણ નાણાં સંબંધી મુશ્કેલીની અનિવાર્યતા ઉપર ધ્યાન ખેંચ્યું.

૧૮૭૯–૮૦ ના હિસાબમાં ૧૩૯૫૦૦૦ પાઉંડની ખોટ છે. દુકાળ વીમા ફંડનાં નાણાં પણ ખરચાઇ ગયાં છે. ભવિષ્યના દુકાળમાંથી પસાર થવા માટે નવા કર નાંખીશું તે વિશ્વાસઘાતજ લેખાશે. આવે વખતે સુતર અને સુતરાઉ કાપડ ઉપરથી જકાત કાઢી નાંખવી એ યોગ્ય નથી. અને હિન્દુસ્તાનના રાજ્યવહીવટના વાજબી હકોનું અંગ્રેજ પક્ષનીતિને બલિદાન આપવાનો જે આમાં આ ક્ષણે દેખાવ થાય છે તે કારણસર હું ખાસ રીતે તેની વિરૂદ્ધ છું."

સર એલેકઝાન્ડર આર્બુથનોટ નાણાંની મુશ્કેલી ઉપરજ પોતાની દલીલ રચે છે અને તેને મજબૂતીથી પ્રતિપાદન કરે છે. આમની સભાનો ઠરાવ હિન્દુસ્તાનની સરકારને શાહુકારી વટમાં રહેવાની જવાબદારીમાંથી મુક્ત કરી શકે તેમ નથી. હિન્દુસ્તાનના લોકો લેન્કેશિયરના કારખાનદારો જેમનો સુતરના વેપારમાં સ્વાર્થ છે તેમની ઉશ્કેરણીથી આ કૃત્ય થાય છે એમ માને છે. અને જ્યારથી લૉર્ડ સૅલ્સબરિએ મેન્ચેસ્ટરના વેપારીઓને કહ્યું કે સુતરાઉ માલ ઉપરની જકાત ધીમે ધીમે કાઢી નાંખવાની તજવીજ કરવાની અમે ઇન્ડિયા સરકારને આજ્ઞા આપીશું—ત્યારથીજ અહીંના લોકોમાં ઉપર પ્રકારે લાગણી ઉત્પન્ન થઇ છે અને આ લાગણી માત્ર ભારતપુત્રોમાં થઇ છે એમ નથી. મદ્રાસ અને કલકત્તાના વ્યાપારી મંડળ તરફથી જે યાદીઓ આવી છે તેથી પણ સમજાય છે કે તે શહેરોમાં યુરોપીયન મંડળમાં પણ આવીજ લાગણી પેદા થઇ છે તેમજ અમલદાર મંડળમાં પણ એમજ સમજાયું છે અને આપણા અમલદારોમાં એવા ચાર જણ પણ નહિ હોય કે જે એમ માનતા નહિ હોય કે આ આચરણ નથી હિન્દના લાભ માટે થતું કે નથી વિલાયતના

લાભ માટે થતું. પણ એક રાજ્યકીય પક્ષના ધારેલા સ્વાર્થ માટે થાય છે—કે જે પક્ષના અગ્રેસરોને લેન્કેશિયરના સુતરના કારખાનદારોના મત સાચવી રાખવાની જરૂર લાગે છે. ઇસ્ટ ઇન્ડિયા કમ્પનીના વખતમાં સૂત્રધારકોની સભા હિન્દુસ્તાનના સ્વાર્થની અને ઇંગ્લંડના બલવાન પક્ષના દબાણ વચ્ચે એક મોટી અર્ગલારૂપ હતી. આવી રીતનું કંઇ કામ સેક્રેટરી ઑફ સ્ટેટની કાઉન્સિલ કરતી નથી.....બીજી તરફ ગવર્નર જનરલની સભાના હાથમાં મોટી સત્તા છે અને એને માથે મ્હોટી જવાબદારી છે. આ સભાના સભાસદો જ્યારે પોતાની ફરજ બજાવવામાં ગફલત કરશે ત્યારે હિન્દુસ્તાનને માથે બહુ નબળા દિવસો બેસશે."

સર એન્ડ્રુ કલાર્ક પણ ૧૮૨૫ ની જકાત નીતિનાં ધોરણોને બાજૂ ઉપર મૂકવાનું કાંઇ કારણ જોતા ન હતા.

આ બધા વાંધા વ્યર્થ ગયા. અમુક બાબતોમાં પોતાની સભાની બહુ મતિથી વિરૂદ્ધ ચાલવાની સત્તા છે અને આ સત્તાનો અંતિમ ઉપયોગ કરીને લૉર્ડ લિટને "૩૦ નંબર ઉપરનું સુતર જેમાં ન આવતું હોય તેવો તમામ સુતરાઉ માલ જકાતમાંથી મુક્ત કર્યો." આ અયોગ્ય આજ્ઞા પાળવામાં રહામે ન થનારા બેજ સભાસદો હતા; સર જૉન સ્ટ્રેચિ અને સર એડિવન જૉન્સન.

લખવાની જરૂર નથી કે સેક્રેટરિ ઑફ સ્ટેટે લૉર્ડ લિટનના આ આચરણને અનુમોદન આપ્યું. જનરલ રિચર્ડ સ્ટ્રેચિએ સેક્રેટરિ ઑફ સ્ટેટને ટેકો આપ્યો. તેમના ભાઈ સર જૉન સ્ટ્રેચિએ વ્હાઇસરોયને ટેકો આપ્યો હતો. તેમ બીજા પાંચ સભાસદોએ પણ આ કૃત્ય મંજુર કર્યું. બીજી તરફ સર ફ્રેડ્રિક હેલિડે, સર રોબર્ટ મોન્ટ ગોમરિ, સર વિલ્યમ મૂર, અને સર અર્સ્કિન પેરિ એમના મત જુદા પડ્યા. લૉર્ડ લિટને આ જકાત પોતાની સભાની બહુ

મતિથી વિરૂદ્ધ થઇને નાંખી; અને લૉર્ડ સૉલ્સબરીએ પોતાની સભાની બહુ મતિની વિરૂદ્ધ થઇને તે મંજુર કરી !

સુતરાઉ કાપડ ઉપરની જકાતનો આ ઇતિહાસ અત્યંત દુઃખદ છે. ૧૮૭૭ ના આમની સભાના ઠરાવમાં આપણી નાણા સંબંધી સ્થિતિ અનુકૂલ થાય ત્યારે તે જકાત રદ કરવાની ભલામણ હતી. એ ઠરાવનો અમલ એ થયો કે ૧૮૭૭ ના દુકાળમાંથી હજુ મદ્રાસ જે વખતે છૂટ્યું ન હતું, અને ૧૮૭૮ ના દુકાળથી ઉત્તર હિન્દુસ્તાન હજી પીડાતું હતું; જ્યારે જમીન ઉપર નવા કરો જમાગાં તરતજમાં ઉમેરાયા હતા, અને ખાસ કરથી ઉત્પન્ન કરેલું દુકાળ વીમા ૪ ંડ ખીન્ન ઉપયોગમાં લેવાયું હતું; જ્યારે આવક ખરચના અંદાજી આંકડામાં ખોટ દેખાતી હતી અને અફઘાનીસ્તાનની લડાઇનું ખરચ ડોળા કહાડીને ઉભું હતું; તે વખતે આ જકાત રદ થઇ.

૧૮૭૭ ના ઠરાવથી આમની સભાએ ઇન્ડિયા સરકાર ઉપર ગેરવાજબી દબાણ મૂક્યું, ત્યારે એ ઠરાવને ૧૮૭૯ માં અમલમાં મૂકીને ઇન્ડિયા સરકારે નબળાઇથી પોતાના કર્ત્તવ્યમાં ગફલત કરી. લિટન સિવાય બીજો કોઇ વ્હાઇસરૉય આવે વખતે આટલી આવકનું બલિદાન આપે નહિ; અને સર જૉન સ્ટ્રેચિ સિવાય બીજો કોઇમન્ત્રી આવી સલાહ આપી તેને અમલમાં મૂકવામાં મદદ કરે નહિ.

પણ પક્ષબલની રાજ્યનીતિના લાભ માટે આપેલું આ અધર્મ્ય બલિદાન સફલ ન થયું. ૧૮૮૦ ની સામાન્ય ચુંટણીમાં કન્ઝર્વેટિવ પક્ષ હાર્યો.

ગ્રંથ ૨ જો—ખંડ ત્રીજો.

પ્રકરણ ૧ લું.

સામાન્ય ઇતિહાસ.

લિટન અને રિપન.

હવે આપણે વિક્ટોરિયન યુગના છેલ્લા ખંડમાં પ્રવેશ કરીએ છીએ. ગ્રેટબ્રિટનમાં જેને સંરક્ષક પ્રત્યાઘાતના યુગનું નામ મળ્યું છે તે યુગના—ભાવો, વિચારો અને ઉમેદોના તે ફેરફારનો આરંભ ૧૮૭૪ ની સાલમાં ગ્લેડસ્ટનનો પહેલો કારભાર ઉતર્યો ત્યારથી શરૂ થયો એમ કહી શકાય. જગતની મ્હોટી પ્રજાઓના ત્વરિત વિકાસથી નવી ઇર્ષ્યાઓ ઉત્પન્ન થઈ અને નવા અભિલાષો જાગ્રત થયા. જગતના અર્ધા ભાગમાં એક આંતર યુદ્ધ પછી એક, ચિત્ત થયેલી મ્હોટી સ્વસત્તાક પ્રજાએ સર્વોપરિપણું પ્રાપ્ત કર્યું અને બીજા અર્ધના રાજ્યવ્યવહાર અને વ્યાપારમાં ભાગ પડાવવા માંડ્યો. સેડોઆ સેડાનના યુદ્ધમાંથી એક રાક્ષસના જેટલું બળ સંપાદન કરીને સંયુક્ત જર્મની જન્મ પામ્યું: અને યુરોપનાં રાજ્યોની મસલતમાં ઐશ્વર્ય સંપાદન કર્યું. ફ્રાન્સ પણ પરાભવ પામ્યા પછી પુનઃ ઉભું થતું હતું અને આ પરાભવનો બદલો એશિયા અને આફ્રિકામાંથી મેળવવાની શોધમાં હતું, અને રશિઆ ઓટોમેનસીનું તહનામું ફાડી નાંખીને પૂર્વ તરફ અટકાયત વિના વધ્યે જતું હતું. આથી અંગ્રેજોના મનમાં બેચેની ઉત્પન્ન થઈ હતી. આંતર સુધારાને માટે પૂર્વનો ઉત્સાહ નરમ પડયા અને વિકાસનો અભિલાષ વૃદ્ધિ પામ્યો. હિન્દુસ્તાનની હિ-

શામાં રશિયાના આવાગમનને શેહ આપવાની જરૂર જણાઇ. એશિઆમાં ઇંગ્લંડના સર્વોપરિપણાનું રક્ષણ કરવાની આવશ્યકતા હતી. આફ્રિકાખંડ હજુ સર્વને માટે ઉઘાડો હતો અને ત્યાંના અપ્રસિદ્ધ પ્રદેશો બ્રિટિશ વિજયસેનાની રાહ જોઇને બેઠા હતા. સંસ્થાનો સાથે ગાઢતર સંબંધ કર્યાથી બ્રિટિશનો પ્રભાવ પુનઃ પ્રતિષ્ઠા પામશે અને જગતની સ્હામે એકત્રતાથી સમગ્ર ઇંગ્લંડ ઉભું રહેવા શક્તિવાન થશે એમ ધારવામાં આવ્યું. આગળ વધતી પ્રજાઓમાં ઇંગ્લંડની પ્રતિષ્ઠા સાચવવા સારૂ આખા ભૂગોલ ઉપર સર્વત્ર આવેગવાન પરદેશ નીતિ–વિકાસ અને વિજયની રાજ્યનીતિ–અમલમાં મૂકવાની જરૂર હતી. અંગ્રેજોની આવી આનવત પણ બલવાન લાગણી હતી અને આવા પ્રસંગોમાં વારંવાર બને છે તેમ પડેલ વડેલાં સાહસો ડાહ્યાં ન હતાં તેમ સફળ પણ ન થયાં.

લૉર્ડ લોરેન્સની સંગીન સીમાન્તનીતિ અપ્રિય થઇ. આ વખતની રાષ્ટ્રીય મનની સ્થિતિને સર આર્ટલ ફ્રીયરનો સિદ્ધાન્ત ઇષ્ટ જણાયો. લૉર્ડ નોર્થબ્રુકે એ સિદ્ધાન્ત અમાન્ય કર્યો અને તેને રાજીનામું આપવું પડયું. આ નવી નીતિ અમલમાં મૂકવાને તૈયાર એવો નવો વ્હાઇસરૉય હિન્દુસ્તાન માટે પસંદ થયો. બ્રિટિશ વડા પ્રધાન મિ. ડિઝરાઇલે લૉર્ડ લિટનને નીચેનો મતલબનો પત્ર લખ્યો.

"મારા વ્હાલા લિટન–માત્ર આંતર કારણોને લીધે લૉર્ડ નોર્થબ્રુકે હિન્દુસ્તાનના વ્હાઇસરૉયના અધિકારનું રાજીનામું આપ્યું છે અને તે આવતી વસન્ત ઋતુમાં ઇંગ્લંડ આવશે.

જો તમે તૈયાર હો તો તેના અધિકાર માટે તમારૂં નામ હું રાણી સાહેબ પાસે રજુ કરૂં. મધ્ય એશીઆના બારીક પ્રસંગને લીધે અત્યારે એક રાજ્યનીતિજ્ઞ પુરૂષની જરૂર છે; અને હું ધારૂં છું કે તમે જો આ મહાન

પદ્ની સ્વીકારશો તો તમારા દેશને બચાવવાની અને સ્થાયી કીર્તિ સંપાદન કરવાની તમને તક મળશે."

આ વખતે લૉર્ડ લિટન ૪૪ વર્ષની ઉમ્મરનો હતો, અને સિસિલમાં એલચી હતો; અને એને માટે ધારેલી નીમણુકના આ તેને પહેલવહેલા સમાચાર મળ્યા. આ પત્રમાં તેની નિમણુકનો મુખ્ય હેતુ સ્પષ્ટ રીતે બતાવાયો છે. અફઘાનીસ્તાન સંબંધી જે રાજ્યનીતિને અમલમાં મૂકવાની લૉર્ડ નૉર્થબ્રુકે ના પાડી હતી તે રાજ્યનીતિ અમલમાં મૂકવા માટે તેની યોજના હતી. વડા પ્રધાનના પત્રમાં આપણા દેશના તે વખતના દુષ્કાળો અને લોકની આર્થિક સ્થિતિના સંબંધમાં એક શબ્દ પણ નથી. આ વિષયોમાં બ્રિટિશ પ્રધાનોનું બહુ લક્ષ ન હતું.

નવા વ્હાઇસરૉયે કંઇજ વખત ખોયો નહિ. ૧૮૭૬ ના એપ્રિલની ૧૨ મી તારીખે તેણે નૉર્થબ્રુક પાસેથી હિન્દુસ્તાનના વ્હાઇસરૉયની પદવીનો અધિકાર અખત્યાર કર્યો. એપ્રિલની ૨૪ મી તારીખે એણે અમ્બાલાની મુલાકાત લીધી; અને પેશાવરના કમિશનરને અફઘાનીસ્તાનના અમીરને આપવાનો પત્રનો મુસદ્દો આપ્યો. કાબુલ ઉપર એક બ્રિટિશ એલચી મોકલવાનું એક બ્હાનું શોધી કાઢયું. અમીરને સમાચાર મોકલાવ્યા કે "સર લ્યુઈ પેલિની સાથે ડા૦ બેલો અને મેજર સેન્ટ જૉન આવશે; અને તેઓ નામદાર વ્હાઇસરૉયે અધિકાર અખત્યાર કર્યાની વાત તથા હિન્દુસ્તાનના સામ્રાજ્યના સંબંધમાં જે નવા બનાવો મહારાણીશ્રીએ ધારણ કર્યા છે તેના સમાચારનો ખરીતો હાથોહાથ આપશે."

અફઘાનીસ્તાનનો અમીર હુંશીયાર માણસ હતો; અને આ એલચી બાતાનો ખરો હેતુ સમજી ગયો. તેથી તેણે વિવેકથી ઉત્તર લખ્યો કે ખુદાની મહેરબાનીથી અમારો આપનો સંબંધ મજબૂત અને કાયમ રહેશે. પણ જો આ બાબતે આપના ઉદાર દીલમાં આ અફઘાનીસ્તાનના રાજ્યને ફાયદો થાય એવી કોઈ વાત હોય તો અમને જણાવશો એટલે અમે અમારો વિશ્વાસુ એલચી આપની

પાસે મોકલીશું અને તે અમને કહેશે." બીજા શબ્દોમાં શેરઅલ્લીએ એલચી મોકલવાની ના પાડી અને પોતાનો માણસ મોકલવાની માગણી કરી.

આ પહેલીજ શેહથી લૉર્ડ લિટન ચીડવાઇ ગયો. પેશાવરના કમિશનરની મારફત એણે અમીરને ચેતવણી આપી કે વ્હાઇટહૉલની મૈત્રીની ઇચ્છાઓ તમે હાથે કરીને શાન્ત કરો છો; અને હાથે કરીને અફઘાનીસ્તાનને બ્રિટિશ રાજ્યની મૈત્રી અને સહાયતાથી વિમુખ રાખોછો. "

લૉર્ડ લિટનના ડાહ્યા સલાહકારો આવી રીતની વૃત્તિ રાખવાની વિરુદ્ધ હતા. સર વિલ્યમ મૂર, સર હેન્રિ નૉરમન, અને સર આર્થર હોબહાઉસ, એ ત્રણેનો એવો અભિપ્રાય હતો કે અંગ્રેજ એલચીને મોકલવાની ના કહેવામાં શેરઅલ્લી પોતાના હકની અંદર હતો; એણે જે કારણો આપ્યાં હતાં તે સંગીન હતાં; અને બ્રિટિશ સરકારે જે જવાબ આપ્યો તે લડાઇની ધમકીના જેવો હતો અને તેમણે વિશેષમાં સલાહ આપી કે અમીર આપણા એલચી ખાતાનો ખરો હેતુ જાણતો હતો, અને કાબુલમાં સ્થાયી એલચીખાતું રાખવાનો આપણો ઇરાદો તેનાથી છૂપાવવામાં એની સાથે આપણે શુદ્ધતાથી વર્તતા નહતા.

અમીરે પેશાવરના કમિશનરના ઉત્તરનો જવાબ વાળ્યો. એણે સૂચવ્યું કે કાબુલનોજ બ્રિટિશ એજન્ટ અત્તા મહમદ હિન્દુસ્તાન આવશે અને તે બધી સ્થિતિ તમને સમજાવશે અને બ્રિટિશ સરકારની ઇચ્છાઓ જાણી લઇને અમને નિવેદન કરશે. લૉર્ડ લિટને આ સૂચના સ્વીકારી.

અત્તા મહમદ ૧૮૭૬ ના એકટોબરની છઠ્ઠી તારીખે સીમલે આવ્યો. તેણે સર લ્યુઇ પેલીને અમીરના વિચારો વિસ્તારથી સમજાવ્યા અને તેણે કહ્યું કે અમીરને એટલોજ ભય છે કે આ એક કાર્યપૂરતું એલચીખાતું સ્થાયી થઇ જશે. લૉર્ડ સોલ્સબરિ અને લૉર્ડ લિટનનો આજ ઇરાદો હતો.

આ બીજી શેહથી પણ લૉર્ડ લિટન નારાજ થઇ ગયો. અમીરના પ્રતિનિધિની મુલાકાત વખતે તે દમ પકડી શકયો નહિ. તેણે કહ્યું, "બ્રિટિશ સરકારની મદદની જેમને કિમ્મત હશે તેમનેજ બ્રિટિશ સરકાર મદદ કરી શકશે." "જો અમીર અમારી સાથે યોગ્ય સમજણ ઉપર જલદીથી આવવાની ઇચ્છા ન રાખતા હોય તો રશીયા રાખે છે; અને રશીયા એવી સમજણ ઉપર આવવા માગે છે કે જેમાં અમીરને નુકસાન છે." "બ્રિટિશ સરકાર અફઘાનીસ્તાનમાં અસંખ્યાત દલનો વરસાદ વરસાવવાની શક્તિ ધરાવે છે." "જો અમીર અમારા મિત્ર રહેશે તો આ લશ્કરી બળ તેની પાછળ એક લોખંડની વાડની પેઠે રહી તેનું રક્ષણ કરશે; જો તે અમારા દુશ્મન થશે તો તે દળ એક સાંઠાની જેમ તેના કકડા કરી નાખશે." "અમીર ઇંગ્લંડ અને રશીયા વચ્ચે સમભાવ રાખવાનું મિષ રાખે છે; પણ ખરી રીતે અમીર બે લોખંડના વાસણો વચ્ચે એક માટીના ઉતામણા જેવો છે." અત્તા મહમદને અમીર ઉપર એક પત્ર, એક ઘડીયાળ અને અઠોડો અને ૧૦૦૦ પાઉંડની ભેટ આપીને વિદાય કર્યો. આનું કાંઇ ફળ આવ્યું નહિ; કારણ કે અમીર શેરઅલીની આંખો ઉઘાડી હતી.

બલુચિસ્તાનમાં વધારે ઠીક પરિણામ જણાયું. લૉર્ડ નોર્થબ્રુકે ખીલાતના ખાન અને તેના સરદારો વચ્ચેની તકરારોનું સમાધાન કરવા સારૂ મેજર સેન્ડિમેનને મોકલ્યા હતા; તેનું બીજું કામ આ તકરારો દરમિયાન બોલન-પાસનો જે વ્યાપાર માર્ગ બંધ હતો તે ઉઘાડવાનો હતો. મેજર સેન્ડિમેન આ સીમામાં સર્વત્ર લોકપ્રિય હતો. તેણે તકરારોનું સમાધાન કર્યું અને રસ્તો ખુલ્લો કર્યો. સમાધાનની શરતો જે એમણે સૂચવી તે ખીલાતના ખાને અને તેના સરદારોએ સ્વીકારી અને ખુલ્લા દરબારમાં સોગન ઉપર તેનો અંગીકાર કર્યો. જો લૉર્ડ નોર્થબ્રુક આ સમય સુધી અધિકાર ઉપર હત તો આ કૃત્ય સંપાદન કરીને મેજર સૅન્ડિમેન બલુચિસ્તાનમાંથી પાછા ફર્યા હતા. પણ લૉર્ડ લિટનની રાજ્યનીતિ એ હતી કે બ્રિટિશ લશ્કરે ત્યાં રહેવું. એણે

એના પ્રિય લશ્કરી સલાહકાર મેજર કેવેલિને એક ખાનગી તહનામા સાથે મોકલ્યો અને આ તહનામાની છઠ્ઠી કલમમાં ખાનની હદમાં બ્રિટિશ લશ્કરને સ્થાયી રાખવાની શરત હતી. ખીલાતના ખાને આ તહનામા ઉપર સહી કરી અને કવેટામાં બ્રિટિશ સૈન્ય સ્થાયી રહ્યું. લૉર્ડ લિટને મહારાણીશ્રીને લખ્યું કે "ખીલાતના ખાને આપણી સાથે એવું તહનામું કરવાનું કબુલ કર્યું છે કે જેથી આપણે ખીલાતના વાસ્તવિક ધણીજ થઇ ગયું." આ તહનામા ઉપર ૧૮૭૬ ના ડિસેમ્બરની આઠમી તારીખે સહીઓ થઇ.

અફઘાનિસ્તાનની દક્ષિણમાં આ રીતે પગ મૂકવાનું ઠેકાણું કર્યા પછી લૉર્ડ લિટને પૂર્વ તરફની યોજનાને અમલમાં મૂકવાની તૈયારીઓ કરવા માંડી. કર્નલ લમ્સડને કુર્રમ અને ખસ્તિની ખીણોનો કબજો લેવાની સલાહ આપી હતી પણ લૅર્ડ લૉરેન્સે એ દરખાસ્ત નામંજુર કરી હતી. પણ લૉર્ડ લિટનને લમ્સડનની યોજના ગમી હતી. રાવલપિન્ડીથી કોહતનો રસ્તો સમરાવ્યો; અને કેવિગ્નેરીને કુર્રમનદી ઉપર લશ્કરી છાવણી રાખવાની એક જગા પસંદ કરવાના હુકમ સાથે મોકલ્યો; અને સેનાધિપતિને એવો હુકમ આપવામાં આવ્યો કે ત્રણ તોપખાનાં, લશ્કરી મજુરોની બે ટુકડીઓ, એક બ્રિટિશ અને બે દેશી ઘોડેસ્વાર રિજમિટ, અને બે બ્રિટિશ અને ચાર દેશી રિજમિટ કોહાટ મોકલવા માટે બધી તૈયારી રાખવી. અફઘાનીસ્તાનની ઉત્તર તરફ પણ લૉર્ડ લિટન એટલોજ પ્રવૃત્તિશીલ હતો. એણે કાશ્મીરના મહારાજાને સચોટ હથીયાર પૂરાં પાડ્યાં અને ચિત્રાળના પર્વતમાર્ગોમાં લશ્કર મોકલવાને ઉશ્કેર્યા, કાશ્મીરનું રાજ્ય આ વખતે લગભગ નાદાર સ્થિતિમાં આવી ગયું હતું. બ્રિટિશ ઇન્ડિયા અતિશય કરભાર નીચે ભરાડા પાડતું હતું અને આખા સૈકામાં ભયંકરમાં ભયંકર દુકાળ આવવાની અણી ઉપર હતો. પણ કરકસરની બુદ્ધિ વહાઇસરોય સુધી પહોચી નહિ. તે મહાશય તો આ ક્ષણે અવર્તમાન ભાયની રહામે, ભારે અને ખરચાળુ તૈયારીઓ કરવામાં વધ્યે ગયા, અને એમની પોતાની કૃતિઓથી ભવિ-

ષ્યમાં ભયને જન્મ આપ્યો. એમણે અમીરને જે બાબતની ધાસ્તી આપી હતી તે કર્યું. અમીરના રાજ્યની દક્ષિણ, પૂર્વ અને ઉત્તર દિશામાં હથીયારની વાડ બાંધી.

૧૮૭૭ ના જાન્યુઆરીની પહેલી તારીખે દિલ્હીમાં એક દરબાર ભરવામાં આવ્યો અને લૉર્ડ લિટને હિન્દુસ્તાનના લોકોને, રાજા મહારાજાઓને જાહેર કર્યું કે મહારાણીએ 'હિન્દુસ્તાનનાં સાર્વભૌમ એમ્પ્રેસ' એવો ઇલકાબ ધારણ કર્યો છે. મિ. ડિઝરાએલે બિસ્માર્કની નીતિનું નિર્બળ અનુકરણ કર્યું અને બ્રિટિશ ઇન્ડિયાનાં અધિષ્ઠાત્રીએ પ્રશીઆના મહારાજાએ ૭ વર્ષ ઉપર જે ઇલકાબ ધારણ કર્યો હતો તેજ ઇલકાબ આજ ધારણ કર્યો. ઇંગ્લંડમાં વિચારશીલ મનુષ્યો પૂછતા કે "આ ઇલકાબથી મહારાણીની સત્તામાં શો વધારો થયો અથવા હિન્દુસ્તાનના રાજા મહારજાઓના સંબિપત્રોમાં નિયત થયેલા હકોમાંથી શું ઓછું થયું.

મિ. લૉ નો પ્રશ્ન આ હતો. ઇંગ્લંડ અને હિન્દુસ્તાન વચ્ચે આવો ઝીણો તફાવત રાખવો કે ઇંગ્લંડના સાર્વભૌમને એવો ઇલકાબ હોય કે જેથી તેઓ કાયદાને આધીન છે એમ સમજાય, અને હિન્દુસ્તાનમાં તેજ સાર્વભૌમને એવો ઇલકાબ આપવો કે જે ઉપરથી 'બળનું સર્વોપરિપણું' ફલિત થાય, તે શું ડહાપણ છે ? આ કાયદાના બીજીવારના વાંચન વખતે મિ. ગ્લેડસ્ટને વિરોધપક્ષનું અગ્રણીપણું લીધું અને બ્રિટિશ રાજ્યનીતિનાં સર્વોત્તમ ધોરણોનાં ઉત્કૃષ્ટ દૃષ્ટાન્તોના આદર્શરૂપ એક ગંભીર ભાષણ કર્યું.

"જો એ ખરૂં હોય, અને ખરૂં છે કે, હિન્દુસ્તાન ઉપર આપણે પોતે જે કાયદો રચીએ તે સિવાય બીજા કોઇ પણ કાયદાના અંકુશ વિના આપણે રાજ્ય કરીએ છીએ; જો તે ખરૂં હોય, અને ખરૂં છે કે, આપણે હિન્દુસ્તાનને સ્વાતંત્ર્યની સંસ્થાઓના લાભ અને સુખ આપી શકયા નથી; તો (Empress) એમ્પ્રેસનો ઇલકાબ ધારણ કર્યાથી આ હકીકત ગંભીરતાથી

મૂકવાની આ તકને અભિમાનની તક લેખવાનું હું રાઇટ ઑનરેબલ સદ્‌ગૃહસ્થ (વડા પ્રધાન મિ. ડિઝરાએલ) ને માટેજ રહેવા દઉં છું. હું તો જેટલા અંશમાં ઉપરની વાત ખરી છે તેટલા અંશમાં જે વાત પોતે આપણી નિર્બળતા અને આપણી આપત્તિરૂપ છે તેને કીર્તિ તરીકે ગણવાનો યત્ન કદી કરું નહિ."

"હું માનું છું કે બળમાં આપણું સર્વોપરિપણું ગમે તેટલું છે તે છતાં આ ક્ષણે હિન્દુસ્તાનમાં એવાં રાજ્યો અને મહારાજાઓ છે કે જેમના ઉપર આપણે કદી ઐશ્વર્ય ધારણ કર્યું નથી અને અત્યારે પાર્લમેન્ટના એક પ્રબન્ધથી એવું ઐશ્વર્ય ધારણ કરીએ છીએ; જેનાં પરિણામો કેવાં આવવા સંભવ છે તે કોઇ પણ માણસ પ્રથમથી જોઇ શકે તેમ નથી."

"હું પૂછું છું કે હિન્દુસ્તાનનાં અમુક દેશી રાજ્યો ઉપરનું સર્વોપરિપણું કમ્પનીમાં નિક્ષિપ્ત હતું કે ન હતું? રાઇટ ઑનરેબલ સદ્‌ગૃહસ્થને પૂછવાની આપણી ફરજ છે કે આવું સર્વોપરિપણું નિક્ષિપ્ત હતું કે નહિ; અને આ કાયદાથી હિન્દુસ્તાનનાં દેશી રાજ્યોની સ્થિતિમાં કોઇપણ પ્રકારનો રાજ્યકીય ફેરફાર નહિ થાય એવી પોતાની જવાબદારી ઉપર ખાત્રી કરવાને પોતે શક્તિવાન્ છે કે નહિ?"

આખા પ્રશ્નનું મૂલ આમાંજ હતું. આ નવા ધારાનો જો કંઈ અર્થ હોય તો તે એટલોજ કે હિન્દુસ્તાનનાં અધિષ્ઠાત્રી હિન્દુસ્તાનના રાજા મહારાજાઓ અને રાજ્યો ઉપર સંધિપત્રોથી નહિ મળેલી એવી સત્તાઓ ધારણ કરવાનો ઇરાદો રાખે છે. પ્રશીઆના અધિષ્ઠાતાએ જર્મનીનાં કેટલાંક રાજ્યો ઉપર ઉઘાડી રીતે અને સ્પષ્ટ રીતે જર્મનીના એમ્પરર એવો દરજ્જો ધારણ કરીને, અમુક સત્તા ધારણ કરી હતી. પાર્લમેન્ટ આગાડી જે કાયદો હતો તેમાં આવી સત્તાઓનું વિશિષ્ટ વર્ણન આપ્યું ન હતું. આ નવા ધારામાં આવી સત્તાઓ ચર્ચિત હતી કે ન હતી?

મિ૦ ગ્લેડ્સ્ટન અને સર વિલ્યમ હારકોર્ટના સ્પષ્ટ પ્રશ્નોનો આપણે આભાર માનવાનો છે કે વડા પ્રધાને પાર્લમેન્ટમાં ભારદાર ભાષામાં જાહેર કર્યું કે " હિન્દુસ્તાનના રાજા મહારાજા અને રાજ્યો ઉપર દોષપણ નવી સત્તાઓ ધારણ કરી નથી. " સર વિલ્યમ હારકોર્ટના સવાલના જવાબમાં મિ. ડિઝરાયલે કહ્યું કે " ઇલ્કાબના ફેરફારથી દેશી રાજાઓના હક અને માન મર્તબાને જરાપણ અસર થતી નથી." આ જવાબ ભવિષ્ય માટે બહુજ અગત્યનો છે.

તથાપિ લૉર્ડ લિટનની ચરિત્ર કથા લખનાર તેની પુત્રી લખે છે કે સો વર્ષ પહેલાં કરેલાં તહનામાં જે હજુ અમલમાં છે તે ઉપરથી સાબીત થઈ શકે કે દેશી મહારાજાઓ બળમાં નહિ પણ માન મર્તબામાં અને હકમાં વ્હાઇસરૉયના બરોબરીઆજ છે. નિઝામ, ગાયકવાડ, અને વ્હાઇસરૉય ત્રણેને એકજ સલામતી છે; અને સલામતીના જેવી માનમર્તબાની નીશાની દેશીઓની કલ્પનામાં બીજી નથી. દિલ્હી દરબાર પછી ૨૧ તોપોની સલામતી વ્હાઇસરૉયની સાથે બરાબરીની નીશાની તરીકે રહી નહિ. !

પોતાના પિતાના રાજ્યવહિવટની કથા લખનાર બે ભિન્ન બાબતોનો સંભ્રમ કરે છે. નિઝામ અને ગાયકવાડ કદી એમ માનતા ન હતા કે તેઓ સત્તામાં વ્હાઇસરાયના બરોબરીઆ છે. વ્હાઇસરૉય એશિઆમાં એક મ્હોટામાં મ્હોટી સત્તાના પ્રતિનિધિ છે એ બાબતની દેશીઓની કલ્પના શક્તિની પણ ખાત્રી કરવા માટે નવો ઇલ્કાબ ધારણ કરવાની કાંઇજ જરૂર ન હતી. પણ નિઝામ અને ગાયકવાડ સંધિપત્રોથી સંપાદન થયેલા હકો ઉપર આધાર રાખતા અને રાખે છે; તેટલોજ આધાર રાખે છે કે જેટલો એક ગરીબ રૈયત કાયદાથી સંપાદન કરેલા હક ઉપર રાખી શકે. અને ઉપર પ્રમાણે વડા પ્રધાનનું વચન છે કે આ નવા ઇલ્કાબથી એવા હકો ઉપર કાંઇ પણ અસર થતી નથી. દેશી રાજ્યોએ આંતર સત્તાના સંબંધમાં સંધિપત્રોથી

સ્થિર કરેલી સ્વતંત્રતામાં કાંઇ પણ દરમિયાનગિરી થાય તે આજે પણ શુદ્ધબુદ્ધિનો વ્યતિક્રમજ છે અને તે જેટલો આ નવો ધ્વકાળ ધારણ કરતાં પહેલાં હતો તેટલોજ.

જ્યારે દિલ્હીમાં મોટા ભપકાથી લૉર્ડ લિટનના દરબારનો મહોત્સવ થતો હતો ત્યારે એક ભયંકર દુષ્કાળની છાયા દેશ ઉપર પડી રહી હતી. ૧૮૭૭ માં હિન્દુસ્તાનના રાજ્યકર્ત્તાને તેની મૂર્ખાઇ ભરેલી અને ખરચાળુ સીમાન્ત નીતિમાંથી અટકાવવાને અને કરકસર કરવાની અને કરભારને હલકો કરવાની નીતિ ઉપર લાવવાને કાંઇ પણ વસ્તુ સમર્થ થઇ શકે તેમ હોત તો તે વર્ષનો ત્રાસદાયક દુષ્કાળ તેમ કરી શક્યો હોત. તે વિપત્તિ કેવળ અનુપમ હતી. મહારાણીશ્રીના રાજ્યારોહણ પછી આપણા દેશ ઉપર ૧૮૩૭, અને ૬૦ ના તથા ૬૬–૬૮ અને ૭૪ ના દુકાળો પડી ગયા હતા; પણ આના જેવો ભયંકર અને વિનાશકારક દુષ્કાળ તો સૈકામાં અજ્ઞાતજ હતો. મદ્રાસની રૈયતની જમાબન્દીની પદ્ધતિ અત્યંત નિકૃષ્ટ હતી અને તેથી તેઓ બંગાળાના લોક જેવા સાધનસંપન્ન ન હતા. વળી ૧૮૭૪ માં બંગાળામાં નિવારણનાં કાર્યોની જેવી ઉદારપણાથી ઘટના થઈ હતી તેવી ઘટના પણ થઈ ન હતી. મોટાં મોટાં ગામો ઉજડ થઇ ગયાં. વિશાળ પ્રદેશ પડતર પડયો રહ્યો અને પચાસ લાખ માણસો–એક મધ્યમ વર્ગના રાજ્યની આખી વસતિ જેટલાં માણસો એક વર્ષમાં આ મદ્રાસના દુકાળમાં નાશ પામ્યાં.

પણ દિલ્હી દરબાર કે આ ભયંકર દુષ્કાળ વ્હાઇસરોયને સીમાન્ત નીતિમાંથી અન્યત્ર લઈ શકયા નહિ. અમીરના વકીલ નુર મહમ્મદ અને સર લ્યુઇ પેલી વચ્ચે ૧૮૭૯ માં એક મુલાકાત થઇ. સર લ્યુઇપેલીએ પ્રાર્થમિક સરત એ કરી કે બ્રિટિશ અમલદારોને અફઘાનીસ્તાનની સરહદ ઉપર રહેવા દેવા જોઇએ અને એમ થાય તો બ્રિટિશ સરકાર અભિયોગ અને સંરક્ષણ બન્ને માટે અફઘાનીસ્તાન જોડે મૈત્રીમાં ઉતરશે; અમીરના વારસને સ્વીકારશે;

અને અમીરના પોતાના મુલકમાં તોફાન થશે તોપણ અમીરની મદદે આવશે. પણ વૃદ્ધ તુરમહમ્મદે અમીરનો નિશ્ચય જાહેર કર્યો "કે બ્રિટિશ અમલદારોને પોતાના મુલકમાં રહેવા દેવાથી તો અમીરની પોતાની તમામ સત્તા નષ્ટજ થશે." આ મસલતનું કંઈજ પરિણામ ન આવ્યું; કારણ કે પછી સંદેશાને માટે કાંઈ પણ પાયો રહ્યો નહતો.

લૉર્ડ લિટને હવે ધીરજ ખોઈ. એણે સર લ્યુપ પેલીને લખ્યું કે "જે લોકો બ્રિટિશ સરકારની મૈત્રી અને સંરક્ષણ શોધતા નથી અથવા તેની કદર કરી શકતા નથી તેમને બ્રિટિશ સરકાર મૈત્રી અને સંરક્ષણ પરાણે આપવા જતી નથી." આમ હોવાથી ગયા ઑક્ટોબર માસમાં દરખાસ્ત કરી છે તે દરખાસ્ત પાછી ખેંચી લીધા સીવાય બીજો કાંઈજ ઉપાય રહ્યો નથી. આ પત્ર પહોંચ્યા પછી ત્રણ અઠવાડીઆમાં તુરમહમ્મદ મરણ પામ્યો. એની સાથે જે બીજો વકીલ આવ્યો હતો તેને એકલાને મસલત કરવાનો અધિકાર ન હતો. કાબુલના બ્રિટિશ એજન્ટ અત્તા મહમ્મદને પાછો બોલાવી લીધો; લડાઈ અનિવાર્ય જણાઈ.

દરમીયાન યૂરોપમાં મોટા બનાવો એક પછી એક ઝપાટા સાથે બની ગયા. રશીયન લોકોએ એક મોટી લડાઇમાં તુર્ક લોકોનો પરાજય કર્યો; અને તેઓ કૉન્સ્ટાન્ટિનોપલના દરવાજા પાસે આવીને ઉભા રહ્યા. મિ. ડિઝરાયલે ભૂમધ્ય સમુદ્રના નૌકાબળને ડર્ડનલ્સ જવા આજ્ઞા કરી, હિન્દુસ્તાનનું સૈન્ય માલ્ટામાં ઉતાર્યું, અનામત પડેલામાંથી સૈનિકોને સજ્જ થવાનો હુકમ કર્યો અને તુર્કસ્તાનની સંમતિથી સાયપ્રસનો કબજો કર્યો. જવાબમાં રશીઆએ તુર્કસ્તાન ઉપર લશ્કર ચલાવ્યું અને કાબુલ ઉપર એક એલચી ખાતું મોકલ્યું.

આ બધા બનાવોની લૉર્ડ લિટને નોંધ લીધી; અને તદનુસાર આચરણ કર્યું. કાશ્મીરના મહારાજા સાથે ગોઠવણ કરીને

બિલ્જિસ્ટમાં બ્રિટિશ થાણું નાખ્યું, અને કાશ્મીરના નાદાર રાજ્ય પાસેથી આ નવા થાણાથી ને બ્રિટિશ મુલક સુધી એક તાર નાંખ્યો તેનું ખરચ લીધું અને પોતાની આ હુંશીઆરી માટે લૉર્ડ લિટને પોતાને આ પ્રમાણે અભિનન્દન આપ્યું. કાશ્મીરીસ્તાનના સરદારો ઉપર આપણે પરકીયપણે વાસ્તવિક રીતે આપણો પોતાનો કાબુ બેસાડી શકીશું; અને તે બધા મુલકો કાશ્મીર જે આપણા તાબાનું રાજ્ય છે તેના સર્વોપરિપણા નીચે હોવાથી આપણને તેનું કાંઇજ ખરચ થશે નહિ."

કાબુલનું રાજ્ય ખરેખર બે લોખંડનાં પાત્રો વચ્ચે એક માટીના ઉનામણારૂપ હતું. રશીયન એલચીખાતું પરાણે કાબુલ ઉપર આવતું હતું. અત્યંત ભયથી અમીરે જનરલ કૉફમનને એલચીખાતાને મળવાની ના લખી, પણ રશીયનો પાછા જાય એમ ન હતું, અને જનરલ સ્ટૉલેટોફ ૧૮૭૮ ના જુલાઇની ૨૨ મીએ કાબુલ પહોંચ્યો. અમીરને તે એલચીનું સન્માન કરવાની જરૂર પડી અને એક સંધિપત્રનો મુસદ્દો ઘડાયો.

દરમીયાન બર્લિનની સભાએ યુરોપમાં શાન્તિ સંપાદન કરી. રશીયન સરકારે જનરલ સ્ટૉલેટોફને બોલાવી લીધો; અને તેણે ઑગષ્ટની ૨૪ મીએ કાબુલ છોડયું. હવે અફઘાનીસ્તાન સાથે વચમાં આવવાનું નિમિત્ત નષ્ટ થયું. પણ "રશિયન મિશન પાછું ગયું તેથી અથવા રશીયા ગમે તેવી ખાત્રી આપે તે છતાં-રશિયન એલચીખાતાનું અફઘાનીસ્તાનમાં સારૂં સન્માન થયું હતું તે હકીકત ભુંસાઇ જવાની નથી; અને રશિયન અમલદારોને અગાઉ અને તેના સલાહકારોના મનમાં ઇંગ્લંડ તરફ અણગમો અને અપ્રીતિ રેડવાની, રશિયાની સત્તા અને તેના મોટા ભવિષ્યની છાપ બેસાડવાની, અને આપણા વિરૂદ્ધ તે દેશમાંથી મદદ મળવાની આશાઓ આપવાની પુષ્કળ તક મળી ચૂકી છે" તેથી બ્રિટિશ એલચીઓને મોકલવાનો લૉર્ડ લિટને નિશ્ચય કર્યો હતો.

બ્રિટિશ એલચીખાતાને સર નૅવેલ ચેમ્બરલેનના તાબામાં મૂકવામાં આવ્યું હતું. સપ્ટેમ્બરની બારમી તારીખે તેણે પેશાવર છોડયું. અફઘાન

સેનાપતિ ફૈઝમહમ્મદે તેને આગળ વધતું અટકાવ્યું તેની અને કેવિગ્નેરી વચ્ચે મસલત થઇ પણ તેનું કંઇજ ફળ આવ્યું નહિ. બ્રિટિશ એલચીઓ પેશાવર પાછા ફર્યા. આ ઉપરથી લૉર્ડ લિટને એક જાહેરનામું કહાડવાનો વિચાર કર્યો. તેમાં અફઘાનોના દોષનું નિરૂપણ કર્યું અને હેતુ એ બતાવ્યો કે ખબર પાસમાંથી અફઘાન લશ્કરને હાંકી કહાડવું, કરમની ખીણનો કબજો લેવો; અને કંદહારથી કન્દહાર ઉપર સવારી લઇ જવી, તથાપિ વિલાયત સરકારની આજ્ઞાથી ઓકટોબરની ૨ જી તારીખે એક ultimation–છેવટની સાવચેતી મોકલી અને ઓકટોબરની ૨૦ મી સુધીમાં તેનો ઉત્તર ન આવ્યો એટલે બીજેજ દિવસે યુદ્ધનાં આચરણો આદરાયાં.

આ યુદ્ધથી કેનિન્ગ અને લૉરેન્સ, મેયો અને નોર્થબ્રુકની લાંબા વખતથી સ્થપાયલી નીતિ ઉત્થાપિત થઈ. ચાળીસ વર્ષ સુધી આપણી વાયવ્ય સીમા ઉપર સચવાઇ રહેલી શાન્તિનો આ યુધ્ધે ભંગ કર્યો. રશીયા આવે સંધિ થયા પછી અને રશીયાના હુમલાનો ભય ગયા પછી આ યુદ્ધ હાથ ધરવામાં આવ્યું અને તેને પરિણામે ૧૮૭૭ ના મદ્રાસના અને ૧૮૭૮ ના ઉત્તર હિન્દના દુષ્કાળથી હજી પીડાતા આપણા દેશ ઉપર એક ભયંકર નાણાં સંબંધી આપત્તિ જન્મ પામી.

વૃદ્ધ લૉર્ડ લૉરેન્સે આ યુદ્ધની રહામે યુદ્ધનો આદર થયા પહેલાંજ પોતાનો અવાજ ઉઠાવ્યો હતો. ૨૭ મી સપ્ટેમ્બરના ટાઇમ્સ પત્ર ઉપર લખેલા પત્રમાં એ મહાશયે લખ્યું છે કે:—

"અમીરના વર્તનને માટે કંઇપણ વિસ્મય પામવાનું કારણ નથી. ૧૮૫૭ ના સંધિના દિવસથી બે૦ અમીર દોસ્ત મહમદખાને કાબુલમાં આપણું એલચીખાતુ રાખવાની અને કોઇ વાર તાત્કાલિક ગોઠવણ તરીકે પણ સાફ ના કહી હતી; અને ગંભીરતાથી આપણને ખાત્રી આપી હતી કે એમ કરવાથી તોફાન જાગશે અને અફઘાનો સાથે આપણે સંબંધ સારો નહિ રહે. એનાં

બ્હાનાં આપણે સ્વીકાર્યાં હતાં. ૧૮૬૯ માં વર્તમાન અમીરે એજ રાજ્યનીતિનો અંગીકાર કર્યો હતો. "

" અમીરની સાથે લડાઇ કરવા જવામાં આપણને શો લાભ છે? એના મુલકની તગામ વસતિને આપણી સ્હામે કર્યા સિવાય આપણે એને ગાદી ઉપરથી ઉઠાડી શકવાના? ૧૮૩૮–૩૯ ની નીતિ આપણે તેવાં જોખમોનો પ્રસંગ ફરીથી ઉપસ્થિત કર્યા વિના આપણે અમલમાં મૂકી શકવાના? એમ ધારો કે શેરઅલીને કાબુલમાંથી કહાડી મૂક્યો; પછી એની જગાએ કોને બેસાડવો? અને આપણા પુતળાને ગાદીએ બેસાડ્યો તો તેની સ્થિતિ આપણે એ મુલકમાં છાવણી ન રાખીએ તો કેવી રીતે જળવાઇ રહેવાની? અને આવા કળજાનો ક્યારે અંત આવવાનો?"

" અમીરઅલી તરફ અત્યારે જે રાજ્યનીતિ ચાલે છે તેની સ્હામે મારો અવાજ પ્રકટ કરવાનું મને આવાં રાજ્યકીય અને લશ્કરી કારણો છે, પણ સદાચારનાં કારણો પણ શું લડાઈની સ્હામે પ્રબલ નથી? ૧૮૩૬ ના બર્ન્સ-ના એલચીખાતાનાં શાં પરિણામ આવ્યાં હતાં તે ધ્યાનમાં રાખીને અને સાધારણ રીતે આવાં એલચીખાતાનાં છેવટનાં પરિણામો કેવાં આવે છે તે જોતાં, આપણું એલચીખાતું પરાણે સ્વીકારવાની સ્હામે થવાનો અફઘાનોને શું હક નથી?"

પણ આ ચેતવણી વ્યર્થ ગઇ. વીસ વર્ષ ઉપર હિન્દુસ્તાનના અભિરક્ષક તરીકે જેને ઇંગ્લંડમાં પ્રેમ અને ઉત્સાહથી વધાવી લેવામાં આવ્યો હતો તે બળ-વાના "વીર" નો આજે તિરસ્કાર થયો. જાહેર વક્તાઓએ એના ઉપર ગાળો અને નિન્દાના વર્ષાદો વરસાવ્યા; અને તેનામાં પત્ર લખનારાઓ અને દોડાદોડા લેખકોએ સરકાર પક્ષનાં છાપાંઓ ભરી મૂકયાં. યુગનું માહાત્મ્ય ફર્યું હતું. શાન્તિની સાહ્યાહ્યી હાંસી થતી. નવા સામ્રાજ્ય મદને લડાઇની ભૂખ લાગી હતી.

સાવધાનીના પત્રોમાં આપેલો વખત પૂરો થતાં પહેલાં એટલે નવેમ્બરની ૨ જી તારીખે લૉર્ડ ળીકન્સ ફીલ્ડે આ લડાઇનું ખરૂં કારણ પ્રકટ કર્યું. "આ લડાઇ કાબુલના અમીરને રશ્યન એલચી ખાતાને સન્માન આપવા બદલ શિક્ષા કરવાને માટે, કે અંગ્રેજ એલચીને પ્રવેશ કરવા દેવાની ના કહેવાને માટે માથે લેવામાં આવી નથી, પણ વૈજ્ઞાનિક સીમાન્ત સંપાદન કરવા સારૂ આપણી સરહદમાં સુધારા કરવા માટે હાથ ધરવામાં આવી છે." સર ળાર્ટલ ફ્રીયર જે આ વખતે આફ્રિકાના હાઈ કમિશનર હતા, પંદર વર્ષ સુધી જે રાજનીતિની તેણે હિમાયત કરી હતી તેનો આજ સ્વીકાર થતો જોઇને રાજી થતો હશે પણ લડાઇ પૂરી થતાં પહેલાંજ એ નીતિ સ્વીકારવા સારૂ શોક કરવાને તેને પૂરતું કારણ મળ્યું હતું.

આ લડાઇના બનાવોનું વિસ્તારથી વર્ણન આપવાનો આ ગ્રંથમાં અવકાશ નથી. બ્રિટિશ સૈન્ય ત્રણ માર્ગે અફઘાનીસ્તાન તરફ આગળ વધ્યું. ખૈબર પાસ, કુરમની ખીણ અને બોલન પાસ. શેરઅલ્લી તુર્કસ્તાન તરફ નાઠો અને મરણ પામ્યો. તેના પુત્ર યાકુબખાને તા. ૨૬ મે ૧૮૭૬ ને રોજ ગુન્ડામકનું તહનામું કરી આપ્યું અને પિશિન, સિબિ અને કુરમના જીલ્લાઓ બ્રિટિશ સરકારને સોંપવા બંધાયો. લૉર્ડ લિટને લખ્યું કે ત્રીજી કલમથી આખા અફઘાનીસ્તાનમાં આપણો અનન્ય પ્રભાવ સિદ્ધ થયો છે; અને આપણે અમીરના બાહ્ય સંબંધો ઉપર સર્વોપરિ સત્તા મેળવી છે. શેરઅલ્લી આજ સમજ્યો હતો અને આને માટેજ લડ્યો હતો. લિન્કન્સ ફિલ્ડે વ્હાર્ણસરોયને લખ્યું કે "આપણે વૈજ્ઞાનિક સીમાન્ત સંપાદન કરી છે. અને આપને મહાન્ મોગલની ગાદી ઉપર બેસાડ્યાની મને તક મળી તે મને હરહમેશ સાચા સંતોષનું કારણ રહેશે."

પણ આ અભિનન્દનો જરાક અકાળે હતાં. સર લુઇ કેવેગ્નેરિ અને બ્રિટિશ એલચીખાતું ૧૮૭૯ ના જુલાઇની ૨૪ મી તારીખે કાબુલમાં દાખલ થયું. અફઘાન લોકોનાં મોં ઉતરી ગયાં હતાં અને ગુસ્સાથી ધુંધવાતા હતા. નવો

અમીર લોકને અપ્રિય હતો અને કાવત્રાખોર હોવાનો તેના ઉપર શક હતો. સપ્ટેંબરની ૨ જી તારીખે કેવિગ્નેરિએ છેલ્લો તાર કર્યો જેમાં 'આલમેલ' એ શબ્દો હતા. સપ્ટેંબરની ૩ જીજ તારીખે આ બહાદુર અમલદાર અને તેના લશ્કરની અફઘાનોએ કતલ કરી નાંખી; યાકુબખાંએ ગાદી છોડી દીધી અને તેને હિન્દુસ્તાનમાં દેશપાર કર્યો. નવી લડાઇ લડવાની ફરજ પડી.

માર્ચ ૧૮૮૦ માં લેપલ ગ્રિફિનને કાબુલ મોકલ્યો. તેને સેનાધિપતિ સર ફ્રેડ્રિક રોબર્ટ્સની સાથે રહીને દૂતવિધિ અને લશ્કરી દેખરેખનું કામ સોંપ્યું હતું. લૉર્ડ લિટને તેને લખ્યું કે "તમે જેવા કાબુલ પહોંચો તેવા તરતજ આ કોળીઆમાંથી બહાર નીકળવાનો રસ્તો કાઢવાની તૈયારી કરજો." તેણે સેક્રેટરિ ઑફ સ્ટેટને લખ્યું કે "આ વખતે જે સૈનિક પગલાં ભરવામાં આવ્યાં છે તેનો માત્ર એકજ હેતુ છે; અને તે દેશને જલદીથી ખાલી કરી પાછા આવવાની સગવડ કરવી." "નવી સીમાન્ત નીતિનાં આ ફળ-" આ નીતિના આદર કરનાર ગૃહસ્થની પોતાનીજ ભાષામાં.

૧૮૮૦ ના એપ્રિલમાં કન્ઝર્વેટિવ પ્રધાનમંડળનો કાર્યભાર ઉતર્યો અને લૉર્ડ લિટન જેની પાસે કન્ઝર્વેટિવ પ્રધાનમંડળે નિર્દિષ્ટ કરેલી રાજ્યનીતિ સિવાય બીજી રાજ્યનીતિજ નહોતી તેણે રાજીનામું આપ્યું. તે તેના ડાહ્યામાં ડાહ્યા પૂર્વાધિકારીની અને ડાહ્યામાં ડાહ્યા કોશમન્ત્રી વિલ્યમ મૂર-એમની સલાહની રહામે ચાલ્યો. એમાંથી કાંઇ ધારેલું ફળ થયું નહિ કે આપણી ત્રિજોરીને બે કરોડ પાઉંડના ખાડામાં ઉતારી દીધી. એટલાં નાણાં સર આર્થર કોટનના તમામ મહત્ત્વનાં પાણી કામો માટે પૂરતાં થાત; તેવી રીતે ઉપયોગ થયો હોય તો તેટલાં નાણાંથી કરોડો ખેડુતો દુષ્કાળના સંકટમાંથી બચત!

૧૮૮૦ માં મિ. ગ્લેડ્સ્ટને લિબરલ પ્રધાનમંડળ રચ્યું. સામ્રાજ્ય મદની ઝરવીને થોડો વખત પાછી ટકાવી લિબરલ મતવાદના રામ!

પ્રવેશ કરાવવામાં એ મહાપુરૂષ સફળ થયો અને આટલા ઉપરથી તેના મહા પ્રતાપ અને અસાધારણ સામર્થ્ય ઉપર સ્વચ્છ પ્રકાશ પડે છે. બલગેરિઆનાં ક્રૂર કર્મોના સ્હામે ઉદ્‌ઘોષ કરતાં અને મિડ્‌લોથિન પરમાણુને ભાષણોથી ઝલમછેલ કરી નાંખતાં આ વૃદ્ધ મહાત્માના ધર્મ્ય ઉત્સાહ અને ધગધગતી પાગ્મિતા એની જુવાનીમાં પણ દૃષ્ટિગોચર થયાં નહતાં. પ્રજાએ એ નરપુંગવનું આમન્ત્રણ સ્વીકાર્યું. એમણે લિબરલોને અધિકાર ઉપર મોકલ્યા. ગ્લેડસ્ટનનો બીજો રાજ્ય વહિવટ આયર્લન્ડ સંબંધી નવો જમીનનો કાયદો અને નવો સુધારાનો કાયદો તથા લાર્ડ રિપને આપણા દેશમાં દાખલ કરેલી લિબરલ યોજનાઓ એ બધાથી સુલક્ષિત છે.

માર્કિવસ ઓફ હાર્ટિંગ્ટન સેક્રેટરી ઓફ સ્ટેટ થયા અને લૅર્ડ રિપને ૬૮૮૦ ના જુનની આઠમીએ વહાઇસરૉયની પદવી અંગીકાર કરી. તરતજ અફઘાન લડાઇનો અંત આણ્યો. જુલાઇની ૨૭ મીએ કંદહારની નજીકમાં મેઇવૉન્ડ આગળ એક બ્રિટિશ ટુકડીનો અફઘાનોએ પરાભવ કર્યો, પણ સર ફ્રે૦ રોબર્ટસ કન્દહારથી કાબુલ સુધી પહોંચી ગયા અને સપ્ટેમ્બરની ૧ લી તારીખે અફઘાન લશ્કરનો અત્યંત પરાભવ કર્યો. અબદુલ રહેમાનને નવા અમીર તરીકે સ્વીકાર્યો અને બ્રિટિશ સૈન્ય કાબુલ અને કન્દહારથી પાછું ફર્યું.

આપણા દેશને ફરીવાર શાન્તિ મળી અને ભંડારમાં સીલીક દેખાઇ. મિ. ગ્લેડ્‌સ્ટ અને મિ. ફૉસેટ જ્યારે વિરોધપક્ષમાં, ત્યારે અફઘાન યુદ્ધનું તગામ ખરચ હિન્દુસ્તાન ઉપર નાંખવા સ્હામે વાંધો લીધો હતો અને લિબરલ સરકારે પચાસ લાખ પાઉંડ ઇંગ્લંડની ત્રિજોરીમાંથી એ લડાઇના ખરચના ફાળા તરીકે અપાવ્યા. લડાઇના કુલ ખરચના પ્રમાણમાં એ રકમ થોડી હતી પણ રસ્યાની ઇર્ષ્યાથી ઉદ્‌ભવ પામેલી હિન્દના સીમાન્ત બહારની લડાઇનું ખરચ એકલા હિન્દને માથે ન પડવું જોઇએ તે સિદ્ધાન્તના વ્યાવહારિક અંગીકારનો આ એકજ દાખલો દફતર ઉપર છે. લિબરલ સરકારે એક બીજું

શાણું આચરણ કર્યું. લૉર્ડ લિટનની નબળી સરકારે આપણાં દેશી ભાષામાં ચાલતાં વર્તમાન પત્રોના ઉપર અંકુશો મૂક્યા હતા. જ્યારે જ્યારે ઇન્ડિયા સરકાર ભૂલો કરે છે ત્યારે વિવેચનનો અવાજ બન્ધ કરવા તરફ વલણ થાય છે. વિલાયત સરકારની મંજુરીથી લૉર્ડ રિપને આ અંકુશો કઢાડી નાંખ્યા.

અર્ધી સૈકા સુધી બ્રિટિશ વકીલટ નીચે રહ્યા પછી માઇસોરના રાજ્યને ત્યાંના દેશી રાજાને સોંપવાની આનંદદાયક ફરજ સન ૧૮૮૧ માં લૉર્ડ રિપનને હાથ આવી. આ ન્યાયી અને ઔદાર્યશીલ આચરણનું મોટું માન તે વખતના લિબરલ સરકારને કે લૉર્ડ રિપનને નથી; પણ ૧૮૬૭ ની કૉન્ઝર્વેટિવ સરકારને અને તે વખતના સેક્રેટરી ઑફ સ્ટેટ સર સ્ટેફર્ડ નોર્થકોટને ઘટે છે.

માઇસોરનું રાજ્ય ૧૭૯૯ માં ટિપુ સુલતાન પાસેથી અંગ્રેજે મેળવ્યું હતું અને બ્રિટિશ સરકાર અને તેમના મિત્ર નિઝામ મોટાને માટે મોટા કકડા કાપી લીધા પછી માર્કવેસ ઑફ વેલ્સલીએ બાકીનો ભાગ ત્યાંના પ્રાચીન હિન્દુરાજાને સોંપ્યો હતો. બહાદુર અને અનુકમ્પાશીલ સર જૉન માલ્કમ પહેલો રેસિડન્ટ થયો હતો. અને ૧૮૦૪ માં તે ત્યાંથી ખસ્યો તે પછી પુર્ણીયા નામના સ્વદેશી પ્રધાને સામર્થ્ય સાથે કૂતેહમંદીથી રાજ્ય ચલાવ્યું ને ડયુક ઑફ વેલિન્ગટનની શાબાશી મેળવી.

પણ મદ્રાસના અમલદારોની આ રાજ્ય ઉપર લોભની દૃષ્ટિ હતી અને લોકમાં સામાન્ય રીતે એમ મનાતું હતું કે પ્રજા જો રાજાના સામી થશે તો ઇસ્ટ કમ્પનીની સરકારને તે ગમશે. માઇસોરમાં બળવો થયો અને ૧૮૩૨ માં તે કાળ પૂરતો વકીલટ કમ્પનીએ હાથમાં લીધો. રાજાની સહામે અતિશયોકિત ભરેલી હકીકતોથી ભરમાઇને લૉર્ડ વિલ્યમ બેન્ટિન્કે આ પગલું ભર્યું હતું; પણ પાછળથી તેને જણાયું હતું કે "હું આડે રસ્તે દોરાયો છું કારણ કે ઇંગ્લંડ આવ્યા પછી એ વારંવાર કહેતો કે માઇસોરના રાજાને પદચ્યુત કર્યો, એજ એક મારી આખી કારકીર્દીમાં મારે હાથે એવું કૃત્ય થઈ ગયું કે જેને માટે મને અત્યંત દિલગીરી થાય છે."

રાજાએ પુનઃ પ્રતિષ્ઠા પામવાને માટે વારંવાર અરજો કરી; આખા પ્રશ્નની બારીકાઈથી તપાસ કરીને લૉર્ડ હાર્ડિંજે એકવાર એવો અભિપ્રાય બતાવ્યો હતો કે બ્રિટિશનાં નાણાં પતી જાય તે પછી બ્રિટિશનો કબજો રહેશે કે નહિ તેનો મને શક છે. સૂત્રધારક સભાએ જવાબ આપ્યો કે પુનઃ પ્રતિષ્ઠાપનની સહામે ખરો વાંધો તો માત્ર સહરાજ્યતાનું જોખમ છે.

લૉર્ડ હાર્ડિંજ પછી લૉર્ડ ડેલ્હાઉસી આવ્યો. તેનો અભિપ્રાય બીજો હતો. એણે લખ્યું કે રાજાને બાસઠ વર્ષની તો ઉમર થઇ છે; તેને પુત્ર પણ છે નહિ; અને મને ભરોસો છે કે એના મૃત્યુ પછી માઇસોરનું રાજ્ય જે પછી બ્રિટિશ સરકારને બીનવારસી મીલકત તરીકે પ્રાપ્ત થશે તે પછી આપણા હાથમાં આવશે અને જે સત્કાર્ય આપણે આવી સારી રીતે શરૂ કર્યું છે તે પૂરું થશે.

સદ્ભાગ્યે—બીનવારસી રાજ્યનો સિદ્ધાન્ત અને તે સિદ્ધાન્તને હયાતીમાં આણનાર આંતરવૃત્તિ એ બન્ને ૧૮૫૮ માં જ્યારે મહારાણી શ્રીએ રાજ્ય રશ્મિ પોતાના હાથમાં લીધી ત્યારે નષ્ટ થયાં હતાં. વૃદ્ધ રાજાની વફાદારી અને રાજ્યભક્તિ અને બળવાના સમયમાં માઇસોરમાં શાન્તિ રાખવાના તેના યત્નોની લૉર્ડ કેનિન્ગને ખાત્રી થઇ હતી; અને તેણે રાજાની ઇચ્છાઓ સેક્રેટરી ઓફ સ્ટેટ પાસે રજુ કરવાનું રાજાને વચન આપ્યું. ૧૮૬૭ માં જ્યારે સર સ્ટાફર્ડ નોર્થકોટ સેક્રેટરી ઓફ સ્ટેટ હતો તે વખત તે પ્રશ્નના નિર્ણયની રાહ જોવાની હતી. અને કન્ઝર્વેટિવ સરકારે ઠરાવ્યું કે " એ પ્રાન્તની ગાદી ઉપર મહારાજાના દત્તક પુત્રને સ્વીકારીને મહારાજાનું કુટુમ્બ કાયમ રાખવું. "

આઠ વર્ષ પછી ફરીથી કન્ઝર્વેટિવ પ્રધાનમંડળ અધિકાર ઉપર આવ્યું. આ વખતે લૉર્ડ સેલ્સબરી સેક્રેટરી ઓફ સ્ટેટ હતા. આ વખતે તેણે આ બાળ રાજાની કેળવણી માટે કેટલીક સૂચનાઓ કરી છે, જે આ સ્થળે ઉતારવા લાયક છે.

આ પ્રસંગમાં અક્ષરકુશળતા એ મુખ્ય હેતુ નથી. જે ઉમ્મરે બીજા માણસોની કેળવણી પૂરી થતી નથી તે વખત મહારાજાને એવી સત્તા આપવામાં આવશે કે જે સત્તાના અમલ ઉપર લાખો લોકોના સુખનો આધાર રહેશે અને એવી ફરજો એમને માથે આવી પડશે કે વિદ્યાર્થી અવસ્થાના વિદ્યાવ્યાસંગને માટે એમને ફુરસદ મળશે નહિ. એમના ઉન્નત કર્ત્તવ્યમાં એમને સહાયતા મળે એવા જ્ઞાનનો એમને બોધ કરવો એજ ખરી મહત્વની બાબત છે. એમને આપેલા અધિકારથી અને એમને નામે જે રાજ્ય તંત્ર ચાલશે તેનાં ઘોરણો, એ રાજ્યતંત્રના ભૂલોના, અને જોખમના પ્રસંગો યોગ્ય રીતે ચલાવવાના લાભો એમની પોતાની જાતના બીજા રાજાઓના ઇતિહાસમાંથી મળે તેવાં ઉત્તેજન અને ચેતવણી; આ બધા વિષયોઃ બાલ્યનાં બાકી રહેલાં વર્ષોમાં મહારાજાનું લક્ષ ખાસ કરીને દોરાવું જોઇએ.

૧૮૮૦ માં લિબરલ પ્રધાનમંડળ અધિકાર ઉપર આવ્યું ત્યારે રાજ્ય પાછું સોંપી દેવાનો સમય આવ્યો હતો. બ્રિટિશ વહીવટે માઇસોરના રાજ્યની વ્યવસ્થા કરી હતી, પણ નાણાં પ્રકરણમાં તેને જોઇએ તેટલી ફતેહમંદી મળી ન હતી. ૧૮૭૭ નો દુકાળ માઇસોરમાં મદ્રાસના જેટલોજ સખ્ત હતો અને બ્રિટિશ હિન્દુસ્તાનની પેઠે માઇસોર ઉપર ભારે કરજ થઇ ગયું હતું.

એક સરકારનું કરજ આઠ લાખ પાઉંડનું અને તે ઉપરાંત બેંગલોર મ્હૈસુર રેલ્વેનું કરજ. એટલે એવો ઠરાવ કરવામાં આવ્યો કે પાંચ વર્ષ સુધી જમા ૨૪૫૦૦૦ પાઉંડજ રાખવી અને ૩૫૦૦૦૦ પાઉંડ કરવાનો વિચાર ત્યાં સુધી મુલતવી રાખવો.

મ્હૈસુરના રાજાને આ પ્રસંગે આપેલી સનદની ૨૪ કલમો છે અને ૧૮૮૧ ની ૨૫ મી માર્ચે રાજ્ય સોંપવામાં આવ્યું તે બાબત માઇસોરની રૈયત અને સરદારોને ઢંઢેરાથી જાહેર કર્યું.

બ્રિ. હિન્દુસ્તાનમાં લૉર્ડ રિપનનાં સર્વથી વધારે કલ્યાણકારી કૃત્યોમાં બેકુંઠનું રક્ષણ કરવાનાં ભરાયલાં પગલાં છે. ૧૮૫૯ અને ૧૮૬૮ ના

બંગાળાના સાંથના ધારાઓને મજબુત કરવાની જરૂર હતી અને તે વિષય ઉપર લાંબી ચર્ચાઓ થયા પછી એક યોજના તૈયાર કરવામાં આવી તે કેટલાક ફેરફારો સાથે લૉર્ડ રિપનના ઉત્તરાધિકારીના વખતમાં પસાર થઇ. મદ્રાસ અને મુંબઇના રૈયતવારી પ્રદેશો માટે લૉર્ડ રિપને એવો એક ન્યાયી નિયમ ઘડવાની દરખાસ્ત કરી કે જમાબન્દી થઇ ગઇ હોય તે મુલકોમાં ભાવના વધારા સિવાય બીજા કોઇ કારણસર જમામાં વધારો કરવો નહિ.

લૉર્ડ રિપને ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદામાં એ નાનો સરખો સુધારો કરવાની યોજના કરી હતી. તે યોજના એ હતી કે દેશી મેજીસ્ટ્રેટોને યુરોપીયન ઉપર કામ ચલાવવાની સત્તા આપવી. આની સામે ઉગ્ર વિરોધ થયો, પણ આખરે એ યોજના યુરોપીયન ગુન્હેગારોને માટે પંચ (જ્યુરિ) ની માગણી કરવાના હક સાથે મંજુર થઇ, પણ જે કૃત્યને માટે લૉર્ડ રિપનની કારકીર્દિ સર્વથી વધારે તેજસ્વી ગણાય છે, તે જીલ્લાઓમાં અને શેહેરોમાં સ્થાનિક સ્વરાજ્યનો હક દાખલ કરવાનું હતું. કોશખાતાના એક ઠરાવથી આ બાબતનું ધોરણ નીચેની મતલબના શબ્દોમાં નિયત કર્યું હતું.

" પ્રાન્તિક સરકારોને હવે ઇન્ડિયન સરકારમાંથી પુષ્કળ રકમો મળેછે. જો હવે તેઓના હાથની ઉપજનો અમુક ભાગ તેઓ સ્થાનિક સ્વરાજ્યના ઉપયોગમાં આપી શકે તો ઠીક થાય. "

આ ઉપરથી સ્થાનિક અંકુશમાં રાખવાને યોગ્ય ખરચોની એક યાદી કરીને પ્રાન્તિક સરકારોને મોકલાવી આપી. પ્રાન્તિક સરકારોએ આ નવું ધોરણ સ્વીકાર્યું; અને પોતાના તરફથી સૂચનાઓ રજુ કરી. અને પછી ગવર્નર જનરલે વધારે વિસ્તારથી આ બાબતમાં ઠરાવ કર્યો તે બીજા ઠરાવના કેટલાક ઉતારા આ નીચે આપવામાં આવ્યા છે.

"આ પગલું પહેલે દરજ્જે વહીવટમાં સુધારો કરવાના હેતુથી ભરવામાં આવ્યું છે એમ નથી. લોકોની રાજ્યકીય અને વ્યાવહારિક કેળવણી આપવાના એક સાધન તરીકે આ પગલાનો ઉપયોગ ધ્યેય જણાયો છે. નામદાર ગવર્નરને ખાત્રી છે કે વખત જશે તેમ તેમ સ્થાનિક વહીવટ ઉપર સ્થાનિક જ્ઞાન અને સ્થાનિક રસ જેમ જેમ વધતો જશે તેમ વહીવટ વધારે કુશળ થતો જશે.

એમ માનવાને કારણ છે કે આ પહેલાના સ્થાનિક સ્વરાજ્યના પ્રયત્નો ઘણીવાર અમલદારોની સારા હેતુવાળી પણ પ્રત્યક્ષ દરમીયાનગીરીથી મિથ્યા થયા છે.

જે થોડા પ્રકરણોમાં સ્થાનિક મંડળો ઉપર ખરી જવાબદારી મૂકવામાં આવી હતી અને ખરી સત્તા સોંપવામાં આવી હતી તેમાં ફળ બહુજ સંતોષકારક નીવડ્યાં છે.

ગવર્નર-જનરલ-ઇન-કાઉન્સિલની ઇચ્છા છે કે લોકલ બોર્ડના વહીવટને માટે વહીવટનો નાનામાં નાનો સમુદાય—તાલુકાને સ્થાનિક સભાના ક્ષેત્રફળનો મોટામાં મોટો પ્રદેશ ગણવો.

મ્યુનિસિપાલ કમિટીઓ—તે એક શહેરની અંદર આવેલા ક્ષેત્રફળને માટે સ્થાનિક સભા રહેશે.

શહેરી અને રાસ્તી બન્ને પ્રકારની સ્થાનિક સભાઓમાં બીન અમલદાર વર્ગની સંખ્યાનુ બળ વધારે રાખવું.

સ્થાનિક સરકારોને જ્યારે યોગ્ય લાગે ત્યારે સભાના સભાસદો ચુંટણીથી પસંદ કરવાનું ધોરણ દાખલ કરવું.

સરકારે સ્થાનિક સભાઓનાં કૃત્યો ઉપર અન્વીક્ષા રાખવી અને અંકુશ રાખવો; પણ અમુક રીતે અમુક કરવાની ફરજ પાડવી નહિ."

"આ સત્તાનો અમલ કરવા માટે જીલ્લાઓ, પ્રદેશો અથવા શહેરોના કારભારખાતાના મુખ્ય અમલદારોને આવી સ્થાનિક સભાઓના અધ્યક્ષ કે

સભાસદો હોવાની પણ જરૂર નથી, એમ માનવાને ઘણું કારણ છે. આ અધિકારીઓ આ સભાઓના કામકાજમાં ભાગ લીધા વિના તેમનાં કૃત્યો ઉપર દેખરેખ અને અંકુશ રાખશે તે વધારે સગવડ પડતું થશે. "

" તે માટે ગવર્નર જનરલ આવી સ્થાનિક સભાઓના અધ્યક્ષ તરીકે બીજા અમલદાર ગૃહસ્થો જ્યારે જ્યારે બની શકે તેમ હોય ત્યારે ત્યારે કામ કરે એવી ઇચ્છા રાખે છે. "

આ ઉતારાઓ ઉપરથી લૉર્ડ રિપનની યોજનાનો હેતુ અને વિસ્તાર બરાબર સમજાશે. આ બાબતમાં પુષ્કળ પત્રવ્યવહાર અને ચર્ચાઓ થયા પછી ત્રણ વર્ગમાં સ્થાનિક સભાઓનું નિર્માણ થયું.

૧. પરગણાંઓને-હિન્દુસ્તાનમાં ' જીલ્લો ' એ સંજ્ઞા આપી છે, એટલે ઇંગ્લંડમાં જેવી કાઉન્ટિ કાઉન્સિલો છે, તેવી જીલ્લા સભાઓ સ્થાપવામાં આવી. આમાં સભાસદોની સંખ્યાનો મોટો ભાગ લોકોએ પસંદ કરવાનો અને કેટલાક સરકારે પસંદ કરીને નીમવાના ઠરાવ્યા, અને જીલ્લાના કાર્યભાર ખાતાના મુખ્ય અમલદારને આનો અધ્યક્ષ કર્યો. રસ્તાઓ, કેળવણી, ઇસ્પીતાલો, અને કેટલાંક તીર્થો આ સભાઓને સોંપવામાં આવ્યાં.

૨. જીલ્લાઓના પેટા વિભાગોમાં સ્થાનિક સભાઓ સ્થાપવામાં આવી; અને તેમને જીલ્લા સભાઓના તાબામાં મૂકવામાં આવી. આ સભાઓના ઘણા ખરા સભાસદો ચુંટણીથી પસંદ કરવાના; કેટલાક સરકારને નીમવાના ઠર્યા.

૩. શહેરોમાં સભાસદોનો મોટો ભાગ ચુંટણીથી પસંદ કરવાનો; અને કેટલાંક આગળ વધેલાં શહેરોમાં સભાસદોનેજ પોતાનો અધ્યક્ષ પસંદ કરવાની સત્તા આપવામાં આવી.

ચુંટણીનું ધોરણ દાખલ કરવામાં અને લોકને પોતાના સ્થાનિક કાર્યભારમાં કંઇક આપવામાં આ રીતે એક નવ્ર આરમ્ભ થયો. હિન્દુસ્તાનમાં

રાજ્ય વહીવટની ફરજોમાં અને જવાબદારીમાં લોકોને ભાગ આપવાનાં કરતાં બ્રિટિશ રાજ્યને લોકપ્રિય અને વધારે સલામત કરવાનું, અને પરદેશી રાજ્યકર્તાઓનો રૈયતની સાથેનો સંબંધ વધારે ગાઢ કરવાનું બીજું સાધન નથી. આજ નીતિથી મનો અને એલ્ફિન્સ્ટન અને મેન્ટિન્ક બ્રિટિશ સામ્રાજ્યને સ્થિર કરી શકયા હતા; અને આજ નીતિથી લૅર્ડ રિપનનો રાજ્યવહીવટ આટલો લોકપ્રિય થયો હતો.

માર્કિવસ ઓફ રિપન આ દેશમાંથી ઈંગ્લંડ ગયો તે વખતે પ્રીતિ અને ઉપકારની લાગણી જેવી રીતે થઈ હતી તેવો દેખાવ પહેલાં કદી પણ નજરે પડયો નથી. જેમણે આ દેખાવ જોયો હતો તેઓએ એના જેવું કાંઇજ કોઇ દિવસ અથવા દુનીયાના બીજા કોઇ ભાગમાં જોયું નથી. "સીમલાથી મુંબઇ સુધીની એમની મુસાફરી હિન્દુસ્તાને પૂર્વે કદી નહિ જોયેલી એવી એક વિજય યાત્રા હતી; એક લાંબી જાન જેવાં ૭ કરોડ માણસોએ ગાવાવાળા સાથે ભાગ લીધો હતો."

સાચો અને અનુકમ્પાશીલ વહીવટ જે લોકના રાજકીય સંવર્ધનની દરકાર કરે છે, અને સ્થાનિક સ્વરાજ્યને અને પ્રતિનિધિ તત્વને ધીમે ધીમે વિસ્તારે છે તે વહીવટ હિન્દુસ્તાનમાં બ્રિટિશ રાજ્યને દૃઢ કરે છે અને હિન્દુસ્તાનની શુદ્ધ રૈયતને સામ્રાજ્યાભિમાની કરે છે. આત્મસત્તાક અને અવિશ્વાસુ વહીવટ, લોકોના વ્રજથી અભિલાષોને દબાવી દેનાર અને તેમનાં પોતાનાં કાર્યોમાં ભાગ લેવામાંથી લોકને બાતલ કરનાર રાજ્ય તન્ત્ર સામ્રાજ્યનો નબળું કરે છે અને એક સ્વાભાવિક અને સાર્વજનિક બેદીલીને જન્મ આપે છે; આ બેદીલી ફેલાતાં અને ઘેરી થતાં રાજકીય ભય પરિણમે છે.

(૨) ડફરિન અને લેન્સડાઉન.

અધિકાર મદના પ્રલાપાતને અટકાવવામાં મહાન્ બ્રિટિશ અગ્રેસરને જે

૧૮૭૪ થી વિજય મળવા માંડયો હતો તે ક્ષણિક નીવડયો. કોઇપણ રાજપુરૂષ કાળની રહામે બાથ ભીંડી શકતો નથી. બીજી વારના વહીવટના ચાર વર્ષમાં મી૦ ગ્લેડ્સ્ટનને જે શ્રમ અને મુસ્કેલીઓ વેઠવી પડી હતી તેવી પહેલાં તેણે કદી જોઇ ન હતી. પરાભિયોગને માટે ગ્લેડ્સ્ટનને રગેરગે દ્વેષ હતો અને તે નિશ્ચલ હતો; પણ પ્રજા હવે વિકાસ માટે કૃતનિશ્ચય હતી. અફઘાનીસ્તાનમાંની નુકસાનકારક અને ભયંકર લડાઇમાંથી પાછા હઠવાનું તેનામાં બલ હતું, પણ ૪૭૫૮માં અરેબી પાશાની વિરુદ્ધ પગલાં ભરવાની તેને ફરજ પડી. તે-એલ-કબિરના પરાક્રમ પછી તે અટકયો અને અચકાયો; આખરે તે દેશનો કબજો લેવાની તેને પરાણે જરૂર પડી. દક્ષિણ આફ્રિકામાં ટ્રાન્સવાલના પ્રજાસત્તાક રાજ્યને સ્વતંત્રમાં પુનઃ પ્રતિષ્ઠાપન કરવાનું ગ્લેડ્સ્ટનમાં બળ હતું; પણ ઇંગ્લંડની પ્રજાને આ કૃત્ય શરમભરેલું લાગ્યું. સુડાનમાં તરત પાછા હઠવું કે આગળ વધવું એનો નિશ્ચય એ ન કરી શકયો, અને ખાર્ટુમનો અને જનરલ ગોર્ડનનો વિનાશ ઇંગ્લંડમાં એક ગુન્હા જેવો મનાયો.

સ્પષ્ટ વાત હતી કે મિ૦ ગ્લેડ્સ્ટન આ સમયને માટે યોગ્ય પુરૂષ ન હતો. આખી જીંદગી એ શાન્તિનો મન્ત્રી હતો. હવે એ સામ્રાજ્ય મદ સંપાદન કરી શકે એમ ન હતું. તેણે આખી દુનીયામાંની નાની પ્રજાઓનાં કલ્યાણ કર્યાં હતાં. નાનાં રાજ્યો હવે ખાલસા કરવા તે તેને માટે અશક્ય હતું. તેનો આત્મા સ્વદેશના લોકાભિમત સુધારા કરવા તરફ કૃત નિશ્ચય હતો; પ્રજાને સામ્રાજ્યની સીમા વધારે એવા અગ્રણીની જરૂર હતી. ગ્લેડ્સ્ટનનું ઊંચું ચારિત્ર, બળવાન્ આત્મપ્રભાવ, અનુપમ શક્તિઓ; એ બધાં હજી એને માટે માન અને ભક્તિ ઉત્પન્ન કરતાં; પણ તેનો પ્રતાપ શિથિલ થયો, કારણ કે, પ્રજાને જૂદીજ નીતિ અત્યારે અભિમત હતી. એટલે જ્યારે ૧૮૮૪ ના ડિસેમ્બરમાં એણે પોતાનો ત્રીજો 'સુધારા' નો કાયદો પસાર કર્યો તે વખતે તેણે પોતાની કૃતકૃત્યતા માની. ૧૮૮૫ ના જુનમાં લિબરલ પ્રધાન મંડળે

રાજીનામું આપ્યું, તે પછી બે વાર મિ૦ ગ્લેડ્સ્ટન વડો પ્રધાન થયો અને બન્ને વખત આયરિશ મતની મદદથી. પણ ઈંગ્લંડમાં ૧૮૮૫ પછી તે કદી પ્રથમના જેટલો લોકપ્રિય ન હતો. ૧૮૭૪ પહેલાં તે 'લોકનો વિલ્યમ' હતો; પણ અત્યારે નવી પરદેશ નીતિને માટે લોકને જેવો જોઇતો હતો તેવો ગ્લેડ્સ્ટન ન હતો.

લૉર્ડ બિકન્સફિલ્ડ ૧૮૮૧ માં મરણ પામ્યો હતો અને સોલ્સબરી કન્ઝર્વેટિવ પક્ષનો વડો થયો હતો. એટલે ૧૮૮૫ માં જ્યારે કન્ઝર્વેટિવો અધિકાર ઉપર આવ્યા ત્યારે લૉર્ડ સોલ્સબરી વડો પ્રધાન થયો અને આ ૧૮૮૬ ના ફેબ્રુઆરીથી જુલાઇ સુધી અને ૧૮૯૨ થી ૧૮૯૫ ના ટુંકા લિબરલ અધિકારનો સમય બાદ કરતાં છેક ૧૯૦૨ સુધી તે આ ઊંચી પદવી ઉપર રહ્યો. લોર્ડ સોલ્સબરી પંડે સામ્રાજ્ય ભાવનાનો ભક્ત ન હતો. એ શાન્તિને ચહાતો અને શાન્તિને માટે યત્ન કરતો. પણ જ્યારે રહામો થવાય એવું ન હોય ત્યારે તેને નમી જતાં અને પ્રવાહની સાથે ખેંચાતાં આવડતું. એણે હિન્દુસ્તાન માટે આગળની નીતિની હાંસી કરી હતી પણ ૧૮૭૫ માં તે બેસી ગયો. ૧૮૮૫ માં સીમાન્તો નિયત કરીને રશ્યા સાથે એક લડાઇ થતી તેણે અટકાવી. ૧૮૯૫ માં વેનેઝુએલાની બાબતમાં પંચ નીમીને તેણે યુનાઇટેડ સ્ટેટ્સ સાથે લડાઇ થતી અટકાવી. આફ્રિકામાં જર્મનીના મુલકો સાથે સરહદ મુકરર કરીને તેણે જર્મની સાથે યુદ્ધ થતું અટકાવ્યું અને ફ્રેશોડા અને નાઇલ ઉપરના ગ્રેટબ્રિટન ફ્રાન્સના હકોનાં તેણે ઘર બેઠે સમાધાન કર્યાં. આ બધી કિંમતી સેવાઓ શાન્તિને માટે હમેશાં યત્ન કરનાર એક વડા પ્રધાનની સેવાઓ તરીકે સ્મરણમાં રહેશે. પણ ઓગણીસમા સૈકાના અંતભાગમાં જ્યારે તેનું ન ચાલ્યું ત્યારે તે પ્રવાહમાં ભળી ગયો.

હિન્દુસ્તાનમાં વિસ્તારને માટે વધતી જતી ઇચ્છાનું પહેલું ફળ અફઘાનીસ્તાનની જીત હતી. હિન્દના વ્હાઇસરૉય તરીકે લૉર્ડ ડફરિન આવ્યો હતો. એ એક સમર્થ અને અનેક ગુણ સંપન્ન રાજપુરુષ હતો; અને અતિશય કુશળ

અને નાના અનુભવવાળો હતો. ૧૮૬૪ થી ૧૮૬૬ સુધી જ્યારે લૉર્ડ લૉરન્સ હિન્દનો વ્હાઇસરોય હતો ત્યારે તે હિન્દ ખાતાનો અંડર સેક્રેટરી હતો. ૧૮૭૨ થી ૧૮૭૮ સુધીના એના કેનડાના તેજસ્વી વહીવટે એક સમર્થ રાજ્ય કાર્યભારી તરીકે એને પ્રસિદ્ધ કર્યો હતો. પછી તે સેન્ટપિટર્સબર્ગ અને કૉન્સ્ટાન્ટિનોપલ ખાતે એલચી હતો અને ૪૭૫૮માં 'બેરડો કાબુ' કાઢી નાંખવામાં અને બ્રિટિશ વહીવટનું સ્થાપન કરવામાં એણે ભાગ લીધો હતો. ૧૮૮૪ ના ડિસેમ્બરમાં અઠ્ઠાવન વર્ષની પરિપક્વ વયે તે હિન્દના વ્હાઇસરૅયની પદવી ઉપર લૉર્ડ રિપનનો ઉત્તરાધિકારી થઇને આવ્યો.

વખતો વખત બ્રહ્મદેશના રાજાની સામે ફરિયાદો થતી હતી. ૧૮૭૪ માં આવામાંથી બ્રિટિશ એલચી ખાતાને બોલાવી લેવામાં આવ્યું હતું. પણ બ્રિટિશ પ્રધાન મંડળે એવે ઠરાવ કર્યો હતો કે અણીનો પ્રસંગ લાવવામાં ઉતાવળ કરવી નહિ. ૧૮૮૨ માં એક નવા સંધિપત્રને માટે સંદેશા ચાલ્યા પણ તેનું કંઇ ૪૧ આવ્યું નહિ. કર્નલ જેન્સ્ટને મણિપુરની સરહદ મુકરર કરી પણ તે બ્રહ્મદેશમાં મંજુર થઇ નહિ. હમેશની રીત પ્રમાણે રાજાના દેષો લોક મતને ઉશ્કેરવા માટે પદ્ધતિકૃત થયા. મહારાજા થીબૉ-ને દાઢડીયો છે એવાં છાપાં છુટથી વ્હેંચાયાં. રંગુનના વ્યાપારી મંડળે ગ્રેટ બ્રટનના વ્યાપારી મંડળોને બ્રિટિશ પ્રધાન મંડળ ઉપર દબાણ લાવવાને માટે લખાણો કર્યાં. એવી સૂચનાઓ કરવામાં આવી કે બ્રિટિશ બ્રહ્મદેશને હિન્દુસ્તાનથી છુટું પાડવું અને તાજના સંસ્થાન તરીકે ગણવું.

દરમીયાન મહારાજા થીબૉ યુરોપનાં બીજાં રાજ્યો સાથે સંદેશા વ્યવહારોને પોતાની સત્તા બલવાન્ કરવાના યત્નો કરતો હતો. ૧૮૮૩ માં આવાની દરબારે યુરોપમાં એક એલચી મંડળ મોકલ્યું અને ૧૮૮૫ ના એપ્રિલ સુધીમાં તો તેણે ફ્રાન્સ, જર્મની અને ઇટલીની સાથે વ્યાપાર વિષયક સંધિપત્રો કર્યાં. ૧૮૮૫ ના મેમાં મેન્ડલે આવ્યો, અને બ્રહ્મદેશમાં ફ્રેન્ચ સત્તાનો જમાવ કરવાનો યત્ન કરવા લાગ્યો. એક ફ્રેન્ચ

બેન્કનું સ્થાપન કરવાની અને ફ્રેન્ચ નાણાંથી રેલ્વે બાંધવાની ગોઠવણ થઇ. લૉર્ડ સૉલ્સબરિએ આ ગોઠવણના સંદેશાઓ ધ્યાનમાં રાખ્યા; અને મો. વૉડિન્ગટન જે લન્ડનમાં ફ્રાન્સના એલચી હતા તેમની સાથે મસલત કરી અને મો. ફ્રે'સનેટના ધ્યાન ઉપર આ હકીકત લાવ્યો. ફ્રેન્ચ સરકારે મો હાસનાં કૃત્યોનું અજ્ઞાન બતાવ્યું; અને મૉ. હાસને પાછો બોલાવી લીધો,. ભય ગયો.

પણ એક જુજ કલહનો લાભ લઇને રાજ્યને ખાલસા કરવાનો ઉપક્રમ આદર્યો. બ્રહ્મદેશમાં એક બ્રિટિશ કમ્પની વર્ષો થયાં કેટલાંક વર્ષોથી નિન્જ્યનનાં સાગનાં જંગલો ખેડતી હતી. આવાની વરિષ્ટ ન્યાયસભાએ આ કમ્પની સામે ૭૩૦૦૦ પાઉંડનું કપટથી રાજ્યને ઉપજનું નુકસાન કર્યા બદલ હુકમનામું કર્યું. કમ્પનીએ તકરાર કરી અને લૉર્ડ ડફરિને વિશેષ તપાસ કરવાનો આગ્રહ કર્યો. આવાના રાજાએ ઇન્ડિયા સરકારનો આ વિષયમાં હાથ ઘાલવાના હકનો સવાલ ઉઠાવ્યો. લૉર્ડ ડફરિને પેગામમાંજ જવાબ દીધો; જેમાં સૂચનાઓ કરી કે મહારાજા થિબૉએ એક સ્થાયી બ્રિટિશ રેસિડન્ટ સંધરવો; આ રેસિડન્ટ પ્હોંચે ત્યાં સુધી કમ્પની સ્હામે પગલાં ભરવાં મુલતવી રાખવાં; પોતાનો પર રાજ્ય સંબંધ હિન્દુસ્તાન સરકારની સલાહ પ્રમાણે નિયત કરવો, અને બામોને રસ્તે ચીનની સાથે બ્રિટિશ વ્યાપારને માટે સગવડો કરી આપવી. બ્રહ્મદેશની સરકારે કમ્પનીની બાબત બ્રિટિશ સરકાર સાથે ચર્ચવાની ના પાડી; કહ્યું કે વખતો વખત પહેલાંની પેઠે બ્રિટિશ એલચીને જવા આવવાની રજા આપીશું; ફ્રાન્સ, ઇટલિ અને બીજાં રાજ્યો સાથે બ્રહ્મદેશના મૈત્રીના સંબંધો કાયમ રાખવામાં આવશે; અને ચીનની સાથે બ્રિટિશ વ્યાપાર સારૂ દેશના રીવાજને અનુસરતી સગવડો આપવામાં આવશે.

આ જવાબ મળવાની સાથે લડાઇ જાહેર કરવાનું લૉર્ડ ડફરિને વાજબી ધાર્યું. એક નાની સત્તાને કચરી નાંખવાને માટે મોટી સત્તાને આથી વધારે

મજબૂત કારણો જોઇતાં નથી. ૧૮૮૫ ના નવેમ્બરમાં શત્રુતાનાં કૃત્યો શરૂ થયાં. વાસ્તવિક રીતે કંઈ પણ અટકાવ થયો નહિ. મહારાજા થિબૉને મુંબઈ ઇલાકાના કીનારા ઉપર રત્નાગિરિ મોકલાવી દીધો. ૧૮૮૬ ના જાન્યુઆરીની પહેલી તારીખે બ્રહ્મદેશ ખાલસા કર્યો. ખરી રીતે આ કૃત્ય એક નવા દેશની ગ્રેટબ્રિટનને માટે જીતજ હતી. પણ આ જીતનું ખરચ અને તે પછી વર્ષોનાં વર્ષ સુધી હથીયાર બંધ બળવાઓને શમાવવા સારૂ લીધેલાં પગલાંના ખરચો હિન્દુસ્તાનના ભંડાર ઉપર પડયાં. હિન્દના કર ભરનારાઓને ખરચે મેન્ડેલેથી ચિન તરફ તે પછી એક રેલ્વે બાંધવામાં આવી છે. પણ ઝપાટાબંધ ચીનનો વેપાર જે વધારવાની આશા, જે આ લડાઇનું એક મુખ્ય કારણ હતું, તે તો વ્યર્થ નીવડી.

આપણા દેશની પશ્ચિમ સીમા તરફ પેન્જે આગળ રશ્યનોએ અફઘાનો ઉપર એક હુમલો કરેલો તેથી ગ્રેટબ્રિટન અને રશિયા વચ્ચેની શાંન્તિનો ભંગ થવાનો સંભવ જણાયો. પણ આખરે એ ભય પણ ગયો. અને ૨ રશ્ય સાથે મળીને એક સરહદ કમિશનર નીમી ઑકસસ અને મધ્ય એશિયા તરફની અફઘાન સરહદ મુકરર કરી.

આપણા લોકો કેટલાક વખતથી પ્રતિનિધિ રાજ્યને માટે અને આપણા પોતાના રાજ્ય વ્યવહારમાં વધારે ભાગ મેળવવાની માગણી કરતા હતા. ઇન્ડિયન નેશનલ કોન્ગ્રેસની સ્થાપના થઈ અને ૧૮૮૫ ના ડિસેમ્બરમાં મુંબઇમાં એની પહેલી બેઠક ભરાઇ; અને વર્ષો વર્ષ નાતાલના દિવસોમાં વિવેકી અને ઉત્તમ કેળવણી પામેલી હિન્દની રૈયત પોતાના અભિપ્રાયો અને અભિલાષો કોન્ગ્રેસમાં પ્રકટ કરે છે. કલકત્તાના એક અગ્રગણ્ય પુરૂષ મિ. ડબ્લ્યુ. સિ. બૅનરજી, મુંબઇના મિ. પિ. મહેતા, (અત્યારે સર ફિરોજશાહ મહેતા) અને બીજા નામીચા ઇન્ડિયન અગ્રેસરોએ ગિ. હ્યુમની સહાયતાથી, પોતાના બળથી, વિવેક બુદ્ધિથી, અને દેશભક્તિના પ્રયત્નોથી

આ રાષ્ટ્રીય પરિષદને માટે વિજય સંપાદન કર્યો છે. આ નવી હીલચાલથી અમલદાર વર્ગમાં આરંભમાં કંઈક બેચેની ઉત્પન્ન થઈ હતી; પણ આપણા અગ્રણીઓની ડાહી બુદ્ધિ અને શાન્ત આગ્રહથી તમામ ચિંતા દૂર થઈ છે, અને કૉન્ગ્રેસને હિન્દુસ્તાનના કેળવાયલા પુરૂષોનું એક પ્રતિનિધિ સંસ્થાનું સ્વરૂપ આપ્યું છે.

લૉર્ડ ડફરિન પોતે કૉન્ગ્રેસની વિરૂદ્ધ ન હતો. તેની પહેલવહેલી સ્થાપના થઈ ત્યારે તેણે તેની કદર કરી હતી; પણ છેવટે એના હેતુ અને પ્રદેશના સંબંધમાં તેના મનમાં કંઈક વિષમતા ઉત્પન્ન થઈ હતી. જાહેર નોકરીની ઉંચી શાખાઓમાં આપણા લોકોને દાખલ કરવાના હેતુથી તેણે જાહેર નોકરીનું કમિશન નીમ્યું; પણ આ કમિશનની કેટલીક ઉત્તમ સૂચનાઓ હજી વ્યર્થ રહી છે અને એમ મનાય છે કે ડફરિને ઈન્ડિયાની પ્રજાપ્રતિનિધિસભામાં ચુંટણીને બદલે કેટલાક સભાસદોને નીમવાની ભલામણ કરી હતી; અને આજ ભલામણે ૧૮૯૨ નો પાર્લમેન્ટના ધારાનો માર્ગ કરી આપ્યો. બીજી તરફ તેના વહીવટમાં આપણા દેશનું લશ્કરી ખરચ અને લશ્કરની સંખ્યા એમાં બહુ વધારો થયો, અને હિન્દુસ્તાનની વાયવ્યસીમા ઉપર વળી એકવાર ખરચાળ અને ભયંકર પ્રવૃત્તિ શરૂ થઈ.

લૉર્ડ ડફરિન પછી લૉર્ડ લેન્સડાઉન ૧૮૮૮ માં આવ્યો. તે પણ કેનેડાનો ગવર્નર જનરલ થયો હતો; એટલે રાજ્યકાર્યભારનો ઘણો અનુભવ લીધા પછી તે આપણા દેશમાં આવ્યો. પણ તેનામાં લૉર્ડ ડફરિનની કળા, કે તેનો વિવેક અને ડહાપણ, કે શાન્ત બળ ન હતું. એની રાજ્યસભામાં એક ઘેલા સામ્રાજ્ય મદનું પ્રાધાન્ય હતું. સીમાન્ત બહાર ખરચાળ પ્રવૃત્તિ ઝપાટા ઉપર આગળ વધી. આ બધાં વર્ષો દરમીયાન એક નામીચો કાર્યભારી જેને આ કૃત્યોના પરિપાક કેવી રીતે થાય છે તેની માહીતી હતી તે કહે છે કે લૉર્ડ લેન્સડાઉનની નાગરિકતા અને ઉંચા પ્રકારના અધિકારથી તેની સાથે

જાતોજાત સંબંધમાં આવનાર ઉપર સારી અસર થતી અને સમાધાન વૃત્તિ ઉત્પન્ન થતી એ વાત ખરી; પણ જેમ જેમ વખત જતો ગયો તેમ તેમ સ્પષ્ટ સમજાતું હતું કે આપણા દેશની વાયવ્ય સીમાના વ્યવહારમાં એનું મન જેટલું ગુંથાયલું રહેતું તેટલું તે સીમામાં સદ્દરાજ્ય પ્રવર્ત્તાવવામાં ન રહેતું. એના મુખ્ય લશ્કરી અને રાજ્યકીય સલાહદારનો એના ઉપર એટલો બધો પ્રતાપ પડતો કે તે દિવસે દિવસે સર્વ રથળે ટીકાનો વિષય થઇ પડયો. એમના પ્રભાવથી દોરવાઇને અને બ્રિટિશ પ્રધાન મંડળની મંજુરીથી તેણે લૉર્ડ લિટનની રાજ્યનીતિ સજીવન કરી, અને ૧૮૯૬ અને તે પછી જે લડાઇઓમાં હિન્દનાં નાણાંની નદીઓ વહેવા માંડી તે લડાઇઓ તે પૂર્વનાં વર્ષોમાં લૉર્ડ લેન્સડાઉને ગતિમાં મૂકેલાં કૃત્યોને લીધેજ જન્મ પામી હતી. ૧૮૩૮ પછી "સીમલા કંદી સિંધુ નદીની પેલીપારના અભિલાષો અને યોજનાઓનું આટલું પ્રવૃત્તિશીલ કેન્દ્ર બન્યું ન હતું." પ્રાન્તિક સરકાર કે શાણો રેસિડેન્ટ આ ક્ષણે પ્રિય લાગતો ન હતો; પણ "બલુચિસ્તાનના મુલકનો રખેવાળ" સર રોબર્ટ સેન્ડિમાન જેનો એક અર્થ આપણી સરહદ બહાર બ્રિટિશ પ્રભાવ જમાવવાનો હતો, અને તેની રીત તે તરફ વસતી ટોળીઓના અંદરના કલહમાં ભાગ લઇને તેમાંથી લાભ કહાડવાની હતી, તે વધારે પ્રિય હતો. "સેન્ડિ મેનિયા" નું દરદ જે ચેપી માલમ પડયું હતું તે તે વખતે મોટાઓમાં લાગુ પડયું હતું.

આ પ્રવૃત્તિશીલ અને રાજ્ય લોભી નીતિના વેગમાં લૉર્ડ લેન્સડાઉને કાશ્મીરના રાજ્યના સંબંધમાં કેટલાંક પગલાં ભર્યાં; જેથી હિન્દમાં ભય ઉત્પન્ન થયો, અને હાઉસ ઓફ કોમન્સમાં ચર્ચા જન્મ પામી. ગિલ્જિટનું થાણું કાશ્મીરથી પચાસ માઇલ છેટે છે. આપણે ઉપર જોઇ ગયા છીએ તે પ્રમાણે કાશ્મીરની મારફત આ થાણા ઉપર પોતાની સત્તા સિદ્ધ કરવાની ઇચ્છા હતી. આ નીતિમાં લૉર્ડ લેન્સડાઉને સુધારો કર્યો; થોડીક મુદતને

માટે તેણે કાશ્મીરના રાજાને બાજુ ઉપર મૂકયો અને બ્રિટિશ રેસિડન્ટ ની મારફત એ રાજ્યનો કારભાર એણેજ ચલાવ્યો.

કાશ્મીરનો મહારાજા પ્રતાપસિંગ ગાદીએ બેઠો તે વખતે ૧૮૮૫ માં લૉર્ડ ડફરિને એક રેસિડન્ટની યોજના કરી. બીજે વર્ષે મિ. પ્લાઉડન રેસિડન્ટ નિમાયો, અને રાજ્ય કાર્યમાં એણે એવાં માથાં મારવા માંડ્યાં કે આપણા પરદેશમન્ત્રીને પણ અચંબો થયો. પરદેશમન્ત્રીએ લૉર્ડ ડફરિનને લખ્યું કે " હું ગિ. પ્લાઉડન સાથે મળતો નથી. જો આ ક્ષણે આપણે ગિલ્જિટ ખાલસા કરીશું અથવા પડોશના નાના રાજ્ય ઉપરની કાશ્મીરની સર્વોપરિતાનો અંત લાવીશું અને આપણા લશ્કરને કાશ્મીર ઉપર મોકલીશું તો દરબારને આપણી વિરૂદ્ધ કરવાનું જોખમજ આપણે ખેડીશું અને તેથી આપણી મુશ્કેલીઓ વધશે. " " જો ગિલ્જિટ આગળ કોઇ શાન્ત અને વિવેકી અમલદાર હોય, જે કાશ્મીરના લશ્કરને બરાબર બન્દોબસ્તમાં રાખે અને પોતાની સત્તાનો અનાવશ્યક ઉપભોગ ન કરે તો હું ધારૂંછું કે થોડી મુદ્દતમાં કોઇની પણ લાગણી દુખાવ્યા વિના બધી બાજી આપણા હાથમાં આવી જશે. " લૉર્ડ ડફરિન સાવચેત રાજ્યપુરુષ હતો. પ્લાઉડનની ૧૮૮૮ માં કાશ્મીરથી બદલી કરી અને તેજ વર્ષમાં લૉર્ડ ડફરિને હિન્દુસ્તાન છોડયું.

પણ લૉર્ડ લેન્સડાઉન આટલી કળ અને ડહાપણ વાપરી શકયો નહિ. ૧૮૮૯ ના આરંભમાં ઇન્ડિયાના વહાઇસરૉયે કાશ્મીરના મહારાજાની તમામ સત્તા છીનવી લીધી અને રાજ્ય વહીવટ રેસિડન્ટની સલાહ પ્રમાણે એક કાઉન્સીલ ચલાવે એવો બન્દોબસ્ત કર્યો. લૉર્ડ લેન્સડાઉને પોતેજ આ પગલાં માટે બતાવેલાં કારણો આ હતાં.

(૧) રાજ્યવહીવટની બાબતમાં વિરૂદ્ધ રિપોર્ટો.

(૨) નાણાં સંબંધી અવ્યવસ્થા.

(૩) સુધારા કરવામાં બેદરકારી.

(૪) મહારાજાએ રાજદ્રોહી પત્રો લખ્યા છે એવો આરોપ.

(૫) મહારાજાએ રાજ્ય છોડી દેવાની કરેલી માગણી. પહેલા ત્રણ આરોપો તો સામાન્ય તરેહના હતા અને જે થોડી મુદ્દતમાં પ્રતાપસિંહ રાજ્યગાદી ઉપર હતો તેની સાથે ખાસ સંબંધ ધરાવનારા ન ગણાય. એના રાજ્યની સેંકડો અંગ્રેજો વર્ષોવર્ષ મુલાકાત લેતા હતા પણ લોકના ઉપર જુલમ થાય છે અથવા લોક દુઃખી છે એવું કોઇ બોલતું નહતું. મદ્રાસ અને ઓરિસાના બ્રિટિશ પ્રજાકાઓમાં વધારે દુઃખ હતું; અને તે પણ જે આ પત્ર લખાયો હતો તેજ વર્ષમાં.

ચોથો આરોપ સાબીત થયો નહતો; તેના ઉપર આધાર પણ રાખ્યો ન હતો. " આ પત્રોને અતિશય મહત્ત્વ આપવાની અમારી વૃત્તિ નથી; " અને ૧૮૮૯ ના એપ્રિલમાં ઇન્ડિયા ખાતાના અંડર સેક્રેટરિએ કહ્યું કે " આ પકડેલા પત્રોને ઇન્ડિયા સરકાર કંઇજ અગત્ય આપતી નથી. પત્રો સાબીત થયા ન હતા, અને ઘણું કરીને મહારાજાના દુશ્મનોએ બનાવટ કરી હશે. "

પાંચમો આરોપ મહારાજાએ કંઇક દબાણને લીધે એના ભાઈ ઉપર લખેલા પત્રના અમુક શબ્દો ઉપરથી મૂકાયો હતો; પણ તે શબ્દો રાજ્ય છોડી દેવાના અર્થના ન હતા.

આ કારણોથી લૅર્ડ લેન્સડાઉનનું આચરણ ખુલાસા આપી શકાય એવું ન હતું. ઇન્ડિયામાં ભય ઉત્પન્ન થયો અને એવી અસર થઇ કે વ્હાઇસરૉય ગિલ્જિટવાળી રાજ્યનીતિને અનુસરીને કાશ્મીર ખાલસા કરવાની ઇચ્છા રાખે છે. મિ. ગ્રેડલો પાર્લમેન્ટનો સભાસદ જે આ વખતે આપણા કામકાજ ઉપર બહુ ધ્યાન આપતો, તેણે ૧૮૯૦ ના જુલાઇની ત્રીજી તારીખે પાર્લમેન્ટમાં આ વિષયની ચર્ચા જગાડી. આ ચર્ચાથી ઇન્ડિયા સરકારની

ગતિ અટકી. ત્યાર પછી કાશ્મીરની ગાદી હવે તો મહારાજા પ્રતાપસિંહને પાછી આપવામાં આવી છે; અને તે કાશ્મીર ઉપર શાન્તિથી રાજ્ય ચલાવે છે.

દરમીયાન ઇંગ્લંડમાં મોટા બનાવો એક પછી એક બનતા હતા. ૧૮૮૬ ના જુલાઇમાં મિ૦ ગ્લેડ્સ્ટને આઇરીશ યોજના પસાર કરવાનો યત્ન કર્યો પણ નિષ્ફળ થયો. તાબું લિબરલો ગ્લેડ્સ્ટનથી છૂટા પડયા અને આયર્લેંડને જૂદું ન પાડવા માટે કન્ઝર્વેટિવો સાથે ભળી ગયા. તે પછીની સામાન્ય ચુંટણીમાં કન્ઝર્વેટિવ અને લિબરલ યુનિયસ્ટોની બહુમતિ થઇ; અને લૉર્ડ સૉલ્સબરિ બીજીવાર વડો પ્રધાન થયો.

૧૮૮૬ થી ૧૮૯૨ સુધી આ સંયોગાગ્રહી રાજ્યતન્ત્ર ચાલ્યો. પણ મિ. ગ્લેડ્સ્ટન અત્યારે એંશી વર્ષ ઉપરની ઉમર થઈ હતી તોપણ પોતાની આયરીશ યોજના પસાર કરવાને કૃતનિશ્ચય હતો, અને તેણે રાજ્યપક્ષના ઉપર આવેગ સાથે આક્ષેપો શરૂ કર્યા. ૧૮૯૨ માં એક સામાન્ય ચુંટણી થઇ. સ્વરાજ્યનો સવાલ મોખરે હતો અને વિગ્રહ શરૂ થયો. મિ. ગ્લેડ્સ્ટન ફતેહમંદ થયો, અને ચોથીવાર વડા પ્રધાનના પદ ઉપર આવ્યો. લૉર્ડ કિમ્બરલી હિન્દુસ્તાન ખાતાનો સેક્રેટરિ ઑફ સ્ટેટ થયો. પણ ૧૮૯૪ માં લૉર્ડ કિમ્બલી પરદેશમન્ત્રી થવાથી મિ. ફાઉલર આપણા ખાતામાં આવ્યો.

લિબરલ સરકાર અધિકારમાં આવ્યાથી અને મિ. ફાઉલરને આપણું દફ્તર સોંપાયાથી મોટી આશાઓ રાખવામાં આવી હતી. મિ. ફાઉલરની શકિત નિર્વિવાદ હતી; અને હકીકતની સ્વચ્છ સમજણ હોય તો ઇન્ડિયા સંબંધી પ્રશ્નો ખરા સ્વરૂપમાં એ સમજી શકે એવો ભરૂંસો હતો.

મિ૦ ફાઉલર આયર્લંડને સ્વરાજ્ય આપવા બાબતમાં મજબૂત હિમાયતી હતો. ઇન્ડિયામાં સ્થાનિક સ્વરાજાને ટેકો આપશે અને તેનો વિસ્તાર કરશે એવી આશા રાખવામાં આવી હતી. એ સ્થાનિક સરકારની સભાનો અધ્યક્ષ હતો અને આપણી જીલ્લા સભાઓને ખરા લોકાધિપત્યનાં કેન્દ્રો બનાવશે એવી આશા રાખવામાં આવી હતી. એ લોકનો માણસ હતો,

અને આપણા લોકોના વાજબી અભિલાષોની અનુકમ્પા કરશે એમ ધારવામાં હતું. પરંતુ આ આશાઓ નષ્ટ થવાને સરજાઈ હતી. સમયના બળથી અને મિ૦ ગ્લેડ્સ્ટનના ઉત્તરાધિકારી લોર્ડ રોઝબરિની સામ્રાજ્યભક્તિના પ્રતાપથી મિ૦ ફાઉલર પણ સામ્રાજ્યભક્તિમાં ખેંચાયા. એનો વહીવટ એના અમીર વર્ગના પૂર્વાધિકારીઓના કરતાં વધારે આત્મસત્તા પ્રધાન નીવડયો. લોકમતની દરકાર વિનાજ હિન્દનું રાજ્ય અવિચ્છન્ન આત્મસત્તાથી ચાલવું જોઈએ, એવી અધિકારીવર્ગની ભાવનાને મિ૦ ફાઉલરે આમદ સાથે સ્વીકારી. પ્રસંગે પ્રસંગે તેટલાજ આવેગથી લોકોના વાજબી અભિલાષો ઉપર પોતાનો ક્રોધ બતાવતો. રાજ્યાધિકારીઓને તે આનન્દરૂપ હતો; હિન્દુસ્તાનના લોકોને તેણે નિરાશ કર્યા.

મિ૦ ફાઉલરે હિન્દુસ્તાનમાં અને દેશને જરૂર ન છતાં કરજે નાણાં લઈને રેલ્વેનો વિસ્તાર વધાર્યો. ઇન્ડિયાની સરહદ ઉપરની ખરચાળ અને જોખમી પ્રવૃત્તિશીલતા એણે મંજુર કરી કાબુલના અમીર ઉપર એક એલચી બાતું મોકલ્યું. ચિત્રાલ, સ્વાત અને વાઝિરીસ્તાનને બ્રિટિશ પ્રતાપના પ્રદેશમાં દાખલ કર્યા. ત્રણ વર્ષ પછી સીમાન્ત યુધ્ધો થયાં તેનાં બી એણે રોપ્યાં.

મિ૦ ગ્લેડ્સ્ટનનો સ્વરાજ્ય-પ્રબન્ધ ૧૮૯૩ માં દીવાને આમમાંથી પસાર થયો. દીવાને ખાસે તે નામંજુર કર્યો. ૧૮૯૪ ના આરંભમાં આ વૃદ્ધ રાજપુરૂષે નિવૃત્તિ સ્વીકારી. અને ૧૮૯૮ માં આખી પ્રજાને મહાશોકમાં નાંખીને તે ચાલતો થયો. રાજ્યવાર્તામાં એના મ્હોટામાં મ્હોટા વિરોધકો, જેઓ હમેશાં એની પરદેશનીતિની અને સ્વરાજ્ય યોજનાની સામે થતા હતા, તેઓ એના ભક્તિમાન અનુયાયીઓ, ઈશ્વરનો ભય રાખનાર આ મહાન્ અને સજ્જન પુરૂષના આત્માને માન આપવાને એકમત થયા. એની ઉંડી નિષ્ઠા અને અદ્વિતીય શક્તિઓનું ઊંચું ચારિત્ર્ય, અને જન્મ તેની દેશસેવા

અને દેશોપકાર; એ બધાએ જનમંડળ ઉપર છાપ બેસાડી હતી. વિશેષમાં ગૃહજીવનમાં તેની મહત્તા સાથેના ઉત્તમ ક્રિસ્ચ્યન સદ્‌ગુણો થયેલા યોગે, આખી પ્રજાની કલ્પનામાં નિવાસ કર્યો હતો. રાજ્યવાર્તામાં તેના વિરોધકોના અગ્રણી લૉર્ડ સૉલ્સબરિનો ઉદ્ગાર આ હતો કે "એક મહાન્ ક્રિસ્ચ્યન પુરૂષનું મોહું નિદર્શનઃ જેનો ઇતિહાસમાં નમુનો નથી." એના શબને વેસ્ટમિન્સ્ટરના દેવળમાં ભૂમિદાહ કર્યો છે; જ્યાં ઈંગ્લંડના મ્હોટામાં મ્હોટા અને સારામાં સારા પુરૂષો સૂતા છે.

૩

એલિજન અને કર્ઝન.

૧૮૯૪ માં જ્યારે મિ૦ ગ્લેડ્‌સ્ટન જાહેર જીવનમાંથી હમેશને માટે નિવૃત્ત થયો ત્યારે લડાઇ તરફ વધતી જતી લોકવૃત્તિ ઉપરનો છેલ્લો અંકુશ અદૃશ્ય થયો. લૉર્ડ રોઝબરીની સરદારી નીચે લિબરલ પ્રધાન મંડળે એક વર્ષ સુધી અધિકાર ચલાવ્યો અને ૧૮૯૫ ના જુન માસમાં તે અધિકાર ઉતર્યો. સમયજળ જાણનારા બુદ્ધિશાલી પુરૂષો કહેતા કે જગત્‌માં કોઇ ઠેકાણે કોઇ મ્હોટી લડાઇ અવશ્ય થવી જોઇએ. અશાન્તિકર ગપગોળાઓ ઉડતાજ રહેતા. રમત ગમતની જગાઓ અને જાહેર મેળાવડાઓમાં પણ રહાગી પ્રીત વધારે જણાતી. સામ્રાજ્યનો વિકાસ જાહેર છાપાના પ્રાણરૂપ થઈ પડયો હતો. વ્યાપારને પણ નવી જીતોથી નવી સફરોનાં સ્વપ્નાં આવતાં. કારીગરો પણ આજ ઘોષનો પ્રતિઘોષ કરવા લાગ્યા અને વધારે લાભદાયક રોજી જગવાની માટી આશાઓ બાંધવા મંડી પડયા. લૉર્ડ સૉલ્સબરિ જે આ વખતે ત્રીજીવાર વડો પ્રધાન થયો હતો તેણે એક કરતાં વધારેવાર ચેતવણીનો સૂર બજાવ્યો અને પછી વસ્તુગતિને ચાલતા પ્રવાહમાં પડવા દીધી. ૧૮૧૫, ૧૮૫૫ અને ૧૮૯૫ ના બનાવો ઉપરથી કોઇ પરદેશી જોનાર કહી શકેઃ "સમગ્ર રીતે જોતાં બ્રિટિશ પ્રજા શાન્ત પ્રજા છે; પણ શાન્તિની બરાબર કદર કરાવવા

માટે ચાલીસ વર્ષમાં એક વાર જરાક લોહી વહેવરાવવાની એમને માટે જરૂર છે.”

તરતજ લડાઇઓ શરૂ થઇ. સર હર્બર્ટ કિશ્નરે (અત્યારે લૉર્ડ કિશ્નર) ડોન્ગોલા સર કર્યું અને ૧૮૯૬ માં તે નાઇલના મૂળ તરફ ચાલ્યો. ૧૮૯૬ ના સપ્ટેમ્બરમાં ઓમડરમાન આગળ તેણે ખલીફાનું લશ્કર છિન્નભિન્ન કરી નાંખ્યું. ગૉર્ડનના પરાભવનું વૈર લેવાયું. સુદાનની રેતીઓમાં બ્રિટિશ સાર્વભૌમ સ્થાપિત થયું. ફ્રાન્સ ફેશોડામાંથી પાછું હઠ્યું.

૧૮૯૪–૯૫ માં ચીનની સત્તાનો જપાને ભૂકો કર્યો હતો. એ પાંગળા સામ્રાજ્યમાં ‘પ્રભાવના પ્રદેશો’ સંપાદન કરવા યુરોપીયન રાજ્યો ટોળે મળ્યાં હતાં. રશિઆએ પોર્ટઆર્થર મેળવ્યું અને મન્ચુરિઆમાં ઐશ્વર્ય સંપાદન કર્યું. જર્મનીએ કેટલાંક બંદરો અને કેટલોક મુલક લીધો. ઇંગ્લંડે વાઇ–હઇ –વાઇ ઝડપ્યું. તે પછી બોકસર લોકોનો બળવો થયો; અને સંયુક્ત રાજ્યોની ચીનની લડાઇ થઇ; યુરોપિયન સૈનિકોએ નિશ્ચેષ્ટ અને નિર્દોષ રૈયત ઉપર જંગલી આચરણો ચલાવી શરમનો પોટલો વહોરી લીધો.

પણ આ અશાન્ત અને તમોમય સમયની ટોચની બીના દક્ષિણ આફ્રિકાનું યુદ્ધ હતું. ૧૮૯૬માં ડોકટર જેમિસન ટ્રાન્સવાલ ઉપર એક હુમલો લઇ ગયો અને તેમાં તેનો પરાભવ થયો. બૉયર લોકોએ વિશેષ હુમલાઓથી બચવા માટે હથીયારો વગેરેની તૈયારીઓ કરી. આ ‘બીજાત્મક પ્રજાસત્તાક’ રાજ્યોનાં ફરમાણથી બ્રિટિશ પ્રજા અધીરી થઇ ગઇ. એક મોટું યુદ્ધ થયું; તે બે વર્ષ ચાલ્યું, અને તેમાં ગ્રેટબ્રિટનને ૨૦૦૦૦ માણસનું અને વીસ કરોડ પાઉંડનું ખરચ થયું, અને લડાઇના ત્રાસમાં મહારાણી વિકટોરીઆ પોતાના રામરાજ્યને અન્તે પોતાની પ્રજા ઉપર આવેલી આ આપત્તિઓ માટે શોક કરતાં ૧૯૦૧ ના જાન્યુઆરીમાં સદ્‌ગતિ પામ્યાં.

આ અશાન્ત સમયના પ્રભાવથી હિન્દુસ્તાન પણ બચ્યું નહોતું.

૧૮૯૫ થી ૧૯૦૩ સુધી લૉર્ડ જોર્જ હેમિલ્ટન આપણા સેક્રેટરી ઑફ સ્ટેટ હતો. ૧૮૭૪ થી ૧૮૭૮ સુધી તે અંડર સેક્રેટરી હતો. ૧૮૭૪ માં એક ફોસ્સ કમિટી નીમાઇ હતી તેનો એ એક સભાસદ થયો હતો; અને ૧૮૭૮ નાં પાણાં કામના કમિશનનો એ અધ્યક્ષ હતો. તેને હિન્દના સવાલોનો પરિચય હતો, અને વિગતોની પણ કાંઇક માહીતી હતી. પણ એના પૂર્વાધિકારીનો અચુક ગ્રહ અને સામર્થ્ય તેનામાં ન હતાં. અને આપણા લોકો ઉપર સહાનુભાવ કે આપણા વાજબી અભિલાષો તરફ સદ્‌ભાવનો તેનામાં પૂર્ણ અભાવ હતો. લડાઇ મરકી અને ઉપરાચાપરી દુકાળના અભૂતપૂર્વ આપત્તિના સમયમાં પણ સેક્રેટરી ઑફ સ્ટેટ સમૂળા સુધારાની અથવા સ્થાયી ગુણની એક યોજના રજુ કર્યા વિના ઉભો ઉભો જોયાજ કરતો હતો. દુઃખી પ્રજાની કંગાલ અવસ્થા સુધારવા માટે કાંઇપણ ઉપાયનાં પગલાં લેવામાં આવ્યાં નહિ. કરભાર કમી કરવા માટે કંઇજ કર્યું નહિ. સ્વદેશી વેપાર ઉદ્યોગો કે કારખાનાઓને ઉત્તેજિત કરવા પૂરતાં પગલાં લીધાં નહિ. ખેડુતો ઉપર મર્યાદિત જમા કે ખેડહકની જરૂરી સલામતી બક્ષવા રહેમીયત કરી નહિ. ઉલટું દુઃખના અત્યંત અંધકારના દિવસોમાં નિગ્રહાત્મક નીતિ સ્વીકારવામાં આવી. છાપાનું સ્વાતન્ત્રય અંકુશિત કર્યું. સ્વદેશની ઉંચી નોકરીઓમાં દાખલ થવાના દેશીઓના હકને પૂર્વ તરફ જીવન વ્યાપાર શોધતા અંગ્રેજ છોકરાઓના લાભ માટે સંકુચિત કર્યો. તાજનાં રાજ્યનાં છેલ્લાં સાડત્રીસ વર્ષોમાં આના જેવી આપત્તિઓમાં દેશ આવી પડયો ન હતો. અને રાજ્ય વહીવટ સહાનુભાવ અને ઉપાયનાંજ પગલાંથી આ વખતના જેવો શૂન્ય, અને નિગ્રહ અને જોરનાં પગલાંથી ભરપૂર કદી ન હતો.

લૉર્ડ એલ્જિન ૧૮૯૩ માં લૉર્ડ લેન્સડાઉનના અધિકાર ઉપર આવ્યો. એના પિતાનું નામ હિન્દમાં હજી સ્મરાતું હતું. હજી લોકો તેને માન આપતા. અને આ નવા વ્હાઇસરૉય લોક તરફ સારી લાગણી ધરાવશે એમ માનવાને કારણ હતું. પણ આસપાસના અમલદારોના પ્રભાવને અંકુશમાં રાખે તેવો

તેનો હાથ ન હતો. શાન્તમાં શાન્ત છતાં તે આપણી સરહદની પેલીપાર એક કેવળ નિરુપયોગ અને નિર્લાભ લડાઇમાં ખેંચાયો.

ચિત્રાલ કાશ્મીરસ્તાનના પર્વતોમાં આવેલું છે. તે આપણા પેશાવરના સીમાન્ત જીલ્લાથી ઉત્તરમાં ૧૦૦ માઇલ છેટે છે. એક તાત્કાલિક કામ માટે એક બ્રિટિશ રેસિડન્ટ એક નાની ટુકડી સાથે ત્યાં ગયો હતો. તેને ૧૮૯૪ માં ત્યાંના લોકોએ ઘેરી લીધો અને ૧૮૯૫ માં છોડયો. લૅાર્ડ રોઝબરિની લિબરલ સરકારે આ દૂરની નિરુપયોગ અને એકાન્ત જગાંમાંથી બ્રિટિશ હથીઆરોનો એકવાર વિજય થાય તે પછી પાછા વળી આવવાનો નિર્ણય કર્યો હતો. પણ ૧૮૯૫ માં જે કન્ઝર્વેટિવ પ્રધાન મંડળ આવ્યું તેણે તે સ્થાન રાખવાનો નિશ્ચય કર્યો. આ ઠરાવ અને લૅાર્ડ લેન્સડાઉનના વખતથી ચાલતાં આચરણોથી સીમાન્ત ટોળીઓ ખીજવાઇ અને ચોંકી. આફ્રીડી અને બીજી કોમોનો એક સામાન્ય બળવો થયો. અને એક સીમાન્ત યુદ્ધ જાગ્યું.

બ્રિટિશ લશ્કર બહાદુરીથી લડયું. હાઇલેન્ડર અને ગુરખા લોકોએ ૧૮૯૭ ના ઓકટોબરમાં દર્ગાઇ સર કરીને નામના મેળવી. ઘણા મરણીયા ભેટાઓમાં વિજય મેળવીને સીમાન્ત સૈનિકો કીર્તિમંત થયા. અનેક દુર્ગો અને ગામડાંઓ સર કર્યાં. દેશ ઉજ્જડ કર્યો; અને પછી આ જંગલી દેશમાંથી બ્રિટિશ સેના પાછી ફરી. આ નિરુપયોગ અને ઉડાઉ લડાઇની સામે ઇંગ્લંડમાં મજબૂત પોકાર ઉઠયોઃ પણ હિન્દને બ્રિટિશ તીજોરીમાંથી કંઇ મદદ મળી નહિ.

દરમિયાન આપણા લોકો એક અપૂર્વ સંકટમાંથી પસાર થતા હતા. ઉત્તર હિન્દુસ્તાન, બંગાળા, મધ્ય પ્રાન્તો, મદ્રાસ અને મુંબઇ એ બધા પ્રાન્તોમાં એકી વખતે ભયંકર દુષ્કાળે દર્શન દીધાં. આવા વિશાળ પ્રદેશમાં એકી વખતે દુષ્કાળની સ્થિતિ અપૂર્વજ હતી. મ્હોટા પ્રમાણમાં નિવારણનાં કામો હાથ ધરાયાં; અને જુદા જુદા પ્રાન્તોમાં જુદા જુદા અંશમાં સફળ થયાં. બંગાળાના લોક સાધન સંપન્ન હોય છે અને અમુક અંશમાં પોતાની મેળે મદદ કરી શકે છે, તેથી ત્યાં મૃત્યુનું પ્રમાણ વધ્યું નહિ. પણ મુંબઇ અને મદ્રાસમાં

તો મૃત્યુનું પ્રમાણ ઘણું જ વધી ગયું; મધ્ય પ્રાન્તોમાં ભમણું થયું. આ દુષ્કાળની એક વરસની મરણ સંખ્યા દશ લાખથીજ ગણાય છે.

એક બીજી ભયંકર આફત આ દુઃખી દેશ ઉપર એજ વર્ષમાં આવી. પશ્ચિમ હિન્દુસ્તાનના સુંદર શેહેરોમાં ગ્રંથિક સન્નિપાતે ફેર વર્તાવ્યો. એનો ત્રાસ અટકાવવાને માટે ભરવામાં આવેલાં પગલાં સખ્ત અને લોકને અપ્રિય થઇ પડે તેવાં હતાં, અને તેમ છતાં સફળ થાય તેવાં ન હતાં. આ પગલાં પરાણે અમલમાં મૂકાવવા માટે દીવાની અમલદારો સાથે લશ્કરી લોકોની મદદ લેવામાં આવી. લોકો ભયભીત થયા અને મુંબઇ સરકારને અર્જ કરી પણ તે અફલ નીવડી. આનો અંત બહુ શોકજનક આવ્યો. પુનાના રસ્તાઓમાં બે બ્રિટિશ અમલદારોનાં ખુન થયાં. મુંબઇની શેરીઓમાં તોફાનો થયાં તોફાનો શાન્ત કરતાં જીવોનાં નુકસાન થયાં. ખુનીઓને પકડયા. તેમના ઉપર કામ ચલાવ્યું અને દેહાન્ત દંડની શિક્ષા કરી.

પણ સરકાર ભયાવિષ્ટ થઇ ગઇ. વર્તમાનપત્રો ઉપર સખ્તાઇથી કામ ચલાવવામાં આવ્યાં અને કેટલાક પ્રસંગોમાં રાજસી સખ્તાઇની શિક્ષાઓ કરવામાં આવી. બે પ્રસિદ્ધ અને પ્રતાપી પુરુષોને કામ ચલાવ્યા વિના કેદ કર્યા. વર્તમાનપત્રોની સ્વતન્ત્રતા ઉપર અંકુશો મૂક્યા. વર્તમાનપત્રોના તન્ત્રીઓના સારી ચાલના જમાન લેવાની મેજીસ્ટ્રેટોને સત્તાઓ આપવામાં આવી; અને જમાન ન આપે તો કોઇ પણ વિશેષ આરોપ મૂકીને તેમના ઉપર કામ ચલાવ્યા વિના તેમને તુરંગમાં મોકલવાનો પણ અધિકાર આપ્યો. જે અંગ્રેજોએ આખું જીવન હિન્દમાં ગાળ્યું હતું તેઓ કહેતા કે "સરકાર નકામી ભયભીત થઇ ગઇ છે; શંકા અને અવિશ્વાસથી સામ્રાજ્ય સચવાતું નથી." ૧૮૯૭-૯૮ ના ત્રાસદાયક વર્ષના દુકાળ-લડાઇ-અને મરકી સિવાય પણ હિન્દના લોકોના મન ઉપર ઘણા કડવા સંસ્કારો કાયમ રહ્યા છે.

એટલે ૧૮૯૮ ના અંતમાં જ્યારે જાહેર કરવામાં આવ્યું કે ઓનરેબલ જ્યોર્જ કર્ઝન હિન્દુસ્તાનના વહાઇસરૉય થશે ત્યારે તે સમાચાર સાંભળી

આપણા લોકોને આરામ અને આનન્દ થયો. લૉર્ડ કર્ઝનને હિન્દુસ્તાનમાં માન આપવામાં આવ્યું તે જેટલું નિર્મળ તેટલુંજ સાર્વત્રિક હતું. કારણ કે લોકને એમ લાગ્યું કે આખરે એક બલવાન અને સમર્થ રાજ્યકર્તા આવ્યો છે, જે પોતાનીજ આંખોએ બધું જોશે અને પોતાનાજ નિશ્ચય ઉપર ચાલશે.

લૉર્ડ કર્ઝનમાં એક રાજ્યકર્તાના ગુણોમાંના ઘણા હતા. એનામાં ઉત્સાહ હતો, ઉદ્યમ હતો અને ઊંચા પ્રકારની બુદ્ધિ હતી; અને ઈંગ્લંડના સાર્વજનિક જાહેર જીવનમાં તેણે પ્રખ્યાતિ મેળવી હતી. ૧૮૫૯ માંજ જન્મ્યો હતો, તોપણ ૧૮૯૧–૯૨ માં તો તે ઇન્ડિયા ખાતાનો અને ૧૮૯૫–૯૮ માં પરદેશ ખાતાનો અન્ડર સેક્રેટરી થયો હતો. એણે એશિયામાં મ્હોટી મુસાફરી કરી હતી, અને મધ્ય એશિયા ઇરાન અને પૂર્વના દેશો ઉપર ગ્રંથો લખ્યા હતા. તેને વાગ્મિતાની બક્ષિસ હતી; અને તેની શૈલી સુંદર હતી; કીર્ત્તિની તેને કદર હતી અને જાહેર વિવેચનોનો સત્કાર કરતો. વિશેષમાં પૂર્વ તરફના જીવનની તેને સાચી તુલના હતી; પૂર્વની કલા અને સાહિત્યને માટે તેને પૂજ્યભાવ હતો અને વળી એક મહાન્ પૂર્વની પ્રજાને રાજ્ય કર્તા થવાની તેનામાં ખાસ યોગ્યતા હતી.

આ બધી કિંમતી બક્ષિસો છતાં લૉર્ડ કર્ઝનમાં કૃતેહમંદ કર્યભારીના કેટલાક ગુણોની ખામી હતી. દૃઢ અને ધગધગતી સામ્રાજ્ય ભાવનાથી તે સ્વરાજ્યની તુલના કરવાને અને લોકસહાયતામાં શ્રદ્ધા રાખવાને અશક્ત હતો. તેજસ્વી, જુવાન, અને ઉચ્ચભિલાષી હોઇને બ્રિટિશ સત્તા અને બ્રિટિશ આબરૂની, બ્રિટિશનું કલ્યાણ અને પૂર્વ તરફના બ્રિટિશ વ્યાપારને માટે તેના મનમાં ઊંચી દરકાર હતી; પણ તેટલીજ ચિંતા તે આપણા આર્થિક અને રાજ્યકીય સંવર્ધનને માટે રાખતો નહિ. જોકે આ ક્ષણે તો આપણું ભવિષ્ય એના હાથમાં સોંપવામાં આવ્યું હતું. આત્મસત્તા એ એની રાજ્યકીય ભાવના હતી.

લૉર્ડ કર્ઝનના રાજ્ય વહીવટ ઉપર છેવટનો નિર્ણય કરવાનો વખત હજુ આવ્યો નથી. પણ વિક્ટોરિયન યુગના હિન્દના રાજ્ય વહીવટની આ વાર્તામાં લૉર્ડ કર્ઝનના રાજ્યકારભારના પહેલાં વર્ષોની હકીકતનો સમાવેશ કર્યા વિના ચાલે તેમ નથી. અને દુઃખની સાથે લખવું પડે છે કે લૉર્ડ કર્ઝનનાં પહેલાંજ આચરણોએ નૈરાશ્ય ઉત્પન્ન કર્યું. છેક ૧૮૭૬ માં બંગાળાની સરકારે કલકત્તાની નગરસભામાં સ્વરાજ્ય જેવું કંઇક દાખલ કર્યું હતું. નગરજનો તરફથી ૫૦ સભાસદો ચુંટાતા અને ૨૫ સભાસદો સરકાર નીમતી. આ યોજનામાં રાજ્યનો અંકુશ સુસ્થિત હતો અને લોકના પ્રતિનિધિઓને યોગ્ય અવકાશ મળતો. ઘણી ભૂલો કર્યા છતાં પણ આ સભાસદોએ શહેરને માટે ઉત્તમ કામો કર્યાં હતાં. શહેરને માટે પાણી પૂરું પાડયું હતું અને ખાળીઆમાં સુધારા કર્યાં હતા; એ સભાસદોએજ અનારોગ્ય સ્થળો સ્વચ્છ કર્યા હતાં અને શહેરને બંગાળાના મેલેરિયાવાળા પ્રદેશોમાંથી આરોગ્યશોધકોને માટે યોગ્ય બનાવ્યું હતું. એમણેજ મોટા રસ્તાઓ બાંધ્યા હતા શહેરનો દેખાવ પણ સુધાર્યો હતો. તેમણેજ હિન્દના ઘણા ભાગોમાં ફેર વર્તાવતી મરકીમાંથી શહેરને બચાવ્યું હતું. અને સર એન્ટનિ મેકડોનેલ્ડ જેઓ બંગાળાના લે૰ ગવર્નર હતા અને જેમણે આ સભાસદોને કામ કરતા જોયા હતા તેઓનો અભિપ્રાય હતો કે આ લોકો પોતાની ફરજો માટે એવી કાળજી અને સાવધાનતા બતાવે છે કે જે તેમને માટે બહુ ઊંચો અભિપ્રાય ઉત્પન્ન કરે છે: અને કેટલાકની તો તે ફરજો તરફ ભક્તિ હોય એમ જણાય છે.

આ ગયા સૈકાનાં છેવટનાં વર્ષોમાં 'લોક મંડળોથી કામ લેવું' એ ભાવના નહતી. લોકનિર્વાચિત સભાસદોની સત્તા ઓછી કરવાની ઇચ્છા ઉત્પન્ન થઇ. બંગાળાના લે૰ ગવર્નર સર એલેકઝાન્ડર મેકેનઝીએ તે મતલબની પ્રબન્ધ યોજના દાખલ કરી. કલકત્તાની રૈયતે વાંધો લીધો. લૉર્ડ કર્ઝન વચમાં પડયો અને તે યોજના કરતાં વધારે ખરાબ યોજના ઉદ્ભવી.

લોકોનિર્વાચિત સભ્યોની સંખ્યા તેણે ૨૫ ની કરી; એટલે તેમની સંખ્યા રાજ્યનિયુક્ત સભ્યોના જેટલીજ થઇ; એટલે અમલદાર–અધ્યક્ષ સાથે રાજ્યના સભ્યોને કુલ સત્તા મળી. સાચું લોકાધિપત્ય નષ્ટ થયું. કલકત્તાના નામીચા નાગરિકો–જેમણે પોતાની આખી જીંદગી નગર કાર્યમાં અર્પી હતી તેઓ નિવૃત્ત થયા. આ પ્રબન્ધ અમલમાં મૂકાયા પછી કલકત્તાની અવદશા બેઠી છે. હિન્દુસ્તાનના બીજા ભાગોમાં પણ નગર સ્વરાજ્ય નબળું થતું ગયું છે.

જીલ્લાઓમાં અને ગામડાંઓમાં પણ સ્વરાજ્યમાં સુધારા–વધારા થયા નથી. લાર્ડ રિપનના વખતમાં ૧૮૮૦–૮૪ વચ્ચે શરૂ કરેલી પ્રતિનિધિ સંસ્થાઓને તે પછી ઉત્તેજન મળ્યું નથી. બ્રિટિશ રાજ્યમાં સ્વદેશનાં કાર્યોમાં વધારે ભાગ મેળવવાની કેળવાયલા વર્ગની આશાઓ વ્યર્થ ગઇ છે. તેમજ ખેતીથી નિર્વાહ કરનારા મોટા સમુદાયનું પણ વધારે કલ્યાણ થયું નથી. ખેડુતના હકો બળવત્તર થયા નથી; રાજ્યહક્ક અને જમાના વધારા નિયમ નિયમોથી મર્યાદિત થયા નથી. પંજાબ અને મુંબાઇમાં પોતાનાં ખાતાં હસ્તાન્તર કરવાના હક ઉપર અંકુશો મૂકાયા છે. મદ્રાસના પાણીનો કર ફરજીયાત કર્યો છે.

૧૯૦૦ માં એક સખ્ત દુકાળ ફરીથી આવ્યો અને તે ચાર વર્ષ સુધી રહ્યો. મોટાં સંકટ નિવારણ કામો વળી ઉઘાડ્યાં. મધ્ય પ્રાન્તોમાં તે ફતેહમંદ થયાં, પણ મુંબઇમાં વહીવટ સારો નહતો. અને જ્યારે દુષ્કાળ કમિશને પોતાનો રિપોર્ટ બહાર પાડ્યો ત્યારે હકીકત એ જણાઇ કે ઘણે ભાગે જમાના સખ્ત વસુલાતથી ખેડુત લોકો સ્થાયી કરજમાં આવી પડ્યા છે.

હિન્દુસ્તાનમાં ચલણનો નિર્ણય થયો. રૂપીયાની કિંમત ૧ શિ. ૪ પે. ઠરાવી અને તે કિંમત સ્થિર કરી. હિન્દુસ્તાનમાં કેરા રૂપીયાના ચલણમાં વસુલ થતા હોવાથી આ નિર્ણયનો અર્થ સર્વ દેશી વધારો હતો. તે પછી ઉપજ બંધારણના પત્રકોમાં સીલીક દેખાવા લાગી. આ સીલીકમાંથી ખેડુતોને પહેલો લાભ મળવો જોઇતો હતો. ૧૮૭૨ પછી જમીન ઉપર જમા ઉપરાંત જે કરો નાંખવામાં આવ્યા હતા તે માફ કરવા જોઇતા હતા. પણ તેવા કરો તેવી રીતે માફ થયા નથી; ખેડુતોને કંઇપણ આરામ મળ્યો નથી.

હિન્દુસ્તાનના લોકોની પાસે રાજ્યવહીવટની બે કસોટીઓ છે. તેઓ પોતાનાં કાર્યોમાં પોતાને માટે વધારે હીસ્સો અને પ્રતિનિધિ સંસ્થાઓ દાખલ કરવાની માગણી કરે છે; વાજબી રીતે માગણી કરે છે. અને તેઓ કરકસરને માટે લોકો ઉપરનો કરભાર હલકો કરવાને માટે અરજો કરે છે; અને વાજબીરીતે કરે છે. આ બન્ને ધોરણોમાં હાલનો રાજ્યવહીવટ નિષ્ફળ થયો છે. એમાં સ્વરાજ્યનો સંકોચ થયો છે; રાષ્ટ્રીય ખરચમાં અને કરભારમાં વૃદ્ધિ થઈ છે.

૧૮૯૩ નું વર્ષ મહારાજાધિરાજ એડવર્ડ સાતમાના રાજ્યારોહણ માટે દિલ્હીમાં ભરાયલા દરબારથી આરંભાયું. પરંતુ તે દરબારનો તમામ ખરચ અને દમામ અક્કળે હતો કારણ કે હિન્દુસ્તાન ઉપર દુષ્કાળનો ચાર વર્ષનો ઘેરો લાગલગટ ચાલુ હતો. તે વર્ષના અંતમાં ઇરાનમાં દરબારો ભરાયા અને ટિબેટ ઉપર ચડાઇ થઇ. આ છેલ્લાં આચરણ જે એશિયામાં બ્રિટિશ ઐશ્વર્ય વધારવાને માટે થયાં હતાં તેનાં ખરચો હિન્દુસ્તાનને માથેજ પડ્યાં હોય તો કાંઇ નવાઇ છે!

ખંડ ૩. પ્રકરણ ૨.

જમીન પ્રકરણ.

૧ ઉત્તર હિન્દુસ્તાન.

બંગાળા, ઉત્તરહિન્દુસ્તાન અને પંજાબમાં જમાનાં ધોરણો કમ્પનીના વખતમાં જ સિદ્ધ થઇ ગયાં હતાં અને તાજના રાજ્યનાં પહેલાં

વર્ષોમાં જમીનદાર અને ખેડુત વચ્ચેના સંબંધ નિયત કરવાને પગલાં ભરાયાં હતાં. એટલે છેલ્લાં પચીસ વર્ષનો ઇતિહાસ ઘણે ભાગે ઝીણી વિગતોનો અને પ્રથમ સિદ્ધ થયેલા ધોરણોના વિકાસનો જ છે.

બંગાળા.

બંગાળામાં ૧૮૫૯ ના સાંથના પ્રબન્ધે જમીન ખેડવાવાળાઓને સાંથ અને હકની સલામતી આપી હતી. પણ બિહારના ખેડુતો, પૂર્વ તરફના ચંચળ ખેડુતોએ જેવો લાભ લીધો હતો તેવો લઇ શકયા ન હતા. બીસ વર્ષના અનુભવથી ખેડુતોને જમીનદારોની ગેરવાજબી માગણીઓમાંથી બચાવવાને વધારે પગલાં લેવાની જરૂર બતાવી આપી હતી. લોર્ડ રિપનની સરકારે આ ઉપયોગી કૃત્ય માથે લીધું; કામનો ભાર સર એન્ટનિ મેકડોનેલ ઉપર પડયો; જે તે વખતે બંગાળાનો રેવિન્યુ સેક્રેટરી ઇલ્બર્ટ મન્ત્રી હતો.

આ પગલાંએ સ્વરૂપ પકડયું તે પહેલાં જે લાંબી ચર્ચાઓ થઇ હતી તેનું વર્ણન કરવાની જરૂર નથી. સરકારે જમીનદારોની અડચણો પૂર્ણ રીતે અને માન સાથે સાંભળી. દરેક જીલ્લાઓમાં અને જીલ્લાવિભાગોનાં રજુ કરેલાં પગલાંનું નિરીક્ષણ કરવાને કમિટીઓ મળી. પ્રબન્ધ યોજનાના મુસદ્દા સુધર્યા અને વખતો વખત ફરીથી ઘડાયા. અને આખરે લૉર્ડ રિપન હિન્દુસ્તાનમાંથી સિધાવ્યા પછી લૉર્ડ ડફરિનના વખતમાં તે યોજના મંજુર થઇ. ૧૮૮૫ માં પસાર થયેલા ખેડહકના પ્રબન્ધે જમીનદારોના વાજબી હકોનો કોઇ પણ રીતે ભંગ કર્યા વિના ખેડુતોને જરૂરનું સંરક્ષણ આપ્યું. આ પ્રબન્ધમાં બે મુખ્ય હેતુઓ આ હતા. ઠરેલા ખેડુતોને કબજા હક આપવો; અને કબજાહક વિનાના ખેડુતોને પુરતું રક્ષણ આપવું.

અત્યારે બંગાળાના દરેક ભાગમાં ૧૭૯૩ ના સ્થાયી બન્દોબસ્તથી અને ૧૮૫૯ અને ૬૯ ના ખેડહકના પ્રબન્ધોથી જમાદાર (સરકાર) ના જમીનદાર પાસેના હક અને જમીનદારના ખેડુત ઉપરના હક મર્યાદિત થયાના કલ્યાણકારક ફળ બંગાળામાં સ્પષ્ટ દેખાય છે. બંગાળામાં જમીનદારોનો કેળવાયલો અને પ્રભાવવાન્ વર્ગ કાયમ છે. આ વર્ગે બ્રિટિશ સામ્રાજ્ય સાથે એકતા કરી છે અને સારા રાજ્યવહીવટને માટે સરકારને હમેશાં વફાદાર મદદ આપે છે. એક બળવાન્ અને બુદ્ધિમાન મધ્યમવર્ગ પણ ત્યાં કાયમ છે–કે જે આ જમીનદારોના હાથ નીચે જુદી જુદી તરેહના ખેડહક ભોગવતાં ઉત્કર્ષશીલ જનસમાજના એક બલિષ્ટ અંગ રૂપે વર્તે છે. અને ત્યાં એક સાધનસંપન્ન ખેડુત વર્ગ ઉત્પન્ન થયો છે જે પોતાના હકનું રક્ષણ કરવા સમર્થ છે; અને અનાવૃષ્ટિ અને ખેતીની નિષ્ફળતાની પહેલી અસરોની સહામે ટકી રહેવાની શક્તિ ધરાવે છે. સાંથો હલકી છે; ખેડુતો, શાહુકારોના કબજામાં સપડાયા નથી; અને બ્રિટિશ વહીવટદારોને પોતાની વિવેકશીલતાથી ફલિત થયેલી –બંગાળના ખેડુતની આબાદીનું વાજબી અભિમાન લેવાનું કારણ છે.

નીચેના આંકડા બંગાળાના જુદા જુદા ભાગના ચૌદ જીલ્લાઓમાં ઉપજ અને સાંથનું પ્રમાણ બતાવી આપે છે. તે ઉપરથી જણાશે કે કોઇ પણ જીલ્લામાં ઉપજના ૨૦ ટકા જેટલી સાંથ નથી. બંગાળા સરકાર કહે છે તે પ્રમાણે આ આંકડા ઉપર સરાસરી ઉપજના ૧૧ ટકાની સાંથ આવે છે. આથી જેમ આનંદ થાય છે તેમ ૧૯૦૦ ના દુષ્કાળકમિશન રૂબરૂ સાબીત કર્યા પ્રમાણે ગુજરાતમાં સરકાર કુલ ઉપજના ૨૦ ટકા સુધી સરકારહક લે છે, તે જોઇ મનમાં દુઃખ થાય છે. ૧૮૬૪ ના નિયમ પ્રમાણે જમા ચોખ્ખી ઉપજના અરધ ભાગ જેટલીજ હોવી જોઇએ. તેનાથી બમણી નહિ. ખાનગી જમીનદારો કરતાં રાજ્યે વધારે માયાળુ રહેવું જોઇએ; તેમના કરતાં વધારે સખ્ત થવું ન જોઇએ.

જીલ્લો.	સરેરાશ ઉપજ સાથે સાંથનું પ્રમાણ.
૨૪ પરગણાં.	૧૦ ટકા.
નવદ્વીપ.	૭ ,,
મિદનાપુર.	૮ ,,
હુગલી.	૧૪ ,,
મીરજમ.	૧૫ ,,
બાકરગંજ.	૯ ,,
નોખગલી.	૯ ,,
ટિપરા.	૯ ,,
રાજશાહી.	૧૩ ,,
ગયા.	૧૪ ,,
બાહ્રાસોર.	૧૧ ,,
મુઝફરનગર.	૧૬ ,,
કટક.	૧૪ ,,

ઉત્તરહિન્દુસ્તાન.

અત્રે જમાનો આકાર બાંધવ.ની રીતમાં એક કલ્યાણકારક ફેરફાર દાખલ કર્યો હતો. પૂર્વના એક પ્રકરણમાં જણાવ્યા પ્રમાણે પ્રથમ આકારનું ધોરણ અંદાજી ઉપજ હતી; પાછળથી વાસ્તવિક ઉપજનું ધોરણ દાખલ કર્યું. ૧૮૮૭ માં રેવિન્યુ સભાએ જે નિયમો કર્યા હતા તેમાંથી નીચેના ઉતારા લીધા છે.

" ગામની જમા બને ત્યાં સુધી ગામડાના દફ્તરમાં નોંધેલી વાસ્તવિક ઉપજ ઉપરથી નક્કી કરવી. આ નોંધ જરૂર જણાય ત્યાં સુધારવી.

આ નોંધમાં ભવિષ્યમાં સાંથની રકમો વધશે અથવા ભવિષ્યમાં ખેતીનું ક્ષેત્રફળ વધશે તે કારણથી કંઈપણ અંદાજ ઉમેરવાનો જમાબન્દી અધિકારીને હક નથી. "

આ ઉપરથી ચોક્કસ કહી શકાય કે અત્યારે " વાસ્તવિક ઉપજ " ના અરધ ભાગની જમા મુકરર કરવાનો સરકારનો ઇરાદો છે. ૧૮૯૦ પછી થયેલા બન્દોબસ્તોમાં પણ આ સ્પષ્ટ નિયમને બરાબર વળગી રહેવામાં આવ્યું નથી, એ દીલગિરીની વાત છે.

ઉત્તરહિન્દુસ્તાનનો પ્રખ્યાત અને સાર્વજનિક ઉત્સાહવાળો એક જમીનદાર ઓ. નિહાલચન્દ્ર-ત્યાંની પ્રબન્ધસભાનો એક સભાસદ-તેમણે આ વાત ૧૯૦૩ માં પ્રસિદ્ધ કરેલા પોતાના એક લેખમાં સરકારના ધ્યાન ઉપર મૂકીને એક જાહેર સેવા બજાવી છે. આ લેખમાંની કેટલીક હકીકત ઉપરથી નિયમોનો અમલ કરવામાં જે સુધારા કરવાની જરૂર છે તેનો ખ્યાલ મળી શકશે.

આકારનું ધોરણ:—જમાનો આકાર બાંધવાનું ધોરણ જગીરની વાસ્તવિક ચોખ્ખી ઉપજ છે. પણ રેવિન્યુસભાએ ૧૯૦૧ માં એક યાદી કહાડીને જણાવ્યું છે કે સાંથની રકમ જ્યાં પુરતી ન જણાય ત્યાં દફ્તરની નોંધ ધ્યાનમાં ન લેતાં અંદાજી ઉપજ ઉપર આકાર બાંધવાની જમાબન્દી અધિકારીઓને છૂટ છે. આ નિયમની અસર ખુલ્લી છે. જ્યાં જમીનદારો

ખેડુત ઉપર રહેમીયત રાખવાને રાજી હોય ત્યાં આ નિયમ સાંથ વધારવાની સ્મરણી રૂપ છે. બંગાળામાં જ્યાં સ્થાયી જમાબન્દી છે ત્યાં સાંથ વધારવામાં રાજ્યનો સ્વાર્થ નથી એટલે છેલ્લાં પચાસ વર્ષમાં પ્રત્યેક પ્રબન્ધનો હેતુ એ છે કે ખેડુત પાસે જમીનદાર વધારે પડતી સાંથ લઇ શકે નહિ, અને જ્યાં જમીનદાર રહેમીયત રાખતા હોય ત્યાં સરકાર તરફથી તેમને ઉલટું ઉત્તેજન આપવામાં આવે છે. બીજી તરફ ઉત્તરહિન્દુસ્તાનમાં જ્યાં રાજ્ય ચોખ્ખી ઉપજ ઉપર જમા કરાવે છે ત્યાં જમીનદારની રહેમીયતની શિક્ષા થાય છે, અને કાંતો સાંથ વધવાનું અથવા પોતે જે લેતા હોય તેના અરધ કરતાં વધારે આપવાનું કહેવામાં આવે છે.

આવા પ્રસંગોમાં સરકાર શું કરે છે તે બાબતમાં ઘણા દાખલા નિહાલચન્દ્રના લેખમાં ટાંકયા છે. મુઝાફરપુર જીલ્લામાં વાસ્તવિક રોકડ ઉપર ૧૯૦૨ ની જમાબન્દીમાં (રૂ. ૪૬૦૫) ૩૦૭ પાઉંડનો વધારો કરવામાં આવ્યો છે. સહરાનપુર જીલ્લામાં ૫૬૪૪ પાઉંડ (રૂ. ૮૪૬૬૦) નો અને મીરતમાં ૧૧૯૦૬ પાઉંડ (રૂ. ૧૭૮૫૯૦) નો વધારો કરવામાં આવ્યો છે. અને બદાઉન જીલ્લામાં ૨૭૧૪ પાઉંડ (રૂ. ૪૦૭૧૦) નો વધારો કર્યો છે. ઉત્તરહિન્દુસ્તાનના જમીનદારો અને ખેડુતો હવે ન્યાયની રીતે આ રીત ગોકુફ રાખવાની વિનંતિ કરી શકે કારણ કે વાસ્તવિક ઉપજને આકારનું ધોરણ ગણવું જોઇએ એવું લૉર્ડ કર્ઝને પોતે જાહેર કર્યું છે.

કબજા હક વિનાની જમીનઃ—ઉત્તરહિન્દુસ્તાનમાં જમીનદારની જમીનનો મોટો ભાગ ગણોતીઆ ખેડુતો ખેડે છે. અમુક ભાગ તો જમીનદાર પોતે પોતાનાજ મજુરો પાસે ખેડાવે છે. અમુક ભાગ કુંભાર, લુહાર, વાળંદ, વરતણીયા વિગેરેને વગર સાંથે આપ્યો હોય છે. આમાંની કેટલ જમીનો જમાબન્દી અમલદારની બહાર જતી નથી. અને જમાનું પ્રમાણ બાંધવા રોકડનો દાખલો ન હોય એટલે જમા અંદાજી સાંથ ઉપર બંધાય છે, જેની રકમ ઘણીવાર બહુ આકરી આકારવામાં આવે છે. મુઝફ્ફર-

નમરના જીલ્લામાં ખેડ હકવાળા ખેડુતોની જમીન ઉપર જે ઘેારણે જમા બાંધવામાં આવી હતી તે ઘેારણે જમીનદારની ખરખેડની જમીનની જમા (૧૬૫૬૫ પાઉંડની) બાંધવી જોઇએ; પણ તેથી વધારે દર ગણીને ૨૩૯૭૦ પાઉંડની જમા બાંધી એક દાખલો એવો બતાવવામાં આવ્યો છે કે જ્યાં રાજ્યે જમા આકારવા માટે એકર દીઠ ૮ શિ. ની સાંથ જમાબન્દી અમલદારે ગણી. પણ જ્યારે જમીનદારે ખેડુતની રહામે આ ઉંચા દરે હુકમનામું માગ્યું ત્યારે એની દાદ રદ્દ ગઇ અને હુકમનામું એકર દીઠ ૬ શિ. ૬ પે. ને હીસાબે કરી આપ્યું. બીજી રીતે કહીએ તો જમાબન્દી અમલદારનાં લેવાનાં તોલ જુદાં અને અપાવાનાં જુદાં છે. જ્યારે લોક અને રાજ્ય વચ્ચે ઉત્પન્ન થતા સવાલોનો નીકાલ કરવા અને અમલદારો ઉપર અંકુશ રાખવા, સ્વતન્ત્ર કચેરીઓ નથી હોતી ત્યારે જમાબન્દી અમલદારો આવા અન્યાયો કરતા દેખાય છે.

ચાકરીયાત:—વગર સાંથે ખેડાતા ટુકડાઓના સંબંધમાં કહેવું જોઇએ કે આવી જમીનો—ગામના રીવાજે જોતાં જમામાંથી મુકત કરવી જોઇએ. કુંભાર અને લુહાર આપણા દેશની ગામાતોની પરાપૂર્વથી સેવા કરતા આવ્યા છે; અને એમના પોતાના ધન્ધાની ઉપજ બહુ થોડી હોવાથી જમીનના નાના ટુકડા સાંથ વગર તેમને ખેડીખાવા દેવામાં આવે છે. વાળંદ અને વરતણીયાઓને તો ધન્ધામાંથી બહુજ થોડું મળે છે. અને જો થોડી જમીનનો લોભ ન હોય તો તો વખતે ગામમાં એ લોક રહે પણ નહિ. આ એક ઉત્તમ પ્રાચીન સંસ્થા છે. ગામના લોકોના આવી રીતે એક અન્યેન્યાપેક્ષ સમૂહ તરીકે એકઠા રહી શકે છે. જમીનના નાના ટુકડાઓ કહાડી આપ્યાથી ગામને જોઇતા ચાકરીઆતો સ્થિર થઇને રહે છે. અને જમીનદાર તેવા લોકો પાસેથી ચાકરીયાત જમીનની સાંથ લેતા નથી. આવા ટુકડાઓ ઉપરની જમા માફ કરવાથી રાજ્યને જો કંઇ નુકસાન હોય તો નજીવું છે; અને સરકાર 'અકથ્ય અનુદારતા'ના દેખાવમાંથી બચે છે. સભ્ત નિયમોને લીધે આપણી ઘણી

સારી અને પ્રાચીન સંસ્થાઓનાં ગળાં કપાઇ ગયાં છે. પ્રાચીન કાળના વાળંદ અને કુંભારને તો મહેરબાની કરીને રહેવાદો.

સુધારાઃ—સરકારે વારંવાર અને ભારદાર ભાષામાં ઠરાવો કરેલા છે કે જમીનદારો અને ખેડુતોને પોતાના સુધારા માટે વધારે આપવું પડશે નહિ અને લૉર્ડ કર્ઝને હમણાંજ જાહેર કર્યું છે કે રાજ્યે પણ જે સુધારામાં જમીનની ગુંજાસ ઉપરાંત ખેડુતની મુડી અને મહેનતની જરૂર છે તેમાં ભાગ પડાવવાનો હક સરકાર પણ છોડી દે છે. આ નિયમ ન્યાયી છે, ઉત્તમ છે. પણ અમલ કરવામાં તેનો પૂર્ણ અમલ થતો નથી. જમાબન્દી અમલદારો સુધારાને લીધે સાંથમાં કેટલો વધારો થયો છે તે બારીકીથી જોતા નથી અને તેથી આકારમાંથી તેને મુક્ત કરતા નથી. હિન્દુસ્તાનના તમામ પ્રાન્તોમાં જે અનુભવો થાય છે, તે તો એવા છે કે આ ન્યાયી નિયમો ભંગ થાય છે.

હકીકત આમ બને છે. ત્રીસ વર્ષમાં એકવાર જમાબન્દીનો બન્દોબસ્ત થાય છે. એ મુદતમાં જમીનદાર અથવા તેના મૈયત બાપે પોતાની જાગીરમાં ત્રીસ કૂવા ખોદ્યા હોય, કંઇ નવા માર્ગો કહાડ્યા હોય, કંઇ જંગલ કપાવ્યું હોય, કંઇ જમીન પૂરાવીને ખેડવા લાયક કરી હોય. એજ મુદતમાં સરકારે એ જાગીરની નજીકમાં કંઇ રેલ્વે કહાડી હોય, કોઇ શહેરમાં બ્રેારીઆ એ જાગીરમાંથી પસાર કર્યા હોય, અને તેથી કેટલાક કૂવાઓ વખતે વપરાતા બંધ થયા હોય. એટલાજ અરસામાં રૂપીયાની કિમ્મત ઘટી હોય, વધી હોય, વળી ઘટી હોય અને મોલના ભાવ રૂપીયાની કિમ્મતના ફેરફારની ઉલટ દિશામાં વધ્યા ઘટ્યા હોય. આ બધી હકીકતની સાંથ ઉપર અસર થાય છે, અને નવી જમાબન્દી વખતે જે રકમ લેવાતી હોય તે રકમ આવા આવા કારણોથી મુકરર કરેલી હોય છે. હવે જમીનદાર શી રીતે કહી શકે કે ત્રીસ વર્ષમાં સાંથનો જે વધારો થયો છે તેમાંનો આટલો એના અથવા એના પિતાએ કરેલા સુધારાથી અને આટલો ઉપરમાંના બીજા કારણોથી ? એ કહી શકાય એવું છેજ નહિ અને પરિણામમાં રાજ્ય જમીનદાર અને ખેડુતના કરેલા

તમામ સુધારાનું ફળ હરી જાય છે. ૧૮૯૨ માં મુઝફ્ફરનગરની જમાબન્દી વખતે રાબ્યે ૨૦૦૦૦ પાઉન્ડ જમામાં વધાર્યા, અને સુધારા બદલ જમીનદારને ૧૮૭૪ પાઉન્ડનીજ રહેમીયત કરી. જમીનદાર અને ખેડુતના હાથમાંથી મોતાના સુધારાનાં ફળ સરકાર લઇ જઇ ન શકે એજ એક એવો અર્થ છે કે જેને માટે સ્વતન્ત્ર અદાલતોની જરૂર છે. ખાનગી જમીનદારોના આવા સુધારાનું ફળ સરકાર લઇ જઇ શકે એવી જમાબન્દીની પદ્ધતિ નઠારી સુધારાના વિઘ્નરૂપ છે.

જમાબન્દીનું કામકાજ ગુપ્ત રાખવામાં આવે છે. આ કામકાજથી જેમનું ભવિષ્ય નક્કી થાય છે તેમને કંઇજ જણાવવામાં આવતું નથી. નથી તેમને પૂછવામાં આવતું; નથી હકીકત કહેવા દેવામાં આવતી; અને શું થાય છે તે જાણવા દેવામાં પણ નથી આવતું. જમાબન્દી અમલદાર પોતેજ સાંથનાં પત્રક કરે છે અને સુધારે છે; જમાબન્દી અમલદારજ જમાના આંકડાનો આકાર નક્કી કરે છે; રિપોર્ટ પણ જમાબન્દી અમલદારજ તૈયર કરે છે; પણ આ બધું અંધારામાં લોકોને પૂછ્યા વિના રિપોર્ટ કમિશનર પાસે મંજુરી માટે જાય છે, અને લોકો અજ્ઞાનમાં મુગે મોંએ રાહ જોઇને બેસી રહે છે. કમિશનર રેવિન્યુ સભાને મોકલે છે અને લોક તો હજી રાહજ જુએ છે. જ્યારે રેવિન્યુ સભા નવી જમા મંજુર કરે ત્યારે જમાબન્દી અમલદાર ગભરાયલા જમીનદારોને તે નવી જમાના આંકડા બતાવે છે.

ધારો કે જમીનદારો નવા આંકડા રહામો વાંધો લેછે. આ વાંધો કોને કહેવાનો ? કમિશનર અને રેવિન્યુસભા આગળ; કે જેમણે એ આંકડા કયારનાએ મંજુર કર્યા છે. નવી જમા એ જેટલું જમાબન્દી અમલદારનું કામ છે તેટલુંજ તેમનું પણ છે અને જમાબન્દીની અપીલો તેમનેજ સાંભળવી એ દેખીતો અન્યાયજ છે. જે આંકડા પોતેજ જોયા હોય, તપાસ્યા હોય, મંજુર કર્યા હોય તે આંકડામાં તેઓ પોતેજ કેવી રીતે ફેરફાર કરી શકે ?

આવા વાંધા સ્વતંત્ર અદાલતોએ કેમ ન સાંભળવા ? વાયવ્ય પ્રાન્તની સરકારે જે કારણ આપ્યું છે તે એ છે કે આવી સ્વતંત્ર અદાલત નીમવાથી સરકારની નાણાં સંબંધી સ્થિતિ ઉપર સારી અસર ન થાય. સર એન્ટની મેકડોનેલ જેવા પ્રમાણભૂત અધિકારે આપેલું છે છતાં આ કારણ સમજાયું સકાતું નથી. એમ કહેવામાં છે કે સરકારની નાણાં સંબંધી સ્થિતિ બરાબર રહે તે માટે નિયમો પાળવામાં શિથિલતા રખાય છે ? તેમજ ઉંચા દરજ્જાના અને રેવિન્યુ કામના અનુભવી ન્યાયાધીશો સરકારની નાણાં સંબંધી સ્થિતિને જોખમમાં નાંખવાને બદલે બીજી દિશામાં નિયમોને ખેંચશે ? અને જમા આકારનારા અધિકારીઓ પે તેમજ પોતાનાં કૃત્યો ઉપર અપીલ પણ સાંભળે એવી જોઇવણ સમજવા માટે આ બેમાંના એક પક્ષનું તો અવલંબન કરવું જ પડશે. હિંદુસ્તાનના લોકો ન્યાય શોધે છે અને ન્યાયી વહીવટથી નાણાં સંબંધી સ્થિતિ તેમજ બ્રિટિશ સરકારની આબરૂ એ બન્ને સબળ થાય છે. નિર્બળ થતાં નથી. લોકો ઇચ્છે છે કે પહેલેથીજ જમા આપનારાઓની સાથે મસલત કરીનેજ જમાના આંકડા મુકરર કરવા જોઇએ; અને ઇચ્છે છે કે આકારની રહામે જે વાંધા બતાવવા હોય તે જમાબન્દીમાં સામેલ રહેનાર અગલદારો વિનાના બીજા અમલદારે સાંભળવા–તપાસવા જોઇએ.

સ્થાનિક વેરા—અર્ધસાંયના નિયમનો ભંગ કરનારા–સ્થાનિક વેરા ઉપર પૂર્વના પ્રકરણમાં વિવેચન થઇ ગયું છે. ઉત્તર હિન્દુસ્તાનમાં જમીનની રહેસુલ ઉપર ૧૦ ટકા રસ્તા અને કેળવણીને નિમિત્તે લેવામાં આવે છે; ૨ ટકા દુકાળ વીમા ફંડને નિમિત્તે; ૪ ટકા પટવારી વેરાના. આમ કુલ ૧૬ ટકા અથવા જમા ઉપર અથવા ૮ ટકા સાંય ઉપર વધારાના લેવાય છે અને આ વેરા વરતણીયા પગી અને પટેલ વગેરેને પરાપૂર્વથી લોકો જે આપતા આવ્યા છે તે ઉપરાંત.

૧૮૭૨ સુધી જે રીત હતી તે એ કે આ સ્થાનિક ઉપયોગો માટે જમાનેાજ અમુક અંશ જુદો ટાઢવો. આ પ્રાન્તના સમર્થ અને દયાશીલ

લે. ગવર્નર સર વિલ્યમ મૂરે એ વાત સ્પષ્ટતાથી સમજાવી છે. "લે. ગવર્નરને લાગે છે કે આ બાબતમાં ખરું એ છે કે—જે આ પ્રાન્તોમાં ચાલે છે કે આવા સ્થાનિક ઉપયોગો માટે જમાબાંધીથી અમુક અંશ જુદો કાઢવો. જમાબન્દી વખતેજ જમાનો દશમો ભાગ—વસુલાત, પોલિસ, પરગણાના રસ્તા, ડાક, કેળવણી, અને સુધરાઇને માટે રાખવામાં આવે છે; અને આ ફરજો મહદ્ અંશે દેશના વરિષ્ટ ધારણ કરનારા તરીકે સરકારને માથેજ છે."

પરંતુ ૧૮૭૨ માં ખાસ હુકમ કાઢીને આ પદ્ધતિ રદ કરી. "ફાજલેદારો પાસેથી સ્થાનિક વેરા તરીકે અમુક રકમ જમાબન્દીના ભાગ તરીકે આપવાની રીતનો ત્યાગ કરવો જોઇએ." આ ફેરફારની અસર ચોખ્ખી છે. જ્યાં સુધી જમાબાંધજ આ સ્થાનિક વેરાનો સમાવેશ કરવામાં આવતો ત્યાં સુધી અધ સાંથના ધોરણમાંજ એનો સમાવેશ કરવામાં આવતો હતો. પણ ૧૮૭૨ ના નિયમથી સરકારે એ સ્થાનિક કરો સાંથના અર્ધ ઉપરાંત જમીન ઉપર નાંખ્યા. અને હવે તો આ વેરા દસના ૧૬ ટકા સુધી વધ્યા છે. રૂપીયાની કિમત ૧ શી. ૪ પે. ઠરાવીને મોટી સીલીકો બતાવવામાં આવે છે તોપછી લોકો સાંથના ૫૦ ટકાના નિયમને વળગી રહેવાની વિનંતિ કરે તો તે વાજબીજ ગણાય. જમીન ઉપર કુલ કર—વાસ્તવિક સાંથના ૫૦ ટકાથી વધારે હોવો જોઇએ નહિ.

પ્રબન્ધ વિધ:—વાયવ્ય પ્રાન્તો—જેને હવે આગ્રાનો પ્રાન્ત કહેવામાં આવે છે તેને માટે એક સાંથનો ધારો ૧૮૭૩ માં રચવામાં આવ્યો હતો. ૧૮૮૧ માં તેને સુધારીને એકત્રિત કરવામાં આવ્યો હતો. અયોધ્યા પ્રાન્તને માટે ૧૮૭૬ માં સાંથનો ધારો પસાર કરવામાં આવ્યો હતો. વીસમા શતકના આરંભમાં એન્ટની મેકડોનેલે આગ્રા અને અયોધ્યાના ધારા એક સંગ્રાહક પ્રબન્ધમાં એકત્રિત કર્યા છે. ૧૯૦૧ માં આ ધારો ઘડવાનો એનો મુખ્ય હેતુ ૧૮૮૫ માં બંગાળાનો ધારો ઘડવાનો જે હેતુ હતો તે જ હતો; એટલે (૧) ફાજલેદાર ખેડુતના હક સબળ કરવા; (૨) મહોતીઆ ખેડુતનું સ્વ-

ચ૭ંદે વધારા થાય તેમાંથી અને કબજો છોડાવવાથી રક્ષણ કરવું. કેનિન્ગ અને લૉરેન્સે આદરેલું, જમીનના ખેડવાવાળાઓને યોગ્ય રક્ષણ આપવાનું શુભ કામ પૂરું કરવાનું માન આપણા જમાનામાં સર એન્ટનિ મેકડોનલને ઘટે છે.

પંજાબ.

બીજી તરફ પંજાબમાં જુદીજ તરેહના ફેરફારો થયા છે. ત્રીસ વર્ષના બન્દોબસ્તનો કલ્યાણકારક નિયમ જેનાથી જમીનદાર અને ખેડુત બન્નેને જમાબન્દી થયા પછી એક જમાના સુધી તો શાન્તિ રહેતી હતી, તે નિયમ રદ કર્યો છે. ૧૮૯૫ માં જમાબન્દીની મુદત સર્વ સ્થળે ઘટાડીને ૨૦ વર્ષની કરી છે. અને છેવટે ૧૯૦૧ માં હસ્તાન્તર કરવાના હક ઉપર અંકુશ મૂકવાનો ધારો પસાર કર્યો છે, જેની સાર્થકતાને માટે ઘણાને શક છે.

આ ગ્રંથના પહેલાંના એક પ્રકરણમાં પંજાબના સરદારો અને લોકો સાથે ૧૮૪૯ માં પંજાબ ખાલસા કર્યા પછી સરકાર અલ્પ ન્યાયથી વર્તી હતી તે બતાવ્યું છે. તે વખતથી આ પ્રાન્ત નાના કબજેદારોનો થઇ ગયો છે, જેઓ ઘણે ભાગે પોતાની જમીન પોતેજ ખેડે છે; અને પોતાના હાથ નીચે ખેડુતો રાખનારા તો જવલ્લેજ હોય છે. આ સાંથીઓના રક્ષણને માટે ૧૮૬૮ માં લૉર્ડ લૉરેન્સે એક ધારો પસાર કર્યો. તે પછી ૧૮૮૭ માં એક બીજો ખેડહકનો ધારો થયો પણ નાના જમીનદારો પોતાની સ્થિતિ સાચવી શકયા ન હતા. ૧૮૯૧ માં આખા પ્રાન્તની જમીનના ૫૪ ટકા જેટલી જમીન તેમના કબજામાં હતી. અને ૧૯૦૦ માં આ પ્રમાણ ૪૫ ટકા જેટલું થઈ ગયું હતું. પ્રાન્તના જૂનાં ખાનદાનોના હાથમાંથી જમીન ચાલી જતી હતી અને મજબૂત બાંધાના ખેડુતોના હાથમાં પણ રહેતી નહોતી એવો ભય પ્રકટ દેખાયો. જાગીરના વારસાનો એક કાયદો પસાર કરવામાં આવ્યો. જેથી જૂનાં ખાનદાનોમાં જ્યેષ્ઠ પુત્રનેજ સમગ્ર વારસો મળે એવો નિયમ

દાખલ થયો. અને જૂની ટોળીઓને જમીન વિનાની સ્થિતિમાં આવી પડતો બચાવવા માટે એક જમીનના સંબંધમાં હસ્તાન્તર પ્રબન્ધ રચ્યો. ઉપર કહ્યું છે તેમ આ છેલ્લા ધારાની સાર્થકતા શંકાશીલ છે. એ ધારો તે પ્રાન્તના લે. ગવર્નરના અભિપ્રાયની વિરુદ્ધ પસાર કરવામાં આવ્યો હતો. જમીનના બન્દરભાવ ઘટાડવા એ એની આર્થિક અસર છે. અને આગળ જતાં જે લોકોના લાભને માટે એ રચવામાં આવ્યો છે તેમને તે ભાગ્યેજ પ્રાયદાકારક થઈ શકશે.

પંજાબમાં નાના વેરાની હદ સાંથ જે જમાની બમણી રકમ ગણાય છે તેના સાડાબાર ટકાએ બાંધેલી છે. પણ વ્યવહારમાં જમા સાંથના કરતાં ૫૦ ટકાથી ઓછી, ઘણીવાર ઘણી ઓછી હોય છે, એટલે આનું પ્રમાણ ૧૨ ટકાથી વધારે આવતું નથી. પણ આ પ્રમાણ પણ આગ્રા અને અયોધ્યા કરતાં વધારે છે. અને સાંથના ૫૦ ટકા એ જમાની મર્યાદા બાંધવાના નિયમની જરૂર સર્વ કરતાં પંજાબમાં વધારે છે.

મધ્ય પ્રાન્તો.

૧૮૬૩ ની જમાબન્દી વખતે જે ત્રણ મોટાં ધોરણો મુકરર થયાં હતાં તે આ પ્રમાણે:—

(૧) પ્રાન્તના માલગુજારોના માલકી હકનો અંગીકાર.

(૨) ચોખ્ખી ઉપજના અરધ ભાગે રાજ્ય હકની મર્યાદા.

(૩) જમાબન્દી માટે ત્રીસ વર્ષની લાંબી મુદત.

માલકી હકનો અંગીકાર અનવચ્છિન્ન અને સંપૂર્ણ હતો. તે કાંઈ નવો હક સરકારે આપ્યો એમ ન હતું; પણ વ્યવહારમાં પ્રવર્તતી વસ્તુસ્થિતિનો સરકારનો અંગીકાર હતો. માલગુજાર વાસ્તવિક રીતે જમીનદારોજ હતા; જમીનદારોના લગભગ સઘળા હકો ભોગવતા; અને ૧૮૬૩ ના બન્દોબસ્તમાં

એ હકોનો સરકારે હક તરીકે અંગીકાર કર્યો. નીચેના ઉતારાઓ ઉપરથી આ વાત સ્પષ્ટ થશેઃ—

૧૮૬૩ નો માલગુઝારી બન્દોબસ્ત. છેક ૧૮૫૩ ની સાલમાં વાયવ્ય પ્રાન્તોની સરકારના સેક્રેટરિએ જાહેર કર્યું હતું કેઃ—

"જમાબન્દીના સામાન્ય ધોરણોના સંબંધમાં મારે એટલું કહેવાનું કે માનવંતા સાહેબ એવા ઠરાવ ઉપર આવ્યા છે કે માલકી હક અથવા માલકી હકના જેવાજ હકના ધોરણ ઉપર બન્દોબસ્ત કરવો. (જેટલા પ્રમાણમાં એવ હક હોવાનો નિશ્ચય અથવા ભરૂસો રાખી શકાય તેટલા પ્રમાણમાં) આમ કરવામાં મુખ્ય હેતુ એ છે કે નિયત હકો અથવા હક હોવાના દાવાઓ અથવા હિતો અસાર સુધીમાં જે સ્વરૂપે આવી પહોંચ્યા હોય, તે સ્વરૂપમાં સ્વીકારવાં અને સરકારના અમલદારોના કોઇ આચરણો અથવા યોગ્યા-યોગ્યતાના તર્કોથી તેમાં દરગીયાનગીરી ન થાય એ સંભાળવું."

અને આ વચનો ૧૮૬૩ ના જમાબન્દીના ધારામાં પણ દાખલ કરવામાં આવ્યું છે.

અસાર સુધી માલકીના વાસ્તવિક હકોનો અંગીકાર કરાવવામાં આવતો નહતો. પરંતુ તેવા હક વિદ્યમાન હતા; અને હવે તેનો અંગીકાર કરવાનો છે. મુખ્ય હેતુ એ છે કે નિયત હકો, દાવાઓ અને હિતો જે સ્વરૂપે અસાર સુધીમાં આવી પહોંચ્યાં હોય તે સ્વરૂપમાં સ્વીકારવા."

આવા હકો સ્વીકારતાં અને તેમનું નિર્વચન કરતાં તેવા હકો 'ભક્ષવામાં' આવે છે એ શબ્દ જમાબન્દી અમલદારોએ વાપરવાનો છે; તે માત્ર નામનું જ છે, સગવડની ખાતર છે અને એટલા સારૂ કે "ભવિષ્યમાં તે સંબંધી કાંઇ તકરાર ન થાય અને કજીએ ન ચડવું પડે."

દીલગીર થવા જેવું છે કે ૧૮૬૩ ની જમાબન્દી વખતે આવી સ્પષ્ટતા સાથે સ્થાપિત થયેલા સિદ્ધાન્ત પાછળથી વિસારે નાખવામાં આવ્યા. ૧૮૭૨—

૭૨ માં જ્યારે કર્નલ કિટિન્જ મધ્ય પ્રાન્તોના ચિફ કમિશનર થયા ત્યારે રિચર્ડ ટેમ્પલનું દયાશીલ રાજ્યતન્ત્ર અદૃશ્ય થયું એવો વિચાર પસરવા લાગ્યો કે વાસ્તવિક રીતે ખેડુતો માલ ગુજારને જે આપે તે બધી સાંથ સરકારને ભરાવી જોઇએ; અને માલગુઝાર તો માત્ર એક મધ્યસ્થ હતો જેના ઉપર સરકારે અમુક હક્ક બક્ષેલા હતા. અને તે હકો લઇ લેવાની સરકારની સત્તા છે. કર્નલ કિટિન્જ રૈયતવારી પદ્ધતિ પસંદ કરતા; અને જમીનદારી પદ્ધતિ જે મધ્યપ્રાન્તો માટે ૧૮૩૩ માં નિયત થઈ હતી તેની વિરૂદ્ધ હતા તેથી બાંધેલી ઇમારત તોડી પાડવાની, મધ્યપ્રાન્તોના ખેડુતોને રાજ્યના અપરોક્ષ સંબંધમાં લાવવાની અને માલગુઝારો જે રાજ્યના નોકરો ગણીને નોકરી બદલ અમુક મહેનતાણાના હાવાદાર ગણવાની સૂચનાઓ થઇ.

નાગપુર વિભાગના કમિશનર મિ. પેડરની પણ વૃત્તિ રૈયતવારીના પક્ષમાં હતી; પણ વિશ્વાસઘાત થાય એવો ફેરફાર કરવા રહ્યામે એણે સખ્ત વાંધો લીધો.

" અમે ધારીએ છીએ કે જેમની સાથે જમાબન્દીનો બન્દોબસ્ત થયો છે તેમને તે જમાબન્દીનાં સામાન્ય ધોરણે મંજુર થશે એવી આશા રાખવાનો વાજબી હક છે. સરકારે આ આખા વિભાગને માટે માલગુઝારી પદ્ધતિ સ્વીકારી છે. ચીફ કમિશનર સર રિચર્ડ ટેમ્પલે ખુલ્લા દરબારમાં એ પદ્ધતિ સમજાવી હતી અને તે દાખલ કરવાનો કૉલ આપ્યો હતો. એ પ્રમાણે માલકી હકના જુદા જુદા દાવાઓની તપાસ કરીને માલકી હક રાજ્ય રીતે બક્ષવામાં આવ્યો છે. અને કેટલાક દાખલાઓમાં કબુલતો પણ એવી રીતે ઉત્પન્ન થયેલા વિશ્વાસના બળ ઉપરજ થયેલી છે. એટલે હવે જો આપણાથી કંઇ બની શકે એવું હોય તો એજ કે આ રીતની વિગતોમાં કાંઇ ફેરફાર કરવા હોય તે કરવા.

" આજ કારણસર ઇન્ડિયા સરકારના પત્રની ૨૦ મી કલમમાં સૂચવેલી રીત પણ મંજુર રાખવી વાજબી નથી. રૈયતની પાસેથી જે સાંથ લેવામાં

આવતી હોય તે સાંથ જાણે સરકારનેજ આપવાની છે એમ ગણવું અને મુકાદમને તે રકમ ઉપર અમુક ટકા અને પડતર જમીન જે પાછળથી ખેડાય તેના ઉપરની સાંથ એટલા હક આપવા. એ પાછલી રીત ઉપર જવા જેવું છે. એ રીત એ ખરી રીત છે એમાં મને શક નથી; પણ ચાલતી જમાબન્દીના ધોરણમાં મૂળનોજ એ ફેરફાર છે અને માલગુઝાર વિશ્વાસઘાત તરીકેજ એને ગણશે. એમની સ્થિતિ જમીનદારોની મટીને વંશપરંપરાના ચાકરીઆતની થશે; પોતાના ગામની સાંથના અરધા ભાગ જેટલી જમા ઉપર સરકારનો હક અને બાકીનાના એ માલીક એવા હકને બદલે ચાકરી બદલ સરકાર એમને અમુક રકમ આપે છે એવી તરેહનું એમના હકનું સ્વરૂપ થઇ રહેશે.

આ પત્રથી કર્નલ કિટિન્જના રૈયતવારી પદ્ધતિ માટેનો ઉત્સાહ ઓલવાઇ ગયો હશે. એણે એ પત્ર ઇન્ડિયા સરકારને મોકલ્યો અને મિ. પેડરે બતાવેલી સૂચના ઓની પસંદગી બતાવવાની સાથે ૧૮૬૩ ના બન્દોબસ્તનું મૂળ ધોરણ કાયમ રાખવાની ભલામણ કરી. ઇન્ડિયા સરકારે પણ પોતાની વાત મૂકી દીધી; પણ માલગુઝારોને વંશપરંપરાના ચાકરીઆત સ્થિતિમાં ઉતરી જવાની તક આપી. માલગુઝારો આ જાળમાં ફસાયા નહિ.

સમ્બલપુરની રૈયતવારી.

સમ્બલપુર જીત્યો ૧૮૬૩ ની જમાબન્દીમાં આવી ગયો હતો, કારણ કે તે વખતે ત્યાં તોફાનો ચાલ્યાં હતાં. એટલે અહીં કર્નલ કિટિન્જને છુટ હતી. સર રિચર્ડ ટેમ્પલે ત્યાં પણ માલગુઝારી બન્દોબસ્ત કરવાના હુકમો કર્યા હતા; પણ તે હુકમોનો અમલ થયો નહતો. ૧૮૬૩ માં સર રિચર્ડ ટેમ્પલે સમ્બલપુરની મુલાકાત લીધી હતી અને ધારેલા બન્દોબસ્તનાં ધોરણો ખુલ્લા દરબારમાં જાહેર કર્યાં હતાં. પણ દરબારમાં કરેલું વિવેચન તેના ઉત્તરાધિકારીને બન્ધનકર્તા ન ગણાયું. કર્નલ કિટિન્જના હાથમાં સ્વચ્છ પાટી

આવી અને તેના ઉપર 'રૈયતવારી' એ શબ્દ એણે લખ્યો. માલકી હક સ્વીકારવામાં ન આવ્યા. જમા ભરનારાઓ પોતપોતાના ગામના પ્રજાદારો તરીકે ગણાવાના. પોતાની ધરખેડ ઉપરની જમા માફ; એ એમનું મહેનતાણું. જમાબન્દીની મુદત દરમીયાન જે પડતર જમીન ખેડાણ થાય તેમાંથી જે ઉપજે તે પણ એ મહેનતાણામાં ઉમેરો. અને સરરિચર્ડ ટેમ્પલે એમનો માલીક હક સ્વીકારેલો એટલે ભોગવાશ જમીનના સંબંધમાં એમને માલીક ગણવામાં આવ્યા. આ બન્દોબસ્ત બારવર્ષને માટેજ કર્યો. ૧૮૭૬ થી ૧૮૮૮ સુધી. તે પછી આજ સુધી સમ્બલપુરમાં રૈયતવારી જમાબન્દીજ ચાલે છે.

પ્રજાશૂન્ય રાજ્યતન્ત્રમાં અમલદારોના સ્વચ્છંદોને લીધે કરોડો માણસોનાં ભવિષ્ય ઉપર કેવી અસર થાય છે? અતિશય ચિંતન કરીને મધ્યપ્રાન્તો માટે માલગુઝારી પદ્ધતિ નિશ્ચિત કરવામાં આવી હતી. તે દેશમાં ઉત્પન્ન થયેલા રીવાજોના પાયા ઉપર તે પદ્ધતિ બાંધવામાં આવી હતી. સરરિચર્ડ ટેમ્પલ અને લૅ.ર્ડ કેનિન્ગની સરકારોએ એને અનુમોદન આપ્યું હતું. લોકોની કૃષિસમૃદ્ધિ એનાથી વધશે એમ ધારવામાં હતું. મધ્યપ્રાન્તોના ઘણા ખરા ભાગોમાં એ અમલમાં પણ મૂકાઇ ગઇ હતી. સંબલપુરમાં પણ ખુલ્લા દરબારમાં એ સંબંધી કોલ આપવામાં આવ્યો હતો. એક માણસ કર્નલ ક્રિટિન્જ–ના મગજમાં એ રીત બાજુ ઉપર મૂકવાનું અને રૈયતવારી રીત દાખલ કરવાનું આવ્યું. એની ભલામણો શી હતી તેની લોકોને ખબર નહતી. લોકોને પુછ્યાવિનાજ વ્હાઇસરોયની રાજ્યસભાએ મંજુરી પણ આપી દીધી. અને સમ્બલપુરમાં રૈયતવારી બન્દોબસ્ત દાખલ થયો. નિષ્પક્ષપાત વિચાર કરનાર સર્વ કોઈ આ રીત કદી કદાપણભરી કે લોકપ્રિય થઇ શકે એ બાબતનો વિચાર કરશે; આવી રીતથી પ્રજાનું કલ્યાણ કે હિન્દુસ્તાનમાં બ્રિટિશ રાજ્યનું બળ સાધી શકાશે એ વિષયનું ચિંતન કરશે.

સાંથ.

૧૮૮૩ માં એક ખેડહકનો ધારો પસાર થયો તે ધારામાં ખેડુતોના ત્રણ વર્ગો પડ્યા.

(૧) હસ્તાન્તર કરવાની કુલ સત્તાવાળા અવિચ્છિન્ન કબજા હકવાળા ખેડુતો; તેમનીસાંથો ત્રીસ વર્ષને પેટે મુકરર થઈ: (૨) સામાન્ય કબજા હકવાળા ખેડુતો; જેમને હસ્તાન્તર કરવાનો હક અમુક સરતો સાથે અને જેમની સાંથ દશવર્ષને માટે જમાબન્દી અમલદારોએ નિયત કરી: (૩) સાધારણ ખેડુતો જેમની હસ્તાન્તર કરવાની સત્તા જમીનદારની મંજુરીની સરતે અને જેમની સાંથ સાત વર્ષને માટે નક્કી કરેલી. આ ધારાનો હેતુ ખેડુતોનું રક્ષણ કરવાનો જ હતો; પણ મોલગુજારના કુલ મોલકીહકનો અંગીકાર કરવાને અમલદારો નારાજ હતા એનાં ચિન્હો એ ધારામાં માલુમ પડે છે. બંગાળા અને ઉત્તરહિન્દુસ્તાનમાં ખેડુતો સાથે જમીનદારો સર્વ વ્યવહાર પરબારો કરે છે અને કાયદો તો માત્ર તે ઉપર કલ્યાણકારી અંકુશ રાખે છે. પણ મધ્યપ્રાન્તોમાં જમાબન્દી અમલદાર દરમિયાનગિરી કરે છે અને ખેડુતે શું સાંથ જમીનદારને આપવી તે પણ તેજ મુકરર કરે છે. બંગાળામાં જમીનદારને જે કલ્યાણમય સ્વતન્ત્રતા હતી તેને બદલે મધ્યપ્રાન્તોમાં અન્ન રાજ્ય દરમિયાનગિરી દાખલ થઇ. ઉત્તરહિન્દુસ્તાનના સંબંધમાં લખતાં સર-એન્ટનિ મેકડોનેલે કહેલું કે " જમા નક્કી કરવા માટે જે ધોરણ આપણે લઇએ છીએ તે આપણું પોતાનું નથી. સાંથના સામાન્ય ધોરણે અને જમીનદારેજ ખેડુત સાથે જે ગોઠવણ કરી હોય તેને લીધે જે વસ્તુ સ્થિતિ પ્રાપ્ત થઇ હોય તે ઉપરજ આપણે ચાલીએ છીએ. " પણ મધ્યપ્રાન્તોમાં તો સાંથનાં સામાન્ય ધોરણોનો અમલ નથી; જમાબન્દી અમલદાર દરમિયાન આવે છે અને ખેડુત અને જમીનદાર વચ્ચે સાંથ નક્કી કરે છે. આ અશુભ ગોઠવણથી જમીનદારની સત્તા નબળી પડે છે, અને ખેડહકને ગળે ટોરડુ દેવામ છે. મધ્યપ્રાન્તોમાં સરકારી અમલદારો સાંથ નક્કી કરે તેથી જમીન-

દારને જમીનદારની ફરજો અને જવાબદારીનો ખ્યાલ રહેતો નથી. મધ્યપ્રાન્તોના ખેડુતોને બંગાળના ખેડુતો જેવી સ્વતન્ત્રતા કે સ્વાશ્રયનો લાભ નથી. તેઓ પોતાના હકો જાણતા નથી અને રક્ષણ કરી શકતા નથી. ઘરડાં માજીના કૂલ જેવી પ્રજાધર્મક્રિયાથી મધ્યપ્રાન્તોમાં જમીનદાર તેમજ ખેડુત નબળા પડી જાય છે, જમીનના માલીકને માલકી હક જે કેળવણી આપે છે તે નિરર્થક થાય છે, લોકોની ટકી રહેવાની શક્તિને હોલવી નાંખે છે અને મોઘવારી અથવા દુકાળની પહેલીજ અસરમાં તેઓ લાચાર અને સાધનહીન માલુમ પડે છે. ખેતીના સામાન્ય વ્યવહારમાં જરૂર વિનાની રાજ્યની દરમિયાનગીરી જેવું ખેડુતને માટે અવનતિકર બીજું કાંઇજ નથી. બંગાળા અને ઉત્તર હિન્દુસ્તાનમાં જે રાજ્યનીતિ આવી ઊંચી કક્ષાએ પામી છે તેજ ખરી નીતિ છે. કાયદાથી ખેડુતને પુરતું અને પુષ્કળ રક્ષણ આપો; અને પછી એને એક જવાબદાર માણસ તરીકે લેખો; પોતાના પગ ઉપર ઉભો રહેતો થાય, પોતાના જમીનદાર સાથે કામ પાડતો થાય, પોતાના હક જાણતો થાય અને રક્ષણ કરતો થાય તેવો બનાવો.

પણ સરકારના જમાબન્દી અમલદારોને હાથે જ્યારે સાંથ મુકરર થાય છે ત્યારે સરકારને માટેજ એક અદૃષ્ટપૂર્વ મુશ્કેલી ઊભી થાય છે. ૧૮૬૩ ની જમાબન્દીમાં જાગીરોની વાસ્તવિક સાંથની રકમ ધ્યાનમાં લીધી નહતી; પણ જમાબન્દી અમલદારોએ જમીનની ગુંજાસ જોઇને સાંથની રકમ ધારી અને તે પ્રમાણે આકાર બાંધ્યા. પણ નવા ખેડહકના કાયદા મુજબ તેમણે પોતે બાંધેલી સાંથ ધ્યાનમાં લીધા વિના ચાલે તેમ નહતું. પોતે ઠરાવેલી સાંથ સ્વીકારવા વિના છુટકો નહતો. અને ચાલતા નિયમો પ્રમાણે આ સાંથના પચાસ ટકા સરકારની જમા આકારવાની તેમને ફરજ પડતી. આથી અધિકારીઓને એક સંકટ ઉત્પન્ન થયું. પોતે નિયત કરેલા સાંથના આંકડાની પેલી પાર જવાય નહિ; તેમજ તે આંકડાના પચાસ ટકાની મર્યાદાના નિયમનું પણ ઉલ્લંઘન કરી શકાય નહિ.

૧૮૯૩ ની જમાબન્દી.

આ મુસ્કેલીમાંથી છુટવાને માટે ૧૮૮૭ માં જે દરખાસ્ત કરવામાં આવી હતી તે અધિકારીઓના સાહિત્યમાં એક વિલક્ષણ દસ્તાવેજ છે. તે વખતે મિ. મેકેન્ઝી, જે પાછળથી સર એલેકસાન્ડર મેકેન્ઝી થયા તે આ પ્રાન્તોના ચિફ કમિશ્નર હતા. એ એક સમર્થ બંગાલ સિવિલિયન હતા, સેક્રેટેરિયટના કામમાં કેળવાયલા હતા અને લોર્ડરિપનના વહીવટમાં સ્થાનિક સ્વરાજ્યના ધારાના મુસદ્દાઓ ઘડનાર પણ તેજ હતા. તેમનામાં રાજ્યકર્ત્તાના ઘણા ગુણો હતા, પણ લોકો ઉપર દયાભાવ, તેમના અભિલાષો માટે માન, અને તેમના હક માટે વાજબી દરકાર; એટલું તેમનામાં નહતું. તેમની રાજ્ય નીતિ સમયબલ પ્રમાણે ચાલતી. મધ્યપ્રાન્તોનો એમનો વહીવટ અને પાછળથી બંગાળાનો કેટલોક, અત્યંત પ્રતીપ આચરણોથી ભરપૂર છે. મધ્યપ્રાન્તોમાં એમણે કબુલ કર્યું હતું કે ૧૮૬૩ માં સાંથની રકમના ૫૦ ટકાનો નિયમ જમાબન્દી અમલદારોએ બહુ ઊંચી રકમો ધારી લીધાથી કારણે મૂકાયો હતો. આવતી જમાબન્દીમાં તે નિયમ તેમ કારણે મૂકી શકાય તેમ નથી કારણ કે કાયદામાં ઠરાવેલા નિયમોથી સાંથની રકમો નિયત થયેલી છે; અને તેટલા માટે એ નિયમજ કરવો જોઈએ.

"૧૮૬૩ ની જમાબન્દીની રીતમાં-જો કોઇ અમલદારને એમ જણાયું કે આવક વધારવા જેવી છે અને તે વધારવાનો યત્ન કરે તો તેનાથી પછી જાગીરની કિમતના અમુક ભાગની મર્યાદા બાંધનાર નિયમનું અનુવર્તન થઇ શકતું નહતું. પ્રત્યેક મહાલની વાર્ષિક ઉપજ અનેક અનુમાનો ઉપરથી અટકળવામાં આવતી; જેમાંનું મુખ્ય અનુમાન જમીનની ગુંજાસના આંકડા ઉપરથી તે આંકડાને અનુસરતા દરોના આંકડાની અટકળ એ હતું. મહાલની ખરી ઉપજની સાથે આવી રીતે ઉપજાવેલા આંકડા મળતા આવતા કે નહિ તે તો, જમા નક્કી કર્યા પછી સાંથના આંકડા અને જમાને ધ્યાનમાં રાખીને ફરી મુકરર કરવામાં આવતું ત્યારે સમજાતું.

અત્યારે આરંભેલા બન્દોબસ્તમાં જમા આકારવાની જે રીત અનુસરાય છે તે આના કરતાં કેવળ જુદીજ છે. ખેડકના ધારા પ્રમાણે અધિચ્છિન્ન કબજેદારોની અને કબજેદાર ખેડુતોની સાથે જમાબન્દી અમલદાર ઠરાવે છે. તેમજ સાધારણ ખેડુતની સાથ ઠરાવવાનું પણ જમાબન્દી અમલદારને માથેજ આવી પડશે, એ પણ પ્રત્યક્ષ છે. આપણા અમલદારને હવે કર્જ પણ ધારી લેવાની જરૂર રહેશે નહિ. એટલે, પ્રથમ જેમ જે સાથ એવી રીતે નક્કી થાય તે સાથ—સાથ મુકરર કરતી વખતે ખરી ઠરેકે ખોટી, પણ તે સાથ ઉપર જમીનદારની જમા મુકરર કરવામાં આવતી હતી તેમ હવે બની શકવાનું નહિ. હવે તો જે સાથ એ મુકરર કરશે તેનો એમણે અમલ કરવો પડશે.

વળી આ નવી રીતે સાથના પચાસ ટકાના નિયમને બાજુ ઉપર મૂકવાનું પણ બની શકશે નહિ. કારણ કે વાસ્તવિક ભાડાના આંકડાઓ સિવાય બીજા આંકડા ઉપર હવે જમા નક્કી નહિ કરી શકાય. પૂર્વે જ્યારે એમ થઇ શકતું ત્યારે તો પચાસ ટકાને નામે માલગુઝારની ઉપજનો ઘણો ભાગ આપણે ખેંચી જતા હતા. પણ હવે તો પચાસ ટકાની હદને સખ્તાઇથી વળગી રહેવું પડશે.

તેટલા માટે મિ. મેકેન્ઝીની સલાહ એવી છે કે આ જમાબન્દી વખતે સાથના પચાસ ટકાનો નિયમ સત્તાવાર રીતે રદ કરવો; અને સ્થાનિક સરકારને બધી તરફથી યોગ્ય અને માફકસર જમા ઠરાવવાની ઇન્ડિયા સરકારની મંજુરીની શરતે સત્તા આપવી. લોર્ડ ડફરિનની સરકાર માલગુઝારના ભાગમાંથી સરકારની આવક વધારવાને રાજી ન હતી એટલે એમણે એવી સલાહ આપી કે ખેડુતોની સાથો વધારીને કાયદાનો લાભ લેવો.

જમાબન્દીના કામોમાં ખેડકના ધારાની ૮૨ મી કલમ પ્રમાણે ચિફ કમિશનરે કરેલા નિયમો મુજબ જમાબન્દી અમલદારોને જે સાથ ઠરાવવાની છે તે કામ સૌથી વધારે અગત્યનું છે. આ ફરજ કેવી રીતે બજાવવાની છે તે

આપના પત્રમાં જણાવું નથી પણ ૧૮૮૭ ના મધ્યપ્રાન્તોના રોજનામામાં મિ. પુલર અને મિ. પ્રિટ્ઝપાટ્રિકે આવી રીતને માટે સૂચનાઓ કરી છે. તે એક (૧) બહુજ અઘટતી હલકી સાંથ હોય તેને ચાલતા દરોની સમાનતા ઉપર લઇ આવવી (૨) અને જ્યારે એક ઠેકાણાની બધી સાંથ અઘટતી હલકીજ હોય ત્યારે તે ઠેકાણાની બધી સાંથ વધારવી."

મિ. મેકેન્ઝિએ સાંથના ૫૦ થી ૬૫ ટકા જેટલી જમા બાંધવાની છૂટ માંગી અને સરકારે છેવટના ઠરાવમાં એ છૂટ કમિશનરને આપી.

આ તુમારો કરતાં બીજું વધારે દુઃખદ લખાણ કદી વાંચવામાં આવ્યું નહિ હોય. ઉત્તરહિન્દુસ્તાનમાં જમીનદારને ખેડુત સાથે બન્દોબસ્ત કરી લેવાનો હક આપ્યો હતો. મધ્યપ્રાન્તોમાં ૧૮૮૩ ના ધારાથી આ હક રાજ્યે ચાહીને પોતાના હાથમાં રાખ્યો હતો. ઉત્તરહિન્દુસ્તાનમાં જમીનદારો સાંથો વધારતા અટકાવવા માટે ખાસ કાયદા ઘડ્યા હતા; મધ્યપ્રાન્તોમાં રાજ્યે સાંથો વધારવાનીજ નીતિએ હાથ ધરી. ઉત્તરહિન્દુસ્તાનમાં જમીનદારોએ ઠરાવેલી સાંથના ૫૦ ટકા જેટલે જમાની હદ બાંધવાનો નિયમ કર્યો હતો; મધ્યપ્રાન્તોમાં આ નિયમ જ્યારે બાજુ ઉપર મૂકાય ન શક્યો ત્યારે રદ કર્યો, અને જમાબન્દી અમલદારે નક્કી કરેલી સાંથ ઉપર ૫૦ થી ૬૫ ટકા લેવાની સત્તા અંગીકાર કરી. ખેતીવાડીની લક્ષ્મી અને સમૃદ્ધિને દબાવી દેવા અને આખા પ્રાન્તને દુઃખમરાને અને દુકાળને માટે તૈયાર કરવાની—આના કરતાં વધારે સફળ નીતિ મનુષ્ય બુદ્ધિને સૂઝી શકે નહિ.

છેલ્લો ઘા સેક્રેટરિ ઑફ સ્ટેટ લૉર્ડ જૅન હેમિલ્ટને કર્યો. ૧૮૯૫ માં તેણે ઠરાવ્યું કે જમાબન્દીની મુદત ત્રીસને બદલે વીસ વર્ષની કરવી. જમાબન્દી થઇ ગયા પછી એક જમાના સુધી ખેડુતને વિશ્રામ અને શાન્તિ આપવાનો સુખકર નિયમ—જે હજુ ઉત્તરહિન્દુસ્તાનમાં મદ્રાસમાં અને મુંબઇમાં ચાલે છે, તે નિયમ પંજાબની પેઠે મધ્યપ્રાન્તોમાં પણ રદ કર્યો. જમાના બન્દો-

જસ્તની મુદતો ઘટાડવી એ ગયા સૈકાનાં છેલ્લાં વર્ષોની નિર્દય રાજ્ય નીતિ હતી.

૧૮૬૩ ના મુખ્ય સિધ્ધાન્તોના બત્રીસ વર્ષના અરસામાં એક પછી એક ટુકડે ટુકડા થઇ ગયા. માલગુજારાનો માલકી હક સંકુચિત થયા અને પોતાના ખેડુતોની સાથે ઠરાવવાનો હક એમની પાસેથી લઇ લેવાયોઃ સાંથના પચાસ ટકાના નિયમનો ત્યાગ થયો. ત્રીસ વર્ષના નિયમનો પણ ત્યાગ થયો. લૉર્ડ કૅનિન્ગ અને સરચિર્ડ ટેમ્પલે જમીનદારો અને ખેડુતોની આબાદી માટે જે જે ગોઠવણો કરી હતી તે બધી એક પછી એક લૉર્ડ ડફરિન અને લૉર્ડ લેન્સડાઉનની કારકીર્દિમાં ઊંચી વળી.

નવી જમાબન્દી નવા નિયમો પ્રમાણે થઇ. નવી જમાબન્દીમાં સાંથના જે વધારા થયા તેના આંકડા લૉર્ડ કર્ઝનની સભામાં વિરાજતા મધ્યપ્રાન્તોના હિતવાદી ઓ. ગિ. કે. ઓસે આ પ્રમાણે આપ્યો છે. તે ઉપરથી જણાય છે કે જમાબન્દી અમલદારોએ આખા દેશમાં ૩ થી ૨૩ ટકા સુધી સાંથો વધારી છે. આ વધારા જમીનદારોએ પોતે તેમની આ બાબતની સત્તા ખુંચવી લીધી તે પહેલાં કરેલા વધારા ઉપરાંત હતા. ચારે તરફથી સાંથો વધારી દેવામાં આવી એટલા માટે કે તેને ધોરણે મુકરર થતી જમા પણ વધે. જો જમીનદારો ફરિયાદ કરે કે આવી ભારે સાંથ ઉઘરાવી શકાતી નથી તો તેમની ફરિયાદ કોઇ ન સાંભળે. નવી સાંથ ઉપર બંધાયલી ભારે જમા એમણે આપવીજ જોઇએ; પછી તે પોતાથી ઉઘરાવાય કે ન ઉઘરાવી શકાય.

જીલ્લા.	એ જીલ્લામાં વધારેલી સાંથોના ટકા		જીલ્લો.	એ જીલ્લામાં વધારેલી સાંથોના ટકા
સાગોર.	૧૦-૮-૬		વિતલ.	૧૪-૧૭-૧૮-૧૪

દામો.	૧૪–૧૦		છીંદવાડા.	૧૭–૯–૧૨
જબલપુર.	૧૧–૪–૩–૯	એક પરગણામાં ૫ ટકા ઘટાડી.	વર્ધા.	૨૦–૭
મંડલા.	... ...		બાંદારા.	૧૪–૧૫–૧૩
શીઓની.	૧૨–૮–૧૦		નાગપુર.	૧૩–૧૭–૧૫–૧૪
નરસંગપુર.	૪–૬		બાલઘાટ.	૧૬
હશિંગાબાદ.	૪–૫–૯–૮		રામપુર.	૧૨
નિમાર.	૨૩		બિલાસપુર.	૧૭–૭
			સંબલપુર.	... ...

એલેકઝાન્ડર મેકેન્ઝી પછી સર એન્ટનિમેકડોનેલ—ચિફ કમિશનર થયા જમાની સખ્તાઈ ઘટાડવા માટે એ પ્રસિદ્ધ અમલદારે ઘણા યત્નો કર્યા હતા તેનું પ્રખ્યાપન કરવાની તેમને ઇન્સાફ કરવા ખાતર જરૂર છે. કોઈ ઠેકાણે ૬૫ ટકા જેટલી જમા એમણે ન ઠરાવી. સામાન્ય રીતે ૫૦ થી ૬૦ ટકા જેટલી જમા હતી. સાંચ તો કમારનીએ વધારી દેવામાં આવી હતી. અને આના ઉપર જે જમા નિયત કરવામાં આવી તે ૧૮૬૩ ની જમાબન્દી વખતે ઠરેલી જમા કરતાં કમાંડ વધી ગઈ હતી. નીચેના આંકડા સિ. મોસના સાધનમાંથી આપ્યા છે.

જીલ્લો.	૧૮૬૩ થી જમાના કરતાં ચયલું પ્રમાણ.	જીલ્લો.	૧૮૬૩ થી પ્રમાણ.	જીલ્લો.	પ્રમાણ.
ચાંદા.	૬૮–૪૨–૫૩–૪૮	નિમર.	૫૮–૫૬	બિલાસપુર.	૧૦૨–૧૦૫
દામો.	૫૫–૭૩	ખીતલ.	૫૫–૬૩–૭૭–૩૭	સંબલપુર.	૩૪
જબલપુર.	૫૦–૨૪–૬૨–૮૬–૬૪–૭૭	છીંડવાડા.	૪૫–૫૫–૪૭–૨૫		
		વર્ધા.	૨૬–૨૮		
મંડલા.	૬૧–૬૬	નાગપુર.	૨૦–૨૧–૨૮–૨૪		
સેઓની.	૬૫–૬૭–૫૫–૮૨–૫૦	ભંડારા.	૪૦–૩૮–૩૮–૫૨		
નરસિંગપુર.	૫૭–૪૬	બાલઘાટ.	૪૮		
હોસંગાબાદ.	૬૯–૮૭–૬૬	રાયપુર.	૮૨–૬૮		

અને જમીન ઉપરના સ્થાનિક વેરા જે ૧૮૬૩ માં નજીવા હતા તે જમા ઉપર ૧૨½ ટકા સુધી પહોંચી ગયા હતા.

૧૮૬૭ અને ૧૯૦૦ ના દુકાળો.

લોકો નિર્ધન થવાથી દુકાળનો રસ્તો થાય છે. જ્યારે તે સંયોગોમાં પણ પાક થાય ફરે એ ખેતી ઉપર નિર્વાહ કરનારા દેશોમાં મોટામાં મોટું દુઃખ છે

પણ દુકાળની અસર—જ્યારે લોકો પાસે સાધન ન હોય અને કંઈ જતન ન હોય ત્યારે દસ ગણી થાય છે ૧૮૯૭ નો દુકાળ મધ્યપ્રાન્તોમાં આવેલા દુકાળોમાં સર્વથી વધારે ગંભીર અને વિનાશકારક નીવડ્યો. જીલ્લાના જીલ્લા ઉજડ થઈ ગયા. ખેડાણ જમીનો જંગલમાં પલટાઇ ગઇ. લોકોના સમૂહે સમૂહો ઘસડાઇ ગયા. ખેતી અને વસતિ બન્ને ઘટ્યાં. તે વખતે સેમ્યુઅલ સ્મિથે પાર્લમેન્ટમાં પ્રશ્ન પુછ્યો હતો કે આવા સંયોગોમાં જમાબન્દીનો જે બન્દોબસ્ત ચાલે છે તે દુકાળ પુરો થતા સુધી સરકાર મુલતવી રાખશે ? લોર્ડ જ્યૉર્જ હેમિલટને ના કહી.

પણ મનુષ્યના હાથ કરતાં કુદરતનો હાથ વધારે બળવાન છે. ૧૯૦૦ ની સાલમાં આ દુઃખી દેશ ઉપર બીજો દુકાળ આવ્યો. વધારેલી જમાવાળો નવો બન્દોબસ્ત અમલમાં મૂકવાનું અશકય જણાયું. સરકારને તેનો અમલ બંધ રાખવાની ગરજ પડી. સગોર–દામો–જબલપુર–નરસંગપુર–હોશંગાબાદ અને નિમારમાં ઘટાડા કરવા પડ્યા. ૧૯૦૨ માં બિતલ–વર્ધા, ભંડારા બાળઘાટ અને રાયપરમાં ઘટાડા કરવાનું ચાલતું હતું એ દુકાળોએ એ પ્રાન્તને ઉજડ કરી નાંખ્યો તે પછી જમા ઓછી કરવાની ફરજ પડી.

લોકોની માગણી ક્ષણિક ઘટાડા કરવાની નહિ પણ જાયુકના સુધારા કરવાની છે. કોઇ પણ પ્રકારનાં નવાં પગલાં શોધી કાઢવા જરૂર નથી. ૧૮૬૩ નાં મૂળ ધોરણો ઉપર જવાની જરૂર છે. આ ધોરણોનો જેટલો ભંગ કર્યો છે તેટલી રૈયતની ખરાબી થઇ છે; જમીનદારો નબળા પડેલા છે અને ખેડુતવર્ગ નિર્ધન થઇ ગયો છે. જમાબન્દી ત્રીસ વર્ષની કરવી જોઇએ; જેમ ઉત્તરહિન્દુસ્તાનમાં, મુંબઇમાં અને મદ્રાસમાં થાય છે તેમ, આગ્રા, અયોધ્યા અને પંજાબની પેઠે જમાની હદ સાંયના પચાસ ટકા એ બાંધવી જોઇએ. ૧૮૭૧ પછી જે નવા વેરા નાંખ્યા હોય તે બધા રદ થવા જોઇએ. બંગાળા અને ઉત્તરહિન્દુસ્તાનમાં ખેડહકના ધારામાં ખેડુતોને જેવું રક્ષણ આપ્યું છે તેવું જ રક્ષણ અને તેવાજ હકકો અહીંના ખેડુતોને પણ આપવા જોઇએ.

અને આબા રક્ષણથી અને આવા હકથી સબળ કરીને જમીનદારો સાથે જમાબન્દી અમલદારની દરમિયાનગીરી વિના સાંથ ઠરાવી લેવાની તેમને સ્વતન્ત્રતા આપવી જોઇએ. ખેતર દીઠ સાંથ ઠરાવવામાં સરકારની મદદની અસર એ થઇ છે કે સાંથ વધી છે અને વસતિ નિર્ધન થઇ છે.

નિયમોની સખ્તાઇ

જમીનદારને ખેડુતે શું સાંથ આપવી તેનો નિર્ણય કરવામાં દરમીયાન આવવા જેવું રાજ્યને પ્રતિકૂલ પડે તેવું બીજું કામ નથી; અને એ કામના જેવું બરાબર રીતે બીજું એક પણ કરવામાં આવ્યું નથી. સાંથ ઠરાવવાના નિયમો એવા ગુંચવણવાળા છે કે નથી તે બરાબર સમજતા, કે નથી અમલમાં મૂકી શકાતા. ઓછી વિદ્યાવાળા અને ઓછા પગારવાળા પટેલો અને પટવારીઓ આ અસંભવિત અને આનુમાનિક પદ્ધતિનો અમલ કરનારા! હકીકતમાં એવું બને છે કે તેઓ એવી કલ્પના કરે છે કે સરકારને આવક વધારવી છે અને તેઓ જેમ તેમ કરીને વધારો કરી આપે છે. એક જીલ્લામાં એ ત્રણ જમાબન્દી અધિકારીઓ હોય તે હજારો માણસમાં પટેલ પટવારીઓનાં કામ કેવી રીતે તપાસી શકે? એટલાં સાંથ ઠરાવવાનું હમેશાં અટકળથીજ બને છે; અને ભૂલો થાય છે તે ખેડુતના જેરલાભની. અને એવી એક સ્વતંત્ર અદાલત નથી કે જ્યાં ખેડુત અઢવાડીઆના એક રૂપીઆના પગારવાળા અમલદારોએ ઠરાવેલી સાંથની સહામે દાદ માગી શકે.

અને ભૂલો કેવી થાય છે તે મધ્યપ્રાન્તના લોકોની અજાણી નથી. પહેલું તો જમીનની વર્ગવારીજ ખોટી હોય છે. પટેલોને હલકા દરની જમીનને ઉંચા વર્ગમાં મૂકવાની ટેવ પડેલી હોય છે. બીજું, મોસના પ્રયોગો જેનાથી જમીનની ગુંજાસનો નિર્ણય કરવામાં આવે છે તે ઘણીવાર ભૂલ ભરેલા હોય છે. સુકાણ પડે અને લાણી વખતે નુકશાન થાય તેને માટે પુરતો મૂકાણ

કરવામાં આવતું નથી. ત્રીજું, મણી બેઠવાણ જમીન, બી અને મજદના અભાવને લીધે અને બેદુતની સામાન્ય નિર્ધનતાથી પડતર પડી રહે છે. સરકારી અમલદારો તો સાંચ ઠરાવવામાં આ બધી જમીનો ગણે છે; અને જમીનદારને હાંતો બેદુત બેડી ન શકે તેવી જમીન ઉપર તેની પાસેથી સાંચ લેવી પડે અથવા જેની સાંચ ન મળે તેવી જમીનની જમા ભરવી પડે. ચોયું, જે જાગીરોની જાગીરો સરકારી અમલદારોના વહીવટમાં છે તે જાગીરોના સંબંધમાં એવું સાબીત થયેલું છે કે સરકારી અમલદારો પોતેજ પોતાના હાથઓએ ઠરાવેલી સાંચ ઉધરાવી શકતા નથી; લગભગ ૧૦ ટકા હમેશાં બાકાત રહે છે. બાનગી જમીનદારોને અવશ્ય વધારે નુકસાન થાય છે. પાંચમું, સરકારજમાના દરતા વિચારપૂર્વક ઠરાવવામાં આવતા નથી. નાણાંપ્રકરણી બાતાનું નવું વર્ષ પુરૂં થાય તે પહેલાં જમા ઉધરાવી લેવા માટે મોટો દરતો ફેબ્રુઆરીમાં લેવાય છે. ફેબ્રુઆરીમાં આ દરતો ભરી શકાય તે માટે જમીનદારો બેદુત પાસે જાન્યુઆરીમાંથીજ સાંચની માગણી કરે છે. જાન્યુઆરીમાં તો હજી બાણી પડેલી હોતી નથી એટલે બેદુતોને ઉભા મૉલ ઘણી ઓછી કિમ્મતે વેચી શાહુકારો પાસેથી નાણાં લેવાની જરૂર પડે છે; અને તે નાણાથી તેઓ સાંચ ભરે છે. છટું અને છેલ્લું; જંગલોમાં કોઇ જાગીરની જમા ન ભરાય તો તે જાગીર વેચવાની સરકારને સત્તા છે; પણ મધ્યપ્રાન્તોમાં તો રેવિન્યુ અધિકારીઓને વખતસર જમાન ભરાય તો જમીનદારને પકડીને કેદ કરવાનો અધિકાર છે. આવી સખ્તાઇ મધ્યપ્રાન્તની સરકાર ઉપર કલંકરૂપ છે.

૧૮૯૮ નો બેડહકનો ધારો. જરૂરના સુધારા.

બેડહકનો એક ધારો—પૂર્વના નિયમોને એકત્રિત કરે છે અને કેટલાક સુધારા પણ કરે છે; પણ તેથી બેદુતની સ્થિતિમાં કાંઇજ સુધારો થતો નથી.

પણ આ ધારામાં જમીનદારોને ઘરખેડની જમીન વેચવાની અને કબજા-હકવાળા તેમજ સામાન્ય ખેડુતોને પોતાના ખેડહક વેચવાની મનાઇ કરવામાં આવી છે. બંગાળાના ધારામાં આવી મનાઇઓ બિલકુલ છે. અને તેથી ત્યાં મીલકતના બજારભાવ ટકી રહ્યા છે; અને ઉદ્યોગ ધક્કો ખાધો છે. હાલના સંકટ પછી મધ્યપ્રાન્તોની ફરીથી આબાદ કરવાને માટે આ સાધનો નથી. ૧૮૬૨ નાં ધોરણ ઉપર પાછા જવાથી અને વધારે ઉદાર આચરણથીજ આ પ્રાન્તની ખેતી ઉપર જીવનારી પ્રજા બળવાન થશે, સાધનસંપન્ન,રક્ષાયેલી અને આબાદ થશે.

૬ મુંબઇ અને મદ્રાસ.

મુંબઇની પહેલી જમાબન્દી ૧૮૩૬ માં ત્રીસ વર્ષને માટે વિન્જેટને હાથે થઇ હતી; ૧૮૫૫ ના ઇસ્ટઇન્ડિયા કમ્પનીના સૂત્રધારકોની સભાની આજ્ઞાથી મદ્રાસની જમાબન્દી પણ ત્રીસ વર્ષ માટે કરવામાં આવી હતી. અને રાજ્યનો વહીવટ તાજના હાથમાં ગયા પછી સરચાર્લ્સ વુડે ૧૮૬૪ માં ચોખ્ખી ઉપજના ૫૦ ટકાએ રાજ્યહકની હદ બાંધવાનું ઠરાવ્યું હતું.

૧૮૬૬ ની જમાબન્દી વખતે મુંબઇમાં જે જૂતો થઇ હતી તેણે ૧૮૭૫ ના પુનાનાં તોફાનોને જન્મ આપ્યો હતો એ વાર્તા આગળ આવી ગઇ છે. તોફાનનાં કારણોના તપાસવાને નીમાયલા કમિશનના એક સભાસદ ઓકલન્ડ કોલ્વિને બતાવી આપ્યું હતું કે જમામાં એકદમ વધારા થયા એ પણ આ તોફાનોનાં કારણોમાં એક હતું. પણ આ દૂષણ દૂર કરવામાં આવ્યું નહતું. મુંબઇ સરકારે પોતાના હકની ચોખ્ખી હદ બાંધી નહિ. જમાબન્દીના વિધિમાં સરચાર્લ્સ વુડનો બાંધનો ૫૦ ટકાનો નિયમ વારતવિક રીતે વીસારેજ મૂકાયોજ હતો.

૧૮૭૬ ના રેવિન્યુ હુકુમતના ધારાથી જમાના સંબંધના મુકદમાઓ ન્યાયની અદાલતોના હાથમાંથી લઇ લીધા; અને જમાબન્દી અમલદારોને

સ્વતન્ત્ર જનાવ્યા. ૧૮૭૯ ના ખેડુતના ઉદ્ધારના કાયદાએ ખેડુતોને શાહુકારો રહામે રક્ષણ આપ્યું. પણ જમાની મર્યાદા બાંધવાનો એમાં એક શબ્દ સરખો નહતો. ૧૮૭૯ ના જમીનની આવકના ધારામાં પણ રાજ્યદરની હદ બાંધવાને માટે પુરતા ઠરાવો નહતા. અને ખરી રીતે મુંબઇના ખેડુતોને જરૂર આ પ્રકારના રક્ષણની હતી. સરવિલ્યમ હંટરે ૧૮૭૯ માં ગવર્નરજનરલની સભામાં કહ્યું હતું તેમ " દક્ષિણના ખેડુતોના સંકટોનું નિવારણ કરનામાં મુખ્ય મુશ્કેલી એ છે કે સરકારની જમાને લીધે પોતાને અને પોતાના કુટુમ્બને માટે આખા વર્ષમાં ચાલે તેટલું અનાજ તેમની પાસે રહેતું નથી. "

જમાબન્દી અમલદારની મુનસફી ઉપર હદ મુકનાર નિયમ માત્ર આટલોજ હતો કે એક તાલુકા અથવા પરગણામાં સમસ્ત જમામાં ખલાસ થતી મુદતની જમાના ૩૩ ટકાથી જાસ્તી વધારો કરવો નહિ; અને એક ગામની જમામાં ૬૬ ટકાથી જાસ્તી વધારો કરવો નહિ; અને એક ખાતાની જમામાં ૧૦૦ ટકાથી જાસ્તી વધારો કરવો નહિ. આવા નિયમમાં કલ્યાણ કરતાં અકલ્યાણ થવાનું જોખમ વધારે હતું.

રિવિઝન જમાબન્દી ૧૮૬૬ માં શરૂ થઇ, અને ૧૮૯૯ સુધીમાં અડધાં ગામડાં પણ પુરાં થયાં નહતાં. ૨૮૭૮૧ ગામડાંમાં ૧૩૩૬૯૬ ગામડાંની જમા નવેસરથી બાંધાઇ રહી હતી.

જીલ્લો પ્રરી આકારેલા.	ગામડાંની સંખ્યા.	પહેલાની જમા.	નવી જમાબન્દીની.	ટકાનો વધારો.	
અમદાવાદ.	૪૪૪	૮૭૩૧૦	૧૦૬૨૬૪	૨૫·૨	
ખેડા.	૫૨૫	૧૩૧૬૮૭	૧૫૧૮૪૩	૧૫·૩	

સુરત.	૨૦૧	૫૨૨૭૮	૬૧૦૬૬	૧૦.૫
પંચમહાલ.	૨૨૨	૧૧૦૪૩	૧૧૧૯૩	૧.૩
થાણા.	૮૨૪	૫૯૭૭૨	૮૪૧૩	૪૧.૧
ખાનદેશ.	૨૨૭૨	૨૬૪૪૭૫	૩૪૫૫૭૩	૩૦.૬
નાસિક	૯૫૯	૬૭૭૬૮	૯૩૬૯૪	૩૭.૫
અહમદનગર.	૧૦૬૭	૯૮૧૫૭	૧૨૪૫૦૯	૨૬.૯
કના.	૧૦૩૫	૯૬૫૦૩	૧૨૭૩૩૫	૩૨.૦
સોલાપુર.	૬૭૨	૮૩૪૭૮	૧૧૨૯૭૬	૩૫.૦
સતારા.	૯૬૨	૧૨૨૨૬૪	૧૫૬૬૭	૩૦.૩
કોલાબા.	૧૦૫૨	૭૩૬૫૬	૧૦૦૧૪૮	૩૫.૬
બેલગાંવ.	૮૬૨	૮૩૭૪૬	૧૦૬૮૪૭	૩૧.૧
ધારવાડ.	૧૨૬૦	૧૨૬૮૬૮	૧૮૭૨૫૩	૪૪.૨
બીજાપુર.	૬૬૫	૮૧૬૩૧	૧૦૬૦૪૩	૩૩.૨

૧૮૭૮-૭૯ ની સાલનો, આ આંકડાનાં પાછળ ૬ ના ૧૮૭૮-૭૯ ના પાછળ ૭ ના આંકડા છે. પણ પહેલા કોલમમાં ૧૮૭૮-૭૯ ના પાછળ ૬ ના આંકડા છે.

ઉપરના આંકડાનું કંઇક વિવેચન જરૂરનું છે. ત્રીજા અને ચોથા ખાનાના મથાળાની નોંધ ઉપરથી જણાશે કે નવી જમાના આંકડા ઘણાં વર્ષના ખેતીવાડી વેપારના પરિણામ રૂપ નથી. તે આંકડા નવી જમા બાંધવાના પહેલા વર્ષમાં

કરેલા છે. ઑકલંડ કૉલ્વિને ૧૮૭૬ માં બતાવ્યું હતું તેમ મુંબઈમાં આવક ધીમેધીમે તો જમાબન્દીની મુદતની દરમીયાનજ વધતી જાય છે; અને પછી જમાબન્દી નવેસરથી બાંધતી વખતે એકદમ આંકડાઓ વધારી દેવામાં આવે છે. આ આંકડા વધારતી વેળા ખેડુતોને પૂછવામાં આવતું નથી સર બાર્ટલ ફ્રિયરે ૧૮૭૨ ની પાર્લમેન્ટરી કમિટી રૂબરૂ જુબાની આપતાં ઘણીજ બતાવી હતી કે નવી જમાબન્દી બાંધતી વખતે ખેડુતોને પૂછવાનું ધોરણ દાખલ કરવું જોઇએ. હકીકતમાં ખેડુતોને પૂછવામાં આવતું નથી. નવા આંકડાનો ઠરાવ જ્યારે તેમને જણાવવામાં આવે છે ત્યારે તે વધારાની વાત જણે છે.

ઉતાવળથી કામ કરવાને માટે ખેડુતોને પૂછ્યા વિનાજ જમાના આંકડા તૈયાર કરવા એ અનુકૂળ પડતું હશે, પણ ખેડુતોને–ખેડુત–માલીકોને એ ઘન્સાહ નથી. પોતાના ખેતરની પેદાશની ઉપજના આંકડાથી પોતાની જમા વધતી અટકાવવાનો એમને હક પણ નથી તેમ તક પણ નથી.

ભાવમાં જે વધારો બનો હોય તેના પ્રમાણમાંજ જમા વધારવી જોઇએ, વધારે નહિ એવો આગ્રહ કરવાની અથવા ખેતીનો જમીન વધી હોય તોજ જમા વધારી શકાય એવી તકરાર કરવાની પણ તેમની સત્તા નથી. વધારાની જમા એમણે પોતે કરેલા સુધારાનો લાભ કેટલોક ખેંચી જાય છે તે અતવવાની પણ તેમને તક નથી. અને નવી જમાનો ઠરાવ તેમને સંભળાવ્યો તે પછી સ્વતન્ત્ર અદાલત પાસે દાદ માંગવાની પણ તેમને રજા નથી. આવા સંયોગોમાં પરિણામ જેવું આવવું જોઇએ તેવુંજ આવે છે. મુંબઈની પ્રબન્ધ સભાના એક સભાસદ એાનરેબલ જૈકળદાસ પારેખે દફતરી આંકડા ઉપરથી જણાવ્યું છે કે ગુજરાતના ખેડુતોનો મોટો ભાગ જેમને પાંચ એકર અને તેથી પણ નાનાં નાનાં ખાતાં છે અને જેઓ ડાંગેર પકવી શકતા, તેઓને બાવીસ વર્ષોમાં સરકારની જમા, ખેતીનું ખરચ, અને પોતાના કુટુમ્બ

તથા ઢોર ઢાંખરનો નિર્વાહ એ બધું નીકળી શકે તેટલું પાકતું પણ નથી; અને આ સરકારી અમલદારોના પાકના પ્રયોગોના આંકડા બતાવીને સાબીત કરેલું છે. ઑન. ગોકળદાસ વિશેષ બતારે છે કે દસ એકર સુધીના ખાતાદારોમાંનો મોટો ભાગ સરકાર જમા, ખેતીનું ખરચ અને કુટુમ્બ નિર્વાહ જેટલું પકવી શકતો નથી.

પણ ઑન. ગોકલદાસ કરતાં વધારે પ્રમાણભૂત અધિકારી જે આંકડા બતાવે છે તેનો વિચાર કરતાં દુઃખ થાય છે. ૧૯૦૦ ના દુકાળ કમિશનના સર-એન્ટનિ મેકડોનેલ પ્રમુખ હતા. તેમણે ઠરાવ્યું છે કે ગુજરાતની જમા જમીનની કુલ ઉપજનો પાંચમો ભાગ થવા જાય છે. બંગાળામાં ખાનગી જમીનદારો પોતાના સાંથીઓ પાસેથી જે સાંથ લે છે તેના કરતાં આ બમણું છે અને આથી ગુજરાતની આખી આર્થિક ઉપજ અથવા સાંથ તણાઈ જાય છે. અને ૧૮૬૪ ના જમાને માટે સાંથના અડધની હદ બાંધવાનો સરકારનો નિયમ સરકારના દફતરમાંજ રહે છે.

મધ્યપ્રાન્તોની પેઠે મુંબઇમાં પણ દુકાળે સરકારની શુદ્ધિ ઠેકાણે આણી. ૧૮૬૬ થી શરૂ થયેલા જમાબન્દીના બન્દોબસ્તમાં વધારેલી જમા ટકી શકી નહિ. અરધો અરધ મુલક વેચાઇ જાય તોપણ જમા વસુલ થાય નહિ. ૧૯૦૨–૧૯૦૩ માં મુંબઈ સરકાર જમા કમી કરવામાં રોકાઇ હતી. જમા કેવી રીતે કમી કરવી તેના વિશેષ નિયમો પ્રસિદ્ધ થયા નથી, અને જમાબન્દી અમલદારોની મુનસફી સિવાય બીજું કાંઇ ધોરણ હોય તો લોકોને તેની ખબર નથી. રાજ્યદ્વારા એકવાર વધારવો અને એકવાર ઘટાડવો એ નીતિ ખેતીની આબાદીને વિનાશકારક છે. દેશમાં એવી લાગણી પ્રવર્તે છે કે સરકાર જેમ બને તેમ વધારે લેવા ઇચ્છે છે અને ખેડુતને હમેશને માટે નિર્ધન અને કરજમાં રાખવા માગે છે. ખેડુતોમાં નૈરાશ્ય ઉત્પન્ન થયું છે જેમાંથી કોઇ વાર ભવિષ્યમાં રાજકીય ભય ઉત્પન્ન થવા સંભવ છે.

વિશાળ દૃષ્ટિથી ઉપાયો લેવાની જરૂર છે. ફેનિન્ગ અને લૉરેન્સના યુગમાં તો ખેડુ હકનો વિસ્તાર કરવાનું અને તેનું વિવેચન કરવાનું, નિયત અને વિશેષ કારણોથીજ વધારો કરવાની મર્યાદા બાંધવાનું, અને પોતાનાં ખેતરોની ઉપજના અડધ ભાગના નિયમનું ઉલ્લંઘન ન થાય તે સારૂ ન્યાયની સભાઓ પાસે દાદ માગવાનું સૂચવાયું હોત પણ ૧૯૦૧ માં જે પગલું લેવાયું તે મધ્યપ્રાન્તો અને પંજાબમાં લેવાયલાં પગલાં ને અનુસરતું જ હતું. જો જમા ન ભરી શકાય તો જમીનની સાથે રહેલો હસ્તાન્તર કરવાનો અધિકાર ખુંચાવી લેવાની સરકારને સત્તા આપવામાં આવી. મીરાસી ખાતાઓમાં હસ્તાન્તરનો હક ગરાકાઓના વખતમાં સ્વતઃસિદ્ધ હતો. તેથી ખાતાંઓની બજારમાં કિમ્મત થતી અને ખેડુત-માલીકોને સાધનની સગવડ થતી. દક્ષિણમાં બ્રિટિશ અમલના આરંભની સાથે સરકારે એ અધિકાર સ્વીકાર્યો હતો. ૧૮૭૯ ના ધારામાં સ્પષ્ટ શબ્દોમાં ઠરાવ કરીને એ હક સરકારે અંગીકાર કર્યો હતો. ઠરાવ એ હતો કે જમા ન ભરાવાને લીધે જમીન વેચાય તો લેનારને હસ્તાન્તર કરવાનો હક પ્રાપ્ત થાય. બ્રિટિશ રાજ્યના ઐંશી વર્ષમાં મુંબઇના ખેડુત-માલીકોએ આ હક ભોગવ્યો હતો. રાજપ્રબન્ધોમાં પણ વીસ વર્ષ ઉપરાંતથી એ હકનો ભોગવટો મંજુર થયો હતો. જમા ન ભરાય તેવા પ્રસંગોમાં આ હક છીનવી લેવાની સત્તા ધારણ કરવાની સરકારે કોશીશ કરી. ધારાની યોજનામાં કોઇ જેલીમાં પાછળ રહેલી જમીન અને પાછળ રહેલી કોમોને જ આ ધારો લાગુ પાડવામાં આવશે એવું નિર્વચન નહતું. આખા પ્રાન્તને અને તમામ ખેડુત-માલેકોના સંબંધમાં એ અધિકાર ધારણ કરવાની સરકારની ધારણા હતી.

માલકી હક જપ્ત કરવાના આ ધારા સામે મુંબઇના લોકોએ જેવો વાંધો ઉઠાવ્યો હતો તેવો વાંધો તેમણે કદી પણ બતાવ્યો નથી. મુંબઇ પ્રાન્તના સઘળા ભાગોમાં એ લાગુ થયો. ખેડુત-માલીકોને સ્પષ્ટપણે કે અંગીકાર કરેલા હકો જપ્ત કરવાની સરકારની ધારણા છે. આ યોજના રહસ્યે મુંબ-

ઇની પ્રબન્ધસભાના લોકહિતવાદીઓએ વફાદારી સાથે પણ ભારદાર ભાષામાં દલીલો કરી. એમનો વાંધો લક્ષ ઉપર ન લેવાયો એટલે તેઓ સભળા સાથે જ સભા છોડીને ચાલ્યા ગયા. ધારો મંજુર થયો. ૧૮૭૯ ના રેવિન્યુ ધારામાં એટલો સુધારો થયો કે જમા ન ભરાવાને બદલે જ્યારે હવે ખાતું વેચવું પડે ત્યારે નવા ખાતેદારને હસ્તાન્તર કરવાના હક વિના જમાબન્દી લાગુ પડે.

ખેતી ઉપર નિર્વાહ કરનારી પ્રજાના બળમાં કે ટેકમાં આવાં પગલાં ઉમેરો કરતાં નથી. આવાં પગલાં મીલકતની કિમતમાં વધારો કરતાં નથી કે આર્થિક સંપત્તિમાં સુધારો કરતાં નથી. મુંબઇના માલીક-ખેડુતોને ઉદ્ધાર યોજનાઓની, એમના હકના નિર્વંચ ની, રાજ્ય હકની ચોખ્ખી ઉપજના અરધે મર્યાદા બંધાવાની અને વિશેષ, નિયત અને ઇન્સાફી કારણો સિવાય જમામાં વધારો નહિ કરવાની ખાત્રીના, ધારાઓ ઘડાવાની હજી આશાજ રાખવાની છે.

મદ્રાસ.

પૂર્વે એક પ્રકરણમાં મદ્રાસમાં નિયમસર માપણી અને જમાબન્દી ૧૮૬૧ માં શરૂ થયાનું કહેવામાં આવ્યું છે. જમાબન્દીનો બન્દોબસ્ત એક વર્ષને માટે કરવામાં આવ્યો હતો. અને જેમ એક પછી એક જીલ્લાઓ લેવાવા માંડ્યા તેમ કામ ઘણાં વરસ ચાલ્યું. ખરી રીતે જમાબન્દીનું કામ મુંબઇની પેઠે મદ્રાસમાં સતત ચાલ્યું જાય છે. કારણ કે છેલ્લા તાલુકામાં જમાબન્દી પુરી થતાં પહેલાં તો ત્રીસ વર્ષને માટે જે તાલુકો પહેલ વહેલો લેવાયો હોય તેની જમાબન્દી ફરીથી કરવાનો વખત આવી પહોંચે છે. જમાબન્દી અમલદારોને આ ગોઠવણ સગવડ કર્તા છે. અને જ્યાં જમાબન્દી થઇ ગયા પછી એક જગાના રદ્દામું ત્રીસ વર્ષ સુધી જોવામાં આવતું નથી ત્યાં સુધી લોકને એ રીતમાં હરકત લેવા જેવું નથી. એમને જે જોઇએ છે તે એટલુંજ કે નવી

જમાબન્દીમાં જો જમા વધે તો તે નિયત અને વિશેષ કારણોથી વધવી જોઇએ અને નવી જમાબન્દીની ચોખ્ખી ઉપજના પચાસ ટકાએ હક બાંધવી જોઇએ. ૧૮૭૫ સુધીના જમાબન્દીના આંકડા પૂર્વે બતાવેલા છે. ૧૮૯૮ સુધીના જમાબન્દીના આંકડા નીચે આપ્યા છે.

વર્ષ.	ખેડાણ જમીન એકર	તે ઉપર જમા £	કુલ રૈયતવારી જમા. £	વેરા. £	કુલ સરકાર હક. £
૧૮૭૬	૧૬૨૦૦૦૦૦	૩૨૪૦૦૦૦	૨૭૭૦૦૦૦	૩૮૦૦૦૦	૩૧૫૦૦૦૦
૭૭	૧૬૨૦૦૦૦૦	૩૨૫૦૦૦૦	૩૫૬૦૦૦૦	૪૦૦૦૦૦	૩૬૬૦૦૦૦
૭૮	૧૬૧૦૦૦૦૦	૩૨૬૦૦૦૦	૩૭૨૦૦૦૦	૪૧૦૦૦૦	૪૧૩૦૦૦૦
૭૯	૧૮૪૦૦૦૦૦	૩૨૦૦૦૦૦	૩૬૬૦૦૦૦	૪૧૦૦૦૦	૪૦૭૦૦૦૦
૮૦	૧૮૧૦૦૦૦૦	૩૧૮૦૦૦૦	૩૬૪૦૦૦૦	૪૧૦૦૦૦	૪૦૫૦૦૦૦
૮૧	૧૮૦૦૦૦૦૦	૩૧૭૦૦૦૦	૩૫૭૦૦૦૦	૪૧૦૦૦૦	૩૯૮૦૦૦૦
૮૨	૧૮૩૦૦૦૦૦	૩૨૧૦૦૦૦	૩૬૩૦૮૦૦	૪૪૮૦૦૦	૪૦૭૦૮૦૦
૮૩	૧૮૫૦૦૦૦૦	૩૨૩૦૦૦૦	૩૭૪૦૦૦૦	૪૫૦૦૦૦	૪૧૯૦૦૦૦
૮૪	૧૮૭૦૦૦૦૦	૩૨૪૦૦૦૦	૩૫૦૦૦૦૦	૪૬૦૦૦૦	૩૯૬૦૦૦૦
૮૫	૧૬૧૦૦૦૦૦	૩૨૭૦૦૦૦	૩૭૬૦૦૦૦	૪૫૦૦૦૦	૪૨૧૦૦૦૦
૮૬	૧૬૫૦૦૦૦૦	૩૩૧૦૦૦૦	૩૮૬૦૩૦૦	૪૬૦૦૦૦	૪૩૨૦૦૦૦

૮૭	૧૯૭૦૦૦૦૦	૩૫૫૦૦૦૦	૩૬૦૦૦૦૦	૫૬૦૦૦૦	૪૪૬૦૦૦૦
૮૮	૧૯૮૦૦૦૦૦	૩૫૭૦૦૦૦	૬૬૨૦૦૦૦	૫૭૦૦૦૦	૪૪૬૦૦૦૦
૮૯	૨૦૧૦૦૦૦૦	૩૬૧૦૦૦૦	૩૬૬૦૦૦૦	૬૫૦૦૦૦	૪૬૧૦૦૦૦
૯૦	૨૦૨૦૦૦૦૦	૩૬૩૮૦૦૦	૩૬૦૦૦૦૦	૬૪૦૦૦૦	૪૫૪૦૦૦૦
૧૮૯૧	૨૦૨૦૦૦૦૦	૩૬૫૦૦૦૦	૩૬૮૦૦૦૦	૬૬૦૦૦૦	૪૩૪૦૦૦૦
૯૨	૨૦૭૦૦૦૦૦	૩૭૧૦૦૦૦	૪૦૩૦૦૦૦	૬૮૦૦૦૦	૪૭૧૦૦૦૦
૯૩	૨૧૦૦૦૦૦૦	૩૮૮૦૦૦૦	૪૩૬૦૦૦૦	૩૮૦૦૦૦	૪૭૩૦૦૦૦
૯૪	૨૧૩૦૦૦૦૦	૩૬૫૦૦૦૦	૪૫૨૦૦૦૦	૫૭૦૦૦૦	૫૦૬૦૦૦૦
૯૫	૨૧૫૦૦૦૦૦	૩૬૩૦૦૦૦	૪૬૮૦૦૦૦	૫૬૦૦૦૦	૫૨૭૦૦૦૦
૯૬	૨૧૫૦૦૦૦૦	૪૦૦૦૦૦૦	૪૪૦૦૦૦૦	૫૬૦૦૦૦	૪૬૬૦૦૦૦
૯૭	૨૧૬૦૦૦૦૦	૪૦૩૦૦૦૦	૪૭૪૦૦૦૦	૫૪૦૦૦૦	૫૨૮૦૦૦૦
૯૮	૨૧૬૦૦૦૦૦	૪૦૫૦૦૦૦	૪૮૫૦૦૦૦	૫૫૦૦૦૦	૫૪૦૦૦૦૦

ઉપરથી જણાશે કે ૧૮૭૭ ના દુકાળના વરસ પછી દસ લાખ એકર જમીન પડતર પડી રહી અને સાત વર્ષ સુધી આ નુકસાન ચાલ્યું. ૧૮૮૫ માં બેડાણ જમીનનો આંકડો ૭૭ ના આંકડા જેટલે પહોંચ્યો.

પણ ૧૮ વર્ષમાં કુલ સરકાર હક કેટલો વધ્યો તે આ આંકડા ઉપરથી જોવાનું છે બેડાણ જમીનનું ક્ષેત્રફળ ૧૯૦ લાખથી ૨૧૫ લાખ સુધી અઢાર વર્ષમાં પહોંચ્યું એટલે ૧૪ ટકાથી ઓછું; અને સરકાર હકના આંકડા

એકત્રીસ લાખ પચાસહજાર પાઉંડથી ચોપનલાખ સુધી પહોંચ્યા એટલે લગભગ ૭૦ ટકા અને ખેડાણ થયેલી જમીનની સાથે એનું પ્રમાણ કાઢીએ તો લગભગ ૨૫ ટકા. આ મોટો અને બેસુમાર વધારો રૈયતવારી જમીનમાં પાણીના સંચારથી થયેલો છે. અને જળવેરો જમાની સાથે એકત્રિત કર્યો છે એટલે ખેડુત કેટલું જમીનનું અને કેટલું પાણીનું લેવાય છે તે કહી શકે તેમ નથી.

જળવેરો—હેરોની નજીકની સઘળી જમીન ઉપર ફરજીયાત રાખવો કે જે પાણી લે તેના ઉપરજ નાંખવો એ સવાલ ઘણા વખતથી ચર્ચાય છે. લૉર્ડ લૉરેન્સે ૧૮૭૩ માં આમની સભાની કમિટી રૂબરૂ કહ્યું હતું કે "હેર કરવાની ગમે તેવી મારી ઇચ્છા હોય છતાં જો ખેડુતોને તેમાંથી પાણી લેવાની ફરજ પાડવી પડે તેમ હોય તો હું હેર કરું જ નહિ." અને સેક્રેટરી ઑફ સ્ટેટ તરીકે ડ્યુક ઑફ-આર્ગિલે પણ આજ મત ત્રણ વર્ષ પહેલાં ભારદાર ભાષામાં સળંગરીતે પ્રતિપાદન કર્યો હતો. ખેડુતો ઉપર જળવેરો ફરજીઆત કરવા વિરૂદ્ધનાં એનાં કારણો લૉર્ડ મેયો ઉપર લખેલા એક પત્રમાં સ્પષ્ટ કરવામાં આવ્યાં છે.

જો કોઇવાર હેરની ઉપજ જોઇએ તેવી ન આવે તો તેવા પ્રસંગમાં સરકારને થતા નુકસાનનો ભય દૂર કરવો એ આ કરાવનો હેતુ છે. આવો પ્રસંગ ત્રણ કારણથી બને (૧) જમીનને પાવા માટે જોઇએ તેટલું પાણી હેરમાંથી ન મળે; (૨) અથવા ધારેલું પાણી મળે છતાં ખેડુતો ધારેલે દરજ્જે તેનો લાભ ન લે; (૩) અથવા હેર બાંધવામાં અતિશય અરચ થયું હોય ત્યારે હેરને ફલદ્રુપ કરવા માટે ખેડુતો આપી શકે કે રાજીખુશીથી આપે તેના કરતાં વધારે ભારે વેરો નાંખવાની જરૂર પડે. પહેલા પ્રસંગમાં સરકાર એક નિષ્ફળ યોજનામાં ગુંથાયાથી જે ખોટ આવવી જોઇએ તે વાજબી રીતે સરકાર ઉપર પડવી જોઇએ પણ તેમ ન થતાં જે ખેડુતોને સરકારે નિરાશ કર્યા હોય તેમના ઉપર પડે છે. (૨) બીજા પ્રસં-

ગમાં ખેડુતોને પાણીનો અર્થ ન હોય અથવા ગમે તો જમીનને પાણી પાવાના લાભની અધુરી કદરને લીધે, કે પછી પોતાની બધી જમીનને વાડીમાં ન નાંખતાં કેટલીક સુકી રાખવાની—બરાબર સમજી શકાય એવી ઇચ્છાને લીધે પાણી લેવા એની ઇચ્છા ન હોય–તેમ છતાં તેની પાસે પરાણે પાણીનો વેરો લેવા જેવું થાય છે. ત્રીજા પ્રસંગમાં બાંહ્યધરીવાળું ખરચ વધી જવાને કેટલે બધે અંશે પાત્ર છે તેનું આપની સરકારને સ્મરણ આપવાની થોડીજ જરૂર છે; અને આ યોજનાના ઠરાવ પ્રમાણે સરકારી ન્હેરો ઉપર તમામ ખરચ બાંહ્યધરી વાળું છે.

લોકોના ઉપર જળસંચારનો કર પરાણે નાંખવો–એ જે વસ્તુ આશીર્વાદ રૂપ થયા વિના રહે એમ નથી તેવી વસ્તુને અપ્રિય બનાવવા જેવું છે; પાછલા અનુભવ ઉપરથી સિદ્ધ થાય છે કે હિન્દુસ્તાનનો ખેડુત કદાપિ પાણીની કદર કર્યા વિના ન રહે. એક અનાવૃષ્ટિ આવે અને પાણી નજીકમાં હોય તો પાણીનો ઉપયોગ કરવામાં ક્ષણ પણ વાર ન લગાડે.

ઉપર પ્રમાણે બંગાળામાં હજી સુધી જળવેરો ઐચ્છિક છે અને ખેડુતો જળનો બ્હોળો ઉપયોગ કરે છે અને તેનો વેરો આનન્દની સાથે આપે છે. પણ મદ્રાસની સરકાર હમેશાં સાંકડું મન રાખતી આવી છે; અને બંગાળની સરકાર કરતાં વધારે આપખુદ છે તેનું કારણ કંઇ એમ પણ હશે કે ગવર્નરજનરલનો અંકુશ મદ્રાસની સરકાર ઉપર ઓછો હશે અને કાંઇક એ પણ હશે કે રૈયતવારી પ્રદેશોમાં કેળવાયલો અને પ્રભાવશીલ લોકમત, રાજ્ય-વહીવટનેજ હલ્લકો અને લોકની ઇચ્છાને અનુસરતો કરવાને જોઇએ તે કરતાં ઓછો છે. તેથી ડયુક ઑાફ આર્ગિલે ૧૮૭૦ માં જે યોજના નામંજુર કરી હતી, અને ૧૮૭૩ માં લૉર્ડ લૉરેન્સે જેને વખોડી કહાડી હતી તે યોજના ૧૯૦૦ માં ધારાના આકારમાં મદ્રાસમાં સ્વીકારાઇ. નેહેરનાં પાણી વાપરવાનું અને તેનો વેરો આપવાનું ખેડુતની ઇચ્છા ઉપર ન રાખતાં જમીનની અંદર પાણી મરવાથી પણ લાભ થાય છે એ દલીલથી–તમામ–નહેરની જમીન

ઉપર જળવેરો દરજીયાત કરવાનો ધારો કર્યો. અને તેમની જમીનને લાભ નથી થતો એ હકીકત સાબીત કરવાને માટે ન્યાયની અદાલત ખેડુતને માટે ખુલ્લી રાખવામાં ન આવી.

વળી જળવેરો જમાની સાથે એકત્રિત કર્યો. ખેડુત-કેટલો ભાગ જમામાં અને કેટલો ભાગ જળવેરા બદલ આપવો પડે છે તે જાણતો નથી. પણ એ એટલું તો જાણે છે કે કુલ વેરો એટલો આકરો છે કે પોતાના ખાતાની ચોખ્ખી ઉપજના અડધ જેટલું પણ તેની પાસે રહેતું નથી. કેટલેક ઠેકાણે તો પોતાનું મહેનતાણું અને ખેતીના ખરચ સિવાય વધારે કંઈજ રહેતું નથી. પાણી કામો દુકાળમાંથી ખેડુતને બચાવે છે પણ તેનાથી તે મુડી કરી શકતો નથી કે પોતાની સ્થિતિ સુધારી શકતો નથી.

ઉપરના કોષ્ટક ઉપરથી એમ પણ જણાય છે કે ૧૮૮૭ માં જ્યારે જળવેરો જમામાં ભેળવી દેવામાં આવ્યો ત્યારે વેરા એકદમ વધી ગયા. જ્યાં સુધી જમા અને જળવેરો એકઠો હતો ત્યાં સુધી જમાને હિસાબેજ પરચુરણ વેરા લેવાતા, પણ જ્યારે બે એકઠા થયા ત્યારે એક વર્ષમાં પરચુરણ વેરા ૬૦૦૦૦ પાઉંડથી વધીને ૫૯૦૦૦૦ પાઉંડે પહોંચ્યા. માત્ર જમા ઉપરજ પરચુરણ વેરા લેવાય અને જળવેરા ઉપર નજર રાખવા જેટલા માટે તે બેને જુદા ગણવા એ મદ્રાસમાં બની શકે એવું છે!

પણ મદ્રાસના ખેડુતની મોટામાં મોટી ફરિયાદ જમાની અનિયતતા છે. ૧૮૮૨ માં માર્કવેસ ઑફ રિપને અનિયતતા દૂર કરવાનો યત્ન કર્યો હતો. એમણે એવો ઠરાવ કર્યો કે જે પ્રદેશોમાં માપણીઓ થઇ ગઇ છે અને જમાબન્દી ઠરી ચુકી છે તે પ્રદેશોમાં અનાજના ભાવો સ્પષ્ટ રીતે વધ્યા હોય એ કારણ સિવાય, જમામાં વધારો કરવો નહિ. મદ્રાસની સરકારે આ નિયમ સ્વીકાર્યો. સરકાર તરફથી છપાયેલાં પુસ્તકોમાં આનું ધોરણ સમજાવવામાં આવ્યું.

મદ્રાસની મ્હેસુલપોથી જે ૧૮૮૭ માં રચવામાં આવી હતી તેમાં લખ્યું છે કેઃ—

"આવી રીતે નક્કી કરેલા અનાજના ભાવ અચળ છે એમ જાહેર કરવું."

"રૈયતની જમામાં, દર ત્રીસવર્ષે ભાવના જે દર ઠરે તે પ્રમાણે ફેરફાર કરવા.

"નવી જમા અનાજની કિમ્મતે સ્થાપી ગણુવી; પણ ત્રીસ વર્ષે ભાવ ફેર થતાં તેનો ફરી વિચાર કરવો."

મદ્રાસની ખેતીવાડી કમિટીએ ૧૮૮૯ માં રિપોર્ટ કર્યો હતો કે જ્યારે જ્યારે નવેસરથી જમાબન્દી થાય ત્યારે ત્યારે જમીનની ગુંજાસની આંકણી નવેસરથી કરવામાં સુધારો થવાનો સંભવ નથી એમ જે કહેવાય છે તે અમારા ધારવા પ્રમાણે ખરું છે. એમ માનીએ છીએ. આવી નવેસરથી વર્ગણી કરવાની વિરુદ્ધ અત્યારે સરકારનો મત છે; અને જમીનની અનાજને હિસાબે કિમ્મત થાય તે પ્રમાણમાં ઠરાવેલી જમા સ્થાયી કરવાનો સરકારનો ઇરાદો છે.

ઉપરના રિપોર્ટનો મદ્રાસની સરકાર જવાબ વાળે છે કે સરકારે જમીનનું વર્ગીકરણ ફરીથી કરવાનો ઇરાદો નથી. આ ધોરણ વારંવાર ઠરી ચૂકેલું છે, અને જમાબન્દી પોથીમાં સ્પષ્ટ શબ્દોમાં પ્રદર્શિત કરેલું છે.

આ વચનો શબ્દોથી થઇ શકે તેવાં તો સ્પષ્ટ અને ભારદાર છે. મદ્રાસની પ્રત્યક્ષ સભાના લોકહિતવાદી ઓ૦ વંકટરત્નમ્ લખે છે કે "આ વચનો ઉપર આધાર રાખીને લોકોએ જમીનોમાં નાણાં રોકયાં હતાં. પણ જ્યારે એનો અમલ કરવાનો વખત આવ્યો ત્યારે સરકારે ઠંડે પેટે એ વચનો હવામાં ફેંકી દીધાં, અને ભાવના વધારાના કારણસર ન બની શકે તેવા વધારા મેળવવા પ્રયત્નો કર્યા. ટ્રિચિનોપલ્લી, ચોદાવરી, અને કૃષ્ણાના મુલકોમાં દુઆબાની જમીનની ફરી વર્ગણી કરવામાં આવી છે અને તેવા નવા વર્ગીકરણનું કામ હજુ પણ

પગારના માણસો કરે છે. કેટલાંક ખાતાઓમાંનો ૨૦૦ અને ૩૦૦ ટકા જેટલો વધારો થયેલો છે.

મુંબઇમાં તેમજ મદ્રાસમાં જગાની આ અનિશ્ચિતતા સુધારાની દુશ્મન છે અને ખેડુતની આબાદીને વિઘ્નરૂપ છે. મુંબઇમાં તેમજ મદ્રાસમાં જે જોઇએ છે તે એ કે દરેક ગામમાં અને દરેક ખેતરમાં ચોખ્ખી ઉપજના અરધે સરકાર જમાની હદ બાંધવાનો અસરકારક ઠરાવ; અને ભાવ અને ખેતીના ક્ષેત્રફળના વધારા જેવાં વિશિષ્ટ અને નિયત કારણોથીજ જમા વધે એવી મર્યાદા.

મધ્યપ્રાન્તોમાં, પંજાબમાં, મુંબઇમાં અને મદ્રાસમાં પ્રથમના દસકાઓ કરતાં જુદીજ રીતની પ્રબન્ધક્રિયા જમીનના સંબંધમાં ચાલે છે. તાજના વહિવટના આરંભનાં વર્ષોમાં અને કેનિન્ગ અને લૉરેન્સની કારકીર્દિમાં સરકારને ઉત્તેજિત કરનાર એક અર્થ માત્ર એજ હતો કે ખેડુતની સ્થિતિ નિશ્ચિત કરવી; ખેડહક કીમતી કરવા; સ્વાશ્રય અને બચતની લાગણી તેનામાં પ્રેરવી; અને જનસમાજના એક સમૃદ્ધ નહિ તો માલદાર અંગ તરીકે રહેવાની તેને તક આપવી. લૉર્ડ કેનિન્ગનો બંગાલનો સાંથનો ધારો, લૉર્ડ લૉરેન્સના અયોધ્યા અને પંજાબના ધારા, અને ૧૮૬૩ ની મધ્યપ્રાન્તોની જમાબન્દી, એ બધાનો એ એક સર્વસાધારણ હેતુ હતો: ખેડુતોને આબાદ કરવા, અને સરકારના અને જમીનદારો તથા ખેડુતોના સ્વાર્થોનો અભેદ સાધવો.

પણ સાંપ્રત વહિવટનો હેતુ બાજો લાગે છે; જમીનની પેદાશ ઉપર સરકારનો લાગો વધારે દૃઢ કરવો, જમીનદારના અને ખેડુતના હકો છિન્ન ભિન્ન કરી નાખવા, અને ખેતી ઉપર નિર્વાહ કરનારી પ્રજાને કાર્યભારી અમલદારોની ઉચ્છૃંખળ ઇચ્છા ઉપર વધારે ને વધારે આશ્રિત કરવી.

વસુલાતી અધિકારી અને જમાબન્દી અમલદારોની સત્તા પ્રબન્ધો કરીને વધારે સ્વતંત્ર બનાવી છે. પંજાબ અને મધ્યપ્રાન્તોમાં જમાબન્દીની

મુદત ત્રીસ વર્ષથી કમી કરીને વીસની કરી છે. એજ પ્રાન્તોમાં ખેડુતોને પોતાની જમીનો હસ્તાન્તર કરવાની મના કરવામાં આવી છે. મુંબઇમાં હસ્તાન્તર કરવાનો હક છીનવી લેવાની સત્તા સરકારે ધારણ કરી છે. મધ્ય-પ્રાન્તોમાં જમીનદાર અને ખેડુત વચ્ચેની સાંથ જમાબન્દી સરકારના જમા-બન્દી અમલદારો ઠરાવે છે. મુંબઇ અને મદ્રાસમાં ચોખ્ખી ઉપજના પચાસ ટકાની મર્યાદાનો નિયમ વ્યવહારમાં વીસારે મૂકાય છે. ભાવોના વધારાના વિશિષ્ટ અને નિયત કારણ હોય તોજ જમામાં વધારો કરવો એ અર્થની મર્યાદા પણ પાછી ખેંચી લીધી છે. અને આર્ગિલ અને લૉરેન્સે અપ્ર-શસ્ત ગણેલો ફરજીયાત જળવેરો મદ્રાસમાં દાખલ કર્યો છે, અને જમાની સાથે એકત્રિત પણ કર્યોછે.

પ્રકરણ ૩ જું.

રિપન અને કર્ઝનના જમીન સંબંધી ઠરાવો.

જમાની અનિશ્ચિતતા અને જમાબન્દી વખતે જમીનોનું પુનર્વર્ગીકરણ એ બે મોટાં દૂષણો હતાં. ઉત્તરોત્તર બ્હાધ્યસરોયોને એ દૂષણોના ઉપાયો કરવાની ધારણા હતી અને તેમણે યત્નો પણ કર્યા. લૉર્ડ મેયોનો અભિપ્રાય એવો હતો કે જમીનનો વર્ગ અને પેદાશનો અંદાજ એકવાર નિર્ણીત થાય તે પછી ભાવની વધઘટ સિવાય બીજા કોઇ કારણસર જમામાં ફેરફાર કરવો નહિ. લૉર્ડનોર્થબ્રુક પણ પોતાની મેળેજ નિયમિત થઇ જાય એવી જમાબન્દીની પદ્ધતિના પક્ષમાં હતો, અને દરેક નવી જમાબન્દી ટાણે નવેસરથી વર્ગીકરણ કરવાની વિરૂદ્ધ હતો. છેવટને માટે આ સવાલ લૉર્ડરિપને હાથમાં લીધો. ૧૮૮૨ ના ઓકટોબરની ૧૭ મીના ખરીતામાં ભાવિષ્યની જમાબન્દીમાં

અનિશ્ચિતતા અને ઢીલી તપાસ કરવાની રીત કઢાડી નાંખવાનો માર્ગ બતાવ્યો એનો હેતુ ખેડુતને સ્થાયિતા અને સલામતીની ખાત્રી આપવાનો અને વિશિષ્ટ નિશ્ચિત સંયોગોમાં જમાની રકમમાં વધારો કરવાની સત્તા પણ ન ખોવી ન પડે એવો રસ્તો કઢાડવાનો હતોઃ વીસ વર્ષ સુધી આપણા દેશના રાજપુરૂષોએ મહત્ન કરેલો અન્યોન્ય વિરૂદ્ધ ઘોરણોના સમાધાનનો આ માર્ગ હતો.

કેનિન્ગ અને લૉરન્સ જેવા પુરૂષોનો મત એવો હતો કે જમા હમેશને માટે એકજવાર નિયત કરવી. અને ખેતીના નફાગાં ભવિષ્યમાં જે વધારા થાય તે લોકનેજ રહેવા દેવા. બીજા રાજપુરૂષોનો મત એવો હતો કે ખેતીના વધતા જતા નફામાં રાજ્યે અનિયત પ્રમાણમાં પોતાનો આવક વધારવાનો દાવો રાખવો. લૅર્ડ રિપનની નિપૂણ યોજનામાં આ બે મતોનો સત્કાર હતો. ભાવના વધારાથી સતત રાજ્યની ઉપજ વધારવાનો માર્ગ એણે ખુલ્લો રાખ્યો અને તેની સાથે ખેડુતને–પેદાશના હિસાબમાં વાસ્તવિક રીતે સ્થાયી જમાબન્દી કરી આપવાનો પ્રયત્ન હતો.

જમાબન્દી અમલદારોના સંબંધમાં લૉર્ડ રિપનનાં વચનોની અસર એવી હતી કે–" મોલના ભાવ વધશે ત્યારે બેશક તમારી આવક પણ વધશે." ખેડુતોના સંબંધમાં એવી હતી કે " હવેથી અનિશ્ચિતતા અને કનડગત ભરેલી તપાસમાંથી તમને બચાવીશું; અને જમામાં સરકારને તમારી પેદાશનો જે ભાગ તમે આપો છો તેથી વધારે તે ભાગ લેશે નહિ."

લૉર્ડ રિપને મદ્રાસ અને મુંબઇની સરકારોને પોતાની યોજના જણાવી અને તેનો સ્વીકાર કરવાને આમંત્રણ કર્યું. મદ્રાસ સરકારે એવી રીતે આ યોજના મંજુર કરી કે–જે જીલ્લાઓમાં જમાની યોગ્ય આંકણી થઇ છે તે જીલ્લાઓમાં–એટલે " જ્યાં આપણી થઇને જમા બન્ધાઇ છે ત્યાં ભવિષ્યની જમાબન્દી ટાણે ભાવનોજ વિચાર કરવો ". મુંબઇ સરકારે આ યોજના ન સ્વીકારી.

પુષ્કળ પત્રવ્યવહાર ચાલ્યા પછી તે યોજના ૧૮૮૫ માં સેક્રેટરિ ઑફ સ્ટેટ પાસે આવી. માત્ર બેજ વર્ષ પહેલાં હિન્દુસ્તાનને માટે સ્થાયી જમાબન્દીની યોજના આ અધિકારીએ પહેલાં નામંજુર કરી હતી. એવી આશા રાખવામાં આવતી હતી કે લૉર્ડ રિપનની યોજનાથી સ્વચ્છંદ અને અનિયત વધારામાંથી તો લોકો બચશે. એવી આશા રાખવામાં આવતી હતી કે પચીસ વર્ષના કડવા અનુભવ પછી આપણા દેશના હેરાન થતા ખેડુતોને રાજ્યદ્વારા નક્કી કરવાના સંબંધમાં તાજની સરકાર કાંઈક કોલ, કંઈક બુદ્ધિગમ્ય નિયમ, આપશે. એમ માનવામાં હતું કે આ લૉર્ડ રિપનના નિપુણ સમાધાનથી આ કઠણ પ્રશ્નનું છેવટનું નિરાકરણ થશે.

પરંતુ સેક્રેટરિ ઑફ સ્ટેટના આચરણે તમામ આશાઓ નષ્ટ કરી. ઇન્ડિયાની જમીનની આવકના હિત ઉપરજ એનું લક્ષ હતું. હિન્દુસ્તાનના ખેડુતોના કલ્યાણની ચિંતા ન હતી. "કંઈ પણ નિયત નિયમ બઠાવ્યું નહિ; કંઈ પણ કોલ આપીશું નહિ." સરઆર્થર કોટન લાયબ્રના પત્રના ઉત્તરમાં તેમણે લખ્યું કે "કેટલેક અંશે આવા કોલો પ્રથમ આપેલા છે તેથી હિન્દુસ્તાનના વહિવટમાં કેટલીક મુશ્કેલીઓ તો ઉભી થયેલી છે." એ એટલું જોઇ ન શક્યા કે હિંદુસ્તાનની મોટામાં મોટી મુશ્કેલી ખેડુતની કંગાલ નિર્ધનતા છે; અને લોકોને કોઇ પણ સ્પષ્ટ નિયમ કે કોલ આપ્યા વિના કંઈપણ ઉઠવું, કંઈ પણ સુધારો ખેતીની સમૃદ્ધિનો કંઈ પણ ક્રમ, કેવળ અસંભવિત છે.

જમાબન્દી આકારવાની રીતમાં સરળતા લાવવાની અને લોકોને અકારણ હેરાન ન કરવા એ ઇષ્ટ છે એટલું સ્વીકારી—સેક્રેટરિ ઑફ સ્ટેટે ઠરાવ્યું કે

(૧) સ્થાયી જમાબન્દીના વિચારનો ત્યાગ કરવો.

(૨) જમીનની કિંમતમાં ખેડુતની મહેનત સિવાય જે વધારો આવે તેનો ભાગ રાજ્યે પ્રસંગે પ્રસંગે માગવો.

(૩) આવા વધારાના માપ અને ચિન્હોમાં ભાવતો વધારો એ એક છે.

(૪) ભવિષ્યમાં નવેસરથી જે જમાબન્દી થાય તે ઓછી સ્વછંદી, ઓછી અનિશ્ચિત અને લોકોને ઓછી હેરાનગત થાય તેવી રીતે કરવી.

ઘણો શ્રમ કરીને ઉપજાવેલી આ સૂચનાઓ ઉત્તમ છે, પણ તેમાં ખેડુતોને માટે પોતાના હકનો કંઇજ સ્પષ્ટ અથવા સમજાય તેવો નિયમ મળતો નથી અથવા જમાબન્દી અમલદારોને માટે વધારાની કઇ હદ બાંધી નથી એટલે જમાબન્દીઓ પૂર્વની પેઠેજ ચાલવા લાગી જમાઓ વધી પણ તેનાં કારણો ખેડુથી સમજી શકાયાં નહિ અને તે સંબંધે તેમનાથી તકરાર કરી શકાય નહિ. અને ૧૮૮૫ ના નિયમમાંથી લોકની આબાદી કેટલી વધી તે તો ૧૮૯૭ અને ૧૯૦૦ ના દુકાળોથી સાબીત થયું.

તે પછી કેટલાક માણસો જેમણે પોતાનાં જીવનનો શ્રેષ્ટ ભાગ હિન્દુસ્તાનના રાજ્યવહીવટમાં કહાડયો હતો તેમણે એ સવાલ હાથમાં લીધો. તેઓ હિન્દુસ્તાનની નોકરીમાંથી નિવૃત્ત થયા હતા, પણ હિન્દની રૈયતને-બને તેટલી મદદ કરવાની તેમની ઇચ્છા હતી. જ્યારે ૧૯૦૦ નું દુષ્કાળ સંકટ હજુ ચાલતું હતું તે વખતે તેઓ લન્ડનમાં મળ્યા અને સેક્રેટરિ ઑફ સ્ટેટને એક યાદી આપી–તેમાં જમીનના વહિવટમાં વધારે સ્પષ્ટ અને ખેડુતને વધારે મદદગાર થઇ પડે તેવા નિયમો ઘડવા માટે નીચેની પાંચ સૂચનાઓ કરી.

ત્રીસ વર્ષનો નિયમ. કોઇ પણ પ્રાન્તની અથવા તેના કોઇ ભાગની જમાની ફરી તપાસ પાછલીની તપાસને ત્રીસ વર્ષ પુરાં થયાં પહેલાં કરવી નહિ.

સાંથના અર્ધનો નિયમ. જ્યાં જમા જમીનદારો આપતા હોય ત્યાં

૧૮૮૫ ના સહરાનપુરનો નિયમ–એટલે તેવા જમીનદારની સાથના અરધે સરકાર હકની મર્યાદા બાંધવાનો નિયમ સર્વત્ર લાગુ પાડવો.

ચોખ્ખી ઉપજના અરધનો નિયમ. જ્યાં જમા ખેડુતો અપરોક્ષ રીતે આપે છે ત્યાં (એટલે મદ્રાસ અને મુંબઇના ઘણા ભાગોમાં) પાકી ઉપજના–એટલે ખેતીનાં ખરચની રકમ કુલ ઉપજમાંથી ઉદારતાથી કાપીને જે રહે તેના પચાસ ટકાની સરકાર હકની મર્યાદા બાંધવી; અને જે પ્રદેશોમાં ધારવામાં ચોખ્ખી ઉપજનું અડધ કુલ ઉપજના એક તૃતીયાંશ જેટલું ગણાય છે, ત્યાં પણ કુલ ઉપજના $\frac{1}{3}$ થી વધારે આ આંકડો આવવો જોઇએ નહિ.

વધારાનો નિયમ. જ્યાં જમા ખેડુતો અપરોક્ષ રીતે સરકારને ભરે છે ત્યાં. (૧) સરકારને ખરચે પાણી કામોના સુધારા થયા તે કારણથી અથવા (૨) પાછલી જમાબન્દીના ત્રીસ વર્ષના સરેરાશ ભાવોને ધોરણે પેદાશની કિમ્મતમાં વધારો થયો હોય તે કારણથી–જમીનની કિમતમાં વધારો થયો હોય તે પ્રસંગ સિવાય જમામાં વધારો કરવો નહિ.

પરચુરણ વેરાનો નિયમ. દરેક પ્રાન્તમાં જમીનના વેરા ઉપર પરચુરણ વેરા ચડાવવાની હદ બાંધવી જોઇએ. બંગાલની ૬½ ટકાની હદ વ્યાજબી છે; કોઇ પણ પ્રસંગે ૧૦ ટકાથી તો આ વેરા વધવા નજ જોઇએ.

આમાં અરજદારોએ કોઇ પણ નવો નિયમ સૂચવ્યો નહતો; કોઇ બહારનાં ધોરણો દાખલ કરવાની હિમાયત કરી ન હતી. હિંદુસ્તાનના જુદા જુદા પ્રાન્તોમાં નીપજી આવેલી જુદી જુદી પદ્ધતિઓ તેમજ પૂર્વના રાજપુરુષોએ કરાવેલાં ધોરણો પણ તેમણે સ્વીકાર્યાં; અને સામાન્ય રીતે સ્વીકારેલાં ધોરણોને અનુસરીને તેમણે નિયમો સૂચવ્યા. એમણે કાંઇ વિશાળ પગલાં ભરવાનું બતાવ્યું ન હતું, લૉર્ડ કેનિન્ગ અને લૉર્ડ લૉરેન્સને હાથે દાખલ થયેલા સ્થાયી બન્દોબસ્તોની નીતિ ફરીથી અખત્યાર કરવાનું તેમણે સૂચવ્યું ન હતું. અને આ ગ્રંથમાં અમે આગ્રહ કર્યો છે તેવી રીતે સ્થાનિક પરચુરણ

વેરા કાઢી નાંખવાનું પણ આ અરજદારોએ સૂચવ્યું ન હતું. તેમની ઇચ્છા એવા વેરાની માત્ર હદ બાંધવાનીજ હતી. તેમનો ભાવાર્થ એવોજ હતો કે જ્યાં બંગાળાની પેઠે સાંય ઉપર વેરા ઠરાવવામાં આવ્યા હોય ત્યાં સાંયના ૬૬ ટકાથી તે વેરા વધવા ન જોઇએ; અને બીજા પ્રાન્તોની પેઠે જ્યાં જમા ઉપર ઠરાવ્યા હોય ત્યાં તે જમાના દસ ટકા ઉપરાંત થવા ન જોઇએ.

આ યાદી સેક્રેટરિ ઑફ સ્ટેટે ઇન્ડિયા સરકારને મોકલી આપી; એટલે જમીનના આખા પ્રશ્નની 'ચર્ચા ફરીથી ઉપસ્થિત થઇ.' લૉર્ડકર્ઝને આ પ્રશ્ન તેની રાષ્ટ્રીય મહત્તાની ખરી કદર કરીને હાથમાં લીધો. અને પોતે જાતેજ ખ્યાન આપ્યું. પણ કમનસીબે એમણે ખુલ્લી તપાસ ન કરી અને લોકનાં મંડળો સભાઓ વગેરેના અભિપ્રાયો ન માગ્યા. એક ખેતીવાડી ઉપર નભનારી પ્રજાના કલ્યાણની સાથે આવો માર્મિક સંબંધ રાખનાર વિષયમાં લોકમતે બન્ને બાજુઓ જોવામાં વ્હાઇસરોયને મદદ કરી હોત; જુદા જુદા પ્રાન્તોના ખેડ હકના પરિચયવાળા પુરૂષોમાં કંઇ ચર્ચા થઇ હત તો કેટલી ભૂલો સુધરી ગઇ હોત. લૉર્ડ કર્ઝને માત્ર સ્થાનિક સરકારોનાજ અભિપ્રાય માગ્યા, અને સ્વાભાવિક રીતે સ્થાનિક સરકારોએ પોતાની પદ્ધતિના બચાવ કર્યા. તેમના ઠરાવમાં હક સરકાર હક ઠરાવવામાં સ્થાનિક સરકારોનો બચાવ સંક્ષેપમાં દાખલ કર્યો છે; અને તે ઠરાવ અરજદારોની અરજના જવાબ તરીકે પ્રસિદ્ધ કર્યો છે.

અરજદારોએ 'સ્થાયી જમાબન્દી' નો વિસ્તાર કરવાની માગણી કરીજ નહતી. ઘણાઓ આવા વિસ્તારને ઇષ્ટ પણ માનતા નહતા; તેમણે એવા સુધારાની માગણી કરી હતી કે જેમાં સર્વ એક મત હતા અને જેમાં વર્તમાન પદ્ધતિમાં કંઇજ ફેરફાર કરવાની જરૂર નહોતી. છતાં લૉર્ડ કર્ઝને જે દરખાસ્ત અરજદારોએ કરી નહતી તેના વિષયમાં પ્રવેશ કરીને જમાબન્દીના સ્થાયી બન્દોબસ્તને અપ્રશસ્ત ઠરાવ્યો.

તે ઠરાવમાં લખે છે કે "આગળના કાળમાં આખા હિન્દુસ્તાનમા

સ્થાયી જમાબન્દીનો બન્દોબસ્ત કરવાની હિમાયત કરનાર એક મત પ્રવર્ત્તતો હતો; હાલના ઇન્ડિયા સરકારના દોષશોધકો એ મતના હોય એમ જણાય છે. " "કોઇપણ સુધરેલા દેશના અનુભવથી જે રીતને ટેકો મળતો નથી તે ખેડહકની રીતને એક નમુનાદાર રીત તરીકે માનવી એમાં ખેડુતનું હિત સમાયલું છે એમ ઇન્ડિયા સરકાર શુધ્ધ બુદ્ધિથી માની શકતી નથી. "

આગલા કાળના જે મત ઉપર આ કટાક્ષ છે તે મત લૅાર્ડ કૅાર્નવૅાલિસ, અને સર ટૅામસ મન્રો, લૅાર્ડ વેલ્સલી; અને લૅાર્ડ હેસ્ટિંગ્સ, લૅાર્ડ કેનિન્ગ અને લૅાર્ડ લૅારેન્સનો, લૅાર્ડ હેલિફેક્સ અને લૅાર્ડ ઇડ. લૅંડેનો છે; અને તે પ્રસિદ્ધ રાજ્યપુરુષો જેમણે પોતાના બળથી, ડહાપણથી તેમજ લોક ઉપર દયાશીલતાથી હિન્દનાં સામ્રાજ્યનો મહેલ બાંધ્યો છે, તેમની કીર્ત્તિને એક સામ્રાજ્યમદમત્ત રાજ્યપુરુષના કટાક્ષથી ઝાંખ નહિ લાગે અને જ્યારે લૅાર્ડ કર્ઝન ઉમેરે છે કે જમાનો સ્થાયી બન્દોબસ્ત કોઇપણ સુધરેલા દેશના અનુભવથી અભિમત નથી, ત્યાં પોતાના દેશનોજ ઇતિહાસ એ ભૂલી જાય છે. લૅાર્ડ કૅાર્નવૅાલિસે બંગાળામાં સ્થાયી જમાબન્દી કરી તે પછી પિટે ૧૭૯૮ માં ઇંગ્લંડમાં જમીનનો કર કાયમનો કર્યો એટલુંજ નહિ પણ સામટી રકમ આપીને તે કરમાંથી હમેશને માટે મુક્તિ મેળવી શકાય એવો પણ ઠરાવ કર્યો હતો.

પણ ઇંગ્લંડના કરતાં આ દેશમાં કાયમ જમા વધારે મજબૂત અને સફળ છે. ઇંગ્લંડમાં તો એવી રીતના બન્દોબસ્તથી માત્ર જમીનદારને ફાયદો થયો છે કારણ કે તેઓજ એકલા માલીક છે; બંગાળામાં તેનો લાભ આખી પ્રજાને મળે છે, અને જમીનદાર કરતાં ખેડુતને વધારે—કારણ પ્રથમ દરજ્જે જમીનના માલીક ખેડુતો છે. ઇંગ્લંડમાં પ્રજાની આવકનાં અનેક સાધનો-માંના એક સાધન ઉપર આ અયોગ્ય હદ બાંધી છે; બંગાળામાં તેમાં ખેતીનું રક્ષણ સમાયલું છે, અને વાસ્તવિક રીતે ખેતી એકજ રાષ્ટ્રીય ઉપજનું સાધન છે. ઇંગ્લંડમાં તેની અસર શ્રીમંતને વધારે શ્રીમંત બનાવ-

વાની, નિર્ધનને વધારે નિર્ધન બનાવવાની છે. બંગાળામાં તે શ્રીમંત કરતાં ગરીબને—લાખો ખેડુતને મદદ કરે છે. ઇંગ્લંડમાં એક નાના વર્ગની લક્ષ્મીમાં એનાથી વધારો થયો છે; બંગાળામાં એણે પ્રજાને વધારે આબાદ બનાવી છે, અને બીજા પ્રાન્તોમાં લાખોના જાન લેનાર દુષ્કાળના પંજામાંથી બચવાને વધારે લાયક કરી છે.

પરંતુ ઉપર બતાવ્યું છે તેમ સ્થાયી જમાબન્દીનો સવાલ અરજીમાં ઉપાડ્યો જ ન હતો.

હવે, ઉપરની પાંચે સૂચનાઓના સંબંધમાં લોર્ડ કર્ઝનના ઠરાવમાં શું કહેલું છે તે આપણે જોઇએ:—

ત્રીસ વર્ષનો નિયમ. ઉત્તર હિન્દુસ્તાન, મદ્રાસ અને મુંબઇમાં ત્રીસ વર્ષને માટે જમાનો બન્દોબસ્ત થયેલો છે, પણ પંજાબ અને મધ્ય પ્રાન્તોમાં હાલમાં વીસ વર્ષનું ધોરણ કરેલું છે. પ્રથમનો ત્રીસ વર્ષનો નિયમ પુનઃ અમલમાં મૂકવાની અરજદારોની અરજ હતી. લૉર્ડ કર્ઝન વ્યવહારમાં હાલ જે ફેરફાર છે તે વાજબી છે એમ બતાવે છે, પણ તે ફેરફાર ભવિષ્યમાં નષ્ટ થશે એવી આશા આપે છે. ઠરાવમાં કહેછે કે,

" આ ભેદનાં કારણો દેખીતાં જ છે. જ્યાં ખેતી અધુરી નહોય, જમા વાજબી બંધાઈ ગઇ હોય, અને ખેતીની પેદાશમાં બહુ વધઘટો ન થતી હોય, ત્યાં એક જમાનામાં એકવાર જમાબન્દીનો નિર્ણય થાય તે બસ છે. પણ જ્યાં એથી ઉલટી સ્થિતિ છે ત્યાં, એટલે જમીનો ઝાઝી પડતર રહેતી હોય, જમા હલકી હોય, અને ખેતીની વધઘટ હોય; અથવા માર્ગો, રેલ્વે, અને ન્હેરો બંધાવાથી અથવા વરતી કે ભાવોમાં વધારા થવાથી દેશની સમૃદ્ધિ ત્વરાથી વધતી હોય ત્યાં, જમાની ફરી આંકણી કરવાનું ત્રીસ વર્ષ સુધી મુલતવી રાખવું એ લોકને નુકસાનકર્ત્તા છે, અને સામાન્ય રૈયતને-કર ભરનારાઓને બેરબન્સાફ ભરેલું છે; કારણ કે લોક એકદમ વધારો થાય તે સહન કરી શકે તેમ નથી અને કર ભરનારાઓને વધારાની આવકનો જે

લાભ જ્યારે મળવો જોઇએ ત્યારે તે લાભ મળતો નથી, પણ અમુક વર્ષ સુધી મુલતવી રહે છે. પંજાબ અને મધ્યપ્રાન્તોમાં ટુંકી મુદતની જમાબન્દી મંજુર કરવાનાં આ કારણો અત્યારે લાગુ પડે છે કે નહિ અને અત્યારે લાગુ પડતાં હોય તો વખત જતે સંયોગો ફરતાં તેનું બળ ઓછું થશે કે કેવી રીતે તે પ્રશ્ન ગંભીર છે; અને તે ઉપર યોગ્ય સમયે ગવર્મેન્ટ ઓફ ઇન્ડિયા વિચાર કરશે. "

આ ભેદનાં જે કારણો આપ્યાં છે તે ઐતિહાસિક દૃષ્ટિએ ખોટાં છે, ૧૮૬૩-૬૭ માં મધ્યપ્રાન્તોમાં ખેતી ૧૮૯૫ ના પ્રમાણમાં પછાત હતી, જમા પણ હલકી હતી અને રેલ્વે અને રસ્તાઓની ખામી વધારે હતી. છતાં ૧૮૬૩ માં ત્રીસ વર્ષની મુદતની જમાબન્દી કરવામાં આવી અને ૧૮૯૫ માં માત્ર વીસની! ઉત્તરહિન્દુસ્તાન અને મુંબઇમાં ૧૮૩૩-૩૭ માં ખેતીની સ્થિતિ અને સાધનોનો સદ્ભાવ પંજાબમાં આજ છે તેના કરતાં ઓછો હતો. છતાં તે દિવસે ત્યાં ત્રીસ વર્ષની જમાની મુદત હતી અને આજ પંજાબમાં વીસ વર્ષની ચાલે છે! હકીકત એ છે કે તે વખતે લોકોને લાંબા પટાનો લાભ આપવાનો વિચાર હતો; એક જમાનાની જીંદગાની પર્યંત તમામ સુધારાવધારાનાં ફળ લોકોને ભોગવવા દેવાની વૃત્તિ હતી; અને ત્રીસ વર્ષ સુધી કોઇ પણ પ્રકારની હેરાનગતિમાંથી તેમને મુક્ત રાખીને સુધારા કરવાની લાલચ આપવાનો હેતુ હતો, પરંતુ વધારે ત્વરાથી વધારા કરવાની સાંકડી ઇચ્છાથી ૧૮૯૫ ની નીતિ જન્મ પામી છે અને તેનાં ફળ જોતાં તે નીતિ સ્વતઃ અપ્રશસ્ત ઠરી છે. પંજાબ અને મધ્યપ્રાન્તના લોકો છેલ્લા વાક્યમાં બતાવેલી આશાનો લાભ થવાની આતુરતાથી રાહ જુએ છે.

ચોક્ખી ઉપજના ૫૦ ટકાનો નિયમ:-આ નિયમના સંબંધમાં લૉર્ડ કર્ઝનની સરકાર નીચે પ્રમાણે લખે છે:-"૫૦ ટકાનું ધોરણ નિયત અને અડગ નિયમ તરીકે કોઇ ઠેકાણે ઠરાવવામાં આવ્યું નથી તોપણ અસ્થાયી જમાબન્દી-વાળા પ્રદેશોમાં એ ધોરણ ઉપર આવવાનું વલણ છે, અને કેટલાક વિશિષ્ટ

પ્રસંગોમાં તો એનાથી ઘણો હલકો ભાગ લેવાય છે. આ બાબતમાં તાજેતર નિયમો કાઢવાનું પન્ડિયા સરકારને જરૂરનું લાગતું નથી, કારણ કે એમની નીતિ આ સંબંધમાં બહુ સ્પષ્ટ છે; અને સ્થાનિક પ્રસંગોને લીધે કોઇ ઠેકાણે અપવાદ હોય, પણ તે સિવાય હવે એક સરખો વ્યવહાર ચાલે છે."

૧૮૫૫ ના સહરાનપુરના નિયમોમાં તેમજ ૧૮૬૪ ના સર ચાર્લ્સ વુડના પત્રોમાં આર્થિક સાંથના ૫૦ ટકાનો નિયમ સ્પષ્ટ શબ્દોમાં ઉપદેશવામાં આવ્યો છે; અને મધ્યપ્રાન્તોમાં અને બીજે ઠેકાણે આ હદનું ઉલ્લંઘન થયું છે તે આપણે પાછળ જોયું છે. ઉપરના ઉતારાથી આપણને એટલું સમજાય છે કે હવે પૂર્વની હદ ઉપર પાછા જવા તરફ વૃત્તિ વધતી જાય છે. ભવિષ્યમાં એ હદનું ઉલ્લંઘન નહિ થાય એવી હિન્દુસ્તાનની પ્રજા આશા રાખે છે.

ઉપજના ૫૦ ટકાનો નિયમ:—આ બાબતમાં સરકાર અરજદારોની માગણી બરાબર સમજી નથી. અરજદારોએ બેવડી મર્યાદા બતાવી હતી. "(૧) જમા ચોખ્ખી ઉપજના અરધ કરતાં વધતી ન હોવી જોઇએ; અને કેટલાક ભાગોમાં કુલ ઉપજના ⅔ કરતાં વધી જાય છે ત્યાં તે પ્રમાણે વધતી ન જોઇએ." સરકાર લખે છે કે:—અરજદારો કુલ ઉપજના ⅔ નું જે ધોરણ બતાવે છે તે જો પધ્ધતિસર દાખલ કરવામાં આવે તો સર્વત્ર જમામાં વધારો થશે."

અરજદારોએ આવું ધોરણ પધ્ધતિસર લાગુ પાડવાની ભલામણ કરી જ નથી. એમણે માત્ર મહારની હદ જ બતાવી છે. ગુજરાતમાં ચોખ્ખી ઉપજનું અરધ કહીને જે રકમ લેવાય છે તે ઘણાં ગામડાંઓમાં અને ઘણાં ખેતરોમાં કુલ ઉપજના ⅔ થી વધારે થાય છે. મદ્રાસમાં એમ ધારી લેવામાં આવ્યું હતું કે કુલ ઉપજનો ⅔ તે ચોખ્ખી ઉપજનો ½; અને તે ધારણ ઉપર જમા તરીકે કુલ ઉપજનો ⅓ ઘણી વખત આકારવામાં આવતો. આ ભૂલભરેલી ગણત્રી સુધારવાને માટે અરજદારોએ આ બીજી હદ બતાવી

હતી. અને જો આ બીજી હદ પણ સરકાર સ્વીકારે તો મુંબઇ અને મદ્રાસનાં ઘણાં ગામડાંઓ અતિશય જમાના સંકટમાંથી બચે.

વધારાનો નિયમ:-અરજદારનો હેતુ લૉર્ડ રિપનનો જે હેતુ હતો તેજ હતો: એટલે જે કારણો માટે સરકાર જમા વધારવાને પોતાને હકદાર માનતી હોય તે કારણોનું સ્પષ્ટ અને વિશેષ નિર્વચન કરવું. લૉર્ડ રિપનના અભિપ્રાય પ્રમાણે ભાવના વધારાને જમાના વધારાના કારણ તરીકે સ્વીકારવાનું એમને યોગ્ય જણાયું; અને તેમાં સરકારના પાણીકામથી થયેલા સુધારાનું કારણ તેમણે ઉમેર્યું. અરજદારનો હેતુ એવો હતો કે ખેડુતે અને માલીકે જાણવું જોઇએ કે સરકાર વિશિષ્ટ અને ધન્સારી કારણો સિવાય જમામાં વધારો કરતી નથી—અને અત્યારે બંગાળાના બાનગી જમીનદારોના રહામું એમને જે રક્ષણ છે તેવું રક્ષણ સરકારના રહામું પણ એમને મળવું જોઇએ. આ સલામતી ખેડુતને આપવાની લૉર્ડ કર્ઝનની સરકારે નાપાડી. તેનાં કારણો કે:—

ભાવનો વધારો એજ જોકે એક ખોટી અને એકતરફી કસોટી છે. છતાં એ સિવાય બીજા કોઇ પણ પ્રસંગમાં સરકારનો હક, જમીનની કિમ્મતના વધારામાં ઉત્પન્ન થતો હક—બોજ દેવો, એનો અર્થ **સરકારે** રેલ્વે અને નહેરો વગેરે જેવાં મોટાં જાહેર બાંધકામોનાં ભારે ખરચો કરીને જમીનની કિમ્મતમાં કંઇક અંશે વધારે કર્યો હોય—અને કંઇક અંશે વધતાં જતાં સાધનોથી અને નાગરિકતાના ચઢીઆતા ધોરણને લીધે કિમ્મતમાં પોતાની મેળેજ વધારા થયા હોય તે, વધારાનો ભાગ જે ખેડુતો પોતે રળ્યા નથી—તે અમુક વ્યક્તિઓને મફત આપી દેવો એવોજ થાય છે.

આ આખી દલીલમાં નિર્ણય કરવાના સવાલની કેફિયત જ ખોટી છે. અરજદારોએ રાજ્યના વાજબી હકો આપી દેવાની માગણી કરી જ નથી, સરકારના ઠરાવમાં લખેલાં કારણો અરજદાર પોતેજ આપે છે. જો નહેરોથી પેદાશ વધે તો સરકાર જમા વધારવાને હકદાર થાય છે. જો રેલ્વેથી ભાવ

વધે તો સરકાર જમા વધારી શકે છે. જો 'વિકાસનાં સાધન' અને 'નાગરિકતાના ચઢીઆતા' ધોરણથી ભાવ વધે તો તેના પ્રમાણમાં જમા વધારવાનો પ્રતિબન્ધ નથી. પણ, અરજદારની અરજ હતી કે આમાંનાં કાંઇ કારણો વિદ્યમાન ન હોય તો રાજ્યે સ્વચ્છંદથી દરેક નવી જમાબન્દી વખતે જમા વધારવી ન જોઇએ અને અરજદારની આ દલીલનો જવાબ વાળવામાં આવ્યો નથી.

હિન્દુસ્તાનમાં, વિકાસ પામતાં સાધનોથી કે વધતા જતા નાગરિકતાના ધોરણથી ખેડુતને જે લાભો મળવાના તે પેદાશના કે ભાવના વધારામાંજ નિરૂપિત થાય છે. જો ન્હેરોથી એની પેદાશ વધી હોય, જો રેલ્વે અથવા રસ્તાઓથી ભાવો વધ્યા હોય તો ઇન્સાફની રૂઇએ—પ્રમાણમાં વધારે જમા આપવાને તે પાત્ર છે. પણ જો પેદાશમાં કે ભાવમાં કંઇ વધારો ન થયો હોય, જો એની આર્થિક સ્થિતિ પૂર્વના જેવીજ રહી હોય, તો તેનો પડોશી રેલ્વેમાં મુસાફરી કરે કે તેના શાહુકારને અદાલત નજીકમાં આવે તેટલા માટે જમાબન્દી અમલદારને ખેડુત પાસે વધારે લેવાનો શો હક પ્રાપ્ત થાય છે? જમીન પાક વધારે આપતી ન હોય, અથવા તે પાક વધારે નાણાં લાવતો ન હોય તો ખેડુતને જે લાભ મળ્યો નથી તેને માટે એનો કર વધારવાનો છે; વધતી જતી નાગરિકતાના પરિણામમાં એને વધારે નિર્ધન બનાવવાનો છે.

પરચુરણ વેરાના નિયમ:-પરચુરણ વેરાઓ ૧૮૫૫ અને ૧૮૬૪ ના ચોખ્ખી ઉપજના અથવા સાંથના ૫૦ ટકાના નિયમને અરજદાર કરે છે તે ઉપર જતાવાયું છે. તેમજ તે વેરા સખ્ત અને અન્યાયી છે એ પણ સમજાવ્યું છે. પણ અરજદારો તે વેરા રદ કરવાની સૂચના કરતા નથી. એ વેરાને નિયત મર્યાદામાં લાવી મૂકવાનું જ માત્ર સૂચવે છે. આ મર્યાદા સાંથ ઉપર ૬½ ટકાની અને જમા ઉપર ૧૦ ટકાની એમ અરજદાર સૂચવે છે. ઉત્તરહિન્દુસ્તાનમાં પંજાબમાં તેમજ મધ્યપ્રાન્તોમાં હમણાં જે દર છે તે આ મર્યાદા કરતાં બહુ આગળ વધી ગયેલા છે. આ બાબતમાં કાંઇક આરામ મળવાની તે ઠરાવના નીચેના શબ્દોથી આશા રહે છે.

"એવો વ્હેમ રાખવાને કારણ છે કે સંવિભાગમાં પુરો ન્યાય થતો નથી, અને જમીનદારો પોતાના ઉપરથી ખેડુત ઉપર બોજો નાંખે છે. આ અન્યાયનો રસ્તો કરવો એ અત્યારે લોક આટલું બધું પછાત હોવાથી બની શકે એમ નથી. અને જેમ જેમ તક મળતી જાય તેમ તેમ ખેડુત ઉપર જે વેરા કાયદાની ધારણા કરતાં વધારે સખ્તાઇથી પડે છે તે ઓછા કરવા એજ વધારે સારૂં છે કે નહિ એ પ્રશ્ન અમને વારંવાર થાય છે. આવો આરામ આપવાનો માર્ગ જડશે તો સરકાર ઘણી ખુશીથી આરામ આપશે."

આ શબ્દો લખ્યાને બે વર્ષ થઇ ગયાં છે. ૧૯૦૧ અને ૧૯૦૨ ના માર્ચમાં મોટી સીલીકોવાળાં બે બજેટો પસાર થઈ ગયાં છે. પણ ૧૮૭૧ વાળી અધિકાર સંવિભાગની યોજના પછી મુકાયલા નવા વેરામાંથી એકપણ વેરો રદ કર્યો નથી.

ઉપસંહાર.

મદ્રાસ અને મુંબઇના માલકી હકવાળા ખેડુતો રાજ્યના પ્રત્યક્ષ સંબંધમાં હોવા છતાં બંગાળાના ખાનગી જમીનદારોની રૈયત કરતાં ઓછી સલામતી ભોગવે છે એ બહુ શોકજનક છે. બંગાળાનો ખેડુત પોતાની પેદાશના ૧૧ ટકા જમીનદારને આપે છે; ગુજરાતનો ખેડુત ૨૦ ટકા રાજ્યને આપે છે. બંગાળાનો ખેડુત, જમીનદાર એની પાસે જે વિશિષ્ટ કારણોથી વધારે સાંથ માગી શકે તે કારણો જાણે છે; મદ્રાસ અને મુંબઇનો ખેડુત, આવતી જમાબન્દી વખતે સરકાર કયા કારણથી એની જમામાં વધારો કરશે તે જાણતો નથી. બંગાળાનો ખેડુત આ વધારાની હદ પહેલેથી જાણી શકે છે; મદ્રાસ અને મુંબઇના ખેડુતને જમાબન્દી અમલદાર આવતી વખત કેટલી જમા ઠરાવશે તેની કાંઇજ ખબર નથી. અતિશય માગણીની રહામે બંગાળાનો ખેડુત અદાલતો પાસે દાદ માગી શકે છે; મદ્રાસ અને મુંબઇની રૈયતને તેવી દાદ માગવાને માટે સ્વતન્ત્ર અદાલત પણ નથી. સાંથની નિશ્ચિતતા અને

સ્પષ્ટતાને લીધે બંગાળાના ખેડુતને ખેડહકની કદર છે અને શાહુકારના પંજામાંથી તે મુક્ત રહી શકે છે. સરકાર હકની અનિયતતા અને અસ્પષ્ટતાને લીધે મદ્રાસ અને મુંબઇની રૈયત આશા વિના, ઉત્સાહ વિના, બચાવવાની લાલચ વિના, ખેતી કરે છે, અને વર્ષ જતાં જાય છે તેમ તેમ કરજમાં ડુબતો જાય છે. આ માલીક-ખેડુતને બંગાળાના જેવી કંઈક સલામતી આપવાની માર્કિવસ ઑાફ રિપને ઇચ્છા કરી; પણ સેક્રેટરી ઑાફ સ્ટેટે ૧૮૮૫ માં તેમની દરખાસ્ત રદ કરી. હિન્દુસ્તાનના મુગ્ધ ખેડુતના મિત્રોએ પાછલા સૈકાનાં છેલ્લાં વર્ષોમાં એવી સલામતી આપવાની વકાલાત કરી; પણ લૅાર્ડ કર્ઝનની સરકારે ૧૯૦૨ ના જાન્યુઆરીમાં તેમની અરજ માંડી વાળી.

પ્રકરણ ૪ થું.

વેપાર અને ઉદ્યોગ.

૧૬૦૦ ઇન્ડિયા કમ્પનીની ઈર્ષ્યાલુ વ્યાપારનીતિથી આપણી બધી જુની કારીગરીઓ—જેને માટે આપણો દેશ પ્રખ્યાત હતો તે નષ્ટ થઇ હતી; અને જ્યારે ૧૮૩૭ માં મહારાણી વિક્ટોરિઆ ગાદીએ બેઠાં તે વખતે ખેતીરૂપી માત્ર એક રાષ્ટ્રીય ઉદ્યોગ આપણા લોકોને માટે રહેલો હતો. ૧૮૫૮ માં તાજે અપરોક્ષ કારભાર ગ્રહણ કર્યો તે વખત પછી પણ નવા હુન્નરોને પોષણ કરવા તરફ કાંઈ જ કરવામાં આવ્યું નથી. અને હજી સુધી પણ આપણા કારીગરો તેજ નિર્ધન અવસ્થા ભોગવે છે. અને જો કે વખતોવખત કેટલાક પ્રયોગો કરવામાં આવે છે, પણ જે મોટાં હિત એમાં સમાયલાં છે તેને અનુરૂપ ફાંટજ થતું નથી.

કપાસ—ઓગણીસમા સૈકાની શરૂઆત સુધી સુતર કાઢવાનું, કાંતવાનું તથા વણવાનું એ રાષ્ટ્રીય ધન્ધા હતા. રેંટીઓ અને સાળ—એ બેનો વપરાશ સાર્વત્રિક હતો; અને ઉમર લાયક સ્ત્રીઓની લગભગ અરધી સંખ્યા પોતાના પતિ કે પિતાની આવકમાં પોતાની મહેનતથી ઉમેરો કરતી. આપણા દેશનાં ગામડાંઓની જીવનપદ્ધતિને આ હુન્નર ખાસ કરીને અનુકૂળ પડે તેવો હતો. મોટાં કારખાનાં નહોતાં; પણ દરેક સ્ત્રી ચોરેથી રૂ લઇ આવતી અને સુતર કાંતીને વણકરને વેચતી, અને વણકરો માલ તૈયાર કરીને કાપડના વેપારીઓને આપતા. આવી રીતે તૈયાર કરેલો પુષ્કળ માલ આરબ ડચ અને પોર્ચ્યુગિસ—લોકો ચઢાવતા; અને આપણા દેશના આ બહોળી કમાણી આપતા વેપારને માટે યુરોપની જુદી જુદી પ્રજાઓ એકબેકની સાથે હરીફાઇમાં ઉતરતી. પણ જ્યારે ઇસ્ટ ઇન્ડિયા કમ્પનીએ આપણા દેશમાં મુલક કર્યો ત્યારે એણે આ નીતિ ઉલટાવી નાંખી. હિન્દુસ્તાન અને યુરોપ વચ્ચેની વણઝારીથી સંતોષ ન માનીને—બ્રિટિશ કારખાનદારોએ બ્રિટિશ માલને ઉત્તેજન આપવા માટે દેશી કારીગરીઓનો નિગ્રહ કરવાનો આદર કર્યો. એમની મોટી ભાવના એ હતી કે હિન્દુસ્તાનને કાચો માલ પેદા કરનાર દેશોમાં ટોચે પહોચાડવો; અને કારીગરીના ઉદ્યોગોમાં ગ્રેટબ્રિટનના આશ્રયમાં મૂકવો. આ નીતિ કેવી રીતે ચલાવવામાં આવી અને પરિણામે તેમાં કેવો જય મળ્યો તે પાછળ આવી ગયું છે.

પાછળથી જ્યારે હાથની સાળોને બદલે યુરોપમાં સર્વત્ર સાંચાની સાળો થઇ ગઇ ત્યારે આપણા ધનિકોએ આપણા દેશમાં સાંચાનાં કારખાનાં કાઢવા માંડ્યાં. આથી લેન્કેશિયરના કારખાનદારોને ૧૮૧૩ થઇ અને ૧૮૭૪ થી ૧૮૭૯ સુધી ચલાવેલી કોશનીતિ આપણે જોઇ ગયા. આ પછીના પ્રકરણમાં એ દુઃખદ વાત સૈકાના અંત સુધી લાવી મૂકીશું.

પણ હજી કેટલાક અંશમાં હાથની સાળો હિંદમાં જીવે છે. કારણો શોધવાં પડે એવું નથી. હિન્દુસ્તાન ખાસ કરીને નાના ઉદ્યોગોનો અને નાનાં

ખેતરોનો મુલક છે. ઈંગ્લંડમાં જમીન મ્હોટા જમીનદારોના હાથમાં છે, અને ખેડુતો તો માત્ર ખેતી કરવાવાળા મજુરોજ છે. પણ આપણા દેશમાં પહેલે દરજ્જે જમીન નાના ખેડુતોની છે; એમને પોતાનાં ખેતરો ઉપર વંશપરંપરાનો હક છે અને જમીનદાર જ્યાં સુધી તેઓ સાંથ આપે જાય ત્યાં સુધી તેમને કાઢી શકતો નથી. તેજ રીતે દેશની જુદી જુદી કારીગરીઓ પણ નાના નાના કારીગરો પોતાના ગામોમાં અને ઝુપડાંઓમાં ચલાવતા. મોટા ધનિકોની માલકીનાં પગારદાર મજુરોથી ચાલતાં કારખાનાંનો વિચાર હિન્દના મનને પારકો હતો. અને ધનથી ઘણું સારાં ફળ ઉત્પન્ન થાય છે તોપણ આપણો કારીગર જ્યારે પોતાના ખેતરમાં કે પોતાની સાળ ઉપર કામ કરે છે ત્યારે–મર્તબામાં, બુદ્ધિમાં, દીર્ઘ દૃષ્ટિમાં અને સ્વાશ્રયિતામાં જેટલો ઉંચો હોય છે તેટલો પગારદાર મજુર તરીકે મોટા જમીનદારને ત્યાં કે મોટા કારખાનદારને ત્યાં કામ કરતો હોય ત્યારે હોતો નથી. અને દરેક સાચા હિન્દવાનને આશા છે કે હિન્દુસ્તાન નાની ખેતીને બદલે જમીનદારીથી છવાઈ ન જાય; અને ધનાઢયોના હુમલાઓમાંથી આપણા નાના કારીગરો કંઇક પણ બચે.

જે વણકરો હાથની સાલનો વંશપરંપરાનો ધન્ધો હજી ચલાવે છે તેમને મદદ કરવા માટે યત્નો થયા છે. તેમની રીતોમાં સુધારા કરવા જેવા છે, અને સુધરેલી સાલો વાપરે તો તેઓ વધારે કામ કાઢી શકે એવી સ્થિતિ છે. જુદી જુદી જગાઓમાં તેના પ્રયોગો થાય છે અને ખાસ કરીને મદ્રાસમાં. આનું ફળ શું થશે તે હજી કહી શકાય તેમ નથી પણ એવો વિશ્વાસ છે કે કેટલાક માલને માટે તો હાથની સાળો–જરૂરના સુધારા કરવાથી–આવશ્યક થઇ પડશે. આવા પરિણામથી નિર્ધનતાના કૂપમાં બહુજ ઊંડા ઉતરી ગયેલા અને દુકાળના ભોગ થઇ પડનારા આપણા લાખો હિન્દુ–મુસલમાન વણકરોને મદદ મળશે. અને માથે એક સુધરેલા રાજ્યતન્ત્રને આ હુન્નરી કોમોનો

ઉદ્ધાર કરવા કરતાં અને આપણી પ્રાચીન કારીગરીને સજીવન કરવા કરતાં બીજી વધારે પવિત્ર ફરજ નથી.

રેશમ. રેશમની કારીગરી પણ ઇસ્ટ ઇંડિયા કમ્પનીના વખતથી ઉતરી ગઇ છે, અને એનો નિકાસ પણ નજીવો છે. હિન્દુસ્તાનના મોટા ભાગમાં ટસર રેશમ થાય છે, અને દેશમાં વાપરવા માટે તેમજ પરદેશ ચઢાવવા માટે જથ્થાબંધ કાપડ તૈયાર થાય છે. આસામમાં હજી સ્ત્રીઓનો સામાન્ય પહેરવેશ રેશમનોજ છે. આ ઉદ્યોગ ઘરમાંજ ચાલે છે અને દરેક સ્ત્રી પોતાને માટે પોતેજ સાડી બનાવે છે. ઝીણું કૌશેય પણ બંગાળામાં થાય છે; અને હવે તેમાં પણ બીજની પરીક્ષામાં વૈજ્ઞાનિક રીતિએ સુધારા કર્યા છે. કાશ્મીરમાં આ ઉદ્યોગ—સ્વદેશી છે, અને યુરોપમાંથી 'તન્દુરસ્ત–બીજ' મંગાવી, રેશમ સુધારવા રાજ્ય તરફથી યત્નો થાય છે. હિન્દુસ્તાનના રેશમના વણકરો–પોતાના ધન્ધામાં ઊંચાગાં ઊંચી કુશળતા ધરાવે છે; અને સમર્થ અને ઉત્સાહી દેખરેખથી અને ધનની મદદ મળે તો આ ધન્ધો પાછો સજીવન થાય અને વધે એવો પૂર્ણ સંભવ છે.

ઉન. ઉનના જાડા કાંબળાનો વણાટ હિન્દુસ્તાનના ઘણાખરા ભાગોમાં ચાલે છે. કાશ્મીરનો શાલતો–ધન્ધો ખાસ કારીગરીમાં તો લગભગ પડી ભાંગ્યો છે; અને એવી ઊંચી શાલો તો હવે ઘણીજ થોડી અને કોઇક તૈયાર કરાવે ત્યારેજ વણાય છે. પણ પંજાબ ઉનના કારખાનાનું હજી એક કેન્દ્ર છે; અને વિશેષે કરીને ગલીચાનું. મદ્રાસનાં ગલીચાનાં કારખાનાં પણ મહત્ત્વનાં છે

૧૯ મા સૈકાના છેલ્લા દસકામાં ઉનનાં કારખાનાંઓ યુરોપીયન ધનથી અને યુરોપીયનની દેખરેખ નીચે પ્રથમ કરતાં બમણો માલ પેદા કરતાં થયાં છે. ૧૯૦૧ માં ૫૯૪ સાલો, અને ૨૨૯૮૬ તાકો હતી. આ કારખાનાં ઘણું કરીને લશ્કરને માટે અને પોલિસને માટે માલ બનાવે છે.

શણ. શણની પેદાશનો બંગાલને અનન્યાધિકાર છે. દરવર્ષ સરાસરી બે કરોડ હંદ્રવેટ શણ પાકે છે. આનું અરધ એમને એમ યુરોપ ચઢે છે;

બાકીનું અરધ શણનાં કારખાંનાંઓમાં અથવા ઘરમાં કોથળા અને કાપડ વણવામાં જાય છે. ૧૯૦૧ માં શણનાં ૩૫ કારખાનાં હતાં, ૮૨૧૮ સાલો હતી અને ૧૭૧૧૪૮ તાકો હતી. અને તે પછીના વર્ષમાં તાકો અને સાલોની સંખ્યા લગભગ બમણી થઇ.

પણ બધું જોતાં મિલનો ઉદ્યોગ હજી બાલ્યાવસ્થામાં છે. અને આમાં રોજી કમાતા કારીગરોની સંખ્યા કેવળ નજીવી છે. ૧૯૦૧ માં સુતરની મીલોમાં ૧૭૩૭૦૮ માણસો, શણની મિલોમાં ૬૪૭૦૦ માણસો રોજી કમાતા હતાં. અને સ્વદેશી ગૃહ—ઉદ્યોગો બાદ કરતાં બીજા ઉદ્યોગોમાં કોઇ એવા નથી કે જે ૨૦૦૦૦ માણસોને કમાવતા હોય.

ગણીનાં કારખાનામાં ૧૭૩૦૦૦ માણસોઃ શણ દબાવવામાં ૨૦૦૦૦; સુતરનાં જીનોમાં, પ્રેસોમાં ૫૨૦૦૦; ઇમારતી લાકડાંનાં કારખાનાંઓમાં ૮૦૦૦ બુનદાણાનાં કારખાનાઓમાં ૫૦૦૦ અને તેલના કારખાનાઓમાં ૪૦૦૦.

લોખંડ અને પીતળનાં ભરત કામમાં ૧૮૦૦૦; અને કારખાનાંઓમાં ૧૦૦૦૦; છાપખાનાઓમાં ૧૩૦૦૦; લાખનાં કારખાનાઓમાં ૫૦૦૦; રેશમના ઉદ્યોગોમાં ૧૪૦૦૦; અને કાગળની મિલોમાં ૫૦૦૦; ઉનનાં કારખાનાંઓમાં કામ કરતા માણસોની સંખ્યામાં ૧૮૫૨ થી ૧૯૦૧ સુધીમાં ૧૬ ટકાનો વધારો થયો છે.

કાગળ. ૧૯૦૧ માં કાગળની નવ મિલો હતી. અને ચાર કરોડ ૭૦ લાખ રતલ કાગળ તૈયાર થયો હતો. ઇન્ડિયા સરકાર પુલ્પકેપ, બ્લોટિંગ અને નોટપેપરનો પોતાના ઉપયોગ માટે ઘણો જથ્થો આમાંથી લે છે; તોપણ દરવર્ષે ૧૫૦૦૦ પાઉંડનો માલ યુરોપથી મંગાવે છે.

તાંબાપીતળ:—હિન્દુઓનાં ઘરખપનાં વાસણો ઘણું કરીને પીતળનાં હોય છે; મુસલમાનો તાંબાનાં વાપરે છે. પીતળનો ઉદ્યોગ હજી એક એવો રહ્યો છે કે જેમાં પરદેશની હરીફાઇ નથી પરંતુ ઇનામલનાં વાસણો હવે

ધીમે ધીમે હિન્દુ ઘરોમાં પથરાવા માંડયાં છે. જણીને સંતોષ થાય છે કે "તાંબા પીતળનાં વાસણો માટે આ દેશમાં પુષ્કળ ખપ સતત રહેશે એમાં કંઈ શક નથી; અને કારીગરો એવા નિપુણ છે કે યોગ્ય દેખરેખ અને ઉત્સાહ-શીલ સંવર્ધનથી યુરોપના નીકાસનો ઘણો વિકાસ થવા સંભવ છે.

લાકડાનું નકસી કામ:—દરેક ગામમાં અને શહેરમાં સુતાર તો હોય છે જ. તેનું કામ ઇલાયદુ રાખતાં આપણી કારીગરીની ઘણી ચીજો રમકડાં, પેટીઓ, વિગેરે યુરોપ ચઢે છે. ખાપ ભરવાની કારીગરી પણ આપણા દેશમાં સુપ્રસિદ્ધ છે.

ચહા:—ચહાનું ક્ષેત્રફળ જેના નવદશાંશ આસામ અને ઉત્તર બંગા-ળામાં છે, તેમાં ૧૯૦૧ આખરના દસકામાં ૪૫ ટકાનો વધારો થયો છે. થોડી પેદાશ અતિશય થઇ પડતી; અને હાલમાં ક્ષેત્રફળનો સંકોચ કરવાની જરૂર જણાઇ છે, અને છોડમાંથી પાદડાં પણ પ્રથમ કરતાં થોડાં લેવામાં આવે છે. ૧૯૦૦ માં ઓગણત્રીસ કરોડ પંચોતેર લાખ રતલનો પાક ઉતર્યો હતો; ત્યારે ૧૯૦૧ માં ઓગણીસ કરોડ સવા લાખ જેટલોજ લીધો હતો. ૧૯૦૧–૨ માં તરી રસ્તે ચહાનો નીકાસ નીચેના કોઠામાં આપ્યો છે.

કયા દેશમાં ચઢયો તે.	કેટલા લાખ રતલ.	
યુનાઇટેડ કિંગડમ.	૧૫૯૦	
ઑસ્ટ્રેલિયા.	૮૫	
ફ્રાંન્ત.	૨૫	
એશિઆ ટર્કી.	૨૫	

રશિઆ.	૧૫	
ચીન.	૧૫	
યુનાઇટેડ સ્ટેટઝ.	૧૦	
કેનેડા.	૧૦	
બીજા દેશો.	૨૦	
કુલ.	૧૭૯૫	લાખ પાઉંડ.

ઉપરથી જણાશે કે બ્રિટિશ સામાન્ય બહાર હિન્દના ચાહા ઉપર મહેરબાની નથી.

હિન્દુસ્તાનનો ગુલામગીરીનો કાયદો એ હિન્દુસ્તાન ઉપર હમેશનું કલંક છે. ઘણા જુલમ અને ક્રૂરતાનાં આચરણો થાય છે એવા વખતોવખતના રિપોર્ટો ઇન્ડિયા સરકાર પાસે પડ્યા છે; પણ હિન્દુસ્તાનની સરકાર આમાંની દંડની કલમો કાઢીને બીજા ધન્ધાઓની પેઠે આમાં મજુરોના બજાર સ્વતન્ત્ર કરીને ધનાઢયોનો ક્રોધ વ્હોરી લેવાની હિમ્મત ધરતી નથી. મજુરોની સ્થિતિ ઘણીવાર કંગાલ હોય છે. સર હેનિ કોટને તેમની મજુરીમાં મહીને એક રૂપીયો વધારવાની દરખાસ્ત કરી હતી પણ ચ્હાના બગીચાવાળાઓ ચ્હામા થયા, અને લૉર્ડ કર્ઝને સર હેનિ કોટનને મદદ ન આપી. આખરે વચલો રસ્તો નીકળ્યો. રૂપીયને બદલે અરધો રૂપીયો વધારવો અને તે નિયમ બે વર્ષ પછી અમલમાં મૂકવાનું ઠરાવ્યું. બીજી તરફ બગીચાવાળાઓ ચ્હાના નીકાસ ઉપર વેરો નખાવીને-તેની ઉપજ વેચાણ વધારવામાં વાપરવાની દરખાસ્ત કરી; અને સરકારે—રાજ્યકર્તાના મર્તબામાંથી ઉતરીને ચ્હાના બગી ચાવાળાઓના આડતીયા થવાનું કબુલ કર્યું.

આ ચ્હાના ઉદ્યોગમાં ૬૦૬૮૩૫ માણસો નિત્ય કામે છે. અને ૬૦૬૪૬ અમુક વખતને માટે કામે છે.

ગળી:—કૃત્રિમ ગળીની હરીફાઇથી આ ધન્ધો પડી ભાગવાની ધાસ્તી રહેછે. હિન્દુસ્તાનને આ એક મોટો આર્થિક ધક્કો લાગશે. પણ ગળીના બગીચાવાળાઓને હાથે એટલો તો જુલમ થાય છે કે આ ધન્ધો નષ્ટ થાય તો લોકો રાજી થાય. ગળીનો નીકાસ ૧૮૯૫-૯૬ માં ૩૫૬૯૭૦૦ પાઉંડનો હતો. ૧૯૦૧-૨ માં ૧૨૩૪૮૦૦ પાઉંડ થઇ ગયો.

૧૯૦૧ માં ૮૯૮ કારખાનાં હતાં; મદ્રાસ ૩૦૦૦ રાંગોળીઓ સિવાય. આ રોજગારમાં ૧૭૩૦૦૦ માણસો કામનાં એમ કહેવાય છે, પણ આ સંખ્યા પૂર્ણ નથી.

ખાંડ:—જર્મની અને ઑસ્ટ્રિઆની અનુગ્રહપુષ્ટ ખાંડ મોટા જથામાં આવવા માંડવાથી ઇન્ડિયા સરકારે એ અનુગ્રહ પુરતી સામી જકાત સન ૧૮૯૯ માં નાખી; અને આ જકાત નાખવાનું મુખ્ય કારણ મોરિશ્યસ અને બીજાં બ્રિટિશ સંસ્થાનોની શેલડીની ખાંડનું રક્ષણ હતું. આથી અનુગ્રહપુષ્ટ ખાંડની આગદ્હાની થોડા વખત માટે ઓછી થઈ પણ માત્ર થોડાજ વખતને માટે.

આગદ્હાની.	૧૮૯૬-૯૭	૧૮૯૭-૯૮	૧૮૯૮-૯૯	૧૯૦૦-૦૧	૧૯૦૧-૦૨
જર્મની અને ઑસ્ટ્રિઆની ખાંડ.	૨૨૦૬૦૬૪	૧૫૨૬૨૯૧	૮૭૨૫૧૫	૧૭૯૨૫૬૦	૨૯૩૬૧૬૬
મોરિશ્યસની શેલડીની.	૨૦૨૯૩૩૦	૨૨૩૮૬૧૬	૨૦૬૩૪૭૭	૩૦૪૬૦૪૬	૨૪૬૧૬૦૭

ઉપરથી જણાશે કે છેલ્લા વર્ષમાં અનુગૃહીત ખાંડ મોરિશ્યસ કરતાં વધી પડી.

અફીણ અને નીમક. આ ચીજો ઉપર સરકારનો અનન્યાધિકાર કાયમ છે. છેલ્લા દશ વર્ષમાં અફીણની આવક કંઈ થઇ છે. અને નીમકની કંઈક વધી છે નીચેના કોષ્ટકમાં એ બન્ને આવકોના આંકડા આપવામાં આવ્યા છે.

ચોખ્ખી ઉપજ.

વર્ષ.	ચોખ્ખી અફીણની ઉપજ. રૂપીઆ.	ચોખ્ખી નીમકની ઉપજ રૂપીઆ.
૧૮૯૦–૧	૫૬૯૮૩૮૫૦	૮૦૬૪૩૫૫૦
૧૮૯૧–૨	૬૧૫૦૫૬૬૦	૮૧૭૭૧૪૮૦
૧૮૯૨–૩	૬૩૯૦૬૮૪૦	૮૧૬૭૩૬૭૦
૧૮૯૩–૪	૪૭૫૦૬૬૪૦	૮૭૫૪૪૭૧૦
૧૮૯૪–૫	૫૭૦૭૬૫૨૦	૮૧૬૭૩૩૪૦
૧૮૯૫–૬	૫૦૫૪૬૮૧૦	૮૩૪૦૮૦૧૦
૧૮૯૬–૭	૪૬૨૨૫૪૬૦	૭૮૬૮૩૫૩૦
૧૮૬૭–૮	૨૭૬૦૬૫૫૦	૮૧૨૦૪૭૮૦
૧૮૬૮–૬	૩૩૫૨૦૪૦૦	૮૬૩૪૧૬૬૦
૧૮૬૬–૦	૪૦૧૨૨૪૨૦	૮૨૭૮૦૬૦૫

ઉપર કહેવાઈ ગયું છે કે બ્રિટિશ ઇન્ડિયામાં જે નીમક તૈયાર થાય તેના ઉપર જકાત નાંખીને અને દેશી રાજ્યોમાં આયાત થતા મીઠા ઉપર જકાત નાંખીને નીમકની ઉપજ કરવામાં આવી છે. તરી રસ્તે આવતા મીઠા ઉપર જકાત નાંખી આવક કરવી એ તો રહેવું કામ છે, પણ દેશી રાજ્યોમાંથી આવતા મીઠા ઉપર જકાત લેવામાં લેન દોરી નાંખવાની જરૂર પડેછે. ૧૮૭૦ ના વાયવ્ય પ્રદેશમાંથી આ દોરી આખા હિન્દુસ્તાનમાં પસરી રહી હતી. છેક પંજાબથી તે ઉત્તર સીમા સુધી. આ લાઇન ૨૫૦૦ માઇલ લાંબી કયાંક કાંટા કયાંક પથ્થર અને કયાંક ખાઇઓની બનેલી હતી. અને ૧૨૦૦૦ અમલદારો તેના રક્ષણને માટે રાખવામાં આવ્યા હતા.

આ રીત રદ કરવા તરફ પહેલાં પગલાં લૉર્ડ મેયોએ ભર્યાં હતાં. પહેલાં તો મિ. હ્યુએ જયપુર અને જોધપુરનાં રાજ્યોની સાથે સંદેશા ચલાવ્યા અને તેના પરિણામમાં સંભરના મીઠાના અગરો ઇન્ડિયા સરકારને સોંપી દીધા. તે પછી જોધપુરના રાજા સાથે મસલત ચલાવી લૉર્ડ નોર્થબ્રુકના વખતમાં મીઠાના તમામ અગરો સરકારે લઇ લીધા. પછી લૉર્ડ લિટનની સરકારે આ લાઇન કાઢી નાંખવાને આગળ પગલું ભર્યું તે એ કે ઇન્ડિયાના જુદા જુદા ભાગોમાં મીઠાની જકાત સરખી કરી નાંખી અને રજપૂતાના અને મધ્ય હિન્દનાં દેશી રાજ્યો જોડે સંધિપત્રો કરી મીઠું પકવવાનાં તમામ અગત્યનાં સાધનોના પટા લઇને તે તમામ ઉપર કાબુ મેળવ્યો. પછી લૉર્ડ રિપને મણ દીઠ બે રૂપીયાની સર્વત્ર સરખી જકાત કરીને તે કામ પૂરું કર્યું. કમનસીબે ૧૮૮૮ માં વળી ૨-૮-૦ કર્યા; અને ૧૫ વર્ષ સુધી એ દર કાયમ રહ્યો. ૧૯૦૩ માં વળી બે રૂપીયા કર્યા છે.

કોલસો—આપણા દેશમાં કોલસો પુષ્કળ મળી શકે તેમ છે. જુદા જુદા ભાગોમાં ખાણો ચાલે છે—પણ તે યુરોપીયન મુડીથી. નીચેના આંકડા ઉપરથી આ ધન્ધાનો વિકાસ કેટલો થયો છે તે જણાઇ આવશે.

પ્રાન્ત.	૧૮૯૨	૧૯૦૨	પ્રાન્ત.	૧૮૯૨	૧૯૦૨
બંગાળા.	૧૯૨૦૦૫૦	૫૭૦૩૮૭૬	પંજાબ.	૬૬૩૫૨	૬૭૭૩૦
આસામ.	૧૬૪૦૫૦	૨૫૩૧૬૨	બલુચીસ્તાન.	૧૩૨૮૪	૨૨૭૯૨
બર્મા.	૩૬૭૦	૧૨૪૬૬	મધ્ય પ્રાન્તો.	૧૩૨૦૦૫	૧૧૯૫૧૬
રજપુતાના.	.....	૧૨૦૬૪	નિઝામ.	૧૪૬૬૧	૪૨૧૨૧૮
મધ્ય હિંદ	૮૮૬૨૩	૧૬૪૪૧૫	મદ્રાસ.	૬૧	...
	કુલ.	૧૮૯૨ ૨૫૩૭૬૯૬		૧૯૦૨ ૬૭૭૭૨૪૯	

"આ આંકડા"—ઓફિશ્યલ રિપોર્ટમાં લખે છે કે " યુનાઇટેડકીંગડમના ૨૧૯૦ લાખના પ્રમાણમાં બહુજ થોડા લાગે છે, પણ અત્યારે હિન્દુસ્તાનમાંના કોલસાનો ખપ છે તેને પુરતા છે. હિન્દુસ્તાનની રેલ્વે હિન્દનોજ

કોલસો ઘણું કરીને વાપરે છે. ૧૯૦૨ માં તેમણે ૧ ટકાથી પણ ઓછો કોલસો પરદેશનો વાપર્યો હતો. હિન્દના કોલસાથી લોખંડ અને ગજવેલના ઉદ્યોગોને ઘણી મદદ મળે છે. વળી શહેરોમાં ઘરના કામકાજને માટે પણ કોલસો વપરાય છે. ખાણોના ધારા મુજબ કોલસાની ખાણો અને ખાડા ૨૦ ફીટથી ઓછા ઊંડા—માં ૧૯૦૧ માં ૮૫૩૬૧ માણસો કામ કરતા હતા.

સોનું–સોનું માત્ર મ્હૈસૂરમાં પેદા થાય છે. ૧૯૦૧માં ૫૨૯૭૮૨ આંઉસ સોનું નીકળ્યું હતું, જે આ આખા હિન્દુસ્તાનની સોનાની પેદાશના ૯૯ ટકા જેટલું થાય છે. ૨૧૦૦૦ માણસો કામે છે. ઉત્તર હિન્દુસ્તાનમાં અને બ્રહ્મદેશમાં રેતીમાંથી થોડુંક સોનું નીકળે છે. મદ્રાસની વાઈનાદની ખાણો નિષ્ફળ નીવડી છે. નિઝામના મુલકમાં જે સોનું નીકળે છે તે પણ ઘણું જ થોડું.

લોખંડ—મદ્રાસમાં સલેમ, મધ્યપ્રાન્તોમાં ચન્દા અને બંગાળામાં —માં કાચું લોખંડ મળે છે. સલેમની ખાણોમાં જથ્થો પણ પુષ્કળ છે અને માલ પણ સારો છે એવું ખાનગી અને સરકારની તપાસથી જણાયું છે. પણ હજી ત્યાં મોટો ઉદ્યોગ શરૂ થયો નથી. ૧૮૬૫ માં બંગાળાનાં કારખાનાં શરૂ થયાં હતાં. બે કમ્પનીઓ ભાગી પડ્યા પછી સરકારે કામ હાથમાં લીધું– અને સરકારે પણ કેટલીક ખોટ ખાધા પછી હાલની કમ્પનીને સોંપી દીધું. અત્યારે આશા જણાય છે કે લોખંડ ઠીક નીકળે છે અને ગજવેલ કરવા માટે સાંચા જોઇતવા માંડ્યા છે. ચન્દાની ખાણને ચલાવવાની તજવીજ ચાલ છે. ૧૯૦૧ માં, ૬૩૦૦૦ ટન પેદા થયા હતા; અને બંગાળામાં ૫૭૦૦૦ ટન ઉત્પન્ન થયા હતા.

પેટ્રોલિયમ—હિન્દુસ્તાનમાં જેટલું મળે છે તેના ૬૯ ટકા તો બ્રહ્મદેશ-

માંથીજ નીકળે છે. બાકીનું બધું આસામમાંથી. ૧૮૯૨ માં કુલ પેદાશ ૫૦૦૦ ગેલન. અને ૧૯૦૧ માં ૬૩૩૦૦૦ ગેલન હતી. છતાં પરદેશી તેલનો ખપ હિંદમાં પુષ્કળ છે અને રશ્યાના માલે અમેરિકાના મોંઘા માલને બજારમાંથી હાંકી કહાડયો છે. ૧૯૦૧ માં ૯ કરોડ ૯૦ લાખ ગેલન–૨૫ લાખ પાઉંડની કીંમતનું તેલ પરદેશથી આયાત થયું હતું. કુલ ખપતનો સોમો હીસ્સો પણ બ્રહ્મદેશમાંથી મળતું નથી.

માણેક—બ્રહ્મદેશની ખાણોમાંથી હજી જોઇએ તેટલો નફો થયો નથી ૧૯૦૧ માં બધું મળીને ૧૦૪૫૦૦ નું જવેરાત નીકળ્યું હતું. ૧૯૦૧–૨ માં ૨૯૦૦૦ પાઉંડનું નિકાસ થયું હતું.

મેન્ગેનિસ—અભ્રખ–કલઈ–૧૯૦૧–૨–માં ૧૦૦૦૦૦ પાઉંડની મેન્ગેનિસ અને ૬૦૦૦૦ પાઉંડનો અભ્રખ નિકાસ થયો હતો. બ્રહ્મદેશમાં–કલઈ નીકળે છે.

પરદેશ સાથેનો વેપાર.

રવાનગી અને આમદાની વચ્ચે મોટો તફાવત એ આપણા દેશના વેપારની એક દુઃખદ અવ્યવસ્થા છે. ૧૮૯૧–૯૨ અને ૧૮૯૬–૯૭ વચ્ચે આ તફાવત ત્રીસ કરોડ રૂપીઆ સુધી પહોંચી ગયો હતો. એ રકમ આપણા વધિક અર્થાપવાહનું નિરૂપણ કરે છે; જેને માટે આપણે કંઈપણ વાણિજ્યના બદલા વગર અનાજ મોકલવું પડે છે. પુરા થતા સૈકાનાં છેલ્લાં વર્ષોમાં દુષ્કાળ પડવાથી અને દક્ષિણ આફ્રીકામાં આપણા લશ્કરનો ઉપયોગ કરી તેના ખરચનાં નાણાં બ્રિટિશ તીજોરીમાંથી મળવાથી આ અપવાહ કંઈ ઓછો થયો; તોપણ છેલ્લાં ચાર વર્ષોમાં આ અર્થાપવાહ ૨૦ કરોડ રૂપીયાનો થયો.

દુનયાના સર્વ દેશો સાથે હિન્દુસ્તાનનો વેપાર.

(રૂપીયાના દસકામાં)

વર્ષ.	આયાત. માલની.	આયાત. સોનારૂપાની	કુલ આયાત.	કુલ નિકાસ.
૧૮૭૮	૪૧,૪૬૪,૧૮૫	૧૭૩૫૫૪૫૯	૫૮૮૧૯૬૪૪	૬૭૪૩૩૩૨૪
૧૮૭૯	૩૭૮૦૦૫૬૪	૭૦૫૬૭૪૯	૪૪૮૫૭૩૪૩	૬૪૯૧૬૭૪૧
૧૮૮૦	૪૧૧૬૬૦૦૩	૧૧૬૫૫૩૬૫	૫૮૮૨૧૩૬૮	૬૬૨૬૭૫૧૧
૧૮૮૧	૫૩૧૧૬૭૭૦	૮૬૮૮૨૧૪	૬૨૧૦૪૬૮૪	૭૬૦૨૧૦૪૩
૧૮૮૨	૪૬૧૧૩૩૭૪	૧૧૩૨૨૭૮૧	૬૦૪૩૬૧૫૫	૮૩૦૬૮૧૬૮
૧૮૮૩	૫૨૦૬૫૭૧૧	૧૩૪૫૩૧૫૭	૬૫૫૪૮૮૬૮	૮૪૫૨૭૧૮૨
૧૮૮૪	૫૫૨૭૬૩૪૮	૧૨૮૯૭૬૬૩	૬૮૧૫૭૩૧૧	૮૬૧૮૬૩૬૭
૧૮૮૫	૫૫૭૦૩૦૭૨	૧૩૮૮૮૧૬૭	૬૬૫૬૧૨૬૬	૮૫૨૨૫૬૨૨
૧૮૮૬	૫૫૬૫૫૦૬	૧૫૪૭૭૮૦૧	૭૧૧૩૩૭૧૦	૮૪૬૮૬૫૦૨
૧૮૮૭	૬૧૭૭૭૩૫૧	૧૦૫૩૩૧૬	૭૨૮૩૦૬૭૦	૬૦૧૬૦૬૩૩

૧૮૮૮	૬૫૦૦૪૬૧૨	૧૩૮૨૫૮૫૬	૭૮૮૩૦૪૬૮	૯૨૧૪૮૨૭૯
૧૮૮૯	૬૯૪૪૦૪૬૭	૧૩૮૪૪૯૬૦	૮૩૨૮૫૪૨૭	૯૮૯૩૩૮૭૮
૧૮૯૦	૬૯૧૯૭૪૮૯	૧૭૪૫૯૫૦૧	૮૬૬૫૬૯૯૦	૧૦૫૩૬૬૭૨૦
૧૮૯૧	૭૧૯૭૫૩૭૦	૨૧૯૩૪૪૮૬	૯૩૯૦૯૮૫૬	૧૦૨૩૫૦૫૨૬
૧૮૯૨	૬૯૪૩૨૩૮૩	૧૪૭૨૨૬૬૨	૮૪૧૫૫૦૪૫	૧૧૧૪૬૦૨૭૮
૧૮૯૩	૬૬૨૬૫૨૭૭	૧૭૦૦૯૮૧૦	૮૩૨૭૫૦૮૭	૧૧૩૫૫૪૩૦૯
૧૮૯૪	૭૭૦૨૧૪૩૨	૧૮૪૬૧૨૫૬	૯૫૪૮૨૬૮૮	૧૧૦૬૰૩૫૬૧
૧૮૯૫	૭૩૫૨૮૯૯૩	૯૫૮૧૨૦૭	૮૩૧૧૰૨૰૰	૧૧૭૧૩૯૮૫૰
૧૮૯૬	૭૨૯૩૬૭૰૩	૧૩૩૬૭૯૮૬	૮૬૩૰૪૭૩૫	૧૧૮૫૯૪૫૪૯
૧૮૯૭	૭૬૧૧૭૩૭૩	૧૩૰૮૪૫૬૩	૮૯૨૰૬૯૩૬	૧૧૮૯૨૧૫૯૨
૧૮૯૮	૭૩૬૪૭૰૩૫	૨૰૫૩૰૬૧૭	૯૪૧૭૭૬૫૨	૧૰૪૭૮૧૪૨૮
૧૮૯૯	૭૨૧૰૧૫૨૮	૧૭૮૯૫૬૧૩	૮૯૯૯૭૧૪૧	૧૨૰૨૧૧૧૪૬
૧૯૰૰	૭૫૩૰૪૪૮૰	૨૰૯૭૩૬૮૰	૯૬૨૭૮૧૬૬	૧૧૭૰૨૯૭૧૰
૧૯૰૧	૮૰૮૯૪૫૮૯	૨૪૫૭૬૭૬૨	૧૰૫૪૭૧૩૫૨	૧૨૧૯૪૫૯૬૰

આ વેપારનું સ્વરૂપ આમદાની અને રવાનગીના આંકડા બરાબર તપાસવાથી જણાઇ આવશે.

હિંદુસ્તાનમાં આયાત બધા દેશોમાંથી-ના વિગતવાર આંકડા.

(રૂપીયાના દસકામાં.)

વર્ષ.	સુતર.	સુતરાઉ કાપડ.	લોખંડનો માલ	યન્ત્ર સામગ્રી	ખાંડ.	રેશમનો માલ	ઉનનો માલ
૧૮૭૮	૨૮૫૦૪૦૩	૧૭૩૨૨૩૧૩	૪૪૮૨૮૮	૮૫૦૬૬૭	૭૬૮૦૩૬	૮૦૪૮૮૩	૭૮૨૭૮૧
૧૮૭૯	૨૭૭૬૭૭૭૨	૧૪૧૨૬૭૮૪	૪૨૫૪૫૩	૮૬૩૪૫૫	૧૪૮૦૮૮૧	૬૨૪૦૪૪	૮૭૮૦૪૨
૧૮૮૦	૨૭૪૫૩૦૬	૧૬૬૧૫૫૧૧	૪૩૧૬૨૮	૬૧૬૮૩૩	૧૦૬૮૭૮૮	૮૩૭૮૬૦	૬૨૭૮૭૬
૧૮૮૧	૩૬૬૬૧૭૭	૨૨૬૧૦૭૧૭	૫૫૨૫૫૬	૭૬૬૮૪૪	૧૬૧૧૧૫૭	૧૩૬૭૧૬૭	૧૨૬૬૧૩૦
૧૮૮૨	૩૨૨૦૬૫	૨૦૭૨૨૦૬૬	૬૨૬૬૧૩	૧૨૨૧૦૪૫	૧૨૪૩૭૫૬	૧૨૬૭૬૨૦	૧૧૨૧૨૩૨
૧૮૮૩	૩૩૭૮૧૬૦	૨૧૪૩૧૮૭૨	૭૬૧૭૬૧	૧૩૪૨૩૬૮	૧૦૮૬૬૬૧	૧૦૩૮૧૮૦	૬૮૪૬૭૩
૧૮૮૪	૩૪૬૫૬૪૩	૨૧૬૪૨૩૮૮	૮૧૩૮૮૭	૧૭૮૮૮૬૮	૧૧૪૮૩૭૦	૧૨૬૩૮૬૪	૧૨૧૬૦૫૩
૧૮૮૫	૩૩૬૦૪૨૦	૨૧૧૬૭૪૧૪	૮૪૪૫૫૨	૧૪૮૪૧૨૪	૨૧૪૦૮૩૮	૧૨૭૩૩૫૪	૧૨૩૪૩૪૦
૧૮૮૬	૩૧૭૨૦૮૩	૨૧૧૧૦૫૪૫	૭૭૬૫૪૨	૬૬૧૫૫૩	૧૪૫૮૦૬૭	૧૧૦૬૦૪૩	૧૩૬૧૮૬૧
૧૮૮૭	૩૩૧૮૩૭૭	૨૫૮૪૬૫૦૮	૮૬૫૩૬૭	૧૩૭૧૪૫૬	૨૦૮૦૫૪૦	૧૩૮૩૭૩૫	૧૧૨૮૮૬૫
૧૮૮૮	૩૫૮૧૬૦૬	૨૩૬૨૪૪૬૭	૧૦૬૩૬૩૬	૧૮૦૦૨૧૮	૨૧૧૩૬૧૭	૧૭૪૩૮૧૮	૧૭૧૫૭૫૫
૧૮૮૯	૩૭૪૬૭૬૭	૨૭૭૬૪૫૦૮	૧૧૦૨૨૦૫	૨૩૬૮૭૧	૧૭૬૦૬૩૬	૧૬૮૨૧૬૬	૧૫૬૧૬૫૦

૧૮૯૦	૩૪૮૨૫૨૯	૨૬૩૯૧૩૯૯	૧૦૬૬૧૯૧	૨૪૩૫૩૮૫૫	૨૨૦૦૦૪૯	૧૭૭૮૧૬૪	૧૪૫૫૨૩૫
૧૮૯૧	૩૭૬૮૩૬૨	૨૭૨૪૧૬૮૭	૧૧૯૭૬૧૪	૨૦૬૩૮૬૩	૩૩૯૬૮૮૬	૧૩૮૬૩૬૨	૧૮૧૮૨૧૩
૧૮૯૨	૩૫૧૪૬૨૦	૨૫૬૭૪૮૫૨	૧૨૩૮૯૬૪	૨૧૧૫૯૭	૨૫૬૧૯૬૬	૧૭૫૦૬૯૫	૧૭૬૨૦૩૧
૧૮૯૩	૨૬૮૩૮૫૦	૨૨૯૪૨૦૧૫	૧૨૧૭૭૫૪	૨૩૫૯૧૦૩	૨૬૨૫૬૮૩	૧૮૦૧૫૭૧	૧૫૨૩૨૪૩
૧૮૯૪	૩૧૦૮૯૪૧	૨૯૨૬૮૫૨૮	૧૩૮૦૪૭૩	૨૫૧૮૦૩૮	૨૮૨૪૧૬૦	૧૮૨૭૮૭૪	૧૮૯૨૦૪૨
૧૮૯૫	૨૮૫૧૨૫૪	૨૯૮૨૨૩૭૪	૧૩૩૨૫૫૬	૨૪૪૨૪૩૩	૨૮૭૫૨૯૭	૧૨૭૭૪૭૦	૧૫૪૧૬૩૯
૧૮૯૬	૨૨૭૧૦૬૦	૨૨૭૮૪૭૮૨	૧૪૮૩૪૭૫	૩૨૩૭૪૦૧	૩૧૦૬૮૧૩	૧૭૦૪૩૨૦	૧૪૪૫૫૧૭
૧૮૯૭	૩૩૨૫૮૭૧	૨૬૪૨૪૩૦૪	૧૫૫૭૭૪૨	૩૫૧૦૧૬૦	૩૬૫૧૮૨૯	૧૩૬૦૬૬૯	૧૬૯૨૫૩૫
૧૮૯૮	૩૪૬૩૦૩૮	૨૨૬૦૧૬૭૦	૧૪૭૭૮૧૧	૨૮૬૧૧૦૮	૪૭૮૪૪૭૬	૧૧૪૬૨૬૦	૧૧૪૪૪૨૭
૧૮૯૯	૨૫૫૧૬૩૪	૨૪૬૭૮૦૮૬	૧૪૩૦૧૨૩	૩૦૫૫૬૩૧	૪૭૧૬૬૬૬	૧૩૬૧૭૬૪	૧૫૨૩૭૩૧
૧૯૦૦	૨૪૫૦૦૧૧	૨૭૦૦૨૧૧૩	૧૫૬૦૨૬૨	૨૫૪૧૬૦૩	૩૩૭૬૬૨૬	૧૧૨૬૮૩૧	૧૭૫૮૦૦૧
૧૬૦૧	૨૪૮૬૨૧૫	૨૭૩૪૬૧૨૮	૧૮૪૧૪૭૩	૨૨૫૭૫૫૮	૫૬૫૫૨૧૧	૧૬૬૫૮૧૦	૨૧૧૨૫૭૬

આ કોષ્ટકની નિરીક્ષા કરતાં ૧૮૮૫ અને ૧૮૯૭ વચ્ચે પાઉંડની કિમતની થયેલી વધઘટ ધ્યાનમાં લેવાની છે. ૧૮૮૫ માં દશ રૂપીયા ૧૬ શીલીંગ જેટલા હતા. અને ૧૮૯૫-૯૬ માં પુરા બાર પણ નહતા. ૧૮૯૫-૯૭ વચ્ચે સુતરાઉ માલની આમદાનીમાં જે મોટો વધારો દેખાય છે તે ખરો નથી. બીજી તરફ ૧૮૯૮ થી દશ રૂપીયાની કિમત ૧૩ થી ૪ પેન્સ ઠરાવી છે અને તેથી તે વર્ષથી સુતરાઉ માલની અને યાંત્રિક સામાન (સામગ્રી) ની આમદાનીમાં જે ઘટાડો દેખાય છે તે પણ સાચો નથી.

"તે ઉપરથી હિન્દુસ્તાનની મિલોમાં પેદાશના માલ ઉપર જે દાણ નાંખવામાં આવ્યું છે તેની ખરાબ અસરો જણાય છે.

જ્યારે દુનીયાની સર્વ સુધરેલી સરકારો સ્વદેશની કારીગરી અને કારખાનાંને ઉત્તેજન આપે છે ત્યારે હિંદી સરકારે લેન્કેશિયરના હુકમથી હિન્દુસ્તાનના મિલોના ઉદ્યોગને ક્રૂરતાથી કચરી નાંખ્યો છે, અને તે જાડા કાપડના સંબંધમાં કે જેમાં લેન્કેશિયરની હરીફાઇ પણ નથી, તેનાં ફળ-મોટ્ટમ રીતિએ ઓલતાં, એ થયાં છે કે-સુતરાઉ માલની પેદાશમાં ઘટાડો; અને સુતરાઉ માલની આમદાનીમાં વધારો ત્રણ વર્ષમાં ૨૩ કરોડથી ૨૭ કરોડનો.

તેજ પ્રમાણે રેશમી માલની પેદાશમાં ઘટાડો થયેલો છે અને ઉપર જણાવેલા પ્રયોગો છતાં રેશમી માલની આમદાની ૧૮૯૬ થી ૧૯૦૧ સુધીમાં એક કરોડથી દોઢ કરોડ સુધી પહોંચી. ઉનના માલની આમદાની તેજ મુદતમાં લગભગ બમણી થઇ.

અનુગ્રહ પુષ્ટ ખાંડની આમદાની બન્ધ કરવાને જે યત્નો થયા છે તેનો ઇતિહાસ ઉપર આવી ગયો છે. ૧૮૯૮-૯૯ અને ૧૮૯૯-૧૯૦૦ માં આમદાની ઓછી થઇ તેમાં તેની ફતેહ કાંઇક જણાય છે. પણ પરિણામે તેની નિષ્ફળતાજ જણાઇ છે, કારણ કે ૧૯૦૦-૧૯૦૧ માં પૂર્વે કદી નહિ આવેલી એટલી ખાંડ આપણા દેશમાં આવી છે.

હાર્ડવેર-લોખંડના છરી કાંટા અને બીજાં વાસણોની આમદાની દિનપરદિન વધતી જાય છે. પણ હિન્દુસ્તાનમાં ધાતુનાં પતરાં વધારે જથામાં આવે છે; ૧૯૦૦-૧૯૦૧ માં લોઢું અને ગજવેલ ત્રીસ લાખ પાઉંડ ઉપરની કિમતનું, અને પીતળ છ લાખ પાઉંડ ઉપર આવ્યું હતું. આમદાનીની બીજી મોટી બાબત-વીસ લાખ પાઉંડ ઉપરની કિમતની-બનીજ તેલો જે રસ્તામાંથી આવે છે તે છે. દારૂ દશ લાખ પાઉંડ કરતાં વધારેનો આવે છે.

×-હવે આપણે આપણા નિકાસના આંકડા તપાસીએ. નીચેના કોઠામાં તે જણાવેલા છે.

હિન્દુસ્તાનના નિકાસના

(રૂપીઆના

વર્ષ.	રૂ.	સુતર.	સુતરાઉ માલ	ચોખા ઘઉં અને બીજા દાણા.	ચામડાં.
૧૮૭૮	૬૬૮૭૩૫૪૪	૭૪૪૭૬૬૧	૧૫૫૦૨૯૮૬	૧૦૧૫૨૬૨૩	૩૭૫૭૪૮૦
૧૮૭૯	૭૬૧૪૦૬૧	૬૩૬૬૬૮૮	૧૦૪૦૧૨૫	૬૮૦૨૩૬૬	૩૦૬૭૫૬૧
૧૮૮૦	૧૧૧૪૫૩૫૩	૧૧૬૩૬૪૬	૧૫૭૩૬૭૭૦	૬૮૬૬૬૦૬	૩૬૩૮૪૫૫
૧૮૮૧	૧૩૨૪૧૭૪૪	૧૩૩૦૦૫૧	૧૭૭૭૬૬૭૫	૧૨૭૧૬૫૪૦	૩૭૩૫૬૪૬
૧૮૮૨	૧૪૬૪૧૪૨૩	૧૪૨૦૭૩૭	૧૬૧૪૫૪૬	૧૭૫૧૦૬૮૫	૩૬૫૦૦૫૨
૧૮૮૩	૧૬૦૫૫૭૫૮	૧૮૭૪૪૬૪	૨૦૬૩૧૪૬	૧૪૮૮૪૮૧૨	૪૪૪૪૬૪૬
૧૮૮૪	૧૪૪૦૧૬૦૨	૧૬૮૩૭૧૬	૨૩૨૬૦૧૮	૧૭૬૨૩૫૮૨	૪૬૬૬૭૮૮
૧૮૮૫	૧૩૨૬૫૧૨૪	૨૫૦૬૬૧૭	૨૦૮૦૦૧૭	૧૩૮૬૫૪૪૨	૪૬૩૬૫૧૦
૧૮૮૬	૧૦૭૮૨૦૨૧	૨૮૪૧૫૫૫	૨૨૪૮૬૭૩	૧૭૬૧૨૩૬૨	૫૩૩૬૨૨૬
૧૮૮૭	૧૩૪૭૫૬૬૨	૩૪૧૮૦૦૮	૨૪૩૬૩૪૪	૧૮૦૬૭૬૧૪	૫૧૪૬૩૫૭
૧૮૮૮	૧૪૪૧૩૫૪૪	૪૧૪૬૮૩૧	૨૭૬૮૮૫૪	૧૫૭૩૮૦૩૮	૪૮૬૦૩૮૦
૧૮૮૯	૧૫૦૪૫૬૭૬	૫૩૧૮૬૧૪	૨૮૭૨૦૩૧	૧૬૬૫૨૭૭૧	૪૭૪૬૦૦૭
૧૮૯૦	૧૮૬૭૧૩૨૬	૫૮૪૦૧૧૪	૨૭૦૩૩૬૬	૧૬૮૧૬૫૬૬	૪૫૨૪૩૬૦
૧૮૯૧	૧૬૫૪૩૬૪૩	૬૬૨૭૧૬૫	૨૮૬૬૭૬૮	૧૬૮૧૨૨૧૨	૪૬૬૮૭૭૧
૧૮૯૨	૧૦૭૬૩૫૫૬	૫૮૮૪૬૬૦	૩૦૮૧૬૬૮	૨૬૦૫૬૩૨૫	૫૧૬૬૭૩૮
૧૮૯૩	૧૨૭૪૩૮૮૩	૬૮૬૪૩૦૪	૩૦૬૦૦૫૪	૨૦૬૦૭૩૭૪	૫૫૬૧૬૬૧
૧૮૯૪	૧૩૩૧૦૭૬૬	૫૦૫૪૩૬૬	૨૬૧૪૩૫૬	૧૬૭૩૨૫૬૩	૫૮૦૧૭૫૨
૧૮૯૫	૮૭૦૮૨૩૩	૫૭૮૩૬૨૬	૩૫૬૬૮૩૪	૧૭૪૩૨૫૦૩	૬૫૬૦૨૫૬
૧૮૯૬	૧૪૦૬૦૮૬૬	૬૮૦ ૫૫૩	૩૪૧૮૬૮૮	૧૮૭૧૪૮૩૬	૭૬૪૦૮૬૩
૧૮૯૭	૧૨૬૭ .૬૬૦	૭૨૬૨૨૫૫	૨૭૦૦૬૨૪	૧૩૮૪૮૦૧૮	૭૦૦૧૭૩૦
૧૮૯૮	૮૮૭૨૪૫૭	૭૦૭૦૧૭૬	૨૪૬૭૪૧૬	૧૪૧૧૧૫૪૬	૮૩૧૮૧૮૦
૧૮૯૯	૧૧૧૬૦૧૨૮	૬૬૮૫૩૬૬	૨૪૬૨૮૭૬	૨૭૨૦૧૨૬૦	૭૪૫૦૬૩૩
૧૯૦૦	૯૬૨૫૦૮૦	૭૦૦૭૮૪૪	૨૬૧૦૭૬૮	૧૮૧૦૩૦૭૫	૧૦૪૬૩૮૫
૧૯૦૧	૧૦૧૨૬૬૭૭	૪૨૪૩૪૪૪	૨૭૦૬૩૩૦	૧૪૦૬૬૫૦૬	૧૧૪૮૩૫૮૩

વગતવાર આંકડા.

દસકામાં.)

શણ.	અરીણ.	ળીઆં.	ગળી.	ચહા.
૩૫૧૮૧૧૪	૧૨૩૭૪૫૦૫	૭૩૬૦૬૮૩	૩૪૬૪૩૩૪	૩૦૬૧૮૬૭
૩૮૦૦૪૨૬	૧૦૬૬૩૬૮૫	૪૬૮૨૫૧૨	૨૯૬૦૪૬૩	૩૧૭૦૧૧૮
૪૩૭૦૦૩૨	૧૪૩૨૩૩૬૪	૪૭૮૦૪૬૫	૨૯૪૭૪૩૪	૩૦૭૨૨૪૪
૩૬૩૪૦૩૦	૧૩૬૦૦૧૪૮	૬૩૬૨૧૮૫	૩૫૭૧૫૮૧	૩૦૬૬૮૮૭
૫૦૩૦૩૦૨	૧૨૪૩૨૧૪૨	૬૦૬૪૭૩૨	૪૫૦૬૦૮૮	૩૬૬૨૮૫૬
૫૮૪૬૨૬	૧૧૪૮૧૩૭૬	૭૨૦૫૬૨૪	૩૬૧૨૬૬૭	૩૭૩૮૮૪૨
૪૫૬૨૬૩૫	૧૧૨૬૪૪૬૦	૧૦૦૮૬૦૮૮	૪૬૪૦૬૬૧	૪૧૩૪૨૨૧
૪૬૬૧૩૬૮	૧૦૮૮૧૬૦૬	૧૦૭૫૨૮૫૪	૪૦૬૮૬૦૪	૪૧૩૭૩૫૧
૪૩૫૫૩૬૨	૧૦૭૩૫૫૧૮	૬૬૭૫૧૨૬	૩૭૮૩૧૬૦	૪૩૬૭૧૭૭
૪૮૬૬૮૧૫	૧૧૦૭૭૬૬૬	૬૨૨૨૮૭૦	૩૬૬૧૬૭૬	૪૮૮૩૧૪૩
૬૦૪૦૩૭૬	૧૦૦૬૭૭૬૪	૬૩૬૬૧૬૦	૩૮૬૦૬૪૬	૫૩૦૨૪૪૬
૭૮૬૭૧૫૪	૧૦૫૦૮૦૮૨	૬૫૬૪૨૧૭	૩૬૪૮૫૬૫	૫૪૭૩૧૬૭
૮૬૩૬૮૬૧	૧૦૧૧૫૮૩૬	૧૦૬૩૧૨૪૭	૩૮૬૩૦૮૪	૫૪૪૫૪૮૭
૭૬૦૨૦૧૦	૬૨૬૧૮૧૩	૬૩૪૫૬૬૦	૩૦૭૩૧૨૫	૫૫૦૪૨૬૩
૬૮૪૮૪૬૩	૬૫૬૨૨૬૧	૧૨૨૧૦૫૪૨	૩૨૧૪૦૮૬	૬૨૮૩૮૭૦
૧૬૪૪૭૨૩	૬૨૫૫૦૧૪	૧૧૬૩૩૩૭૪	૪૧૪૧૧૭૬	૬૬૨૦૪૬૬
૮૫૨૪૧૩૦	૮૦૧૬૪૨૮	૧૬૭૬૧૭૩૪	૪૧૮૨૧૨૮	૬૬૨૮૬૬૩
૧૦૫૭૫૬૭૭	૬૦૬૪૬૬૫	૧૪૨૦૬૦૪૨	૪૭૪૫૬૧૫	૭૬૮૮૫૬૬
૬૬૬૨૮૭૧	૮૪૫૬૩૩૬	૬૭૨૧૬૬૦	૫૩૫૪૫૧૧	૮૦૨૫૬૭૪
૧૦૫૫૦૫૭૭	૮૦૨૨૬૨૩	૮૦૧૪૮૭૫	૪૩૭૦૭૫૭૭	૮૪૬૫૭૮૧
૧૦૧૨૬૧૬૨	૬૦૬૭૫૬૩	૮૬૦૦૮૧૬	૩૦૫૭૪૦૨	૮૨૭૪૧૧૭
૬૬૪૧૨૪૫	૭૦૨૬૦૦૬	૧૧૮૫૨૦૧૨	૨૬૭૦૪૭૮	૮૧૬૧૧૧૫
૮૦૭૧૬૪૭	૮૨૦૩૭૧૪	૧૦૧૦૬૬૮૬	૨૬૬૨૫૧૦	૬૧૭૬૬૭૬
૧૦૮૬૭૭૫૬	૬૪૫૬૪૩૬	૬૦૧૮૦૬૧	૨૧૩૫૬૮૦	૬૬૮૨૨૨૨

આ આંકડા તપાસવામાં પણ રૂપીઆની કિમતની વધઘટ ધ્યાનમાં લેવાની જરૂર છે. રૂ, સુતરનો માલ, અને બીઆં અને બીજી ચીજોના નિકાસમાં ૬૦ પછીનાં વર્ષોમાં જે વધારો દેખાય છે તે સાચો નથી. ૧૮૬૮ થી આપણાં અનુમાનો વધારે સલામત બાંધવા સંભવ છે. અને છેલ્લાં ચાર વર્ષનાં નિકાસના વધારાના આંકડા સાચા છે.

સુતરાઉ માલમાં તો સહેજસાજ વધારો છે. ઉગતા મિલ ના ઉદ્યોગ ઉપર નાંખેલી અન્યાયી જકાતથી એ ઉદ્યોગની ગતિ ઘટી ગઇ છે. કાચું શણ છેલ્લાં ત્રણ વર્ષમાં સીત્તેર લાખથી એક કરોડ દસ લાખ સુધી પહોંચ્યું છે. શણના માલનો નિકાસ પણ ૫૭૫૦૦૦ સત્તાવન લાખ પચાસ હજારથી ૭૫ લાખ સુધી પહોંચ્યો છે.

ગળીનો નિકાસ કૃત્રિમ ગળીના આવાગમનથી ઘટ્યો છે; અને ચહાનો એક કરોડ રૂપીયા સુધી પહોંચ્યો છે.

રેશમ અને ઉન–નાની રકમો છે. અને તે આ કોષ્ટકમાં જણાવી પણ નથી. ૧૯૦૧ ના માર્ચ આખરના વર્ષમાં રેશમ માત્ર ૩૫૪૧૦૨ નું જ; રેશમી માલ ૧૧૯૨૦૩ નો; અને ૧૯૦૦–૧૯૦૧ માં કાચું ઉન ૮૧૯૭૪૮ નું અને ઉનનો માલ ૨૨૭૬૮૧ નોઃ એ પ્રમાણે રેશમ અને ઉનનો નિકાસ હતો.

ગયા સૈકાના છેલ્લા વર્ષના અનાજના નિકાસના આંકડા લક્ષમાં રાખવા જેવા છે. નિકાસ ૧૪૦૦૦૦૦૦ એક કરોડ ચાલીસ લાખ રૂપીઆનો, અથવા ૧ કરોડ પાઉંડનો ૧૮૯૭–૯૮ માં; અને ૯૮–૯૯ માં બે કરોડ સાત રૂપીયા અથવા ૧ કરોડ આઠલાખનો. આપણો વેપાર સ્વાભાવિક નથી પણ બક્ષાતકારનો વેપાર છે. અતિશય જમા ભરવા માટે અનાજ પરદેશ મોકલવું પડે છે. ૧૮૯૭–૯૮ નું વર્ષ દુષ્કાળનું હતું; છતાં એક કરોડ સીત્તેરલાખજ જમાના વસુલ થયા હતા. અને ખેડુતોએ પોતાનું

અનાજ વેચીને એ રકમો ભરી, અને તે આપત્તિના વર્ષમાં એક કરોડના દાણા પરદેશ ગયા. વળતા વર્ષમાં માલ સારા થયા હતા. આ વખતે બળદ લેવા માટે અને પાછલા દુકાળનું બીજું નુકશાન પુરાં પાડવા માટે અનાજનો મોટો જથ્થો વેચાયો; અધુરામાં પુરું-સરકારે પણ ડહાપણ છાંડીને સખ્તાઇથી પાછલા વર્ષની બકાત વસુલ કરી; અને આ બધી જરૂરીયાતો પુરી પાડવા માટે વળી અનાજ વેચવું પડયું. આ કારણોથી અનાજનો નિકાસ આ વર્ષોમાં પૂર્વે કદી નહિ થયેલો એટલો થયો. જે લોકો વસુલાતથી હિન્દુસ્તાનની આબાદી માપતા તેઓના આનન્દનો પાર નહતો. ૧૮૦ લાખ પાઉંડની વસુલાત એ એનો પુરતો પુરાવો હતો. હિન્દુસ્તાનની સ્થિતિસ્થાપકતા માટે હમેશની રીત પ્રમાણે વાજાં વાગ્યાં. પણ આટલું થયા પછી-આટલો દાણો પરદેશ પહોંચ્યા પછી લોકના ઘરમાં ખાવાને શું રહ્યું, તેની કોઇએ તપાસ કરી નહિ.

દૈવે તરતજ બદલો આપ્યો. તે પછીનાં વર્ષો મોંઘવારીનાં આવ્યાં. મુંબઇ અને મધ્યપ્રાન્તોમાંથી અનાજ બધું ઘસડાઇ ગયું. અને ત્યાં ત્રણ વર્ષનો સતત દુકાળ શરૂ થયો—જે અર્વાચીન વખતમાં અભૂત પૂર્વ હતો.

આખરે સરકારે જે હદ ન બાંધી તે કુદરતે બાંધી આપી. મુંબઇમાં અને મધ્યપ્રાન્તોમાં વસતિ ઘટી ગઇ. ખેડવાણ જમીન માણસોના માથાનો પડતર પડી રહી. ઘરબેણીઓમાં—ઘણી વાડીઓમાં અને ડાંગેરના કયારડાઓમાં જંગલો ઊગ્યાં. સરકારની જમા વસુલ ન થઇ શકી. પછી ભૂલ કબુલ કરીને જમા ફરી વિચારમાં લેવી પડી. મુંબઇનો અને મધ્યપ્રાન્તોમાં જીલ્લે જીલ્લે-આંકડા ઘટાડ્યા તે પછીના વર્ષમાં જમા ૧૮૦ લાખ પાઉંડ પહોંચી નથી. અનાજનો નિકાસ પણ ૧૮૦ લાખ પાઉંડનો થયો નથી.

પણ આ વિશ્રામ ક્ષણિક છે. આબાદીનાં પહેલાં ચિન્હો દેખાવાની સાથે જમા વધારતાં જમાબન્દી અમલદારોને કશું અટકાવનાર નથી. ખેડુ-

તની છેવટની શક્તિ એજ સરકાર હકની સીમા એવી પદ્ધતિ પ્રજાને અવનતિકર છે, અને એમની સ્થિતિમાં ' સ્થાયી સુધારાને અશક્ય બનાવે છે. લોકના સ્પષ્ટ રીતે જણાવેલાં વિશિષ્ટ કારણો સિવાય વધારો થાય નહિ એવી મર્યાદા બાંધનારો નિયમ માગે છે. માકર્વેસ ઓફ રિપને એવો નિયમ આપ્યો પણ તેને હિન્દુસ્તાનમાંથી ગયાને એક મહિનો ન થયો એટલામાં તો તે નિયમ રદ કરવામાં આવ્યો. લોર્ડ કર્ઝને પણ એવો નિયમ આપવાની સ્પષ્ટ ના પાડી.

હિન્દુસ્તાનના પરદેશી વેપારના જથ્થાથીજ દેશની આબાદીનું અનુમાન કરવામાં કેવી ભૂલ થાય છે તે જણાઈ આવે છે. અંગ્રેજોને દેશની આબાદીની આ સારી કસોટી લાગે છે અને તેમના દેશની કસોટી હિન્દને લગાડે છે. અંગ્રેજ લોકો તો વેપાર અને હાથ કારીગરી ઉપર જીવે છે. તેમની કારીગરીના વેચાણથી પરદેશની બજારોમાંથી અનાજ ખરીદ કરવાની લેવાની તેમનામાં શક્તિ આવે છે. વ્યાપારના અને તરી વણજારીના નશાથી તેમની લક્ષ્મીમાં વધારો થાય છે. તેમની રાષ્ટ્રીય આવકને માટે તો વ્યાપારનો જથ્થો એ સાચો નિકષ છે.

પણ હિન્દુસ્તાનમાં તો વસ્તુસ્થિતિ જુદીજ છે. બહારનો વેપાર પરદેશના વેપારીઓ પરદેશના ધનથી ચલાવે છે. વેપારનો નફો યુરોપ જાય છે, હિન્દમાં રહેતો નથી. પરદેશ સાથેના વેપારની આવક તે લોકની આવક નથી. આમ પરદેશના વ્યાપારનો જથ્થો એ એમની રાષ્ટ્રીય આવકની નીશાની નથી. ૧૮૮૧–૮૨ માં લોર્ડરિપનની શાન્તિ અને સુકાળને આબાદી લાવનારી કારકીર્દિમાં હિન્દુસ્તાનનો ' આયાત અને નિકાસ–નો કુલ વેપાર ૮૩૦ લાખ હતો. ૧૯૦૦–૧૯૦૧ ના દુકાળ અને સંકટના વર્ષમાં ૧૨૨૦ લાખ હતો. હિન્દુસ્તાનને જે જાણે છે તે કેમ કહી શકશે કે ૧૮૮૧–૮૨ કરતાં ૧૯૦૦–૧૯૦૧ માં હિન્દુસ્તાન વધારે રળ્યું હતું, કે ખાવે પીવે વધારે સુખી હતું, કે વધારે આબાદ હતું. પરદેશી વ્યાપારીઓને હાથે અને પરદેશી ધનથી વ્યાપાર ચાલતો હોય તે દેશને ફાયદો નથી. કરતો એમ નથી સ્વદેશમાં જે ખરચે

ચીજો બનતી હોય તેના કરતાં વધારે સસ્તે ભાવે પરદેશની ચીજો વેપારથી આવે છે. અને સ્વદેશની ચીજોના દેશમાં જે ભાવ પાકે તેના કરતાં ઊંચા ભાવ પરદેશમાં મળે છે. આ બન્ને રીતિએ વ્યાપાર ફાયદાકારક છે. નફા પરદેશીઓ લઈ જતા હોય તોપણ. પરંતુ હિન્દુસ્તાનમાં તો આ ફાયદા પણ સંકુચિત છે, કારણ કે હિન્દુસ્તાનનો પરદેશ વ્યાપાર સ્વાભાવિક નથી. કૃત્રિમ છે. બળાત્કારનો છે. સુતરના માલ ઉપર મૂકેલી જકાત દેશમાં સુતરના માલની પેદાશ ઉપર અંકુશ મૂકે છે. અને જમા વસુલાતની પદ્ધતિ અને વિલાયતનાં ખરચ અનાજનો નિકાસ કરવા બલાત્કાર કરે છે. એ અનાજની આપણા પોતાના દેશમાં જરૂર છે છતાં. એટલે આપણા સ્વદેશી ઉદ્યોગને સંકુચિત કર્યાથી સુતરાઉ માલની આમદાની વધારે થાય છે; અને ભારે જમા અને ભારે સલામી ભરવાની હોવાથી અનાજનો નિકાસ વધારવાની ફરજ પડે છે.

પ્રકરણ ૫ મું.

જકાતના દરનો ઇતિહાસ.

પાછલા પ્રકરણમાં ૧૮૭૯ સુધીનો ઇતિહાસ આવી ગયો છે. તે પછી માર્કેસ ઑફ રિપને અફઘાન યુદ્ધનો અંત આણ્યો, શાંતિનું સ્થાપન કર્યું, અને સિલિક સંપાદન કરી. અને તેના કોશમન્ત્રી સર એવ્લિન બેરિન્ગે ૧૮૮૨ ના માર્ચમાં નીમક અને દારૂ સિવાય સર્વ ચીજો ઉપરની આમદાની જકાત કાઢી નાંખી.

શાન્તિ અને સમૃદ્ધિના વર્ષમાં આ જકાત કાઢી નાંખવામાં વાજબીપણું હતું તોપણ લૉર્ડ રિપન અને એમના કોશમન્ત્રીએ જો ૧૮૭૧ પછી જમીન

ઉપર જમા ઉપરાંત જે વેરા નાંખ્યા હતા તે ખેંચી લીધા હત તો તેમનું વધારે ઠીક કહેવાત. હિંદુસ્તાનનો સ્વાર્થ વધારે સાચવ્યો એમ કહેવાત. લોકની મુખ્ય ઉદ્યોગ ખેતી–એના ઉપર જ્યાં સુધી અતિશય ભાર છે ત્યાં સુધી અનુગ્રહરૂપ ન હોય તેવી જકાત લઇ લઇને વાજબી આવકનું બલિદાન આપવું એ ન્યાય નથી.

૧૮૮૨ થી ૯૪ પર્યંત બાર વર્ષ સુધી નવી આમદાની જકાત નાંખવામાં આવી નહિ. પણ ૧૮૮૮ માં પેટ્રોલ્યમ ઉપર એક નાની જકાત નાંખી હતી. પણ લૉર્ડ રિપનના સિધાવ્યા પછી થયલો લશ્કરી ખરચનો વધારો, લૉર્ડ ડફરિને મંજુર કરેલો લશ્કરનો વધારો, અને લૉર્ડ લેન્સડાઉનની સરકારની સીમાન્તપાર તોફાની પ્રવૃત્તિશીલતા; એ બધાને લીધે હિંદુસ્તાનના રાષ્ટ્રીય ક્રોશમાં ખેંચતાણ થવા લાગી. વળી હુંડીઆમણના ભાવ ઉતરી જવાથી વિલાયતનું દેવું જે પાઉંડના હિસાબમાં પતાવવાનું હોય છે તે પતાવવામાં પણ મુશ્કેલીઓ આવવા લાગી. ૧૮૮૪ થી ૯૪ વચ્ચે આપણા દેશના રાજ્ય વહીવટના સુધારાને લીધે જેટલું રાષ્ટ્રીય ખરચ વધ્યું નથી તેથી વધારે ઉડાઉ લશ્કરી ખરચો અને વધતાં જતાં વિલાયતનાં દેવાંથી વધ્યું છે. ૧૮૯૪ માં વીસલાખ પાઉંડના બોટ. !

હિન્દુસ્તાનમાં વિશેષ કર નાંખી શકાય એમ છે કે નહિ તેની તપાસ કરવા લૉર્ડ હર્શલની કમિટી નીમાઇ. કમિટી એવા ઠરાવ ઉપર આવી કે " આવકમાં વધારો કરવાના સૂચવેલા અનેક માર્ગોમાંથી પડેલા પુરાવા પ્રમાણે આમદાની જકાતનો માર્ગ કંઇ પણ વિરોધ ઉત્પન્ન કરશે નહિ; એટલું જ નહિ પણ એમ કહેવાય છે કે એ લોકપ્રિય થશે. " પણ કમિટીએ ઉમેર્યું કે સુતરાઉ માલ ઉપર જકાત નાંખવા જવાથી વધુ વિરોધ જાગશે.

એટલે ૧૮૯૪ ના માર્ચમાં સર એડ્વિંગ બેરીંગે આમદાની જકાત રદ કરી તે પછી બારે વર્ષે—સુતર અને સુતરના માલ સિવાયની તમામ ચીજો ઉપર આમદાની જકાત પડી. કિમ્મત ઉપર ૫ ટકાની જકાત સામાન્ય

રીતે નાંખવામાં આવી. આમાં કેટલાક અપવાદો હતા. લોખંડ અને ગજવેલ ઉપર ૧ ટકો, પેટ્રોલ્યમના ૧ ગ્યેલન ઉપર ૧ પેન્સ; અને રેલ્વેનાં સાધનો, ઔદ્યોગિક અને કૃષિ સંબંધી યન્ત્ર સામગ્રી, કોલસો, કાચો સામાન, અનાજ, ચોપડીઓ, અને બીજી કેટલીક પરચુરણ ચીજો મુક્ત રહી. સુતરને જકાતમાંથી બાતલ કરવાનાં કારણસર આ યોજના ઉપર સખ્ત વિરોધ પ્રકટ થયો. અને ૧૮૯૪ નો જકાતનો ધારો પસાર કરતી વખતે લૉર્ડ એલ્જિનને કહ્યું હતું કે આ ધારો છેવટનો છે બેશક એ પગલું અલ્પ જીવી હતું. ૧૮૯૪ ના ડિસેમ્બરમાં એક નવો ધારો થયો, જેમાં સુતરાઉ કાપડ અને સુતરનો પાંચ ટકાની જકાતમાં અંતર્ભાવ કર્યો. પણ મેન્ચેસ્ટરને તુષ્ટિમાન કરવાને માટે હિન્દુસ્તાનની મિલોમાં થતું સુતર જે લેન્કેશિયર સાથે હરીફાઇ કરતું હોય તેના ઉપર પાંચ ટકાની જકાત નાંખી. હકીકત એવી છે કે લેન્કેશિયર અહીંયા હમેશાં ઝીણો માલજ મોકલાવે છે. અને અહિંની મીલોમાં જે માલ થાય છે તે જાડો થાય છે. પણ કેટલાક વચલા વડના માલમાં લેન્કેશિયર અને ઇન્ડિયન માલ વખતે ભેટી જાય. અને ૫ ટકાની જકાત એવા નંબર ઉપર નાંખી કે જેમાં હરીફાઇનાં કાંઇક અંશ હોય તેથી ૨૦ નંબર ઉપરના હિંદી સુતર ઉપર જકાત પડી.

પણ બ્રિટિશ કારખાનદારોને સંતોષ ન થયો. ૧૮૯૫ ના જાન્યુઆરીની ૨૧ મી તારીખે એક ચર્ચા થઇ અને તેમાં સરહેન્રિ ફાઉલરે એક ગંભીર અર્થ સૂચક સૂચના કરી. " ને મહારાણી સરકાર—અનુગ્રાહક અન્યાય અટકાવવાના અમારા સ્પષ્ટ કરેલા ઇરાદાને વફાદારીથી અમલમાં મુકવા માટે ઇન્ડિયા સરકારની સાથે વિચાર કરશે. "

આ પછી ૬ ઠ્ઠે દિવસે સ્કૉટલંડના કારખાનદારો અને રંગેલો માલ નિકાસ કરનારાઓ સેક્રેટરિ ઑફ સ્ટેટને મળવા ગયા; અને એમણે બે બાબતો ઉપર ધ્યાન ખેંચ્યું.

(૧) અમે બ્રહ્મદેશમાં હલકા નંબરનું સુતર રવાના કરીએ છીએ;

તેના ઉપર ૫ ટકાની જકાત પડે છે; મુંબઇ અને કલકત્તાના તેવા સુતર ઉપર જકાત નથી.

(૨) હિન્દના માલ ઉપર જે દાણ નાખવામાં આવ્યું છે તે માત્ર વગર ધોયેલા સુતર ઉપર છે, અને ધોયેલા, રંગેલા, છાપેલા સુતરાઉ માલ ઉપર દાણ લેવામાં આવતું નથી. એટલે આવા માલ ઉપર અનુગ્રહ થાય છે. મેની ૨૭ મીએ લેન્કેશિયરના કારખાનદારો અને વેપારીઓનું એક બીજું મંડળ સરહેન્રિ ફાઉલરને મળ્યું. એમને હકીકત અને દલીલો મોકલવાનું પ્રથમથીજ કહેવામાં આવ્યું હતું, અને તે પ્રમાણે તેમણે મોકલી પણ હતી. પણ ૧૮૯૫ ના જુનમાં લિબરલ પ્રધાનોનો કારભાર ઉતર્યો, અને લૉર્ડ જ્હોર્જ હેમિલ્ટન સેક્રેટરિ ઑફ સ્ટેટ થયા.

આ પક્ષ લેન્કેશિયરની સાથે વચનોથી બંધાઇ ગયો હતો. અને તેઓએ લેન્કેશિયરની માગણીઓ સ્વીકારવામાં લિબરલોના કરતાં વધારે મહેરબાની કરી. ૧૮૯૫ ના સપ્ટેંબરમાં લૉર્ડ જ્હોર્જ હેમિલ્ટને નીચેની મતલબનો પત્ર ઇન્ડિયા સરકાર ઉપર લખ્યો.

" ૨૦ નંબર અથવા એવા કોઇ નંબરની કૃત્રિમ સીમા ઉપર જકાતનો અમલ કરવામાં બ્રિટિશ તેમજ હિન્દના કારખાનદારોને પૂરતો ઇન્સાફ થવો અંશક્ય છે, એમ લેન્કેશિયરવાળા ભાર મૂકીને કહે છે ' હિન્દુસ્તાન અને યુનાઇટેડ કિંગ્ડમ બન્નેને માટે ૧૮૮૨ થી ૯૪ સુધી જેવી સ્થિતિ હતી તેથી વિનિર્મુકત સ્થિતિ હોય તો સર્વથી સારૂ છે. પણ આપની નાણાંની સ્થિતિને લીધે આમદાની જકાત નાંખ્યા વિના ચાલે તેમ નજ હોય તો— આપેલાં વચનોનો ભંગ ન થાય અને હમેશની ફરિયાદી અને હુમલાનું કારણ ન રહે' એવી રીતે જકાતના નિયમો કરવા જોઇએ. "

ધીમે ધીમે આખરે સત્તાધીશોએ હિન્દુસ્તાનના તમામ કાપડ ઉપર દાણ નાંખ્યું. ૨૦ નંબરે જે હદ બાંધી હતી તે પણ ઉઠાવી લીધી. સુતરને નિર્મુકત કર્યું. અને તમામ કાપડ ઉપર જાડામાં જાડું જેની સાથે લેન્કે-

શિયરની હરીફાઇ બીલકુલ નથી તેના ઉપર પણ જકાત પડી. આ બાબતની દરખાસ્ત ૧૮૯૬ ના જાન્યુઆરીની ૧૬ મીએ લૉર્ડ એલ્ગિને તારમાં કરી. સેક્રેટરિ ઑફ સ્ટેટે બીજે દિવસે તારમાં મંજુરી આપી અને તદનુસાર ધારો બાંધવાની યોજના પ્રજાન્ધસભામાં રજુ થઇ.

કહેવાની જરૂર નથી કે આ અન્યાયથી સર્વ ક્રોધાયમાન થયા અમલદાર—અને બીન અમલદાર; દેશીઓ તેમજ પરદેશીઓ; અને આ યોજના રહામે સખ્ત વિરોધ ઉભો થયો. તા. ૩ જી ફેબ્રુવારીને રોજ આની ચર્ચા થઇ. નીચેના ઉતારાઓ ઉપરથી તે ચર્ચાનું સ્વરૂપ કાંઇક સમજાશે.

કલકત્તાની વ્યાપારી પ્રજાના પ્રતિનિધિ મિ૦ પ્લેફેરે-કહ્યું કે:—આ સભાના માનવંતા સભાસદો માને છે કે જાડા કાપડના સંબંધમાં અહીંની મિલો અને લેન્કેશિયરની મિલો વચ્ચે હરીફાઇ નથી; અને એની ના પાડવામાં આવી નથી. એટલુંજ નહિ પણ વિશેષ તપાસ કરતાં ૨૦ નીચેના નંબરના સુતરમાંથી બનતા કાપડના સંબંધી વસ્તુતાએ હરીફાઇ નથી એમ સાબીત થયું છે.

અને કેટલા વ્યાપાર સારૂ આટલો બધો વિગ્રહ આદર્યો છે? આખી દુનીઆમાં જેટલી યાન્ત્રિક બળની સાલો અને તાકો છે, તેનું કેટલું પરિમાણ ઇન્ડિયામાં છે. તાકો $\frac{1}{16}$; અને સાળો $\frac{1}{10}$ ગ્રેટબ્રિટનમાં—આખી દુનીયાની તાકોનો અને $\frac{1}{3}$ અને સાલોનો $\frac{1}{3}$ છે; અને તેમાં ઇંગ્લંડની સાળો અને તાકો સાથે ઇન્ડિયાની સાળો અને તાકોનું પ્રમાણ $\frac{1}{12}$ અને $\frac{1}{16}$ અનુક્રમે આવે છે. આટલું નાનું બચ્ચું ઇન્ડિયાને ન જોઇએ. લેન્કેશિયરના વેપારમાં આજકાલ મંદી છે તે હું જાણું છું અને તેની સાથે મારી પૂરતી અનુકમ્પા છે; અને ઇન્ડિયા અને ઇગ્લંડ બન્નેનું કલ્યાણ થાય તેવી રીતે થઇ શકતું હોય તે કરવું જોઇએ એમ હું ઇચ્છું છું. પણ લેન્કેશિયરના શેઠીઆઓ

પોતાની સ્થિતિથી ભય પામતા હોય અથવા અસંતુષ્ટ હોય તે કારણથી હિન્દુસ્તાનના એક અલાયદાજ ઉદ્યોગ ઉપર અન્યાય હુમલો એમણે શામાટે કરવો તે હું સમજી શકતો નથી. "આ યોજનાથી મેન્ચેસ્ટરના માલ ઉપરથી ૫૧ ½ લાખ (અથવા ૩૭ ટકા)ની માફી અપાય છે અને સ્વદેશી માલ ઉપર ૧૧ લાખ (અથવા ૩૦૦ ટકા)નું દાણ બેસાડાય છે."

રાવસાહેબ બલવન્તરાવે, હરીફાઇ નથી એમ બતાવીને કહ્યું કે "× × × હિન્દુસ્તાનના ૨૦ થી ઓછા નંબરના કાપડ ઉપર દાણ નાંખવાથી પરદેશીને લાભ નથી...પણ લાખો માણસોનું કાપડ મોંઘું થશે; અને તેઓની નિર્ધનતામાં તેમને તે વિષમ લાગ્યાવિના નહિ રહે. જેઓ કર આપી શકે એમ છે તેમનો કર માફ થાય છે, અને પછી ખોટ આવે છે તે ગરીબ પાસેથી વસુલ થાય છે."

મિ. આનન્દ ચાર્લુ—મદ્રાસ—એમણે પણ હરીફાઇ નથી એ વાત ઉપર ભાર મૂકીને બતાવ્યું કે લેન્કેશિયરને આપેલાં વચનોથી પણ આપણે વધારે આગળ જઇએ છીએ.સેક્રેટરિ ઑફ સ્ટેટે અન્યાય અને અનુગ્રહની રહામે રક્ષણ કરવાનું વચન આપ્યું છે. આમાં એવો પ્રસંગ છતાં આપણા સ્વાર્થોનું બલિદાન અપાય છે.

મિ. સ્ટિવન્સ—પાછળથી સરચાર્લ્સ સ્ટિવને—પણ એજ મતલબનું કહ્યું. અને હિન્દુસ્તાનની જરૂરીઆતો કરતાં ઇંગ્લંડની પક્ષનીતિના લાભ માટે આ પગલું ભરવામાં આવે છે એવો લોકમત સભામાં પ્રકટ કર્યો. અને આ જકાતથી અગલના ઉદ્યોગોને અને આ દેશની ગરીબ રૈયતને અત્યંત ગેરલાભ થશે એવી બુદ્ધિ પણ આ ધારાને ટેકો મળવાનું એક કારણ છે–એમ જાહેર કર્યું.

આ બધા વાંધા વ્યર્થ ગયા. ખીલ પસાર થયું. 'બ્રિટિશ ઇન્ડિયાની તમામ મીલોમાં જેટલું કાપડ નીકળે–તેની કિંમત ઉપર ૩½ ટકાની જકાત–મિલોમાંજ લેવી' એવો ધારો થયો.

૧૮૭૯ માં ઈંગ્લંડના વેપારીઓના લાભ સારૂ સુતર અને સુતરાઉ કાપડ ઉપરની જકાત મૂકી દીધી. ૧૮૮૨ માં નીમક અને દારૂ સિવાયની તમામ ચીજો ઉપરથી જકાત કાઢી નાંખી. ૧૮૯૪ માં આમદાની જકાત પાછી નાંખી. અને લેન્કેશિયરના માલની હરીફાઇમાં આવતો હોય તેવા તમામ સ્વદેશી માલ ઉપર જકાત નાંખી. પણ ૧૮૯૬ નું બલિદાન તો બહુ ઊંડું અને વિસ્તૃત હતું. આપણા દેશમાં પેદા થતા તમામ સુતરાઉ માલ ઉપર ૩½ ટકાની જકાત નાંખવામાં આવી. જે માલની સાથે મેન્ચેસ્ટર કદી હરીફાઇમાં પડયું નથી, પડી શકે તેમ નથી તે માલ ઉપર કર નાંખ્યો. ગરીબ માણસનાં વસ્ત્ર મોંઘાં થયાં; અને તેમ કરવામાં લેન્કેશિયરના ગરીબ માણસનું રક્ષણ કરવાનું બ્હાનું સરખુએ ન હતું.

૧૮૯૬ નો આ કાયદો સુધરેલા દેશોમાં નાણાં પ્રકરણી અન્યાયના દાખલા તરીકે બેનમુન છે. ઘણાં સુધરેલાં રાજ્યો પોતાના સ્વદેશના ઉદ્યોગોનું પરદેશના માલ ઉપર બાધક જકાતો નાંખીને રક્ષણ કરે છે. અબાધિત વ્યાપારના સિદ્ધાન્તને સમંતતઃ વળગી રહેનારૂં રાજ્યતન્ત્ર પણ આવકને માટે માફકસર જકાત નાંખતી વખત સ્વદેશના ઉદ્યોગો ઉપર દાણ નાંખતું નથી. પણ હિન્દુસ્તાનમાં—મિલના સિદ્ધાન્તો પ્રમાણે પણ જ્યાં એક બાલઉદ્યોગ અનુગ્રહની અપેક્ષા રાખે ત્યાં તેનો કંઈજ અનુગ્રહ થતો નથી. આવકને માટે નાંખેલી નિયમિત જકાતનું ૧૮૭૯ અને ૧૮૮૨માં બલિદાન આપ્યું, સ્વદેશી કાપડ જે પરદેશી કાપડની સાથે હરીફાઇ કરતું હતું તેના ઉપર ૯૪ માં જકાત નાંખી. અને જે સ્વદેશી કાપડ હરીફાઇમાં આવતું ન હતું તેના ઉપર ૧૮૯૬ માં જકાત નંખાઇ. પ્રતિનિધિ વિનાની પ્રજાના સ્વાર્થોનાં આવી રીતે બલિદાન અપાય છે.

આ અન્યાયી ધારાની અસરો હાલના દુકાળ અને ચલણ સંબંધી નીતિની મદદથી કેવી થઇ છે તે નીચેના કોષ્ટકથી સમજાશે.

વર્ષ.	મિલની સંખ્યા.	સાલેાની સંખ્યા.	તાકાની સંખ્યા.	સુતર દર લાખ પાઉં.	કાપડ દસ લાખવાર.
૧૮૯૮-૯૯	૧૭૫	૩૭૨૮૮	૪૧૫૫૦૩૮	કરેાડ ૫.૧૨	૧૦.૧ કરેાડ
૧૮૯૯-૧૯૦૦	૧૮૬	૩૮૫૨૦	૪૭૨૯૫૭૦	કરેાડ ૫.૧૩	૯.૮ કરેાડ
૧૯૦૦-૧૯૦૧	૧૯૦	૪૦૫૪૨	૪૯૩૨૬૦૪	કરેાડ ૩૫.૩	૯.૮ કરેાડ

આટલા બધા અંકુશેા છતાં નવી મિલેા મહા સંકટ વચ્ચે જન્મ પામે છે, પણ સુતર અને કાપડની પેદાશ ઘટતી જાય છે.

(૧૯૦૩) અત્યારે ઇંગ્લંડમાં આ બાબતમાં જે મેાટી ચર્ચા ચાલે છે તેમાં સંરક્ષણવાદીઓ, સંગ્રામવાદીઓ, (Rehabiatonts) અને સ્વતન્ત્ર વ્યાપાર વાદીઓ—બધા ગ્રેટબ્રિટનના લેાકના કલ્યાણને છેવટની કસેાટી માને છે. રક્ષણ વાદીઓ કહે છે કે સંરક્ષણથી લેાકનેા સ્વાર્થ સુધરે છે. સંગ્રામવાદીઓ કહે છે સ્વજન ઉપર ગેરઇન્સાફ થતેા અટકાવવા માટે પરદેશી ઉપર ધાક જોઇએ. અને સ્વાતન્ત્ર્ય વાદીઓ કહે છે કે ગ્રેટબ્રિટનના લેાકેાની અતિશય વધી ગયલી સંખ્યાને નિર્ધનતા અને ભૂખમરામાંથી બચાવવાને માટે વ્યાપારની સ્વતન્ત્રતા એજ એક ઇષ્ટ નીતિ છે. સર્વના મતમાં લેાકનું કલ્યાણ એજ એક છેવટની કસેાટી છે; અને તે કઇ રીતે સંપાદન કરવું તેમાં મતભેદ છે. અંગ્રેજો શુદ્ધબુદ્ધિથી આ કસેાટી હિન્દને લગાડશે? તેઓ હિન્દુસ્તાનના કારખાનદારોને ઇન્સાફ આપવાની અને હિન્દુસ્તાનના ઉદ્યોગેા અને હિન્દુસ્તાનની પ્રજાને હિતાવહ ધારા ઘડવાની હિમ્મત કરશે ?

પ્રકરણ ૬ ઠું.

રેલ્વે અને જલસંગ્રહ.

૧૮૭૩ માં એક સરકારી ઇતિહાસકાર લખે છે કે હવે રેલ્વે પૂરી થઇ છે અને એ ખાતાનું ભારે ખરચ બંધ થયે નાણાંપ્રકરણની સ્થિતિ સુધરવા સંભવ છે.

૧૮૮૦ના ફેમિન કમિશને અભિપ્રાય આપ્યો હતો કે અનાવૃષ્ટિથી ઉત્પન્ન થતા દુકાળમાંથી હિન્દને અપરોક્ષ રક્ષણ આપવા સારૂ જલસંગ્રહના ઉપર પ્રથમ ધ્યાન આપવું જોઇએ.

પણ આની દરકાર કોઇએ કરી નહિ. રેલ્વેનું ભારે ખરચ બંધ પણ થયું નહિ. જલસંગ્રહને પ્રથમ લક્ષ્ય અપાયું પણ નહિ.

કારણ એ છે કે ઇંગ્લંડના પ્રજા મત પ્રમાણે હિન્દનો કારભાર અને હિન્દુસ્તાનના લોકોના મત ઉપર નથી ચાલતો. અંગ્રેજો રેલ્વેને ઓળખે છે; અને હિન્દુસ્તાનને માટે જલસંગ્રહની મહત્તા સમજતા નથી. અંગ્રેજ કારખાનદારો ઇંગ્લંડની ચીજો માટે દૂરની બજારો ઉઘાડવા સારૂ રેલ્વેને એક સાધન માને છે. અંગ્રેજ વેપારીઓ હિન્દુસ્તાન સાથે વ્યાપારની સરળતા સિદ્ધ કરવા નવા માર્ગો ઉઘાડવા માગણી કરે છે. બ્રિટિશ વેપારીઓ હિન્દના રાજ્યકારભાર ઉપર પાર્લમેન્ટ મારફત તેમજ ઇન્ડિયા ઑફિસ સાથે પ્રત્યક્ષ વ્યવહારથી અસર કરે છે. પાર્લમેન્ટના સભાસદો આમની સભામાં સવાલો પૂછીને રેલ્વેના નવા માર્ગો બાંધવાના આગ્રહ કરે છે. કોઇ જલસંગ્રહની દરકાર કરતું નથી કારણ કે હિન્દુસ્તાનમાં એની શી અગત્ય છે તેની કોઇને ખબર નથી. ૧૮૭૩ માં રેલ્વેનું ખરચ બંધ કરવાનો ધાર્મિક સંકલ્પ તરતજ વીસરાઇ ગયો. સર આર્થર કૉટનને હવાઇ તરીકે હસી કઢાઇ.

ફ્રેમિન કમિશનનો રિપોર્ટ ઑફિસનાં કબાટોમાં ઊંઘતો હતો. નવી રેલ્વેઓ હિન્દુસ્તાનની તાત્કાલિક જરૂર ઉપરાંત, અને હિન્દુસ્તાનની સમૃદ્ધિ બહાર જોરથી વધતી જાય છે.

પણ લોક ગરીબ હોય અને રેલ્વેમાંથી પેદાશ ન થતી હોય ત્યાં રેલ્વે બાંધવામાં એક મુશ્કેલી છે. તેથી જમીનગીરીની રાજ્યનીતિ ઉત્પન્ન થઇ અને તેનાં દુષણોનું વર્ણન આગળ આવી ગયું છે. પછી એવો ઠરાવ કરવામાં આવ્યો કે રાજ્યેજ કરજે નાણાં કાઢીને રેલ્વે બાંધવી. થોડાં વર્ષ સુધી એ રીત ચાલી પણ ૧૮૭૭ નો દુકાળ અને ૧૮૭૮ ના અફઘાન યુધ્ધે દેશની નાણાં સંબંધી સ્થિતિ અસ્તવ્યસ્ત કરી નાંખી અને રેલ્વે બાંધવાનું કામ અટકયું.

પછી નવી લાઇનો બાંધવાને બાનગી કમ્પનીઓને લાલચો આપવાના યત્નો થયા. તે યત્નો નિષ્ફળ નીવડ્યા અને આપણી સરકારે પુનઃ પેલી દૂષિત બાંહ્યધરીની રીતનો સ્વીકાર કર્યો. વળી તે નીતિ છોડી દીધી અને રાજ્ય-રેલ્વેઓ શરૂ થઇ; પણ રૂપીઆની કિમ્મત ગગડી જતાં, વળી, પરદેશનું કરજ કરવાનું બંધ રાખ્યું અને રેલ્વે બંધ પડી.

વળી એકવાર સરકારે બાનગી કમ્પનીઓને અરજ કરી અને ૧૮૯૩ માં એક ઠરાવ બહાર પાડી કેવી શરતોથી સરકાર રેલ્વેના હક આપવા તૈયાર છે તે જાહેર કર્યું. આ ઠરાવથી પણ ધનાઢય વર્ગ લલચાયો નહિ. ૧૮૯૬ માં નવી શરતો થઈ. આ નવી સરતો પ્રમાણે થોડીક લાઇનો બંધાઇ અને વળી પાછું એ કામ બન્ધ પડ્યું. ધનાઢય લોકો જમીનગીરી વિના તેમાં પડવાને રાજી ન હતા. "એક અથવા બીજા સ્વરૂપમાં જમીનગીરી વિના રેલ્વેની નવી યોજના હાથમાં લેવી એ સરકારને અત્યંત મુસ્કીલ લાગે છે, અને સરકારને નવી લાઇનો બાંધવા કાં તો જમીનગીરી આપવી પડે છે, કાં તો પોતાને નાણાં કાઢવાં પડે છે."

ત્રીજો માર્ગ નથી ? હવે બધા મુખ્ય માર્ગો જ્યારે બંધાઈ ગયા છે ત્યારે

ભવિષ્યને માટે ખાનગી કમ્પનીઓની ઉપરજ નવી લાઇનો બાંધવાનું ન રાખી શકાય? હિન્દુસ્તાનના લોકો પોતાના આપેલા કરોમાંથી નવી રેલ્વેઓ બાંધવાનું કહેતા નથી. ૧૮૯૭ના દુષ્કાળ કમિશને કહ્યું છે કે નવી રેલ્વેની–દુષ્કાળ સંકટ નિવારણ માટે જરૂર નથી; અને વળી કહે છે કે "જલસંગ્રહનાં કામોથી વધારે રક્ષણ આપી શકાશે." ૧૯૦૦ નું દુકાળ કમિશન ફરતી સામગ્રી વધારવાની ભલામણ કરે છે પણ રેલ માર્ગો વધારવાનું કહેતું નથી. અને હાલમાં રેલ્વેની બાબતમાં તપાસ કરવા સારૂ મોકલેલો સ્પેશ્યલ કમિશ્નર કહે છે કે વિસ્તારના પ્રમાણમાં યુરોપ બાદ કરતાં બીજા બધા દેશો કરતાં ઇન્ડિયા રેલ્વેમાં આગળ આવે છે. "એટલે ફ્રાન્સ કેરપીયન રશીયા, ઇજીપ્ટ, નેટલ, ટ્રાન્સવાલ, ઑરેન્જ રિવર કૉલોનિ, ન્યુઝીલન્ડ વિકટોરિઆ, ન્યુસાઉથ વેલ્સ, કિવન્સલન્ડ, વેનેઝુએલા, બ્રાઝીલ—એ બધાં કરતાં પણ આગળ આવે છે. વિસ્તારના પ્રમાણમાં માત્ર જપાનેજ આપણા કરતાં રેલ્વે વધારે બાંધી છે, પણ તેનું કારણ તો એ છે કે તે વિસ્તારજ બહુ કમતી છે. પણ વસ્તીનું પ્રમાણ લઇએ: ઇન્ડિયામાં ૧૨૨૩૧ માણસે ૧ માઇલ રેલ્વે છે, જપાનમાં ૧૨૭૧૩ માણસે એક માઇલ છે. ખરેખર આ હકીકતે આપણને કાંઇક વિચારમાં નાંખવા જોઇએ. આપણા દેશની માણસ દીઠ વાર્ષિક આવક માત્ર ૨ પાઉંડની છે ત્યારે ૪૨ પાઉંડવાળા ઇગ્લંડ દેશની પેઠે મુસાફરીનો મોજ શોખ આપણે નજ ભોગવી શકીએ. મુસાફરીની સગવડના સંબંધમાં યુરોપની બહાર સર્વથી આગળ પડતા આપણે હોઇએ તેથી આપણે સંતોષ માનવો જોઇએ. આપણા કરોમાંથી જમીનગીરીની અપેક્ષા રાખ્યા વિના ખાનગી કમ્પનીઓને રેલ્વે બાંધવી પોસાય ત્યાં સુધી આપણે રાહ જોઇ શકાએ. હિન્દુસ્તાનની આવકમાંથી નવી લાઇનો બાંધવા સ્હામે તેમજ તેમાંથી નવી લાઇનો સારૂ જમીનગીરી આપવાની સ્હામે આપણો વાંધો છે. હવે વધારે રાજ્યથી અથવા રાજ્યની જમીનગીરીથી વધારે લાઇનો બંધાય તેમાં બહારના દબાણને લીધે હિન્દના સ્વાર્થનું બલિદાન આપવા જેવું છે.

રેલ્વે બાંધવાનું કામ કેવું સપાટાબંધ ચાલ્યું છે તે નીચેના કોઠાથી સમજાશેઃ—

વર્ષ.....માઇલ.	વર્ષ.....માઇલ.	વર્ષ.....માઇલ.	વર્ષ.....માઇલ
૧૮૫૩... ૨૦	૧૮૭૧...૫૦૭૭	૧૮૮૫-૬-૧૨૩૭૫	૧૮૯૩-૧૮૫૧૦
૧૮૫૬... ૨૭૩	૧૮૭૩...૫૬૯૪	૧૮૮૬-૭-૧૩૩૮૭	૧૮૯૪-૧૮૯૦૬
૧૮૫૭... ૨૮૮	૧૮૭૫...૬૫૧૮	૧૮૮૭-૮-૧૪૩૭૬	૧૮૯૫-૧૯૫૫૫
૧૮૬૧...૧૫૮૮	૧૮૭૭...૭૩૨૨	૧૮૮૮-૯-૧૫૨૪૧	૧૮૯૬-૨૦૨૬૧
૧૮૬૨...૨૩૩૬	૧૮૮૧...૯૮૯૧	૧૮૮૯-૯૦-૧૬૦૯૬	૧૮૯૭-૨૧૨૩૩
૧૮૬૩...૨૫૫૦	૬૮૮૨...૧૦૧૪૪	૧૮૯૦-૧-૧૬૯૭૭	૧૮૯૮-૨૨૦૪૮
૧૮૬૫...૩૩૭૩	૧૮૮૩-૪-૧૦૮૨૮	૧૮૯૧-૨-૧૭૫૬૪	૧૮૯૯-૨૩૫૨૮
૧૮૬૭...૩૯૩૬	૧૮૮૪-૫-૧૨૦૦૦	૧૮૯૨ ...૧૭૮૭૪	૧૯૦૦-૨૪૭૬૦

અને ૧૯૦૧ માં ૨૫૩૭૩ માઇલ રેલ્વે હતી. ૧૮૭૩ થી ૨૮ વર્ષમાં ૫૮૦૦ ને બદલે પચીસ હજાર માઇલ રેલ્વે થઇ અને ૧૮૭૩ માં તો સરકારી ઇતિહાસકારે લખ્યું હતું કે હવે રેલ્વે લગભગ પૂરી થઇ ગઇ છે.

ખરચના આંકડા નીચે છેઃ—

ડીસેમ્બર ૧૮૯૨ સુધી.

રૂપિયા.

રાજ્યે બનાવેલી સ્ટેટ રેલ્વે... ... ...૧૩૩૫૪૬૦૭૪૦

કમ્પનીએ બનાવેલી સ્ટેટ રેલ્વે ૨૮૧૧૩૭૬૩૦

જમીનગીરીવાળી કમ્પનીઓની રેલ્વે ૪૯૨૦૫૮૬૮૦

મદદ આપેલી જેવી કમ્પનીની રેલ્વે ૫૬૦૭૦૩૬૦

દેશી રાજ્યોની રેલ્વે... ... ... ૮૬૦૦૨૫૧૦

પોર્ટુગિઝ અને ફ્રેન્ચ રેલ્વે ૧૬૮૯૦૬૮૦

રેલ્વે સર્વે કોલ્યરિ ઇત્યાદિમાં ૯૦૭૭૦૫૦

કુલ ૧૮૯૧ ના ડિસેમ્બર સુધીનું ખરચ રૂ. ૨૨૭૬૬૯૭૬૫૦ અ કે રૂ. બે અબજ સત્તાવીસ કરોડ છાસઠ લાખ સત્તાણુ હજાર છસેં ને પચાસ ડિસેમ્બર ૧૯૦૧ સુધી.

વર્ષ.	£	વર્ષ	£
૧૮૬૨... ...	...૩૨૪૦૦૦૦	૧૮૬૭... ...	૭૩૦૭૦૦૦
૧૮૬૩... ...	...૩૬૬૬૦૦૦	૧૮૬૮... ...	૬૬૬૩૦૦૦
૧૮૬૪... ...	...૩૫૨૬૦૦૦	૧૮૬૯... ...	૮૬૨૬૦૦૦
૧૮૬૫... ...	...૪૩૭૩૦૦૦	૧૯૦૦... ...	૭૧૦૬૦૦૦
૧૮૬૬... ...	...૫૨૧૩૦૦૦	૧૯૦૧... ...	૬૭૭૩૦૦૦

૧૯૦૧ આખર રેલ્વેમાં કુલ મુડી રૂ. ૩૪૦૧૫૬૮૦૦૦ ત્રણ અબજ ચાળીસ કરોડ પંદર લાખ અઠ્ઠાણુ હજાર રૂપીયાની વપરાઇ છે.

એટલું જ નોંધવાનું હવે બાકી રહે છે. કે જમીનગીરીવાળી કમ્પનીઓ પાસેથી રેલ્વે ખરીદી લેવાનો હક સરકારે રાખ્યો હતો. હાલમાં આ હક સરકારે અમલમાં મૂક્યો છે. આ હકની રૂએ ૧૮૮૦ માં ઇસ્ટ ઇન્ડિયા રેલ્વે, ૧૮૮૪ માં ઇસ્ટર્ન બેન્ગૉલ રેલ્વે, ૧૮૮૫–૮૬ માં સિન્ધ પંજાબ રેલ્વે, ૧૮૮૮ માં આઉધ રૉહિલખંડ, ૧૮૯૦ માં સાઉથ ઇન્ડિયન અને ૧૯૦૦ માં ગ્રેટ ઇન્ડિયન રેલ્વે ખરીદી હતી, પણ જ્યારે જૂની ગ્યેરન્ટી આમ ખરીદી લીધી ત્યારે નવી જમીનગીરી વળી સરકારે આપી. ૧૮૯૨ માં આસામ બંગાળ રેલ્વેને ચીતાગોન્ગના બંદરની સાથે આસામ જોડવા સારૂ ૩ ટકાની ગૅરન્ટી સરકારે આપી, ચોખ્ખી રીતે આસામના બગીચાવાળાઓના લાભ માટે. ૧૮૯૭ માં બર્મા રેલ્વે કમ્પનીને ૨॥ ટકાની જમીનગીરી આપી. બર્માની સ્ટેટ રેલ્વે લઇ લેવા અને મેન્ડલેથી ચીન તરફ રેલ્વે વધારવાને માટે આ જમીનગીરી અપાઇ. આ લાઇન લાંબીઓ મુદ્દી ગઇ છે. પણ હજી કાંઇ માલ લાવતી નથી અને એવી રીતે આપણે જેમાં કાંઇજ ફાયદો નથી એવી એક યોજના ઉપર આપણા પૈસા બરબાદ જાય છે.

જલસંગ્રહ.

આ પ્રકરણ ઉપર આવતાં આપણને રેલ્વે જેવું ઉડાઉપણું લાગ્યું હતું તેવું જ આમાં કંજુસપણું લાગે છે. સર આર્થર કૉટનવાળી યોજનાઓ ઉપર પુષ્કળ વિચાર કોઇએ કર્યોજ નહતો. અને ૧૯૦૨ સુધીમાં જલસંગ્રહ ઉપર, કુલ કરજ ૨૪૦ લાખ પાઉંડનું હતું, ત્યારે રેલ્વે ઉપર ૨૨૬૦ લાખ સુધી પહોંચી ગયું હતું.

નીચેના કોઠામાં ૧૯૦૧ માર્ચમાં જુદી જુદી ન્હેરોથી કેટલી જમીન પાણી પીયે છે તે આપ્યું છે. આ આંકડામાં સિન્ધના આંકડા નથી.

પ્રાંત.	નહેરોનાં નામ ઇત્યાદિ.	ક્ષેત્રફળ.
બંગાળા.	ઓઢીઆની નહેર.	૨૦૧૪૫૮
	મિદનાપુર નહેર.	૮૨૧૩૪
	સોન નહેર.	૫૫૭૪૯૪
આગ્રા અને આન્ધ.	પૂર્વ જમના અને બે ગંગાની નહેરો અને બીજાં કામો.	૨૭૪૧૪૦૦
પંજાબ.	પશ્ચિમ જમનાની નહેર.	૫૮૯૯૫૫
	બારી દોઆબની નહેર.	૮૫૬૦૪૧
	સરહિન્દની બ્રિટિશ નહેર.	૭૨૮૯૦૮
	સરહિન્દની દેશી રાજ્યોની નહેર.	૩૪૧૫૫૩
	ચીનાબ નહેર.	૧૭૪૮૧૨૯
	જેલમ.	૬૫૩૬૭
મુંબઇ.	સોહાગ પરા. સિંધની નહેર.	૧૬૧૮૮૫
	નીરા, મૂઠા અને બીજી નહેરો.	૧૩૬૦૪૦

મદ્રાસ.	કાવેરી કૃષ્ણા ગોદાવરીની નહેરો.	૨૫૦૦૦૦૦
	પેરીયારની નહેરો.	૧૫૪૦૦૦
	ઋષિ કુલ્યની નહેરો.	૮૪૩૦૦૦
	પેન્નાર અને બીજી.	નથી.

ઉપર કહેવાઇ ગયું છે કે મદ્રાસમાં પાણીવેરો જમાની સાથે એકઠો કરવામાં આવ્યો છે અને વર્ષોવર્ષ એક સરખી રીતે રૈયતવારી પ્રદેશોમાં એકત્રિત કર લેવામાં આવે છે.

કેટલાક પ્રાન્તોમાં ભારે વર્ષાદનું એક વર્ષ આવે એટલે નહેરનાં પાણીનો વધારે પ્રચાર થાય; અને સિન્ધમાં સારા વર્ષાદે નહેરનાં પાણીની ઓછી ગરજ પડે; કારણ કે સારો વર્ષાદ આવે તો સંગ્રહ કરેલાં પાણીની લોકને જરૂર ન પડે. ઑરિસામાં સામાન્ય રીતે વરસાદ સારો રહે છે તથા ખેડુતો ઘણે ભાગે ૧૮૯૬ ની અનાવૃષ્ટિ સુધી નહેરમાંથી પાણી લેતાજ નહતા. પણ પછી અરજીઓ ઉપર અરજીઓ આવવા લાગી, અને કૃષિકારો આગળથી કેટલાં વર્ષોના કરાર કરી ગયા. આ કારણોથી પાણીનો ઉપયોગ વધારે ઓછી જમીનમાં થાય છે.

પણ મોટા મોટા પ્રદેશો હજી એવા છે કે જ્યાં નહેરો અથવા તળાવ કે કાંઇજ સંગ્રહનાં કામો કરવામાં આવ્યાં નથી. અને ૧૮૯૭-૧૯૦૦ ના દુકાળે વળી સરકારનું ધ્યાન જલસંગ્રહ ઉપર ખેંચ્યું. આખરે ૧૯૦૧ માં પગલાં ભરવામાં આવ્યાં, જે પગલાં વીસ વર્ષ ઉપર લેવાવાં જોઇતાં હતાં. એક કમિશન નીમાયું. તેના પ્રમુખ તરીકે સર કૅલિન સ્કૉટ મોન્ક્રીફ–જેમણે જલસંગ્રહના ખાતામાં કામ કરેલું હતું, અને જેમણે ઇજીપ્ટમાં મોટાં મોટાં કામો

કરીને નામના મેળવી હતી-તેમને નીમ્યા. આ કમિશનના રિપોર્ટની મતલબ નીચે પ્રમાણે છે.

પંજાબમાં—નીચલા-બારી દોઆબની યોજના હાલ પડતી મૂકીને ચીનાબમાંથી રાવીની બીજી સોંસરી એક નહેર કાઢવાની ભલામણ કરી.

સિન્ધમાં હાલની નહેરોનો વિશેષ વધારો સૂચવ્યો.

ગુજરાતમાં સાબરમતી, મહી અને નર્મદાનાં પાણીનો સંગ્રહ કરવાને મોટાં તળાવો બાંધવાની જગા શોધી કાઢવાની અને તે તળાવોમાંથી અમદાવાદ અને ખેડા જીલ્લામાં નહેરો કાઢવાની કિંમતી યોજના બતાવી.

દખ્ખણ માટે પશ્ચિમ ઘાટના વરસાદમાંથી નીકળતી તમામ નદીઓનાં પાણી એકઠાં કરવાની જગાઓ શોધવા તથા તેમાંથી યોગ્ય પ્રદેશોમાં પાણી લઇ જવાને નહેરો બાંધવાની સૂચના કરી.

મદ્રાસ કર્નુલ કડપ્પાની નહેર વધારવાની અને તુંગભદ્રાની યોજનાની તપાસ કરવાની સૂચના તથા કાવેરી અને કૃષ્ણાનાં પાણીનો સંગ્રહ કરવાને માટે મોટાં તળાવોની સૂચનાઓ કરી.

બંગાળામાં શાહાબાદ અને મુઝફ્ફરપોરના જીલ્લાઓમાં પાણી લઇ જવા તળાવો અને નહેરોની ભલામણ કરી.

આગ્રા અને આઉધમાં બન્દા અને બુન્દેલખંડને માટે કેનની નહેર બાંધવાની ભલામણ; અને શરદાના પાણી ગંગા તરફ વાળીને રસ્તામાં બીજનૌર અને બરાઉન-ના જીલ્લાઓને પાણી આપવાની યોજના—સૂચવી.

આ મોટાં કામો સિવાય કેટલાંક નાનાં કામોની ભલામણ કમિશને કરી; જેનું ખરચ ૬૦૦૦૦ પાઉંડથી વધારે ન થાય અને કેટલાકમાં તો પૂરા ૬૦૦૦ પાઉંડ પણ ન થાય. આવી નાની યોજનાઓને માટે કમિશનના મત પ્રમાણે આપણા દેશમાં પુષ્કળ અવકાશ છે. મોટી યોજનાઓના વિષયમાંજ ન આવી શકે તેવા પ્રદેશોમાં આની બહુ જરૂર છે. એમાં નાણાંનું

જોખમ પણ ઘણું જ થોડું છે અને ઘણાંખરાં તો એવાં છે કે દુષ્કાળ નિવારણ માટે શરૂ કરી શકાય અને દુષ્કાળ પૂરો થતાં સુધીમાં તે કામો પૂરાં થઇ શકશે એવી કાંઇ ખાત્રી પણ રહે.

નાનાં મોટાં બધાં કામો અપરોક્ષ રીતે ફલદ્રુપ ન હોય તોપણ દુષ્કાળ સંકટના નિવારણ માટે હાથમાં લેવાની કમિશન ભલામણ કરે છે. "ઘણાં એવાં કામો છે કે પ્રત્યક્ષ રીતે સફળ થાય તેવો સંભવ નથી; છતાં જેમ કેટલાંક મોટાં કામોની ભલામણ કરી છે તેમ આની પણ અમે ભલામણ કરીએ છીએ. એટલા માટે કે વરસાદની તાણના પ્રસંગમાં તે દેશોમાં દુકાળના સંકટના નિવારણ માટે તેની ઘણી જરૂર છે. આમાં મધ્યપ્રાન્તોના ડાંગરના મુલકમાં અત્રે જે કામો બતાવ્યાં છે તેને પહેલું સ્થાન આપીએ છીએ અને અમે આશા રાખીએ છીએ કે ગુજરાત, બીહાર, છોટાનાગપુર વગેરે દેશોમાં એવાં કામો હાથ લેવામાં આવશે. ઇન્ડિયા સરકાર અને પ્રાન્તિક સરકારોને હમણાના દુકાળના ઝપાટા પછી જમાની એટલી બધી માફીઓ આપવી પડી છે કે માત્ર નાણાંના હિસાબથી પણ જો કદાચ અપરોક્ષ રીતે ફલદ્રુપ ન હોય તો પણ લાંબે હિસાબે આવાં કામો ફલદાતા નીકળશે એમ તે સરકારોને સમજાયા વિના રહેશે નહિ.

કમિશન એક એવી ડાહી સૂચના કરે છે કે જળસંગ્રહનાં કામો ઉપર દેખરેખ રાખવાને માટે એક સભા સ્થાપવી. આ ભલામણ જરા વધારે ઝીણી થાય; એટલે કે રેલ્વે સુદ્ધાંત તમામ જાહેર બાંધકામો માટે એક સભા સ્થાપવી; અને તેમાં થોડાક હિંદી સભાસદોને નીમવા–તે એવા કે જેઓ રાજ્યવહીવટના અનુભવી હોય અને લોકની જરૂરીઆતો જાણતા હોય. તો વધારે સારું છે. વ્હાઇસરૉયની રાજ્યસભામાં જાહેર બાંધકામ ખાતાનો આખો એક સભાસદ છે. તે ઘણે ભાગે ઇજનેર હોય છે. તે તમામ પ્રશ્નો ઇજનેરી દૃષ્ટિ બિન્દુથી જુએ છે, ખેતીની આવશ્યકતાઓનું તેને જ્ઞાન હોતું નથી. રેલ્વેના વિસ્તારને માટે

હાલમાં રેલ્વે બોર્ડ[1] નીમાયું છે.

દબાણ થાય છે ત્યારે તે નમી જવાને પાત્ર હોય છે; પણ હિન્દુસ્તાનના લોકની ઇચ્છાઓ અને જરૂરીયાતોનું તેને જ્ઞાન રહેતું નથી.

અર્ધા સૈકામાં એવાં ઘણાં કામો બંધાયાં છે કે જેની પ્રજાને જરૂર ન હતી, અને ખેતીના રક્ષણને માટે આવશ્યક એવાં ઘણાં કામો વિસારામાં પડેલાં છે. પાછલા અનુભવનો લાભ લઇને જાહેર બાંધકામની સભામાં લોકહિતવાદી સભાસદોને દાખલ કરવાનું પગલું ભરવાની જરૂર સરકાર મહેરબાની કરીને જોશે. એવી ઉમેદ છે કે આ સભા ભવિષ્યમાં તમામ જાહેર બાંધકામ ઉપર દેખરેખ રાખશે; રાજ્યની અને બાંદ્યધરીની રેલ્વે ઉપર મુસાફરોની સગવડની અને જરૂરીયાતોની તજવીજ રાખી તેનું યોગ્ય અધિકારીઓને નિવેદન કરશે; લોકોને ગેરઇન્સાફ કર્યા વિના અને રાજ્યની આવકને હરકત ન આવે તેવી રીતે પાણીપેરાની વ્યવસ્થા કરશે; અને સામાન્ય રીતે પ્રજાની મદદ અને સહાનુભૂતની જેમાં ખાસ જરૂર છે તે ખાતામાં સરકારને મદદ કરશે.

પ્રકરણ ૭ મું.

રૉયલ કમિશનઃ હિન્દુસ્તાનના ખરચની બાબતમાં.

હિન્દુસ્તાનનું ખરચ અને હિન્દુસ્તાનનું કરજ સતત વધ્યે જતું હતું. તેથી બેચેની ફેલાતી હતી. ઇંગ્લંડ અને ઇન્ડિયા વચ્ચે ખરચનો વિભાગ ન્યાયપુરઃસર કે નીતિપુરઃસર નથી એવી ફરિયાદ થવા લાગી હતી.

સમર્થ અને સાવધાન કોશમન્ત્રીઓએ ગ્રેટબ્રિટનનું કરજ ક્રિમિયન યુદ્ધ પછી ૧૫ કરોડ પાઉંડ–ઉતારી દીધું હતું; પણ હિન્દુસ્તાનમાં રાષ્ટ્રીય કરજમાં ઘટાડો થયો ન હતો એથી ઉલટું એબિસિન્યાની લડાઇનું ખરચ હિંદ ઉપર નાંખવામાં આવ્યું હતું અને અનાવશ્યક અફઘાન યુદ્ધે આપણા કરજમાં ઉમેરો કર્યો હતો. મિ. ગ્લેડ્સ્ટને આ વિષય ધ્યાન ઉપર લીધો હતો.

એણે આપણા કોશપ્રકરણ ઉપર વિચાર ચલાવવાને એક કમિટી નીમી. તે કમિટી ૧૮૭૪ પછી કાંઇ ફળ આપ્યા વિના બંધ પડી. પરંતુ મિ. ગ્લેડ્સ્ટને ૫૦ લાખ પાઉંડ અફઘાન યુદ્ધના ફાળા તરીકે આપ્યા પણ બાકીના ૧૮૦ લાખ-હિંદ ઉપરજ પડ્યા. ૧૮૮૬ થી ૧૮૯૨ સુધીની લૉર્ડ સૉલ્સબરીની લાંબી કારકીર્દીમાં આપણું કોશપ્રકરણ વધ રે બગડતું ચાલ્યું; લૉર્ડ ડફરિન અને લૉર્ડ લેન્સડાઉનના સમયમાં ખરચો વધી ગયાં. અને જ્યારે મિ. ગ્લેડ્સ્ટને ૧૮૯૨ માં ચોથી વારનો કારભાર લીધો ત્યારે આપણને કંઇક દાદ મળશે એમ માનવામાં હતું.

આ પાર્લમેન્ટમાં-બ્રિટિશ પાર્લમેન્ટમાં પહેલવહેલીવાર એક હિંદીજન સભાસદ તરીકે નીમાયો હતો. મિ. દાદાભાઇ નવરોજી ૧૮૨૫ માં જન્મ્યા હતા અને નાનપણથીજ તેમણે પોતાના દેશમાં સામાજિક અને રાજ્યકીય સુધારણા ઉપર ધ્યાન આપ્યું હતું. ૧૮૫૪ માં એલ્ફિન્સટન કૉલેજમાં ગણિત અને વિજ્ઞાન શાસ્ત્રના એ પ્રોફેસર થયા હતા. પણ ૧૮૫૫ માં એમણે ઇંગ્લંડની મુલાકાત લીધી અને લન્ડનની યુનિવર્સિટી કોલેજમાં ગુજરાતીના પ્રોફેસર નીમાયા. ૧૮૭૩ ની કોશપ્રકરણી કમિટી આગળ એમણે જુબાની આપી હતી. વળતા વર્ષમાં વડોદરાના વડા પ્રધાનની જગા એમને આપવામાં આવી હતી. તે પછી પાછા ઇંગ્લંડ આવતાં પોતાના દેશના કલ્યાણ માટે પુનઃ શ્રમ આરંભ્યો. અને ૧૮૯૨ માં ૬૬ વર્ષની પરિપક્વ વયે મધ્ય ફિન્સબરીએ એમને પાર્લમેન્ટના પોતાના પ્રતિનિધિ નીમ્યા.

ઉમર થયેલી છતાં કમિટી માટે એમનો ઉત્સાહ અને શક્તિ ઝાંખાં પડ્યાં ન હતાં. એમની દેશભક્તિની નિર્મલતા એવી જણાઇ આવી હતી કે એમની સાથે મતભેદ છતાં અને એમની ઉગ્રતા તરફ પ્રતિકૂલ લાગણી ધરાવતાં છતાં તેમના સામાવાળાઓ એમને માન આપતા હતા. પાર્લમેન્ટમાં દાખલ થયા પછી મિ. દાદાભાઇએ પોતાનો શ્રમ ચાલુ રાખ્યો. આવા સ્વદેશભક્ત નરની કીર્તિમાં અને પ્રતાપમાં આ લેખકના કોઇ શબ્દથી વધારો

લાગ્યેજ થઇ શકશે; પણ એટલી નોંધ લેવી જોઇએ કે એમના નિશ્ચયો કેવળ નિર્મલ હતા; એમની અંતરવૃત્તિ નિષ્કલંક અને સ્વચ્છ હતી; એમના ચારિત્ર્યની સરળતા બાલકના જેવી હતી; એમનું ગૃહજીવન સુંદર અને આકર્ષક હતું. મહાન્ ગ્લેડ્સ્ટનની પેઠે દાદાભાઇએ પોતાના આખા જીવનના રાજ્યકીય શ્રમથી તેમજ નિષ્કલંક ગૃહજીવનથી પોતાના સ્વદેશીઓના હૃદયમાં હમેશને માટે વાસ કર્યો છે. હિન્દુસ્તાનની સર્વ કોમો—આ ગ્રાન્ડઓલ્ડમેન—દેશના દાદા માટે અભિમાન ધરાવે છે.

ત્રણ વર્ષ સુધી મિ. નવરોજીએ હિન્દુસ્તાન ઉપર થતા કોશપ્રકરણની ગેરઇન્સાફને માટે દાદ માગી—અને ત્રણે વર્ષે કાંઇક ફલ નીકળ્યું. ૧૮૯૫ ના મે માસમાં સેક્રેટરી ઑફ સ્ટેટ અને ગવર્નર જનરલના હુકમથી હિન્દુસ્તાનમાં કરવામાં આવતા દીવાની અને લશ્કરી ખરચના વહીવટ અને વ્યવસ્થાની બાબતમાં તપાસ કરવાને માટે—અને યુનાઇટેડ કિંગ્ડમ અને હિન્દુસ્તાનની સરકાર એ બેનાં હિત સમાયલાં હોય એવા પ્રસંગોમાં બન્ને વચ્ચે ખરચનો વિભાગ કરવાની બાબતમાં વિચાર કરવાને માટે "એક રોયલ કમિશન, નીમાયું. લૉર્ડ વેલ્બી આ કમિશનનાં પ્રમુખ નીમાયા. અને મિ. લિયોનાર્ડ કોર્ટની, જૅર્જ નથેનિયલ કર્ઝન, સરવિલ્યમ વેડરબર્ન, સરડોનાલ્ડ સ્ટુઆર્ટ, ટૉમસ બુકનન, વિલ્યમકેન. અને મિ. દાદાભાઈ નવરોજી એના સભાસદ હતા. મિ. કર્ઝને વળતા વર્ષમાં પરદેશખાતાના અંડર સેક્રેટરિના અધિકાર ઉપર જવાથી રાજીનામું આપ્યું.

કમિશને આરંભ ઠીક કર્યો. અને ૧૮૯૫ થી ૧૮૯૭ સુધી ઘણો ખરો પુરાવો લીધો; પછી ત્રણ વર્ષ સુધી કમિશન ઊંઘી ગયું.

જ્યારે ૧૯૦૦ માં છેવટનો રિપોર્ટ રજુ કર્યો ત્યારે ઈંગ્લંડ તેમજ ઇન્ડિયામાં નિરાશા ઉત્પન્ન થઇ. હાઉસ ઑફ કૉમન્સમાં મિ૦ હેન્રિ ફાઉલરે પોતેજ આ નિરાશા પ્રકટ કરી હતી. "કમિશને બહુ કિમતી પુરાવો કઢાવ્યો છે, પણ મોટો ભાગ જે નિર્ણય સ્પષ્ટ છે તે નિર્ણય ઉપર આવ્યો નથી. ગ્રેટબ્રિટન

અને હિંદના ચાલતા કોશ સંબંધનો સમૂલ ફેરફાર કરવા મરજી ન હતી. પણ ઇન્સાફની રૂએ, હિંદ એકલું જે ખરચ આપવાને બંધાયલું નથી તેવા ખરચનો ભાર પણ હિન્દના કર ભરનારાઓના માથા ઉપરથી એમણે ઉતાર્યો નહીં. હિંદુસ્તાનની પ્રજા જ્યારે સાંપ્રતકાળના સખ્તમાં સખ્ત દુકાળથી પીડાતી હતી ત્યારે પણ હિન્દુસ્તાનની ભુખે મરતી પ્રજાને બ્રિટિશ પાર્લમેન્ટ અને બ્રિટિશ રોયલ કમિશન પાસેથી કોશપ્રકરણમાં ન્યાય મળ્યો નહિ.

આ કમિશનના રિપોર્ટની થોડીક ભલામણો અહીં નોંધવા યોગ્ય છે.

૧. વહીવટી ખરચ. કમિશનરોના મોટા ભાગે ઠરાવ્યું કે, ઇન્ડિયા ઑફિસના ખરચમાં ૫૦૦૦૦ પાઉંડનો વાર્ષિક ફાળો યુનાઇટેડ કિંગ્ડમે આપવો જોઇએ.

૨. હિન્દુસ્તાન બહાર હિંદનું લશ્કર કામગીરી ઉપર જાય તે પ્રસંગને માટે એવું ઠરાવ્યું કે સુએઝની નહેર ખુલ્લી રાખવામાં હિંદુસ્તાનને સીધો અને પુષ્કળ લાભ છે; તેમજ સિયામ, ઈરાન, અરબ્બી કીનારો, અફઘાનીસ્તાન અને મધ્ય એશિયા—એટલા ઠેકાણાના પ્રશ્નોમાં પણ તેજ પ્રમાણે હિંદુસ્તાનને સીધો અને ઘણો લાભ છે પોતાની સીમા ઉપર તોફાન બેસાડી દેવા જે ચડાઇઓ કરવી પડે છે. તેમાં હિન્દુસ્તાન એકલાનોજ સ્વાર્થ છે. ઝાન્ઝીબાર સુધી—આફ્રિકાના પૂર્વ કિનારા ઉપર હિન્દુસ્તાનને કંઇક સ્વાર્થ છે. આ ધોરણો ધ્યાનમાં રાખી ઇન્ડિયા અને ઇંગ્લંડ વચ્ચે ખરચ વિભાગનો સવાલ જ્યારે પ્રસંગ આવે ત્યારે લવાદીમાં સોંપવો.

૩. નૌકા ખરચ. હિન્દુસ્તાન પોતાને ખરચે એક સ્થાનિક નૌકાસૈન્ય રાખે છે. પોતાના કિનારાના રક્ષણની જવાબદારી એને પોતાને માથે છે. અને એડ્મિરેલ્ટી ખાતાના ખરચમાં એક લાખ પાઉંડ આપે છે. આટલો ફાળો વધારે પડતો નથી.

૪. લશ્કરી ખરચ. દરેક સૈનિક જે હિન્દુસ્તાન જાય તેના માથા દીઠ ૭ પાઉંડ ૧૦ શી. હિંદ પાસેથી લેવાય છે તે કાયમ રાખવા. પણ

સૈનિકોને લાવવા લઇ જવાના ખર્ચનું અરધ ગ્રેટબ્રિટને આપવું. અને હિન્દુસ્તાનનું સૈન્ય ગ્રેટબ્રિટનના સામાન્ય હિતને માટે ઘણે અંશે રાખવામાં આવે છે, તે બાબતમાં તેમણે એવો ઠરાવ આપ્યો કે:— જ્યારે ચાલતી ગોઠવણની ફરી તપાસ કરવાનો વખત આવે ત્યારે લશ્કરી ખરચના સંબંધમાં હિન્દુસ્તાનની સ્થિતિની વિલક્ષણતા ધ્યાનમાં રાખવી. એક તરફથી પોતે ખરચ આપે છે તોપણ ગ્રેટબ્રિટનનાં લશ્કરી સાધનો ઉપર હિન્દુસ્તાન કેટલોક સંકોચ મૂકે છે એ ખરું છે. તથાપિ સામાન્ય સરકારને તે મદદ પણ કરે છે જેની અવગણના ન કરવી જોઇએ.

એટલે એમણે ગ્રેટબ્રિટનના ઉપર ફાળો નાંખવાની જે ભલામણ કરી તે આટલીજ હતી:—

	£
ઇન્ડિયા ઑફિસના ખરચના ફાળો	૫૦૦૦૦
એડનના ખરચનું અરધ	૧૦૮૦૦૦
ઇરાનના એલચી ખાતામાં વધારો	૫૦૦૦
સેનાઓને લાવવા લઇ જવાના ખરચમાં અરધ...	૧૩૦૦૦૦
	૨૯૩૦૦૦

સરવિલ્યમ વેડબર્ન, મિ૦ કેઈનિ અને દાદાભાઇ નવરોજીએ જુદો રિપોર્ટ કર્યો છે; તેમાં કોશપ્રકરણમાં જે ગેરઇન્સાફ આપણા દેશને થાય છે તે વધારે ઊંડા ઉતરીને બતાવ્યો છે અને દાદ શી મળવી જોઇએ તે પણ સૂચવી છે.

લૉર્ડ સૉલ્સબરિની સરકારે ઇન્ડિયા ઑફિસનો ૫૦૦૦૦ નો ફાળો ન સ્વીકાર્યો. કારણ કે આ ફાળો કમી કરવાના નિમિત્તે આખી તકરાર બ્રિટિશ બજેટ વખતે પાર્લમેન્ટ પાસે લાવી શકાય. હિંદુસ્તાનના રાજ્ય વહીવટ ઉપર આવી ચર્ચાઓ થાય તે ઇન્ડિયા ઑફિસને ગમતી નથી એટલે આ ફાળો નામંજુર કર્યો.

બીજી તરફ ખરેખરા સવાલો, કરજ કમી કરવાના, વિલાયતનું ખરચ ઓછું કરવાના અને કરભારના સવાલો તો એમના એમજ રહ્યા. હિન્દુસ્તા-

નની રૈયતનો કરભાર ઓછો કરવાનો અને બ્રિટિશ રાજ્ય જ્યાં જ્યાં છે ત્યાં ત્યાં રૈયતને જે આરામ અને આબાદી છે તેનો કાંઇક અંશ હિન્દુસ્તાનને અર્પવાનો સવાલ તો અનિર્ણીતજ રહ્યો.

આ કમિશન રૂબરૂ પડેલા કેટલાક પુરાવાની ટુંકી નોંધ લઇને આ પ્રકરણ બંધ કરીશું.

લૉર્ડ ક્રોમર–હિન્દુસ્તાન અને ગ્રેટબ્રિટન વચ્ચે કોશપ્રકરણી સવાલોનો પડઘો કરવા માટે એક લવાદ સ્થાપવાની ભલામણ કરી. અને કારણ એ જણાવ્યું કે અત્યારે ગેરઇન્સાફ થતો હોય કે ન થતો હોય અને ઇન્સાફજ થાય છે એમ માનીને ચાલીએ તો પણ—હિન્ડિયાને એટલે આપણી પ્રજાને અને ત્યાંના યુરોપિયન વર્ગ તેમજ હિન્ડિયા સરકારને એમ સમજાવું જોઇએ કે ઇન્સાફ થાય છે. અત્યારે એમ ધરાય છે કે ઇંગ્લંડની હકીકત અને ન્યાયાન્યાયવિચાર વધારે બળથી અને વધારે સફળતાથી રજુ થાય છે. આમાંના ઘણા ખરા સવાલો ઇન્સાફી સમાધાનનાજ છે. દાખલા તરીકે એડન લઇએ. એડનના ખરચના વિભાગ કેવી રીતે કરવા તે સવાલ લઇએ. હિન્ડિયાનો સ્વાર્થ છે, ઘણો છે એમાં શક નથી પણ તેજ પ્રમાણે સિલોન, હોન્ગકોન્ગ, અને રૂટ્સ સંસ્થાનોનો પણ છે, અને ઇંગ્લિશ વ્યાપારનો પણ કયાં નથી ? હવે હિન્ડિયાએ કેવી રીતે આપવું તે નિર્ણય કરવાનો સવાલ છે., અને સવાલનો કોઈ લવાદથી ફડચો થાય તો તે હિન્ડિયન પ્રજામતને વધારે સંતોષ આપશે.

આ લવાદ એક કોર્ટ ઑફ અપિલ જેવી થાય. અને હું તો ધારૂંછું કે યોગ્ય સત્તા સાથે પાર્લમેન્ટના કામદારોજ એવી લવાદ નીમાવી જોઇએ. ગ્રેટબ્રિટન અને હિન્ડિયા બે વચ્ચે ખરચના વિભાગનો સવાલ ઉભો થાય તો બન્ને આ કોર્ટને તે સવાલ ફડચા માટે સોંપી શકે. અને જે ખરચોના વિભાગ ગ્રેટબ્રિટન અને હિન્ડિયા વચ્ચે હમેશને માટે નિયમિત કરવાના છે તે ખરચો પાંચ પાંચ, દસ દસ વર્ષે આ લવાદને સોંપાય તો ઠીક. મારી વૃત્તિ એ છે કે હિન્દુસ્તાનની રૈયત અને હિન્દુસ્તાનના પ્રજામતને વધારામાં

વધારે ખાત્રી આપણે આપવી કે આ પ્રશ્નોનો એવા મંડળને હાથે પ્રડચો થાય છે કે જે તદ્દન સ્વતન્ત્ર છે અને જે તેમની સલાહે કોઇ રીતે વ્હેમાય તેમ નથી.

લૉર્ડ નોર્થબ્રુક–હિન્દુસ્તાનની સીમા બહારની **લડાઇઓ.** એબિસિનિયાની લડાઇનું આખું ખરચ હિન્દને માથે નાંખ્યું એ વાજબી ન હતું. પીરાકની સવારીનું ખરચ પણ હિન્દુસ્તાન ઉપર નાંખવામાં વાજબી થયું નથી. આ સવારી હિન્દુસ્તાનની સીમાની બહાર હતી, અને કાયદા પ્રમાણેજ આવી સવારીના સંબંધમાં પાર્લમેન્ટની રજા લેવાની જરૂર હતી. હું તે વખતે ગવર્નર જનરલ હતો અને આ ખરચ હિન્દુસ્તાન ઉપર નાંખવાની સલાહ મેં સખ્ત વાંધો લીધો હતો. મારા વાંધાને કોઇએ ગાંઠયો નહિ એટલુંજ નહિ પણ કાયદા પ્રમાણે પાર્લમેન્ટને કાને પણ વાત નાંખી નહિ, એટલા અંશમાં કાયદાનો પણ ભંગ થયો અને હિંદને નાણું મળ્યાં નહિ. મારે અત્રેજ કહેવું જોઇએ કે માલ્ટાનું ખરચ—સામાન્ય તેમજ વિશેષ—તમામ ગ્રેટબ્રિટને આપ્યું હતું. તે પછી ૧૮૮૨ ની મિસ્રની લડાઇ લઇએ. આ પ્રકરણની સાથે મારે પોતાને સંબંધ હતો. ખરી વાત છે કે સુએઝની નહેર ઉઘાડી રાખવાના સંબંધમાં હિંદને પાકા સ્વાર્થ છે, પણ એ કેટલો એ સવાલ હતો. પહેલું તો એમ ધારવામાં હતું કે આખું ખરચ હિન્દુસ્તાને આપવું જોઇએ અને આ બનાવો જ્યારે થયા કે લશ્કર મોકલવાનું હતું ત્યારે હતો. પણ પાછળથી તો કામ વધી પડયું અને મોટું લશ્કર મોકલવાની જરૂર લાગી. બધું મળીને ૧૭૦૦૦૦૦ સત્તર લાખ પાઉંડનું ખરચ થયું અને તેમાંથી ઇંગ્લંડે પાંચલાખ પાઉંડ આપ્યા. આ ગોઠવણ ઇન્ડિયાએ કબુલ રાખી પણ રાજી થઇને નહિ. જો આ ખરચ અરધો અરધ આપવામાં આવ્યું હત તો તે વખારે સારૂં હતું એમ હું ધારૂં છું.

તે પછી સુડાનની લડાઇ, ઇંડિયા પાસે આનું આખું ખરચ અપાવવાનું જરાએ વાજબી નહતું. સુડાનમાં હિંદને કંઇ પણ સ્વાર્થ કોઇ એમ

હું માનતો નથી. મારો મત એવો છે કે જ્યારે ઇન્ડિયાની બહાર હિંદી લશ્કર મોકલવું હોય ત્યારે પાર્લમેન્ટને ખબર આપવી જોઇએ; આ કાયદો સખત રીતે પાળવો એવો મારો મત છે. અને હું ધારું છું કે તે પ્રમાણે સુઆકિમમાં—રક્ષણ માટે હિંદી લશ્કરને રોકી રાખવાની રજા લેવામાં આવી નહોતી. ગયા વર્ષની સુઆકીમની ચઢાઇનું ખરચ ઇન્ડિયા ઉપર પડવું જોઇતું નહતું. ઍબિસિનિયન યુદ્ધના ચાલુ ખરચના છ લાખ હિન્દુસ્તાન વાજબી રીતે માગી શકે. ખોરાકનું તમામ ચાલુ ખરચ હિન્દને મળવું જોઇએ. સુઆકીમનું ખરચ આશરે ૨૦૦૦૦૦ બે લાખનું હશે. હું ચોકસ જાણતો નથી. પણ ત્યાં લશ્કરને રોકી રાખ્યું. ખરચ તો હિન્દને મળવું જ જોઇએ. ૧૮૮૨ ની ઇજીપ્તની લડાઈના સંબંધમાં પણ ૬૫૦૦૦૦ પાઉંડ ઇંગ્લંડે ઇન્ડિયાને આપવા જોઇએ. અને આ બધી રકમો પ્રત્યક્ષ રીતે અથવા બીજી કોઇ વાજબી રીતે **અત્યારે** હિન્દુસ્તાનને મજરે આપવી જોઇએ.

લૉર્ડ લૅન્ડાઉનઃ—ઇન્ડિયાનું લશ્કર અત્યારે જેટલું અને જેવું રાખવામાં આવે છે તેટલું અને તેવું ઇન્ડિયા એક ઇલાયદુ રાજ્યતન્ત્ર હોય તો રાખવાની જરૂર નથી. ઇન્ડિયાની આન્તર નીતિની સાથે અથવા સીમાન્ત ઉપર થતાં અવારનવાર તોફાનો સમાવવા સિવાયનાં બીજા ઉપયોગને માટે ઇન્ડિયાનું લશ્કર એટલું અને એવું રાખવામાં રાખ્યું છે. ત્યારે એ લશ્કરને કેળવવાના ખરચમાં તેમજ લશ્કરના પગાર વગેરેમાં અને એની સામગ્રી વિગેરેમાં જે ખરચ કરવામાં આવે છે તેમાં એ લશ્કરનો આ ઉપયોગ થાય છે તે બાબત ગ્રેટબ્રિટનની સરકારે ખરચનો ફાળો નાંખવામાં ધ્યાનમાં રાખવી જોઇએ. આ વાત એવી છે કે જેના આંકડા અત્યારે મુકી શકાય એમ નથી; પણ આ વાત ધ્યાનમાં રાખવી જોઇએ એવો મારો અભિપ્રાય છે.

સરહેનિ બ્રેકન બરિ–હિન્દુસ્તાનની આંતર વ્યવસ્થા રાખવાને માટે જોઇએ તેના કરતાં લશ્કર ઘણું વધારે છે. હિન્દુસ્તાનની અંદર વ્યવસ્થા

રાખવા માટે આપણે જ્યાં જ્યાં છાવણીઓ રાખવી જોઇએ તે છાવણીઓ માટે જોઇએ તે ઉપરાંત એક બલવાન લશ્કર હિન્દુસ્તાનની સીમા બહાર રણમાં ઉભું રાખી શકાએ એવી ગોઠવણથી લશ્કરની સંખ્યા તિગેરે નિર્માણ કરવામાં આવ્યાં છે. એવું રણક્ષેત્રને માટે ઉપયોગમાં આવે એવું બળવાન સૈન્ય રાખવાની જરૂર એટલાથી કે એક મોટી લશ્કરી સત્તા અફઘાનીસ્તાનને ધમકી આપી શકે અને પરોક્ષ રીતે હિન્દુસ્તાનને પણ ધારતીમાં નાખે એવી રીતે આપણી લગોલગ આવી ગઈ છે. અને અફઘાનીસ્તાનની સાથે આપણે સંધિની કરજે છે. હિન્દુસ્તાનની પરદેશનીતિ ઇંગ્લંડની સરકારના આદેશ પ્રમાણે ચાલે છે, અને એ નીતિ તે બ્રિટિશ પરદેશનીતિનું જ એક અંગ છે. બ્રિટિશ પરદેશનીતિનો હેતુ હિન્દુસ્તાનમાં બ્રિટિશ સામ્રાજ્ય નિર્ભય રાખવાનો છે. જો હિન્દુસ્તાનના જ અર્થને માટે હિન્દુસ્તાનમાં બ્રિટિશ સૈન્ય રાખવાની જરૂર હોત તો બ્રિટનને જે ખરચ થતું હોય તે બધું આપવાની હિંદની ફરજ છે. પણ હું માનું છું તે પ્રમાણે ઇન્ડિયાનું રાજ્ય રાખવામાં ઇંગ્લંડનું હિત પણ બહોળું છે. ઇન્ડિયા હજારો અંગ્રેજને રોજી આપે છે. ઇન્ડિયા કરોડો બ્રિટિશ નાણાંને સફલ કરે છે. અને ઇન્ડિયાનો વેપાર ગ્રેટબ્રિટનને અત્યંત કિમતી છે. અને તેથી ગ્રેટબ્રિટને પણ આવા હેતુને માટે થતા ખરચમાં ભાગ આપવો જોઇએ. અને આ ભાગને અંશ મુકરર કરવામાં ઇંગ્લંડે ન્યાયથીજ નહિ પણ ઉદારતાથી વર્તવું જોઇએ. કારણ કે ઇંગ્લંડ શ્રીમંત દેશ છે; હિંદ ગરીબ છે. અને આનો દાખલો એક ઇન્ડિયામાં ૨½ ટકા આમદાની વેરો છે. એટલે એક પાઉંડમાં છ પેન્સ. મારી યાદદાસ્ત પ્રમાણે આ ધોરણે દશલાખ પાઉંડથી પણ ઓછું આ વેરામાં ઉપજે છે. ઇંગ્લંડમાં આમદાની વેરામાં પેની દીઠ વીસલાખ પાઉંડ ઉપજે છે.

સર ઑકલન્ડ કૅાલ્વિન—ગવર્મેન્ટ ઑફ ઇન્ડિયાની સભામાં વહાઇસરોય, સ્વદેશખાતાનો મંત્રી, જાહેરબાંધ કામખાતાનો મંત્રી, કૅાશ મંત્રી, ન્યાયમંત્રી, અને સેનાપતિ અને સૈન્ય મંત્રી એટલા છે. આ સંખ્યામાં

વધઘટ પણ થાય છે. જાહેર બાંધકામ ખાતાનો મંત્રી હમેશાં ત્યાં હોતો નથી. આ બધામાં વ્હાઇસરોય અને કોશમંત્રી સિવાયના બધા ખરચના ખાતાનાજ મંત્રીઓ છે એમ નથી. વ્હાઇસરોય પોતે પણ પરદેશખાતાનો મંત્રી છે અને તે ખાતામાં પણ સિન્ધુની પેલીપારના મુલકમાં પુષ્કળ ખરચ થાય છે. જો વ્હાઇસરોય પોતે કરકસરના પક્ષમાં ન ભળે તો કરકસરમાં એ માત્ર કોશ-મંત્રીનીજ ચિંતા.

સર ડેવિડ બાર્બર.—તમામ ખાતાઓને નાણાં જોઇએ. આપનાર એક કોશમંત્રી અને એનાથી બને એટલો તેમના ઉપર અંકુશ મુકવાની ફરજ પણ એનીજ. એનાથી આખી સભાની બહુમતીની સહામે થવાય નહિ. એને બીજા મંત્રીઓ સાથે વારંવાર તકરારો કરવાની જરૂર પડે છે. એટલે વ્હાઇસરોય કોઇ લશ્કરી ખરચ કરવાનું મન કરે અને સૈન્યમંત્રી વિરૂદ્ધ ન થાય તો કોશમંત્રીની સહામે મોટી બહુમતી થઈ જવાની. અને ઉપજ ખરચની વ્યવસ્થામાં રેલતને કાંઈપણ અવાજ નથી એમ તો ન કહેવાય પણ કંઈ પ્રત્યક્ષ અને તાત્કાલિક અવાજ તો નથીજ. કારણ કે હિન્દની સરકાર હિંદુસ્તાનના જાહેરમતને અમુક દાન તો આપે છે; બધી સરકારો આપે છે. એટલે તેમને કાંઇ પ્રત્યક્ષ અવાજ તો નથીજ.

મિ. દીનશા એદલજી વાચ્છા—છેલ્લા દસકામાં નાણાં સંબંધી જે ગભરાટ રહ્યો હતો તે ઘણે અંશે લશ્કરી ખરચના અસાધારણ વધારાને લીધે થયો હતો. તેને લીધે વધારાના કરો નાંખવા પડયા છે; સુતરાઉ કાપડ ઉપરની જકાત સુદ્ધાંત આ વધારો છ કરોડ રૂપીયા થવા જાય છે.

(૨) પણ દીવાની ખરચ પણ ઓછું નથી. પણ આના સંબંધમાં બહુ ફરિયાદનું કારણ નથી. માત્ર કહેવાનું એટલુંજ છે કે ' પરદેશના ' લોકોને નોકર રાખવાથી ઘણું ખરચ વધી જાય છે; અને જો રાજ્ય વહીવટની ઊંચી જગાઓમાં સ્વદેશીઓને રાખવામાં આવે તો ઘણી બચત થઇ શકે. વળી લાક્ષણિક દીવાની ખરચ યોગ્ય અંશમાં બહુ ઇષ્ટ છે. જેવું કે જનસમૂહમાં

કેળવણી, ઇન્સાફખાતાનો વધારે કુશળ વહીવટ, ગામડાંઓ અને શહેરનું ઊંચું આરોગ્ય અને પ્રાન્તિક સાધનો અને લોકોની આબાદીમાં વધારો કરે એવાં તામામ ખરચો; જેથી લોકોને કાંઇ બદલો મળે એવાં ખરચો બહુ ઇષ્ટ છે.

(૩) હુંડીઆમણની ખોટ—જો લશ્કરી ખરચ ૧૮૮૪-૫ ની સ્થિતિ ઉપરજ રખ્યું હત તો બધી પુરાઇ જાય.

(૪) આવું ખરચ જો હવે નિરંકુશ ચાલ્યાં કરશે તો સરકાર વધારેને વધારે ગભરાટમાં પડશે. કારણકે નવા કરો નાંખવાની જરૂર પડશે. જે હવે સારા અને સ્થિર રાજ્યતંત્રને માટે કેવળ અનિષ્ટ છે. કેમકે લોકોમાં અસંતોષ ફેલાયો છે અને એમની કરભરવાની શક્તિ અત્યંત ઘટી ગઇ છે. સેક્રેટરિ ઑફ સ્ટેટ સખ્તાઇથી કરકસરો કરવાને હુકમો કરે છે પણ કોઇ સાંભળતું નથી. આવા હુકમો છતાં ખરચ વધતાં જાય છે. ૧૮૯૨ પછી ૩ કરોડ જેટલા કર વધ્યા છે; અને ગિલ્ચિટનો કબજો લીધા પછી લશ્કરી ખરચો પણ બહુજ વધી પડયાં છે. ૧૬ કરોડને ખરચે ચિત્રાલનો કબજો લેવો પડયો અને ૨૫ લાખ રૂપીયા વાર્ષિક ખરચમાં વધારવા પડયા. આવા ખરચને સેક્રેટરી ઑફ સ્ટેટને ત્યાંથીજ વખતે જન્મ મળે છે; એટલે ખરીરીતે સેક્રેટરિ ઑફ સ્ટેટ અને ઇન્ડિયા સરકાર બન્નેની વચ્ચે સરખી જવાબદારી છે.

હિન્દુસ્તાનને ખરી સીલીક કદી રહેતીજ નથી. હમેશાં આવે છે એટલું ખરચે છે. ઘણી વખત ગભરાટમાં આવી પડે છે. ત્યાં કાંતો દેવી મદદથી કે કરજ કરીને કે પછી કર વધારીને નિર્વાહ કરે છે. અને લોકની કર ભરવાની શક્તિ જેમ જેમ કર વધે છે તેમ તેમ ઘટતી જાય છે. કારણ કે લોકની સરેરાશ આવક ૨૭ રૂા. જછે ૧૮૪૯-૫૦ થી ૧૮૯૪-૯૫ સુધી કુલ ત્રણ અબજ છોતેર કરોડ વીસલાખ રૂપીયાની ખોટ આવી છે બીજા શબ્દોમાં વર્ષો વર્ષ હિંદમાં આઠ લાખ રૂપીઆનો ખાડો પડે છે. આતું મુખ્ય કારણ રાજ્યવહિવટની પદ્ધતિજ છે અને હવે લોકો વધારે ખરચ ન સહન કરી શકે એ સ્વાભાવિક છે.

મિ. ગોખલે–હિન્દુસ્તાનના ખરચના દરેક ખાતામાં નોકરીનો લાભ કોને મળે છે એ સવાલ બહુજ અગત્યનો છે. ૧૮૯૨ ના એક પાર્લામેન્ટ આગળ રજુ કરેલા પત્રક મુજબ; હિંદુસ્તાનમાં દીવાની અને લશ્કરી નોકરીમાં ઊંચા દરજ્જામાં ૨૩૮૮ અમલદારો છે. જેમનો વાર્ષિક પગાર ૧૦૦૦૦ રૂપીયાથી વધારે છે. આમાંના માત્ર ૬૦ જ દેશીઓ છે. અને આગાંના–હાઇકોર્ટના ન્યાયાધીશો અને એવા કેટલાક બાદ કરીએ તો બાકીના બહુજ નીચેનાં પગથીઆં ઉપર છે. નીચેના કોષ્ટક ઉપરથી તે સ્પષ્ટ થશે.

				હજાર રૂપીયા.		
	દેશી.	યુરેઝીયન.	યુરોપિયન.	કુલ પગાર દેશીઓનો.	કુલ પગાર યુરેઝીયનનો.	કુલ પગાર યુરોપીયનનો.
દીવાની ખાતું	૫૫	૧૦	૧૨૧૧	૬૪૭૦૦૦	૧૫૧૦૦૦	૨૫૨૭૪૦૦૦
લશ્કરી.	૧	૧	૮૫૪	૧૨૦૦૦	૧૧૦૦૦	૧૩૨૬૮૦૦૦
જાહેર બાંધકામ.	૩	૪	૨૩૬	૩૩૦૦૦	૪૫૦૦૦	૩૪૧૫૦૦૦
લોકલ ફંડ.	૧	...	૯	૧૦૦૦૦	...	૧૧૩૦૦૦
	૬૦	૧૫	૨૩૧૩	૧૦૦૨૦૦૦	૨૦૭૦૦૦	૪૨૦૭૦૦૦૦

આ સિવાય રેલ્વે કમ્પનીઓમાં દશ હજાર અને એથી વધારે પગાર વાળા ૧૦૫ અમલદારો છે. એ બધા યુરોપીયનો છે. અને તેમનો કુલ

પગાર ૧૬૨૮૦૦૦ સુધી રૂપીઆ થવા જાય છે. વર્ષે ૫૦૦૦ થી ૧૦૦૦૦ ના પગારદારોનું પ્રકરણ લઇએ તો દીવાની ખાતામાં તેવા ૪૨૧ દેશી અમલદારો છે. ત્યારે ૧૨૦૭ યુરોપીઅન અને ૬૬ યુરેઝીયન છે. લશ્કરી ખાતામાં એવા દેશી ૨૫ અમલદારો છે ત્યારે ૧૬૯૯ યુરોપીયન અને ૨૨ યુરેઝીયન છે. જાહેર બાંધકામ ખાતામાં ૮૫ દેશી છે ત્યારે ૫૪૯ યુરોપીયનો અને ૩૯ યુરેઝીયન છે. અને સોકલ ફંડોમાં ૪ દેશી ૨૨ યુરોપીયન અને ૩ યુરેઝીયન છે. આ વર્ગના અમલદારોમાં પગારની વેંચણ નીચે મુજબ છે.

ખાતું	દેશી	યુરેઝિયન	યુરોપિયન
દીવાની ખાતું.	૨૬૦૫૦૦૦	૬૫૦૦૦૦	૮૮૩૦૦૦૦
લશ્કરી ,,	૧૬૪૦૦૦	૧૩૬૦૦૦	૧૩૬૦૮૦૦૦
જાહેર બાંધકામ. ,,	૫૩૭૦૦૦	૨૭૮૦૦૦	૩૬૬૨૦૦૦
સોકલ ફંડો. ,,	૨૫૦૦૦	૧૭૦૦૦	૧૪૬૦૦૦

આ ઉપરાંત રેલ્વે કમ્પનીઓમાં આ વર્ગના ૨૫૮ અમલદારો છે જેમાંના ૨ દેશી ૧૨૦૦૦

૮ યુરેઝીયન. ૫૦૦૦૦

અને ૨૪૮ યુરોપીયન છે અને તેમના પગારો ૧૭૧૦૦૦૦૦ છે. વળી આ સિવાય ઈંગ્લંડમાં ઇન્ડિયા સરકાર ૧૨૫૩૬૦ પાઉંડ અને રેલ્વે કમ્પનીઓ ૫૪૫૨૨ પાઉંડ પગારના યુરોપીયનોને આપે છે. આવી રીતે યુરોપીયનોના અનન્યાધિકારથી થતું નુકસાન પગારમાંજ છે એમ નથી. આ સિવાય ભારે પેન્શનો, અને રજાના ભથ્થામાં પાંત્રીસ લાખ પાઉંડ ૧૮૯૦ માં યુરોપીયનોને અપાયા હતા. પરદેશી અધિકારીઓનું અનિશય ખરચ એજ એક દૂષણ નથી. એક બીજું દૂષણ છે જે ગણવા લાયક હોય તો તો અત્યંત ગંભીર છે, આ પદ્ધતિમાં અમારી પ્રજા દિવસે દિવસે લઘુ થતી જાય છે. આપણી જીંદગી અમારે લઘુતા ના વાતાવરણમાંજ રહેવું જોઇએ; અને

અત્યારની પદ્ધતિના ધોરણ પ્રમાણે તો અમારામાંના મ્હોટામાં મ્હોટાઓએ પણ નમવું જ જોઇએ.

મિ. જી. સુબ્રહ્મણ્ય આયર—કોશ ઉપર અંકુશના સંબંધમાં હું નીચેના ઉપાયો બતાવું છું પહેલું તો એજ કે "પાર્લમેન્ટનો કંઇક અંકુશ—સર ઑકલન્ડ કોલ્વિન કહે છે તેમ ગવર્મેન્ટ ઑફ ઇંડિયાના કામમાં વધારે પડતો હાથ નાંખ્યા વિના—હોવો જોઇએ. પાર્લમેન્ટની એક કમિટી વર્ષે વર્ષ કોશપત્ર તપાસે અને પાર્લમેન્ટ આગળ રજુ થાય તે પહેલાં પોતાની હકીકત પાર્લમેન્ટ ફંડમાં મૂકે એવી પદ્ધતિ ખોટી નથી. આ કમિટી બેશક વાઇસરોયના સભાના લોક હિતવાદીઓનાં મનને પૂરતુ વજન આપશેજ." ગ્રેટબ્રિટન અને ઇન્ડિયા વચ્ચે ખરચના ફાળા માટે અત્યારે જે રસાકસી ચાલે છે તેનો અંત લાવવાની પૂરી જરૂર છે. આવા વિભાગનાં ધોરણો ટ્રેઝરી ખાતાની એક યાદીમાં હમેશને માટે મુકરર થવાં જોઇએ; અને આ સંબંધમાં કોઇ વાર તકરાર ઉઠે તો બન્ને સરકારોને લવાદને સોંપી સગવડ કરી આપવી જોઇએ. આ યોજના માર્કિવસ ઑફ રિપન તેમજ માર્કિવસ ઑફ લેન્સડાઉનને પણ પસંદ પડે છે. આવી છેવટના નિર્ણયની સત્તા પ્રિવિ-કાઉન્સિલની ન્યાયપરિષદને સોંપવામાં આવે તો વધારે સારૂ. આ સભા ઇન્ડિયામાં જાણીતી છે અને તેના નિણયો પ્રજામાં વિશેષ માન પામશે. સેક્રેટરી ઑફ સ્ટેટની કાઉન્સિલમાં હિન્દુસ્તાનની ચાલુ કોશ સ્થિતિ સમજનારા માણસો હોવાની જરૂર છે. તે સારૂ દશ વર્ષને માટે સભા-સદોને નીમવાની અને સેક્રેટરી ઑફ સ્ટેટની મરજી હોય તો તે મુદત વધારવાની ગોઠવણ રદ કરવી જોઇએ. એમની મુદત માત્ર પાંચ વર્ષની જ હોવી જોઇએ; અને ફરીથી નીમાવા ન જોઇએ. આ સભાના સભાસદોમાં યોગ્યતાવાળા કેટલાક દેશીઓ પણ હોવા જોઇએ અને તે અમલદાર વર્ગ-નાજ એમ નહિ. પ્રબન્ધ સભાઓના લોકહિત સભાસદોની ભલામણથી તેમની નીમણુંક કરવી જોઇએ. સેક્રેટરી ઑફ સ્ટેટ પાસે ઇન્ડિયાના વિચારો

તેઓ મૂકી શકશે. ગવર્મેન્ટ ઑફ ઇન્ડિયાના બંધારણના સંબંધમાં બોલતાં ગવર્નર જનરલના હાથમાં અમુક ખાતું રાખવાને બદલે તેને સામાન્ય દેખરેખને માટેજ સંપૂર્ણ અવકાશ આપવો જોઇએ. ગવર્નર જનરલ ી સભાના સભાસદોને બજેટ ઉપર મત આપવાની સત્તા આપવી જોઇએ; બેશક સરકાર વિરુદ્ધ કોઇ મતનું પરિણામ આવી પડે તો અધ્યક્ષ તે રદ કરી શકે. પ્રશ્નો પૂછવાનો વધારે અવકાશ એમને આપવો જોઇએ, અને નાણાંની બાબતમાં કોઇ પ્રબંધ રચાતો હોય ત્યારે જાહેર સભાઓના અભિપ્રાયો પ્રથમથી મંગાવવા જોઇએ.

મિ૦ સુરેન્દ્રનાથ બેનરજી—દેશીઓને વધારે સંખ્યામાં રાષ્ટ્રીય નોકરીમાં રાખવા જોઇએ. સર ચાર્લ્સ એચિસનના પબ્લિક સર્વિસ કમિશનના રિપોર્ટમાં સ્પષ્ટ જણાવ્યું હતું કે ઇંગ્લંડમાંથી અમલદારો પસંદ કરવાની રીત ધીમે ધીમે ઘટાડવી જોઇએ અને યોગ્યતાવાળા દેશીઓને વધારે ને વધારે અવકાશ આપવો જોઇએ. છતાં તે રિપોર્ટને દશ વર્ષ થઇ ગયાં તથાપિ રાષ્ટ્રીય નોકરીની ઉંચી શાખાઓમાં લગભગ બધે યુરોપિયનજ છે.

પ્રકરણ ૮ મું.

ચલણની કમિટી.

૧૮૭૦ પછી રૂપાની કિંમત ઉતરતીજ ચાલી તેથી હિંદી સરકારને ચિંતા ઉત્પન્ન થઇ. રૂપાનો ભાવ ઉતરી જવાથી હિન્દના લોકને નુકસાન ન હતું. જેમ જેમ રૂપીયાની કિંમત ઉતરતી ગઇ તેમ તેમ દેશની પેદાશના ભાવ રૂપીયાની ગણત્રીમાં વધતા ગયા. અને દેશના નિકાસવેપારને ભાવ ઉતરતા થા · ફેા હતો, નુકસાન ન હતું. જેમ જેમ રૂપીયાના ભાવ ઘટતા

ગયા તેમ તેમ સરકારની આવક પણ સ્વતઃ વધતી ગઇ. ઘઉં અને ચોખાના ભાવ રૂપીયાને હિસાબે વધતા ગયા તેમ જમાબન્દી અમલદારને વધારે જમા આકારવાનું નિમિત્ત મળતું ગયું. અને સાંથ અથવા જમા ઉપર નિર્ભેલા પરચુરણ વેરા પણ સાંથ અથવા જમાના વધારાની સાથે વધતા ગયા. અને ઇન્કમટેક્સ કલેકટરો જેમ વધારે રૂપીયામાં લોકોની આવક આકારતા ગયા તેમ વેરા પણ વધારી શકતા. રૂપીયાનો ભાવ ઘટ્યો તેમ અમલદારો પોતાના પગારમાં વધારાનો દાવો કરતા થયા. અને હિંદુ યુરોપિયન અમલદારોને કાંઇક વધારો મળ્યો પણ ખરો, પણ હિંદી અમલદારોને તેવો વધારો મળી શક્યો નહિ. હિન્દુસ્તાનના પોતાના વ્યવહારમાં તો રૂપીયાના ભાવ ઘટવાથી કંઇ હરકત આવે તેમ નહતું.

પણ ઇન્ડિયા સરકારને વર્ષોવર્ષ મોટી રકમો ઇંગ્લંડ મોકલવી પડે છે, અને પાઉંડને હિસાબે એટલે જેમ જેમ રૂપાના ભાવ ઘટતા ગયા તેમ તેમ વધારેને વધારે રૂપુ મોકલવાની જરૂર પડતી ગઇ. આ હિન્દુસ્તાનના લોક ઉપર વધારાનો કર છે એમ સરકારે લેખ્યું. અને વિલાયતના ખરચમાં ઘટાડાની યોજના કરવાને બદલે કૃત્રિમ રીતે રૂપીયાની કિંમત વધારવાની તેમણે સૂચના કરી. આ સૂચનાનો અર્થ હિન્દુસ્તાનમાં કરનો સાચો અને સાર્વત્રિક વધારોજ હતો.

૧૮૭૦ પછી પહેલાં આઠ વર્ષમાં ૬½ પેની ભાવ ગગડ્યો.

૧૮૭૧–૭૨	૨૩½	૧૮૭૪–૭૫	૨૨½	૧૮૭૭–૭૮	૨૦⅝
૧૮૭૨–૭૩	૨૨⅝	૧૮૭૫–૭૬	૨૧½	૧૮૭૮–૭૯	૧૯⅜
૧૮૭૩–૭૪	૨૨½	૧૮૭૬–૭૭	૨૦½		

૧૮૭૬ માં કલકત્તાના વેપારી મંડળે રૂપાનો ભાવ ઉતરતો ઘટાડવા માટે રૂપીયા પાડવા બંધ કરવાનો આગ્રહ સરકારને કર્યો; પણ ઇન્ડિયા સરકારે જવાબ આપ્યો કે સંયોગો એવા નથી કે ચલણના સંબંધમાં કંઈ કરવાની જરૂર હોય.

૧૮૭૮ ના નવેમ્બરમાં જ્યારે લૉર્ડ લિટન વહાઇસરૉય હતા અને અફઘાનિસ્તાનની લડાઇની તૈયારી હતી ત્યારે તેણે તે બાબતમાં પુનઃ સેક્રેટરી ઑફ સ્ટેટને લખાણ કર્યું, અને સિક્કાની સંખ્યાની મર્યાદા બાંધીને રૂપીમાની કિમ્મત ઘટતી અટકાવવ ની ભલામણ કરી. તેણે એક મુસદ્દો પણ મોકલ્યો અને ચલણના કાયદામાં એ મતલબનો ફેરફાર કરવાની સૂચના કરી.

લૉર્ડ કેન્બ્રુક જે ઇન્ડિયા ખાતાનો સેક્રેટરી ઑફ સ્ટેટ હતો તેણે ઇંગ્લંડના કેાશમન્ત્રી–સર સ્ટેફર્ડ નોર્થકેાટને એ પત્ર રવાના કર્યો. અને પછી તે એક કમિટીને સોંપાયેા. કમિટીના ગૃહસ્થેાએ ૧૮૭૯ ના એપ્રિલની ૩૦ મી એ રિપેાર્ટ કર્યો કે, આ દરખાસ્તેા ઉપર બરાબર વિચાર કરીને અમે એક મતે એવા અભિપ્રાય ઉપર આવ્યા છીએ કે, "આ દરખાસ્તેા મંજુર કરવાની સલાહ આપી શકાય તેમ નથી." પછી ૧૮૭૯ ના નવેમ્બરની ૨૪ મી એ કેાશાધ્યક્ષેાએ લૉર્ડ લિટનને સવિસ્તર પત્ર લખ્યેા. તેમાંના કેટલાક ફકરા આ નીચે આપ્યા છે.

"સેાના રૂપાના સંબંધની આ વધઘટ સેાનાના ભાવના વધવાથી કે રૂપાના ઘટવાથી કે બન્નેના સંયેાગથી થાય છે તે હજુ નિર્ણીત થયું નથી.

અમારા નામદાર સાહેબેાને એમ સમજાય છે કે આ દરખાસ્ત કરવામાં સરકારની રહામે એવા આક્ષેપેા આવશેજ કે જેવા સામાન્ય રીતે પેાતાના ચલણી સિક્કાઓને હલકા કરી નાખનાર સરકાર ઉપર આવે છે. આવી સરકારેા–પેાતાના લેણદારેાને જે દ્રવ્ય આપવાનું હેાય તે જેમ બને તેમ ઓછું આપવું પડે એવી ધારણાથી સિક્કા હલકા બનાવે છે. આપની દરખાસ્ત–આવા રીતે આપના કર ભરનારાઓ પાસેથી લેવાનાં નાણાં વધારવાની યેાજના કરે છે. આ બે વેપારેામાં અમારા સાહેબેાને કાંઇ ફેર જણાતેા નથી.

બીજી બાજુ, જો હિન્દુસ્તાનમાં રૂપીમાના ભાવ ઉતરી ગયા હેાય તેા અને સૂચવેલી યેાજના અમલમાં મૂકવાથી એ ભાવ ચઢશે એમ બને તેા

હિન્દુસ્તાનના તમામ કરારો અને તમામ નિયત કરજોમાં મોટો તફાવત પડી જશે.

જો સાંપ્રત સ્થિતિ રૂપાની કિંમત ઘટવાથી થઈ હોય તો સરકારની યોજના નીચેની બાબતોમાં સફળ થશેઃ—

(૧) ઇન્ડિયન સરકારને વિલાયત મોકલવાનાં નાણાં ઉપર હુંડીયામણને લીધે જે નુકશાન થાય છે તે નુકશાનીની ખોટ પૂરી કરવા વધારાનો કર નાંખવાની પ્રજામાંથી કરાર મળશે.

(૨) જે અંગ્રેજો હિન્દુસ્તાનમાં નોકરી અથવા ધન્ધો કરે છે અને જેમને નાણાં વિલાયત મોકલવાં પડે છે તેમને સગવડ થશે.

(૩) જે અંગ્રેજોએ હિન્દમાં નાણાં રોકયાં હશે, અને જેમને વિલાયત મોકલવાં પડતાં હશે તેમને ઠીક પડશે.

પરંતુ આ સગવડ–**હિન્દની કર ભરનારી** રૈયતને ખરચે અપાશે. અને તેની અસર એ થશે કે હિન્દુસ્તાનનાં તમામ કરજો અને નિયત દેણાંઓ તેમજ રૈયતને જે નાણાં શાહુકારોને આપવાનાં હોય તે બધાં વધશે; અને સરકારના સંબંધમાં તો હિન્દુસ્તાનમાં જે સરકારનાં દેણાં હશે તે બધાં વધવાથી બીજી રીતની સારી અસર રદ થશે. ”

ઇન્ડિયન સરકારની દરખાસ્તના જવાબમાં આવેલા આ પત્રથી તે વખતને માટે એ સવાલનું નિરાકરણ થઈ ગયું, અને છ વર્ષ સુધી પાછો એ સવાલ ઊભો થયો નહિ. આ છ વર્ષમાં રૂપાના ભાવમાં સહેજસાજ જ ઘટાડો થયો.

૧૮૭૯-૮૦.....૨૦	૧૮૮૩-૮૪.....૧૯$\frac{1}{2}$
૧૮૮૧-૮૨.....૨૦	૧૮૮૪-૮૫.....૧૯$\frac{1}{2}$
૧૮૮૨-૮૩.....૧૯$\frac{7}{8}$	૧૮૮૫-૮૬.....૧૯$\frac{5}{8}$

આમ લૉર્ડ રિપનની કારકીર્દિ સુધીમાં બહુ ફેર પડયો નહતો; પરંતુ લૉર્ડ ડફરિનની કારકીર્દિના આરંભમાંજ રૂપાનો ભાવ વિશેષ ઉતર્યો અને

તેમણે એક ભયાનક તાર સેક્રેટરી ઑફ સ્ટેટ ઉપર મોકલ્યો. વિલાયતના દેણાને માટે રૂપીયાનો ભાવ અઢાર પેન્સથી નીચે નહિ જાય એ ગણત્રીએ અમે ગોઠવણ કરેલી છે. પણ હુમણાં ભાવ ઉતરી જવાથી અને યુનાઇટેડ સ્ટેટ્સની નીતિની અનિશ્ચિતતાથી અમને ભારે ચિંતા થાય છે. મહારાણી સરકારના ધ્યાન ઉપર આ વાત મૂકીને તરત વિચાર કરવાની અમે ભલામણ કરીએ છીએ. પાછલા અનુભવથી અમને જણાયું છે કે વિલંબ લગાડવાથી આ પ્રશ્નના નિરાકરણની મુશ્કેલીઓમાં વધારો થશે.

આ પછી લૉર્ડ ડફરિનની સરકારે એક પત્ર લખ્યો અને તેમાં તમામ વિગત દર્શાવી આખો સવાલ પુનઃ વિચારમાં લેવાને આ વખત અનુકૂળ છે એવી ખાસ લાલચ આપી. લશ્કરી ખરચના વધારા વગેરે પોતાનાંજ કૃત્યોથી રૂપીયાના ભાવમાં કેટલો ફેર પડયો છે તેની તપાસ કરવાની દરકાર આપણી સરકારે ન કરી; તેમજ વિલાયતનું ખરચ કમી કરવાનાં હિમ્મતવાન પગલાં ભરવાનું પણ તેમને સૂઝયું.

લૅર્ડ રેન્ડોલ્ફ ચર્ચિલ આ વખતે સેક્રેટરી ઑફ સ્ટેટ હતા. તેમણે તે પત્રો તિજોરીખાતામાં મોકલી દીધા. અને વળી એકવાર તીજોરીના નામદાર અધ્યક્ષ મહાશયોએ ઇન્ડિયા સરકારની યોજના નામંજુર કરી. ૧૮૭૮ ની મહારાજ્યસમુદાયની નાણાં પ્રકરણી સભામાં બ્રિટિશ પ્રજાના પ્રતિનિધિઓ મિ. ગિબ્સ અને સર ટૉમસ સકમ્બે નોંધેલા આ અભિપ્રાયને એમણે અનુમોદન આપ્યું અને સોના રૂપાની વચ્ચે નિયત પ્રમાણ સ્થાપવું એ કેવળ ન બની શકે એવું છે એવું ઠરાવીને લખ્યું કે, ' ઇન્ડિયા સરકારની યોજનામાં હિન્દુસ્તાનની કર ભરનારી પ્રજાને ખરચે અંગ્રેજ અમલદારોને ફાયદો થશે. ' છ વર્ષ ઉપર પણ આજ ઠરાવ ઉપર તેઓ આવ્યા હતા.

" આ યોજનાથી આપણી સરકારના અંગ્રેજ અમલદારોને લાભ હતો, પણ હિન્દુસ્તાનની કર દેનારી પ્રજાને બહુ નુકશાન છે. તે વખત પછી હિન્દુસ્તાનના નિકાસ વેપારમાં તેજી આવી ગઇ છે. અને લોકના વેપાર

અને ઉદ્યોગથી સમૃદ્ધિમાં ઘણો વધારો થયો છે એ વાત ધ્યાનમાં રાખતાં આવી બાબતોમાં જે વસ્તુસ્થિતિ હિન્દુસ્તાનને લાભ આપનારી પણ નીવડે-તેમાં વચમાં પડવાના સંબંધમાં તે વખતે આપેલી ચેતવણી સમજી શકાય છે. આ સવાલ માત્ર હિન્દુસ્તાનની તીજોરીનાજ અથવા યુરોપીયન અમલદારોનાજ દૃષ્ટિબિન્દુથી તપાસવો અશક્ય છે. રૂપાના ભાવમાં ઘટાડો થવાથી લોકોના વેપાર અને લોકોની આબાદી ઉપર કેવી અસર થાય છે તેનો વિચાર કર્યા વિના કોઇપણ અભિપ્રાય ઉપર આવવું એ વાજબી નથી."

આ જવાબ મળ્યા પછી કાંઇ વિશેષ પગલું ભરાયું નહિ પણ રૂપીઆની કિમ્મત ત્વરાથી ઉતરતી ગઇ; પણ લૉર્ડ લેન્સડાઉન અને લૉર્ડ એલ્ગિનના સમયમાં વધતાં જતાં લશ્કરી ખરચો આ સ્થિતિ લાવવામાં કેટલે અંશે જવાબદાર હતાં તેની કોઇએ તપાસ કરી નહિ. ૧૮૮૫-૮૬ થી ૧૮૯૩-૯૪ સુધીના ભાવ આ પ્રમાણે હતાઃ—

વર્ષ	ભાવ	વર્ષ	ભાવ	વર્ષ	ભાવ
૧૮૮૫-૮૬	૧૮-૨ પે.	૧૮૮૮-૮૯	૧૬-૩	૧૮૯૧-૯૨	૧૬-૭
૧૮૮૬-૮૭	૧૭-૪	૧૮૯૦-૯૧	૧૬-૫	૧૮૯૨-૯૩	૧૪-૯
૧૮૮૭-૮૮	૧૬-૮	૧૮૯૦-૯૧	૧૮	૧૮૯૩-૯૪	૧૪-૫

આ પ્રમાણે ભાવ ઉતરતાજ ગયા તેથી આખરે બ્રિટિશ સરકારે હિન્દુસ્તાનના કર ભરનારા અને ઉદ્યોગાધિપતિઓના હિતની રાજ્યનીતિ છોડી દીધી. ૧૮૯૨ ની બ્રસેલ્સની સભા ન ભરાવાથી કંઇજ સ્થિત્યન્તર ન થયો. લૉર્ડ હર્શલની કમિટીએ ૧૮૯૩ ના મેમાં હિન્દની ટંકશાળો બંધ કરવાની સલાહ આપી; અને ઠરાવ્યું કે ઇન્ડિયા સરકારે ૧૬ પેન્સને હિસાબે સોનાને બદલે રૂપું આપવાની અને આ હિસાબે પાઉંડમાં વસુલાત કરવાની રીત દાખલ કરવી.

આ પ્રમાણે ૧૮૯૩ ના જુનમાં એક ધારો પસાર થયો. તે પછીના વર્ષોમાં ભાવો વધ્યા તે આ પ્રમાણેઃ—

૧૮૯૪-૯૫...૧૩-૧ ૧૮૯૬-૯૭...૧૪-૪ ૧૮૯૮-૯૯...૧૬.
૧૮૯૫-૯૬...૧૩-૬ ૧૮૯૭-૯૮...૧૫-૩

રૂપીયાનો ભાવ આ ઠેકાણે આવ્યો એટલે ઇન્ડિયા સરકારે તે ભાવ સ્થાપિત કરવા સેક્રેટરિ ઑફ સ્ટેટને વિનંતિ કરી.

૧૮૯૮ માં લૉર્ડ જ્યોર્જ હેમિલ્ટને એક કમિટી નીમી અને સર હેન્રિ ફાઉલરને તે કમિટીનો પ્રમુખ નીમ્યો. ભાવ સ્થાપિત કરવાની નીતિની ચર્ચા કરવાનો આ કમિટીનો હેતુ ન હતો. એ નીતિ તો સ્વીકારાઈ ગઈ હતી, અમલમાં પણ મૂકાઇ ગઇ હતી. સને ૧૮૯૪-૯૫ માં આપણી ટંકશાળો બંધ હતી અને રૂપીયાના ભાવ વધવા માંડ્યા ત્યારે સર હેન્રિ ફાઉલર પોતેજ સેક્રેટરિ ઑફ સ્ટેટ હતા. હવે એ નીતિની ચર્ચા એ ઉત્પન્ન કરે એ સંભવ ન હતો. અને એની કમિટીને પણ એજ આજ્ઞા હતી કે-" ગવર્નમેન્ટ ઑફ ઇન્ડિયાએ સૂચવેલાં આચરણોથી તેમનો હેતુ સરશે કે કેમ તે બાબતનો રિપોર્ટ કરવો. તોપણ સર હેન્રિ ફાઉલરની કમિટીએ-આ નીતિથી લોકનાં હિતને કેવી અસર થાય છે તેના ઉપર ઘણો પુરાવો દાખલ કર્યો હતો. સર-હેન્રિ ફાઉલરે ૧૮૯૯ માં રિપોર્ટ કર્યો. તેમણે ભલામણ કરી કે શિ. ૧-૪ પે. ને ભાવે પાઉંડને ધારાસર સ્વીકારવો જોઇએ; " અને એ ભાવે રૂપીયાને બદલે સોનું આપવાને બદલે સરકારે સોનાનો જથ્થો રાખવો કે જે આગળ ઉપર વખતે ભાવ ગગડી જાય ત્યારે પરદેશ નાણાં મોકલવામાં મદદગાર થઇ શકે. ૧૮૯૯ માં એ મતલબનો ધારો પસાર થયો. તે પછી ઇન્ડિયાની તીજોરીમાં સોનાની નદી ખાલી થાય છે. ૧૮૯૯ માં વીસ લાખ પાઉંડ જેટલું સોનું હતું અને ૧૯૦૦ માં શીત્તેર લાખનું થયું.

સર હેન્રિ ફાઉલરની કમિટીએ પુરાવો લીધો તેમાં કેટલાક મોટા અમલદારોની પણ જુબાનીઓ લીધી હતી. તેમણે બીજી બધી બાબતોમાં સ્પષ્ટ અને ભારદાર અભિપ્રાયો આપ્યા; પણ વિલાયતના ખરચના સંબંધમાં એક શબ્દ પણ કોઇએ કહ્યો નહિ. એ ખરચ અનિવાર્ય ગણીનેજ તેઓ

ચાલ્યા. હિન્દુસ્તાનમાં ઉઘાડી રીતે કરનો વધારો કરવાની વિરૂદ્ધ હતા; એટલા માટે એમણે રૂપીયાની કિમ્મત કૃત્રિમ રીતિએ વધારવાની ભલામણો કરી.

સર એન્ટનિ મેકડોનેલ—એમ ધારો કે અત્યારે ટંકશાળો ખુલ્લી મૂકીએ, અને રૂપીયાનો ભાવ એક શિલિંગ થઇ જાય—તો પછી તમારી આવકને તેની અસર થાય કે?

જ૦—બેશક. વિલાયતના દેણાને માટે અમારે વધારે રૂપીયા જોઇએ, અને તેથી કર વધારવા જોઇએ.

સ૦—અને કર વધારવાથી આર્થિક અસરો શી થાય તે કહેશો?

જ૦—જો રૂપીયાની કિંમત એક શિલિંગ થાય તો દશથી બાર કરોડ રૂપીયા કરના વધારવા પડે. રાજ્ય જોખમમાં આવી પડે તેટલી રાજ્યકીય બેદીલી ઉત્પન્ન કર્યા વિના આટલો બધો કર વધી શકે એમ નથી.

બીજી તરફથી સર રૉબર્ટ ગિફેનના અભિપ્રાય બ્રિટિશ અર્થજ્ઞોનો અભિપ્રાય નિરૂપણ કરે છે. હિન્દુસ્તાનને માટે કૃત્રિમ ચલણ એણે અપ્રશસ્ત ગણ્યું. અને જે ચલણ સ્વતઃ સ્થિતિસ્થાપક ન હોય એ કોઇ પણ દેશને માટે સારૂં નથી એવું પ્રતિપાદન કર્યું. અને વિલાયતના દેણા માટે એ દેણું જેમ બને તેમ કમી કરવું એજ અભિપ્રાય આપ્યો.

મારૂં કહેવું એમ છે કે હિન્દુસ્તાનના ખરચનો આખો સવાલ ફરીથી તપાસવો જોઇએ. અત્યારે જે હકીકત આવે છે તે માત્ર આટલાજ પ્રશ્ન ઉપર કે હિન્દુસ્તાનમાં હવે વધારે કર નંખાય એમ છે કે નહિ? પણ આવા સવાલોમાં બીજી બાજુ પણ જોવી જોઇએ. હું ધારૂં છું કે વિલાયતની સરકાર હિન્દુસ્તાન ઉપર ઘણો એવો બોજો નાંખે છે કે જે એમણે પોતેજ સહન કરવો જોઇએ. હિન્દુસ્તાનનું લશ્કર માત્ર હિંદના લાભને માટે નથી. પણ બ્રિટિશ સામ્રાજ્યનો પણ લાભ લાં એટલું બધું લશ્કર રાખવામાં સમાયલો છે. એટલે હિન્દુસ્તાનમાં ચલણ બદલવા કરતાં વધારે સારી રીતે

વ્યવસ્થા થઈ શકે એમ છે. વખતે આવી સૂચના કરવામાં રાજ્યનીતિના પ્રદેશમાં ઉતરવું પડે છે; અને લૉર્ડ વેલ્બિના અધ્યક્ષપણા નીચે હમણાં એક કમિશન બેઠું છે તે આ બાબતનો તપાસ પણ કરે છે; પણ મારો મત મારે અને જણાવવો જોઇએ કે, આ બાબતમાં ઇન્ડિયા સાથે આપણો વ્યવહાર ચાલે છે તે ન્યાયી નથી અને હિન્દુસ્તાનમાં યુરોપીયન લશ્કર-જે માત્ર ઇન્ડિયાના લાભ માટે જ ત્યાં રાખવામાં આવ્યું છે એમ નથી-તેના ખરચમાં ઈંગ્લંડે ભાગ આપવો જોઇએ. ત્રીસથી ચાળીસ લાખ-આવી રીતે ઇન્ડિયાના બોજામાંથી ઓછા થઇ શકે એમ મને જણાયું છે. લારે, આ એક કારણથી હું અત્યારે જે ફેરફાર કરવા ધાર્યો છે તેની વિરૂદ્ધ છું, અને તે ફેરફારની સ્હામે જે પ્રત્યક્ષ કારણો છે તે તો છેજ.

આ કમિશન રૂબરૂ બે હિન્દી સાક્ષીઓ લેવાયા હતાઃ (૧) મિ. મેરવાનજી રૂસ્તમજી, મુબાઇના હુંડીના દલાલ, અને (૨) મિ. રમેશચન્દ્ર દત્ત. આ બન્ને ગૃહસ્થો રૂપીયાની કિંમત કૃત્રિમ રીતે વધારવાની વિરૂદ્ધ હતા. મિ. રૂસ્તમજીનો મત ૧૪ શિલિંગ જે ભાવ ૧૮૯૩ માં ટંકશાળો બંધ કરી તે વખતે હતો તે ભાવે રૂપીયો કાયમ કરવાનો હતો. અને મિ. દત્તનો મત એવો હતો કે રૂપીયાનો કોઇ પણ કૃત્રિમ ભાવ ઠરાવવો જોઇએ નહિ.

મિ. મેરવાનજીનો પુરાવો.

સ૦—૧ શી. ૪ પેન્સ ની સ્હામે ૧ શી. ૨ પે. તમે શાથી કહોછો ?

જ૦—હું એમ કહું છું કે આપ સોનાના ધોરણ ઉપર તો જાઓછો ત્યારે મને બહુ દૃષ્ટિ બિન્દુથી જોતાં આ બેષ્ટ લાગે છે. પહેલાં મિલનો ઉદ્યોગ જુઓ; તે પણ એક અગત્યની બાબત છે; બીજું જે જે વેપારોમાં હિન્દુસ્તાન ચીનની હરીફી કરે છે તે જુઓ.

સ૦—તમારૂં કહેવું એમ ને કે ૧ શી. ૨ પે. નો ભાવ હિન્દુસ્તાનના વ્યાપારને માટે વધારે સારો છે ?

જ૦—હું હિન્દુસ્તાનની મિલો અને ચીનની સાથે હરીફાઈમાં થતા સર્વ વેપારને માટે કહું છું.

સ૦—તમ એમ ધારોછો કે ચીન-રેલ્વે વગેરે કરશે તો પછી ૧ શી. ૨ પે. થી ખરેખર ચીનની હરીફાઈમાં ઘણો ઘટાડો થશે!

જ૦—હું એટલુંજ કહું છું કે હમણાં કરતાં સુતર અમે સસ્તુ મૂકી શકીશું.

સ૦—હમેશને માટે કે તાત્કાલિક?

જ૦—૧ શી. ૪ પે. ની સરખામણીમાં તો હમેશને માટે.

મિ. રમેશચન્દ્ર દત્ત.

સ૦—હિન્દુસ્તાનની સરકારની-રૂપીયાના ભાવ ઉતરી જતા અટકાવવાની આ યોજનાના પરિણામમાં ભાવ વધશે?

જ૦—હા. ૧૮૯૩ માં ૧ શી. ૨ પે. નો ભાવ હતો, અને આજે ૧ શી. ૪ પે. છે. એટલે આ પાંચ વર્ષમાં સોનાના પ્રમાણમાં ૨ શિલિંગ એનો ભાવ વધ્યો છે. ૧૮૭૧ થી ૧૮૯૩ સુધીની મંદીના સંબંધમાં મારો ખુલાસો એ છે કે તે દરમીયાન સરકારને જ સ્વતઃ ઉપજનો વધારો થયેલો છે. રૂપીયાને હિસાબે ભાવો સર્વત્ર વધતા ચાલ્યા હતા. અનાજના ભાવ વધ્યા હતા. અને જમાબન્દી અમલદારો ભાવ વધે એટલે વધારે રકમ લેવાને હકદાર થાય છે. તેજ પ્રમાણે આમદાની વેરાની રકમ પણ વધારે મળી. ૧૮૭૧ થી ૧૮૯૩ સુધીમાં રૂપીયાના ભાવમાં મંદી હતી તો અપરોક્ષ રીતે અને સ્વાભાવિક રીતે સરકારની ઉપજમાં વધારો પણ હતો.

સ૦—રૂપીયાના ભાવ કૃત્રિમ રીતે વધારવા રહ્યામે તમારો પહેલો વાંધો એ હતો કે એ કરનો વધારો કરવા બરાબર છે.

જ૦—હા. સ્વાભાવિક વધારા ઉપરાંત.

સ૦—પછી તમે કહેાછેા કે એના કરતાં પણ બીજી વધારે મેાટી અને ગંભીર અડચણ છે, તે કઈ તે કહેશેા ?

જ૦—લાખેા ખેડુતેા અને મજુરેાને શાહુકારનાં દેવાં હેાય છે. અને આ દેવાં ઘણાંખરાં રૂપીયાની ગણત્રીમાં હેાય છે. દાણાની નહિ. રૂપીયાની કિંમત કૃત્રિમ રીતિએ વધારવાથી અથવા કૃત્રિમ રીતિએ ચઢાવેલી કિંમતે સ્થિર કરવાથી આ ખેડુત અને મજુરના કરજોની કિંમત વધી જાય છે. એમને વધારે આપવું પડે છે. એટલે ગરીબ લેાકેાને દુઃખ છે અને તેમની ગરજ ઉપર કમાઈ કરનાર આબાદ વર્ગને નફેા છે. શાહુકારને નફેા અને ગરીબને ગળે ઘંટી એ આ નીતિનું ચેાખ્ખું પરિણામ છે.

સ૦—હવે દાગીનાના વિષય ઉપર આવશેા ?

જ૦—ગરીબ લેાકેા સારા વર્ષમાં જે બચાવી શકે તે સ્ત્રીઓના નાના દાગીનાના સ્વરૂપમાં બચાવે છે. મજુર અને ખેડુત વર્ગના લેાકેાની તમામ બચત આજ આકારમાં છે અને મેાંઘવારી કે દુકાળના વખતમાં આ દાગીના વેચીને અનાજ ખરીદવામાં આવે છે. ઇન્ડિયા સરકારની આ દરખાસ્તથી ગરીબ લેાકેાના આ બચાવનેા ત્રીજો ભાગ જપ્ત કરવા જેવું જ થાય છે. રૂપીયાના ભાવ કૃત્રિમ રીતિએ વધારવાથી રૂપાની વેચાણમાં બંગડી કે કડાની કિંમતના રૂપીયા ઓછા આવે છે અને આવી રીતે સરકાર પેાતાનું કરજ આપવા માટે અમુક સમવડ કરવા જતાં ગરીબ લેાકેાની મીલકત ઘટાડી નાંખે છે.

સ૦—આ દરખાસ્તને લીધે હિન્દુસ્તાનના કારખાનદારેાના ઉપર શી અસર થાય છે તે કહેશેા ?

જ૦—આ બાબતમાં મારી માહીતી પરેાક્ષ છે. હું જાતે એવા કેાઈ ઉદ્યોગમાં પરેાવાયલેા નથી એટલે મને એની ખબર નથી. પણ મેં વેપારીઓની સાથે આ બાબતમાં ચર્ચા કરેલી છે; અને તેઓ કહે છે કે રૂપાના ભાવના

કૃત્રિમ વધારાથી વેપાર સ્થાનભ્રષ્ટ થયો છે, અને કારખાનાદારો ખાવમાં આવ્યા છે. સુતરના કારખાનાવાળાઓ કહે છે કે ચીન અને જપાન ની હરીફાઇમાં ભાવના કૃત્રિમ વધારામાં અમને નુકશાન જાય છે...એશિઆના બીજા પ્રદેશો જ્યાં રૂપાનું ચલણ છે ત્યાં બ્રિટિશ વેપાર ધમધોકાર ચાલે છે તો બ્રિટિશ વેપારને હિન્દુસ્તાનની સાથે નિયત પ્રમાણ બાંધવાનું શું કારણ હશે તે સમજાતું નથી. હિન્દુસ્તાનના લોકને તેની જરૂર નથી. લોકને તેથી નફો નથી. કૃત્રિમ રીતિએ રૂપીયાનો ભાવ વધારી દેવાથી હિન્દુસ્તાન ની પ્રજાને અનેક તરેહથી નુકસાન છે. અને લોકના કલ્યાણનું રક્ષણ કરનાર ઇન્ડિયા સરકારે લોકોને જે યોજના જોઇતી નથી અને લોકોને જેથી ફાયદો નથી તેવી આ યોજના રદજ કરવી જોઇએ.

આ વિષમ ગતિનો એકજ ઉપાય છે, અને તે એ કે ઇન્ડિયા સરકારનાં વિલાયતનાં દેવાં જેમ બને તેમ ઘટાડી દેવાં, તેમ ન કરતાં હિન્દુસ્તાનનો તમામ વ્યવહાર સોનામાં રાખવાનો અસ્વાભાવિક, છેવટનો અને જોખમવાળો ઉપાય સરકાર લેછે. એમ ધારો કે એક હિન્દુસ્તાનના જમીનદારને સાંથ રૂપા નાણામાં મળે છે, અને લંડનમાં એક આડતીયાને સોના નાણામાં એને કંઇ આપવું પડે છે. હવે આ જમીનદાર-લન્ડનના એક આડતીયાને સોનાના ચલણમાં નાણાં આપવાં પડે છે માટે હિન્દુસ્તાનના લોકો પાસેથી પોતાની સાંથ સોનાના ચલણને હીસાબે લેવાને માટે કોર્ટમાં દાવા માંડે તો કોર્ટો શું કહે? એને માટે વાજબી અને ડાહ્યો રસ્તો એજ કે એણે લન્ડનનાં ખરચ કમી કરવાં.

પ્રકરણ ૯ મું.

રાજ્યકોશ અને રાષ્ટ્રીય કરજ.

લૉર્ડ નોર્થબ્રુક ચાલ્યા ગયા પછી અને કોશમન્ત્રી તરીકે સર વિલ્યમ મૂરનો અધિકાર ઉતર્યા પછી કરભાર વધારવાનું નિરંકુશપણે ચાલ્યું. ૧૮૭૭ ના મદ્રાસના દુકાળથી લૉર્ડ લિટનને કાંઇપણ કરકસર કરવાનું સૂઝયું નહિ. ઉલટું નવા કોશમન્ત્રી સર જૉન સ્ટ્રેચી ી સલાહથી તેમણે 'દુષ્કાળ નિવારણ અને વીમાફંડ 'ના નિમિત્તે એક નવો કર નાંખ્યો. આનો હેતુ એ હતો કે દુષ્કાળ નિવારણ અને રક્ષણ સારૂ એક ભંડાર કરવા માટે બાર મહીને દોઢ કરોડ રૂપીયાનો વધારો રાખવો. કોઇ વર્ષમાં નિવારણના કામમાં આ રકમનો કેટલો ભાગ ન વપરાય તેટલો ભાગ કરજ આપવામાં અથવા નવું કરજ ન કરવામાં વપરાય. અને આ વખતે લોકોને એવું સ્પષ્ટ વચન આપવામાં આવ્યું હતું કે આ નાણું આ સિવાય બીજા કોઇ ઉપયોગમાં લેવામાં આવશે નહિ.

પણ વચન કેટલીવાર ટકે ? ૧૮૭૮-૭૯ ના વર્ષમાં તો આ ભંડોળ જુદુ રાખ્યું. પણ ૧૮૭૯-૮૦ માંજ મુલતવી રહ્યું. એ બાબતના કરો તો વસુલ થયાંજ કર્યા, પણ દુકાળના ફંડમાં ઉમેરો કરવાનું અદૃશ્ય થઇ ગયું. આપણી પ્રજાએ મજબુત વાંધો લીધો. કોશમંત્રી સર જૉન સ્ટ્રેચિએ એવો ઉત્તર આપ્યો કે અંદાજમાં વધારો હોય, સમાનતા હોય કે ખોટ હોય, પણ નવા કરોથી કરજ અટકે એટલે એનો હેતુ સરે છે એમજ કહેવાય. પણ પ્રજાના મનમાં તો આ એક બુદ્ધિવિલાસ જ હતો. સેક્રેટરિ ઑફ સ્ટેટે પોતેજ સ્ટ્રેચિ સાહેબની દલીલ ન સ્વીકારી. અને ૧૮૮૧ માં એવો ઠરાવ થયો કે ૧૬ કરોડની રકમ દુકાળ નિવારણ અને વીમા ફંડ ખાતે (૧) નિવારણ-

(૨) રક્ષણનાં કામો, અને (૩) કરજમાં ઘટાડો–એ ત્રણે પેટામાં બતાવવી જોઈએ.

આમ દુષ્કાળ નિવારણના કામમાં વપરાય તે ઉપરાંતની તમામ રકમ કરજ કમી કરવામાં અથવા ન કરવામાં વાપરવાને બદલે હવે એમ ઠર્યું કે ફલદાયી જાહેર કામોને બદલે દુષ્કાળ રક્ષક કામોમાં વાપરી શકાય.

પણ આ નવા હેતુને પણ ચુસ્ત રીતે વળગી ન રહેવાયું. ૧૮૯૫–૯૬ આખર બક્ષાસ થતાં પંદર વર્ષના અરસામાં ૧½ કરોડને હિસાબે ૧૫ કરોડ પાઉંડ જમા થવા જોઈએ. પણ દુષ્કાળ નિવારણ–અને રક્ષક કામોમાં અથવા કરજ ઘટાડવામાં દશ કરોડથી વધારે વપરાયા નથી. નીચેના કોઠાથી આ વાત પ્રત્યક્ષ થશેઃ—

૧૮૮૧ થી ૧૮૯૬ સુધી.

દુષ્કાળ સંકટ નિવારણ.	૧૨૧૩૫૭૧	રક્ષક જલસંગ્રહનાં કામો.	૧૨૦૬૨૦૭
દુષ્કાળ રક્ષક રેલ્વે.	૪૩૬૭૨૮૭	કરજ કમી કરવામાં કે નવું ન કરવામાં.	૩૫૫૧૫૩૩

કુલ... ૬૩૪૧૫૬૮

કરજ અટકાવવું એ દ્વિઅર્થી શબ્દ છે. કરજમાં રકમ ભરાય તે સિવાય બીજી કાંઇ રકમ એ પેટામાં ન બતાવવી જોઈએ. પણ જે રીતે આંકડા આપ્યા છે તે રીતે લેતાં પણ પંચાવન લાખ ઓછા વપરાયા છે. ખરી રીતે એટલી કરજમાં ભરવી જોઈતી હતી. તેને બદલે બંગાળ નાગપુર અને મિડલૅન્ડ રેલ્વેમાં ૨૩૮૬૩૬૭ નું જે નુકશાન ગયું તે દુષ્કાળ નિવારણ અને રક્ષણના ભંડોળ ખાતે બતાવ્યું.

તે પછી સતત દુકાળનાં છ વર્ષો આવ્યાં, એટલે ૧૮૯૧–૯૨ થી ૧૯૦૧–૨ સુધીમાં કુલ દુકાળના ખરચમાં કુલ ભંડોળ કરતાં દશ લાખ વધારે થયા.

દુષ્કાળ નિવારણ ... ૧૧૯૦૬૩૫ દુષ્કાળ રક્ષક જલસંગ્રહનાં કામો. ૧૩૬૮૬૫૫

દુષ્કાળ સંરક્ષક રેલ્વે. ૪૮૨૭૫૨૨ કરજ કમી કરવામાં અથવા વધારે ન થવા દેવામાં. ૪૧૩૨૬૬૬

કુલ... ૨૨૨૬૫૮૩૧.

આ વીસ વર્ષમાં બંગાળ નાગપુર અને મિડલેન્ડ રેલ્વેની ખોટ ૩૨૮૦૩૩૪ ની થઇ હતી તે આમાં ગણી નથી. અહીંયાં નોંધવું જોઇએ કે હાલમાં જે ખરચ દુષ્કાળ સંકટ નિવારણમાં કરવામાં આવ્યું છે તેથી આપણા કરજમાં જ વધારો થયો છે. એટલે આવું કરજ વધવા ન દેવાનો જે આ દુષ્કાળ રક્ષણ કરનો અર્થ હતો તે અકૃતાર્થજ રહ્યો છે.

છેલ્લાં પચીસ વર્ષના હિન્દુસ્તાનના કુલ ઉપજ ખરચના આંકડા નીચેના કોઠામાં આપ્યા છેઃ—

વર્ષ.	જમીનની મહેસુલ રૂા.	કુલ ઉપજ રૂા.	ઇંગ્લંડમાં ખરચ. રૂા.	કુલ ખરચ રૂા.
૧૮૭૭-૭૮	૧૬૮૯૧૧૪૫૦	૬૧૯૭૨૪૬૧૦	૧૬૨૦૨૦૧૬૦	૬૧૨૩૪૫૨૧૦
૧૮૭૮-૭૯	૨૨૩૨૩૮૬૮૦	૬૫૧૬૪૦૨૦૦	૧૬૭૫૪૪૨૪૦	૬૩૦૫૬૫૨૨૦
૧૮૭૯-૮૦	૨૧૮૬૧૧૫૦૦	૬૮૪૩૩૧૫૭૦	૧૭૨૮૬૧૪૪૦	૬૬૬૧૦૫૦૦
૧૮૮૦-૮૧	૨૧૬૧૨૬૬૫૦	૭૪૨૬૦૧૧૨૦	૧૭૩૪૦૭૧૨૦	૭૭૬૨૧૫૦૬૦
૧૮૮૧-૮૨	૨૧૬૪૮૦૨૨૦	૭૫૬૮૪૬૮૭૦	૧૭૩૬૪૬૩૧૦	૭૨૦૮૬૫૩૬૦

૧૮૮૨–૮૩	૨૧૮૭૬૦૪૭૦	૭૦૨૭૮૩૩૭૦	૧૭૩૩૫૬૬૫૦	૬૬૬૦૪૫૦૦૦
૧૮૮૩–૮૪	૨૨૩૬૧૮૬૬૦	૭૧૮૪૧૭૬૦૦	૧૮૪૬૪૭૫૨૦	૬૬૬૬૨૩૧૩૦
૧૮૮૪–૮૫	૨૧૮૩૨૧૧૦	૭૦૬૬૦૭૮૧૦	૧૭૫૮૭૪૦૪૬	૭૧૦૭૭૧૨૭૦
૧૮૮૫–૮૬	૨૨૫૬૨૩૭૧૦	૭૪૪૬૪૧૬૭૦	૧૮૪૨૬૧૭૦૦	૭૭૨૬૫૬૬૩૦
૧૮૮૬–૮૭	૨૩૦૫૫૭૩૨૪૦	૭૭૩૩૭૧૩૪૦	૧૬૮૨૬૦૩૫૦	૭૭૧૫૮૭૦૭૦
૧૮૮૭–૮૮	૨૩૧૮૬૨૬૨૦	૭૮૭૫૬૭૪૪૦	૨૧૮૫૫૬૬૮૦	૮૦૭૮૮૭૧૬૦
૧૮૮૮–૮૯	૨૩૦૧૬૪૦૪૦	૮૧૬૬૬૬૭૮૦	૨૧૬૫૪૬૫૭૦	૮૧૬૫૬૬૦૦
૧૮૮૯–૯૦	૨૩૬૮૧૩૬૬૦	૮૫૦૮૫૨૦૩૦	૨૧૫૧૨૩૬૫	૮૨૪૭૩૧૭૦૦
૧૮૯૦–૯૧	૨૪૦૪૫૨૦૬૦	૮૫૭૪૧૬૪૬૦	૨૦૬૫૬૦૧૬૦	૮૨૦૫૩૪૭૮૦
૧૮૯૧–૯૨	૨૩૬૬૫૭૭૪૦	૮૬૧૪૩૨૮૩૦	૨૨૬૧૧૬૧૨૦	૮૮૬૭૫૭૪૮૦
૧૮૯૨–૯૩	૨૪૬૦૫૩૨૮૦	૯૦૧૭૨૪૩૮૦	૨૬૧૬૧૮૧૫૦	૯૧૦૦૫૫૦૦
૧૮૯૩–૯૪	૨૫૫૮૬૬૦૬૦	૯૦૫૬૫૨૧૪૦	૬૧૧૨૧૧૧૦	૯૨૧૧૨૨૧૨૦
૧૮૯૪–૯૫	૨૫૪૦૮૨૭૨૦	૯૫૧૮૭૪૨૬૦	૨૦૭૭૫૬૪૮૦	૯૪૪૬૪૩૧૬૦
૧૮૯૫–૯૬	૨૬૨૦૦૬૫૫૦	૯૭૩૭૦૧૭૬૦	૨૭૪૫૮૩૩૮૦	૯૬૮૩૬૧૬૦
૧૮૯૬–૯૭	૨૩૬૭૪૮૬૦	૯૪૧૨૬૭૪૧૦	૨૬૨૪૪૨૫૫૦	૯૫૮૩૪૭૬૩૦
૧૮૯૭–૯૮	૨૫૬૩૬૪૨૦	૯૬૪૪૨૦૦૪૦	૨૫૩૧૬૮૨૪૦	૧૦૧૮૦૧૨૧૫

૧૮૯૮–૯૯	૨૭૪૫૯૩૧૩૦	૧૦૧૪૨૬૬૯૩૦	૨૪૪૮૭૭૬૫૦	૯૭૪૬૫૩૮૩
૧૮૯૯–૦૦	૨૧૮૦૭૫૮૪૦	૧૦૬૬૫૫૭૪૬૦	૨૪૫૮૬૨૬૬૦	૬૧૭૬૩૮૧૧૦
૧૯૦૦–૦૧	૧૬૨૫૪૫૪૬૦	૧૧૨૬૦૮૪૩૬૦	૨૫૮૦૧૪૩૫૦	૧૧૦૪૦૩૧૩૦૦
૧૯૦૧–૦૨	૨૭૪૩૨૦૨૭૦	૧૧૪૫૧૬૭૮૮૦	૨૬૦૫૨૬૮૩૦	૧૦૭૬૬૧૪૨૩

રૂપીયાનો કૃત્રિમ ભાવ કરવાથી શી અસર થઈ છે તે સમજવા છેલ્લા પાંચ વર્ષના આંકડા ઉપર આપણે દૃષ્ટિ સ્થિર કરીશું. ૧૮૯૭–૯૮ માં રૂપીયાની કિંમત ૧૫ પે. ઉપર સહેજ હતી. ૧૮૯૮–૯૯ માં સોળ પેન્સ; અને અત્યારે લાંજ રહી છે. આ પાંચ વર્ષોના આંકડા નીચે આપ્યા છે:—

	૧૮૯૭–૯૮	૧૮૯૮–૯૯	૧૮૯૯–૦૦	૧૯૦૦–૧	૧૯૦૧–૨
કુલ ઉપજ	૬૪૨૫૭૨૦૭	૬૭૫૯૫૮૧૫	૬૮૬૩૭૬૪	૭૫૨૭૨૨૯૧	૭૬૩૪૪૫૨૫
કુલ ખરચ	૬૭૮૩૦૦૧૪	૬૪૯૫૪૬૪૨	૬૫૮૬૨૫૪૧	૭૩૬૦૨૦૮૭	૭૧૩૯૪૨૮૨

આ આંકડા ઉપરથી જણાશે કે આ પાંચ વર્ષમાં કરમાં ૧૨૦ લાખ પાઉંડનો વધારો થયો છે અને મુખ્યત્વે કરીને રૂપીયાની કિંમતમાં કૃત્રિમ વધારો કર્યાથીજ. ૧૮૭૬ માં તીજોરીના નામદાર અધ્યક્ષોએ આનુંજ ભવિષ્ય દર્શન કર્યું હતું. ઇંડયાના કરદાતા લોકોના ખરચે અંગ્રેજ અમલદારોને નફો કરવાનો હેતુ છે એવું કહીને ૧૮૮૬ માં તેજ તીજોરીના અધ્યક્ષોએ

એ પગલું અપ્રશસ્ય ગણ્યું હતું. ૧૮૯૯ ની ચલણની કમિટી રૂબરૂ એજ વાત ઘણા સાક્ષિઓએ કહી હતી, કે આનો અર્થ કરનો વધારોજ છે અને ૧૯૦૨ માં મિ. ગોખલેએ વ્હાઇસરૉયની કાઉન્સિલમાં આનું માઠું પરિણામ ગંભીર અને પ્રકાશમાન શબ્દોમાં બતાવ્યું હતું.

આ નીતિ હવે હમેશને માટે સ્વીકારાઈ છે. હવે તેમાં ફેર પડે એમ નથી. પણ લોકો—રૂપીયાની કિંમત આવી રીતે કાયમ કરતાં પહેલાં તેના ઉપર જે કરો નાંખ્યા હતા તે કરોમાંથી મુક્તિ માગી શકે. એ છેડે દીવા બળાતા નથી. રૂપીયાની કિમ્મત કૃત્રિમ રીતિએ ભારે કરીને કરમાં વધારો કર્યો તો પછી આવી રીતે પરોક્ષ વધારો કર્યા પહેલાં જે કરો નાંખવામાં આવ્યા હતા તે કાયમ રાખવા એ વાજબી નથી. લોકોની અત્યંત નિર્ધનતા છતાં બજેટમાં વર્ષોવર્ષ વધારો જણાય છે. પ્રજાની કમાઈ ઉપર સખ્ત રીતે પડતા કરો માફ કરવાથી આ નિર્ધનતાનું કાંઇક કરી શકાય.

ખેતી ઉપર નિર્વાહ કરનારી પ્રજાને ૧૮૭૧ પછી નાંખાયલા પરચુરણ કરોના જેવું બીજું કાંઇ વધારે કઠણ ન હોવું જોઇએ. આ કરે માફ કરવાનો વખત હવે આવ્યો છે. લૉર્ડ કર્ઝને પણ આ વાત ગવર્નમેન્ટ ઑફ ઇન્ડિયાના છેલ્લા ઠરાવમાં કબુલ કરી છે. લોકોને એ મોટી એક વરદાન રૂપ થઇ પડશે. વળી દુષ્કાળ નિવારણ અને વીમાનું ભાંડોળ એ પણ એક પ્રકારનો જમીન ઉપરજ વેરો છે. આ વેરા કાયમ થાય એ પણ લોકની નિર્ધનતામાં વધારો છે અને દુષ્કાળની સખ્ત ક્રમમાં ઉમેરો કરવા જેવું છે. એ માફ કરવાથી ખેતીવાડી-વાળી પ્રજાને કંઇક આરામ મળે છે. દુષ્કાળનો સર્વોત્તમ વીમો તો હમેશને માટે ખેડુતની સ્થિતિ સુધારવી એજ છે. છેવટે નિમક ઉપરનો કર પણ ઘટાડવો જોઇએ અને સુતરાઉ માલ ઉપર જે દાણ હાલ નાખ્યું છે તે પણ એકદમ રદ થવું જોઇએ. બ્રિટિશ સરકાર ઇંગ્લંડમાં સ્વદેશનાં કારખાનાં-ઓને દરેક રીતે ઉત્તેજન આપવાનો યત્ન કરે છે ત્યારે ઇન્ડિયા સરકારે આ કર હિન્દુસ્તાન ઉપર કાયમ રાખવો એ ન્યાય નથી.

ઘણીવાર એવું બને છે કે બજેટમાં કંઇક સારો વધારો જણાયો કે સીમાન્ત ઉપર લડાઇ જાગીજ હોય; આવા વધારામાં કાં તો બ્રિટિશ તીજોરીએ કે કાં તો બ્રિટિશ કારખાનદારોએ ભાગ પડાવ્યોજ હોય. નવી ચલણની નીતિને પરિણામે હિન્દુસ્તાનના હીસાબમાં વધારો જણાવાની સાથે આવી માગણીઓ થવા માંડી હતી. ૭૮૬૦૦૦ ની રકમ લૉર્ડ કર્ઝને ન ગણકારી ને બ્રિટિશ તીજોરી લશ્કરની નોંધણીમાં ખરચના વધારા ખાતે ઉપાડી ગઇ. વળી ૪૦૦,૦૦૦ ચાર લાખ પાઉંડની માગણી દક્ષિણ આફ્રિકામાં લશ્કર રાખવાના ફાળા માટે થઇ હતી પણ જ્યારે બ્રિટિશ પ્રજા અમલદારો અને હિંદી પ્રજા આગ્રહપૂર્વક રહામી થઇ ત્યારે વળી તે માગણી જતી કરી લેન્કેશિયરના કારખાનદારો પણ એક વાર તો ૩½ ટકાની જકાત કાઢી નાંખવાની માગણી આ વધારાનું નિમિત્ત લઇને કરી ગયા. ટીજોરીમાં મુશ્કેલીઓ ઊભી થઇ અને તેમાં લાખો રૂપીયા ગયા. ધરાની અખાતનો સવાલ ઉભોજ છે.

ઇન્ડિયા સરકારના અલ્પારના બંધારણમાં આ બધું સ્વાભાવિક છે. બ્રિટિશ પ્રજાનો દરેક ભાગ—દરેક માટું હિત—બ્રિટિશ સરકાર ઉપર દબાણ લાવી શકે. ન લાવી શકે માત્ર બ્રિટિશ ઇન્ડિયન પ્રજા. બ્રિટિશ પ્રધાનમંડળ—પોતાનાજ મંડળના સભાસદ સેક્રેટરિ ઑફ સ્ટેટની મારફત દબાણ ચલાવી શકે. બ્રિટિશ કારખાનદારો આમની સભાના પ્રતિનિધિઓ દ્વારા દબાણ લાવી શકે અને પોતાના મતનો જોખતી રહેમીયત મેળવવામાં ઉપયોગ કરે; અને લશ્કરી અમલદારોનો તો બ્હાઇસરૉયની રાજ્યનીતિ ઉપર એવો પ્રતાપ પડે છે કે જે કદી બંધ પડતો નથી. અત્યારેજ (૧૯૦૩) જોખમ ઘણું જોવામાં આવે છે. લાંબો પખત મોટા વધારા દેખાવાથી હિન્દુસ્તાનની પ્રજા આશા રાખે છે કે દુષ્કાળથી પીડાતા લોકોને સાચો, જણાઇ આવે એવો, અને જીવવાળો લાભ આપ્યા વિના આ વધારા અદશ્ય થશે નહિ.

હિન્દુસ્તાનનું કુલ કરજ નીચેના બે કોષ્ટકો ઉપરથી જણાશે.

વર્ષ.	કાયમનું કરજ (હિન્દનું) રૂા.	ઇંગ્લાંડનું £	કુલ.
૧૮૭૭-૭૮	૮૨૭૮૩૨૭૭૦	૫૯૬૭૭૦૩૩	.....
૧૮૭૮-૭૯	૮૬૮૭૭૮૨૧૦	૫૯૦૨૯૧૧૭	.....
૧૮૭૯-૮૦	૯૧૫૦૬૮૪૬૦	૬૮૮૫૫૫૫૬	.....
૧૮૮૦-૮૧	૯૫૭૮૨૩૫૭૦	૭૧૪૨૯૧૩૩	.....
૧૮૮૧-૮૨	૯૮૭૮૪૪૧૪૦	૬૮૧૪૧૯૪૭	.....
૧૮૮૨-૮૩	૧૦૦૬૫૧૮૬૨૦	૬૮૫૮૫૬૯૪	.....
૧૮૮૩-૮૪	૧૦૩૫૦૩૪૫૬૦	૬૮૧૦૮૮૩૭	.....
૧૮૮૪-૮૫	૧૦૪૫૦૩૪૫૬૦	૬૯૨૭૧૦૮૮	.....
૧૮૮૫-૮૬	૧૦૦૭૧૭૪૮૦૦	૭૩૮૦૬૬૨૧	.....
૧૮૮૬-૮૭	૧૦૧૪૪૨૯૭૯૦	૮૪૨૨૮૧૭૬	.....
૧૮૮૭-૮૮	૧૦૭૮૦૬૭૯૫૦	૮૪૧૪૦૧૪૮	.....
૧૮૮૮-૮૯	૧૧૧૫૮૫૯૪૯૦ £	૯૫૦૩૩૬૧૦ £	..... £
૧૮૯૦-૯૧	૭૮૪૧૬૮૦૧	૧૦૪૪૦૮૨૦૮	૧૮૨૮૨૫૦૦૯
૧૮૯૧-૯૨	૭૯૨૨૯૨૪૬	૧૦૭૪૦૪૧૪૩	૧૮૬૬૩૩૩૮૯

૧૮૬૨–૬૩	૮૦૨૧૪૪૧૩	૧૦૬૬૮૩૭૬૭	૧૮૬૮૬૮૧૮૦
૧૮૬૩–૬૪	૮૨૫૪૫૫૧૬	૧૧૪૧૧૩૭૬૨	૧૬૬૬૫૬૩૦૮
૧૮૬૪–૬૫	૮૧૮૩૬૧૪૫	૧૧૬૦૦૫૮૨૬	૧૬૭૮૪૧૭૬૧
૧૮૬૫–૬૬	૮૨૦૭૬૦૪૬	૧૧૫૬૦૩૭૩૨	૧૬૭૬૭૬૭૭૮૧
૧૮૬૬–૬૭	૮૫૧૫૮૮૪૦	૧૧૪૮૮૩૨૩૩	૨૦૦૦૪૨૦૭૩
૧૮૬૭–૬૮	૮૬૭૬૬૧૬૩	૧૨૩૨૭૪૬૮૦	૨૧૦૦૪૦૮૭૩
૧૮૬૮–૬૯	૮૭૮૨૮૬૦૬	૧૨૪૨૬૮૬૬૫	૨૧૨૦૬૭૪૧૧
૧૮૬૯–૭૦	૮૮૦૨૩૬૬૫	૧૨૪૧૪૪૪૦૧	૨૧૨૧૬૮૦૬૬
૧૬૦૦–૦૧	૬૦૪૦૬૮૬૫	૧૩૩૪૩૪૩૩૭૬	૨૨૩૮૪૩૨૪૪
૧૬૦૧–૦૨	૬૧૬૨૫૦૧૫	૧૩૪૩૦૭૦૬૦	૨૨૬૨૩૨૧૦૫

બાવીસ કરોડ બાસઠ લાખ પાઉંડ–લગભગ ત્રણ અબજ ચાલીસ લાખનું આ કરજ ફીટાડવાને કાંઇક વાર્ષિક ભંડોળ કરવું જ જોઇએ. આ કરજ અને ખરચ ઓછાં કરવાં માટે પ્રજાહિતવાદી હિન્દીઓની મદદની જરૂર છે. હિન્દુસ્તાનના કોશતન્ત્ર વહીવટમાં હિંદીઓને કાંઇક ભાગ આપવાની આવશ્યકતા છે. ગવર્નર જનરલની સભામાં સમર્થ અનુભવી અને આત્મજ્ઞ રાજપુરુષો વિરાજે છે પણ તેઓ બધા ખરચ કરવાવાળા છે. તેમને પોતાનાં ખાતાંઓની જરૂરીઅતો જણાય છે અને તે જરૂરીઅતો પૂરી પાડવા વધારે ખરચની માગણીઓ કરે છે. એના સહામી કરકસરનો પક્ષ લેનારી કોઇ પણ

વ્યક્તિ ત્યાં નથી. જ્યાં સુધી રાષ્ટ્રીય ખરચમાં પ્રજાજનનો થોડો ઘણો પણ અવાજ નથી ત્યાં સુધી કોઇ પણ દેશમાં-હિન્દુસ્તાનમાં પણ—કરકસરનો માર્ગ લેવાવા સંભવ નથી.

આમદાની અને કોશના ખાતામાં ભાગ લેવાને પ્રતિનિધિભૂત હિંદી રાજપુરુષો જેવા યોગ્ય છે તેના કરતાં વધારે યોગ્ય બીજા કોઇ ખાતામાં ભાગ લેવાને નથી. તેઓ—જમીન ઉપરના વેરાની—અને બીજા બધા કરની અસર જુએ છે, અને જાણે છે. તેઓ પોતાના કૃષિ ઉપર રહેનારા સ્વદેશી-ઓમાં રહે છે. તેમની આધિ વ્યાધિ અને ઉપાધિઓ જાણે છે, અને તેમની ઇચ્છાઓ અને તેમના અભિપ્રાયોનું નિરૂપણ કરી શકે છે. કરકસર કરવામાં તેમનો મજબૂત અને અંગત સ્વાર્થ છે. હીસાબ અને કોશવ્યવસ્થાને માટે વંશપરંપરાની એમનામાં કુશલતા છે-જેવી જગતની બીજી કોઇ પણ પ્રજાએ સંપાદન કરેલી નથી. રાજ્યવહીવટની દેખરેખમાંથી એમને એકદમ બાતલ કર્યા છે તેનાં પરિણામો સુખાવહ આવ્યાં નથી અને આમદાની તથા કોશ ખાતામાંથી આવી રીતે સ્વદેશીઓને બાતલ કરવાથી અંગ્રેજનો વહીવટ જેવો નિષ્ફળ નીવડયો છે તેવો બીજા કોઇ ખાતામાં નિષ્ફળ નીવડયો નથી.

મોટા પ્રાન્તોની પ્રબંધ સભાએ પસંદ કરેલા હિંદી સભાસદોવાળી એક કોશસભા સ્થાપવામાં આવે તો તે ગવર્નર જનરલની રાજ્યસભાના સ્વદેશમન્ત્રીને અને કોશમન્ત્રીને તેમના મુશ્કેલી ભરેલા કર્તવ્યભારનું વહન કરવામાં બહુ સહાયતા આપે; અને યોગ્યતાવાળા હિંદીઓને સરકાર પોતે નીમીને સેક્રેટરિ ઑફ સ્ટેટ અને ગવર્નર-જનરલની રાજ્યસભામાં દાખલ કરે તો રાજ્યવહીવટ વધારે માહીતીવાળો થાય અને લોકના સ્વાર્થને—હિત અહિતને વધારે સમજી શકે. હિન્દુસ્તાનના રાજ્યવહીવટ ઉપર તમામ બ્રિટિશ સ્વાર્થો, બ્રિટિશ પ્રજાનાં તમામ અંગોનો પ્રભાવ પહોંચે છે. જે રાજ્યવહીવટમાં એમનો પોતાનો-બીજા કોઇ જનસમુદાય કરતાં—વધારે સ્વાર્થ છે તે રાજ્યવહીવટમાં હિન્દના લોકોને કાંઇક ભાગ કાંઇક અવાજ

આપવો એમાં ન્યાય છે, ડહાપણ છે. રાજ્યવહીવટમાં આ લોકતત્વને અભાવે સઘળાં બળો કર અને ખરચ વધારવા તરફ વળે છે; અને કોઇ પણ એવું બળ વિદ્યમાન નથી કે જે ખરચ અને કરમાં ઘટાડો કરવાની અને આપણી મુંગી પ્રજાના કરભારને કમી કરવાની સલાહ આપે. બ્રિટિશ રાજ્યતન્ત્રમાં આવાં બળો દાખલ કરવાનો વખત હવે આવી પહોંચ્યો છે; અને આવાં બળો ઉમેરાશે તો આ દેશનો આર્થિક ઉત્કર્ષ અવશ્ય અને સત્વર થશે; એવું આ લેખક નિઃસંદેહ માને છે.

